# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડતા સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે:
'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે, એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય: પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટી કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શ કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓ સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઇ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર,સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

**Bharatiya Sahitya Ane Vishwa Sahitya**
**Edited by :** Dr. Yogendra Parekh
Dr. Babasaheb Ambedkar OpenUniversity, Ahmedabad

**સંપાદક :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ. |

**વિષય સમિતિ :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |
| ડૉ. પિંકી પંડ્યા | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, એફ.ડી.આર્ટ્સ કૉલેજ, જમાલપુર, અમદાવાદ |
| ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |

**પરામર્શન (વિષય) :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |
| ડૉ. સ્વાતિ શાહ | એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |

**લેખન :**

| | |
|---|---|
| પ્રો. (ડૉ.) યોગેન્દ્ર પારેખ | અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |
| ડૉ. એ. એ. શેખ | ગુજરાતી વિભાગાધ્યક્ષ, એસોસિએટ પ્રોફેસર, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદર |
| ડૉ. વિષ્ણુપ્રસાદ ચં. ત્રિવેદી | આચાર્ય, જી.એમ.ડી.સી. કોલેજ, નખત્રાણા |
| ડૉ. સ્વાતિ શાહ | એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |
| ડૉ. હેતલ ગાંધી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |
| ડૉ. શ્રીધર વ્યાસ | નિયામકશ્રી, બ્રહ્મચારીવાડી, ઇન્સ્ટીટ્યૂટ ઓફ સંસ્કૃત સ્ટડીઝ, અમદાવાદ. |
| પ્રા. ઉર્વિકા પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત |
| ડૉ. જૈની શાહ | આસિસ્ટન્ટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગ, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. દિવ્યા શાહ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી વિભાગ, ડૉ. બી.એ.ઓ.યુ. અમદાવાદ. |


**પ્રકાશન-વર્ષ: પ્રથમ આવૃત્તિ – 2022**

**ISBN:**

**પ્રકાશક: કુલસચિવ (કાર્યકારી), ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**: સર્વાધિકાર સુરક્ષિત :**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઇ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**MGT-208**

**એમ.એ. ગુજરાતી**

# ભારતીય અને વિશ્વ સાહિત્ય

**(અ)**


**એકમ-1** 01
મહર્ષિ વાલ્મીકિ કૃત રામાયણ

**એકમ-2** 18
મહાભારત

**એકમ-3** 39
શ્રીમદ ભગવદ ગીતા

**એકમ-4** 48
અભિજ્ઞાનશાકુન્તલમ

**એકમ-5** 56
કર્ણભાર

**એકમ-6** 65
મૃચ્છકટિકમ્

**એકમ-7** 73
ઉત્તરરામચરિત


**(બ)**


**એકમ-1** 88
ગણદેવતા

**એકમ-2** 95
છ વીઘાં જમીન

**એકમ-3** 102
ન હન્યતે

**એકમ-4** 111
ગૃહભંગ

**એકમ-5** 123
ચેમ્મીન

**એકમ-6** 132
ધરતીખોળે પાછો વળે

**એકમ-7** **140**
આરોગ્ય-નિકેતન

**એકમ-8** **152**
દ્રૌપદી

**એકમ-9** **161**
માટીમટાલ

**એકમ-10** **167**
આરણ્યક

**એકમ-11** **174**
ભારતીય સંસ્કૃતિનો મહિમા પ્રગટ કરતી નવલકથા : વિપ્રદાસ

**એકમ-12** **181**
તમસ


**(ક)**

**એકમ-1** **193**
ઇલિયડ

**એકમ-2** **207**
ઈડિપસ રેક્સ

**એકમ-3** **218**
મૅકબેથ

**એકમ-4** **228**
ધી વેસ્ટ લેન્ડ

**એકમ-5** **233**
યુલિસિસ

**એકમ-6** **244**
સિદ્ધાર્થ

**એકમ-7** **251**
વેઈટીંગ ફોર ગોદો

**એકમ-8** **255**
આઉટસાઈડર

**એકમ-9** **262**
ફૉન્તામારા

**એકમ-10** **272**
મારો પોતાનો ઓરડો

**એકમ-11** **281**
રાઈનોસરોસ

**એકમ-12** **292**
ફાયર ઑન ધ માઉન્ટન

# <u>પાઠ્યક્રમ પરિચય</u>

*અનુસ્નાતક કક્ષાએ ભારતીય સાહિત્ય અને વિશ્વસાહિત્યની સુપ્રસિદ્ધ કૃતિઓથી વિદ્યાર્થીઓ પરિચિત થાય એ જરૂરી છે. રાજ્યકક્ષાએ તથા રાષ્ટ્રીયકક્ષાએ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કૃતિ-પરિચય અંતર્ગત અભ્યાસક્રમમાં આ પ્રકારની રચનાઓ સમાવિષ્ટ છે. ગુજરાતી સાહિત્યનો વિદ્યાર્થી માત્ર ગુજરાતી ભાષા-સાહિત્ય પૂરતો સીમિતિ ના રહે એ પણ ધ્યાન રાખવું જોઈએ. સમગ્ર અભ્યાસક્રમને રાજ્યની પ્રતિષ્ઠિત પરંપરાગત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે પણ ઉપયોગી બનવાની સંભાવના આ ઉપક્રમમાં જોઈ શકાય છે.*

*કૃતિ-પરિચય દરેક એકમના હાર્દમાં છે. અન્ય પેપરની જેમ 'તમારી પ્રગતિ ચકાસો' આદિ ટૂંકા પ્રશ્નોને અત્રે ટાળ્યા છે. દરેક કૃતિનો સાહિત્યિક પરિચય પ્રાપ્ત થાય એ માટે અનુભવી અધ્યાપકો અને નવોદિતોનો સહયોગ સાંપડ્યો છે. અત્રે ઉપલબ્ધ અભ્યાસને ગ્રંથગોષ્ઠિની જેમ આસ્વાદ્ય ભૂમિકાએ રજૂ કરવાના ઉમદા આશયમાં કોઈ પણ કૃતિ-પરિચયમાં મર્યાદા જણાય એવી સંભાવનાને નિવારવા; સ્વ-અધ્યયનની ભૂમિકાએ મૂળ કૃતિ વાંચવાનો અભિગમ કેળવવો રહ્યો. અત્રે કૃતિ-પરિચય કરાવનાર અધ્યાપક મિત્રોના અભ્યાસદ્રષ્ટિ-શૈલી જુદા હોવાના. આ જુદાપણું કૃતિ-અધ્યયન-વાંચનની નવી દિશા ખોલે છે. દરેક રચના પોતાના સમયની નોંધપાત્ર રચના છે. વિશ્વખ્યાત પુરસ્કૃત રચનાઓના સીધા સંપર્કમાં આવવા માટે કૃતિલક્ષી સઘન અધ્યયનનો કોઈ વિકલ્પ નથી. અત્રે રજૂ કરવામાં આવેલ પરિચયને 'તૈયાર જવાબ'ની જેમ જોવાના બદલે માર્ગસૂચક સ્વાધ્યાય; દિશાસૂચક પરિચયની જેમ પામીએ. આપના સૂચનો સર્વથા આવકાર્ય છે.*

****

# (અ)

| એકમ-1 | મહર્ષિ વાલ્મીકિ કૃત રામાયણ |
|---|---|


**૧. ૧ પ્રસ્તાવના**

**૧. ૨ રામાયણઃ કૃતિપરિચય**

**૧. ૩ સ્વાધ્યાય**

**૧. ૪ લેખક પરિચય**

**૧. ૫ સંદર્ભસાહિત્ય**


## ૧. ૧ પ્રસ્તાવના

*રામાયણને પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનું સૌ પ્રથમ કાવ્ય ગણવામાં આવે છે. મહર્ષિ વાલ્મીકિ દ્વારા રચાયેલ આ કાવ્ય ભારતીય સંસ્કૃતિનું આદર્શ પાસું રજૂ કરે છે. મહર્ષિ વાલ્મીકિ દ્વારા નારદજીની પુછાયેલા પ્રશ્નના જવાબમાં ઉત્તમ ગુણોવાળા વ્યક્તિ રામનો પરિચય વાલ્મીકિને થાય છે અને વાલ્મીકિ રામાયણનું સર્જન કરે છે. અર્થાત્, જ્યાં સુધી આ પૃથ્વી ઉપર સરિતાઓ અને પર્વતો ટકી રહેશે ત્યાં સુધી રામની આ કથા પણ લોકમાં પ્રચલિત થયા કરશે. વર્તમાન સમયમાં આપણે જોઈ શકીએ છીએ કે હજારો વર્ષોનાં વહાણાં વાઈ જવા છતાં ય આજે રામકથા જીવંત છે, પ્રસ્તુત છે.*

*બ્રહ્માજીએ રામાયણનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે,*

**यावतस्थास्यन्ति गिरयः सरितश्च महीतले**
**तावत्रामायणकथा लोकेषु प्रचरिष्यति**

*અર્થાત્, જ્યાં સુધી આ પૃથ્વી ઉપર સરિતાઓ અને પર્વતો ટકી રહેશે ત્યાં સુધી રામની આ કથા પણ લોકમાં પ્રચલિત થયા કરશે. વર્તમાન સમયમાં આપણે જોઈ શકીએ છીએ કે હજારો વર્ષોનાં વહાણાં વાઈ જવા છતાં ય આજે રામકથા જીવંત છે, પ્રસ્તુત છે.*

## ૧. ૨ રામાયણઃ કૃતિપરિચય

*'રામાયણ' શીર્ષકનો અર્થ આ પ્રમાણે આપવામાં આવે છે,* 'रामस्य अयनमिति रामायणम् । *અહીં,* अयनम् *એટલે કે ગમન કે ગતિ. રામનું ગમન અર્થાત રામનું જીવન-યાપન તે રામાયણ*

*આપણે પ્રસ્તાવનામાં જોયું તે અનુસાર મહર્ષિ નારદ પાસે વાલ્મીકિએ ઉત્તમ ગુણયુક્ત નર વિશે પૃચ્છા કરી અને જવાબમાં નારદજીએ ઈક્ષ્વાકુ કુળમાં જન્મેલા જિતેન્દ્રિય, મહાબળવાન, દ્યુતિવાન, ધૈર્યવાન, બુદ્ધિમાન, નીતિવાન, સત્યવક્તા,*

ઐશ્વર્યવાન અન શત્રુસંહારક તથા ગાંભીર્યવાન એવા કૌસલ્યાપુત્રનું નવ શ્લોકમાં વર્ણન કર્યું.

રામના ગુણો વિશે વિચારમાં મગ્ન બનેલા મહર્ષિ વાલ્મીકિ સ્નાનાર્થે તમસા નદીના કિનારે ગયા. ત્યાં એક ક્રૌંચયુગલ પ્રેમમગ્ન બની આનંદ કરી રહ્યું હતું. મહર્ષિ તેમના આનંદને અનુભવતા નદીકિનારે ફરી રહ્યા હતા ત્યાં જ અચાનક એક પારધિએ એ ક્રૌંચયુગલ પર બાણ છોડ્યું અને બેમાંથી એક પક્ષી મૃત્યુ પામ્યું. સાથીના મૃત્યુથી બીજું આક્રંદ કરવા લાગ્યું. આનંદિત જોડીના ખંડનને જોઈ મહર્ષિના હૃદયમાં શોક વ્યાપી વળ્યો અને એ વ્યથા મુખમાંથી શ્લોક રૂપે સરી પડીઃ

**मा निषाद, प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समा।**
**यतक्रौंचमिथुनादेकमवधीः काममोहितम्॥**

હે નિષાદ! પ્રેમરત ક્રૌંચયુગલમાંથી એકને તેં હણ્યું છે. આથી, તને ક્યારેય પ્રતિષ્ઠા પ્રાપ્ત નહીં થાય.

આ શ્લોક અનુષ્ટુપ છંદમાં રચાયો હતો. વેદો પછી સંસ્કૃત સાહિત્યમાં છંદમાં રચાયેલ આ પ્રથમ રચના હતી. પ્રશિષ્ટ સંસ્કૃત સહિત્યનો અહીંથી આરંભ થયો. આથી, વાલ્મીકિને 'આદિ કવિ'નું બિરુદ મળ્યું અને રામાયણ એ પ્રથમ કાવ્ય એટલે કે આદિકાવ્ય તરીકે પ્રચલિત બન્યું. રામાયણને આદિકાવ્ય ઉપરાંત, આર્ષમહાકાવ્ય તરીકે પણ ઓળખવામાં આવે છે. વળી, પરાક્રમી રામની કથા હોઈ એ વીરચરિત કાવ્ય મનાયું છે ત્યારે રામાયણનું મૂલ્યાંકન કરતાં શ્રી રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે, 'રામાયણને કેવળ મહાકાવ્ય કહે ચાલશે નહીં, તે ઈતિહાસ પણ છે'.

રામાયણની રચના ઈસવીસન પૂર્વે ૧૧મી કે ૧૨મી સદીમાં થઈ હશે એમ શ્લેગલ અને ગોરેશિયો જેવા વિદ્વાનો માને છે. અલબત્ત પ્રોફેસર વિન્ટરનિત્ઝ, પ્રોફેસર વાર્ડર ઈત્યાદિ વિદ્વાનો રામાયણની રચના ઈસવીસન પૂર્વે ત્રીજી સદીમાં થઈ હશે એમ વિવિધ આધારોને ધ્યાનમાં લઈને સ્વીકારે છે.

મહર્ષિ વાલ્મીકિએ રામાયણની રચના કરી અને કુશ અને લવને એ કાવ્યનું ગાન શીખવ્યું. તે બન્નેએ મહારાજ રામચંદ્રે અયોધ્યામાં આરંભેલા અશ્વમેધ યજ્ઞમાં આ કાવ્યનું ગાન કર્યું. ત્યારબાદ કર્ણોપકર્ણ લોકસાહિત્યની પરંપરામાં જ આ કાવ્ય આગળ વધ્યું અને મૌખિક પરંપરામાં જળવાયું. લોકોમાં તેનો પ્રસાર થયો અને વારંવાર કહેવાતાં તેમાં પ્રદેશ પ્રમાણે, લોકોની જીવનશૈલી પ્રમાણે, સામાજિક રૂઢિ અને પરંપરા પ્રમાણે અનેક ફેરફારો થતા ગયા અને એ રીતે રામાયણ એ સતત વિકસતું કાવ્ય બન્યું. પરિણામે, વિવિધ જગ્યાએથી પ્રાપ્ત થતી રામાયણની પ્રતોમાં બહુ વિવિધતા જોવા મળતી હતી. આથી, મૂળ રામાયણને પ્રાપ્ત કરવાના પ્રયત્ન રૂપે ઓરિએન્ટલ ઈન્સ્ટિટ્યૂટ, વડોદરા દ્વારા એક મહા-અભિયાન હાથ ધરવામાં આવ્યું અને રામાયણની સમીક્ષિત આવૃત્તિ તૈયાર

કરવામાં આવી. વિવિધતા ધરાવતા અનેક શ્લોકો અને પ્રસંગોને મૂળ રામાયણમાં પછીથી ઉમેરાયેલા ગણી, તેમનો પ્રક્ષેપ તરીકે સમાવેશ કરવામાં આવ્યો.

મહાકાવ્યનો મુખ્ય રસ વીર હોય એ એના લક્ષણમાં સ્વીકારાયું છે અને રામાયણ એ વીરરસપ્રધાન કૃતિ છે. પરંતુ રામાયણનું પ્રયોજન વીરરસને ગૌરવ આપવાનું નથી, એ રામાયણને વાંચતાં સમજાય છે. દેખીતી રીતે રામાયણમાં યુદ્ધ બહુ પ્રમાણમાં જોવા મળે છે, છતાં રામાયણમાં ગૃહકથાને જ મુખ્ય રાખી તેનું જ જાણે ગૌરવ કરવામાં આવ્યું છે. વ્યક્તિ અને સંબંધોમાં અહીં સતત આદર્શ મૂળમાં રહેલો દર્શાવાયો છે, પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્ની વગેરે સંબંધોમાં ધર્મનું બંધન છે, પ્રીતિ અને ભક્તિનો સંબંધ છે. અહીં, આદર્શ શત્રુ, આદર્શ પિતા, આદર્શ ભાઈ, આદર્શ મિત્ર, આદર્શ ભક્ત, આદર્શ પત્ની, આદર્શ રાજા અને આદર્શ પતિ આપણને જોવા મળે છે. અને આ બધું જ આદર્શ હોવા છતાં ક્યાંય અતિશયોક્તિ અનુભવાતી નથી. આજે પણ રામરાજ્યની આપણે આશા રાખીએ છીએ અને 'રામ-સીતાની જોડી' કહીને પતિ-પત્નીના અને તે જ પ્રકારે અન્ય વિવિધ સંબંધોમાં રામાયણને આદર્શ ગણીએ છીએ. હજારો વર્ષોનો સમયગાળો વીતવા છતાં આજે પણ રામાયણમાં રજૂ થયેલાં સંબંધો અને પરિસ્થિતિઓ આપણને પ્રસ્તુત લાગે છે. કદાચ આથી જ શ્રી રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે, 'રામાયણમાં ભરતવર્ષને જે જોઈએ, તે મળ્યું છે'. 'ઇન્ડિયન કાવ્ય લિટરેચર' ના બીજા વોલ્યુમમાં એ. કે. વોર્ડર કહે છે કે, 'રામાયણની કથા વિશ્વસાહિત્યની સુંદરતમ વસ્તુઓમાંની એક છે'. અને જાપાનના 'રામાયણ' એનિમેશન ફિલ્મના નિર્દેશક યુગો સાકો કહે છે કે 'રામાયણની હૃદયસ્પર્શી સરળ કથામાં કોઈ પણ સ્થળકાળમાં, કશું જ પરાયાપણું જણાતું નથી'.

રામાયણની કથા પરાપૂર્વથી રમ્ય ગણાઈ છે (**रम्या रामायणी कथा।**) અને રામાયણની આ કથામાં કુલ સાત કાંડ, પાંચસો સર્ગ અને ચોવીસ હજાર શ્લોક આવેલા છે તે બાલકાંડના ચતુર્થ સર્ગમાં આ રીતે દર્શાવાયું છે.

**चतुर्विंशत्सहस्राणि श्लोकानामुक्तवानृषिः ।**
**तथा सर्गशतान्पञ्च षट्काण्डानि तथोत्तरम् ॥**

રામાયણના સાતકાંડનાં નામ આ પ્રમાણે છેઃ બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, લંકાકાંડ કે યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ.

- **બાલકાંડઃ**

બાલકાંડમાં કુલ ૭૭ સર્ગ આવેલા છે. બાલકાંડના પ્રારંભમાં જ, આપણે ઉપર જોયું તેમ નારદ અને વાલ્મીકિનો સંવાદ છે. તમસા નદીના કિનારે વાલ્મીકિને પ્રાપ્ત થયેલા પ્રથમ છંદોબદ્ધ શ્લોકની વાત છે. પરંતુ જે મુખ્ય વાત છે એ રામાયણના નાયક વિશેની છે. રામાયણનો નાયક એ દેવ નહીં, મનુષ્ય છે, એ વસ્તુ પ્રારંભે જ મહર્ષિ નારદે

વાલ્મીકિ ઋષિને આપેલા જવાબમાં સ્પષ્ટ થઈ જાય છે. નારદ કહે છે કે, 'હે મુનિ! તમે જે ઘણાં દુર્લભ ગુણોનું વર્ણન કર્યું છે, તે ગુણો ધરાવનાર ગુણી પુરુષ હું તમને વિચાર કરીને કહું છું તે સાંભળો. ઈક્ષ્વાકુ વંશમાં ઉત્પન્ન થયેલ એક એવો મનુષ્ય છે જે લોકોમાં રામ નામે પ્રખ્યાત છે, તેઓ જ મનને વશમાં રાખનાર, મહાબળવાન, કાંતિમાન, ધૈર્યવાન અને જિતેન્દ્રિય છે. '

**बहवो दुर्लभाश्चैव ये त्वया कीर्तिता: गुणा: ।**
**मुने वक्ष्यामयहं बुद्ध्वा तैर्युक्त: श्रूयतां नर: ॥**
**इक्ष्वाकुवंशप्रभवो रामो नाम जनै: श्रुत: ।**
**नियतात्मा महावीर्यो द्युतिमान्धृतिमान् वशी ॥**

કોસલ પ્રદેશની રાજધાની અયોધ્યામાં ઈક્ષ્વાકુ વંશના રાજા દશરથ રાજ્ય કરતા હતા. એમને ત્રણ રાણીઓ હતી. તે નિઃસંતાન હતા. આથી, તેમણે સંતાનપ્રાપ્તિ માટે અશ્વમેધ યજ્ઞનો પ્રારંભ કર્યો અને યજ્ઞની પૂર્ણાહુતિ કરીને રાજાએ ઋષ્યશૃંગ ઋષિ પાસેથી, ચાર પુત્રો થશે, તેવા આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

ત્યારબાદ મહારાણી કૌસલ્યા દ્વારા રામ, મહારાણી કૈકેયી દ્વારા ભરત અને મહારાણી સુમિત્રા દ્વારા લક્ષ્મણ અને શત્રુઘ્ન એમ ચાર પુત્ર પ્રાપ્ત કર્યા. સત્યપ્રિય અને પરાક્રમી રામ દશરથને બહુ પ્રિય હતા. આ ચાર બાળકો કુમાર અવસ્થામાં જ પ્રવેશ્યા હતા ત્યારે મહર્ષિ વિશ્વામિત્ર દશરથની સભામાં ઉપસ્થિત થયા અને પોતાના યજ્ઞનું રાક્ષસોથી રક્ષણ કરવા માટે રામને સાથે લઈ જવાની માગણી કરી. અનિચ્છા છતાં વશિષ્ઠ ઋષિની સમજાવટ, ઋષિના ગુસ્સાનો ભય અને વચનભંગના દોષથી ડરેલા દશરથે વિશ્વામિત્રને રામને તેમની સાથે લઈ જવાની અનુમતિ આપી. રામ પ્રત્યે અતિ પ્રેમ ધરાવનાર લક્ષ્મણ પણ તેમની સાથે ગયા. વિશ્વામિત્ર ઋષિના આશ્રમે રહ્યા એ દરમિયાન રામને વિશ્વામિત્ર પાસેથી અનેક વિદ્યાઓ અને શસ્ત્રો મળ્યાં. ઋષિઓના યજ્ઞમાં વિઘ્ન ઉત્પન્ન કરતી રાક્ષસી તાટકાનો રામે વધ કર્યો. મહર્ષિ વિશ્વામિત્રનો યજ્ઞ નિર્વિઘ્ને સંપૂર્ણ થયો. ત્યાર બાદ મહર્ષિ વિશ્વામિત્ર બન્ને રાજકુમારોને સાથે લઈને વન-ઉપવન અને વિવિધ પ્રદેશોમાંથી પસાર થઈ ગૌતમ ઋષિના આશ્રમે પહોંચ્યા, જ્યાં રામે ઋષિ ગૌતમ દ્વારા તરછોડાયેલાં, શાપિત ઋષિપત્ની અહલ્યાને ગૌરવ પ્રદાન કર્યું અને ત્યારબાદ સર્વે મિથિલાનગરી પહોંચ્યા.

ઈમથિલાનગરીના રાજા જનકને ખેતર ખેડતાં એક પુત્રી પ્રાપ્ત થઈ હતી. આ પુત્રીનું નામ સીતા હતું. જનકે સીતાનાં લગ્ન માટે તેને 'વીર્યશુલ્કા' કરી હતી અને શુલ્ક રૂપે એક શરત રાખી હતી કે પોતાની પાસે રહેલા પ્રાચીન શિવધનુષ પર જે પણછ ચડાવશે તેની સાથે તેઓ સીતાનાં લગ્ન કરશે. મિથિલા પહોંચેલા રામે, વિશ્વામિત્રની આજ્ઞા મેળાવી, સરળતાથી શિવધનુષ ઉઠાવ્યું અને તેના પર પણછ ચડાવવાનો પ્રયત્ન કરતાં જ એ

ધનુષ્ય ભયાનક અવાજ સાથે તૂટી ગયું. મહારાજ જનકે અયોધ્યાપતિ દશરથ રાજાને બોલાવી પોતાની બન્ને પુત્રીઓ, સીતા અને ઉર્મિલાનાં લગ્ન રામ તથા લક્ષ્મણ સાથે અને પોતાના ભાઈ કુશધ્વજની બંને પુત્રીઓ, માંડવી અને શ્રુતકીર્તિનાં લગ્ન ભરત તથા શત્રુઘ્ન સાથે સમ્પન્ન કર્યાં.

નવપરિણીત પુત્રો, પુત્રવધૂઓ અને રસાલા સાથે મહારાજ દશરથે અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં એકવીસ વખત પૃથ્વીને ન-ક્ષત્રિય કરનાર, કાલાગ્નિ સમ દુ:સહ, જામદગ્નેય પરશુરામનો ભેટો થયો. શિવધનુષના ભંગના સમાચારથી અત્યંત ક્રોધિત થયેલા પરશુરામે, રામને શિવધનુષ સમાન અન્ય પ્રાચીન વિષ્ણુધનુષ આપ્યું અને તેના પર પણછ ચડાવવા આહ્વાન કર્યું. ક્ષણાર્ધમાં પણછ ચડાવી, રામે તેના પર બાણ ચડાવ્યું અને બ્રાહ્મણોને અવધ્ય ગણતા રામે, એ બાણથી મહર્ષિ પરશુરામનો તેજોભંગ કર્યો.

ત્યાર બાદ સર્વે અયોધ્યા પહોંચ્યા અને મહારાજ દશરથ તથા ત્રણે મહારાણીઓની છત્રછાયામાં રામ વગેરે ચારે ય ભાઈઓ, તેમની પત્નીઓ સાથે સુખેથી જીવન પસાર કરવા લાગ્યા.

- **અયોધ્યાકાંડ:**

લગ્નના કેટલાંક સમય પછી કૈક્ય યુવરાજ યુધાજિત કૈકેયીના પુત્ર ભરતને મોસાળ લઈ જવા આવ્યા. માંડવી અને સુમિત્રા પુત્ર શત્રુઘ્ન પણ શ્રુતકીર્તિ સાથે તેમની સાથે કૈક્યદેશ ગયાં. રામે પિતાની આજ્ઞા અનુસાર પ્રજાકાર્યો કરવાનું શરૂ કર્યું અને પોતાના વ્યવહાર અને કાર્યોથી પ્રજાજનોના પ્રિય થઈ પડ્યા. આ જોતાં મહર્ષિ વશિષ્ઠ, સચિવો, પ્રમુખ પ્રજાજનોની પરિષદ અને અન્ય વડીલોની સલાહ અને અનુમતિ લઈ મહારાજ દશરથે રામને યુવરાજપદે સ્થાપવાનો નિર્ણય કર્યો. બીજા જ દિવસે પવિત્ર પુષ્યનક્ષત્રમાં યૌવરાજ્યાભિષેક કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો. રામને બોલાવી આ નિર્ણયની જાણ કરવામાં આવી અને આ પવિત્ર પ્રસંગ નિમિત્તે કરવાનાં વ્રતની આજ્ઞા આપવામાં આવી. પ્રજાજનોને આ નિર્ણયની જાણ થતાં તેઓ ખુશ થયા અને સમગ્ર અયોધ્યામાં આનંદનું વાતાવરણ ફેલાઈ ગયું. લોકો ઉત્સવની તૈયારીઓ કરવા લાગ્યા. નૃત્ય-ગીતનો માહોલ સમગ્ર નગરમાં દેખાવા લાગ્યો.

આ આનંદના વાતાવરણને જોઈને કૈકેયીની, તેમના પિતૃગૃહેથી લગ્નસમયે જ સાથે આવેલી દાસી મંથરાને, રામનો આવતીકાલે યુવરાજ તરીકે અભિષેક કરવાનો છે, એ નિર્ણયની જાણ થઈ. તેણે કૈકેયી પાસે જઈ આ સમાચાર આપ્યા ત્યારે રામના ગુણોને જાણતાં મહારાણી કૈકેયી બહુ ખુશ થયાં, પરંતુ મંથરાને લાગતું હતું કે, રામનો યૌવરાજ્યાભિષેક થતાં ભરત ક્યારેય રાજા બની શકશે નહીં અને કૈકેયીની પરિસ્થિતિ ખરાબ થશે. તેણે પોતાની આ સમજણ ફેરવી ફેરવીને કૈકેયીને કહી અને રાજાના નિર્ણયને ફેરબદલ કરાવવા માટે સમજાવ્યું. પૂર્વે કૈકેયીએ મહારાજ દશરથનો એક યુદ્ધમાં

જીવ બચાવ્યો હતો અને ત્યારે મહારાજે તેમને બે ઈચ્છિત વરદાન માગવા આગ્રહ કર્યો હતો. ત્યારે ન માગેલાં એ વરદાન હજુયે માગી શકાય તેમ હતા અને કૈકેયીએ મહારાજ દશરથ પાસે, રામને ચૌદ વર્ષનો વનવાસ અને પોતાના પુત્ર ભરતને રાજગાદી આપવા રૂપે બે વરદાન માગ્યાં.

મહારાજ દશરથ પ્રતિજ્ઞાબદ્ધ હતા. આથી, તે મનાઈ કરી શકે તેમ ન હતા. તેમણે કૈકેયીને આ સિવાયના કોઈપણ વચન માગવા માટે સમજાવવા બહુ મહેનત કરી, પણ મહારાણી પોતાની વાત પર અડગ હતાં. આથી, મહારાજ દશરથ અત્યંત શોકમાં ડૂબી ગયા. આખરે, મહારાણીએ પોતે જ રામને બોલાવી, દશરથે પોતાને આપેલાં બે વચનની વાત કરી અને મહારાજ દશરથના આદેશ રૂપે રામને વનવાસ જવાનો સંદેશ આપ્યો. રાજ્ય વિશે નિર્મોહી અને પોતાના સત્યપ્રતિજ્ઞ પિતાના નિષ્કલંક યશને મહત્ત્વ આપનાર રામે તે આદેશનો તત્ક્ષણ સ્વીકાર કર્યો.

હંમેશા રામના પડછાયા રૂપે રહેતાં લક્ષ્મણે પણ રામની સાથે વનવાસમાં જવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો અને સીતાએ પણ પોતાના પતિ તરફની ફરજને આગળ ધરી રામ સાથે વનવાસમાં જવાનું સ્વીકાર્યું. રામે સીતાને પોતાની સાથે વનમાં ન આવવા સમજાવ્યાં અને વનમાં પડનારી મુશ્કેલીઓ અને આવનાર વિઘ્નો વિશે વાત કરી, ડરાવીને પણ તેમને સાથે આવતાં અટકાવવાની કોશિશ કરી, છતાં સીતા વનવાસમાં રામ સાથે જવાના પોતાના નિર્ણયમાં અડગ રહ્યાં.

પોતાના ધનને દાનમાં આપી, વલ્કલ પહેરી રામ વનવાસ જવા તૈયાર થયા અને સાથે લક્ષ્મણ અને સીતાએ પણ વલ્કલ ધારણ કર્યાં. મહારાજ દશરથના સારથિ સુમંત્ર રામ, લક્ષ્મણ અને સીતાને રથમાં બેસાડીને અયોધ્યાની હદ બહાર મુકવા માટે નીકળ્યા ત્યારે પ્રજાજનો પણ રામની સાથે અયોધ્યા છોડી, વનવાસ જવા માટે નીકળી પડ્યા. રામની બહુ સમજાવટ પછી પણ પ્રજાજનો અયોધ્યા પાછાં ન ફરતાં, રાત્રે તેમને સૂતાં મૂકીને રામે દક્ષિણ દિશામાં પ્રયાણ કર્યું. ત્યારબાદ ગંગાકિનારે પહોંચી રામે સારથિ સુમંત્રને અયોધ્યા પાછા મોકલ્યા અને પોતે નિષાદરાજ ગુહની સહાયથી ગંગા પાર કરી. ગંગાના કિનારે ભારદ્વાજ ઋષિના આશ્રમે પહોંચ્યા. ત્યાં ઋષિની સલાહથી ચિત્રકૂટ પર્વતને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું અને પર્ણકુટિ બાંધી રહેવા લાગ્યા.

ખાલી રથ સાથે અયોધ્યા પાછા ફરેલા સુમન્ત્રને જોઈને અયોધ્યાપતિ દશરથે બહુ વેદના અનુભવી અને રામના વનગમનની છઠ્ઠી રાત્રિએ દેહત્યાગ કર્યો.

રામનો વનવાસ અને મહારાજના મૃત્યુના બેવડા આઘાતને કારણે સમગ્ર અયોધ્યા શોકગ્રસ્ત બની. એક પણ રાજકુમાર અયોધ્યામાં હાજર ન હોવાથી રાજાના દેહને ઔષધો દ્વારા જાળવી રાખી, યુવરાજ ભરતને બોલાવવા કૈકયદેશ દૂતને મોકલવામાં આવ્યો. અયોધ્યા આવેલા ભરતે પોતાની માતાના કારણે ઊભી થયેલી આ પરિસ્થિતિ

જાણી અને માતા પર અત્યંત ક્રોધ કર્યો. માતા કૌસલ્યાને પોતે નિર્દોષ હોવા બાબત ખાતરી કરાવી. ત્યારબાદ મહારાજ દશરથના અંતિમ સંસ્કાર કર્યા અને પોતે રાજ્ય ન સ્વીકારવાનો નિર્ણય જણાવ્યો. વિશાળ સૈન્ય સાથે રામને અયોધ્યા પાછા લાવવા તે નીકળી પડ્યો.

દૂરથી જ ભરતને અયોધ્યાના સૈન્ય સાથે આવતો જોઈને લક્ષ્મણને લાગ્યું કે ભરત અહીં પણ તેમને શાંતિથી રહેવા દેવા માગતો નથી અને તે યુદ્ધ કરવા માટે આવી રહ્યો છે. આથી તે ક્રોધિત થયા. રામ આવા કોઈ તારણ પર આવવા માંગતા ન હતા. તેમણે ભરત તેમના સુધી ન પહોંચે ત્યાં સુધી લક્ષ્મણને પણ ચિત્ત શાંત રાખવા માટે અનુરોધ કર્યો.

ચિત્રકૂટ પર્વત પર પહોંચીને ભરત રામના ચરણોમાં પડી ગયો અને તેમને પોતાની સાથે અયોધ્યા પાછા ફરવા વિનંતી કરી અને આગ્રહ કર્યો. વળી, રામને મહારાજ દશરથના દેહાંતની જાણ કરી અને અયોધ્યા રાજાવિહોણી છે એ જણાવ્યું. રામે પિતૃતર્પણની વિધિ કરી અને ભરતની વિનંતિ અને મહર્ષિ વશિષ્ઠ તથા માતાઓની સૂચના છતાં પોતાના પિતાએ આપેલ વચનને ખાતર, ચૌદ વર્ષ સુધી પાછા ફરવાનો અને રાજ્ય સ્વીકારવાનો અસ્વીકાર કર્યો. આખરે ભરત રામની પાદુકાઓ લઈ કોસલદેશ પાછા ફર્યા અને કેટલાંક સમય બાદ ચિત્રકૂટ પર્વત પર રાક્ષસોનાં સતત આક્રમણને કારણે ઋષિઓ અન્યત્ર ચાલી ગયા, ત્યારે રામ પણ દક્ષિણ દિશામાં અત્રિ ઋષિના આશ્રમે પહોંચ્યા. અત્રિપત્ની અનસૂયાએ સીતાને દિવ્ય આભૂષણો, વસ્ત્રો, માળા, વગેરે આપ્યાં. ત્યાંથી નીકળીને રામ, લક્ષ્મણ અને સીતાએ દંડકારણ્યમાં પ્રવેશ કર્યો.

- **અરણ્યકાંડ:**

રામ અયોધ્યા ની બહાર નંદીગ્રામમાં પાદુકાઓને સિંહાસન પર સ્થાપી. રામના પુનરાગમન સુધી અયોધ્યાનો રાજ્યકારભાર સંભાળ્યો. દંડકારણ્યમાં રહેતા ઋષિઓએ રામનું સ્વાગત કર્યું અને પોતાનું રક્ષણ કરવા માટે માગણી કરી. ત્યાં વિરાધ નામના રાક્ષસે સીતાને ઉપાડી જવાનો પ્રયત્ન કર્યો. રામે તેનો વધ કર્યો અને ત્યારબાદ થોડો સમય દંડકારણ્યના વિવિધ આશ્રમોમાં રામ, લક્ષ્મણ અને સીતા ફરતાં રહ્યાં અને આશ્રમવાસીઓ અને ઋષિઓનું રાક્ષસોથી રક્ષણ કરતાં રહ્યાં. આખરે તેઓ ફરી અગસ્ત્ય ઋષિના આશ્રમે પહોંચ્યાં અને તેમની સલાહથી ગોદાવરી નદીના કાંઠાના પંચવટીના રમ્ય પ્રદેશમાં પર્ણકુટિ બાંધી વનવાસનો બાકીનો ચારેક વર્ષનો સમય ત્યાં જ પૂર્ણ કરવાનો નિર્ણય કર્યો.

પંચવટીના સુંદર વાતવરણમાં તેમનો સમય સુખેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે એક દિવસ રાવણની બહેન શૂર્પણખા ત્યાં આવી ચડી અને નીલકમળ જેવી શ્યામ કાંતિથી શોભતા, કામદેવ જેવું સૌંદર્ય ધરાવતા, ઈન્દ્ર સમાન તેજસ્વી રામને જોઈ તે મોહ પામી. મહર્ષિ વાલ્મીકિએ રામાયણમાં વ્યક્તિ અને પ્રકૃતિચિત્રો બખૂબી ઉપસાવ્યાં છે, પરંતુ અહીં

*રામ અને શૂર્પણખાના વિરોધને સ્પષ્ટ કરતું સુંદર કાવ્યાત્મક વર્ણન આપણા મનને મોહી લે તેવું છે:*

**सुमुखं दुर्मुखी रामं वृत्तमध्यं महोदरी।**
**विशालाक्षं विरूपाक्षी सुकेशं ताम्रभूर्धजा।।**
**प्रियरूपं विरूपा सा सुस्वरं भैरवस्वरा।**
**तरणं दारुणा वृद्धा दक्षिणं वामभाषिणी।।**
**न्यायवृत्तं सुदुर्वृत्ता प्रियमप्रियदर्शना।**
**शरीरजमाविष्टा राक्षसी वाक्यमब्रवीत्।।**

*રામનું મુખ સુંદર હતું તો શૂર્પણખાનું મુખ તદ્દન કદરૂપું અને બેહદ બેડોળ હતું, રામનો કટિપ્રદેશ કૃશ હતો પરંતુ શૂર્પણખા મોટા પેટવાળી હતી, રામની આંખો મોટી અને મનોહર હતી તો રાક્ષસીની આંખો કદરૂપી અને બિહામણી હતી, રામના કેશ સુંવાળા અને સુંદર હતા પરંતુ શૂર્પણખાના વાળ તાંબા જેવા લાલ હતા, રામનું સ્વરૂપ પ્રિય હતું જ્યારે શૂર્પણખા બીભત્સ અને વિકરાળ હતી, રામ મધુરભાષી હતા તો રાક્ષસી ભૈરવનાદ કરનારી હતી. રામ દર્શને સૌમ્ય અને તરુણ હતા જ્યારે નિશાચરી વૃદ્ધા હતી, રામ દાક્ષિણ્યયુક્ત હતા તો એ રાક્ષસીની વાતોમાં કુટિલતા ભરેલી હતી, રામ સદાચારી હતા અને રાક્ષસી દુરાચારિણી હતી, રામ પ્રિયદર્શન હતા જ્યારે શૂર્પણખા જોતાં જ ઘૃણા ઉપજાવે તેવી હતી.*

*તેણે રામની પાસે આવીને પોતાની સાથે જીવન વ્યતીત કરવા આમંત્રણ આપ્યું. રામે પોતે પરણેલા હોવાનું કહી તેને લક્ષ્મણ તરફ મોકલી અને લક્ષ્મણે તેને ફરીથી રામ તરફ ધકેલી. આથી, ક્રોધિત થયેલી શૂર્પણખાએ સીતા પર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો. રામે સીતાને બચાવી અને લક્ષ્મણે ભાઈની આજ્ઞાથી શૂર્પણખાનાં નાક-કાન કાપી લીધાં. અત્યંત અપમાનિત અને ક્રોધિત થયેલી, લોહીનિતરતી તે પોતાના પિતરાઈ ભાઈ ખર પાસે પહોંચી અને પોતાના અપમાનનો બદલો લેવા વિનંતિ કરી. ખરે વિશાળ સૈન્ય લઈ રામ પર હુમલો કર્યો અને રામે એકલા હાથે એ ચોદહજાર રાક્ષસોનો સંહાર કર્યો.*

*કોઈ ઉપાય ન બચતાં આખરે શૂર્પણખા લંકામાં વસતા પોતાના ભાઈ રાવણ પાસે ચાલી ગઈ અને પોતાના અપમાન વિશે વાત કરી. આ ઉપરાંત, રામની પત્ની સીતાનાં અપ્રતીમ સૌંદર્યનું વર્ણન કર્યું. રાવણે પોતાના મામા મારીચને સાથે રાખી બહેનના અપમાનનો બદલો લેવાનો નિર્ધાર કર્યો. મારીચે સુવર્ણમૃગનું રૂપ ધારણ કર્યું અને એ હરણ રામની પર્ણકુટિ આગળ વિહરવા લાગ્યું. સીતાની નજર આ સુવર્ણમૃગ ઉપર પડી. તે મૃગની ત્વચાથી અત્યંત આકર્ષિત થયાં અને રામને આ મૃગ લાવી આપવા વિનંતી કરી. રામ આ હરણનો શિકાર કરવા માટે પોતાના આયુધ લઈ તેની પાછળ ગયા. વનના ઝાડી-ઝાંખરામાં કૂદતું હરણ રામને દૂર સુધી ખેંચી ગયું. આખરે રામે બાણ માર્યું અને મારીચે મૃત્યુ પામતાં પહેલાં, 'હા સીતે! હા લક્ષ્મણ!' એમ દર્દનાક ચીસો પાડી, જે રામના*

અવાજની નકલ હતી. રામનો આવો દર્દનાક અવાજ સાંભળી સીતા આકુળવ્યાકુળ થઈ ગયાં અને લક્ષ્મણને રામની મદદે જવા વિનંતી કરી. લક્ષ્મણ સીતાને એકલા છોડવા માટે તૈયાર ન હતા. છતાં સીતાના દુરાગ્રહ અને પાયાહીન આક્ષેપોની સામે તેમણે નમતું જોખવું પડ્યું.

પર્ણકુટિમાં સીતા એકલાં પડતાં રાવણ પરિવ્રાજકના વેશમાં ત્યાં આવી ચડ્યો અને ભિક્ષા માગી. સીતાએ અતિથિ જાણી તેનો સત્કાર કર્યો, ત્યારે રાવણે પોતાનું અસલી સ્વરૂપ પ્રગટ કરી સીતાને આકર્ષવાનો પ્રયાસ કર્યો. સીતાએ તેનો ધૂત્કાર કરતાં રાવણે સીતાને ઉપાડી રથમાં નાખી અને આકાશ માર્ગે લંકા તરફ પ્રયાણ કર્યું. સીતાની મદદ માટેની બૂમો સાંભળીને ગૃધરાજ જટાયુએ રાવણનો સામનો કરવાનો કરવાનો પ્રયત્ન કર્યો અને ઘાયલ થઈ પૃથ્વી પર પડ્યા. સીતાએ પોતાનાં આભૂષણ ઉત્તરીયમાં બાંધીને રથમાંથી પૃથ્વી પર નાખ્યાં, જેથી પોતાને શોધતાં રામને કદાચ મદદ મળે.

સીતાને લંકામાં લઈ જઈ રાવણે પોતાની અપ્રતિમ સમૃદ્ધિ બતાવી, પોતાની પટરાણી થવા અનેક પ્રલોભનો આપ્યાં અને જો સીતા પોતાનો સ્વીકાર ન કરે તો એક વર્ષ પછી તેના નાના-નાના ટુકડા કરી પોતે ખાઈ જશે તેવી ધમકી આપી. ત્યારબાદ સીતાને ભયાનક રાક્ષસીઓના ચોકીપહેરામાં અશોકવાટિકામાં રાખ્યાં.

રામ મૃગને હણી, રસ્તામાં મળેલા લક્ષ્મણ સાથે અનેક પ્રકારની શંકા-કુશંકાઓ કરતાં પર્ણકુટિએ પરત ફર્યા ત્યારે તેમણે સીતાને પર્ણકુટિમાં ન જોઈ. ચિંતા અને વ્યાકુળતાથી ઉન્મત્ત થયેલા તે પર્ણકુટિ અને આસપાસનો આખો વિસ્તાર ફેંદી વળ્યા ત્યારે તેમને સીતાના ફેંકેલા ફૂલ દેખાયાં. તેઓ સીતાને શોધતા, વિલાપ કરતાં, લક્ષ્મણ સાથે આગળ વધ્યા અને રસ્તામાં જટાયુ સાથેના રાવણના યુદ્ધનાં અવશેષો જોવા મળ્યા. આજુબાજુમાં થોડી તપાસ કરતાં ઘાયલ, મૃતઃપ્રાય જટાયુ દેખાયા. તેમના અંતિમ શ્વાસ ચાલતા હતા છતાં જટાયુએ રામને સમાચાર આપ્યા કે રાવણ સીતાને ઉપાડીને દક્ષિણ દિશા તરફ ગયો છે. પોતે સીતાને છોડાવવા માટે કરેલા પ્રયત્નોની વાત પણ કરી અને મૃત્યુ પામ્યા. રામ અને લક્ષ્મણ તેમના અંતિમ સંસ્કાર કરી દક્ષિણ દિશા તરફ આગળ વધ્યા.

આગળ જતાં તેમને કબન્ધ સાથે યુદ્ધ થયું. કબન્ધ મૃત્યુ પામ્યો. તેણે શ્વાસ છોડતાં પહેલાં રામને પંપા સરોવર જવા કહ્યું. પંપા સરોવરના અત્યંત રમણીય વાતાવરણમાં રામને સીતાના વિયોગની પીડા વધુ તીવ્રતાથી અનુભવાઈ. અહીં મહર્ષિ વાલ્મીકિએ પંપા સરોવરના સૌંદર્ય અને રામની વિરહવ્યથાનું અત્યંત લાઘવપૂર્ણ વર્ણન આ રીતે કર્યું છે,

**अरविन्दोत्पलवतीं पद्मसौगंधिकायुताम् ।**
**पुष्पिताम्रवणोपेतां बर्हिणोद्धुष्टनादिताम् ॥**
**स तां दृष्ट्वा ततः पंम्पां रामः सौमित्रिणा सह ।**
**विललाप च तेजस्वी रामो दशरथात्मजः ॥**

*તલાવડીમાં અરવિંદ અને ઉત્પલ (શ્વેત કમળ) ખીલેલાં હતાં, પદ્મ (રક્ત કમળ) અને સૌગંધિક જાતિનાં પુષ્પો શોભતાં હતાં, મ્હોરેલા આંબાના વૃક્ષો તેની ચારેબાજુએ હતાં અને મયૂરોનો કેકારવ ત્યાં ગૂંજી રહ્યો હતો. સુમિત્રાપુત્ર લક્ષ્મણ સહિત શ્રીરામે જ્યારે એ મનોહર પંપા સરોવરને જોયું ત્યારે તેમના મનમાં સીતાના વિરહની વેદના વધારે તીવ્ર બની ગઈ અને તેથી તેજસ્વી દશરથનંદન રામ વિલાપ કરવા લાગ્યા.*

- **કિષ્કિંધાકાંડઃ**

*રામ જ્યારે ઋષ્યમૂક પર્વત પાસે પહોંચ્યા ત્યારે સુગ્રીવ એ પર્વત પર રહેતો હતો. હકીકતમાં સુગ્રીવ વાનરરાજ વાલીનો ભાઈ હતો. રાક્ષસ સાથેના એક યુદ્ધમાં વાલીને મૃત્યુ પામેલો ગણી સુગ્રીવ કિષ્કિન્ધાનો રાજા બની ગયો, પરંતુ વાલી જીવિત હતો. તે પાછો ફર્યો ફર્યો અને સુગ્રીવ પાસેથી પોતાનું રાજ્ય અને સુગ્રીવની પત્ની રૂમાને ઝૂંટવી લીધા. મહાબળવાન વાલીથી બચવા સુગ્રીવ આ પર્વત પર આવીને રહેતો હતો.*

*રામ અને લક્ષ્મણ ઋષ્યમૂક પર્વત પાસે પહોંચ્યા ત્યારે સુગ્રીવ હનુમાનજી સાથે આ બંને ભાઈઓને આવતા જોઈ રહ્યો હતો. સુગ્રીવે હનુમાનજીને આ બંને ભાઈઓનો પરિચય જાણી લાવવા કહ્યું અને હનુમાનજી રામ અને લક્ષ્મણ પાસે આવ્યા. હનુમાનજી દ્વારા રામ સુગ્રીવને મળ્યા. સુગ્રીવે રામની સાથે મૈત્રી કરતાં પૂર્વે એક શરત રાખી કે જો તે સીધી રેખામાં ઉગેલાં સાલના સાત વૃક્ષોને એક જ બાણથી વીંધી નાખશે તો પોતે તેમની સાથે મૈત્રી કરશે. રામે એ શરત મંજૂર રાખી અને એક જ બાણથી સાલના સાત વૃક્ષોને વીંધી નાખ્યા. ત્યારબાદ સુગ્રીવની મદદ કરી. સીતાની યાદમાં દુઃખી રહેતા રામને સુગ્રીવ સમદુઃખિયો લાગ્યો હશે. હશે. આથી, નીતિ વગેરેનો વિચાર કર્યા વિના કપટથી વાલીને હણ્યો. વાલીએ મરતાં પહેલાં પોતાની પ્રિય પત્ની તારા અને પુત્ર અંગદની સોંપણી સુગ્રીવને કરી.*

*થોડા સમય બાદ સુગ્રીવે સીતાની શોધ કરવા માટે ચારેય દિશામાં વાનરોને મોકલ્યા. દક્ષિણ સિવાયની ત્રણેય દિશાઓમાંથી વાનરો સીતા ત્યાં ન હોવાની ભાળ મેળવીને પાછા ફર્યા, પરંતુ દક્ષિણ દિશામાં ગયેલા વાનરોની સાથે ગીધરાજ જટાયુના ભાઈ સમ્પાતિનો મેળાપ થયો. તેણે પોતાના પુત્ર સુપાર્શ્વ પાસેથી મળેલા સમાચાર આ વાનરોને આપ્યા કે સીતા લંકામાં આવેલી અશોકવાટિકામાં છે. ઉત્સાહિત બનેલા વાનરો દક્ષિણ દિશામાં સમુદ્ર સુધી પહોંચી ગયા, પરંતુ આકાશ સમાન વિસ્તરેલા સમુદ્રને જોઈને લંકા પહોંચવા બાબતે હતાશ થઈ ગયા. આ સમયે જામ્બવાને હનુમાનજીને તેમની*

*શક્તિઓનું સ્મરણ કરાવ્યું અને હનુમાનજી સીતાની ભાળ મેળવવા માટે સમુદ્રનું લંઘન કરવા તૈયાર થઈ ગયા.*

- **સુંદરકાંડઃ**

*સુંદરકાંડને રામાયણના સહુથી સુંદર કાંડ તરીકે સ્વીકારવામાં આવે છે.*

**सुन्दरे सुन्दरो रामः सुन्दरे सुन्दरी कथा**
**सुन्दरे सुन्दरी सीता सुन्दरे सुन्दरं वनम् ।**
**सुन्दरे सुन्दरं काव्यं सुन्दरे सुन्दरः कपिः**
**सुन्दरे सुन्दरं मन्त्रं सुन्दरे किं न सुन्दरम् ॥**

*અહીં, રામ સુંદર છે, કથા સુંદર છે, સીતા સુંદર છે, હનુમાન સુંદર છે, વન, કાવ્ય, મંત્ર, બધું જ સુંદર છે. એમ સુંદરકાંડ નામનું અર્થઘટન કરવામાં આવ્યું છે.*

*જામ્બવાને શક્તિઓનું સ્મરણ કરાવતાં જાગૃત થયેલા હનુમાનજીએ મહેન્દ્ર પર્વત પર ઊભા રહી પોતાના કદનો વિસ્તાર કર્યો અને કૂદકો મારી આકાશમાં ઊડ્યા. રસ્તામાં તેમનો સત્કાર કરવા આગ્રહ કરતા મૈનાક પર્વતને માત્ર સ્પર્શ કરી આગળ વધી ગયા. પોતાને ઓળંગીને આગળ ન વધવાની આજ્ઞા કરતાં માતા સુરસાના મુખમાં શરીરને સંકોચી, અંદર પ્રવેશી, ખૂબ જ ઝડપથી બહાર નીકળી ગયા અને દેવમાતા સુરસા તથા દેવો દ્વારા શાબાશી પામ્યા.*

*પોતાની છાયા પકડનાર રાક્ષસી સિંહિકાનો વધ કર્યો અને સો યોજન દૂર આવેલ લંકાના સમુદ્રકિનારે રહેલા પર્વત પર ઊતર્યા.*

*લંકાપુરીની કામરૂપિણી અધિષ્ઠાત્રી દેવીને પરાજિત કરી રાત્રે લંકામાં પ્રવેશ કર્યો. સીતાને શોધવા લંકામાં ફરતા હનુમાને રાવણના મહેલને જોયો, પુષ્પક વિમાન જોયું, લંકાના વૈભવને જોયો. રાવણના સૈન્યને જોયું અને રાવણ અને સુગ્રીવનાં બળાબળનો વિચાર કર્યો. રાવણનું રસોઈઘર જોયું, રાવણના અંતઃપુરમાં રહેલી સ્વેચ્છાએ રાવણને વરેલી ભુવનમોહિની સેંકડો સ્ત્રીઓને જોઈ, રાવણને જોયો અને તેનું વર્ણન કરતાં કહે છે કે, તે બધી સ્ત્રીઓની વચ્ચે મહાબાહુ રાક્ષસરાજ રાવણ વિશાળ ગૌશાળામાં ગાયોની વચ્ચે સૂતેલા સાંઢની જેમ શોભી રહ્યો હતો.*

**तासां मध्ये महाबाहुः शुशुभे राक्षसेश्वरः।**
**गोष्ठे महति मुख्यानां गवां मध्ये यथा वृषः।**

*હનુમાનજીએ મંદોદરીને જોયાં, પણ સીતાનાં દર્શન ન થયાં. હનુમાનજી દુઃખી થઈ ગયા. એમને લાગ્યું કે, સુગ્રીવ અને પોતાનો ઉદ્યમ વ્યર્થ થયો. તેમને અનેક નકારાત્મક વિચારોએ ઘેરી લીધા. કોઈક રીતે સીતા મૃત્યુ તો નહીં પામ્યા હોય ને! એવી*

તેમને શંકા થઈ આવી. લંકામાં સીતાની ભાળ પોતે નથી મેળવી શક્યા એ સમાચાર કિષ્કિંધા જઈને આપવા કરતાં દેહ છોડી દેવાનું તેમને મન થઈ આવ્યું. વળી, રાવણને દરિયા પર ઉછાળતાં ઉછાળતાં લઈ જઈ રામને ભેટ આપવાની ઈચ્છા થઈ આવી અને આખરે તેમણે સીતાને કોઈ પણ પ્રકારે શોધવાનો નિર્ણય કરી અશોકવાટિકામાં પ્રવેશ કર્યો. ત્યાં ભયાનક રાક્ષસીઓ વચ્ચે ઘેરાયેલી, મલીન વસ્ત્ર ધારણ કરેલી, કૃશ, દીન, વારંવાર નિઃસાસા નાખતી, ભોંય પર બેઠેલી તાપસી સમાન સીતાને જોઈ અને આ સીતા જ છે, એવી ખાતરી કરી. ત્યાર બાદ પોતે એક વૃક્ષ પર છુપાઈને રાત્રિ પૂરી કરી.

સવાર પડતાં અશોકવાટિકામાં રાવણ આવ્યો. સીતાને સમજાવી, લલચાવી, ભય દર્શાવી સીતાને વશ કરવાનો પ્રયત્ન કર્યો. પોતાના તાબે ન થતી સીતાને રાવણે બે માસની મુદત આપી અને કહ્યું કે જો સીતા વિચાર નહીં બદલે તો પોતે સીતાના ઝીણા ઝીણા ટુકડા કરી, ભોજનમાં વાપરશે અને એ ચાલ્યો ગયો.

રાવણના જતાં રાક્ષસીઓએ સીતાને ભયથી સમજાવવાનો પ્રયત્ન કર્યો. શોકત્રસ્ત સીતાએ પોતાના કેશનો પાશ બનાવી આત્મહત્યા કરવાનો વિચાર કર્યો.

રાવણ અને રાક્ષસીઓનાં વર્તનને જોઈને હનુમાને સીતાને સાંત્વના આપવા અને પોતે પ્રગટ થવા માટે દશરથના, રામના વનવાસના અને સીતાહરણના પ્રસંગોનો પર્ણોની પાછળ છુપાઈને થોડો ઉલ્લેખ કર્યો. આ સાંભળી સીતાને માયાવી રાવણની આ પણ કોઈ નવી ચાલ હશે તેવી શંકા ગઈ, પરંતુ હનુમાને પ્રગટ થઈ, રામની વીંટી દર્શાવી સીતાની શંકા દૂર કરી. પોતાનો પરિચય આપ્યો અને રામના શોકની પણ વાત કહી. પોતે સીતાને રામ સુધી લઈ જવા માટે તૈયાર છે તેમ દર્શાવી, પોતાની પીઠ પર સવાર થઈ જવા જણાવ્યું. જો કે સીતાએ એ વાતનો વિરોધ કરતાં કહ્યું કે રામ જ પોતાને રાવણની લંકામાંથી મુક્ત કરાવશે.

સીતાને મળી, આશ્વાસન આપી, હનુમાન પાછા જવા માટે નીકળ્યા ત્યારે રામને દર્શાવવા સીતા પાસે કોઈ એંધાણીની માગણી કરી અને સીતાએ પોતાનો ચૂડામણિ હનુમાનજીને આપ્યો. અશોકવાટિકામાંથી નીકળ્યા બાદ હનુમાનજીએ રાવણને રામની શક્તિનો અહેસાસ કરાવવા રાવણના ઉપવનોમાં તોડફોડ કરી, રાક્ષસોને માર્યા, રાક્ષસીઓને ડરાવી. રાક્ષસો અને ઈન્દ્રજિત હનુમાનજીને બાંધીને રાવણની સભામાં લઈ ગયા. હનુમાને પોતાનો પરિચય રામદૂત તરીકે આપ્યો અને દૂત અવધ્ય હોય છે એમ વિભિષણે સમજાવતાં રાવણે હનુમાનના પૂંછડે આગ લગાડવાનો આદેશ કર્યો. હનુમાને આ સળગતા પૂછડાથી સમગ્ર લંકામાં વિવિધ જગ્યાઓએ આગ લગાડી અને લંકામાંથી બહાર નીકળી સમુદ્રમાં પૂંછડાને ઠાર્યું. અને એ પછી વિચાર કર્યો કે આ આગથી સીતાને નુકસાન થશે તો! સીતાને મળવા, તેની સલામતીને ચકાસવા, તેઓ ફરી લંકામાં પ્રવેશ્યા,

મળ્યા અને તેમની આજ્ઞા લઈ પુનઃ કિષ્કિન્ધા પહોંચ્યા. રામને સીતાનો ચૂડામણિ આપી, સીતાની પરિસ્થિતિના સમાચાર આપ્યા.

- **લંકાકાંડ કે યુદ્ધકાંડઃ**

*સીતા લંકામાં છે એ વાતની ખાતરી થઈ જતાં વાનરોની સેના અને રાવણથી છૂટા પડીને આવેલા વિભીષણને લઈ રામે દક્ષિણના સમુદ્ર તરફ પ્રયાણ કર્યું. સમુદ્રકિનારે પહોંચી રામે વરુણદેવનું આહ્વાન કર્યું. વરુણદેવ પ્રગટ ન થતાં સમુદ્રને સૂકવી નાખવા બાણોનો પ્રહાર કર્યો ત્યારે ભય પામેલા વરુણદેવે પ્રગટ થઈ, વિશ્વકર્માના પુત્ર નલ સેતુબંધ કરે, તેમ સૂચવ્યું. સેતુ તૈયાર થઈ જતાં સમગ્ર સેના સહિત રામ લંકાના કિનારે પહોંચ્યા અને અંગદને વિષ્ટિ માટે રાવણ પાસે મોકલ્યો, પણ સમાધાનનો તે પ્રયાસ નિષ્ફળ ગયો. ત્યારબાદ વાનરો અને રાક્ષસોનું તુમુલ યુદ્ધ આરંભાયું. ઈન્દ્રજીતે રામ અને લક્ષ્મણ મૂર્છિત કર્યા ત્યારે ગરુડે રામ-લક્ષ્મણને આ બંધનમાંથી મુક્ત કર્યા. હનુમાન, નીલ વગેરે પરાક્રમીઓએ રાવણની સેનાના નાયકોને હણ્યા. રામે કુંભકર્ણનો વધ કર્યો. લક્ષ્મણે અતિકાયને માર્યો. રાવણે લક્ષ્મણને મૂર્છિત કર્યા ત્યારે હનુમાનજી હિમાલય પર જઈ પર્વતનું આખું શિખર ઔષધિઓ માટે ઉપાડી આવ્યા અને લક્ષ્મણને સજીવન કર્યા. આમ, મહાભયાનક યુદ્ધ ચાલ્યું. આખરે રામે રાવણનું હૃદય ભેદી તેનો વધ કર્યો.*

*યુદ્ધસમાપ્તિ બાદ રામે હનુમાનજીને સીતાને લઈ આવવા માટે મોકલ્યા. રામના આવવાની આશામાં બેઠેલા સીતાને હનુમાનજીએ રામનો સંદેશ કહ્યો અને સીતા તેમની સાથે રામ સુધી પહોંચ્યા. સૌપ્રથમ રામે સીતાને કઠોર વચન કહ્યાં અને રામના આદેશ અનુસાર સીતાએ અગ્નિપરીક્ષા દ્વારા પોતાની પવિત્રતા સિદ્ધ કરી. એ પછી રામે સીતાનો સ્વીકાર કર્યો અને પુષ્પક વિમાનમાં બેસી રામ, સીતા અને લક્ષ્મણે અયોધ્યા તરફ પ્રયાણ કર્યું. ત્યારે વિમાનમાંથી સીતાની ગેરહાજરીમાં પોતે જે જે પ્રદેશોમાંથી પસાર થયા હતા તેનો સીતાને પરિચય કરાવતા ગયા.*

*અયોધ્યા પહોંચતાં પૂર્વે હનુમાનજીને મોકલાવીને ભરતને પોતાના આગમનનો સંદેશ કહાવ્યો. ભરત રામને લેવા માટે સામે ગયા અને સારથિ બની, રામને રથમાં બેસાડી, ખૂબ ઉત્સાહપૂર્વક અયોધ્યામાં પ્રવેશ કરાવ્યો અને રામનો અયોધ્યાની રાજગાદી પર રાજ્યાભિષેક કરાવ્યો.*

- **ઉત્તરકાંડઃ**

*રાજ્યાભિષેક સમયે અભિનંદન આપવા આવેલા ઋષિઓ પાસેથી, રામે રાક્ષસોના વંશની ઉત્પત્તિ, રાવણ, કુંભકર્ણ, વિભિષણ એ ત્રણે ય ભાઈઓએ બ્રહ્મા પાસેથી પ્રાપ્ત કરેલાં વરદાનની વાત, કુબેર, લોકપાલ વગેરે પરના યુદ્ધવિજયની વાત, હનુમાનજીના અતુલ બળની વાત, જેવી અનેક કથાઓ સાંભળી.*

સમય જતાં રાજ્યાભિષેક સંદર્ભે આવેલા ઋષિઓ, રાજાઓ અને વાનરો પોતપોતાના સ્થાને પાછા ફર્યા. સમય જતાં સમગ્ર પ્રજાને સુખ આપતાં રામે સગર્ભા સીતાને દોહદ વિશે પૂછ્યું અને સીતાએ ગંગાનદીના કિનારા પરના આશ્રમોમાં વિહાર કરવાની પોતાની ઈચ્છા દર્શાવી. તે જ દિવસે ગુપ્તચરો દ્વારા સીતાના પરગ્રહવાસથી કલંક લાગ્યું છે, તેવા સમાચાર પ્રાપ્ત થયા. રામે ભાઈઓ સાથે પોતાના કુળની નિષ્કલંકતા વિશે વિમર્શ કરી લક્ષ્મણને ગંગા તીરે આવેલા વાલ્મીકિઋષિના આશ્રમ પાસે સીતાને મૂકી આવવાની આજ્ઞા કરી. વ્યથિત હૃદયે લક્ષ્મણે આજ્ઞાનું પાલન કર્યું અને ગંગાકિનારે સીતાને ઉતારી રામની આજ્ઞા કહી સંભળાવી, પોતે અયોધ્યા પાછા ફર્યા.

મહર્ષિ વાલ્મીકિના આશ્રમમાં સીતાએ બે સંતાનોને જન્મ આપ્યો. વાલ્મીકિએ લવ અને કુશ એમ તેમનું નામકરણ કર્યું અને જાત્યાદિ સંસ્કાર કર્યા. તે દરમિયાન નૈમિષારણ્યમાં રામે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો અને સીતાની સુવર્ણપ્રતિમા પોતાની સહધર્મચારિણી રૂપે સ્થાપી.

આ યજ્ઞમાં મહર્ષિ વાલ્મીકિ પોતાના શિષ્યો સહિત આવ્યા અને પોતાના બે શિષ્યો, કુશ અને લવને તેમણે રાજદ્વારે અને યજ્ઞમાં પોતે રચેલ રામકથાનું ગાન કરવાનો આદેશ આપ્યો. રામે પોતાના આ બે પુત્રો પાસેથી રામાયણકથાનું કાવ્ય-ગાન સાંભળ્યું. આ સાંભળીને રામે સીતાની ઈચ્છા અને ઋષિનો અભિપ્રાય સમજીને બીજા દિવસે સીતા પરિષદ વચ્ચે પોતાની પવિત્રતા સિદ્ધ કરે તો પોતે તેનો સ્વીકાર કરશે તેમ જણાવ્યું.

સીતાએ વાલ્મીકિ સાથે પરિષદમાં ઉપસ્થિત થઈ પોતાની પવિત્રતા સિદ્ધ કરતાં કહ્યું કે, 'જો મેં રામ સિવાય મનથી, વાચાથી કે કર્મથી કોઈ અન્યનો વિચાર ન કર્યો હોય તો, હે પૃથ્વી! તું મને જગ્યા આપ'.

સીતા દ્વારા ત્રણ વાર આ પ્રાર્થના કરાતાં પૃથ્વીમાં જગ્યા થઈ અને એક દિવ્ય સિંહાસન પ્રગટ થયું, જેના ઉપર આસન્ન થયેલાં પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવીએ સીતાને પોતાની ભુજાઓમાં સમાવી લીધાં.

ગૃહજીવનની મહત્તા ઉજાગર કરતું અને ગાર્હસ્થ્યને સ્વસ્થતા પ્રદાન કરવા આવશ્યક યુદ્ધોને સ્વીકારતું આ કાવ્ય સદાકાળનું છે અથવા કહી શકાય કે અમર કૃતિ છે. અને તેની અમરતાનું પ્રમાણ તેની ઉપજીવ્યતા છે. પ્રાચીન સમયથી શરૂ કરીને આજ સુધી અનેક સર્જકો માટે રામાયણ પ્રેરણાદાયી મહાકાવ્ય છે.

રામાયણને આધાર રાખી અન્ય અનેક રામાયણોની વિવિધ ભાષાઓમાં રચના થઈ છેઃ કમ્બન રામાયણ, અધ્યાત્મ રામાયણ, રામચરિતમાનસ, વગેરે

*ઈસવીસન પૂર્વે રચાયેલાં ભાસનાં પ્રતિમાનાટક અને અભિષેકનાટક રામાયણ આધારિત નાટકો છે, રઘુવંશ જેવાં મહાકાવ્યો છે, તો હાલમાં પણ વિવિધ ભાષાઓમાં રામાયણનો આધાર સ્વીકારી અનેકાનેક કૃતિઓનું સર્જન થાય છે, ઉદાહરણ તરીકે; સીતા'ઝ સિસ્ટર, જટાયુ, વગેરે.*

*આપણે આગળ જોઈ ગયા કે, રામાયણમાંથી અનેક પ્રક્ષેપો દૂર કરવામાં આવ્યા છે. સંશોધનની પદ્ધતિ અનુસાર આ પ્રસંગો મૂળ રામાયણમાં ન હતા, પરંતુ બદલાતા સ્થળ અને સમય સાથે અલગ-અલગ જીવનપદ્ધતિઓ, પરિવર્તન પામતી સામાજિક રૂઢિઓ, આવશ્યકતાઓ જેવાં અનેક કારણોસર સમયાંતરે રામાયણમાં ઉમેરાતા ગયા હશે અને પ્રચલન પામ્યા હશે.*

*તેમાં કેટલાંક બહુ પ્રચલિત પ્રસંગો છે. જેવા કેઃ લક્ષ્મણ-રેખાનો પ્રસંગ. આ બહુ જાણીતો પ્રસંગ છે. સુવર્ણમૃગની પાછળ ગયેલા રામનો ભયભીત અવાજ સાંભળીને સીતા લક્ષ્મણને આગ્રહપૂર્વક રામની મદદ માટે મોકલે છે, ત્યારે લક્ષ્મણ સીતાને પર્ણકુટિમાં રહેવાનું કહી, એ કુટિરની બહાર, બાણથી એક રેખા દોરે છે અને કહે છે કે. 'હે માતા! કોઈપણ સંજોગોમાં આપ આ રેખાનું ઉલ્લંઘન ન કરશો, આ રેખા આપનું રક્ષણ કરશે. ' રામાયણની સંશોધિત આવૃત્તિમાં લક્ષ્મણરેખાનો આ પ્રસંગ પ્રક્ષિપ્ત માનવામાં આવ્યો છે. કારણકે રામાયણની ઉત્તર ભારતથી શરૂ કરી ઈન્ડોનેશિયા સુધી પ્રાપ્ત થતી હસ્તપ્રતો અને રામાયણની પરંપરામાં તે પ્રસંગ દરેક જગ્યાએ જોવા મળતો નથી, આથી, મૂળ રામાયણમાં આ પ્રસંગ નહીં હોય એમ સ્વીકારવામાં આવ્યું છે.*

*આ જ પ્રમાણે અન્ય એક બહુ જાણીતો પ્રસંગ પણ પક્ષિપ્ત માનવામાં આવ્યો છે. રાવણ જ્યારે સીતાને ઉપાડીને આકાશમાર્ગે રથમાં ઉઠાવી જતો હતો ત્યારે પોટલી બનાવી નીચે ફેંકેલા ઘરેણાં સીતાને શોધતાં રામ-લક્ષ્મણને પ્રાપ્ત થયાં. જ્યારે રામ લક્ષ્મણને એ ઘરેણાં દર્શાવીને પૂછે છે કે આ ઘરેણાં સીતાનાં છે કે નહીં એ કહો, ત્યારે લક્ષ્મણ જવાબ આપે છે કે,*

**नाहं जानामि केयूरे नाहं जानामि कुण्डले ।<br>नूपुरे त्वभिजानामि नित्यं पादाभिवन्दनात्।**

*હું કેયૂર (કેયૂર આકરના બાજુબંધ)ને ઓળખતો નથી, કુંડળથી પણ પરિચિત નથી. હું માત્ર નિયમિત રીતે તેમનાં ચરણકમળોમાં વંદન કરવાના કારણે આ નૂપુરને ઓળખું છું. આ પ્રસંગ પણ રામાયણના પ્રક્ષેપ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. સંશોધિત આવૃત્તિ તૈયાર કરનાર વિદ્વાનો અનુસાર, મૂળ રામાયણમાં આ પ્રસંગ ન હતો, પરંતુ દિયર અને ભાભીના સંબંધોની પવિત્રતા સૂચવવા જેવા કારણોસર તેને પાછળના કોઈક સમયે ઉમેરવામાં આવ્યો હશે.*

❖ **તમારી પ્રગતિ ચકાસો.**

૧. રામાયણ કાવ્યની ઉત્પત્તિ વિશે નોંધ લખો.
૨. બાલકાંડ વિશે નોંધ લખો.
૩. રામનું મહામનવ તરીકે મૂલ્યાંકન કરો.
૪. સીતાનું પાત્રાલેખન કરો.
૫. રામાયણ વિશે સવિસ્તર નોંધ લખો.
૬. રામાયણ પર આધારિત દસ કૃતિઓનાં નામ આપો.

## ૧.૩ સ્વાધ્યાય

૧. વાલ્મીકિ કૃત રામાયણનો સવિસ્તર પરિચય આપો.

❖ **લેખનપ્રવૃત્તિ**

૧. રામાયણ કાવ્યમાં વિવિધ રસ
૨. રમ્યા રામાયણી કથા - વિવેચન કરો.
૩. ઉપજીવ્ય ગ્રંથ તરીકે રામાયણનું મહત્ત્વ
૪. રામાયણનાં નારી પાત્રો
૫. રામાયણ પર આધારિત તમારી પ્રિય કૃતિ

## ૧.૪ લેખક પરિચય

આપણે પૂર્વે જોઈ ગયા તે મુજબ, મહર્ષિ વાલ્મિકી પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યના અથવા ભારતીય સાહિત્યના સૌપ્રથમ કવિ છે. આથી, તે આદિ કવિ છે. કવિનું લક્ષણ જ આર્ષદ્રષ્ટા કહેવાયું છે. સામાન્ય માણસને જે દેખાતું નથી કે સમજાતું નથી, તે કવિને સમજાય છે. કવિ મનુષ્યની સનાતન લાગણીઓને એવી રીતે અભિવ્યક્ત કરે છે કે ભાવકને લાગે કે જાણે આ એની પોતાને જ વાત છે, એ જ તેનું કવિત્વ છે.

મહર્ષિની શૈલી અને રસનિષ્પત્તિની સહજતા અને અસરકારકતા 'वन्दे वाल्मीकिकोकिलम्' જેવી સ્તુતિ દ્વારા અભિવ્યક્ત થાય છે.

ધ્વન્યાલોકકાર આનંદવર્ધન પ્રતીયમાન અર્થ સમજાવવા દૃષ્ટાંત તરીકે જ વાલ્મીકિ અને એમના સર્જનને દર્શાવે છે, એ જ વાલ્મીકિની મહત્તા છેઃ

**काव्यस्यात्मा स एवार्थस्तथा चादिकवेः पूरा ।**
**क्रौंचद्वन्द्ववियोगोत्थः शोकः श्लोकत्वमागतः ॥**

(પૂર્વે ક્રૌંચયુગલના વિયોગથી ઉત્પન્ન થયેલ આદિકવિ વાલ્મીકિનો શોક શ્લોકમાં પરિણમ્યો, તે જ કાવ્યના આત્મારૂપ પ્રતીયમાન અર્થ છે. )

*મહાકવિ કાલિદાસ પણ રઘુવંશમાં* 'निषादविद्धाण्डजदर्शनोत्थः श्लोकत्वमापद्यत: यस्य शोक: *।' અર્થાત્ શિકારીએ હણેલ પક્ષીને જોઈને ઉત્પન્ન થયેલ શોક શ્લોકત્વ પામ્યો, કહી વાલ્મીકિ પ્રત્યે આદરસૂચક પરિચય કરાવી અંજલિ અર્પે છે.*

*મહર્ષિ નારદ પાસેથી નવ શ્લોકમાં રામકથા સાંભળી અને તમસાના કિનારે ક્રૌંચવધ થતાં વિરહી ક્રૌંચનો વિલાપ જોયો. ઝૂરાપાની એ લાગણી કાવ્ય બની સરી પડી અને માનવહૃદયની એ સદા જીવંત લાગણી એવી સચ્ચાઈથી વ્યક્ત થઈ કે કવિ અને કાવ્ય અમર થઈ ગયાં.*

## ૧.૫ સંદર્ભસાહિત્ય


૧. The RAMAYAN OF VALMIKI Translated into English Verse by Ralph T. H. Griffith, Trübner & Co. , London, E. J. Lazarus and Co, Benares

૨. Ramayana, C. rajgopalachari, Bharatiya Vidya Bhavan, India

૩. भारतीय साहित्य के निर्माता वाल्मीकि, इलपावुलूरि पाण्डुरङ्गराव, साहित्य अकादेमी, दिल्ली

૪. *શ્રીમદ્વાલ્મીકીય રામાયણઃ* 2 Volumes*, ગીતા પ્રેસ, ગોરખપુર*

૫. *રામાયણની અંતર્-યાત્રા, નગીનદાસ સંઘવી, આર. આર. શેઠ પબ્લિશર્સ, અમદાવાદ*



**લેખક : ડૉ. સ્વાતિ શાહ -** *એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

| એકમ-2 | મહાભારતઃ કૃતિપરિચય |
|---|---|


૨. ૧ પ્રસ્તાવના

૨. ૨ મહાભારત : કૃતિપરિચય

૨. ૩ ઉપસંહાર

૨. ૪ સ્વાધ્યાય

૨. ૫ લેખક પરિચય

૨. ૬ સંદર્ભસાહિત્ય


## ૨. ૧ પ્રસ્તાવના

*ભારતીય સંસ્કૃતિ ઉપર આ મહાકાવ્ય 'મહાભારત'નો નોંધપાત્ર પ્રભાવ આજ દિન સુધી જળવાયેલો છે. ભારતીય જીવનવ્યવસ્થા અને સંસ્કૃતિ અનુસાર ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચારને પુરુષાર્થો એટલે કે માનવજીવનના કર્તવ્યો કહેવામાં આવ્યા છે. મહાભારત કહે છે કે,*

**धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ।**
**यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित्।।**

*હે, ભરતશ્રેષ્ઠ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની પ્રાપ્તિ અર્થે અહીં જે કહેવામાં આવ્યું છે તે જ અન્ય ગ્રંથોમાં જોવા મળે છે અને જે અહીં નથી તે બીજે ક્યાંય પ્રાપ્ત થઈ શકે તેમ નથી. ઋગ્વેદાદિ ચાર વેદો અને વૈદિક સાહિત્ય બાદ રચાયેલ જ્ઞાનના આ મહત્ત્વના ગ્રંથને* 'पंचमो वेद : ' *નું બહુમાન પ્રાપ્ત થયું છે.*

*જ્ઞાનની સાથે, મહાભારત પોતે જ આદિપર્વમાં કહે છે તેમ, તે ઈતિહાસ ગ્રંથ છેઃ*

**इतिहसोत्तमादस्माज़्जायन्ते कविबुद्धयः**
**पंचभ्य इव भूतेभ्यो लोकसंविधयस्त्रयः** *(આદિપર્વ, ૨-૨૩૬-૨૩૭)*

*આ મહાભારતે કરેલી અને પૂર્ણ સત્ય ઠરેલી આગાહી છે કે, જેવી રીતે પાંચ ભૂતો (પંચ મહાભૂત : પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ)માંથી આ ત્રણેય લોકની રચના થાય છે, તેવી જ રીતે આ ઉત્તમ ઈતિહાસમાંથી અનેક કવિ પ્રતિભાઓ ઉત્પન્ન થશે. આપણે જાણીએ છીએ કે, આજથી હજારો વર્ષ પૂર્વે જેની રચના થઈ છે તેવું આ મહાભારત કથાઓ અને ઉપકથાઓનો રત્નાકર છે. પ્રાચીનકાળથી શરૂ કરીને આજે પણ*

તેમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી અનેક કવિઓ, મહાકવિઓએ વિવિધ ભાષામાં પોતાની કૃતિનું સર્જન કર્યું છે અને કરી રહ્યા છે.

હજારો વર્ષ પહેલાં રચાયેલ આ કાવ્ય સમગ્ર ભારતના વિવિધ ભાગોમાં વ્યાપ્યું. કુરુ-પંચાલ યુદ્ધની કથા લોકમુખે અને કથાકારોનાં મુખે કહેવાતાં કહેવાતાં તેમાં અનેકવિધ કથાઓ અને ઉપકથાઓ ઉમેરાતાં ગયાં, સામાજિક ભૌગોલિક પરિસ્થિતિઓ અનુસાર કેટલાંક પરિવર્તનો આવતાં ગયાં અને મહાભારતનું કદ વિસ્તરતું ગયું, ત્યારે મૂળ મહાભારત કેવું હશે તેનું સંશોધન કરવા અર્થે ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટ (BORI), પૂના દ્વારા ૧૯૧૯માં વી. એસ. સુખથંકરની આગેવાની હેઠળ મહાભારતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાની શરૂઆત થઈ, જે કાર્ય ૪૭ વર્ષપર્યન્ત ચાલ્યું.

## ૨. ૨ મહાભારત : કૃતિપરિચય

महत्त्वात् भारत्वात् महाभारतमुच्यते મહાભારત' શીર્ષકને સમજવા માટે આ એક વાક્ય જ જાણે પૂરતું છેઃ તેના મહત્ત્વના કારણે, ગૌરવના કારણે અને તેની વિશાળતા-ગહનતાના કારણે તેને 'મહાભારત' કહેવામાં આવે છે.

મહાભારતના રચયિતા મહર્ષિ વેદ વ્યાસ છે. કહે છે કે મહર્ષિ વેદ વ્યાસે જનમેજયના સર્પસત્રમાં મહાભારતની રચના કરી અને પોતાના શિષ્ય વૈશંપાયનને સંભળાવ્યું હતું.

મહાભારતને વિકાસશીલ મહાકાવ્ય એટલે કે Epic Of Growth કહેવામાં આવ્યું છે. સદીઓ સુધી આ મહાકાવ્ય વિકસતું રહ્યું છે. એ વિકાસના ક્રમમાં જ મહાભારતનાં ત્રણ સંસ્કરણો કહેવાયાં છેઃ જય, ભારત અને મહાભારત. માનવામાં આવે છે કે કુરુ-પાંચાલ યુદ્ધના ઈતિહાસની કથા જે મહર્ષિ વેદવ્યાસ દ્વારા વૈશંપાયનને કહેવાઈ તે 'જય'કાવ્ય હશે. મહાભારતમાં 'જય' કાવ્ય કે ઈતિહાસનો ઉલ્લેખ એકાધિક સ્થળે પ્રાપ્ત થાય છે. જેમ કે,

जयनामेतिहासोयं श्रोतव्यो विजिगीषुणा। અર્થાત્ વિજયની ઈચ્છા રાખનાર વ્યક્તિઓએ જય નામના આ ઈતિહાસને સાંભળવો જોઈએ અને जयनामेतिहासोऽयं श्रोतव्यो मोक्षमिच्छता । અર્થાત્ મોક્ષની ઈચ્છા રાખનારે જય નામના ઈતિહાસનું શ્રવણ કરવું જોઈએ. આ જયકાવ્યમાં આઠ હજાર અને આઠ સો શ્લોક હતા.

સતત વિકસતાં આ મહાકાવ્યનું બીજું સંસ્કરણ 'ભારત' કહેવાયું, જેમાં ૨૪ હજાર શ્લોક હતા. આ સંસ્કરણમાં યુદ્ધની વિસ્તૃત કથા હતી જે વૈશંપાયને જનમેજયને કહી સંભળાવી હતી.

चतुरविंशति साहस्री चक्रे भारतसंहिताम् । આ સંસ્કરણમાં ઉપાખ્યાનોનો સમાવેશ થતો ન હતો.

અને અંતિમ સંસ્કરણ 'મહાભારત' કહેવાયું જે એક લાખ શ્લોકસંખ્યા ધરાવતું હતું અને તેનો ઉલ્લેખ 'શતસાહસ્રી' તરીકે કરવામાં આવ્યો છે. ઉગ્રશ્રવા સૂતે, નૈમિષારણ્યમાં, બાર વર્ષ ચાલનારા યજ્ઞસત્રમાં શૌનક વગેરે ઋષિઓને વ્યાસમુનિએ રચેલી કુરુકુળની જે કથા સંભળાવી એ 'મહાભારત' છે.

પં. ઈન્દ્રનારાયણ દ્વિવેદી જેવા કેટલાંક ભારતીય વિદ્વાનોએ એવું સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે કે, જય, ભારત અને મહાભારત એ મહાભારતનાં ત્રણ સંસ્કરણો નહીં, પરંતુ પર્યાયવાચી નામો છે. તેમના મતે મહાભારતના ઉપાખ્યાનોની શ્લોકસંખ્યા ૭૬૦૦૦ છે અને તેના વિનાની મૂળ કથા ૨૪૦૦૦ શ્લોકોમાં કહેવાઈ છે.

ભારતીય પરંપરા અનુસાર મહાભારત યુદ્ધનો સમય ઈ. સ. પૂર્વ ૩૧૦૦નો માનવામાં આવે છે અને ત્યાર બાદ મહાભારતની રચના મહર્ષિ વેદ વ્યાસે કરી હશે. ઐતિહાસિક તથ્યોને ધ્યાનમાં લઈએ તો, ઈ. પૂ. ૪૫૦ આસપાસ રચાયેલ ગ્રંથોમાં મહાભારતના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. અર્થાત્ મહાભારતની રચના આજથી ઓછામાં ઓછા ૨૫૦૦ વર્ષ પૂર્વે થયેલી છે.

જે કાવ્યમાં કુરુ-પાંચાલ (કૌરવો અને પાંડવો-ની કુરુ તરીકે ગણના કરવામાં આવે છે) વચ્ચે કુરુક્ષેત્રમાં થયેલા યુદ્ધની કથા મુખ્ય છે, દેવ, ગાંધર્વ, અસુરો અને મનુષ્યો વચ્ચે થતા અનેકવિધ યુદ્ધો જેમાં નિરૂપાયાં છે, જેમાં દ્વંદ્વયુદ્ધ પણ અનેકવાર, અનેક વ્યક્તિઓ વચ્ચે લડાયાં છે, એવા મહાભારતનો મુખ્ય રસ કયો? સહજ રીતે જ વીર રસ આ કાવ્યનો પ્રધાન રસ હશે એમ માનવાનું મન થાય.

સામાન્ય રીતે પાશ્ચાત્ય સાહિત્ય કરુણાંત અને સુખાંત એમ બે પ્રકારમાં વહેંચાયેલું હોય છે. ગુણસંપન્ન કથાનાયકના મૃત્યુ સાથે કરુણાંતિકાઓ જ્યારે યુદ્ધ પૂરું થતાં કથાનો અંત આવે અને નાયકનો વિજય થયો હોય તો; ખાધું, પીધું અને રાજ્ય કર્યું, એવો સુખાંત આપણે પાશ્ચાત્ય સાહિત્યમાં જોઈએ છીએ, પરંતુ મહાભારત કાવ્યમાં, મહાભારતનું યુદ્ધ જીત્યા પછી યુધિષ્ઠિર અને પાંડવોએ ખાધું, પીધું અને રાજ્ય કર્યું, એવી સહજતાથી વાર્તાનો અંત આવતો નથી. શ્રી રવીન્દ્રનાથ ટાગોર નોંધે છે કે, ભારતીય સંસ્કૃતિની આ વાર્તા તેના અંતથી ય આગળ ચાલી રહી છે.

મહાભારત-યુદ્ધ જીતેલા પાંડવો સ્વજનોને ગુમાવીને વિષાદગ્રસ્ત છે, પ્રજા યુદ્ધનો માર ખાઈને ખોખલી બની ચૂકી છે, યુદ્ધનો મહાનાયક એવો ગાંડિવધારી, મહાપરાક્રમી અર્જુન કાબા જેવી આદિવાસી પ્રજાના હાથે લૂંટાય છે અને શ્રીકૃષ્ણની સ્ત્રીઓને બચાવી શકતો નથી, યુગંધર શ્રીકૃષ્ણના સમર્થ યાદવકુળનો સંપૂર્ણ નાશ થયો છે, કૃષ્ણ પોતે સામાન્ય પારધિના બાણથી વીંધાયા છે અને અવસાન પામ્યા છે. કુરુક્ષેત્રમાં કૌરવ-પાંડવ

*અને બંને બાજુ થઈને અઢાર અક્ષૌહિણી સેના વચ્ચે થયેલા આ યુદ્ધ બાદ, વિજય પ્રાપ્ત કરવા છતાં બહુ થોડાં વર્ષો રાજ્ય કરીને દ્રૌપદી સહિત આ પાંચેય ભાઈઓ રાજ્ય છોડીને હિમાલય તરફ પ્રયાણ કરે છે. યુધિષ્ઠિર સિવાયના પાંડવો અને દ્રૌપદી હિમાલયમાં મૃત્યુ પામે છે. આમ, વિજય, સમૃદ્ધિ, શક્તિ અને સામર્થ્યઃ એ બધાના અંતે શું? મહાભારત કથા પૂર્ણ થતાં નિર્વેદનો ભાવ જ મુખ્ય બની રહે છે. આનંદવર્ધન ધ્વન્યાલોકમાં મહાભારતના મુખ્ય રસ તરીકે શાંતરસનો સ્વીકાર કરે છે. મહાભારત પ્રારંભમાં જ કહે છે કે, 'ધર્મ, અર્થ, કામ અને મોક્ષના વિષયમાં, હે ભારત! જે અહીં છે તે અન્યત્ર પ્રાપ્ત થાય છે, પરંતુ જે અહીં નથી તે ક્યાંય નથી'. આમ, ચાર પુરુષાર્થની પ્રાપ્તિ એ જ મહાભારતનું લક્ષ્ય છે.*

*મહાભારતમાં કુલ ૧૮ પર્વો આવેલાં છેઃ આદિપર્વ, સભાપર્વ, વન અથવા આરણ્યક પર્વ, વિરાટપર્વ, ઉદ્યોગપર્વ, ભીષ્મપર્વ, દ્રોણપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, સૌપ્તિક પર્વ, સ્ત્રીપર્વ, શાંતિપર્વ, અનુશાસનપર્વ, અશ્વમેધિક પર્વ, આશ્રમ વાસિક પર્વ, મૌસલ પર્વ, સ્વર્ગારોહણ પર્વ મહાપ્રાસ્થાનિક પર્વ. આ પર્વોમાં અનેક ઉપપર્વો આવેલાં છે.*

- **આદિપર્વઃ**

*આદિપર્વમાં પ્રસ્તાવના, વંશવર્ણન, પાંડવકૌરવજન્મ અને દ્રૌપદીસ્વયંવર એ મુખ્ય પ્રસંગો અને અનેક આખ્યાન-ઉપાખ્યાનો અઢાર ઉપપર્વોમાં વર્ણવાયાં છે.*

*નૈમિષારણ્યમાં એક મહાયજ્ઞનું સત્ર પૂર્ણ થવાના આરે હતું ત્યારે ઉગ્રશ્રવા સૂતનું આગમન થયું અને શૌનક વગેરે ઋષિઓની વિનંતિથી તેમણે પોતે વ્યાસ મુનિએ રચેલી કુરુકુળની કથા સંભળાવવાનું શરૂ કર્યું.*

*મહાભરતનો પ્રારંભ આ શ્લોકથી કરવામાં આવ્યો છેઃ નર (અર્જુન), નરોત્તમ નારાયણ (શ્રીકૃષ્ણ) અને દેવી સરસ્વતીને નમસ્કાર કરીને પછી 'જય'નો પ્રારંભ કરવામાં આવ્યો.*

**नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम्।**
**देवीं सरसवातीं चैव ततो जयमुदीरयेत् ॥**

*આ કથાના પ્રારંભે મહર્ષિ વેદવ્યાસની ઉત્પત્તિની કથા આવેલી છે અને કુરુકુળની ઉત્પત્તિનો સુદીર્ઘ ઈતિહાસ કહેવાયો છે. દુષ્યન્ત-શકુન્તલાનું આખ્યાન, ભરતની ઉત્પત્તિ અને તેના નામથી આ વંશ ભારતવંશ કહેવાયો, જે પૂર્વે દેવયાની-યયાતિ-આખ્યાન અનુસાર યયાતિ અને શર્મિષ્ઠાના પુત્ર પુરુના નામે પુરુવંશ તરીકે પ્રખ્યાત હતો. આ જ વંશમાં હસ્તિ નામે રાજા થયો, જેણે હસ્તિનાપુર વસાવ્યું. આગળ જતાં આ વંશમાં કુરુ નામે પ્રભાવશાળી રાજા થયો અને ત્યારબાદ આ વંશ કુરુવંશ નામે પ્રખ્યાત થયો. કાળક્રમે આ વંશમાં શાંતનુ નામે રાજા થયો. એક દિવસ મનુષ્યદેહ ધારણ કરેલી, અત્યંત રૂપવતી ગંગાને શાંતનુએ જોઈ અને તેની પાસે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. ગંગાએ શરત કરી કે*

તેને, તેના કોઈ પણ કાર્ય માટે પ્રશ્ન પૂછવામાં કે અટકાવવામાં ન આવે અને રાજાએ તેની એ શરતનો સ્વીકાર કર્યો. લગ્ન બાદ ગંગાએ સમયાંતરે પોતાને જન્મેલા સાત પુત્રોને નદીના પાણીમાં વહાવી દીધા. આઠમા પુત્ર દેવવ્રતને તે વહાવવા જઈ રહી હતી ત્યારે રાજા શાંતનુથી ન રહેવાયું અને તેણે ગંગાને અટકાવી. શરત મુજબ ગંગા રાજા સાથે સંબંધ પૂર્ણ કરી, પુત્ર દેવવ્રતનો ઉછેર કરવા પોતાની સાથે લઈ, ચાલી ગઈ. પુત્રને શસ્ત્ર અને શાસ્ત્રમાં નિપુણ બનાવી, યોગ્ય સમયે રાજાને પરત કર્યો.

સમય પસાર થતાં યમુનાતટ ઉપર ફરતાં રાજાએ સત્યવતીને જોઈ અને પસંદ પડી જતાં ધીવરરાજ પાસે તેમની આ કન્યાની માગણી કરી. ધીવરરાજે રાજા પાસે શરત મૂકી કે મારી પુત્રીનું સંતાન જ હસ્તિનાપુરનો રાજા બને, એ વાત જો મંજૂર હોય તો જ આ લગ્ન શક્ય બનશે. શાંતનુ ગંગાપુત્ર દેવવ્રતના અધિકારને વિચારીને એ શરત સ્વીકારી શક્યો નહીં અને પાછો ફર્યો. દેવવ્રતને આ સમગ્ર પરિસ્થિતિની જાણ થતાં તે સત્યવતીના પિતા પાસે પહોંચ્યા અને પ્રતિજ્ઞા કરી કે, 'હું લગ્ન નહીં કરું અને આજીવન બ્રહ્મચારી રહીશ'. આ ભીષણ પ્રતિજ્ઞાના પરિણામે તે 'ભીષ્મ' કહેવાયા. શાંતનુએ સત્યવતી સાથે લગ્ન કર્યાં. તેમને બે પુત્રો થયા, ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય. રાજા શાંતનુનું મૃત્યુ થતાં ભીષ્મે ચિત્રાંગદને હસ્તિનાપુરની ગાદીએ બેસાડ્યો, પરંતુ તે ગાંધર્વો સાથેના યુદ્ધમાં માર્યો ગયો. ત્યારબાદ ભીષ્મે વિચિત્રવિર્યને ગાદીએ બેસાડ્યો અને તેના માટે કાશી રાજની ત્રણ કન્યાઓઃ અંબા, અંબિકા અને અંબાલિકાનું સ્વયંવરમાંથી હરણ કરી લાવ્યા. જેમાંથી અંબા શાલ્વને મનથી વરી ચૂકી હોવાથી તેને શાલ્વ પાસે મોકલી. શાલ્વે અને ત્યાર બાદ ભીષ્મે તેનો અસ્વીકાર કરતાં તેણે દેહત્યાગ કર્યો. તેનો દ્રુપદને ત્યાં પુત્રી તરીકે જન્મ થયો અને યક્ષકૃપાએ પૌરુષત્વ મેળવી આખરે શિખંડી તરીકે ઓળખાણ પ્રાપ્ત કરી. આ શિખંડી જ મહાભારતના યુદ્ધમાં ભીષ્મના મૃત્યુનું નિમિત્ત બન્યો. અંબિકા અને અંબાલિકાનાં વિચિત્રવીર્ય સાથે લગ્ન કરાવ્યાં, પરંતુ વિચિત્રવીર્ય લગ્નના સાત વર્ષ પછી નિસંતાન મૃત્યુ પામ્યો.

આ સંજોગોમાં હસ્તિનાપુરની ગાદીના વારસ માટે સત્યવતીએ ભીષ્મને રાજ્ય સ્વીકારવા માટે અને લગ્ન કરવા માટે વિનંતિ કે આગ્રહ કર્યાં, જેનો ભીષ્મે અસ્વીકાર કર્યો અને પોતાની બંને પ્રતિજ્ઞાઓને વળગી રહ્યા. આખરે સત્યવતીએ લગ્ન પૂર્વે, મહર્ષિ પરાશરથી પ્રાપ્ત થયેલા પોતાના પુત્ર વ્યાસ વિશે ભીષ્મને માહિતી આપી અને તેમની સંમતિથી વ્યાસને બોલાવી, નિયોગ દ્વારા અંબિકામાં ધૃતરાષ્ટ્ર, જે જન્મથી જ અંધ હતા અને અંબાલિકામાં પાંડુ, જે જન્મથી જ પાંડુ રોગી હતા,-ને ઉત્પન્ન કર્યા. વ્યાસ સાથેના સંબંધથી એક દાસી દ્વારા વિદુરનો જન્મ થયો. ભીષ્મે આ ત્રણેયને યોગ્ય સંસ્કાર આપ્યા. ધૃતરાષ્ટ્રનાં લગ્ન ગાંધારનરેશ સુબલની પુત્રી ગાંધારી સાથે કરવામાં આવ્યાં. પતિ અંધ હોવાથી ગાંધારીએ આંખે પાટા બાંધી સ્વૈચ્છિક રીતે આજીવન અંધત્વ પસંદ કર્યું. પાંડુનાં લગ્ન રાજા શૂરસેનની, રાજા કુંતીભોજને દત્તક આપેલ પુત્રી કુંતી સાથે થયાં અને તે પછી

પાંડુએ મદ્રદેશની રાજકુમારી માદ્રી સાથે પણ લગ્ન કર્યા. ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી પાંડુને હસ્તિનાપુરનરેશ બનાવવામાં આવ્યા.

એક વખત શિકાર કરવા નીકળેલા પાંડુએ મૃગ રૂપે વિહાર કરી રહેલા મુનિને બાણ માર્યું અને મુનિએ પાંડુને શાપ આપ્યો કે, 'સ્ત્રીસંગ તારા મૃત્યુનું કારણ બનશે. ' આથી, તેને અપુત્ર હોવાની પીડા સતાવવા લાગી. ત્યારે કુંતીએ તેને દુર્વાસાએ આપેલા દેવોને પ્રસન્ન કરવા માટેના મંત્રોની વાત કહી અને પાંડુની સંમતિથી સહુ પ્રથમ ધર્મદેવનું આહ્વાન કર્યું અને તે દ્વારા યુધિષ્ઠિર રૂપે સંતાનપ્રાપ્તિ કરી. ત્યારબાદ વાયુ દ્વારા ભીમ અને ઈન્દ્ર દ્વારા અર્જુનને પ્રાપ્ત કર્યા. પાંડુના કહેવાથી કુંતીએ એક મંત્ર માદ્રીને આપ્યો અને માદ્રીએ અશ્વિનીકુમારો દ્વારા નકુલ અને સહદેવ રૂપે જોડિયા સંતાનો પ્રાપ્ત કર્યા. એક દિવસ પાંડુએ કામમોહિત બની માદ્રી સાથે કામક્રીડા કરવાનો પ્રયાસ કર્યો અને ઋષિના શાપના કારણે મૃત્યુ પામ્યો. પોતાના બાળકો કુંતીને ભળાવી માદ્રી સતી થઈ.

આ દરમિયાન ભીષ્મ અને વિદુરની મદદથી ધૃતરાષ્ટ્ર હસ્તિનાપુરનું રાજ્ય ચલાવતા હતા. યુધિષ્ઠિરના જન્મના સમાચાર આવ્યા પછી ગાંધારીએ દુર્યોધન સહિત સો પુત્રો અને દુઃશલા નામની પુત્રીને જન્મ આપ્યો હતો. એ દુઃશલાના લગ્ન સિંધુનરેશ જયદ્રથ સાથે કરવામાં આવ્યા.

ઋષિઓનાં સૂચનથી સદ્યવિધવા કુંતી પાંચે ય પાંડવોને લઈ હસ્તિનાપુર આવ્યાં. ભીષ્મ પિતામહ અને ધૃતરાષ્ટ્રે તેમનું સ્વાગત કર્યું અને તેમની નિશ્રામાં કૌરવો અને પાંડવોનો ઉછેર થવા લાગ્યો. કૃપાચાર્ય પાસે આ બધાં જ ભાઈઓનું શિક્ષણ શરૂ થયું અને પછી દ્રોણાચાર્ય પાસે તેમણે શસ્ત્ર અને શાસ્ત્રોનું જ્ઞાન મેળવ્યું.

હસ્તિનાપુરમાં રહેલા પાંડવો લોકપ્રિય થવા લાગ્યા. યુધિષ્ઠિર ધીરગંભીર હતા, તો અર્જુન ધનુર્વિદ્યામાં પારંગત હતો અને ભીમ પોતાના બળથી લોકોમાં પ્રિય બની રહ્યો હતો. દુર્યોધન વગેરે ભાઈઓ પાંડવોની ઈર્ષા કરવા લાગ્યા અને તેમાં પણ ભીમ સાથે હરીફાઈ અનુભવતા દુર્યોધને અને દુઃશાસને તેને મારી નાખવાનો પ્રયત્ન પણ કર્યો. અલબત્ત, તેના પરિણામે પાતાળ લોકમાં પહોંચેલો ભીમ વધુ તાકાતવાન થઈને બહાર આવ્યો.

કૌરવ-પાંડવ શસ્ત્રવિદ્યામાં પારંગત બન્યા ત્યારે ગુરુ દ્રોણે તેમની પરીક્ષા લેવાનું નક્કી કર્યું. આ પરીક્ષામાં અર્જુન શસ્ત્રવિદ્યામાં સહુથી વધુ કુશળ સાબિત થયો ત્યારે અચાનક કર્ણ પ્રગટ થયો. તેણે અર્જુનને પડકાર ફેંક્યો અને કર્ણને બેસાડી દેવા માટે તેનું 'સૂતપુત્ર' હોવાપણું યાદ કરાવી અપમાનિત કરવામાં આવ્યો. આ સમયે દુર્યોધને કર્ણને પોતાનો મિત્ર બનાની અંગદેશનો રાજા ઘોષિત કર્યો. આ કર્ણ હકીકતમાં કુંતીનો લગ્ન પૂર્વે મંત્રશક્તિના પરિણામે સૂર્યથી પ્રાપ્ત થયેલ પુત્ર હતો, જે કુંતી સિવાય કોઈ જાણતું ન હતું. કવચ-કુંડળ સાથે જન્મેલા આ બાળકને નદીમાં વહાવી દેવામાં આવ્યો હતો, જેનો ઉછેર હસ્તિનપુરમાં રહેતા સૂત અધિરથ અને તેમની પત્ની રાધાએ કર્યો હતો.

કૌરવ-પાંડવોની શસ્ત્રપરીક્ષા પછી ગુરુ દ્રોણે દ્રુપદે કરેલા પોતાના અપમાનનો બદલો લેવા માટે કૌરવ-પાંડવોને દ્રુપદનેજીતી લાવવા મોકલ્યા. અર્જુનને અપ્રતિમ પરાક્રમ દર્શાવી દ્રુપદને બંદિ બનાવ્યા ત્યારે દ્રોણે દ્રુપદનું અડધું રાજ્ય લઈ તેમને મુક્ત કર્યા, પરંતુ આ પરાજયથી ગુસ્સે થયેલા દ્રુપદે દ્રોણનો વધ કરવાની કામનાથી એક યજ્ઞ કર્યો. આ યજ્ઞમાંથી યાજ્ઞસેની દ્રૌપદી અને ધૃષ્ટદ્યુમ્ન નામનો પુત્ર ઉત્પન્ન થયાં.

હવે પાંડવોની લોકપ્રિયતા દુર્યોધન માટે અસહ્ય બની. તેમને કાયમ માટે દૂર કરવા દુશાસન, કર્ણ અને પોતાના મામા શકુનિને સાથે લઈ દુર્યોધને પાંડવોને વારણાવત મોકલવાની યોજના બનાવી અને પોતાના પિતાને પણ તે માટે રાજી કર્યા. દુર્યોધનના સચિવ પુરોચન દ્વારા ત્યાં લાક્ષાગૃહનું નિર્માણ કરવામાં આવ્યું, જેમાં કુંતી સહિત પાંડવોને મૃત્યુને ઘાટ ઉતારવાની તેમની યોજના હતી. અલબત્ત, વિદુરને આ ષડયંત્રની જાણ થઈ અને તેમણે યુધિષ્ઠિરને ચેતવ્યા. આથી, એક રાત્રે લાક્ષાગૃહમાં કોઈ અજાણી સ્ત્રી અને તેના પાંચ સંતાનોને છોડીને કુંતા સહિત આ પાંચે ભાઈઓ વિદુરની મદદથી સુરંગના માર્ગે એક ભયાનક વનમાં પહોંચ્યાં. કૌરવોને લાગ્યું કે પાંડવો લાક્ષાગૃહની આગમાં મૃત્યુ પામ્યા છે.

વનમાં પહોંચેલા પાંડવો અને તેમના માતા જ્યારે રાત્રે સૂતા હતા ત્યારે ચોકી કરી રહેલા ભીમને રાક્ષસી હિડિંબાએ જોયો અને તેના પ્રેમમાં પડી. ભીમને તેના ભાઈ હિડિંબ સાથે ભયાનક યુદ્ધ થયું. તેણે રાક્ષસનો વધ કરી પોતાની માતા અને ભાઈઓને બચાવ્યા અને હિડિમ્બા સાથે લગ્ન કર્યા. હિડિંબાથી ભીમને ઘટોત્કચ નામનો એક પુત્ર થયો. હિડિંબવનમાંથી પાંડવો એકચક્રા નામની નગરીમાં પહોંચ્યા અને ત્યાં બકાસુર નામના રાક્ષસનો વધ કરી ત્યાંના લોકોને ભયમુક્ત કર્યા.

ત્યાર બાદ દ્રૌપદીસ્વયંવર વિશે જાણ થતાં બ્રાહ્મણવેશે જ પાંચાલ પહોંચ્યા. દ્રોપદીસ્વયંવરમાં દુર્યોધન, કર્ણ, શ્રીકૃષ્ણ સહિત અનેક ક્ષત્રિયો આવ્યા હતા. આ સ્વયંવરની શરત પાણીમાં જોઈ ઉપર ફરતી માછલીની આંખ વીંધવાની હતી. મોટા ભાગના પરાક્રમી ક્ષત્રિયો તે કરી શક્યા નહીં અને હતોત્સાહ બન્યા ત્યારે મત્સ્યવેધ કરવા માટે કર્ણ ઉભો થયો, પરંતુ દ્રૌપદી દ્વારા તેને સૂતપુત્ર ગણાવી અપમાનિત કરવામાં આવ્યો. ત્યારબાદ બ્રાહ્મણવેશે રહેલા અર્જુને મત્સ્યવેધ કર્યો. તેને બ્રાહ્મણ સમજી તેનો વિરોધ કરનાર અન્ય ક્ષત્રિયો સાથે યુદ્ધ કર્યું અને હરાવ્યા.

દ્રૌપદીને સાથે લઈ પાંચે ભાઈઓ પોતાના નિવાસસ્થાને પહોંચ્યા. માતાને આશ્ચર્યમાં મૂકવા બહારથી જ બૂમ પાડી કહ્યું કે, ‘જો મા! અમે આજે ભીક્ષામાં શું લાવ્યા છીએ!’ ત્યારે માતાએ જોયા વિના જ કહ્યું કે, ‘જે લાવ્યા હોય તે સરખા ભાગે વહેંચી લો. ’ અને આમ, માતાની આજ્ઞાને શીરોધાર્ય ગણી, મહર્ષિ વેદ વ્યાસ, કૃષ્ણ વગેરેની દરમિયાનગીરીથી દ્રૌપદીનાં લગ્ન પાંચે પાંડવો સાથે કરવામાં આવ્યા.

*પાંડવોના જીવિત હોવાની અને તેમનાં દ્રૌપદી સાથેનાં લગ્નની ધૃતરાષ્ટ્રને જાણ થતાં, તેમણે પાંડવોને દ્રૌપદી સહિત હસ્તિનાપુર બોલાવ્યા. દુર્યોધનથી વધુ સક્ષમ બનેલા પાંડવો હવે સહેજ પણ સહન થતા ન હતા. આખરે ધૃતરાષ્ટ્રે ભીષ્મ વગેરેની સલાહ લઈ પાંડવોને ખાંડવપ્રસ્થ મોકલી આપ્યા. તદ્દન જંગલ જેવા આ વિસ્તારમાં પાંડવોએ શ્રીકૃષ્ણની મદદથી ઈન્દ્રપ્રસ્થ નામનું નગર વસાવ્યું. એકવાર ઈન્દ્રપ્રસ્થ પધારેલા નારદ મુનિએ સુંદ-ઉપસુંદ અને તિલોત્તમાની કથા કહી પાંડવોએ દ્રોપદી સાથેના વ્યવહારમાં કોઈ નિશ્ચિત રેખા બાંધવી જોઈએ એવી સલાહ આપી. જ્યારે કોઈ એક ભાઈ દ્રૌપદી સાથે હોય ત્યારે બીજાએ કોઈપણ સંજોગોમાં ત્યાં ન જવું અને જો એ નિયમનો ભંગ થાય તો નિયમ ભંગ કરનારે બાર વર્ષ વનવાસ ભોગવવો એવું નક્કી કરવામાં આવ્યું. એકવાર ગાયોને બચાવવા માટે શસ્ત્રો લેવા, યુધિષ્ઠિર અને દ્રૌપદી જ્યાં બેઠા હતા એ શસ્ત્રાગારમાં અર્જુને પ્રવેશવું પડ્યું. અને આથી, અર્જુનને બાર વર્ષનો વનવાસ સ્વીકાર્યો. આ વનવાસ દરમિયાન તેણે નાગકન્યા ઉલૂપિ અને મણિપુરની રાજકુમારી ચિત્રાંગદા સાથે લગ્ન કર્યાં. ચિત્રાંગદાથી તેને બભ્રુવાહન નામનો પુત્ર પ્રાપ્ત થયો. વનવાસના અંતિમ સમયમાં અર્જુન દ્વારકા પહોંચ્યો. કૃષ્ણની સલાહથી તેણે સુભદ્રાનું હરણ કર્યું, દ્વારિકામાં તેમના લગ્ન થયાં અને તેને લઈ ઈન્દ્રપ્રસ્થ પહોંચ્યો.*

*અર્જુન પરત આવ્યા બાદ કૃશકાય બનેલા અગ્નિની વિનંતિથી, શ્રીકૃષ્ણની મદદથી ખાંડવવનનું દહન કર્યું અને અગ્નિને સંતૃપ્ત કર્યો. અગ્નિએ અર્જુનને ગાંડીવ ધનુષ્ય અને શ્રીકૃષ્ણને સુદર્શન ચક્ર મેળવી આપ્યાં. આ દહન દરમિયાન અર્જુને શરણે આવેલા મયદાનવને અભય આપ્યું.*

- **સભાપર્વઃ**

*સભાપર્વમાં બે સભાઓમાં બનતી ઘટનાઓ મુખ્ય છેઃ એક ઈન્દ્રપ્રસ્થની મયદાનવે તૈયાર કરેલી સભા અને અન્ય હસ્તિનાપુરની દ્યૂતસભા.*

*સભાપર્વના આરંભે મયદાનવે પોતાના જીવનદાનનો બદલો કોઈ કામ કરી આપીને ચૂકવવા પ્રાર્થના કરી ત્યારે અર્જુન પોતાના માટે કાંઈ ન લેવા પ્રતિબદ્ધ હતો, પરંતુ મયદાનવનાઅ અતિ આગ્રહનેવશ થઈ તેણે શ્રીકૃષ્ણનું કોઈ કાર્ય કરી આપવા સૂચન કર્યું અને શ્રીકૃષ્ણે તેને પાંડવો માટે એક અદ્ભુત સભાગૃહ તૈયાર કરી આપવાનું સૂચન કર્યું. મયદાનવે ‘‘જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ’ની ભ્રાન્તિ ઉત્પન્ન થાય તેવું આશ્ચર્યકારક અને અલૌકિક સભાગૃહ તૈયાર કરી આપ્યું.*

*પ્રજાકલ્યાણનાં કાર્યો કરી રહેલા રાજા યુધિષ્ઠિરને મહર્ષિ નારદની સૂચનાથી રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા થઈ અને તેમણે શ્રીકૃષ્ણને ઈન્દ્રપ્રસ્થ પધારી આ વિષયમાં સલાહ આપવા આમંત્રણ આપ્યું. શ્રીકૃષ્ણે કહ્યું કે જ્યાં સુધી જરાસંધ જીવિત હોય ત્યાં સુધી આ યજ્ઞ કરી શકાય નહીં અને શ્રીકૃષ્ણની મદદ -થી ભીમે જરાસંધનો દ્વંદ્વયુદ્ધમાં વધ*

કર્યો અને તેના પુત્ર સહદેવને રાજ્ય સોંપ્યું. જરાસંઘે બંદી બનાવેલ છયાંસી રાજાઓને મુક્ત કર્યા, જે પાંડવોના મિત્ર બન્યા. યુધિષ્ઠિર સિવાયના અન્ય ચાર પાંડવોએ ચહુ દિશામાં દિગ્વિજય કરી પુષ્કળ ધન પ્રાપ્ત કર્યું અને રાજસૂય યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો. રાજસૂય યજ્ઞમાં વિવિધ દેશોમાંથી પુષ્કળ ભેટ-સામગ્રીઓ લઈ અનેક રાજાઓ આવી પહોંચ્યા, જેનું વર્ણન ત્રણ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. આ યજ્ઞમાં દુર્યોધન વગેરે ભાઈઓ પણ હાજર રહ્યા.

યજ્ઞના અંતે ભીષ્મે યુધિષ્ઠિરને યજ્ઞમાં પધારેલા અતિથિઓનો યથોચિત સત્કાર કરવા સૂચવ્યું અને તેમની જ સલાહથી સહદેવે તેજ, બલ અને પરાક્રમમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણને પ્રથમ અર્ઘ્ય અર્પણ કર્યો. ચેદીનરેશ શિશુપાલ એ સહન કરી શક્યો નહીં અને તેણે કૃષ્ણની નિંદા કરવાનું શરૂ કર્યું. કૃષ્ણે શિશુપાલની માતાને આપેલા વચન અનુસાર શિશુપાલના સો દોષ માફ કર્યા, પરંતુ ત્યારબાદ સુદર્શનચક્રથી શિશુપાલનો માથું વાઢી લીધું. મહાન વ્યક્તિઓને અર્ઘ્ય આપ્યા પછી અર્ઘ્ય આપીને યજ્ઞસત્રનું સમાપન કરવામાં આવ્યું. મહેમાનો પોતપોતાના સ્થાને પરત ફર્યા.

યુધિષ્ઠિરે કૌરવોને ઈન્દ્રપ્રસ્થમાં રોકી, પોતાની સભા વગેરે દર્શાવ્યાં, જેમાં તેની વિશિષ્ટ રચનાને કારણે દુર્યોધન પડી ગયો અને ભીમ વગેરેએ તેનો ઉપહાસ કર્યો. આથી, દુર્યોધનને ગુસ્સો આવ્યો. ઉપરાંત, પાંડવોની સમૃદ્ધિ અને ક્ષમતા જોઈ તેને અતિશય ઈર્ષા થઈ. આથી, પાંડવોને સમૃદ્ધિહીન કરવા માટે તેણે કર્ણ, શકુનિ અને દુઃશાસન સાથે મંત્રણા કરી દ્યૂતનું આયોજન કરવા વિચાર્યું. કોઈ પણ પ્રકારે ધૃતરાષ્ટ્રને મનાવી હસ્તિનાપુરમાં તેણે દ્યૂતસભા તૈયાર કરાવી અને યુધિષ્ઠિરને પોતાની સાથે જુગાર રમવા માટે આમંત્રણ મોકલ્યું. વિદુર આ આમંત્રણ લઈ ઈન્દ્રપ્રસ્થ ગયા. આ આમંત્રણનો સ્વીકાર કરવા માટે તૈયાર થયેલા યુધિષ્ઠિરને જોઈ વિદુરે તેમને દ્યૂત ન રમવા માટે ઘણું સમજાવ્યા, પરંતુ યુધિષ્ઠિર, ક્ષત્રિય માટે આ આમંત્રણનો અસ્વીકાર કરવો અયોગ્ય છે, કહી હસ્તિનાપુર જવા તૈયાર થયા.

કુરુકુળના વડીલોની હાજરીમાં દ્યૂતસભામાં દ્યૂત રમવાનું શરૂ થયું. દુર્યોધન તરફથી શકુનિ સાથે દ્યૂત રમતાં-રમતાં યુધિષ્ઠિર પોતાનું રાજ્ય, સમૃદ્ધિ, પોતાના ભાઈઓ, પોતાની જાત અને આખરે પત્ની દ્રૌપદીને પણ હારી બેઠા. વિજયથી મત્ત બનેલા દુર્યોધને પહેલાં પોતાના સેવક પ્રતિકામીને મોકલી દ્રૌપદીને દ્યૂતસભામાં બોલાવી મંગાવી, પરંતુ દ્રૌપદીએ તેના દ્વારા પ્રશ્ન પૂછાવ્યો કે યુધિષ્ઠિર પહેલાં પોતાને હાર્યા કે મને?

ફરી પોતાને દ્યૂતસભામાં લઈ જવા આવેલા પ્રતિકામીને દ્રૌપદીએ પોતે રજસ્વલા અને એકવસ્ત્રા છે એ જણાવવા કહ્યું, પરંતુ વિજયના મોહમાં ભાન ભૂલેલા દુર્યોધને પોતાના નાનાભાઈ દુઃશાસનને મોકલી દ્રૌપદીને સભામાં બોલાવી મંગાવી. દુઃશાસન તેને બળપ્રયોગ કરીને સભામાં ખેંચી લાવ્યો અને દાસીને નિર્વસ્ત્ર કરી શકાય તેવા દુર્યોધનના વચનોને ધ્યાનમાં રાખીને તેના વસ્ત્રો ખેંચવાનું શરૂ કર્યું. કુરુકુળના તમામ વડીલો એ

*સભામાં હાજર હતા છતાં કોઈએ દ્રૌપદીના પ્રશ્ન, 'યુધિષ્ઠિર પહેલાં પોતાને હાર્યા કે મને? અને હું જીતાયેલી ગણાઉં કે નહીં?'નો જવાબ આપ્યો નહીં. માત્ર દુર્યોધનના નાનાભાઈ વિકર્ણે જવાબ આપવાની કોશિશ કરી, પરંતુ તેને દુર્યોધને ચૂપ કરી, બેસાડી દીધો. અત્યંત રોષે ભરાયેલા, પરંતુ કશું જ કરવા અશક્ત એવા ભીમે પ્રતિજ્ઞા કરી કે, 'હું દુઃશાસનની છાતી ફાડી તેના રુધિરનું પાન કરીશ'.*

*દુર્યોધને મદાંધ બની તમામ સભ્યતાનો ત્યાગ કર્યો અને દ્રૌપદીની સામે પોતાનો સાથળ ખુલ્લો કરી ઠપકાર્યો. આ જોઇને ભીમે બીજી પ્રતિજ્ઞા કરી કે,*

**पितृभि: सह सालोक्यं मा स्म गच्छेद् वृकोदर:।**
**यद्येतमूरुं गदया न भिन्द्यां ते माहाहवे॥** *(૭૧-૧)*

*'હે દુર્યોધન! યુદ્ધમાં તારો આ સાથળ ભાંગી ન નાખું તો મને પૂર્વજોની સાથે પુણ્યલોકની પ્રાપ્તિ ન થજો!'. ભયાનક અપશુકન થવા લાગ્યા અને ગાંધારી સભામાં ઉપસ્થિત થયાં. વિદુરે ધૃતરાષ્ટ્રને ઠપકો આપ્યો અને ધૃતરાષ્ટ્રે દ્રૌપદીને વરદાન માગવા કહ્યું. દ્રૌપદીએ સૌપ્રથમ પોતાના પતિ યુધિષ્ઠિરની દાસત્વમુક્તિ માગી. ધૃતરાષ્ટ્ર બીજું વચન માગવા કહ્યું, ત્યારે દ્રૌપદીએ પોતાના અન્ય ચાર પતિઓની મુક્તિ માગી. ધૃતરાષ્ટ્રે તેનો સ્વીકાર કર્યો અને તેની સાથે યુધિષ્ઠિરને તેમનું રાજ્ય પાછું આપ્યું. પાંડવો પોતાના રાજ્ય તરફ પાછા ફર્યા. દુર્યોધનના હાથમાં આવેલ સરી ગયું એ સહન કરી શક્યો નહીં. કર્ણ, શકુનિ અને દુશાસન સાથે તે ફરી ધૃતરાષ્ટ્ર પાસે ગયો. ફરી એકવાર દ્યૂત રમવા માટે પાંડવોને પાછા બોલાવવા માટે તેણે ધૃતરાષ્ટ્રને મનાવી લીધા. પાંડવો પાછા ફર્યા. બાર વર્ષનો વનવાસ અને એક વર્ષનો ગુપ્તવાસ એ શરતથી એકમાત્ર બાજી શરૂ થઈ અને તરત પૂરી થઈ. પાંડવો હારી ગયા. કુંતીએ હસ્તિનાપુરમાં વિદુરના ઘેર નિવાસ કર્યો અને પાંડવો દ્રોપદી સાથે વનમાં ગયા.*

- **વનપર્વ:**

*પાંડવોનો જન્મ વનમાં થયો. વળી, લાક્ષાગૃહમાંથી બચીને દ્રૌપદી સાથેના લગ્ન સુધી તેમણે વનમાં જ નિવાસ કર્યો અને હવે દ્રૌપદી સાથે ફરી એકવાર બાર વર્ષનો વનવાસ ગાળવા તેઓ હસ્તિનાપુરથી નીકળી ગયા. વનપર્વમાં અનેક તીર્થોનું વર્ણન, આખ્યાનો, કથાઓ અને ધર્મચર્ચાઓ આપણને જોવા મળે છે. ધૌમ્ય ઋષિ, વ્યાસ, દુર્વાસા, કૃષ્ણ વગેરે વનમાં પાંડવોને મળે છે. ક્યારેક સાથે રહે છે. આ સમયગાળામાં અર્જુન સ્વર્ગમાં જઈ અને શસ્ત્રાસ્ત્રો લઈ આવ્યો. કામમોહિત ઉર્વશીએ અર્જુન સાથે રમણ કરવાની ઈચ્છા કરી અને અર્જુને તેને માતૃવત્ ગણી અસ્વીકાર કર્યો ત્યારે ઉર્વશીએ શાપ આપ્યો કે, 'अपुमानित विख्यात: षण्ढवद् विचरिष्यति।' (૪૬-૫૦) નર્તક બની, અપમાનિત થઈ સ્ત્રીઓની વચ્ચે નપુંસકની માફક રહીશ. અને ઈન્દ્ર અર્જુનના સંયમથી ખુશ થયા અને આ શાપ અભીષ્ટ કાર્યનો સાધક બનશે તેમ સાન્ત્વના આપી.*

*વનવાસ દરમિયાન એકવાર જયદ્રથે દ્રૌપદીને બળપૂર્વક પોતાના રથમાં હરિ જવાની કોશિશ કરી અને ભીમે દ્રૌપદીને છોડાવી. જયદ્રથ બનેવી થતો હોવાથી તેને જીવિત છોડ્યો. ઈન્દ્રે કર્ણ પાસે જઈ તેના કવચ-કુંડળ મેળવ્યાં અને તેને વિમલા નામની અમોઘ શક્તિ આપી. વનમાં પાણી શોધવા ગયેલા અને પાછા ન ફરેલા પોતાના ભાઈઓને શોધવા યુધિષ્ઠિર નીકળ્યા અને તેમનો યક્ષ સાથે મેળાપ થયો. તેની સાથે ધર્મ ચર્ચાના અંતે યુધિષ્ઠિરે પોતાના ભાઈઓને પાછા મેળવ્યા. વનપર્વનું અન્ય નામ આરણ્યક પર્વ છે.*

- **વિરાટપર્વઃ**

*દ્યૂતની શરત અનુસાર વનવાસના ૧૨ વર્ષ પૂર્ણ થયા પછી પાંડવોએ તેરમું વર્ષ અજ્ઞાતવાસ તરીકે વિતાવવાનું હતું. પાંડવોએ વિરાટનગરમાં અજ્ઞાતવાસ કરવાનું વિચાર્યું. વિરાટનગરની બહાર આવેલા શમીવૃક્ષમાં આયુધો સંતાડીને મૂકી દેવામાં આવ્યા. યુધિષ્ઠિર કંક નામ ધારણ કરીને વિરાટ રાજાના દરબારમાં, અર્જુન બૃહન્નલા બનીને ઉત્તરાને નૃત્ય શીખવવા, ભીમ બલ્લવ નામે રસોઈયા તરીકે, નકુલ ગ્રંથિક નામ ધારણ કરીને અશ્વાધ્યક્ષ અને સહદેવ ગોરક્ષક તંતીપાલ બનીને રહ્યા. દ્રૌપદી સૈરન્ધ્રી બની અને મહારાણી સુદેષ્ણા પાસે રહી.*

*મહારાણીના ભાઈ કીચકની નજર દ્રૌપદી પર પડી અને તે કામાંધ બની દ્રૌપદીને પરેશાન કરવા લાગ્યો. સુદાષ્ણાને ફરિયાદ કરવા છતાં કોઈ પરિણામ ન આવ્યું. આથી, દ્રૌપદીએ ભીમને વાત કરી. ભીમે દ્રૌપદી પાસે રાત્રે નૃત્યશાળામાં કીચકને એકલા આવવાનું આમંત્રણ અપાવીને, કીચકને બોલાવ્યો અને તેની હત્યા કરી. કિચકના ભાઈઓ કીચકની સાથે દ્રૌપદીને પણ ચિતા પર ચડાવવા ઈચ્છતા હતા, ભીમે છુપાઈને તેમનો પણ વધ કર્યો.*

*આ દરમિયાન દુર્યોધન વગેરેએ પાંડવોને શોધવા માટે એક યોજના બનાવી અને ત્રિગર્તના રાજા સુશર્મા દ્વારા વિરાટરાજાની ગાયોનું અપહરણ કરાવ્યું. વિરાટરાજા સાથે ભીમ, સહદેવ તથા નકુળ સુશર્મા સામે યુદ્ધ કરવા માટે ગયા. આ સમયે દુર્યોધન અને તેના સૈન્યે બીજી દિશાએથી એ વિરાટરાજાની અન્ય દિશામાં રહેલી ગાયોનું અપહરણ કર્યું. પિતાની ગેરહાજરીમાં કુમાર ઉત્તર યુદ્ધ કરવા માટે તૈયાર થયો ત્યારે સૈરન્ધ્રીના કહેવાથી બૃહન્નલા અર્જુનને તેણે પોતાનો સારથિ બનાવ્યો. નગર બહાર નીકળી અર્જુને શમીવૃક્ષ પર સંતાડેલા પોતાનાં આયુધો ઉતાર્યાં, કુમારને પોતાનો સાચો પરિચય આપ્યો અને કૌરવસેના સાથે યુદ્ધ કર્યું. કૌરવસેનાને મોહમાં નાખી, ગાયો લઈ વિરાટનગરમાં પાછા ફર્યા. ઉત્તરકુમારે પોતાના પિતા અને અન્યોને અર્જુનનો ત્રણ દિવસ પછી પરિચય કરાવ્યો કે, આણે જ યુદ્ધમાં કૌરવોને જીત્યા છે અને એએ છે.* अनेन विजिता गावो जिताश्च कुरवो युधि। *(૭૧-૨૧)* *અને વિરાટ રાજાએ અર્જુનને પોતાની પુત્રી*

ઉત્તરાનો પત્ની તરીકે સ્વીકાર કરવા વિનંતિ કરી ત્યારે પોતે ઉત્તરાનો નૃત્યગુરુ હોવાથી, તેને દિકરી સમાન ગણાવી પોતાના પુત્ર અભિમન્યુ માટે સ્વીકાર કર્યો.

દુર્યોધન વગેરેને પાંડવોની ભાળ તો મળી, પણ ત્યારે જ ખબર પડી કે પાંડવોનો અજ્ઞાતવાસ-અવધિ પૂર્ણ થયા પછી તેમને ઓળખી શકાયા છે. આમ, ગુપ્તવાસનો અવધિ પૂર્ણ થયો અને પાંડવો વિરાટનગરથી નીકળી ઉપપ્લવ્ય નગરમાં આવ્યા. અહીં ઉત્તરા અને અભિમન્યુનાં લગ્ન થયાં.

વિરાટ પર્વ પાંડવોના અજ્ઞાતવાસથી શરૂ થાય છે અને ઉત્તરા-અભિમન્યુનાં લગ્ન સાથે પૂર્ણ થાય છે.

- **ઉદ્યોગપર્વઃ**

પાંડવો રાજ્ય પાછું મેળવવા માટે હવે શું કરવું જોઈએ એ વિશે વિરાટ રાજા અને શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં વિચારણા કરવામાં આવી અને મહારાજ દ્રુપદના પુરોહિતને કૌરવસભામાં દૂત તરીકે મોકલવાનું નક્કી થયું. પાંડવોનો સંદેશ લઈ આ દૂત કૌરવોની સભામાં આવ્યો, પરંતુ વિષ્ટિ કરાવવામાં તેને સફળતા મળી નહીં. આથી, યુદ્ધ નિશ્ચિત જણાવા લાગ્યું. પાંડવો અને કૌરવો પોતાના પરિચિત રાજાઓના સૈન્ય એકઠા કરવા લાગ્યા અને આમ યુદ્ધની પૂર્વ તૈયારીઓ શરૂ થઈ. દુર્યોધન અને અર્જુન શ્રીકૃષ્ણ પાસે ગયા. શ્રીકૃષ્ણે પોતે શસ્ત્ર ધારણ નહીં કરે તે શરત જણાવી, પોતાની અને પોતાની ચતુર્રંગીણી સેના વચ્ચે પસંદગી કરવા અર્જુનને પ્રથમ તક આપી. દુર્યોધને શ્રીકૃષ્ણની નારાયણી સેના અને અર્જુને શ્રીકૃષ્ણને યુદ્ધમાં પોતાના પક્ષે પસંદ કર્યા. ધૃતરાષ્ટ્રે યુદ્ધ અટકાવવા યુધિષ્ઠિર પાસે સંજયને મોકલ્યા અને શ્રીકૃષ્ણે સંજયને ધૃતરાષ્ટ્રને જ સમજાવવાનું જણાવ્યું જ્યારે યુધિષ્ઠિરે શાંતિપૂર્ણ વ્યવસ્થા માટે 'જો દુર્યોધન પોતાને પાંચ ગામ પણ આપશે તો તે સ્વીકારી લેશે અને યુદ્ધ નહીં કરે તેમ જણાવ્યું'. 'भ्रातृणां देहि पञ्चानां पञ्च ग्रामान् सुयोधन। शांतिर्नोऽस्तु महाप्राज्ञ ज्ञातिभिः सह संजय॥ (૩૧-૨૦) દુર્યોધને તેનો પણ અસ્વીકાર કર્યો. ધૃતરાષ્ટ્ર યુદ્ધ અટકાવવા પોતાના પુત્રને સમજાવી શક્યા નહીં. ત્યારબાદ આખરી પ્રયત્ન તરીકે શ્રીકૃષ્ણ પોતે હસ્તિનાપુરની સભામાં ઉપસ્થિત થયા. દુર્યોધનને લાગ્યું કે કૃષ્ણની વાતથી પોતાની સાથે જોડાવા આવેલા રાજાઓ મંત્રમુગ્ધ થઈ રહ્યા છે ત્યારે તેણે કૃષ્ણને બંદી બનાવવાનો પ્રયાસ કર્યો. કૃષ્ણે પોતાનું વિરાટ સ્વરૂપ દર્શાવ્યુ અને તેની સભા છોડી ચાલી નીકળ્યા.

હસ્તિનાપુરમાં વિદુરજીને ત્યાં રહેલા કુંતા, કૃષ્ણના કહેવાથી કર્ણને મળ્યા અને તેના જન્મની કથા કહી, કર્ણ પાંડવોનો મોટોભાઈ છે તેમ જણાવી પાંડવોના પક્ષે આવી જવા સમજાવ્યું, પરંતુ કર્ણે મિત્રદ્રોહ અસ્વીકાર કર્યો. ઉપરાંત, પોતે અર્જુન સિવાય અન્ય કોઈ પાંડવનો વધ નહીં કરે તેવું વચન માતા કુંતાને આપ્યું. ત્યારબાદશ્રીકૃષ્ણે પણ કર્ણને

પાંડવોના પક્ષે આવી જવા સમજાવ્યો. અલબત્ત, કર્ણે તેમની વાતનો પણ અસ્વીકાર જ કર્યો.

હવે યુદ્ધ સર્વથા નિશ્ચિત થઈ ચૂક્યું અને પાંડવોએ ધૃષ્ટદ્યુમ્નને પોતાની સેનાનો પ્રમુખ સેનાપતિ બનાવ્યો. કૌરવોએ પિતામહ ભીષ્મને મુખ્ય સેનાપતિ તરીકે નીમ્યા અને આમ ઉદ્યોગપર્વમાં યુદ્ધની તૈયારીઓ અને વિષ્ટિના તમામ પ્રયત્નોની વિગતો પ્રાપ્ત થાય છે.

- **ભીષ્મપર્વ:**

મહાભારતની કથામાં યુદ્ધનો આરંભ ભીષ્મપર્વથી થાય છે. મહાભારતયુદ્ધ ૧૮ દિવસ ચાલ્યું, પરંતુ ભીષ્મપર્વ આ યુદ્ધમાં સૌથી મહત્ત્વનું છે. પિતામહ ભીષ્મ હસ્તિનાપુરની રાજગાદીને સ્થિર રાખવા માટે પ્રતિબદ્ધ હતાઅ, સત્ય કોઈપણ પક્ષે હોય તેઓ હસ્તિનાપુરની રાજગાદીને જ સમર્પિત હશે તે વસ્તુ નિશ્ચિત હતી. દ્યૂતસભામાં એકવસ્ત્રા, રજસ્વલા દ્રૌપદીને ખેંચી લેવાઈ ત્યારે પણ ધર્મજ્ઞ હોવા છતાં પિતામહ તેના પ્રશ્નનો જવાબ આપતા નથી. તે જ પ્રકારે આ યુદ્ધની યોગ્યાયોગ્યતા સમજી શકતા હોવા છતાં પણ તેઓ ધૃતરાષ્ટ્ર કે દુર્યોધનને અટકાવી શકતા નથી અને તેમના શિરે કૌરવસેનાના સેનાપતિનો તાજ મૂકવામાં આવે છે તો તે કાર્ય પણ તેઓ પૂરી નિષ્ઠાથી યુદ્ધ કરે છે.

ધૃતરાષ્ટ્ર દ્વારા અનેક અન્યાયો સહન કરેલા પાંડવો, સંવાદની તમામ શક્યતાઓનો નાશ થયા પછી યુદ્ધ માટે તૈયાર થઈ યુદ્ધભૂમિ પર આવી ગયા. અર્જુનના સારથિ તરીકે ભગવાન શ્રીકૃષ્ણે સ્થાન સંભાળ્યું. કુરુક્ષેત્રની યુદ્ધભૂમિમાં બંને સૈન્ય સામસામે થયા ત્યારે અર્જુને પોતાનો શંખ ફૂંક્યો અને શ્રીકૃષ્ણને પોતાનો રથ બન્ને સેનાઓની વચ્ચે લઈ જવા કહ્યું. કૌરવોના પક્ષે પિતામહ, ભાઈઓ, સગાંસંબંધીઓ, મિત્રો, પુત્રો અને પૌત્રોને જોઈને અર્જુન હતોત્સાહ થયો અને તેના હાથમાંથી ગાંડીવ સરી જવા લાગ્યું. તે કહે છે કે આ બધાને હણીને જો સ્વર્ગનું રાજ્ય પણ મળતું હોય તો મારે જોઈતું નથી. તે કહે છે કે, હું યુદ્ધ કરીશ નહીં અને ત્યાં અદ્ભુત ગીતા ઉપદેશ આપણને પ્રાપ્ત થાય છે. વિશ્વસાહિત્યમાં યુદ્ધભૂમિ પર તત્ત્વચિંતનની, જ્ઞાન, કર્મ અને ભક્તિની આવી ઉત્કૃષ્ટ વાતો અન્યત્ર પ્રાપ્ત થતી નથી. શ્રીકૃષ્ણના ઉપદેશથી અર્જુન યુદ્ધ કરવા કટિબદ્ધ બન્યો. પિતામહ ભીષ્મનાં ચરણોમાં બે બાણ છોડી પ્રણામ કર્યા અને યુદ્ધનો આરંભ થયો. ભીષ્મ દસ દિવસ સુધી અડગ રહીને લડ્યા ત્યારે પાંડવોને અનુભવાયું કે ભીષ્મને હરાવવા મુશ્કેલ છે ત્યારે ભીષ્મ પાસે જ તેમના વધ કે મૃત્યુ માટેનો ઉકેલ શોધવા જવું પડ્યું અને ૧૧મા દિવસે ભીષ્મની સૂચના અનુસાર શિખંડીને આગળ રાખીને અર્જુને ભીષ્મ પર બાણોની વર્ષા કરી. સમગ્ર શરીર બાણોથી વિંધાઈ ગયું ત્યારે રથમાંથી ઉથલી પડેલ ભીષ્મ બાણોની શૈયા પર પોઢ્યા હોય તેવું દ્રશ્ય સર્જાયું. એ શૈયા ઉપર જ, રણભૂમિમાં સૂર્યના ઉત્તરાયણની પ્રતીક્ષા કરી તેમણે બાકીના દિવસો પસાર કર્યા.

- **દ્રોણપર્વઃ**

*ભીષ્મ પડતાં યુદ્ધના ૧૧મા દિવસે દ્રોણાચાર્યનો કૌરવસેનાના સેનાપતિ તરીકે અભિષેક કરવામાં આવ્યો. દ્રોણે દુર્યોધનની વિનંતિથી ભીષણ યુદ્ધ કર્યું. દુર્યોધનની સલાહથી અર્જુનને સંશપ્તકો સામે યુદ્ધ કરવા મોકલ્યો અને ચક્રવ્યૂહમાં સૈન્યને ગોઠવ્યું. આ યુદ્ધમાં પરાક્રમી બાળક અશ્વત્થામાને જયદ્રથ સહિતના છ મહારથીઓએ ઘેરી, તેનો વધ કર્યો. પુત્રના મૃત્યુથી પાંડવોની છાવણીમાં શોક છવાઈ ગયો. અર્જુને બીજા દિવસના સૂર્યાસ્ત પહેલાં જયદ્રથનો વધ કરવાની પ્રતિજ્ઞા લીધી અને કૃષ્ણની સહાયથી પૂર્ણ કરી.*

*તે પછીના દિવસે એટલે કે યુદ્ધના તેરમા દિવસે દ્રોણે પાંડવોના સૈન્ય પર હાહાકાર વર્તાવ્યો અને રાત્રે પણ આ યુદ્ધ બંધ ન થયું. રાત્રી યુદ્ધમાં ઘટોત્કચે કૌરવ સેનામાં એટલો ત્રાસ વર્તાવ્યો કે કર્ણે ઇન્દ્રે આપેલી અમોઘ શક્તિનો ઉપયોગ અર્જુનના સ્થાને ઘટોત્કચનો વધ કરવામાં કરવો પડ્યો.*

*પછીના દિવસે કોઈપણ સંજોગોમાં દ્રોણને યુદ્ધમાંથી દૂર કરવા માટે શ્રીકૃષ્ણે એક યોજના બનાવી, જે અંતર્ગત ભીમે અશ્વત્થામા નામના એક હાથીને હણીને યુદ્ધભૂમિમાં અશ્વત્થામા હણાયો એમ જાહેર કર્યું. દ્રોણે પોતાના પુત્ર અશ્વત્થામા વિશે જ આ વાત છે કે નહીં તે જાણવા માટે યુધિષ્ઠિરને પૂછ્યું અને વિજયની આસક્તિવાળા ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું કે,* अश्वत्थामा हत इति शब्दमुच्चैश्चचार ह। अव्यक्तमब्रवीद् राजन् हतः कुंजर इत्युत॥ *(૧૯૦-૫૫) અશ્વત્થામા હણાયો, પછી ધીરેથી બોલ્યા કે, હાથી. યુધિષ્ઠિરની મોટેથી બોલાયેલી વાણી સાંભળીને શોકગ્રસ્ત દ્રોણે પોતાના હથિયાર હેઠા મૂકી દીધા. ધૃષ્ટદ્યુમ્ને શિખા પકડી દ્રોણનો શિરચ્છેદ કર્યો*

- **કર્ણપર્વઃ**

*દ્રોણનો વધ થતાં કર્ણનો કૌરવસેનાના સેનાપતિ તરીકે અભિષેક કરવામાં આવ્યો તેણે મહારાજ શલ્યને પોતાના સારથિ બનવા રાજી કર્યા અને શલ્યે તેનો સ્વીકાર કર્યો. યુદ્ધ દરમ્યાન શલ્યે વારંવાર કર્ણનો તેજોવધ કર્યો.*

*દરમિયાન ભીમે દુઃશાસનને પરાજિત કર્યો અને તેની છાતી ફાડી રક્તપાન કર્યું અને પોતાની ધૂતસભામાં લીધેલીએક પ્રતિજ્ઞા પૂર્ણ કરી. આખરે યુદ્ધમાં લડી રહેલા, થાકેલા મહાપરાક્રમી કર્ણનો રથ ધરતીમાં ખૂંપી ગયો. રથ ઉપરથી નીચે ઉતરી પૈડું બહાર કાઢવાની કોશિશ કરી રહેલા કર્ણનો કૃષ્ણના કહેવાથી અર્જુને વધ કર્યો.*

- **શલ્યપર્વઃ**

*કૌરવ સેનાના મહારથીઓ એક પછી એક નાશ પામતાં મદ્ર નરેશ શલ્યને સેનાપતિ તરીકે દુર્યોધને નિયુક્ત કર્યા. મહાભારતમાં દુર્યોધનના આશાવાદની ઊંચાઈ*

દર્શાવવા માટે વપરાયેલું એક વાક્ય આજે જાણે એક કહેવત બની ગયું છે. સંજય યુદ્ધભૂમિનો અહેવાલ આપતાં ધૃતરાષ્ટ્રને કહે છે કે 'आशा बलवती राजन्. . . ' (૮-૧૭) તમારા પુત્રોને ભીષ્મ, દ્રોણ અને કર્ણ જેવા ધુરંધરોના મૃત્યુ પછી ય હજુ આશા છે કે શલ્ય પાંડવોને જીતી લેશે.

યુધિષ્ઠિરે માત્ર અડધા જ દિવસના યુદ્ધમાં શલ્યનો વધ કર્યો

દુર્યોધન ભાગીને એક જળાશયમાં સંતાઈ ગયો ત્યારે યુધિષ્ઠિર અને અન્ય લોકો એ જળાશયની પાસે પહોંચ્યા અને અભિમાની દુર્યોધન ઘવાય તેવા અનેક કટાક્ષો વાક્યો કહ્યાં. આખરે દુર્યોધન બહાર આવ્યો અને ભીમ સાથે ગદા યુદ્ધ કરવા તૈયાર થયો. ગદાયુદ્ધ દરમિયાન કૃષ્ણના ઈશારાથી, ગદાયુદ્ધનાં નિયમોથી વિરુદ્ધ ભીમે દુર્યોધનની જંઘા પર ગદા મારી અને તેનો સાથળ ભાંગી નાખ્યો. ભીમે દુર્યોધનનો સાથળ ભાંગવાનું જે પ્રણ લીધું હતું તે અહીં પૂર્ણ થાય છે.

આટલું ભીષણ યુદ્ધ થયા પછી પોતાના પ્રિય પુત્રો મિત્રો વડીલોને ગુમાવ્યા પછી પણ દુર્યોધનના મનમાં વેર શમ્યું નથી. તે અશ્વત્થામાનો કૌરવસેનાના સેનાનાયક તરીકે અભિષેક કરી પાંડવો પર વેર લેવા અનુરોધ કર્યો.

- **સૌપ્તિક પર્વઃ**

પોતાના પિતાના મૃત્યુનો બદલો લેવા માટે અશ્વત્થામાં અતિવ્યાકુળ તો હતો જ, ત્યારે દુર્યોધનની આવી કરુણ પરિસ્થિતિ જોઈ. પોતાનો સેનાપતિ તરીકે અભિષેક થતાં તે પાંડવો પર વેર લેવા માટે અધીરો બન્યો. કૃપાચાર્ય, કૃતવર્મા જેવા કૌરવસેનામાં બાકી બચેલા વડીલોની સલાહને અવગણીને તે રાત્રે જ હથિયાર સહિત પાંડવોની શિબિરમાં ઘૂસી ગયો, જ્યાં તેણે સૌપ્રથમ ધૃષ્ટદ્યુમ્ન, ઉત્તમૌજા અને દ્રૌપદીના પાંચ પુત્રોની નિર્દયતાપૂર્વક હત્યા કરી.

આ સમાચાર જાણી પાંડવો એ અશ્વત્થામાનો પીછો કર્યો. તેની જાણ થતાં પૃથ્વી પાંડવવિહોણી થાવ એમ સંકલ્પ કરી અશ્વત્થામાએ પાંડવો પર બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો, ત્યારે શ્રીકૃષ્ણે અર્જુનને તે અસ્ત્રની અસરથી બચવા સામે બ્રહ્માસ્ત્ર છોડવા સૂચના આપી.

બન્ને અસ્ત્રોની અસરથી સમગ્ર પૃથ્વી કંપી ઊઠી ત્યારે મહર્ષિ નારદ અને મહર્ષિ વેદવ્યાસ ત્યાં હાજર થયા અને બંનેને પોતપોતાના બ્રહ્માસ્ત્ર પરત ખેંચવા સમજાવ્યા. અર્જુને પોતાનું અસ્ત્ર પાછું ખેંચી લીધું પરંતુ અશ્વત્થામા જાણતો ન હતો કે અસ્ત્ર પરત કેવી રીતે લઈ શકાય. આથી, તેણે તે અસ્ત્રનો ઉત્તરાના ગર્ભ પર પ્રયોગ કર્યો. શ્રીકૃષ્ણે એ ગર્ભનું રક્ષણ કર્યું. દ્રૌપદીએ અર્જુનને અશ્વત્થામા ગુરુપુત્ર હોવાથી તેનો વધ કરતાં અટકાવી, તેને મુક્ત કરવા જણાવ્યું.

- **સ્ત્રીપર્વઃ**

*સંજયે જ્યારે ધૃતરાષ્ટ્રને આ સર્વનાશના સમાચાર આપ્યા ત્યારે ધૃતરાષ્ટ્ર ભાંગી પડ્યા, પરંતુ આ સમગ્ર વિનાશને તેમણે દૈવના માથે ઢોળી દીધો. ત્યારબાદ મૃત્યુ પામેલા સ્વજનોની અંતિમ વિધિ કરવા માટે ગાંધારી, કુંતી વગેરે નારીવૃંદ સહિત કુરુક્ષેત્રના મેદાન પર આવ્યા.*

*યુદ્ધ શરૂ થયાના ૧૯મા દિવસે કુરુક્ષેત્રની ધરતી પર આવેલાં સહુએ પોતાનાં સ્વજનો ગુમાવ્યાં છે. ગાંધારી અને દ્રૌપદીએ પોતાનાં પુત્રો ગુમાવ્યા છે. ચોતરફ રોકકળ થઈ રહી છે. કોણ, કોને અને શું આશ્વાસન આપે? અહીં ધૃતરાષ્ટ્રે દ્રૌપદીની માફી માગી. અતિક્રોધિત ગાંધારી પાંડવોને શાપ આપવાનો વિચાર કરે છે ત્યારે શ્રીકૃષ્ણ તેમને શાંત પાડે છે અને યાદ અપાવે છે કે, 'यतो धर्मस्ततो जय:' (૧૪-૯) એ તમે જ તો દુર્યોધનને સમજાવતાં હતાં. ગાંધારી અત્યંત શોકાકુલ અને કૃદ્ધ છે, તેઆ સમગ્ર વિનાશના મૂળમાં કૃષ્ણ જ છે તેમ કહી કૃષ્ણ અને શાપ આપે છે કે, 'આજથી છત્રીસમા વર્ષે સમગ્ર યાદવ કુળનો વિનાશ થશે. અમારી કુરુ-પાંચાલ યોદ્ધાઓની સ્ત્રીઓની માફક તમારા કુળની સ્ત્રીઓ પણ રુદન કરશે.'*

*કર્ણના મૃત્યુથી કુંતીના પુત્રોમાંથી પણ એક ઓછો થયો છે. કુંતી યુધિષ્ઠિરને કર્ણના અંતિમ સંસ્કાર કરવા કહે છે અને ત્યારે યુધિષ્ઠિરને જાણ થાય છે કે કર્ણ કુંતીનો પ્રથમ પુત્ર હતો. તેઓ ખૂબ જ સંતાપ અનુભવે છે.*

- **શાંતિપર્વઃ**

*મહાભારતનું આ બારમું પર્વ છે.*

*આટલું ભીષણ યુદ્ધ જીત્યા પછી યુધિષ્ઠિર અસ્વસ્થ બની ગયા. તે કહે કે, 'અરે! આ જય તો મને પરાજય થઈ પડ્યો છે!' તેમણે મિત્રો, ભાઈઓ, વડીલો અને પુત્રો તો ગુમાવ્યા જ છે, પરંતુ સમાજ પણ ભાંગી પડ્યો છે. યુધિષ્ઠિર નિર્વેદ અનુભવે છે, ત્યારે તે સર્વેને સ્વસ્થ કરવા માટે જ શાંતિપર્વની રચના થઈ હોય હોય તેમ લાગે છે. મહાભારતના તમામ પર્વોમાં આ સૌથી મોટું પર્વ છે, જેમાં કુલ ૩૩૯ અધ્યાયો આવેલા છે. નોંધનીય બાબત એ છે કે આ બૃહદ પર્વમાં ઘટનાઓ બહુ ઓછી છે. આ પર્વમાં મુખ્યત્વે તત્કાલીન રાજકીય-સામાજિક અને દાર્શનિક વિચારધારાઓનો સંગ્રહ થયેલો છે.*

*ઉપરાંત, મહર્ષિ વેદવ્યાસે યુધિષ્ઠિરને મનની શાંતિ માટે અશ્વમેધ યજ્ઞ કરવાનું સૂચન કર્યું અને શ્રીકૃષ્ણએ તેમને શરશૈય્યા પર સૂતેલા ભીષ્મ પાસે જઈ ચિત્તનું સમાધાન મેળવવા સૂચન કર્યું. આખરે ધૃતરાષ્ટ્ર સાથે હતોત્સાહ યુધિષ્ઠિરે હસ્તિનાપુરના રાજમહેલમાં પ્રવેશ કર્યો અને ત્યારબાદ પાંડવો, શ્રીકૃષ્ણ અને અન્ય ગુરુજનો કુરુક્ષેત્રમાં*

બાણોની શૈય્યા સૂતેલા ભીષ્મ પાસે ગયા. પિતામહે તેમને રાજધર્મ, આપદ્ધર્મ, વર્ણાશ્રમધર્મ અને મોક્ષધર્મનું જ્ઞાન આપ્યું.

- **અનુશાસનપર્વ:**

શાંતિપર્વથી શરૂ થયેલો પિતામહ ભીષ્મનો ઉપદેશ આ પર્વના પ્રારંભે પણ ચાલુ છે. અહીં, મૃત્યુમીમાંસા અને મૃત્યુંજયની વાત કરવામાં આવી છે. પ્રારબ્ધ અને પુરુષાર્થની તુલના કર્મનો સિદ્ધાંત, સ્ત્રીઓનાં કાર્યો, બ્રાહ્મણનું માહાત્મ્ય અને ભૌતિક સુખોને લગતા પ્રશ્નોના જવાબ ભીષ્મપિતામહ આપી રહ્યા છે. આ પર્વમાં વિષ્ણુસહસ્ત્રનામ સ્તોત્ર અને શિવસહસ્ત્રનામ સ્તોત્ર આવેલાં છે.

આ પર્વના અંતે સૂર્યનું ઉત્તરાયણમાં આગમન થતાં પિતામહ ભીષ્મ દેહત્યાગ કરે છે.

- **આશ્વમેધિક પર્વ:**

ભીષ્મના મૃત્યુ પછી યુધિષ્ઠિર પુનઃ ખેદ અનુભવવા લાગ્યા અને દુઃખી થવા લાગ્યા ત્યારે વ્યાસજીએ યુધિષ્ઠિરને પાપની અનુભૂતિ થતી હોય તો તેના પ્રાયશ્ચિત અર્થે અશ્વમેધ યજ્ઞ કરવાનું સૂચન કર્યું. યુદ્ધના સમયમાં રાજ્યના ધનભંડાર ખાલી થયા છે અને પાયમાલ બનેલી પ્રજા પાસેથી કોઈ અપેક્ષા રાખી શકાય તેમ નથી, ત્યારે અશ્વમેધ યજ્ઞના ખર્ચ માટેનું ધન મેળવવા માટે વેદ વ્યાસે જ સહાય કરી અને યુધિષ્ઠિરે અશ્વમેધ યજ્ઞનો પ્રારંભ કર્યો.

આ દરમિયાન અશ્વત્થામાએ છોડેલા અસ્ત્રની અસર તળે ઉત્તરાએ મૃતપુત્રને જન્મ આપ્યો, જેને શ્રીકૃષ્ણે સજીવન કર્યો. તેનું નામ પરીક્ષિત રાખવામાં આવ્યું.

અશ્વમેધ યજ્ઞના અશ્વની રક્ષાની મુખ્ય જવાબદારી અર્જુનને સોંપવામાં આવી. તેણે અશ્વરક્ષા કરતાં કરતાં પૃથ્વી પર યુધિષ્ઠિરનું આધિપત્ય સિદ્ધ કર્યું અને કૃષ્ણની કૃપાથી અશ્વમેધ યજ્ઞ સંપન્ન થયો.

સોનેરી નોળિયાની કથા એ આ પર્વની વિશિષ્ટ ઘટના છે.

- **આશ્રમપર્વ:**

કુરુક્ષેત્ર યુદ્ધના ૧૬ વર્ષ બાદ મહર્ષિ વેદવ્યાસના સૂચનથી ધૃતરાષ્ટ્ર, ગાંધારી, કુંતી અને વિદુર કુરુક્ષેત્રના શતયૂપ આશ્રમમાં જઈને વસ્યા અને બે વર્ષ બાદ દાવાનળમાં મૃત્યુ પામ્યાં. આ સમાચાર જાણીને પાંડવોને બહુ દુઃખ થયું.

- **મૌસલપર્વ:**

મૌસલપર્વ અર્થાત્ મૂશળનું પર્વ. સુખ અને સમૃદ્ધિમાં યાદવો છાકટા બન્યા હતા. એક વખત કૃષ્ણના પુત્ર સાંબે સગર્ભાનો વેશ ધારણ કરી મુનિઓની મજાક કરી, ત્યારે તે

*મુનિઓએ શાપ આપ્યો કે તને મૂશળ અવતરશે અને તે તમારા સમગ્ર કુળનો નાશ કરશે. માતા ગાંધારીએ આપેલો યદુકુળના વિનાશનો શાપ તો ઊભો જ હતો, ત્યારે કુરુક્ષેત્ર યુદ્ધનાં ૩૬ વર્ષ બાદ કૃષ્ણ-બલરામ સહિત યાદવો પ્રભાસક્ષેત્રના દરિયે ઉજાણી કરવા માટે ગયા અને મદ્યપાનમાં મસ્ત બની, પરસ્પરની મજાક કરતાં કરતાં યુદ્ધ પર ઊતરી આવ્યા અને પરસ્પરનો વધ કરવા લાગ્યા. બળરામે સમુદ્રમાં સમાધિ લીધી. આ જોઈને ઉદાસ બનેલા કૃષ્ણ દૂર એક વૃક્ષની છાયામાં સૂઈ વિચાર કરતા હતા ત્યારે જરા નામના એક પારધિએ તેમનાં પગને હરણ સમજીને બાણ માર્યું અને કૃષ્ણે ત્યાં જ દેહોત્સર્ગ કર્યો.*

*આઠ દિવસ બાદ કૃષ્ણના પિતા વસુદેવનું મૃત્યુ થયું. સુવર્ણની ભવ્ય દ્વારિકા પર સમુદ્રનાં જળ ફરી વળ્યાં. કૃષ્ણની પત્નીઓને લઈને અર્જુન પાછા ફરી રહ્યા હતા ત્યારે કાબા જેવા ગ્રામ્ય લૂંટારાઓ માર્ગમાં આવી ચડ્યા અને તેમણે ગાંડીવધારી અર્જુનને મહાત કર્યા. આમ, મહાપરાક્રમી અર્જુન કૃષ્ણની પત્નીઓને બચાવી શક્યા નહીં.*

- **મહાપ્રસ્થાનિક પર્વ:**

*કૃષ્ણ, બલરામ અને યાદવોનું શ્રાદ્ધ વગેરે કાર્ય કરી, ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય કૃષ્ણના પૌત્ર વજ્રને સોંપી, પાંડવો હિમાલય તરફ ચાલી નીકળ્યા. પાંડવોની સાથે એક કૂતરો પણ ચાલવા લાગ્યો.*

*હિમાલયમાં હાડ ગાળવા ગયેલા આ સર્વેમાં સૌપ્રથમ દ્રૌપદી પડી ત્યારે યુધિષ્ઠિરે જણાવ્યું કે તેને હંમેશા અર્જુન પ્રત્યે પક્ષપાત હતો. આથી, તેનું પતન થયું. ત્યારબાદ સહદેવ પડ્યો કારણ કે તેને પોતાના જ્ઞાનનો ગર્વ હતો. તેના પછીના ક્રમે સૌંદર્યના અભિમાનને કારણે નકુલનું પતન થયું. ત્યારબાદ અર્જુનનું પતન થયું કારણકે તેણે એક દિવસમાં શત્રુઓનો નાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી જે તે પાળી શક્યો ન હતો. તેના પછી આપવડાઈની કુટેવ ધરાવતો ભીમ પડ્યો.*

*પોતાના ભાઈઓ અને પત્નીના પતન પછી માત્ર યુધિષ્ઠિર આગળ જતાં હિમાલયના શિખર પર આવી પહોંચ્યા, ત્યારે ખુદ ઈન્દ્ર તેમનું સ્વાગત કરવા અને તેમને વિમાનમાં બેસાડીને સ્વર્ગે લઈ જવા આવ્યા. તેમણે યુધિષ્ઠિરને વિમાનમાં સ્થાન ગ્રહણ કરવા કહ્યું, પરંતુ છેક સુધી પોતાની સાથે આવેલા વફાદાર કૂતરાને છોડવા માટે યુધિષ્ઠિર તૈયાર ન થયા. આખરે ઈન્દ્રે કૂતરાને પણ વિમાનમાં બેસાડવા સહમત થવું પડ્યું. શ્વાન રૂપે રહેલાં ધર્મ પ્રગટ થયા અને યુધિષ્ઠિર પર પ્રસન્ન થયા. ત્યારબાદ ઈન્દ્ર સહિત બધા જ વિમાનમાં બેસી સ્વર્ગમાં પ્રવેશ્યા.*

- **સ્વર્ગારોહણપર્વ:**

*ઈન્દ્ર સાથે સ્વર્ગમાં પહોંચ્યા પછી યુધિષ્ઠિરે દ્રૌપદી સહિત પોતાના ભાઈઓને જોયા નહીં. આથી, તેમણે તેમના વિશે પૃચ્છા કરી અને પોતાના ભાઈઓ વગેરે જ્યાં*

હોય ત્યાં લઈ જવા માટે આગ્રહ રાખ્યો. એક દેવદૂત તેમને અત્યંત જુગુપ્સાપ્રેરક એવા નરકમાં લઈ ગયો. એ વાતાવરણ જોઈને યુધિષ્ઠિર ત્રાસ પામ્યા, પરંતુ ચારે બાજુથી અવાજ આવવા લાગ્યો કે, 'ઓ ભાઈ! આપ ત્યાં જ ઊભા રહો. તમારા આવવાથી અમને શાતા અનુભવાય છે. ' ત્યારબાદ ત્યાં ઈન્દ્રનો પ્રવેશ થયો અને નરક અંતર્ધાન થયું. યુધિષ્ઠિરને સમજાયું કે પોતે યુદ્ધમાં ગુરુ દ્રોણ સામે જે અર્ધસત્ય બોલ્યા હતા તેના પરિણામે તેમણે નરકની યાતનાનો અનુભવ કરવો પડ્યો. ત્યારબાદ કૃષ્ણ, બલરામ, ભાઈઓ, પત્ની સહિત કૌરવો વગેરે સાથે તેમનું પુનર્મિલન થયું.

- **હરિવંશ પુરાણઃ**

હરિવંશ પુરાણ એ મહાભારતનું ખીલ પર્વ કહેવાય છે આ પર્વમાં કૃષ્ણની લીલાઓ, કાર્યો અને સ્તુતિઓ પ્રાપ્ત થાય છે.

## ૨. ૩ ઉપસંહાર

મહાભારતના ધર્મયુદ્ધમાં આપણને અનેક જગ્યાએ પ્રશ્નો ઉપસ્થિત થાય છેઃ જેમ કે નિઃશસ્ત્ર કર્ણ પર શસ્ત્ર ચલાવી તેનો વધ કરવામાં આવે છે. રાત્રીયુદ્ધ પ્રતિબંધિત હોવા છતાં યુદ્ધના બારમા દિવસે રાત્રે યુદ્ધ થાય છે અને તેમાં ઘટોત્કચનો વધ થાય છે આ ઉપરાંત, ગદાયુદ્ધમાં ભીમ યુદ્ધના નિયમોનો ભંગ કરે છે, યુધિષ્ઠિર દ્રોણનો વધ કરવા માટે અર્ધસત્યનો આશ્રય લે છે.

મહાભારત કાવ્ય જીવનની બહુ નજીક રહેલું છે. અહીં અનેકવિધ સંબંધો અને સામાન્ય રીતે આપણને આશ્ચર્ય થાય તેવા સંબંધો પણ જોવા મળે છે. યયાતિની પત્ની દેવયાની સાથે દાસી તરીકે આવેલ અસુરપુત્રી શર્મિષ્ઠાનો પુત્ર પુરુ એ કુરુનો પૂર્વજ છે અને કુરુવંશનો અન્ય પૂર્વજ ભરત દુષ્યંત અને શકુંતલાના ગાંધર્વવિવાહનું પરિણામ છે. સત્યવતી અને કુંતા લગ્ન પૂર્વે જ માતા બની ચૂક્યાં છે. પાંડુ પોતાની પત્નીઓને દુર્વાસાએ આપેલા મંત્રો દ્વારા પુત્ર ઉત્પન્ન કરવા માટે મંજૂરી આપે છે. ભીષ્મ આખરી કૌરવ છે અને ધૃતરાષ્ટ્ર અને પાંડુ મહર્ષિ વ્યાસ દ્વારા નિયોગથી ઉત્પન્ન થયેલાં સંતાનો છે.

સામાજિક રીતે જોઈએ તો તત્કાલીન સ્ત્રીઓ પ્રજ્ઞાવાન, સ્વતંત્ર અને આત્મવિશ્વાસુ છે. પોતાના જીવન વિશે નિર્ણયો લેવા સ્વતંત્ર છે શકુંતલા પોતાના પુત્રને રાજા બનાવવાનું વચન જો દુષ્યંત આપે તો સ્વેચ્છાએ ગાંધર્વવિવાહ કરવા તૈયાર છે અને તે રીતે તે લગ્ન કરે પણ છે. શર્મિષ્ઠા રાજા યયાતિ પાસે સંતાનની માગણી વ્યક્ત કરે છે. ગંગા લગ્ન કરતાં પૂર્વે શાંતનુ સમક્ષ શરત મૂકે છે કે જો તેને તેના કાર્યમાંથી અટકાવવામાં આવશે તો તે શાંતનુ પાસેથી ચાલી જશે. ગાંધારી વખતોવખત ધૃતરાષ્ટ્રને સૂચનાઓ આપે છે, ત્યાં સુધી કે દ્યૂતસભામાં પણ તે ઉપસ્થિત થાય છે અને ચાલી રહેલા ઘટનાક્રમને અટકાવે છે. અગ્નિકન્યા દ્રૌપદીને દ્યૂતસભામાં ખેંચી લાવવામાં આવી હોવા છતાં તે સ્વસ્થતાપૂર્વક પ્રશ્ન પૂછી શકે છે કે યુધિષ્ઠિર પહેલા પોતાને હાર્યા છે કે મને?

આમ, મહાભારત આપણા રોજિંદા જીવનની ઘટમાળનું જાણે કે પ્રતિબિંબ છે. હજારો વર્ષો પૂર્વે તેની રચના થઈ હોવા છતાંય તે આજે એટલું જ પ્રસ્તુત છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો.**

૧. મહાભારત એ ધર્મયુદ્ધ છે – ચર્ચો.

૨. 'મહાભારત' શીર્ષક વિશે તમારું મંતવ્ય દર્શાવો.

## ૨. ૪ સ્વાધ્યાય

૧. મહાભારતનો કૃતિ પરિચય: સવિસ્તર નોંધ લખો.

● **લેખનપ્રવૃત્તિ**

૧. મહાભારતનું વિશ્વકોશ તરીકે મૂલ્યાંકન

૨. મહાભારતનો મુખ્ય રસ

૩. મહાભારતની ગુજરાતી સાહિત્ય પર અસર

૪. મહાભારતના આધારે લખાયેલ ગુજરાતી નાટકોનો પરિચય

૫. મહાભારતકથાનો આધાર લઈ લખાયેલ ગુજરાતી નવલકથાઓનો પરિચય

## ૨. ૫ લેખક-પરિચય

આપણે આગળ જોઈ ગયાં તે અનુસાર, મહાભારતના રચયિતા મહર્ષિ વેદ વ્યાસ છે. કહે છે કે મહર્ષિ વેદ વ્યાસે જનમેજયના સર્પસત્રમાં મહાભારતની રચના કરી અને પોતાના શિષ્ય વૈશંપાયનને સંભળાવ્યું હતું. અને આ મહાભારતકાર વ્યાસની સ્તુતિ કરતાં કહેવાયું છે કે,

**नमोऽस्तु ते व्यास विशालबुद्धे फुल्लारविन्दायतपत्रनेत्र:।**
**येन त्वया भारततैलपूर्णः प्रज्ज्वालितो ज्ञानमय: प्रदीपः।।**

ભારતરૂપી તૈલપૂર્ણ જ્ઞાનમય દીપક પ્રજ્જ્વલિત કરનાર, ખીલેલાં કમળનાં પત્રો સમાન ચક્ષુ ધરાવતાં, ધીમાન વ્યાસને નમસ્કાર.

મહાભારતમાં વેદ વ્યાસ એક પાત્ર તરીકે પણ ઉલ્લેખ પામ્યા છે અને તેમની ઉત્પત્તિની કથા પણ આપવામાં આવી છે. આદિપર્વમાં ધીવરરાજપુત્રી સત્યવતી ભીષ્મને કહે છે કે, યુવાનીના પ્રારંભે હું યમુનામાં નાવ લઈને ગઈ હતી ત્યારે યમુના પાર કરવા મહર્ષિ પરાશર મારી નાવમાં બેઠા. માર્ગમાં કામપીડિત તેઓ મારી પાસે આવ્યા અને તેમના દ્વારા મને એક પુત્રની પ્રાપ્તિ થઈ, જે પારાશર્ય વ્યાસ છે.

પાંડવોનાં દ્રૌપદી સાથે લગ્ન સમયે, વનપર્વમાં, બ્રહ્માસ્ત્ર છોડવામાં આવ્યા પછી એમ અનેક પ્રસંગે વ્યાસજી મહાભારતમાં જોવા મળે છે.

*વેદ વ્યાસને વેદોના વિભાગ કરનાર કે વર્ગીકરણ કરનાર, અઢાર પુરાણોના સર્જક, બાદરાયણસૂત્રોનાં રચયિતા તરીકે અને યોગસૂત્ર પરના વ્યાસભાષ્યના સર્જક તરીકેનું બહુમાન પ્રાપ્ત થયું છે. તેમને વ્યાસ, વેદ વ્યાસ, કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ, પારાશર્ય, ઈત્યાદિ નામે ઓળખવામાં આવે છે.*

*વળી, આ વિકાસશીલ મહાકાવ્યને અનેક સર્જકોએ પોતાની પ્રતિભા દ્વારાં વધુ સમૃદ્ધ બનાવ્યું છે, એ પણ સ્વીકારાયું છે. શ્રી અરવિંદ ઘોષ કહે છે કે, 'વ્યાસની નિષ્કામ કથાકાર તરીકેની શૈલીને માપદંડ રાખી મહાભારતનું પુનઃ સંશોધન કરી, તેમણે કયા ભાગ લખ્યા છે તે નક્કી કરવું જોઈએ. અને એ રીતે જોતાં માત્ર મૂળ કથા જ નહીં, પણ નળ-દમયંતી તથા સત્યવાન-સાવિત્રી જેવાં ઉપાખ્યાનોનાં કર્તા પણ વ્યાસ લાગે છે.'*

## ૨.૬ સન્દર્ભસાહિત્ય


1. महाभारत, वॉल.1 से 6, गीताप्रेस, गोरखपुर, 18वां पुन: संस्करण, सं। 2075
२. महाभारत, कक्कड़
૩. *મહાભારત ચરિત્રવિમર્શ, દર્શના ધોળકિયા, ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ,* 2008
4. Vyasa and Valmiki, Aurobindo Ghose; Pondicherry, Sri Aurobindo Ashram, 1964
5. https://krishnamurti.abundanthope.org/index_htm_files/MahabharataOfVyasa-EnglishTranslationByKMGanguli. Pdf



**લેખક : ડૉ. સ્વાતિ શાહ -** *એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

## એકમ-3 શ્રીમદ ભગવદ ગીતા પરિચય

**૩. ૧ પ્રસ્તાવના**

**૩. ૨ શ્રીમદ ભગવદ ગીતા પરિચય**

**૩. ૩ ગીતાનું મહત્ત્વ**

**૩. ૪ ગીતાનાં મુખ્ય વિષયો**

**૩. ૫ ગીતાના અધ્યાયો અને વિભાગોના પ્રચલિત નામ**

**૩. ૬ વિવેચન અને ભાષ્ય**

### ૩. ૧ પ્રસ્તાવના

મહાભારત રૂપી વિશ્વકોષનું સર્વસ્વ ગણાતો એવો શ્રીમદ ભગવદગીતા નામનો ગ્રંથ પોતાના વિશાળ દૃષ્ટિકોણનાં લીધે વિશ્વભરમાં જાણીતો છે. મહાભારતના યુદ્ધ વખતે કૌરવો અને પાંડવોની સેનાઓ કુરુક્ષેત્રની યુદ્ધભૂમિમાં સામ સામે ગોઠવાઈ ગઈ હતી, ત્યારે અર્જુને બંને પક્ષે ઊભેલાં પોતાનાં સ્વજનોને જોયાં. એને લાગ્યું કે આ યુદ્ધ કરીને સ્વજનોને હણીને કોઈ પ્રકારનું કલ્યાણ દેખાતું નથી. તે યુદ્ધ ન કરવાના નિષ્કર્ષ ઉપર આવી પહોંચ્યો. આ વિશમ પરિસ્થિતિમાં તેણે ભગવાન કૃષ્ણની શરણાગતિ સ્વીકારી. જેના પરીણામ સ્વરૂપે ભગવાન કૃષ્ણએ તેને શ્રીમદ ભગવદ ગીતા કહી. જેમાં નિષ્ઠા પૂર્વક કર્તવ્યપાલન કરવાની સલાહ ભગવાને તેને આપી. ઉપરાંત સ્થિતપ્રજ્ઞતા કેળવવાની રીત, જ્ઞાન, યોગ અને ભક્તિનું મહત્ત્વ પણ વિસ્તાર સમજાવ્યું. આ ઉપરાંત ગૌણ રીતે પોતાનાં અવતાર, ત્રણ ગુણ, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિભાગ, દૈવી અને આસુરી સંપત પણ સમજાવી. આવી અનેકવિધ વિષયોને ઊંડાણથી સમજાવનાર શ્રીમદ્ ભગવદ્ગીતા સાત સો શ્લોકનું સનાતન ધર્મનું ધર્મશાસ્ત્ર ગણાય છે.

### ૩. ૨ શ્રીમદ ભગવદ ગીતા પરિચય

શ્રીમદ્ભગવદ્ગીતા અથવા ગીતાને આ દિવ્ય ગ્રંથનું નામ ગણવામાં આવે છે. ગીતા એવો સમજીએ તો, આ શબ્દ સંસ્કૃત ધાતુ गै ‘ गै – गायने ’ ના કર્મણિ ભૂત કૃદન્ત રૂપ એવા गीत શબ્દનું સ્ત્રીલિંગ પ્રથમા એકવચન છે. ગીતા એટલે ‘ગાવામાં આવેલ’. આપણી ગીતા ભગવાન દ્વારા ગવાયેલી છે. એ ગીત છે, માત્ર કથન નથી. ગીતા એવા શબ્દનો અર્થ થાય છે – ‘ગવાયેલી’. ભગવાને જાણે કે નિજાનંદમાં તલ્લીન બનીને વેદ, ઉપનિષદ, દર્શન ગ્રંથોનો સાર અહીં ગાયો છે. ભગવાન કૃષ્ણ દ્વારા ગવાયેલી હોવાથી તેને ભગવદ્ ગીતા કહે છે. આ ભગવાન ‘શ્રી’ એટલે કે શોભાથી સંપન્ન હોવાથી ‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’ એવું નામ જાણીતું છે. ગીતાને ઈશ્વર ગીતા, અનંત ગીતા, હરિ ગીતા, વ્યાસ ગીતા અથવા ફક્ત ગીતા તરીકે પણ ઓળખવામાં આવે

છે. આ રીતે અર્થ થાય છે : ભગવાન શ્રી કૃષ્ણ દ્વારા ગાવામાં આવેલી. એટલે કે તેમનાં દ્વારા ગીતાના માધ્યમથી ઉપદેશવામાં આવેલી.

આ ઉપરાંત ગીતાનાં શીર્ષકને સમજવા માટે ગીતાના દરેક અધ્યાયોની છેડે આવતી પુષ્પિકામાં જોવા મળતાં ત્રણ શબ્દો જાણવા જરૂરી છે : श्रीमद् भगवद्गीतासु उपनिषत्सु, ब्रह्मविद्यायां અને योगशास्त्रे . આ શબ્દો ગીતા માટે પ્રયોજાયેલા છે. તેમનો અર્થ એ છે કે ગીતા ઉપનિષદરૂપ છે, એટલે કે શિષ્ય એવા અર્જુન અને જગદગુરુ શ્રી કૃષ્ણ વચ્ચેનો સંવાદ છે. બ્રહ્મવિદ્યા છે કારણ કે તે બ્રહ્મને સમજાવે છે. બ્રહ્મ એટલે જગતમાં પ્રવર્તતું પરમ અને શાશ્વત તત્ત્વ. આપણે સહુ શરીર અને ઈન્દ્રિયો જેવા અશાશ્વત અને સુખદુ:ખાત્મક તત્ત્વોના અનુભવોમાં ફસાયેલા છીએ. તેથી આપણને શાશ્વત આનંદ કે કાયમી તૃ પ્તિ મળતાં નથી અને આપણી ભૂખ સંતોષાતી નથી. ગીતા આપણને પરમતત્ત્વનું જ્ઞાન આપે છે અને તેનાથી આપણને તૃ પ્તિ મળે છે. માટે ગીતા ‘બ્રહ્મવિદ્યા’ છે. ગીતા યોગશાસ્ત્ર છે એટલે કે સાચા અર્થમાં યોગ એટલે શું ? તે સમજાવે છે. યોગ એટલે પરમતત્ત્વનો યોગ - પરમતત્ત્વનો સાક્ષાત્કાર - અથવા પરમતત્ત્વના જ્ઞાનનો વ્યવહારમાં વિનિયોગ. ગીતામાં પરમાર્થ અને વ્યવહારનો, શાશ્વત અને અશાશ્વતનો યોગ અથવા મેળ છે. આમ, ગીતામાં પરમતત્ત્વનું જ્ઞાન પણ છે તથા આદર્શ વ્યવહાર પણ છે.

## ૩.૩ ગીતાનું મહત્ત્વ

- જગતની લગભગ દરેક ભાષામાં ગીતાનો અનુવાદ થયો છે. તથા ગીતાના સનાતન સિદ્ધાંત આજે વિશ્વની ઘણી યુનિવર્સિટીઓમાં ભણાવવામાં આવે છે. ગીતાને આજે "આધ્યાત્મિક શબ્દકોશ" તરીકે ઓળખવામાં આવે છે.
- ભગવદ ગીતા પ્રસ્થાનત્રયીનો એક ભાગ છે, જેમાં ઉપનિષદ અને બ્રહ્મસૂત્રોનો પણ સમાવેશ થાય છે. ગીતા કર્મ, જ્ઞાન અને ભક્તિની ત્રિવેણી ગણાય છે. વિદ્વાનો કહે છે કે ગીતામાં મુખ્યતયા કર્મ, જ્ઞાન ( શું કરવું અને શું ણ કરવું તે વિવેકબુદ્ધિ) અને ભક્તિની મુખ્ય ચર્ચા છે. આ સિવાય શરીર અને આત્મા, ભગવાનના અવતાર, તેમનું સાચું સરનામું, સામાન્ય જીવન જીવતાં જીવતાં કરવામાં આવતી રોજીંદી ક્રિયાઓ ( જેવી કે દાન આપવું, ખાવું, તપ કરવું, વાણી અને વર્તન ) બાબતે પણ આદર્શ સમજણ પ્રાપ્ત થાય છે.
- ગીતા માનવને મહામાનવ બનાવવાની રીત બતાવે છે. તેનાં દ્વારા આદર્શ સમાજ નિર્માણ કરવું તે ગીતાનો જાણે કે ધ્યેય છે, એમ લાગે છે.
- શ્રીમદ્ ભગવદ્ ગીતા એ હિંદુ ધર્મનો પ્રાચીન અને મુખ્ય પવિત્ર ગ્રંથ છે. ગીતા હિંદુ ધર્મનો ગણાતો હોવા છતાં ફક્ત હિંદુઓ પૂરતો સીમિત ન રહેતાં પૂરા માનવસમાજ માટેનો ગ્રંથ ગણાય છે, અને વિશ્વચિંતકોએ તેમાંથી માર્ગદર્શન લીધું

છે. હિંદુ ધર્મનાં ઘણા ધર્મગ્રંથો છે, પરંતુ ગીતાનું મહત્ત્વ અલૌકિક છે. ગીતાને સ્મૃતિ ગ્રંથ માનવામાં આવે છે.

- સમગ્ર ગીતા, થોડા શ્લોકોના અપવાદ સિવાય, અનુષ્ટુપ છંદમાં રચાયેલી છે.
- અર્જુન અને કૃષ્ણનો આ સંવાદ મહાભારતના ભીષ્મ પર્વમાં છે. તે અઢાર અધ્યાય ગીતા તરીકે પ્રચલિત છે.
- ગીતામાં અર્જુન માનવનું પ્રતિનિધિત્વ કરે છે અને માનવ તરફથી ભગવાન કૃષ્ણને જીવનને લગતા વિવિધ પ્રશ્નો કરે છે. ગીતા મુજબ માનવ-જીવન એક યુદ્ધ છે જેમાં દરેકે લડવું પડે. યુદ્ધમાં પીછેહઠ કર્યા વગર આગળ વધવું તે ગીતાનો સંદેશ છે.
- ગીતાના અઢારમા અધ્યાયના અંતે ભગવાન કહે છે કે - સાચો માર્ગ શું છે તે મેં તને જણાવ્યું, હવે તારે જે પ્રમાણે વર્તવું હોય તે મુજબ કર. . આમ, ગીતા કોઈ સામાન્ય ધર્મગ્રંથની જેમ કશું કરવા માટે આગ્રહ કરતી નથી, પરંતુ સાચો માર્ગ બતાવી માનવને નિર્ણય લેવા માટે સ્વતંત્રતા આપે છે.
- ગીતાના અધ્યાયોનાં નામ મહાભારતમાં આપ્યા નથી પરંતુ પાછળથી અન્ય આચાર્ય અથવા અન્ય ભાષ્યકારે એ અધ્યાયોને નામ આપ્યા હશે એમ માનવામાં આવે છે.
- અમુક ભાષ્યકારોએ વિષયના આધારે ગીતાને ત્રણ ભાગમાં વહેંચી છે, જે છે કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ રૂપે છે.

## ૩. ૪ ગીતાનાં મુખ્ય વિષયો

ગીતા માત્ર અર્જુનને કર્મ કરવા પ્રેરતી હોય તેમ માત્ર કર્મની જ ચર્ચા કરતી નથી. પોતાના કર્મનો દીવો ચાલુ રાખવા તેલ રૂપી જ્ઞાન અને આવરણ રૂપી યોગની પણ ચર્ચા કરે છે. સાથે સાથે દેહી અને દેહ વિવેક, સ્થિતપ્રજ્ઞતા, બ્રાહ્મીસ્થિતિ, બ્રહ્મનિર્વાણ, સાંખ્યયોગ, કર્મયોગની પરંપરા, કર્મ-અકર્મ-વિકર્મ, કર્મની અનિવાર્યતા, ત્રિવિધ કર્મ, ધ્યાનયોગ, યોગારૂઢ વ્યક્તિની બે અવસ્થાઓ, સમદર્શિતા, ધ્યાનયોગનું નિરૂપણ, યોગનું ફળ, યોગીની શ્રેષ્ઠતા, અવતારવાદ, અષ્ટધા પ્રકૃતિ, યજ્ઞ અંગેના વિચાર, રાજવિદ્યા, જ્ઞાનયોગ, ભક્તિયોગ, ક્ષર, અક્ષર અને પુરુષોત્તમ, દૈવી તથા આસુરી સ્વભાવ, ત્રિવિધ શ્રદ્ધા જેવા વિષયોની પણ વિસ્તારથી ચર્ચા કરે છે. તેમાંના મુખ્ય વિષયો આ પ્રમાણે છે :

- **દેહી અને દેહ**

ભગવાન અર્જુનને યુદ્ધ માટે પ્રેરવા શરૂઆતમાં જ આત્મા અને દેહનો વિવેક દર્શાવે છે. તેઓ અર્જુનને કહે છે કે, તું શોક નહિ કરવા યોગ્યનો શોક કરે છે અને ડાહી ડાહી વાતો કરે છે. સમજદાર વ્યક્તિ મૃત્યુ પામેલા કે જીવતા, બે માંથી કોઈનો પણ શોક કરતા નથી. એટલે કે આ શરીર જે એક દિવસ ખતમ થઈ જવાનું છે તેની તું ચિંતા કરે છે. અને જે કાયમ રહેનાર છે, જે શાશ્વત છે એવા આત્માનો વિચાર જ કરતો નથી ! દેહ શબ્દનો અર્થ આપને જાણીએ છીએ. દેહ એટલે આ શરીર. અને દેહી એટલે દેહમાં

રહેનાર, આત્મા. ઉપનિષદ કહે છે કે આત્મા હૃદયની ગુફામાં રહેલો છે. મુઠ્ઠી બંધ કરીએ અને જેટલી જગ્યા અંદર પોલાણમાં રહે તેટલી જગ્યા રોકીને તે રહે છે.
ભગવાન કહે છે કે –

**देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा।**
**तथा देहान्तर प्राप्ति: धीरस्तत्र न मुह्यति ॥ - गीता, २/१३**

જેમ દેહધારી મનુષ્યને આ દેહમાં કુમારાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, તે રીતે મૃત્યુ પછી બીજા દેહની પ્રાપ્તિ થાય છે. ધીર પુરુષ તેમાં મોહ પામતો નથી. માનવીએ ઇંદ્રિયોના વિષયો સહન કરવા જોઈએ. જેને ઈન્દ્રિયોના વિષયો વ્યથિત કરતા નથી તે મનુષ્ય અમરતા મેળવી શકે છે. આત્મા અવિનાશી છે. તેનાથી આ સર્વ વ્યાપ્ત છે. આત્મા તો નિત્ય અવિનાશી અને અપ્રમેય છે. શરીર નાશવંત છે. આત્મા કોઈથી ઉત્પન્ન થતો નથી કે કોઈને ઉત્પન્ન કરતો નથી. न जायते म्रियते वा कदाचित् । તે કદી જન્મતો નથી, કદી મરતો નથી. તે પ્રથમ ઉત્પન્ન થયેલ છે તેમ નથી, તેમજ ભવિષ્યમાં ઉત્પન્ન થનાર છે એવું પણ નથી. શ્રીકૃષ્ણ અહીં અર્જુનને આત્માની અમરતા અને દેહની નશ્વરતા દર્શાવીને યુદ્ધમાં મૃત્યુ પામનાર સ્વજનોનો વિચાર કર્યા વિના યુદ્ધ માટે ઊભા થવાનું કહે છે.

- **સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો**

ગીતાના બીજાં અધ્યાયમાં યોગબુધ્ધિની ચર્ચા દરમ્યાન સ્થિતપ્રજ્ઞનો નિર્દેશ થાય છે. સ્થિતપ્રજ્ઞ અથવા સ્થિતધી એટલે સ્થિર બુદ્ધિવાળો મનુષ્ય. આપણી ઈન્દ્રિયો હંમેશાં તેમના વિષયોના સંપર્કમાં આવે છે. વિષયો ઈન્દ્રિયોની અંદર પ્રવેશીને મનને ક્ષુબ્ધ કરી મૂકે છે અને બુદ્ધિને ચંચળ કરે છે. આવા ચંચળ બુદ્ધિવાળાને સ્થિર અને શાશ્વત સુખ મળતું નથી. જ્યારે કેટલાક માણસો વિષયોની નશ્વરતાને ઓળખી ગયા હોય છે. તેથી તેઓ વિષયોમાં ફસાતાં નથી. એટલે વિષય ઈન્દ્રિયો દ્વારા તેમનામાં પણ પ્રવેશ તો કરે છે તેમ છતાં તેઓની બુદ્ધિ સ્થિર રહે છે. આવા સ્થિર બુદ્ધિવાળા લોકોને સ્થિતપ્રજ્ઞ કહેવાય.
**स्थिता प्रज्ञा यस्य स: स्थितप्रज्ञ: >**

સામાન્ય માણસની હાલચાલમાં તેમની અસ્થિર બુદ્ધિ વ્યક્ત થતી હોય છે. સામાન્ય માણસ પ્રયોજન મુજબ જ ઊઠતો, બેસતો, બોલતો, ચાલતો હોય છે. હવે જેને પોતાનું કોઈ પ્રયોજન જ નથી તેવા સ્થિતપ્રજ્ઞનું હાલવું, ચાલવું, બોલવું કેવું હોય ? આવો અર્જુનનો પ્રશ્ન હતો. તેના જવાબમાં ભગવાન તેને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો કહે છે.

૧. સ્થિતપ્રજ્ઞ વ્યક્તિની બાહ્ય વિષયો માટે કોઈ આસક્તિ કે ઈચ્છા હોતી નથી. સ્થિતપ્રજ્ઞને કંઈ સાંસારિક વિષય સુખ મેળવવાની ઈચ્છા હોતી નથી, કારણ કે તે

અંદરથી ભરેલો છે. તેનો આનંદ બહાર નથી. તે પોતાના થકી આત્મામાં જ સંતુષ્ટ आत्मन्येवात्मना तुष्टः હોય છે.

૨. આમ, બહારના વિષયોના સુખમાં સુખકારક પ્રસંગોમાં તેને આસક્તિ નથી, એટલે તેનો આનંદ તેને નથી. તો દુઃખકારક પ્રસંગોથી તેના મનમાં શોક પણ થતો નથી. આમ, તેનામાં ભરતી કે ઓટ આવતી નથી. તે નિસ્તરંગ સમુદ્ર જેવો છે. અઢળક પાણી આવવાથી ઉભરાય પણ નહીં અને ઉનાળાની ગરમીથી સૂકાય પણ નહીં.

૩. કાચબો જેમ પોતાના અંગોને સંકોચી લે છે તેમ સ્થિતપ્રજ્ઞે પોતાની ઈન્દ્રિયોને વિષયોમાંથી વાળી લીધી હોય છે. કાચબાના ઉદાહરણથી કેમ જીવવું ? કોની સાથે સંબંધ રાખવો અને કોની સાથે નહીં ? ક્યાં પ્રવૃત્ત રહેવું અને ક્યાં નહીં ? એવી આવડત કેળવનાર સ્થિતપ્રજ્ઞ કહેવાય.

૪. આનો અર્થ એ નથી કે સ્થિતપ્રજ્ઞ પોતાની ઈન્દ્રિયોને વિષય તરફ જવા જ દેતા નથી. ઈન્દ્રિયો સહજ રીતે પોતાના વિષયો ના સંપર્કમાં આવતા જ હોય છે, પરંતુ તે વિષયમાં રસ લેતા નથી. સ્થિતપ્રજ્ઞનો રસ તો પરમ સુંદર પરમાત્મામાં સ્થિર થયેલો હોય છે. એટલે વિષયના શુદ્રરસની તેને આકાંક્ષા હોતી નથી.

૫. આથી જ સ્થિતપ્રજ્ઞની ઈન્દ્રિયો વિષયો માટે રાગદ્વેષ વગરની હોય છે. તેની ઈન્દ્રિયો આ રીતે આત્મવશ્ય હોય છે. સતત પરિપૂર્ણ માં રહેતો હોવાથી સ્થિતપ્રજ્ઞ પ્રસન્નતાને પામે છે प्रसादम् अधिगच्छति

૬. સ્થિતપ્રજ્ઞ પરમાત્મા સાથે નિરંતર જોડાયેલો રહે છે. બધાં જ કર્મો પરમાત્માના નિમિત્તે છે તેથી તે પોતાના કર્તવ્ય કર્મોમાં પણ લીન થઈ જાય છે. વિષયો પ્રત્યે તેની દૃષ્ટિ નથી, માટે તેમાં ભોગ દૃષ્ટિ નથી, પણ ભાવદૃષ્ટિ છે. પોતાનાં કર્મો પ્રત્યે તેમને આત્મબુદ્ધિ હોય છે એટલે તેમાં ભાવના હોય છે. ભાવના હોય છે, માટે તેને કર્મનો થાક લાગતો નથી, તે કર્મનો આનંદ મેળવે છે.

૭. સામાન્ય માણસો જેમ વ્યવહારમાં રચ્યાપચ્યા રહે છે તેમ સ્થિતપ્રજ્ઞ પણ વ્યવહારમાં રચ્યોપચ્યો રહે છે. પણ સામાન્ય માણસ અને સ્થિતપ્રજ્ઞના અભિગમમાં આકાશ-પાતાળનું અંતર હોય છે. સામાન્ય માણસને સ્થિતપ્રજ્ઞતાથી મળતા ભાવનાના આનંદની કોઈ ખબર હોતી નથી. તેને મન તો ત્યાં સંપૂર્ણ અંધકાર જ હોય છે. ભાવનાનો ભીતરનો-આનંદ તે તેની નિશા છે, રાત્રી છે. જ્યારે સંયમી વ્યક્તિ એ આનંદ પ્રત્યે જાગૃત હોય છે. સામાન્ય વ્યક્તિઓને જ્યાં આનંદ મળે છે તે વિષયના આનંદ પ્રત્યે સંયમી વ્યક્તિ લાપરવાહ હોય છે. વિષયાનંદ પ્રત્યે સંયમી જાગૃત નથી. તે તેની રાત્રી છે. એટલે કે નિષ્ક્રિયતા છે.

૮. માણસને થાય કે પ્રજ્ઞાને સ્થિર કરવા માટે કરવી પડતી મથામણનો કલેશ શા માટે વહોરવો ? તેના કરતાં ભલેને બુદ્ધિ અસ્થિર બનીને વિષયોમાં વહી જતી ! માણસ બુદ્ધિને વિષયોમાં આસક્ત બનાવે - સકામ બનાવે - તો એ વિષયની ઈચ્છા ક્રોધને જન્મ આપે છે, ક્રોધ સંમોહ જન્મ આપે છે, સંમોહથી સ્મૃતિ વિભ્રમ પેદા થાય છે, સ્મૃતિભ્રંશ થવાથી બુદ્ધિનાશ થતો હોય છે અને બુદ્ધિનાશ એટલે જ સર્વનાશ. હવે

*જો સર્વનાશ ન જોઈતો હોય તો બુદ્ધિ સ્થિર રાખીને બીજા અનિષ્ટોને દૂર રાખવાં જોઈએ.*

*આમ, ગીતાએ પ્રબોધેલાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો આદર્શ અને સુખમય જીવન જીવવાની ચાવી સમાન છે.*

- **કર્મ યોગ :**

*શ્રી લોકમાન્ય ટિળકે પોતાના 'ગીતા રહસ્ય' ગ્રંથમાં 'કર્મયોગ'નો ઉપદેશ આ રીતે આપ્યો છે :*

૧. कर्मण्येवाधिकारस्ते – *કર્તવ્યપાલન રૂપી કર્મમાં જ તારે પરોવાયેલાં રહેવું.*
૨. मा फलेषु कदाचन, - *કરેલાં કર્મનાં ફળની આશા કદાપિ રાખવી નહી.*
૩. मा कर्मफलहेतुर्भूः, *તું કર્મનાં ફળનો હેતુ પણ બનતો નહી. એટલે કે નિષ્કામ કર્મ કર.*
૪. मा ते संगोऽस्त्वकर्मणि *વિપરિત કર્મમાં તારો સંગ ન થાય.*

*આ ચાર ચરણોને તેઓ ગીતાની ચતુઃસૂત્રી કહે છે. અલબત્ત શ્રીકૃષ્ણએ ગીતામાં અર્જુનને યુદ્ધરૂપી કર્મ કરવા ઉપદેશ આપ્યો છે. એટલે 'કર્મમાં પ્રવૃત્ત રહેવું' એવા અર્થવાળો કર્મયોગ જ ગીતાનો ખાસ વિષય છે. માણસે સ્વભાવ પ્રમાણેનાં કર્મો કરવા જોઈએ. પ્રાણીમાત્ર કોઈક ફળ મેળવવાના ઉદ્દેશથી જ કર્મ કરવા તૈયાર થાય છે. પણ કર્મયોગીએ ફળ પ્રત્યે આસક્ત રહેવું જોઈએ નહિ. નિષ્કામ કર્મ કરવા તેને જ ગીતા કર્મયોગ કહે છે. કર્મોના અમાપ મહાસાગરમાંથી માણસે પોતાના કર્મો - પોતાના કરવા યોગ્ય કર્મ એટલે કે પોતાનો સ્વધર્મ શોધી લેવો પડે છે. આ સંસારમાં માણસ સતત કર્મથી વીંટળાયેલો એવો એક ક્ષણ પણ તે કર્મ કર્યા વગર રહી શકતો નથી.* न हि कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत् । *આ ઉપરાંત ગીતાએ કર્મ, અકર્મ, વિકર્મ એવાં કર્મના ત્રણ ભાગ કરીને સ્વીકાર્ય અને અસ્વીકાર્ય કર્મના રહસ્યને સમજાવ્યું છે.*

- **સમદર્શિતા**

*મનુષ્યે પોતાની જાતે જ પોતાનો ઉદ્ધાર કરવો જોઈએ. દરેક મનુષ્ય પોતે જ પોતાના મિત્ર છે, પોતે જ પોતાનો શત્રુ છે. પોતાની અધોગતિ થવા દેવી નહીં. જે શીતોષ્ણ, સુખ દુઃખ તથા માન-અપમાનમાં સમાહિત છે, જ્ઞાન અને વિજ્ઞાનથી તૃપ્ત આત્મા વાળો છે, જેણે પોતાની ઈન્દ્રિયોને જીતી છે અને માટી, પથ્થર તથા સોનાને પણ એક સરખા માને છે તેવી સમદષ્ટિ વાળો યોગી યુક્ત એટલે કે સાચો યોગી કહેવાય છે. મિત્ર, શત્રુ, તટસ્થ, મધ્યસ્થ, દ્વેષપાત્ર, બંધુ, સજ્જન અને પાપી ઉપર પણ જેની બુદ્ધિ સમ - સરખી છે, તે મનુષ્ય શ્રેષ્ઠ છે. જે વેદને જાણનાર બ્રાહ્મણ અને ચાંડાલને, ગાય અને કૂતરાને સમાન ભાવથી જુએ છે તે સમદર્શી છે. ધ્યાન યોગમાં પ્રવેશ માટે આ ગુણ અતિ આવશ્યક માનવામાં આવે છે.*

- **ભક્તિયોગ**

*શ્રીમદ્ ભગવદ્ગીતા મનુષ્યને નિષ્કામ ભાવે જીવન પર્યંત કર્મ કરતાં રહેવાનો ઉપદેશ આપે છે. નિષ્કામ કર્મ કરવા માટે અહંકારનો ત્યાગ કરવો જોઈએ. અહમ્ નો નાશ થઈ શકતો નથી. પરંતુ તેને એક મોટા શાશ્વત અસ્તિત્વનો ભાગ બનાવી દેવો, અથવા તેનો બ્રહ્મમાં એટલે કે પરમાત્મામાં વિલાય કરવો જોઈએ. હવે પરમાત્મામાં વિલીન થવા માટે પહેલાં તો પરમાત્માને ઓળખવા જરૂરી છે. પરમાત્મા અવ્યકત છે અને મનથી પણ અચિન્ત્ય છે. આવા પરમાત્માને કેવી રીતે ઓળખાય ? તેમની ઉપાસના કેવી રીતે કરવી ? પરમાત્માની ઉપાસના સુગમ થઈ પડે, તે માટે આપણા શાસ્ત્રોમાં અવ્યકતના કોઈ વ્યક્ત પ્રતીક કે મૂર્તિની કલ્પના કરવામાં આવી છે. આ મૂર્તિની સાથે લાગણીથી પોતાના વ્યક્તિત્વને જોડી દેવું, તથા પોતાના ક્ષુદ્ર, અહંપ્રેરિત કર્મોને બદલે તેની સેવા પૂજાના કર્મોમાં ઓતપ્રોત રહેવું. તેમ કરતાં કરતાં છેલ્લે પોતાના સઘળા કર્મોથી સર્વત્ર રહેલા પરમાત્માની પૂજા કરવી, પોતાના કર્મો પરમાત્માને જ સમર્પવા; તેનું નામ ભક્તિયોગ. અથવા ભક્તિયોગ એટલે પરમાત્માના સ્વરૂપ પ્રત્યે પરમ પ્રેમથી જોડાવું તે.*

**ભકત્તના પ્રકારો :** *ગીતામાં ભક્તના ચાર પ્રકાર ગણાવ્યાં છે : આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. આર્ત એટલે દુઃખી, અત્યંત દુઃખમાં આવી પડેલો ભગવાનને આર્તનાદ કરે છે. તે વખતે તે ભગવાન સાથે એકાકાર થઈ જાય છે. ગજેન્દ્રમોક્ષના પ્રસંગમાં ગજેન્દ્ર આવો ભક્ત છે. ભગવાનના સ્વરૂપને કુતૂહલથી જાણવા ઈચ્છતો જિજ્ઞાસુ ભક્ત છે. ધન કે એવી બીજી વસ્તુ મેળવવાની ઈચ્છાથી ભક્તિ કરનારો સ્વાર્થી ભક્ત છે. અને ઘટ ઘટમાં રહેતાં ભગવાનના સ્વરૂપને યથાર્થ ઓળખી, તેને સમર્પિત થનારો "જ્ઞાની" ભક્ત છે. પહેલા ત્રણ પ્રકારના ભક્ત એક યા બીજા હેતુથી ભગવાન તરફ વળે છે. જ્યારે ચોથા પ્રકારનાં જ્ઞાનીભક્તને 'આ બધું વાસુદેવ છે' એવું ભાન થઈ ગયેલું છે. એટલે તેના બધા જ વ્યવહારમાં ભક્તિ હોય છે. માટે જ ભગવાન કહે છે કે મને આ બધાંમાં જ્ઞાની ભક્ત વધારે પ્રિય છે.*

- **જ્ઞાનયોગ**

*ગીતામાં જ્ઞાનનું નિરૂપણ કરતાં કહ્યું છે કે -*
" न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते " *આ સંસારમાં જ્ઞાન સમાન અન્ય કંઈ પવિત્ર કરનાર વસ્તુ નથી. કારણ કે તે અજાણતાં થયેલા કર્મબંધનને બાળીને ભસ્મ કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો જ્ઞાન એટલે વિવેક બુદ્ધિ. શું કરવું અને શું ન કરવું તેમની વચ્ચેનો વિવેક સમજાવતી બુદ્ધિ.*

*ગીતામાં જ્ઞાનનાં ત્રણ પ્રકાર બતાવ્યાં છે : સાત્વિકજ્ઞાન, રાજસીજ્ઞાન અને તામસીજ્ઞાન. જે જ્ઞાન એટલે કે સમજણ અનેકમાં એક પરમાત્માને દેખતાં કરે, તે સાત્વિકજ્ઞાન. જે જ્ઞાન અનેકને અનેક માનતું રાખે તે રાજસી જ્ઞાન. અને જે જ્ઞાનમાં કોઈ*

*પણ પ્રકારની વિવેકબુદ્ધિ ન હોય, કોઈપણ પ્રકારની તત્ત્વદૃષ્ટિ નાં હોય તે તામસીજ્ઞાન કહેવાય છે. જ્ઞાનપ્રાપ્તિની ઝંખના જેને હોય તેણે આ ગુણ કેળવવા પડે :*

**अमानित्वमदम्भित्वमहिंसाक्षान्तिरार्जवम् ।**
**आचार्योपासनं स्थैर्यमात्मविनिग्रह: ॥**

*એટલે કે અમાનીપણું, દંભથી દૂર રહેવું, મનથી પણ કોઈના માટે ખોટું ન વિચારવું, ક્ષમા આપવાનો ભાવ, સરળતા, આચાર્ય (સમજદાર વ્યક્તિ)ની સેવા, શરીર અને મનની પવિત્રતા,મક્કમ મનોબળ અને પોતાની જાત ઉપર કાબુ.*

*આમ જ્ઞાન એટલે માત્ર સૈદ્ધાંતિક સમજણ નહિ, પણ આત્મશુદ્ધિ અને આધ્યાત્મિક દર્શનનું પ્રાગટ્ય. માણસ પોતાની સંકુચિત વૃત્તિનો વિશાળ બ્રહ્મમાં વિલય કરી નાખે ત્યારે તેનું બ્રહ્મનિર્વાણ થાય છે. તેને બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે, તે બ્રહ્મીભૂત થાય છે. જ્ઞાની માણસ જીવન મુક્ત બની જાય છે.*

## ૩. ૫ ગીતાના અધ્યાયો અને વિભાગોના પ્રચલિત નામ

*૧. અર્જુનવિષાદ યોગ (કર્મયોગમાં)*
*૨. સાંખ્ય યોગ (કર્મયોગમાં)*
*૩. કર્મ યોગ (કર્મયોગમાં)*
*૪. જ્ઞાનકર્મસંન્યાસ યોગ (કર્મયોગમાં)*
*૫. કર્મસંન્યાસ યોગ (કર્મયોગમાં)*
*૬. આત્મસંયમ યોગ (કર્મયોગમાં)*
*૭. જ્ઞાનવિજ્ઞાન યોગ (ભક્તિયોગમાં)*
*૮. અક્ષરબ્રહ્મ યોગ (ભક્તિયોગમાં)*
*૯. રાજવિધ્યારાજગુહ્ય યોગ (ભક્તિયોગમાં)*
*૧૦. વિભૂતિ યોગ (ભક્તિયોગમાં)*
*૧૧. વિશ્વરૂપદર્શન યોગ (ભક્તિયોગમાં)*
*૧૨. ભક્તિ યોગ (ભક્તિયોગમાં)*
*૧૩. ક્ષેત્રક્ષેત્રજ્ઞ યોગ (જ્ઞાનયોગમાં)*
*૧૪. ગુણત્રયવિભાગ યોગ (જ્ઞાનયોગમાં)*
*૧૫. પુરુષોત્તમ યોગ (જ્ઞાનયોગમાં)*
*૧૬. દેવાસુરસંપદ્વિભાગ યોગ (જ્ઞાનયોગમાં)*
*૧૭. શ્રદ્ધાત્રયવિભાગ યોગ (જ્ઞાનયોગમાં)*
*૧૮. મોક્ષસંન્યાસ યોગ (જ્ઞાનયોગમાં)*

## ૩. ૪ વિવેચન અને ભાષ્ય

૧. જગદગુરુ આદિશંકરાચાર્યએ સંસ્કૃતભાષામાં પોતાનું ભાષ્ય રચ્યું.
૨. 13મી સદીમાં સંત જ્ઞાનેશ્વરે મરાઠીમાં બધાને સમજાય તેવી ભાષામાં જ્ઞાનેશ્વરી ગીતા લખી.
૩. લોકમાન્ય તિલકે ગીતા રહસ્ય નામે ગ્રંથ લખ્યો
૪. સ્વામી વિવેકાનંદે ભક્તિયોગ, જ્ઞાનયોગ અને રાજયોગ પર પ્રવચન આપેલા છે.
૫. મહાત્મા ગાંધીએ અનાસક્તિયોગ એવા નામથી ગીતાનો ગુજરાતીમાં અનુવાદ લખ્યો.
૬. વોરન હેસ્ટીંગ્સે ચાર્લ્સ વિલ્કિન્સ પાસે ભગવદ્‌ગીતાનો અનુવાદ અંગ્રેજીમાં કરાવ્યો અને પ્રકાશિત કર્યો. આ અનુવાદ અંગ્રેજીમાં પ્રથમ ગણાય છે.
૭. શ્રી યોગેશ્વરજી દ્વારા ભગવદ્ ગીતાનો ગુજરાતી પદ્યાનુવાદ સરળ ગીતા એવા નામે તૈયાર થયો.
૮. શ્રી રામસુખદાસજી દ્વારા સાધક સંજીવની નામે ભગવદ્ ગીતા ટીકા રચાયી.
૯. શ્રી મુક્તાનંદ સ્વામીએ હિન્દી પદ્યાનુવાદ કર્યો.
૧૦. શ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલે દ્વારા ‘ગીતા તેના સાચા અર્થ’માં એવા ભાવથી गीतामृतम् ગ્રંથ રચાયો.
૧૧. ISKCON સંસ્થાપક શ્રી એ. સી. ભક્તિ વેદાંત સ્વામી પ્રભુપાદે રચેલું ભક્તિપૂર્ણ ભાષાંતર ભગવદ્ ગીતા તેના મૂળ રૂપે પણ જાણીતું છે. .
૧૨. ઍડવીન આર્નોલ્ડે પણ ગીતાનો અનુવાદ અંગ્રેજીમાં કર્યો તેનું નામ છે - ધ સોંગ સેલેશીયલ.
૧૩. સ્કલેગેલે ગીતાનો લેટીનમાં અનુવાદ 1823માં કર્યો.
૧૪. વૉન હમબોલ્ટે ગીતાનો જર્મનમાં અનુવાદ 1826માં કર્યો.
૧૫. લેસેન્સે ગીતાનો અનુવાદ ફ્રેન્ચમાં 1846માં કર્યો.
૧૬. ગાલાનોસે ગીતાનો અનુવાદ ગ્રીકમાં 1848માં કર્યો.

## ૩. ૫ સ્વાધ્યાય

૧. શ્રીમદ ભગવદ ગીતાનો વિસ્તૃત પરિચય કરાવો.

**લેખક : ડૉ. શ્રીધર સનાતનભાઈ વ્યાસ** - નિયામકશ્રી, બ્રહ્મચારીવાડી ઈન્સ્ટીટ્યૂટ ઓફ સંસ્કૃત સ્ટડીઝ, અમદાવાદ

## એકમ-4 અભિજ્ઞાનશાકુન્તલમ


૪. ૧ પ્રસ્તાવના

૪. ૨ અભિજ્ઞાનશાકુન્તલમ : કૃતિપરિચય

૪. ૩ સ્વાધ્યાય

૪. ૪ કવિ પરિચય


### ૪. ૧ પ્રસ્તાવના

*અભિજ્ઞાનશાકુન્તલ આ નાટક કાલિદાસનું પરિણત પ્રજ્ઞાનું ફળ કહેવાયું છે. ભારતીય નાટકોમાં તો આ નાટક સર્વશ્રેષ્ઠ ગણાય છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ આ નાટકને ઉત્તમ કોટિમાં મૂક્યું છે.*

**કથાવસ્તુ :-** *સપ્તાંકી એવા આ નાટકના પહેલા અંકમાં હસ્તિનાપુરનો રાજા દુષ્યન્ત શિકાર કરવા માટે વનમાં જાય છે. ત્યાં વૃક્ષોને પાણી પીવડાતી શકુન્તલા, પ્રિયંવદા અને અનસૂયા નામની ત્રણ કન્યાઓને જૂએ છે. તેમાંથી અતિશય રૂપવતી શકુન્તલા પ્રત્યે આકર્ષિત થાય છે. એક ભમરો શકુન્તલાના મુખની આજુબાજુમાં ઊડવા લાગે છે, જેથી શકુન્તલા ડરી જાય છે. આ ક્ષણે રાજાને પ્રત્યક્ષ થવાનો મોકો મળી જાય છે. બન્ને એકબીજાને જોઈને આકૃષ્ટ થઈ જાય છે. એટલે કે પ્રથમ દૃષ્ટિના પ્રણયની શરૂઆત થઈ જાય છે. રાજા દુષ્યન્તને ખબર પડે છે કે શકુન્તલા મેનકા અને વિશ્વામિત્રની પુત્રી છે અને તેના માટે યોગ્ય એવી ક્ષાત્રકન્યા જ છે. બીજા અંકમાં દુષ્યન્ત અને શકુન્તલા બન્ને એકબીજાને પોતાના પ્રણયનો એકરાર કરી દે છે. રાજા પોતાના પ્રણયની વાત વિદૂષકને કહી દે છે. આશ્રમમાં આવતા વિઘ્નોને દૂર કરવા ઋષિઓ રાજા દુષ્યન્તને થોડા દિવસ રોકાવવાનું કહે છે, કારણ કે કુલપતિ કણ્વ ઋષિ તે વખતે આશ્રમમાં હોતા નથી. આ બાજુ હસ્તિનાપુરથી રાજમાતા પુત્રપિંડપાલનવ્રતને પૂર્ણ કરવા માટે દુષ્યન્તને તાત્કાલિક બોલાવે છે. ત્રિશંકુ જેવી સ્થિતિમાં રહેલો રાજા છેવટે વિદૂષકને રાજધાની મોકલે છે અને પોતે આશ્રમમાં રક્ષક તરીકે રહે છે. ત્રીજા અંકમાં રાજા અને શકુન્તલા પરસ્પર ગાન્ધર્વલગ્નથી જોડાય છે અને શકુન્તલાને લઈ જવાનું વચન આપી દુષ્યન્ત રાજધાનીમાં જાય છે. ચોથા અંકમાં શકુન્તલા વિરહદુઃખથી પીડિત છે ત્યારે તે જ સમયે દુર્વાસા ઋષિનું સ્વાગત કરવાનું ચૂકી જાય છે. તેથી દુર્વાસા ઋષિ 'જેને તું યાદ કરે છે તે તને ભૂલી જશે' એવો શ્રાપ આપે છે. સખીઓની પ્રાર્થનાથી કંઈક પીગળીને મુનિએ શાપમાં સુધારો કરે છે કે કોઈ ઓળખ (અભિજ્ઞા) બતાવવામાં આવશે તો શ્રાપ દૂર થશે. કણ્વ ઋષિ આશ્રમમાં આવ્યા ત્યારે તેમણે સગર્ભા શકુન્તલાને અનુમોદન આપીને પતિગૃહે મોકલવાની તૈયારી*

*કરી. પ્રકૃતિના વર્ણન તથા પિતા-પુત્રીના વિદાયપ્રસંગનું સુંદર નિરૂપણ આ અંકમાં કરવામાં આવ્યું છે. પાંચમા અંકમાં રાજાને ત્યાં શકુન્તલા અને તેની સાથે ગૌતમી, શાર્ઙ્ગરવ અને શારદ્વત જાય છે. દુર્વાસા ઋષિના શ્રાપને કારણે રાજા શકુન્તલાને ભૂલી ગયો હોય છે. હંસપદિકાના ગાનથી તેની સ્મૃતિ આંદોલિત થાય છે પણ વિશેષ કંઈ થતું નથી. તે શકુન્તલાને પરસ્ત્રી સમજીને સ્વીકારવાની ના પાડી દે છે. બે સત્યોના દ્વન્દ્વનું સુંદર આલેખન કરીને કવિએ આ અંકને નાટકીય રીતે સુંદર બનાવ્યો છે. શકુન્તલા નિશાની તરીકે વીંટી પણ બતાવી શકતી નથી કારણ કે શચીતીર્થમાં અર્ઘ્ય આપતી વખતે નદીમાં પડી ગઈ હતી. છેવટે મેનકા પોતાની પુત્રીને અચાનક એક આશ્રમમાં લઈ જાય છે. છટ્ઠા અંકમાં એક માછીમાર રાજાની વીંટી વેચતો પકડાઈ જાય છે. તેને આ વીંટી એક રોહિત મત્સ્યના પેટમાંથી મળી હતી. વીંટી રાજાને મળતાં જ તેને શકુન્તલાની યાદ આવી જાય છે. પછી તો વિરહાકુલ થઈને રાજા ઘણો સમય વિતાવતો દુઃખમાં તપ્ત થયેલો રહે છે. દેવોને એક યુદ્ધમાં તેની મદદની જરૂર હોવાથી ઈન્દ્રના રથના સારથિ એવા માતલિ સાથે સ્વર્ગમાં જાય છે. છેલ્લા અંકમાં વિજય પ્રાપ્ત કરીને પાછો ફરતો દુષ્યન્ત મારીચ ઋષિના આશ્રમમાં રોકાય છે. ત્યાં તે સિંહોના દાંત ગણતો પુત્ર સર્વદમન તથા શકુન્તલાને મેળવીને ધન્યતા અનુભવે છે. શ્રાપની આ પ્રતિક્રિયા હતી એમ જણાતાં બધાં નિર્મળ થઈ જાય છે. છેવટે નાયક – નાયિકાનું પુનર્મિલન થતાં આ નાટક સુખાન્ત બને છે.*

## ૪. ૨ અભિજ્ઞાનશાકુન્તલમ : કૃતિપરિચય

**<u>સમીક્ષાઃ</u>-** *મહાકવિ કાલિદાસનું આ નાટક તેમના ગ્રન્થોમાં જ શ્રેષ્ઠ છે એમ નથી, પરંતુ આ નાટક વિશ્વસાહિત્યના નાટકોની હારમાળામાં પણ અગ્રતાક્રમ ધરાવે છે. આ નાટકનું મૂળ કથાનક પ્રાચીન છે. મહાભારતના આદિપર્વમાં શકુન્તલા તથા દુષ્યન્તના પ્રણય અંગેનું આખ્યાન ૬૮ થી ૭૪ અધ્યાય સુધી વર્ણવવામાં આવ્યું છે. મૂળકથામાં આ કથાનક નીરસ જણાય છે. તદનુસાર દુષ્યન્ત આશ્રમમાં આવે છે. કણ્વ ઋષિ ઉપસ્થિત ન હોવાથી શકુન્તલાની સાથે તેની આંખ મળે છે. બન્ને વચ્ચે એકબીજા માટે પ્રેમ જાગે છે, પરંતુ કોઈ પ્રૌઢ વ્યવહાર કુશળ રાણીની જેમ શકુન્તલા બહુપત્નીત્વવાળા દુષ્યન્ત સાથે વિવાહ કરતા પહેલા શરત મૂકે છે કે જો તે પોતાના પુત્રને તેનો ઉત્તરાધિકારી બનાવે તો જ તેની સાથે વિવાહ કરશે એવું વચન માંગે છે. બન્નેનું પ્રેમમિલન થાય છે. રાજા તેને છોડીને પોતાના રાજકાર્યમાં લાગી જાય છે. સમય જતાં શકુન્તલાને પુત્રરત્નની પ્રાપ્તિ થાય છે. પુત્ર મોટો થતાં કણ્વ ઋષિ રાજાની પાસે પુત્રની સાથે શકુન્તલાને મોકલે છે, પરંતુ રાજા તેનો અસ્વીકાર કરે છે. એ જ સમયે આકાશવાણી થાય છે કે -* .भरस्व पुत्रं दौष्यन्ति सत्यमाह शकुन्तला *(શકુન્તલા સાચું કહે છે, પુત્ર તમારો જ છે. તેનું રક્ષણ કરો) રાજા ત્યારે કહે છે કે આ બાબતે હું જાણતો જ હતો પણ મારા સભાસદોની સામે સ્વીકાર કરવામાં અટકાતો હતો. આકાશવાણી પર વિશ્વાસ કરીને તે શકુન્તલાને પોતાના હૃદયમાં અને પછી તેના મહેલમાં પટરાણી તરીકેનો દરજ્જો આપે છે. આટલું જ મહાભારતનું કથાનક છે. અહીં દુષ્યન્ત સમાજભિરુ વ્યક્તિ છે. શકુન્તલા અત્યન્ત સમજદાર સ્ત્રી છે.*

આ સંક્ષિપ્ત અને નિષ્પ્રાણ કથાવસ્તુને કાલિદાસે તેમની કલમ દ્વારા એટલું સુંદર બનાવ્યું છે કે વિવેચકો યુગો સુધી તેની વિવેચના કરતા થાકતા નથી. કાલિદાસના અભિજ્ઞાનશાકુન્તલના કથાવસ્તુનું તેજ વિદગ્ધી હૃદયને સ્નિગ્ધ કરી દે છે, આદર્શવાદીઓની સામે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ આદર્શની સૃષ્ટિ ઊભી કરી દે છે, સૌન્દર્ય તથા પ્રેમનું ,સ્વાર્થ તથા પરમાર્થનું , લોક તથા પરલોકનું અનુપમ સામંજસ્ય ઉપસ્થિત કરે છે.

કાલિદાસે મહાભારતના સંક્ષિપ્ત કથાવસ્તુના પાત્રોની માવજત કરવા માટે અનેક પરિવર્તન કર્યા છે. શકુન્તલાના ચારિત્ર્યની રક્ષા કરવા માટે તેમણે અનસૂયા અને પ્રિયંવદા જેવી સખીઓની કલ્પના કરી છે, જે પોતાની બહેનપણીના ભવિષ્યની ચિન્તા કરીને એને ચિન્તામુક્ત કરે છે. દુષ્યન્તના આદર્શ ચરિત્ર માટે દુર્વાસાના શ્રાપની કલ્પના પ્રસ્તુત કરી છે. દુષ્યન્ત જાણી જોઈને શકુન્તલાને ભૂલી જતો નથી, પરંતુ તેના પર કોપિત દુર્વાસા ઋષિના શ્રાપનો પ્રભાવ જોવા મળે છે. અહીં રાજા મહાભારતના દુષ્યન્તની જેમ પોતાની આબરુ સાચવવા માટે શકુન્તલાને ભૂલી જતો નથી. તે તો એક મોટા અભિશાપનો શિકાર બનીને પોતાની જાતને જ ભૂલી ગયા હોય તેમ લાગે છે. પાંચમા અંકથી સાતમા અંક સુધીનું કથાવસ્તુ કે જેમાં શકુન્તલા પ્રત્યાખ્યાન, તેનું તપ અને પુનર્મિલન વગેરે પ્રસંગોમાં કવિના મસ્તિષ્કની ફળદ્રુપતા જોવા મળે છે. આ રીતે જોઈએ તો શાકુન્તલનું કથાનક બે વિરોધી દ્વન્દ્વોનો સંઘર્ષ દર્શાવતું બન્યું છે. આ બે દ્વન્દ્વ છે કામ અને ધર્મ, વાસના અને કર્તવ્ય. નાટકની શરૂઆતના ત્રણ અંકોમાં કામનું સામ્રાજ્ય છે અને પછીના અંકોમાં ધર્મનો વિજય બતાવવામાં આવ્યો છે. વાસનાના વશમાં રહેવાથી રાજા અધોગતિ તરફ પ્રયાણ કરતો હોય તેમ લાગે છે, પરંતુ કર્તવ્યપથ પર આવે છે ત્યારે તેની ઊર્ધ્વગતિ થાય છે.

- **<u>નાટ્યકલા</u> :-**

અભિજ્ઞાનશાકુન્તલ કાલિદાસની અનુપમ કૃતિ છે. આ નાટકની શરૂઆતથી માંડીને અન્ત સુધી તેની નાટ્યકલાનું પ્રશંસનીય નિદર્શન થયેલું છે. સાહિત્યની દૃષ્ટિએ તો આ નાટક શ્રેષ્ઠ જ છે , પરંતુ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ તેનું સ્થાન અનેરું છે. ચોથા અંકમાં (अयमहं भो : ) હું અહીં આવ્યો છું – ઊંચેથી બોલાયેલ આ સંવાદ પવિત્ર તપસ્વીજન માટે આહ્વાન કરવાવાળા , દુર્વાસા ઋષિનો અરણ્યવાસ, સાદું જીવન, વિલાસરહિત આચરણ અને તપશ્ચર્યાનું પ્રતીક છે. ચોરીછૂપીથી સ્ત્રીઓની વાતો સાંભળતો દુષ્યન્ત વિલાસિતાનું પ્રતીક છે. દુર્વાસાનો તિરસ્કાર કરીને દુષ્યન્તને પોતાનું હૃદય આપવાવાળી શકુન્તલાની દયનીય સ્થિતિ જોઈને કોના હૃદયમાં સહાનુભૂતિ ન થાય ! તપોમાર્ગને અપનાવીને નિતાન્ત શાન્તિ તથા નિત્ય અક્ષય સુખની પ્રાપ્તિ જોઈને કયો મનુષ્ય તપોમય જીવન જીવવાની શિક્ષા ગ્રહણ ન કરે ? શકુન્તલાની દુર્દશાને બતાવીને કાલિદાસે ગાન્ધર્વ – વિવાહની પ્રથાને દૂષિત બતાવી છે. એ રીતે જોઈએ તો કાલિદાસની નાટ્યકલા અન્ય નાટ્યકારોથી એકદમ જ ભિન્ન અને યશસ્વી જોવા મળે છે.

● **<u>ચરિત્રચિત્રણ</u> : -**

*ચરિત્રચિત્રણ એ કાલિદાસની આગવી વિશિષ્ટતા હોય એમ લાગે છે. આ નાટકના દરેક પાત્રો અને પદાર્થોનું ચિત્રણ કાલિદાસની આગવી પ્રતિભા સિદ્ધ કરવા માટે પર્યાપ્ત છે. ચોથા અંકમાં કાલિદાસનો પ્રકૃતિ માટેનો પ્રાકૃતિક પ્રેમ જોવા મળે છે. પ્રકૃતિદેવીનું સજીવ નિરૂપણ થયું હોવાથી નાટક સ-રસ બન્યું છે. પ્રથમ અંકમાં આવતું આશ્રમનું વર્ણન તાદૃશ છે. અનસૂયા, પ્રિયંવદા જેવા સજીવ પાત્રોની જેમ જ તપોવન પણ સજીવ બન્યું છે. તપોવન વગરની શકુન્તલા એ કાલિદાસની કલ્પના ન જ હોય. તપોવનનો પ્રભાવ શકુન્તલાના પાત્રમાં જોઈ શકાય છે. સાચો પ્રેમ મેળવવાનું શ્રેષ્ઠતમ સાધન એ તપ જ છે. કઠિન તપસ્યા કર્યા વગર સાચો પ્રેમ થઈ જ શકતો નથી. જો થાય છે તો તે નરી કામવાસના જ હોય છે. જ્યાં સુધી કામ વિરહાગ્નિમાં તપ્ત નથી થતો ત્યાં સુધી તે શુદ્ધ અને પવિત્ર નથી બનતો. દુષ્યન્ત શુકન્તલાના પ્રથમ દૃષ્ટિના પ્રણયની પ્રાથમિક અવસ્થામાં કંઈક અંશે સ્વાર્થ જોવા મળે છે. પરંતુ જ્યારે પ્રત્યાખ્યાન કર્યા પછી શકુન્તલા શાન્ત મનથી મારીચ ઋષિના આશ્રમમાં તપસ્યા કરવામાં લીન થઈ જાય છે અને દુષ્યન્ત પોતે પશ્ચાત્તાપ તથા વિયોગના દારુણ અગ્નિમાં પોતાને તપાવીને શુદ્ધ કરે છે ત્યારે તેની સામે સાચા પ્રેમની પ્રતિમારૂપી શકુન્તલા પ્રગટ થાય છે. આ શકુન્તલાનું પાત્ર એ કાલિદાસની પાત્રનિરૂપણ કલાનું શ્રેષ્ઠતમ ઉદાહરણ છે. કાલિદાસના હાથે નિર્જીવ દુષ્યન્ત સજીવ બની જાય છે. દુષ્યન્ત પ્રજાવત્સલ અને ઉદાત્તચરિત્ર ધરાવતો નાયક છે. ઋષિઓના તપોવનમાં તે શાન્ત ભાવથી પ્રવેશ કરે છે. પોતાની રાજસી વેશભૂષાને દૂર કરીને શાન્ત મનથી કણ્વ ઋષિના આશ્રમમાં પ્રવેશ કરે છે. મુનિકન્યાઓ સાથે સભ્યતાથી વાતચીત કરે છે. આશ્રમવાસીઓની રક્ષા કરવા માટે પોતાની માતાના વ્રતના આગ્રહને ટાળીને આશ્રમમાં જ નિવાસ કરે છે. ગાન્ધર્વવિધિથી શકુન્તલા સાથે લગ્ન કરે છે. તેને પોતાના રાજ્યમાં બોલાવવાનું વચન પણ આપે છે, પરંતુ દુર્વાસાના શ્રાપને કારણે પોતાની પ્રિયતમાને ભૂલી જાય છે. હરણના શિકાર કરવા માટે આવેલો તે પોતે જ કામનો શિકાર બની જાય છે. પરંતુ છઠ્ઠા અને સાતમા અંકમાં રાજાનું ચરિત્ર ઉત્કૃષ્ટ કક્ષા સુધી પહોંચી જાય છે, જ્યાં કામનો ધર્મની સાથે કોઈ વિરોધ રહેતો નથી. ભોગ અને યોગનું અનુપમ સામંજસ્ય સધાયેલું જોવા મળે છે. કાલિદાસના પુરુષપાત્રો કરતાં સ્ત્રીપાત્રો ચઢિયાતા હોય છે. તેમના બધા જ સ્ત્રીપાત્રો નિરપરાધી છતાં દુઃખી હોય છે. શકુન્તલાના ચરિત્રચિત્રણમાં તો કવિની અસાધારણ પ્રતિભાનો પરિચય થાય છે. પ્રકૃતિના સંરક્ષણમાં તેના સૌન્દર્યનો વિકાસ થયો છે. તે વનકન્યાની સાથે પ્રકૃતિબાળા પણ છે. પૂર્ણતાએ વિકસેલું તેનું અનુપમ યૌવન અને મુગ્ધાપણું દુષ્યન્તને સાહજિક રીતે જ આકર્ષે છે. દુષ્યન્ત તેને સર્વ સ્ત્રીઓથી ભિન્ન માને છે. કાલિદાસની શકુન્તલા તો ન સૂંઘાયેલું પુષ્પ, વણવીંધ્યું મોતી કે અભિનવ મધ છે, તથા અખંડ પુણ્યોના ફલસ્વરૂપ છે. તેનામાં નારીના આત્માભિમાન અને સચ્ચારિત્ર્ય જોવા મળે છે. મહર્ષિ કણ્વની શાન્તિ, મેનકાનું સૌન્દર્ય અને વિશ્વામિત્રનું સ્વાભિમાન પ્રગટ થયેલા જોવા મળે છે. સંક્ષેપમાં કહેવું હોય તો એમ*

ચોક્કસ કહી શકાય કે શકુન્તલા સ્નેહ, કરુણા, લજ્જા અને લાવણ્યની મૂર્તિ છે. નાયક નાયિકાના મુખ્ય પાત્રો સિવાય કવિએ ગૌણ પાત્રને પણ સ્વતન્ત્ર વ્યક્તિત્વ આપીને યોગ્ય રીતે વિકસિત કર્યા છે. અનસૂયા, પ્રિયંવદા, મહર્ષિ કણ્વ, વિદૂષક વગેરે નાટકમાં ગૌણ હોવા છતાં વિશિષ્ટ વ્યક્તિત્વ ધરાવે છે. પ્રકૃતિને પાત્ર બનાવવાની કાલિદાસની પ્રતિભા નાટકને ચિરસ્મરણીય બનાવે છે.

- **<u>પ્રકૃતિનિરૂપણ :-</u>**

મહાકવિ કાલિદાસ પ્રકૃતિકવિ છે. તેથી માનવના વ્યક્તિત્વને આગવું સૌન્દર્ય પ્રકૃતિના માધ્યમથી ખૂબ જ સારી રીતે અપાવી જાણે છે. તપોવનના શાન્ત સ્વાભાવિક વાતાવરણમાં વૃક્ષો અને લતાઓને જલપાન કરાવતી ન દેખાઈ હોત તો શકુન્તલા શકુન્તલા જ ન લાગત. પ્રકૃતિના વાતાવરણમાં પ્રસંગો સ્વાભાવિકતા, વિશાળતા અને સર્વસ્પર્શિતા ધારણ કરે છે. ચોથા અંકમાં શકુન્તલા વિદાયના પ્રસંગે આખું તપોવન વિરહનો ભાવ અનુભવે છે. વનદેવતા શકુન્તલાને ભેટો આપે છે. તપોવનના વૃક્ષો શકુન્તલાને શુભેચ્છા અર્પે છે અને મૃગ પણ શકુન્તલાનું વસ્ત્ર ખેંચીને જાણે કે તેને જતાં રોકે છે. અહીં પ્રકૃતિ માનવભાવ અનુભવે છે. આ ઉપરાંત અચિરપ્રવૃત્ત ગ્રીષ્મ ઋતુથી શરૂ થઈને વસન્તાગમન થતાં સુધીમાં જેમ કાળનું એક પૂર્ણ આવર્તન દોરાયું દેખાય છે તો માનવજીવનને પણ ત્યાં સુધીમાં તેની સાથે સાથે જ અનુભવનું એક આવર્તન પૂરું કર્યું છે. અહીં વાર્તાના વહેવા સાથે પ્રકૃતિ પણ બદલાતી જાય છે.

કાલિદાસે ચોથા અંકમાં પ્રકૃતિ અને માનવ સંબંધોને બહુ જ સારી રીતે શણગાર્યા છે. આશ્રમકન્યા શકુન્તલાને શણગારવા માટે પ્રકૃતિ ખૂબ જ પ્રેમથી પોતાના આભૂષણો પાથરે છે. હરણબાળ શકુન્તલાને જવા દેતું નથી. પાંદડા ખરવાના બહાને પ્રકૃતિ આંસુ વહાવે છે. પ્રકૃતિ અને માનવનો આવો સહાનુભૂતિપૂર્ણ સંબંધ અન્ય કોઈ પણ સ્થળે જોવા મળતો નથી. કાલિદાસના આ પ્રાકૃતિક દશ્યમાં તેમનો પ્રકૃતિ પ્રેમ દ્વારા કરુણ રસની વર્ણનાત્મકતાને સહજતાથી માણી શકાય છે.

એક શ્લોકમાં મહર્ષિ કણ્વ શકુન્તલાને વિદાય કરવા માટે પ્રકૃતિ પાસે માંગી રહ્યા છે.

**पातुं न प्रथम व्यवस्यति जलं युष्मास्वपीतेषु या नादत्ते प्रियमण्डनापि भवतां स्नेहेन या पल्लवम् !!**
**आद्य वः कुसुमप्रसूतिसमये यस्या भवत्युत्सवः सेयं याति शकुन्तला पतिगृहं सवैरनुज्ञायताम् !! ४ /८!!**

( હે વૃક્ષો ! શકુન્તલા પહેલા તમને પાણી પીવડાવ્યા વિના પોતે જળ પીતી ન હતી. નવા ફૂલ-પાંદડાઓના શણગારનો શોખ હોવા છતાં તમારા પાંદડાઓને તોડતી ન હતી. તે તમારામાં પહેલીવાર પુષ્પ ખીલ્યું હોય તો તેને તે ઉત્સવ મનાવતી હતા, તે શકુન્તલા આજે પતિગૃહે જઈ રહી છે. તેને જવા માટે તમે બધા આજ્ઞા આપો. )

● <u>રસનિરુપણ</u> :-

*કાલિદાસ રસસિદ્ધ કવિ છે. જે રસ પર તેમની દૃષ્ટિ પડે છે તેને તેઓ ઘુંટી ઘુંટીને જૂદી જ રીતે વ્યક્ત કરે છે. તેમાંય શ્રુંગાર અને કરુણ રસની છણાવટમાં તો કવિ વાચક - દર્શકને તન્મય બનાવી દે છે. આ નાટકમાં પ્રેમ અને કરુણતાનો અપૂર્વ સંયોગ જોવા મળે છે. ચોથા અંકમાં શકુન્તલાના વિદાય પ્રસંગે જે કારુણ્ય મૂક્યું છે તેવું કદાચ જ અન્ય કોઈ સાહિત્યમાં જોવા મળે. રાજા દુષ્યન્તની પાસે પોતાની પુત્રી શકુન્તલાને મોકલતી વખતે સંસારના વિષયથી વિમુખ થયા હોવા છતાં મહર્ષિ કણ્વની કરુણ દશા વર્ણવી છે.*

**यास्यत्यद्य शकुन्तलेति हृदयं संस्पृष्टमुत्कण्ठ्या कण्ठ: स्तम्भितबाष्पवृत्तिकलुषश्चिन्ताजडं दर्शनम् !!**
**वैकल्यं मम तावदिदृशमहो स्नेहादरण्यौकसः पीड्यन्ते गृहिणः कथं न तनयाविश्लेष्दु : खैर्नवै : !! ४/६!!**

*( આજે શકુન્તલા પતિગૃહે જતી રહેશે – આ ઉત્કંઠાને કારણે મારું હૃદય ઉચ્છવસિત થઈ રહ્યું છે. આંસુઓના અવરોધને કારણે કણ્ઠ ગદ્ ગદ્ થઈ રહ્યો છે, ચિન્તાને કારણે દૃષ્ટિ શિથિલ થઈ ગઈ છે, નજીકમાં રહેલી વસ્તુ પણ જોઈ નથી શકતો. હું તો અરણ્યવાસી છું, સંસારી ન હોવા છતાં જો દિકરીના પ્રેમને કારણે મારી આ દશા થઈ ગઈ છે તો પોતાની દીકરીને પહેલીવાર પતિના ઘરે મોકલતી વખતે ગૃહસ્થી પિતાને કેટલું દુ:ખ થતું હશે ?)*

*કાલિદાસ વિશેની દન્તકથાઓને આધારે તેમની શ્રુંગાર રસના મૂર્ધન્ય કવિ તરીકેની ગણના થાય છે. તેમના શ્રુંગાર અત્યન્ત રોચક હોય છે. તેઓ સંયોગ અને વિયોગ – એમ બન્ને શ્રુંગારના વર્ણનમાં પ્રભુત્વ ધરાવે છે. પ્રથમ ત્રણ અંકોમાં કવિએ સંભોગ શ્રુંગારનું નિરુપણ કર્યું છે. ત્યારબાદ વિપ્રલંભ શ્રુંગારના નિરુપણમાં કવિની હથોટી ખીલી ઊઠી છે. હાસ્યરસને કાલિદાસે વિદૂષક તથા અન્ય કોઈ માર્મિક પ્રસંગોને વ્યક્ત કરી ખૂબ સરસ રીતે આ નાટકમાં રજૂ કર્યો છે. વિદૂષક રાજાનો પ્રણય સચિવ તરીકે રાજાની સાથે જ રહેવાનો સ્વભાવ ધરાવતો હોય છે. નાટકના પ્રણયકથાના વિકાસ અને સંચાલનમાં સહયોગ આપવાનું મુખ્ય કાર્ય છે. અહીં વિદૂષક પોતાના વર્ગના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. નાટકીય વસ્તુના વિકાસમાં તેનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. તે રાજા દુષ્યન્તના પ્રણયનો સાક્ષી હોવા છતાં શકુન્તલા પ્રત્યાખ્યાનમાં ખૂબ સુન્દરતાથી તે બન્નેના પ્રણયને છૂપાવી રાખે છે. છઠ્ઠા અંકમાં માતલિ સાથેના સંવાદમાં તેની ઉક્તિઓ દર્શકોને હાસ્યરસથી તરબોળ કરી દે છે. તે કહે છે કે જીવન પ્રત્યે હું તે રીતે આશા છોડી દઉં છું કે જે રીતે બિલાડી દ્વારા પકડાયેલ ઉંદર.*

*કથાનક અને ભાષાના લાલિત્યને કારણે શાકુન્તલ અત્યન્ત લોકપ્રિય નાટક બન્યું છે. ઈ. સ. ૧૭૮૪ માં રોયલ એશિયાટિક સોસાયટી ઓફ બેંગાલના આદેશ પ્રમાણે સર વિલિયમ જોન્સે તેનો અંગ્રેજી અનુવાદ પ્રસ્તુત કર્યો. આ અનુવાદને વાંચીને જ વિદેશી*

*વિદ્વાનો કાલિદાસથી પ્રભાવિત થયા હતા. પ્રસિદ્ધ જર્મન કવિ ગૈરી એ શાકુન્તલને અંજલિ આપતાં કહ્યું –*

"Would thou the young years blossoms,
And the fruits of its decline
And all by which the soul is charmed,
Enraptured feasted fed.
Wouldst thou the earth and heaven itself,
In one sole name combine
I name thee O Shakuntala,
And all at once is said"

**वासन्तं कुसुमं फ़लं च युगपत् च तद् ग्रीष्मण: यत् किंचिन्मन्सो रसायनमथो सन्पर्पण मोहनम् !**
**एकीभूतमभूतपूर्वमथवा स्वर्लोकभूलोकयोरैश्वर्य यदि कोपि कांक्षति तदा शाकुन्तलं सेव्यताम् !! (पं. ताराकुमार कविरत्न)**

*વર્ષારંભતણાં પ્રસૂન, વળી જે વર્ષાંત કેરાં ફળ, આનંદે રસસાન્દ્ર આત્મ કરી જે સંતર્પી પોષે વળી*

*પૃથ્વીને વળી સ્વર્ગ બેય મળી જ્યાં ગૂંથાય એક સ્થલે, બોલાઈ જતું એહ સૌ તવ લઉં જ્યાં નામ શાકુન્તલ (શ્રીઉમાશંકર જોષી)*

*કવિકુલગુરુ કાલિદાસની કવિતાકામિનીની કમનીય કાન્તિ કયા સહૃદય વાચકને આકૃષ્ટ કરતી નથી? પ્રસાદની અગાધતા, માધુર્યનો મધુર નિવેશ, કોમળકાન્તપદાવલિ, ભાવોનું સૌષ્ઠવ, ઉપમાની અપૂર્વતા અને અલંકારોની રમણીયતા – આ બધાએ કાલિદાસની કવિતાને વિશ્વવિખ્યાત બનાવી છે.*

*કાલિદાસની કૃતિઓમાં ભારતીય સમાજ તેના બધા આદર્શો સાથે પ્રતિબિંબિત થાય છે . માત્ર ધર્મ જ નહિ. પરંતુ અર્થ અને કામ પણ તે સમાજના આવશ્યક સ્વીકૃત પુરુષાર્થો હતા. મોક્ષ તેમનું ચરમ લક્ષ્ય હતું અને માટે જ ધર્મ અર્થ કામ એ ત્રિવર્ગમાં પણ ધર્મનું સ્થાન મુખ્ય હતું. કાલિદાસ શાકુન્તલના છેલ્લા શ્લોકમાં સમાજના સૌખ્ય માટે ઈચ્છે છે.* सरस्वती श्रुतमहतां महियता *– આ રીતે વિદ્યા અને વિદ્યાવન્તોની પ્રતિષ્ઠાને કાલિદાસે સમાજશ્રેય માટે અનિવાર્ય ગણી છે. આમ, કાલિદાસની કલ્પનામાં ભારતીય સમાજના આદર્શો પૂરેપૂરા વ્યક્ત થતા હોવાથી કાલિદાસને ભારતીય સંસ્કૃતિનું મધમધતું પુષ્પ ચોક્કસ ગણી શકાય.*

## ૪.૩ સ્વાધ્યાય

*૧. અભિજ્ઞાનશાકુન્તલમ : કૃતિપરિચય કરાવો*

## ૪. ૪ કવિ પરિચય

*સંસ્કૃત સાહિત્યના ઉત્તમ મહાકાવ્યો તેમજ શ્રેષ્ઠ નાટકોનું પ્રદાન કરનારા સંસ્કૃત વિદ્વાનોએ પોતાની નમ્રતા દર્શાવવા માટે કે પછી અન્ય કોઈ કારણસર પોતાના જીવન વિશે ક્યાંયા પણ માહિતી આપી નથી. પરમતત્ત્વને મહત્ત્વ આપનાર આ મહાપુરુષો વ્યક્તિગત કીર્તિ કે ભૌતિક નામનાનો ખ્યાલ રાખતા નથી. વાલ્મીકિ અને વ્યાસની પંક્તિમાં સ્થાન પામેલ મહાકવિ કુલગુરુ કાલિદાસના જીવન વિશે પણ આધારભૂત માહિતી અપ્રાપ્ય છે. તેમ છતાં સંસ્કૃત રસિકોએ પોતાના પ્રિય કવિના જીવન વિશે અપ્રમાણભૂત કહી શકાય તેવી દંતકથાઓમાં સત્ય કેટલું તે કહી શકાય નહિ. કદાચ કાલિદાસના જીવન સાથે આ દંતકથાઓને બિલકુલ સંબંધ ન હોય એ શક્ય છે. કવિકુલગુરુ કાલિદાસનો જન્મ કાશ્મીરમાં તથા તેમની કર્મભૂમિ ઉજ્જૈનનગરી હતી તેમ ચોક્કસ કહી શકાય. વિશ્વના અન્ય કવિઓએ જે લોકપ્રિયતા અને સાર્વજનિક સમ્માન મેળવ્યાં છે તેમાં કાલિદાસની લોકપ્રિયતા અજોડ છે. મહાકવિને કોઈ ચોક્કસ સમયમાં બાંધી શકાય નહિં. તેમ છતાં મહાકવિનો જન્મ ઈ. સ. પૂ. ની પ્રથમ સદી અથવા અન્ય એક મત મુજબ ઈ. સ. ની ચોથી શતાબ્દીમાં થયો હોય તેમ કહી શકાય.*

*મહાકવિ કાલિદાસે બે મહાકાવ્યો, બે ઊર્મિ કાવ્યો અને ત્રણ નાટકો લખ્યા છે. ૧૯ સર્ગના રઘુવંશ મહાકાવ્યમાં સૂર્યવંશી રાજાઓના પરાક્રમોનું વર્ણન કરવામાં આવ્યું છે. ૮ કે ૧૭ સર્ગના કુમારસંભવ મહાકાવ્યમાં શિવ અને પાર્વતીના પુત્ર કુમાર કાર્તિકેય દ્વારા તારકાસુરના વધની કથા નિરૂપવામાં આવી છે. ૬ સર્ગના ઋતુસંહારમાં છ ઋતુઓનું વર્ણન કરવામાં આવ્યું છે. બે ભાગમાં લખાયેલા મેઘદૂત ઊર્મિકાવ્યમાં સંયોગશ્રૃંગાર અને વિયોગશ્રૃંગારનું નિરૂપણ કરી વાદળને દૂત બનાવીને પ્રેમીનો સંદેશો પહોંચાડવાની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે. માલવિકાગ્નિમિત્ર નાટકમાં શૃંગવંશીય રાજા અગ્નિમિત્ર તથા મલવિકાના પ્રણયની વાત રજૂ કરવામાં આવી છે. રાજા પુરુરવા અને સ્વર્ગની અપ્સરા ઉર્વશીના પ્રણયનું નિરૂપણ વિક્રમોર્વશીય નાટકમાં કરવામાં આવ્યું છે.*

**લેખક : ડૉ. વિષ્ણુપ્રસાદ ચંદ્રકાંત ત્રિવેદી**

**આચાર્ય :** *જી.એમ.ડી.સી. કૉલેજ, નખત્રાણા, કચ્છ.*

| એકમ-5 | કર્ણભાર : કૃતિપરિચય |
|---|---|


૫. ૧ પ્રસ્તાવના

૫. ૨ કર્ણભાર : કૃતિપરિચય

૫. ૩ સ્વાધ્યાય

૫. ૪ લેખક પરિચય

૫. ૫ સંદર્ભસાહિત્ય


## ૫. ૧ પ્રસ્તાવના

*ત્રિવેન્દ્રમના પદ્મનાભપુરમ્ સ્થિત એક લાઈબ્રેરીમાંથી મહામહોપાધ્યાય ટી. ગણપતિ શાસ્ત્રીને ઈ. સ. ૧૯૦૯માં નાટકોની કેટલીક હસ્તપ્રતો મળી આવી, જેનું અધ્યયન કરી ૧૯૧૨માં તેમણે ભાસરચિત નાટ્યકૃતિઓ તરીકે જાહેર કરી. તેને ભાસ દ્વારા રચાયેલી જાહેર કરવા માટેનો આધાર બાણભટ્ટ અને રાજશેખરે પોતાની કૃતિઓમાં કરેલા ઉલ્લેખો હતા.*

*બાણભટ્ટે કહ્યું હતું કે,* सूत्रधारकृतारम्भै: नाटकै: बहुभूमिकै: । सपताकै: यशो लेभे भासो देवकुलैरिव ॥

*અથાત્ સૂત્રધારથી શરૂ થતાં, વિવિધ પાત્રોવાળાં, પતકાસ્થાનકોવાળાં, ભાસનાં નાટકો શિલ્પો દ્વારા બનાવાતાં, વિવિધ મજલાવાળાં, ધજાપતાકાઓથી યુક્ત દેવમંદિર જેવા છે. આ શ્લોક દ્વારા ભાસનાં નાટકોની વિશેષતાઓ પ્રાપ્ત થતી હતી.*

*જ્યારે રાજશેખરે ભાસના નાટક તરીકે સ્વપ્નવાસવદત્તનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો હતોઃ*

**भासनाटकचक्रेऽपि च्छेकैः क्षिप्ते परीक्षितुम् । स्वप्नवासवदत्तस्य दाहकोऽभून्न पावकः ॥**

*અર્થાત્ વિવેચકોએ ભાસનાટકચક્રને અગ્નિમાં નાખ્યું, પણ સ્વપ્નવાસવદત્તને અગ્નિ બાળી શક્યો નહીં.*

*આ શ્લોકના આધારે સ્વપ્નવાસવદત્ત એ ભાસનું નાટક હતું તે સિદ્ધ થયું અને એ નાટકની વિશેષતાઓ રૂપે નાન્દીના સ્થાને સૂત્રધારથી પ્રારંભ પામતા આ નાટકોનો જે સમૂહ એક સાથે પ્રાપ્ત થયો તે ભાસના જ રચેલાં નાટકો છે તેમ ટી. ગણપતિ શાસ્ત્રીએ સિદ્ધ કર્યું.*

*ભાસે કુલ તેર નાટકોની રચના કરી છે, જેમાં મહાભારત આધારિત છ નાટકોઃ દૂતવાક્ય, દૂતઘટોત્કચ, કર્ણભાર, ઉરુભંગ, મધ્યમવ્યાયોગ અને પંચરાત્ર રામાયણ આધારિત બે નાટકોઃ પ્રતિમાનાટક અને અભિષેક નાટક, ઉદયનકથા પર આધારિત બે નાટકોઃ પ્રતિજ્ઞાયૌગન્ધરાયણ અને સ્વપ્નવાસવદત્ત, હરિવંશ પુરાણ પર આધારિત એક નાટકઃ બાલચરિત અને કવિકલ્પિત કથાનકવાળાં બે નાટકોઃ અવિમારક અને ચારુદત્તનો સમાવેશ થાય છે.*

## ૫. ૨ કર્ણભાર : કૃતિપરિચય

*ભાસનાટકચક્રમાં સમાવિષ્ટ તેર નાટકોમાં કર્ણભાર ટૂંકામાં ટૂંકું નાટક છે.*

**શીર્ષકઃ** कर्णस्य भारमधिकृत्य कृतं नाटकम् । *કર્ણના ભારને ધ્યાનમાં રાખીને રચાયેલું નાટક તે કર્ણભાર. કર્ણનો ભાર એટલે કે કર્ણની સેનાપતિ તરીકેની જવાબદારી એવો અર્થ સામાન્ય રીતે કરવામાં આવે છે.*

*ડૉ. જી. કે. ભટ આ ભારને 'સાયકોલોજીકલ બર્ડન' તરીકે સ્વીકારે છે. કર્ણના મન પર ભાર છે, માનસિક ચિંતા છે અને એ ચિંતા ગુરુ પરશુરામનો અભિશાપ, કવચકુંડળવિહીનતા, અર્જુન સમાન મહારથી સામેનું યુદ્ધ ઉપરાંત, માતા કુંતાને આપેલું વચનઃ આ બધું જે એકત્રિત થઈને કર્ણની માનસિક દશાને વિષાદપૂર્ણ બનાવે છે, જે 'ભાર' શબ્દ દ્વારા વ્યંજિત થઈ છે.*

*એમ. વિન્ટરનિત્ઝ આ શીર્ષકનો અર્થ આપતાં કહે છે કે,* 'The difficult task of Karna'. *કર્ણે પોતાના કવચકુંડળ એકવચની અને દાનેશ્વરી હોવાના કારણે બ્રાહ્મણની યાચનાને ધ્યાનમાં લઈને દાનમાં આપી દીધા છે અને આ કવચકુંડળ આપવાનો નિશ્ચય તેના વિનાશનું કારણ બને છે.*

*ડો. એ. ડી. પુસાલકર* 'कर्णयोः भारभूतानिकुण्डलानि दत्वा कर्णेनापूर्वा दानशूरता प्रगटीकृता। तामधिकृत्य कृतं नाटकम् ।'- *માં કર્ણ શબ્દનો અર્થ 'કાન' લે છે અને કર્ણભાર એટલે કાનને ભારભૂત બનેલ કુંડળ. આ કુંડળનું દાન કરીને તેણે અદ્ભુત પરાક્રમ દાખવ્યું છે. કર્ણને જન્મથી જ કવચ અને કુંડળ મળેલાં છે અને જ્યાં સુધી એ ધારણ કરે છે ત્યાં સુધી તેનું મૃત્યુ અસંભવિત છે. ઈન્દ્રને આ કવચ-કુંડળ દાનમાં આપીને કર્ણ ભારહીન બને છે, કારણ કે તેને પોતાના સામર્થ્ય પર વિશ્વાસ છે.*

- **નાટ્યપ્રકારઃ**

*સંસ્કૃત આલંકારિકોએ રૂપકોના કુલ દસ પ્રકાર સ્વીકાર્યા છે, જેમાં કર્ણભાર વ્યાયોગ પ્રકારનું રૂપક છે, તેમ મોટા ભાગના વિદ્વાનો સ્વીકારે છે. કારણ કે તે વ્યાયોગ*

નાટ્યપ્રકારનાં તમામ લક્ષણો ધરાવે છે. જેમ કે, આ એક અંકનું નાટક છે. નટીશૂન્ય અર્થાત્ એક પણ સ્ત્રીપાત્ર વિનાનું છે. નાયક કર્ણ, કુન્તી અને સૂર્યનો પુત્ર હોવાથી પ્રખ્યાત કુળનો છે. કર્ણ, શલ્ય, બ્રાહ્મણ વેશધારી ઈન્દ્ર; એમ પુરુષપાત્રોની સંખ્યા વધારે છે. એક જ દિવસની સમયાવધિમાં આ નાટક પૂર્ણ થાય છે. સમગ્ર નાટકમાં હાસ્ય કે પ્રણય પ્રસંગ પ્રાપ્ત થતા નથી અને આ નાટકમાં સ્ત્રીનિમિત્તક નહીં એવા ભયાનક ભાવિ યુદ્ધનો સંદર્ભ છે. અલબત્ત કેટલાંક વિદ્વાનો કર્ણભારને ઉત્સૃષ્ટિકાંક પ્રકારનું ઉપરૂપક માને છે.

- **કર્ણભાર નાટકનો પ્રેરણાસ્રોત**

કર્ણભાર નાટકનું મૂળ કથાવસ્તુ મહાભારતમાંથી લેવામાં આવ્યું છે. મહાભારતના વિવિધ પર્વોમાં આવેલી કર્ણની છૂટીછવાઈ કથાઓને એકત્રિત કરીને ભાસે આ નાટકનું સર્જન કર્યું છે.

મહાભારતના શાંતિપર્વના પાંચમા અધ્યાયમાં દાનવીર કર્ણના જીવનમાં આવેલ એક ઘાતક વિઘ્નનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. દેવરાજ ઈન્દ્ર છળકપટથી, બ્રાહ્મણવેશ ધારણ કરીને કર્ણ પાસેથી તેને જન્મની સાથે જ મળેલાં કવચ-કુંડળનું દાન માગે છે અને કર્ણ બ્રાહ્મણ વિશે રહેલા ઈન્દ્રને જાણતો હોવા છતાં, ઈન્દ્રના ઈરાદાને જાણતો હોવા છતાં તે કવચ-કુંડળનું દાન આપે છે.

મહાભારતના વનપર્વમાં સૂર્યે કર્ણને ઈન્દ્રના વિચાર બાબતે ચેતવ્યો હતો અને પોતાના કવચ-કુંડળ ન આપવા માટે સૂચન કર્યું હતું, પણ કર્ણે વિરોધ કરતાં કહ્યું હતું કે, જો કોઈ બ્રાહ્મણ પોતાની પાસે દાન માગશે તો પોતે તે દાન કરતાં અટકશે નહીં. તે પછી ભગવાન સૂર્યે કર્ણને કવચ-કુંડળના બદલામાં બ્રહ્માસ્ત્ર માગવા માટે શિખામણ આપી હતી.

મહાભારતના કર્ણપર્વમાં કર્ણ શલ્યને સારથિ બનાવવા ઈચ્છે છે. શલ્ય તેનો સ્વીકાર કરે છે, પરંતુ તેઓ શરત મૂકે છે કે પોતે કંઈપણ બોલે કર્ણ તેમને અટકાવશે નહીં અને માદ્રીના ભાઈ તથા નકુળ-સહદેવના મામા શલ્ય સતત અપ્રિય વચ્ચેનો દ્વારા યુદ્ધમાં કર્ણને હતોત્સાહ કરતા રહે છે.

જૂઠ બોલીને, પોતાને બ્રાહ્મણ બતાવીને પરશુરામ પાસેથી અસ્ત્ર-શસ્ત્રવિદ્યાની તાલીમ લઈ રહેલા કર્ણનું વૃત્તાંત અને પરશુરામના અભિશાપની કથા પણ કર્ણપર્વ અને શાંતિપર્વમાં આવેલી છે.

મહાકવિ ભાસે આ છૂટીછવાઈ કથાઓને એકત્રિત કરી, મૌલિક સુધારાઓ કરી કર્ણભાર રૂપે એક સુંદર નાટકનું સર્જન કર્યું છે.

મહાકવિ ભાસનો સમય ઈ. સ. પૂર્વે ચોથી સદીથી ઈ. સ. પૂર્વે ત્રીજી સદીનો માનવામાં આવે છે. આથી, કર્ણભારની રચના પણ ઈ. પૂ. ચોથી સદી આસપાસ થઈ

હશે, તેમ ગણી શકાય. ડૉ. પુસાલકર કર્ણભારનો ભાસની પ્રારંભિક રચનાઓમાં સમાવેશ કરે છે.

આ નાટકનો મુખ્ય રસ કરુણ છે, જે સંસ્કૃત નાટ્યસાહિત્યમાં અલગ છાપ છોડે છે. અલબત્ત, કેટલાંક વિદ્વાનો આ નાટકના મુખ્ય રસ તરીકે દાનવીર રસ દર્શાવે છે.

કૌરવ-પાંડવોના ભયાનક યુદ્ધની પાર્શ્વભૂમિ ધરાવતા આ નાટકનો નાયક કર્ણ છે. આ નાટકમાં કર્ણના કારુણ્યસભર અને છતાં ગૌરવાન્વિત અંતકાળનું વ્યંજન આપણને પ્રાપ્ત થાય છે.

કર્ણભાર એકાંકીના કથાવસ્તુને ત્રણ દશ્યોમાં વહેંચી શકાય: ૧. આરંભથી બ્રાહ્મણના વેશમાં આવેલા ઈન્દ્રના પ્રવેશ સુધી, ૨. ઈન્દ્રના પ્રવેશથી તેના નિર્ગમન સુધી અને ૩. દેવદૂતના પ્રવેશથી નાટકના અંત સુધી

કર્ણભારનો આરંભ 'नान्द्यन्ते प्रविशति सूत्रधार' થી થાય છે. (ભાસનાં નાટકો નાન્દીના સ્થાને સૂત્રધાર દ્વારા પ્રારંભ પામે છે એ લક્ષણની નોંધ બાણભટ્ટે લીધેલી છે એ આપણે આગળ જોયું છે. ) સૂત્રધારના પ્રવેશ પછી મંગળશ્લોક આવે છે. સંસ્કૃત સાહિત્યમાં દરેક કૃતિનો પ્રારંભ સ્તુતિ કે પ્રાર્થના અથવા વસ્તુનિર્દેશથી થતો હોય છે. આ નાટકના પ્રારંભે નૃસિંહરૂપી ભગવાન વિષ્ણુની સ્તુતિ મંગળશ્લોક દ્વારા કરવામાં આવી છે.

મહાભારતનું યુદ્ધ ચાલી રહ્યું છે અને એક યોદ્ધો કર્ણને યુદ્ધકાર્યનું આહવાન કરતો ઉપસ્થિત થાય છે. રાજા દુર્યોધન પોતાના સૈન્યને ઉત્સાહિત કરવા માટે યુદ્ધભૂમિ તરફ ગયો છે. તે જ સમયે કર્ણને યુદ્ધનો પડકાર ઝીલી લેવા માટે યોદ્ધો લલકારે છે. કર્ણ પોતાના સારથિ રાજા શલ્ય સાથે યુદ્ધભૂમિ તરફ આવી રહ્યો છે. તે આજે કૌરવ સૈન્યનો સેનાનાયક છે અને તેના માથે મોટી જવાબદારી આવી પડી છે, પરંતુ કર્ણને જાણે અમંગળના ઓળા પથરાતા જણાય છે. રણભૂમિમાં પરસ્પરના પ્રહારથી કપાયેલાં અંગોવાળા યોદ્ધાઓ અને ઘોડાઓ, ભાંગી પડેલા રથ, વગેરે દ્રશ્યો જોઈને મહારથિ કર્ણના શરીરમાં ધ્રુજારી છૂટે છે. તે સ્વયં યમરાજ જેટલો ક્રોધે ભરાયેલો હોવા છતાં વ્યગ્રતા અનુભવે છે. ન સમજાય એવા વિષાદે કર્ણના મન પર અગમ્ય અજંપો પાથરી દીધો છે, કોઈ અકળ સંતાપ તેની કાંતિને હરિ રહ્યો છે એવું સુભટને લાગે છે. તે કહે છે કે, 'प्राप्ते निदाघसमये घनराशिरुद्धः सूर्यः स्वभावरुचिमानिव भाति कर्णः ।' ઉનાળામાં વાદળોથી ઢંકાયેલો હોવા છતાં સૂર્ય કાંતિમાન હોય છે તેવી રીતે વિષાદથી ઘેરાયેલો કર્ણ શોભે છે.

પરંતુ કર્ણ યુદ્ધ માટે તૈયાર થયો છે તે પોતાના સારથિ શલ્યને કહે છે કે, 'यत्रासावर्जुनः तत्रैव चोद्यतां मम रथः ।' અર્થાત્ જ્યાં પેલો અર્જુન છે ત્યાં મારા રથને લઈ ચાલો. આ વાક્ય કર્ણભારમાં વારંવાર આવે છે. કર્ણનું જાણે એકમાત્ર લક્ષ્ય અર્જુન છે. અત્યાર સુધીના આપમાનો, સરખામણીઓનો હિસાબ જાણે એ ચૂકતે

કરવા માગે છે, પરંતુ તેની સાથે સાથે તેના મન ઉપર સતત એક ભાર છે; તેણે માતા કુંતીને વચન આપ્યું છે કે તે અર્જુન સિવાય અન્ય કોઈ પાંડવનો વધ નહીં કરે. વળી, જ્યારે યુદ્ધમાં ખરાખરીનો સમય આવ્યો છે ત્યારે તેને પરશુરામ દ્વારા મળેલો શાપ પણ યાદ આવે છે. તેમણે કહ્યું હતું કે, 'જા, તારી વિદ્યા તને અણીના સમયે જ ખપ નહીં લાગે. ' પોતાના આ શાપની વાત તે શલ્યને કહીને હળવો થવાનું ઈચ્છે છે.

કર્ણને લાગે છે કે જાણે તે શાપ સાચો પડવાનો આ જ સમય છે. શસ્ત્રની પરીક્ષા કરતાં શસ્ત્રો નિર્વીર્ય જણાય છે, ઘોડાઓ દીન દેખાય છે અને શંખ-દુંદુભિનો અવાજ પણ નિઃશબ્દ ભાસે છે. તેનો વિષાદ જોઈને દુઃખ અનુભવતાં શલ્યને કર્ણ દુઃખી ન થવાનું જણાવે છે. કારણકે તે માને છે કે, 'हतो वा लभते स्वर्गं जीत्वा तु लभते यश: । उभे बहुमते लोके नास्ति निष्फलता रणे ॥' અર્થાત્ મૃત્યુ પામે તે સ્વર્ગ પ્રાપ્ત કરે છે અને જીવંત રહેનાર યશ પ્રામે છે, જગતમાં બન્ને બહુમાનને પાત્ર છે. આમ, યુદ્ધમાં નિષ્ફળતા હોતી નથી. અને કર્ણ ફરી એકવાર પોતાનો રથ જ્યાં અર્જુન હોય ત્યાં લઈ જવા માટે સારથિને આદેશ કરે છે.

પછીનું દશ્ય કરુણના રંગોને વધુ ઘટ્ટ બનાવે છે. આપણને નેપથ્યમાંથી એક ઘેરો અવાજ સંભળાય છેઃ 'કર્ણ! હું મોટી ભિક્ષા માગું છું. '(महतरां भीक्षां याचे ।) અર્જુનના વિજયની ઈચ્છા રાખનાર ઈન્દ્ર બ્રાહ્મણના વેશે કર્ણ પાસે તેના કવચ-કુંડળ માગવા આવ્યા છે. કારણ કે જ્યાં સુધી કવચ અને કુંડળ દ્વારા કર્ણનો દેહ રક્ષાયેલો છે ત્યાં સુધી તેનું મૃત્યુ અસંભવ છે. તે 'દીર્ઘાયુ થા એમ કહેવાના બદલે શુ કહેવું એ વિશે થોડું વિચારીને કર્ણને, એનો યશ અક્ષુણ્ણ રહેવાના આશીર્વાદ આપે છે. કર્ણ નોંધ લે છે કે, 'દીર્ઘાયુ થા! એમ ન કહેવું જોઈએ?' અને પછી પોતે આગળ વિચારે છે કે, 'આ જ ઠીક છે. કારણ કે દેહ નાશ પામ્યા પછી પણ ગુણો(નો યશ) કાયમ રહે છે. ' જાણે કર્ણ અહીં પોતાના મૃત્યુનો મનોમન સ્વીકાર કરી રહ્યો છે અને આ વ્યંજના કરુણતાને ઘેરી બનાવે છે.

અને પછી કર્ણ બ્રાહ્મણને પોતાની સમૃદ્ધિ; ગાયો, ઘોડા, હાથી, પૃથ્વી એમ એક એક વસ્તુ બ્રાહ્મણને 'મહાન દાન' રૂપે આપવા ઈચ્છે છે અને બ્રાહ્મણ દરેક વખતે, 'નથી ઈચ્છતો, કર્ણ, નથી ઈચ્છતો!' કહીને નકારે છે. કર્ણ ભૌતિક સુવિધાઓ દાનમાં લેવાની અનિચ્છા જોઈને અગ્નિષ્ટોમ યજ્ઞના ફળને આપવા ઈચ્છે છે, ઈન્દ્ર તેની પણ ના પાડે છે, ત્યારે કર્ણ કહે છે કે, 'तेन हि मच्छिरो ददामि।' અર્થાત્ તો હું મારું શિર આપીશ. અને ઈન્દ્ર બોલી ઊઠે છે, 'અરેરે! બચાવો. ' આખરે કર્ણ પોતાના જન્મથી જ સાથે રહેલાં કવચ અને કુણ્ડળ દાનમાં અર્પણ કરવા રજૂઆત કરે છે અને ઈન્દ્ર હર્ષ સાથે બોલી ઊઠે છે, 'दादातु, दादातु।' કર્ણને સમજાય છે કે આનો હેતુ આ જ હતો. એને વિચાર આવે છે કે, કપટબુદ્ધિવાળા કૃષ્ણનો આ ઉપાય હશે? અને પોતાના જ વિચારને ડામતાં તે કહે છે કે, 'धिगयुक्तमनुशोचितुम् ।' પશ્ચાત ચિંતન અયોગ્ય છે.

*શલ્યરાજ તેને આ દાન આપતાં અટકાવે છે, 'ન આપવું જોઈએ, ન આપવું જોઈએ!'*

*અને કર્ણ જવાબ આપે છે કે, ' મને ન અટકાવો. જુઓ;*

**કાળે કરી, જ્ઞાન થતું જતું ક્ષીણ**
**વૃક્ષો પડે સુદૃઢમૂળ હો છતાં,**
**જળાશયે પાણી સુકાય છે ખરે!**

*હોમ્યું દીધું દાન, રહે સદા સ્થિર! (સમશ્લોકી અનુવાદ- ગૌતમ પટેલ, ભાસ, વી. વેંકટાચલમ્-પુસ્તકમાંથી)*

*અને આમ કહીને કર્ણ શરીર પરથી કવચ-કુંડળ ઊતરડીને બ્રાહ્મણના વેશમાં રહેલા ઈન્દ્રને આપે છે. ઈન્દ્ર તેનો સ્વીકાર કરી, ખુશ થઈને પાછા ફરે છે.*

*ત્યારે શલ્ય કર્ણને કહે છે કે, તું ઈન્દ્રથી છેતરાયો છે અને તેના જવાબમાં કર્ણ કહે છે કે, ના રે! ઈન્દ્ર મારાથી છેતરાયા છે. આટલાં સામર્થ્ય છતાં તે મારા વડે કૃતાર્થ થયા છે!*

*આ દરમિયાન બ્રાહ્મણના વેશમાં દેવદૂતનું આગમન થાય છે. તે કર્ણને કહે છે કે, કવચ અને કુંડળ તમારી પાસેથી લેવાના કારણે પશ્ચાતાપ અનુભવતા ઈન્દ્રે તમારા પર કૃપા કરી છે, આ વિમલા શક્તિ લો, તેના દ્વારા તમે કોઈ એકનો વધ કરી શકશો. કર્ણ બહુ સુંદર જવાબ આપે છે કે, 'ધિક! આપેલા દાનનો બદલો હું નથી લેતો!' દેવદૂત એને બ્રાહ્મણના વચન પર લેવા આગ્રહ કરે છે અને કર્ણે ક્યારેય બ્રાહ્મણના વચનને ઉથાપ્યું નથી, તેથી તે એ વિમલા નામની શક્તિનો સ્વીકાર કરે છે. દેવદૂત જાય છે. કર્ણ પુનઃ શલ્યને આદેશ આપે છે કે, 'જ્યાં પેલો અર્જુન હોય ત્યાં મારા રથને લઈ જાવ. ' શલ્ય સંમતિ આપે છે અને નાટકનું ભરતવાક્ય આવે છેઃ '. . . . રાજા પૃથ્વીનું શાસન કરો. '*

*ભાસના નાટકોમાં આ નાટક સૌથી ટૂંકું છે. આ નાટકમાં કર્ણના માનસિક કાર્ય વેગનું સુરેખ આલેખન થયું છે.*

*ભાસના મહાભારત આધારિત છ નાટકોમાં આ નાટક બહુ જ નાનકડું હોવા છતાં, સંસ્કૃત સાહિત્યમાં અને આપણા મનમાં અમીટ છાપ છોડી જાય છે. સૂર્ય અને કુંતીનો પુત્ર હોવા છતાં આજીવન અપમાન સહન કરતા રહેલા કર્ણને આજે એ અપમાનનો બદલો લેવાની તક મળી છે, એ કૌરવસેનાનો સેનાપતિ છે. એને સીધા અર્જુન સાથે જ લડવું છે, તેને પોતાની ક્ષમતા પર વિશ્વાસ છે, પરશુરામના શાપનો અને કુંતીને આપેલા વચનનો મન પર ભાર પણ છે. અને એ બધા દરમિયાન બ્રાહ્મણવેશે આવીને ઈન્દ્ર તેની પાસે કવચ અને કુંડળનું દાન માગે છે અને જરા ય ખચકાયા વિના કર્ણ તત્ક્ષણ એ દાન આપી પણ દે છે. તેને એ વિચાર પણ નથી આવતો કે, આ કવચ અને કુંડળ તેના માટે માત્ર આભૂષણ નથી, તેનાં રક્ષક સાધનો છે. અને વળી, બદલામાં મળતી વિમલા શક્તિ ય એને જોઈતી નથી. કર્ણનું આ ખમીર આપણને આકર્ષે છે અને આ*

મહાનાયકની અંત તરફની ગતિ આપણને વિચલિત કરે છે. શલ્ય જેવા શલ્ય પણ વિચલિત થઈ ગયા છે, ત્યારે આપણે ઉદાસીનતાથી શોકમગ્ન બનીએ એ સહજ છે.

સંસ્કૃતનાટ્યપરંપરામાં નાટકો હંમેશાં સુખાંત હોય છે. કારણ કે નાટ્યશાસ્ત્રના પ્રથમ અધ્યાય અનુસાર ઈન્દ્ર વગેરે દેવોએ બ્રહ્માજી પાસે જઈને માગણી કરેલી કે અમને જોઈ અને સાંભળી શકાય એવું રમકડું આપોઃ 'क्रीडानीयकमिच्छाम: दृश्यं श्रव्यं च यद्भवेत् ।' સંસ્કૃત નાટકોનો નાયક કાયમ જ વિજયી બને છે. નાટકોનો સુખાંતનો ખ્યાલ ભાવકને આનંદ આપવાનો છે. નાયકની પ્રગતિ, તેની વીરતા, તેનો સંઘર્ષ અને તેની સફળતા ભાવકને સુખ આપે છે. પોતાની વર્તમાન તકલીફોમાંથી સંઘર્ષ બાદ સફળતા મળશેનું આશ્વાસન આપે છે, આશાવાદી બનાવે છે.

ધનંજય દશરૂપકમાં કહે છે કે, 'ફળ મેળવવું એટલે અધિકાર અને જેને ફળ મળે એ અધિકારી એટલે કે નાયક. ' જ્યારે આ નાટકમાં સ્પષ્ટ રીતે કર્ણ કશું જ પ્રાપ્ત કરતો નથી. તેણે પોતાનો જીવનરક્ષક આધાર પણ દાનમાં આપ્યો છે અને એ રીતે ગુમાવ્યો છે.

સંસ્કૃત અલંકારશાસ્ત્રીઓ દ્વારા નાટકના મુખ્ય રસ તરીકે વીર, શૃંગાર કે હાસ્યનો સ્વીકાર કરવામાં આવ્યો છે, ત્યારે ભાસ આ પરમ્પરાથી અલગ ચીલો ચાતરે છે. આ નાટકમાં યુદ્ધ પશ્ચાદ્ભૂમાં દર્શાવાયું છે અને પ્રારંભમાં કર્ણના આગમન સમયે જ સુભટને એના મુખ પર વિષાદ જણાય છે. અંતમાં કવચ અને કુંડળનું દાન કરી અર્જુન સામે યુદ્ધ માટે જતા કર્ણનું મૃત્યુ અવશ્યંભાવી છે એ ભાવક જાણે છે. આમ, આ નાટકનો મુખ્ય રસ શોકમાંથી નિષ્પન્ન થતો કરુણ છે. આ નાટકનો નાયક વીર છે, દાનશૂર છે અને તેનો આ દાનવીરતાના ગુણનો અતિરેક જ તેના મૃત્યુનું કે પતનનું કારણ બને છે. ત્યારે પાશ્ચાત્ય તત્ત્વચિંતક એરિસ્ટોટલે પોએટિક્સમાં આપેલી કરુણાંતિકાની વ્યાખ્યા અહીં યાદ આવે છે કે, "A tragedy, then, is the imitation of an action that is serious and also, having magnitude, complete in itself; in language with pleasurable accessories, each kind brought in separately in the parts of the work; in a dramatic, not in a narrative form, with incidents through arousing pity and fear wherewith to accomplish its the proper purgation [catharsis] of such emotions. "

એરિસ્ટોટલ કરુણાંતિકાની આ વિભાવનામાં કેથાર્સિસ (વૈદકશાસ્ત્રની વિરેચનરીતિનું ઉદાહરણ આપે છે)નો ખ્યાલ આપે છે. નાયકનુ પતન જ્યારે તેના જ કોઈ ગુણના અતિરેકને કારણે થાય ત્યારે નાયક સાથે તાદાત્મ્ય અનુભવતો ભાવક દુઃખ અનુભવે છે. શોક અને દુઃખની અનુભૂતિ દ્વારા તેના મનમાં રહેલી નકારાત્મક લાગણીઓ દૂર થાય છે અને કોઈક અંશે પોતે, આ નાયક જેટલો દુઃખી નથી,ની લાગણી પણ અનુભવે છે. વ્યક્તિને આ અનુભૂતિ આનંદ આપે છે. પોતાની સમસ્યાઓવાળી વર્તમાન પરિસ્થિતિ તેને માટે સહ્ય બને છે. આ એક મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે, જેને એરિસ્ટોટલ કેથાર્સિસ કે પર્ગેશન તરીકે રજૂ કરે છે.

*કર્ણભારમાં નાયક કર્ણનું પતન તેના દાની તરીકેના ગુણના અતિરેકના કારણે થયું હોવાનું આપણે જોઈ શકીએ છીએ. આમ, કર્ણભાર નાટક પાશ્ચાત્ય કરુણાંતિકાની વિભાવનામાં ઘણે અંશે બંધબેસતું જણાય છે.*

*અલબત્ત, વિદ્વાન શ્રી ર. છો. પરીખ કહે છે કે, જીવનમાં એકવાર કરેલું પાપ એનું ફળ આપ્યા વિના કેડો મૂકતો નથી, એ જીવનરહસ્ય કવિ આ અસ્ત્રવૃત્તાંત મૂકીને દર્શાવે છે. '*

❖ **તમારી પ્રગતિ ચકાસો.**

*૧. કર્ણભાર નાટકના કથાવસ્તુ વિશે નોંધ લખો.*

*૨. કર્ણભાર નાટકની વિશેષતા વિશે નોંધ લખો.*

## ૫. ૩ સ્વાધ્યાય

*૧. કર્ણભાર નાટક વિશે સવિસ્તર નોંધ લખો.*

❖ **લેખનપ્રવૃત્તિ**

*૧. ભાસના મહાભારત આધરિત નાટકો વિશે સવિસ્તર નોંધ લખો.*

*૨. મહાભારતના કર્ણ સાથે કર્ણભાર નાટકના કર્ણની સમીક્ષાત્મક તુલના કરો.*

*૩. કર્ણના પાત્ર પર આધારિત ગુજરાતી ગદ્ય અને પદ્યકૃતિઓ વિશે નોંધ લખો.*

*૪. 'રશ્મિરથી' કાવ્યના આધારે કર્ણના પાત્રની સમીક્ષા કરો.*

## ૫. ૪ લેખક પરિચય

*ત્રિવેન્દ્રમનાટકો ભાસરચિત હોવા વિશે વિશદ ચર્ચાઓ થઈ છે અને ત્રણ પક્ષ આ ચર્ચામાં ઉપસ્થિત થયા છે, એક છે અનુકૂળ પક્ષ; જે વિદ્વાનો એમ માને છે કે આ તેર નાટકો ભાસ દ્વારા જ રચાયાં છે. બીજો પક્ષ છે પ્રતિકૂળ પક્ષ; જે વિદ્વાનો એમ માને છે કે આ નાટકોની રચના ભાસે કરી નથી, પરંતુ ભજવણી કરનાર ચાક્યારોએ કરેલી છે અને તૃતીય છે તટસ્થ પક્ષ; તે વિદ્વાનો માને છે કે આ રચનાઓ બહુ સુંદર છે જેની રચના ભાસે કરી છે અથવા અન્ય કોઈએ કરી છે.*

*ભાસ સંસ્કૃત સાહિત્યના સહુથી પ્રાચીન નાટ્યકાર છે. તેમનો સમય ઈ. સ. પૂર્વે ચારસો આસપાસનો સ્વીકારવામાં આવે છે. તેમનો સહુથી પ્રથમ ઉલ્લેખ કાલિદાસના પ્રથમ નાટક 'માલવિકાગ્નિમિત્ર'માં પ્રાપ્ત થાય છે. જેમાં કાલિદાસ કહે છે કે, ભાસ, સૌમિલ્લક,*

*કવિપુત્ર વગેરેનાં નાટકોને અતિક્રમીને નૂતન કવિ કાલિદાસની કૃતિઓનું કોણ બહુમાન કરશે?*

**'थितयशसां भाससौमिल्लककविपुत्रादीनां प्रबन्धानतिक्रम्य कथं वर्तमानस्य कवेः कालिदासस्य कृतौ बहुमानः।'**

*આમ, ભાસ કાલિદાસના પૂર્વજ છે. મહા કવિ જયદેવ પ્રસન્નરાઘવમાં ભારતની વિશેષતા દર્શાવતાં કહે છે કે,* 'भासो हास:' *ર. છો. પરીખ આ વાક્યને સમજાવતાં કહે છે કે, ' . . . આ નાટકોમાં કોમળતા છે, મીઠાશ છે, મૃદુવીર્યશાલીતા છે. . . '*

## ૫. ૫ સંદર્ભસાહિત્ય


૧. *ભાસનાટકચક્ર, મહાભારતનાટકો. પ્રા. સી. એલ શાસ્ત્રી, ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા, પ્રા. સુરેશચંદ્ર દવે, પ્રા. ગૌતમ પટેલ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૬*

૨. *સ્વપ્નવાસવદત્તમ્, મીરા એસ. એસ. નાન્દી, મહાજન પબ્લીશીંગ હાઉસ, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ૧૯૫૬*

૩. *અષ્ટરૂપક, ડૉ. એ. ડી. શાસ્ત્રી, ધી પોપ્યુલર પબ્લિશિંગ હાઉસ, સૂરત, પ્રથમ આવૃત્તિ, ૧૯૬૫*

૪. *ભાસ : એક અધ્યયન, પ્રા. શાંતિકુમાર પંડ્યા, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૭*

૫. *ભાસ, વી. વેંકટાચલમ્, ગુજરાતી ભાષાંતર - ગૌતમ પટેલ, સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી, ૧૯૯૧.*



**લેખક : ડૉ. સ્વાતિ શાહ -** *એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ*

| એકમ-6 | મૃચ્છકટિકમ્ |
|---|---|


૬. ૧ પ્રસ્તાવના

૬. ૨ મૃચ્છકટિકમ્ : કૃતિપરિચય

૬. ૩ સ્વાધ્યાય

૬. ૪ કવિ પરિચય


## ૬. ૧ પ્રસ્તાવના

*માટીની ગાડીને વિષય બનાવીને રચાયેલું નાટક તે 'મૃચ્છકટિક'. શૂદ્રકની આ કૃતિ સંસ્કૃત સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓમાંની એક કહેવાય છે. આ પ્રકરણ પ્રકારના રૂપકમાં કુલ દસ અંક છે. પ્રકરણની પ્રસ્તાવનામાં જ જણાવ્યું છે તે મુજબ આ રૂપકમાં નાયક ચારુદત્ત અને ગણિકા વસન્તસેનાના પ્રણયની કથા છે.*

## ૬. ૨ મૃચ્છકટિકમ્ : કૃતિપરિચય

**કથાવસ્તુ :-**

**પહેલા અંકમાં** *નાયક પોતાની દરિદ્રાવસ્થાને વર્ણવી સ્નેહી – સ્વજનો એને છોડીને ચાલ્યા ગયા છે – તેવી વાતો કરતો આપણી સમક્ષ પ્રસ્તુત થાય છે. અવન્તીપુરીમાં બ્રાહ્મણ કુળમાં જન્મેલો અને વેપારી બનેલો આ દરિદ્ર થઈ ગયેલો એક યુવાન તે ચારુદત્ત. પોતાની દરિદ્રાવસ્થાને વર્ણવતો નાયક ચારુદત્ત પોતાના ભાગ્યને કારણે દુઃખી થયો છે, પૈસાને કારણે નહિં. એણે ધનનો વૈભવ એક સમયે માણી લીધો છે અને પોતાની દાનવીરતાને કારણે તે ગરીબ થઈ ગયો છે. ચારુદત્તનો મિત્ર મૈત્રેય વિદૂષક ચારુદત્તના આ વૈભવને વર્ણવતાં કહે છે કે એ સમયે એને રોજેરોજ નવા નવા મીષ્ટાન્ન ખાવા મળતા હતા. પરંતુ આજે ચારુદત્તની દશા બદલાઈ છે. ઘરમાં મૂઠી ધાન પણ રહ્યું નથી. ચારુદત્તને લાગે છે કે જીવનમાં દુઃખ અનુભવ્યા પછી સુખ આવે તો સારું પણ પહેલાં સુખ અનુભવી લીધા પછી જો દુઃખ આવે તે બહુ જ અઘરું લાગે છે. આ બધી સમસ્યાઓ હોવા છતાં ચારુદત્તની એક પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકેની છાપ ઉજ્જૈનમાં એમ જ રહી છે.*

*ચારુદત્તની ગરીબાઈનું વર્ણન કર્યા પછી શૂદ્રકે નાયિકા વસન્તસેનાની છેડતીનો પ્રસંગ વર્ણવ્યો છે. નાટકનો ખલનાયક શકાર એના પરિજનો સાથે વસન્તસેનાને પોતાની બનાવવા માટે પાછળ પડ્યો છે. વસન્તસેના ઉજ્જૈન નગરીની ખ્યાતનામ ગણિકા છે. પરંતુ તે ચારુદત્તના ગુણોને કારણે એને મનોમન ચાહે છે. નાયક અને નાયિકાને પોતપોતાની મર્યાદાને કારણે એકબીજા પ્રત્યે થયેલ પ્રેમાકર્ષણની અભિવ્યક્તિ શક્ય નથી બનતી. આ સમસ્યાને દૂર કરવા ઉજ્જૈનના રાજા પાલકનો સાળો શકાર કે જે આ*

નાટકમાં ખલનાયકની ભૂમિકા ભજવે છે, તેને પ્રસ્તુત કર્યો છે. રાત્રિના સમયે શકાર વસન્તસેનાની પાછળ પડે છે. એ જ સમયે વસન્તસેના ચારુદત્તના ઘરની પાસે જ આવી જાય છે. ચારુદત્તના ઘરમાંથી રદનિકા અને વિદૂષક દીવો લઈને બહાર આવતા હોય છે ત્યારે જ વસન્તસેના પોતાના બુદ્ધિચાતુર્યથી દીવો હોલવી નાખી ચારુદત્તના ઘરમાં પ્રવેશી જાય છે. આ બાજુ ચારુદત્તના ઘરમાંથી બલિ ચઢાવવા બહાર નીકળેલી રદનિકાને વસન્તસેના માનીને શકાર પકડી લે છે. એ સમયે વિદૂષક અને શકાર વચ્ચે વાક્યુદ્ધ થાય છે. શકારની સાથે આવેલો વિટ ચારુદત્તના ગુણોથી ગભરાઈને ત્યાંથી નાસી જવામાં જ સારપ સમજે છે.

બીજી બાજુ શકારથી ગભરાયેલી વસન્તસેના ચારુદત્તના ઘરમાં શરણું શોધે છે પરંતુ તે ઓળખાઈ જાય છે. વસન્તસેના યુક્તિપૂર્વક પોતાના ઘરેણાં ચારુદત્તની પાસે થાપણ તરીકે મૂકી દે છે. ચારુદત્તની પ્રામાણિકતાને કારણે અત્યન્ત કિમતી ઘરેણાં મૂકવામાં વસન્તસેનાને સહેજ પણ રંજ રહેતો નથી.

**બીજા અંકમાં** બે પ્રસંગો બને છે. સંવાહક જુગારીનો પ્રસંગ અને કર્ણપૂરકનો પ્રસંગ. સંવાહક નામનો જુગારી દસ સોનામહોરનો દેવાદાર બન્યો છે. તેથી લેણદાર દ્યુતકર અને માથુર તેની પાછળ પડે છે. સંવાહક ભાગતા ભાગતા અજાણતા જ વસન્તસેનાના ઘરમાં ઘૂસી જાય છે. વસન્તસેના તેને ચારુદત્તનો સેવક હોવાથી માન આપે છે અને તેનું કરજ પણ ચૂકવી દે છે. સંવાહક બૌદ્ધ સાધુ બનવા નીકળી પડે છે. વસન્તસેનાનો કર્ણપૂરક નામનો એક દાસ પોતાના બાહુબળથી ગાંડા થયેલા એક હાથીથી ઉજ્જૈનના એક સાધુને બચાવે છે. નગરજનો આ કર્ણપૂરકની બહાદૂરીના સૌ નગરજનો વખાણ કરે છે. પરંતુ એક સજ્જન એવો નીકળ્યો કે જેણે કર્ણપૂરકને જાતિકુસુમથી સુવાસિત થયેલો એક ખેસ ભેટ આપ્યો. વસન્તસેના આ ખેસ પર લખેલ ચારુદત્તનું નામ જોઈને ખુશ થાય છે. આ બન્ને પ્રસંગ દ્વારા વસન્તસેનાના મનમાં ચારુદત્ત માટે જે પ્રેમની લાગણી છે તે ધીમે ધીમે બહાર કઢાવવાનું કામ કવિએ લીધું છે. તેની સાથે ગૌણ કથાવસ્તુના નાયક એવા આર્યકનો પણ ઉલ્લેખ આવી જાય છે.

**ત્રીજા 'સન્ધિચ્છેદ' નામના અંકમાં** શર્વિલક દ્વારા ચારુદત્તના ઘરમાં ચોરીનો પ્રસંગ વર્ણવાયો છે. ચારુદત્ત સંગીતની મહેફીલ માણી તેના ઘરે જાય છે અને વિદૂષકને વસન્તસેનાએ આપેલા ઘરેણાનો ડાબલો સાચવીને મૂકવાની વાત કરે છે. આ દાબડાને દિવસે વર્ધમાનક અને રાત્રે વિદૂષકે સાચવવાનો હોય છે. એ જ રાત્રે ચારુદત્તના ઘરે શર્વિલક નામનો બ્રાહ્મણ કે જે ગોપાલક આર્યકનો મિત્ર છે તે ચોર બનીને ચારુદત્તના ઘરે ચોરી કરવાના ઈરાદે આવે છે. ચોરી કરવાનું એકમાત્ર કારણ એ છે કે આ શર્વિલક મદનિકાને પ્રેમ કરતો હોય છે કે જે વસન્તસેનાની દાસી છે. આ ચોરી દ્વારા જે દ્રવ્ય મળે તેનાથી પોતાની પ્રિયતમાને દાસીત્વમાંથી છોડાવી શર્વિલકને તેનો પ્રેમ મેળવવો છે. ચોરીના સિદ્ધાન્તો દર્શાવતો શર્વિલક ચારુદત્તના ઘરની દિવાલમાં ગાબડું વસન્તસેનાના ઘરેણાંના દાબડાની ચોરી કરી લે છે. સવાર પડે છે ત્યારે બધાને જાણ થાય છે કે ચારુદત્તના

*ઘરમાં ચોરી થઈ છે. ચારુદત્તને વસન્તસેનાના ઘરેણાં ન સચવાયનું દુઃખ છે. તેની પત્ની ધૂતાની રત્નાવલી માળા વિદૂષકને આપી વસન્તસેનાના ઘરેણાંના બદલામાં આપવા માટે મોકલે છે.*

**ચોથા અંકમાં** *ચાર ઘટનાઓ બને છે. વસન્તસેના ચારુદત્તનું ચિત્ર બનાવી રહી હોય છે તે સમયે જ શકારે મોકલેલ રથ આવે છે અને તેમાં વસન્તસેનાએ જવાનું હોય છે. વસન્તસેના ગુસ્સે થઈને તેની માતાને કહેવડાવે છે કે મને જીવતી રાખવી હોય તો આજ પછી આવા નરાધમના ગાડાને મોકલાવે નહીં. બીજા પ્રસંગમાં જે ઘરેણાંની ચોરી કરી છે તે શર્વિલક વસન્તસેનાની પાસે જતાં પહેલાં પોતાની પ્રિયતમા મદનિકા સાથે સંવાદ કરે છે કે આ ઘરેણાં તે ક્યાંથી લાવ્યો છે. આ સંવાદ વસન્તસેના સાંભળી જાય છે. તેથી જ્યારે શર્વિલક આ ઘરેણાં વસન્તસેનાને આપવા જાય છે ત્યારે તેને કહે છે કે આ ઘરેણાં ચારુદત્તે મોકલાવ્યા છે. વસન્તસેના મદનિકાને તેના દાસીપણામાંથી મુક્ત કરે છે. ત્રીજો પ્રસંગ રાજકીય ક્રાન્તિની શરૂઆતનો છે. મદનિકો વસન્તસેનાના દાસીપણામાંથી છોડાવી શર્વિલક જતો હતો તે જ સમયે રસ્તામાં જ સાંભળ્યું કે ગોપાલક આર્યકને જેલમાં પૂરી દીધો છે. પોતાના મિત્રને જેલમાંથી છોડાવવા માટે મદનિકાને કોઈ અન્ય જગ્યાએ મૂકીને તે રાજકીય ક્રાન્તિ માટે ભૂગર્ભ પ્રવૃત્તિ કરવા અને આર્યકને છોડાવવા નીકળી પડે છે. ચોથા પ્રસંગમાં વિદૂષક વસન્તસેનાના ભવ્ય મહેલમાં આગમન કરે છે. પોતાના સ્વામી તમારા ઘરેણા જુગારમાં હારી ગયા હોવાથી તેના બદલામાં આ રત્નાવલી માળા મોકલાવેલ છે – તેમ સંદેશો આપે છે. વસન્તસેના મનોમન પોતાના પ્રિયતમના વખાણ કરે છે અને તેને ફરીથી મળી શકાય તે આશયથી રત્નાવલી માળા લઈ લે છે. આ રીતે ચોથા અંકમાં કથાવસ્તુની ગતિમાં ચોતરફી વેગ જોવા મળે છે.*

**પાંચમા અંકમાં** *વસન્તસેના અને ચારુદત્તનું મિલન થાય છે. આ અંકને 'દુર્દિન' નામ આપવામાં આવ્યું છે. દુર્દિન એટલે વરસાદવાળો દિવસ. અકાળે આવેલ વરસાદી વાતાવરણમાં અભિસારિકા બનેલી એવી નાયિકા વસન્તસેના પોતાની સાથે રત્નાવલી માળા લઈને પોતાના પ્રિયતમને મળવા વૃક્ષવાટિકામાં જાય છે. ઘરેણાંના દાબડાનો અને રત્નાવલીનો ઘટસ્ફોટ થાય છે. વરસાદની હેલી વચ્ચે નાયક નાયિકાનું શારીરિક મિલન થાય છે.*

**છઠ્ઠા અંકમાં** *પ્રસ્તુત પ્રકરણનું શીર્ષક જે પ્રસંગને આધારે રાખવામાં આવ્યું છે ચારુદત્તના પુત્ર રોહસેનની માટીની ગાડીમાં સોનાના ઘરેણાં મૂકીને વસન્તસેના ચારુદત્તની ગરીબાઈ દૂર કરવાનો પ્રશંસનીય પ્રયાસ કરે છે. આ જ કથાવસ્તુને કેન્દ્રમાં રાખીને મહાકવિ શૂદ્રકે આ પ્રકરણનું યથાયોગ્ય શીર્ષક 'મૃચ્છકટિક (માટીની ગાડી)' આપ્યું છે. ચારુદત્તની સૂચનાથી વર્ધમાનક વસન્તસેનાને જૂના પુષ્પકરંડક બગીચામાં પહોંચાડવા માટે તેનું ગાડું તૈયાર કરીને લાવે એ પહેલા જ શકારનું ગાડું ચારુદત્તના ઘર આગળ ઊભું રહે છે. એ જ સમયે વસન્તસેના તૈયાર થઈને અજાણતા જ શકારના ગાડામાં બેસી જાય છે. વસન્તસેના એમ જ સમજે છે કે આ ગાડાવાળો મને ચારુદત્તની પાસે જ લઈ જશે, પરંતુ એને એ જાણ નથી કે તે શકારના ગાડામાં બેઠેલી છે. આ બાજુ ચારુદત્તનો*

*સેવક તેનું ગાડું તૈયાર કરીને લાવે છે ત્યારે તે સમયે ગોપાલક આર્યક આ ગાડામાં બેસી જાય છે. તેને તો રાજા પાલકે જેલમાં પૂર્યો હતો, પરંતુ તે જેલ તોડીને એના એક પગમાં બેડી હજુ લટકતી હોય છે. આ રીતે ગાડામાં બેસનારની અદલાબદલી થઈ જાય છે તેથી જ આ અંકનું નામ 'પ્રવહણ – વિપર્યય' રાખવામાં આવ્યું છે.*

**સાતમા અંકમાં** *ચારુદત્તના ગાડામાં રહેલ ગોપાલક આર્યકની કથા આવે છે. તે ચારુદત્તના ગાડામાં હોવાથી સુખરૂપ પુષ્પકરંડક બગીચામાં પહોંચી જાય છે. ચારુદત્ત તો એમ જ માને છે કે આ ગાડામાં વસન્તસેના જ છે. વિદૂષક જ્યારે ગાડામાં જૂએ છે તો ખબર પડે છે કે અહીં તો આર્યક બેઠેલ છે. ચારુદત્ત તેને અભયત્વ આપે છે, જેની આર્યકના ચિત્ત પર ઊંડી હકારાત્મક છાપ પડે છે. ચારુદત્ત આર્યકની બેડી પણ તોડાવી નંખાવી તેને આશીર્વાદ આપી ઝડપથી તેના લક્ષિત સ્થાન પર મકલવા પોતાનું ગાડું જ મોકલે છે.*

**આઠમા અંકમાં** *વસન્તસેના શકારના ગાડામાં બેઠેલી છે એટલે તેના વિશેની વાત આઠમા અંકમાં કરવામાં આવેલ છે. આ અંકમાં શકાર વસન્તસેનાનું ગળું દબાવીને મારી નાખવાનું નીંદનીય કૃત્ય કરે છે. આ પ્રસંગ આ અંકમાં હોવાને કારણે 'વસન્તસેના-મોટન અંક' એવું નામ આપવામાં આવ્યું છે. બદલાયેલા ગાડાને કારણે વસન્તસેના શકાર પાસે આવે છે. શકાર તેને પગે પડીને ખુશ કરવા ઈચ્છે છે. પરંતુ ચારુદત્તનો પ્રેમ પામી ચૂકેલી તે હવે કોઈને પણ પોતાની નજીક આવવા દેતી નથી. તે પગે લાગતા શકારને માથામાં લાત મારે છે. આથી શકાર ગુસ્સે ભરાય છે. વસન્તસેનાને ગાડામાંથી નીચે ઉતારીને ગુસ્સામાં આવીને વસન્તસેનાનું ગળુ દબાવી દે છે. વસન્તસેના મૂર્છિત થઈને જમીન પર પટકાઈ પડે છે. શકાર રાજી રાજી થઈ થાય છે. થોડીવાર પછી પોતે ખૂન કર્યું છે તે વિચારે ગભરાય છે. પોતાની નીચ બુદ્ધિથી આ ખૂનનો આરોપ ચારુદત્તને માથે ચઢાવવાનું વિચારે છે. શકાર બગીચાના જૂનાં સૂકાં પાંદડાં ભેગા કરી વસન્તસેનાના શરીરને ઢાંકી દે છે. એક બૌદ્ધ સાધુને આવતા જોઈ શકાર ત્યાંથી ભાગી જાય છે. આ બૌદ્ધ સાધુ જ મૂર્છિત થયેલી વસન્તસેનાને બચાવી લે છે.*

**નવમા અંકમાં** *શકાર પોતાની કુબુદ્ધિની સાથે સાથે ચારુદત્તના દુર્ભાગ્યથી વસન્તસેનાના ખૂનનો આરોપ ચારુદત્ત પર લગાડવામાં સફળ થાય છે. ચારુદત્તની વિરુદ્ધમાં જ બધા પુરાવાઓ નીકળતા જાય છે. આખરે તેને શૂળીએ ચઢાવવાનો હુકમ કરવામાં આવે છે. મનુષ્યનું ભાગ્ય જ્યારે વિપરિત દિશામાં ચાલતું હોય ત્યારે બધું જ અવળું થતું હોય છે. ચારુદત્તનું પણ આ 'વ્યવહાર' અંકમાં એવું જ બને છે. આ અંકમાં તત્કાલીન ન્યાયાલયનું દ્દશ્ય રજૂ કરવામાં આવ્યું છે.*

**અંતિમ અંકમાં** *ઉજ્જૈનમાં રાજ્યપરિવર્તન અને ચારુદત્તનું ભાગ્ય પરિવર્તન વર્ણવાયું છે. ચારુદત્તને વધસ્થાને લઈ જવાતો હોય છે ત્યારે એની વેદનાને શૂદ્રકે સુંદર રીતે વાચા આપી છે. ચાંડાળોએ જ્યારે ચારુદત્તનો શિરચ્છેદ કરવા તલવાર ઉગામે છે એ*

*જ વખતે વસન્તસેનાને લઈને બૌદ્ધ સાધુ કે જે એક સમયે ચારુદત્તનો સંવાહક હતો – એ ત્યાં આવી ચઢે છે. વસન્તસેનાને જીવતી જોઈને ચાંડાળો ચારુદત્તને મુક્ત કરે છે. ચુકાદા પ્રમાણે જેણે વસન્તસેનાને મારી હોય તેનો વધ કરવાનો છે તો શકારને પકડીને તેનો વધ કરવો જોઈએ – એવું ચાંડાળો વિચારે છે. એટલામાં શર્વિલક પણ દોડતો આવે છે. તેણે દુરાચારી રાજા પાલકને મારી નાખીને તેનો મિત્ર આર્યકને રાજગાદીએ બેસાડ્યો છે. તેથી હવે નવા રાજાની આજ્ઞા મુજબ તે ચારુદત્તને દુઃખમાંથી છોડાવવા આવી પહોંચ્યો છે. ચારુદત્તને કુશાવતી નગરીનું રાજ્ય ભેટમાં મળે છે અને વસન્તસેના નવવધૂ તરીકે પ્રાપ્ત થાય છે. આમ, અન્તે ચારુદત્તની સુખ સમૃદ્ધિ પાછી આવી જાય છે. પુત્ર રોહસેન, વિદૂષક, રદનિકા, મદનિકા સૌ આનંદથી નાચી ઊઠે છે. આ રીતે મૃચ્છકટિક સુખાન્ત બને છે.*

**સમીક્ષા –** *શૂદ્રકનું 'મૃચ્છકટિક' જગવિખ્યાત નાટકોમાં મોભાનું સ્થાન ધરાવે છે. અભિજ્ઞાનશાકુન્તલની જેમ આ નાટકે પણ અનેક સાહિત્યરસિકોના દિલ જીતી લીધા છે. શૂદ્રકના નાટકની વિશેષતા એ છે કે તે પોતાની કૃતિમાં સમાજના નીચલા વર્ગના માણસોની વાત કરે છે. અહીં એક ગરીબ બ્રાહ્મણ વેપારી અને ગણિકા વચ્ચેના પ્રેમની વાત ખૂબ જ માર્મિક રીતે નિરૂપવામાં આવી છે. આ પ્રેમને દર્શકો સ્વીકારે તેની સંપૂર્ણ તકેદારી શૂદ્રકે રાખી છે. આ દિવ્ય પ્રેમની સાથે અન્ય કેટલાક વિષયોનું પણ ખૂબ જ હૃદયસ્પર્શી નિરૂપણ થયેલ છે. જેમકે, જુગારીનો પ્રસંગ, ચોરીનો પ્રસંગ, દુર્દિન પ્રસંગ, ગાડા બદલાઈ જવાનો પ્રસંગ, ખૂન, ન્યાયાલયનું દશ્ય, અયોગ્ય અપાતી સજાઓ, નસીબનું ચક્ર વગેરે પ્રસંગોને સાહજિક રીતે રજૂ કરવામાં શૂદ્રક સફળ થયા હોય તેમ લાગે છે. 'સંઘર્ષ વગરનું નાટક ન હોઈ શકે' એ સિદ્ધાન્તની નાટ્યકાર શૂદ્રકને બરાબર ખબર છે. સામાજિક વિષમતાવાળા પ્રેમી પાત્રોને પસંદ કરીને આવા પ્રેમનો ઉદ્ભવ અને વિકાસ કેવી રીતે શક્ય બની શકે તે દર્શાવવા માટે દસ અંકની યાત્રા કરી છે. આ પ્રેમને પરિપૂર્ણ મિલન સુધી લઈ જવામાં બાહ્યસંઘર્ષનું પણ યથોચિત નિરૂપણ કરવામાં કવિને અદ્ભૂત સફળતા પ્રાપ્ત થઈ છે. ગૌણકથા જેવા લાગતા કેટલાક દશ્યો પ્રેક્ષકોને જકડી રાખવા માટે પર્યાપ્ત છે. શૂદ્રકની આ માટીની ગાલ્લીમાં બેસીને સંસ્કૃત નાટકે તો આખી દુનિયાની મુસાફરી કરી છે એમ અવશ્ય કહી શકાય. આ નાટકે આખા જગતના નાટ્યરસિકોને પોતાની અજોડ કલાથી ખુશ કરી દીધા છે.*

**નાટ્યકલા –** *આ પ્રકરણનું કથાનક કવિકલ્પિત છે. તેથી શૂદ્રકે કેટલીક રૂઢિઓ અને પરંપરાનું ઉલ્લંઘન કરીને અભિનવ પ્રતિભા બતાવી છે. આ પ્રકરણનું નામ નાયક અથવા નાયિકા સાથે સંબદ્ધ નથી. આમાં પ્રણયપ્રદર્શન પ્રથમ નાયિકા દ્વારા થાય છે અને પ્રણયીઓના મિલનની પ્રવૃત્તિમાં પણ નાયિકા જ મુખ્ય ભાગ ભજવે છે. આ ઉપરાંત વિવિધ પ્રાકૃતોનો પ્રયોગ, રંગમંચ ઉપર જ યુદ્ધ અને વધ વગેરે બતાવવામાં આવ્યું છે. સામાજિક પરિસ્થિતિ અને રાજકીય અવ્યવસ્થાનું યથાર્થ ચિત્રણ છે. પાત્રો પણ સાર્વકાલિક અને સાર્વત્રિક છે અને જનસાધારણનું જીવન વિશેષ રૂપે ચિત્રિત કરવામાં આવ્યું છે, જે*

*અન્ય સંસ્કૃત નાટકોમાં જોવા મળતું નથી. શૂદ્રકની શૈલી સરળ છે. તેનામાં છંદોવૈવિધ્ય અને અલંકારપ્રાચૂર્ય જોવા મળે છે. સંવાદોમાં યથાર્થતા દેખાય છે. નાના તથા પ્રભાવી વાક્યો સર્વત્ર જોઈ શકાય છે. પરંતુ વર્ષાવર્ણનમાં તથા વસન્તસેનાના ભવનના પ્રકોષ્ઠોના વર્ણનમાં અનાવશ્યક દીર્ઘતા જોવા મળે છે. તેમ છતાં કવિએ અનેક પ્રસંગોનું સુંદર રીતે સામંજસ્ય સાધ્યું છે. આમ શૂદ્રકનું આ એક અનુપમ પ્રકરણ છે અને તેથી જ તેની નાટ્યકલાની સંસ્કૃત સાહિત્યરસિકોએ નોંધ લીધી છે.*

**ચરિત્રચિત્રણ –** *કોઈપણ કૃતિની સફળતા માટે પાત્રોનું નિરૂપણ બહુ જ મહત્વનું હોય છે. તે જ રીતે અહીં પણ નાટ્યકવિએ ચરિત્રચિત્રણની બાબતમાં ખૂબ જ તકેદારી રાખી છે. નાટકમાં આવતા દરેક પાત્રોનું એક અલગ વ્યક્તિત્વ ઉજાગર કરવામાં આવ્યું છે. દરેક પાત્ર પોતાના અભિનય દ્વારા જે તે પાત્રને વાચા આપી શકે તે પ્રકારના સંવાદો પણ નિરૂપાયેલ છે. મુખ્ય પાત્ર તરીકે ચારુદત્ત, વસન્તસેના, મૈત્રેય અને શકાર છે. જ્યારે અન્ય નાના પાત્રોમાં શર્વિલક, મદનિકા, આર્યક, વર્ધમાનક, ન્યાયાધીશ વગેરે.*

*આ રૂપકનો નાયક ચારુદત્ત તેના નામ પ્રમાણે ગુણ ધરાવે છે. તેણે પોતાના સારા દિવસોમાં બધાને ખૂબ દાન કર્યું છે. દાન કરી કરીને જ તે દરિદ્ર બની ગયો છે. પોતે બ્રાહ્મણકુળમાં જન્મેલો હોવા છતાં વેપારી છે. દરિદ્ર હોવા છતાં તે કલારસિક, સંગીતપ્રેમી પણ છે. ચોર તેના ઘરેથી કિંમતી દાગીના ચોરી ગયો છે તેનો તેને આનંદ છે. પણ પછી જ્યારે ખબર પડે છે કે થાપણ તરીકે રાખેલા દાગીના ચોરાઈ ગયા ત્યારે તે ઘણો દુઃખી થાય છે. થાપણનું મૂલ્ય ચૂકવવા તેની પત્નીની ખૂબ જ કિમતી રત્નાવલી માળા આપવા તૈયાર થઈ જાય છે. પ્રિયતમાની સાથે પોતાના હૃદયમાં રહેલો પ્રેમ સોળે કલાયે ખીલી ઊઠે છે. ગાડું બદલાઈ જાય છે ત્યારે આર્યકને પોતે અભયત્વ આપે છે તેમાં તેની નિર્ભિકતાના દર્શન થાય છે. આર્યકને બચાવવા માટે વસન્તસેનાના ખૂનનો ખોટો આરોપ પોતાના પર લાગે છે ત્યારે તે મૌન રહે છે. પોતાના પર લાગેલ ખોટા આરોપોને સ્વીકારી અંતિમ ક્ષણોમાં પિતા તરીકે પુત્રનું મોં જોઈ લેવાની ઈચ્છા રાખે છે અને બીજી તરફ હોઠ ઉપર પ્રિયતમા વસન્તસેનાનું નામ લઈને મરવા તૈયાર થઈ જાય છે. આ પ્રકરણમાં ચારુદત્તનું ભાગ્ય રથના પૈડાની જેમ નીચેથી ઉપર તરફ ફર્યા કરે છે. ચારુદત્તને ધીરપ્રશાન્ત પ્રકારનો નાયક ગણવામાં આવે છે. નાટકની નાયિકા વસન્તની શોભા જેવી જ વસન્તસેના છે. જે ચારુદત્તના ગુણો પર આસક્ત છે. તે ખૂબ દયાળુ અને પ્રેમાળ છે. સંસ્કૃત સાહિત્યમાં પ્રેમની પહેલ કરવાવાળી આ એકમાત્ર નાયિકા છે. વસન્તસેના ચારુદત્તના પ્રેમમાં પોતાનો વિવેક અકબંધ રાખી જાણે છે. શકારની સાથે નિર્ભિકતાથી ચારુદત્તના પ્રેમનો સ્વીકાર કરે છે. સાર્વકાલિક મિત્ર એવો મૈત્રેય વિદૂષક આ નાટકમાં હાસ્યરસ પીરસવાની સાથે ઉત્તમ મૈત્રી પણ નિભાવી જાણે છે. મિત્રની જાહોજલાલી માણી છે પરંતુ જ્યારે તેની પાસે કંઈ જ નથી ત્યારે તે તેને છોડતો નથી. ન્યાયાલયમાં મિત્રને બચાવવા માટે મરણિયો બને છે. ખલનાયકની ભૂમિકામાં રહેલ શકાર સંસ્કૃત સાહિત્યનું અદ્વિતીય પાત્ર છે. પોતાની વાણી દ્વારા ઓળખાતો એવો શકાર અતિ ક્રૂર તેમજ ડરપોક પણ છે. તે*

*વસન્તસેનાને મેળવવા માટે તેની હત્યા કરવા સુધી તૈયાર થઈ જાય છે. પોતે કરેલા ખૂનનો આરોપ ચારુદત્ત પર ઢોળતા તેને સહેજ પણ સંકોચ થતો નથી.  આ સિવાય અન્ય ગૌણ પાત્રોનું ચિત્રણ પણ ખૂબ સુંદર રીતે કરવામાં આવ્યું છે.*

**વસ્તુસંકલના –** *શૂદ્રકે 'મૃચ્છકટિક'ની રચના ખૂબ જ સુંદર રીતે કરી છે, જાણે કથાવસ્તુની ગુંથણી જ કરી છે. મુખ્યકથા અને ગૌણકથાની આવી ગુંથણીને 'વસ્તુસંકલના' કહેવામાં આવે છે. વિવિધ પ્રકારના પાત્રો દ્વારા ભજવાતું આ નાટક જોઈને વિદ્વાનોને એમ લાગ્યું છે કે આમાં બે જુદા જુદા પ્રકારના નાટકોને ભેગા કરવામાં આવ્યા છે. જેમાં નાયક અને નાયિકાના પ્રણયનું નિરૂપણ દર્શાવતું એક કથાનક અને બીજું પાલક રાજાને મારી નાખીને નવા રાજા આર્યકને ગાદીએ બેસાડી રાજ્યપરિવર્તનનું બીજું કથાનક. આ બન્ને કથાવસ્તુને એકબીજા સાથે જોડીને સમાનાન્તરે કથાનક ચલાવવાનું અદ્ભૂત કાર્ય નાટ્યકવિ શૂદ્રકે કર્યું છે. વસ્તુસંકલનાની આ જોડ અન્યત્ર મળવી મુશ્કેલ છે. એક પણ પ્રસંગ વિષયાન્તર ધરાવતો નથી. બીજા અંકમાં આવતો સંવાહક નાટકના અન્ત પહેલા બૌદ્ધ સાધુ બનીને વસન્તસેનાને બચાવવાનું કામ કરે છે. ચોથા અંકમાં આવતો શર્વિલક બીજા કથાવસ્તુના મુખ્ય નાયકનો ખાસ મિત્ર બનીને રાજ્યપરિવર્તન માટે સહાય કરે છે. નાટકના અન્તે રાજ્યપરિવર્તન થતાં પાલક રાજા મરી ગયો હોવાથી તેના સાળા તરીકે બધે ધાકધમકી ફેલાવતો શકાર પણ ચારુદત્ત અને શર્વિલક આગળ નત મસ્તક રહેવાનો. આમ શૂદ્રકની વસ્તુસંકલના કરવાની કળા બેનમૂન છે, એ વાત આ કથાવસ્તુ દ્વારા સિદ્ધ થાય છે. જેમાં બધીજ નાની – મોટી ઘટનાઓ નાના – મોટાં પાત્રો અંતે તો નાયક ચારુદત્ત અને નાયિકા વસન્તસેનાના પૂર્ણ મિલનમાં કોઈક રીતે ઉપયોગી બની જાય છે.*

**રસનિરૂપણ –** *આ કૃતિમાં રસનિરૂપણ ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું છે. ચારુદત્તની ગરીબાઈ, થાપણની ચોરી, પ્રિયતમાનું ખૂન કર્યાનો માથે આરોપ, અપયશભર્યું મૃત્યુ, વધસ્થાને જતાં પુત્રનો વિલાપ, પત્નીની અગ્નિમાં બળી મરવાની તત્પરતા વગેરે કરુણ રસ ઉપજાવે તેવા પ્રસંગો જોવા મળે છે. સાથે સાથે પાંચમા અંકમાં વરસાદી વાતાવરણમાં ચારુદત્ત અને વસન્તસેનાનું શૃંગારિક મિલન પ્રેક્ષકોને શૃંગાર રસનો અનુભવ કરાવે છે. વિદૂષકનું 'સેનાવસન્ત' ઊંધા કરીને બોલવું, પગ ફેરવીને બોલવું અને છેલ્લે પદ ફેરવીને 'વસન્તસેના' બોલવું વગેરે પ્રસંગો હાસ્ય રસનું નિર્માણ કરે છે. શાકારની મૂર્ખતાભરી ઉક્તિઓ પણ પ્રેક્ષકોમાં હાસ્ય ઉત્પન્ન કરવામાં સહાયક બને છે. આર્યક અને શર્વિલકના પાત્રો વીરરસ સભર બન્યા છે. આ રીતે જોતાં સમગ્ર નાટક સાહિત્યના નવ રસોથી તરબતર હોય તેમ અવશ્ય લાગે છે.*

*આમ, નાટ્યકાર શૂદ્રકની એકમાત્ર કૃતિ એવી 'મૃચ્છકટિક' સંસ્કૃત સાહિત્યની એક અનૂપમ કૃતિ તરીકે ઉપસી આવી છે. શ્રી કૃષ્ણચૈતન્ય કહે છે કે – ''* From the world of the legendary heros of antiquity or of elegant novility4 in this play we step into the streets of a city like Ujjaini and rub shouldets with

thieves, gamblers, political insurgents, mendicants, couriers, idlers, police constables, housemaids and courtesans. ”

## ૬. ૩ સ્વાધ્યાય

૧. *મૃચ્છકટિકમ્ : કૃતિપરિચય* કરાવો

## ૬. ૪ કવિ પરિચય

*મૃચ્છકટિકની રચના કરનાર રાજા શૂદ્રક સાતમી અને આઠમી સદીની વચ્ચે થઈ ગયા હોવાનું મનાય છે. અન્ય સંસ્કૃત કવિઓની જેમ શૂદ્રકે પોતાના જીવન વિશેની માહિતી આપવામાં કચાસ રાખી નથી. તેમની એકમાત્ર કૃતિ એવી મૃચ્છકટિક પ્રકરણની શરૂઆતમાં જ પોતાના જીવન વિશે માહિતી આપતા લખે છે કે, ‘ રાજા શૂદ્રક બ્રાહ્મણ હતા તથા રાજા હોવા છતાં એક કવિ નાટ્યકાર પણ હતા. તે દેખાવમાં પણ સુંદર સૌન્દર્યવાળા હતા. તેની ચાલ હાથી જેવી હતી. આંખો પક્ષીના જેવી ચકોર હતી. એમનું શારીરિક સૌન્દર્ય ખૂબ આકર્ષક હતું. તેઓ જ્ઞાનની બાબતમાં પણ ખૂબ આગળ હતા. તેઓ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદના જાણકાર હતા. આ ઉપરાંત ગણિતશાસ્ત્ર, લલિતકળાઓ, હસ્તી વિદ્યામાં પણ નિપૂણતા હતી. તેમને હાથીઓની સાથે હાથથી લડવામાં અતિશય આનંદ આવતો. આથી તેઓ યુદ્ધના શોખીન હતા. તેમનામાં અમાપ શક્તિ હતી. તેઓ એકસો વર્ષ અને દસ દિવસનું આયુષ્ય ભોગવીને અગ્નિમાં પ્રવેશીને સ્વર્ગે સીધાવ્યા હતા.’*

**લેખક : ડૉ. વિષ્ણુપ્રસાદ ચંદ્રકાંત ત્રિવેદી**

**આચાર્ય :** *જી.એમ.ડી.સી. કૉલેજ, નખત્રાણા, કચ્છ.*

| એકમ-7 | ઉત્તરરામચરિત : કૃતિપરિચય |
|---|---|


૭. ૧ પ્રસ્તાવના

૭. ૨ ઉત્તરરામચરિત : કૃતિપરિચય

૭. ૩ સ્વાધ્યાય

૭. ૪ લેખક પરિચય

૭. ૫ સંદર્ભસાહિત્ય


## ૭. ૧ પ્રસ્તાવના

*સંસ્કૃત નાટકની ઉત્પત્તિ વિશે વિદ્વાનો અનેક મત રજૂ કરે છે. જેવા કે, ઋગ્વેદના સંવાદસૂક્તો નાટકની ઉત્પત્તિનું મૂળ છે, અથવા નાટક લોકનૃત્યમાંથી અવતર્યું છે કે પછી પુત્તલિકાનૃત્યમાંથી નાટકની ઉત્પત્તિ થઈ છે.*

*નાટક અથવા નટના ઉલ્લેખો આપણને રામાયણ, મહાભારત અને પાણિનિના અષ્ટાધ્યાયી જેવા પ્રાચીન ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે એ દર્શાવે છે કે, સંસ્કૃત નાટકની ઉત્પત્તિ ઈસવીસનથી શતાબ્દીઓ પૂર્વે થઈ હશે.*

*ઈન્દ્રની આગેવાનીમાં દેવોએ બ્રહ્માજી પાસે એક ક્રીડનકની માગણી કરી ત્યારે, બ્રહ્માજીએ ઋગ્વેદમાંથી પાઠ્ય, સામવેદમાંથી સંગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ ગ્રહણ કરી નાટકનું સર્જન કર્યું.*

**जग्राह पाठ्यमृग्वेदात्सामभ्यो गीतमेव च।**
**यजुर्वेदादभिनयान् रसानथर्वणादपि॥**

*નાટકના પ્રથમ મંચન વખતે વિરોધ કરતા વિઘ્નોને બ્રહ્માજી કહે છે કે,* त्रलिोकस्य अस्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् *। કર્મ, ભાવ અને અન્વય નાટ્ય મેં સર્વ લોકના આનંદ અર્થે સર્જ્યું છે. તેઓ નાટકનું પ્રયોજન દર્શાવતાં કહે છે કે,* वनिोदकरणं लोके नाट्यमेतद्भवष्यिति *। વળી, લોકો આનંદની સાથે સાથે જ્ઞાન મેળવશે કારણ કે એવું કોઈ જ્ઞાન, શિલ્પ, વિદ્યા, કલા, યોગ કે કર્મ નથી, જેનો સમાવેશ નાટકમાં ન થઈ શકે.*


*ઈન્દ્રની આગેવાનીમાં દેવોએ બ્રહ્માજી પાસે એક ક્રીડનકની માગણી કરી ત્યારે, બ્રહ્માજીએ ઋગ્વેદમાંથી પાઠ્ય, સામવેદમાંથી સંગીત, યજુર્વેદમાંથી અભિનય અને અથર્વવેદમાંથી રસ ગ્રહણ કરી નાટકનું સર્જન કર્યું.*

**जग्राह पाठ्यमृग्वेदात्सामभ्यो गीतमेव च।**
**यजुर्वेदादभिनयान् रसानथर्वणादपि॥**

*નાટકના પ્રથમ મંચન વખતે વિરોધ કરતા વિઘ્નોને બ્રહ્માજી કહે છે કે,* त्रिलोकस्य अस्य सर्वस्य नाट्यं भावानुकीर्तनम् *। કર્મ, ભાવ અને અન્વય સહિતનું નાટ્ય મેં સર્વ લોકના આનંદ અર્થે સર્જ્યું છે. તેઓ નાટકનું પ્રયોજન નાટકનું પ્રયોજન દર્શાવતાં કહે છે કે,* विनोदकरणं लोके नाट्यमेतद्भविष्यति *। વળી, લોકો આનંદની સાથે સાથે જ્ઞાન પણ મેળવશે કારણ કે એવું કોઈ જ્ઞાન, શિલ્પ, વિદ્યા, કલા, યોગ કે કર્મ નથી, જેનો સમાવેશ નાટકમાં ન થઈ શકે.*

**न तज्ज्ञानं न तच्छिल्पं न सा विद्या न सा कला।**
**नासौ योगो न तत्कर्म नाट्येस्मिन् यन्न दृश्यते॥**

*ઉત્તરરામચરિત એ ભવભૂતિ રચિત નાટક છે. અશ્વઘોષ, ભાસ અને કાલિદાસ પછીના કાળમાં આપણને આ નાટ્યકૃતિ પ્રાપ્ત થાય છે. ભવભૂતિ રચિત ત્રણ નાટકોમાં આ નાટક સર્વોત્તમ છે એ તો ખરું જ, પરંતુ વિશ્વસાહિત્યમાં પણ ઉત્તરરામચરિતનું સ્થાન અનોખું છે.*

## ૭. ૨ ઉત્તરરામચરિત : કૃતિપરિચય

*વિદ્વાનો અને વિવેચકોએ ઉત્તરરામચરિતને સંસ્કૃત સાહિત્યના એક ઉત્તમ નાટક તરીકે પ્રશસ્યું છે, ભવભૂતિની વિશિષ્ટ રચના તરીકે વખાણ્યું છે અને કહ્યું છે કે,* उत्तरेरामचरिते भवभूतिर्विशिष्यते *।*

**શીર્ષકઃ**

*રામના ઉત્તર જીવનની કથા એટલે કે જીવનનો પાછળનો ઈતિહાસ જ્યાં પ્રગટ કરવામાં આવ્યો છે તે ઉત્તરરામચરિત છે આ નાટક રામના રાજ્યાભિષેક અને સીતાત્યાગથી શરૂ કરીને રામ અને સીતાના પુનર્મિલન સુધીની કથાને સાંકળે છે આ નાટક મહાવીરચરિતમાં કહેવાયેલી રામકથાનો ઉત્તર ભાગ છે અને આ બે નાટકો મળીને રામાયણની સમગ્ર કથાને આવરી લે છે. અલબત્ત, આ બંને નાટકની વચ્ચે કવિનો ઉદ્દેશ, નાટ્યવસ્તુની રજૂઆત અને કલાની દ્રષ્ટિએ અત્યંત ભિન્નતા છે. મહાવીરચરિત એ ભવભૂતિની રચનાઓમાં પ્રથમ હોય તેમ કેટલાક વિદ્વાનો માને છે, કેટલાક વિદ્વાનો માલતીમાધવ નાટકને અગ્ર ક્રમે મૂકે છે, જ્યારે ઉત્તરરામચરિત એ ભવભૂતિની પરિણત પ્રજ્ઞાનું ફળ છે, એમ સર્વ વિદ્વાનો નિર્વિવાદ રીતે સ્વીકારે છે.*

**નાટ્યપ્રકાર:**

*સંસ્કૃત આલંકારિકો દ્વારા રૂપકોના દસ પ્રકાર કહેવાયા છે અને આ પ્રકારોનાં ભેદક તત્ત્વ 'કથાવસ્તુ, નાયક અને રસ' છે, એમ દર્શાવી દરેક રૂપક પ્રકારના લક્ષણો સ્પષ્ટ*

*કરવામાં આવ્યાં છે. આ ભેદક તત્ત્વો અને લક્ષણોના આધારે ઉત્તરરામચરિતનો નો સમાવેશ નાટક પ્રકારના રૂપક અંતર્ગત કરવામાં આવ્યો છે. કારણ કે તેમાં નાટકનાં લક્ષણો ચરિતાર્થ થતાં જોઈ શકાય છે; જેમ કે, ઉત્તરરામચરિતનું કથાવસ્તુ સુવિખ્યાત રામાયણકથા પર આધારિત છે, રામ ધીરોદાત્ત નાયક છે અને આ સાત અંકમાં વિભાજિત થયું છે.*

*અલબત્ત, નાટકના શાસ્ત્રીય લક્ષણો અનુસાર નાટકનો મુખ્ય રસ તરીકે વીર કે શૃંગાર રસ હોવો જોઈએ એ એક બાબતમાં ઉત્તરરામચરિત જુદું પડે છે. આ નાટકના અંતે નાયક રામ સીતાના મિલનરૂપી ફળપ્રાપ્તિ પણ કરે છે, છતાં સમગ્ર નાટકમાં રામને મન સીતા મૃત્યુ પામ્યા છે અને સ્મૃતિશેષ બન્યા છે એવા ઉલ્લેખો એકાધિક વખત કરવામાં આવ્યા છે. એ સંજોગોમાં ઉત્તરરામચરિતનો મુખ્ય રસ રતિ જેનો સ્થાયી ભાવ છે તેવો વિરહથી ઉત્પન્ન થયેલો શૃંગાર; વિપ્રલંભશૃંગાર નથી. સીતાના મૃત્યુને સ્વીકારતા રામ માટે શોક જેનો સ્થાયી ભાવ છે એવો કરુણ જ આ નાટકનો મુખ્ય રસ છે. અને મોટાભાગના વિવેચકો પણ ઉત્તરરામચરિતના મુખ્ય રસ તરીકે કરુણને સ્વીકારે છે.*

*અને વળી, ભવભૂતિ પોતે જ કહે છે કે,* एको रसः करुण एव निमित्तभेदाद्भिन्नः पृथकपृथगिवाश्रयते विवर्तान् *। કરુણ જ એકમાત્ર રસ છે, જે નિમિત્ત ભેદે જાણે જુદાં જુદાં વિવર્ત ધારણ કરે છે. જેમ પાણી વમળ, પરપોટા અને તરંગરૂપી વિકારોને ધારણ કરે, પણ અંતે તો માત્ર પાણી જ હોય છે. પંચવટીમાં આવેલા રામ વિશે વાસંતી પણ કહે છે કે,* 'पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः *।'*

**ઉત્તરરામચરિત નાટકનું કથાવસ્તુઃ**

*ઉત્તરરામચરિત મૂળ કથાવસ્તુ રામાયણમાંથી લેવામાં આવ્યું છે રામાયણના ઉત્તરકાંડમાં રામે સીતાનો ત્યાગ કર્યો એ ઘટના આવેલી છે જે આ નાટકનું મૂળ કથાવસ્તુ છે. ભવભૂતિએ આ કથાવસ્તુને સ્વીકારી પોતાની મૌલિકતા અને કલાસૂઝથી કેટલાંક વિશિષ્ટ પરિવર્તન કરી એક અદ્ભુત કૃતિનું નિર્માણ કર્યું છે. વાલ્મીકિ રચિત રામાયણમાં સીતા પૃથ્વીમાં સમાઈ જાય છે, જ્યારે આ નાટકના સાતમા અંકમાં રામ અને સીતાનું પુનર્મિલન થાય છે અને આ પુનર્મિલન રૂપી પરિવર્તન જરા પણ અસહજ લાગતું નથી એ ભવભૂતિની સર્જનપ્રતિભાનો ઉન્મેષ છે.*

*આ નાટકના પારંભનું કથાવસ્તુ રામના રાજ્યાભિષેક પછીનું તરતનું છે. આ નાટકના પ્રારંભે દેવી વાણીની સ્તુતિ કરવામાં આવી છે. અને તેને, 'આત્માની અમૃત કલા' કહી તેની પ્રશસ્તિ કરવામાં આવી છે. સમગ્ર નાટકમાં આપણે અનુભવીએ છીએ કે, મનુષ્યના મૃત્યુ બાદ પણ પ્રેમનો નાશ થતો નથી. આત્મા અમર છે, શરીરના હણાવા છતાં એ હણાતો નથી અને એ આત્માની કલારૂપ રહેલ પ્રેમ પણ અમર છે. અને, એ પ્રેમના અમરત્વને ઉજાગર કરતી ભવભૂતિની વાણી પણ આત્માની અમૃત કલા છે!*

કવિશ્રી ઉમાશંકર જોશીના મતે ભવભૂતિ આ નાટકમાં 'પ્રેમ આત્માનો અમર અંશ છે' એ સૂક્ષ્મ અનુભૂતિને રામકથા દ્વારા સાકાર કરવા મથે છે.

પ્રથમ અંકના પ્રારંભે સીતાના પિતા મહારાજ જનક અને અન્ય મહેમાનો રાજ્યાભિષેકનો પ્રસંગ પૂર્ણ થતાં વિદાય થઈ ગયા છે. માતાઓ, કુલગુરુ વશિષ્ઠ અને તેમના પત્ની અરુંધતી પુત્રી શાંતા અને જામાત્રા ઋષ્યશૃંગ ઋષિના આશ્રમે બાર વર્ષ ચાલનારા યજ્ઞમાં હાજરી આપવા ગયાં છે. સીતા કઠોરગર્ભા હોવાના કારણે રામ, સીતા અને લક્ષ્મણ જઈ શક્યાં નથી. બધાં જતાં ખાલી થયેલા રાજગૃહમાં સીતા સ્વજનોના વિયોગનું દુઃખ અનુભવે છે.

આ દરમિયાન ઋષ્યશૃંગ ઋષિના આશ્રમેથી કુલગુરુ વશિષ્ટ અને માતાઓનો સંદેશ લઈ અષ્ટાવક્રનું આગમન થયું. તેમણે સીતાને આશીર્વાદ આપ્યા છે કે, केवलं वीरप्रसवा भूयाः । - માત્ર વીરજનની થજે! રામ અત્યંત આનંદિત થાય છે, કારણ કે, 'સામાન્ય વ્યક્તિઓની વાણી અર્થને અનુસરે છે, જ્યારે આદ્ય ઋષિઓની વાણીની પાછળ અર્થ દોડતો આવે છે. ' અરુંધતી, રાજમાતાઓ તથા શાંતાએ સીતાને જે કાંઈ ગર્ભદોહદ થાય તે સત્વરે પૂરું કરવાની રામને આજ્ઞા આપી છે. ભગવાન વશિષ્ઠે રામને કહાવ્યું છે કે, પ્રજાના અનુરંજનમાં તત્પર રહેજો. કારણ કે તેનાથી મળતી કીર્તિ જ તમારું ઉત્તમ ધન છે અને રામ જવાબમાં કહે છે કે, 'સ્નેહ, દયા, સૌખ્ય કે જાનકીને પણ પ્રજાનું આરાધન કરતાં ત્યજી દેવામાં મને દુઃખ નહીં થાય. ' સીતા પણ રામની આ પ્રજાવત્સલતાની ભાવનાથી ખુશ થાય છે. અષ્ટાવક્ર આરામ કરવા જાય છે અને લક્ષ્મણનું આગમન થાય છે, જે ચિત્રવિથિ જોવા માટે સીતા સહિત રામને આમંત્રે છે.

સીતાની એકલતાની અને ગમગીનીની લાગણી દૂર કરવા માટે લક્ષ્મણે તૈયાર કરેલ ચિત્રવિથિના દર્શનનો પ્રસંગ યોજવામાં આવ્યો છે, જેમા રામના પૂર્વજીવનના કેટલાંક મહત્ત્વના પ્રસંગોનું ચિત્રણ કરવામાં આવ્યું છે. આમ, ઉત્તરરામચરિતમાં રામના પૂર્વ અને ઉત્તર જીવનને એક રીતે સાંકળી લેવામાં આવ્યું છે. રામના સ્વભાવના વિવિધ ગુણોને પણ આ પ્રસંગ દ્વારા ભવભૂતિએ આપણી સમક્ષ મૂકી આપ્યાં છે. રામ પોતાને તાટકાના વધ સમયે સિદ્ધ થયેલ જમ્ભૃકાસ્ત્રો હવેથી સીતાની સંતતિની સેવામાં રહેશે, કહી તેમને પોતાની ભાવિ પેઢીને અર્પણ કરે છે. લગ્ન અને ત્યાર બાદ અયોધ્યામાં સીતાનું આગમન, પિતાજી અને માતાઓની કાળજીને યાદ કરતા રામના મુખમાંથી નિઃસાસો સરી પડે છે, ते हि नो दिवसाः गाताः ।

આ ચિત્રો જોતાં-જોતાં, વનમાં વીતાવેલા, જેમાં 'રાત્રી જ પસાર થઈ જતી' એવા પ્રેમભર્યા દિવસો સીતા પ્રેમથી યાદ કરે છે અને પોતાને રાવણ ઉપાડી ગયો પછીની રામની વિરહાવસ્થા અને દુઃખોને જોઈ તે દુઃખી થાય છે. માલ્યવાન પર્વત પાસે વિરહમાં રડતા પોતાના ચિત્રને જોયા પછી રામની વિરહકાતરતા તીવ્ર બને છે. એ કહે છે કે, 'બસ! હવે રહેવા દો! આથી વધુ મારાથી સહન નહીં થાય! જાણે જાનકીનો વિરહ મારે ફરી આવી

પડ્યો છે!' રામ અને સીતા ચિત્રદર્શનથી અટકે છે અને સીતા ભાગીરથીના સાન્નિધ્યમાં જવાની ઉત્કટ ઈચ્છા પ્રગટ કરે છે અને રામ તરત જ આ દોહદપૂર્તિ માટે વ્યવસ્થા કરવાનો આદેશ આપે છે. સીતા રામને પણ સાથે આવવા જણાવે છે ત્યારે રામ જવાબ આપે છે કે, 'અરે કઠોરહૃદયા! આ પણ કહેવાનું!' અને રામના પ્રેમ અને પોતાના માટેની કાળજીથી આનંદિત થયેલી, થાકેલી સીતા રામના બાહુ પર માથું ટેકવી ઊંઘી જાય છે. રામ પોતાના દાંપત્યજીવનની સાર્થકતા પ્રગટ કરે છે કે, 'આ ઘરમાં લક્ષ્મી અને મારી આંખોની અમૃતશલાકા છે,એનો સ્પર્શ ચંદન સમાન શીતળ અને મારા કંઠમાં આરોપિત હાથ મોતીની માળા જેવો છે, આનું શું મને પ્રિય નથી? સિવાય કે વિરહ!' અને એ જ ક્ષણે 'આવી પહોંચ્યો છે, મહારાજ!' શબ્દ સાથે પ્રતિહારી પ્રવેશે છે. તે રામને એમનો ખાનગી દૂત દુર્મુખ આવી પહોંચ્યાની જાણ કરે છે. રામના અંતિમ વિધાન' 'તેનો વિયોગ અસહ્ય છે', એ વાક્ય સાથે દૂતનું, 'આવી પહોંચ્યો છે', એ વાક્ય સંલગ્ન થતાં રામ અને સીતાના પુનઃવિયોગ જાણે આવી પહોંચ્યો હોય તેવા ભણકારા વાગે છે. આમ, આ અંક કથાવસ્તુના વિકાસની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનો છે. વળી, અહીં ભાવિ કથાનકની ચોકસાઈના સંદર્ભમાં પણ જમ્ભૃકાસ્ત્રોનું વૃત્તાંત બહુ સુંદર રીતે મૂકાયું છે.

ગુપ્તચર દુર્મુખ પાસેથી રામ, પ્રજામાં ચર્ચાતા હોય તેવા પોતાના દોષ જાણવા ઈચ્છે છે, જેથી તે નિવારી શકે અને દુર્મુખ રામના કાનમાં, સીતાના પરગૃહવાસ વિશે લોકો ચર્ચા કરે એમનો ખાનગી દૂત દુર્મુખ આવી પહોંચ્યાની જાણ કરે છે. રામના અંતિમ વિધાન' 'તેનો વિયોગ સીતાના પરગૃહવાસ વિશે લોકો ચર્ચા કરે છે અને કલંક ગણે છે તેની જાણ કરે છે અને અત્યંત દુઃખી થયેલા રામ લોકોની આરાધના કરવાના વ્રતનું પાલન કરવા ઈચ્છે છે. તે દુર્મુખ દ્વારા લક્ષ્મણને સીતાનો ત્યાગ કરવાનો સંદેશ મોકલે છે અને દુર્મુખના જતાં સીતાના મસ્તક નીચેથી પોતાનો હાથ ખસેડી લઈ આત્મનિભર્ત્સના કરતા તે, સીતાના પગે પોતાનું મસ્તક અડાડી, 'તારા ચરણકમળને રામના મસ્તકનો આ છેલ્લો સ્પર્શ', કહી રડે છે. બહારથી લવણાસુરથી ત્રસ્ત લોકોનો બચાવવા માટેનો કોલાહલ સંભળાતાં તે બહાર જાય છે અને શત્રુઘ્નને લવણાસુર સાથે લડવા મોકલે છે. સીતા જાગીને રામ પર ગુસ્સે થવાનું વિચારે છે, પરંતુ એ દરમિયાન દુર્મુખ સીતાને લક્ષ્મણે તૈયાર કરેલા રથમાં બેસવા વિનંતિ કરે છે. ફરકતા ગર્ભભારવાળી સીતા રઘુકુળદેવતાઓને પ્રણામ કરે છે અને આ અંક અહીં પૂર્ણ થાય છે.

આ અંકનું નામ ચિત્રદર્શન આપવામાં આવ્યું છે, ચિત્રદર્શન દ્વારા રામના સંપૂર્ણ પૂર્વ જીવનને દર્શાવવામાં આવ્યું છે અને આ ચિત્રદર્શનથી સીતાને ભાગીરથીના વનોમાં જવાની ઈચ્છા જાગી છે. આ સમગ્ર અંકમાં રામ અને સીતાનો પરસ્પર માટેનો પ્રેમ આપણને પ્રતીત થાય છે અને ચિત્રદર્શન-પ્રસંગ દ્વારા તે બન્નેના મનોભાવોના આરોહ-અવરોહ ભાવક માટે આનંદજનક બને છે અને બન્નેના પાત્રો સુરેખ રીતે ઉપસી આવે છે.

દ્વિતીય અંકનું નામ પંચવટીપ્રવેશ છે. આ અંકમાં સીતાત્યાગના બાર વર્ષ પછી રામ પંચવટીમાં પ્રવેશી રહ્યા છે, જેના કારણે અત્યાર સુધી તેમના હૃદયમાં રહેલો શોકભાર પ્રવાહિત થઈ ઊઠે છે. આ અંકના પ્રારંભે આત્રેયી વનદેવતાને કહે છે કે, ભગવાન વાલ્મીકિના આશ્રમમાં, જન્મથી જ જેમને જમ્ભૃકાસ્ત્રો સિદ્ધ થયાં છે એવાં બે અતિતેજસ્વી બાળકો; લવ અને કુશનું આગમન થયું છે અને ક્રૌંચવધના દર્શને મહર્ષિ વાલ્મીકિના મુખમાં અનુષ્ટુપ છંદમાં વાણી પ્રગટ થતાં તેમણે 'રામાયણ' રૂપે ઈતિહાસની રચના કરી છે. આથી, પોતાના અભ્યાસમાં વિઘ્ન ઉત્પન્ન થયું છે, તેથી તે ત્યાંથી નીકળી આવી છે. હવે પંચવટીમાંથી પસાર થવાની વાતથી તેના મુખમાંથી, 'हा! वत्से जानकी!' નીકળી પડે છે અને ત્યારે તેના દ્વારા વાસંતીને રામે સીતાનો ત્યાગ કર્યો છે અને સીતા નામશેષ થઈ છે, એ સમાચાર મળે છે. અહીં ભવભૂતિ, રામે જ્યારે સીતાનો ત્યાગ કર્યો ત્યારે વડીલો ગેરહાજર હતા એ વાત, અને અશ્વમેધ યજ્ઞ કરી રહેલા રામે સીતાની સુવર્ણપ્રતિમાને સહધર્મચારિણી તરીકે સ્થાપિત કરી છે એ વાત, આ બન્નેના સંવાદોમાં ચોખવટપૂર્વક મૂકી આપી છે, જે રામના પાત્રને સ્પષ્ટ કરવામાં સહાયભૂત બને છે.

દંડકારણ્યમાં આત્મનિર્ભર્ત્સનારત રામ આપણી સામે આવે છે. રામની મનઃસ્થિતિ અત્યારે અત્યંત વિકળ બની છે. લોકોના આરાધન માટે સીતાનો ત્યાગ કરવા તૈયાર થયેલા રામ, સીતાનો ત્યાગ કર્યા પછી કેવી માનસિક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે તેનું નિદર્શન દ્વિતીય અને તૃતીય અંકમાં સહૃદય ભાવકને સ્પર્શી જાય તે રીતે કરવામાં આવ્યું છે. રાજા તરીકેની ફરજ બજાવતા રામને એ સતત અહેસાસ છે કે પોતે પોતાની પત્ની તરફની ફરજ ચૂક્યા છે. એટલું જ નહીં, પોતાની પવિત્ર, સુકુમાર પત્નીનો સગર્ભાવસ્થામાં ત્યાગ કર્યો છે. આ અંકમાં તેઓ દંડકારણ્ય અને જનસ્થાનમાં પોતે ભૂતકાળમાં અહીં કરેલાં પરાક્રમો યાદ કરે છે અને ત્યાર બાદ અગસ્ત્ય ઋષિના અશ્રમ તરફ પ્રયાણ કરે છે.

તૃતીય અંકનો પ્રારંભ તમસા અને મુરલા નામની બે નદીઓના સંવાદથી થાય છે. અહીં મુરલા કહે છે કે તે અગસ્ત્યના પત્ની લોપામુદ્રાના આદેશથી ગોદાવરીને કહેવા જઈ રહી છે કે, અત્યંત શોકમગ્ન રામ, પંચવટીમાં આવતાં અસહ્ય દુઃખ પામશે, તો, 'હે ગોદાવરી! શીતળ જળબિંદુઓ, કમળના પરાગની સુવાસ અને ધીમા તરંગોના પવનોથી મૂર્છાના દરેક પ્રસંગે રામભદ્રના જીવને શાતા અર્પજો.' ત્યારે તમસા કહે છે કે, રામભદ્રનો સંજીવની ઉપાય આપણી પાસે છે અને એને સીતાના પ્રસવ-સમયના સમાચાર તથા બન્ને બાળકો અને સીતાના વર્તમાન સમાચાર આપે છે.

રાજકાર્યમાં પોતાને અતિવ્યસ્ત રાખતા શોકાતુર રામનો આ પંચવટી-પ્રવેશ મુરલાને અનર્થકારી લાગે છે, ત્યારે તમસા સ્પષ્ટતા કરે છે કે, રામની પંચવટીની મુલાકાતની જાણ થતાં ભાગીરથી, બન્ને બાળકો બાર વર્ષના થયા હોવાથી કોઈ કુલાચાર

કરવાના બહાના હેઠળ સીતાને ત્યાં લઈ આવ્યા છે અને તેને અદૃશ્ય બનવાની એક શક્તિ આપી છે. વળી, તમસાને સતત સીતાની સાથે રહેવાની સૂચના આપી છે.

'સાક્ષાત વિરહવ્યથા શરીર ધારણ કરીને આવી હોય તેવી સીતા'નું આગમન થાય છે અને તેને અવાજ સંભળાય છે કે, સીતાએ ઉછેરેલા અને હાલમાં જળમાં વિહાર કરતા ગજ પર અન્ય એક મદોન્મત્ત હાથીએ હુમલો કર્યો છે અને સીતા બોલી ઊઠે છે, 'આર્યપુત્ર! બચાવો બચાવો. ' અને તે મૂર્છા પામે છે. વિમાનરાજને થોભવાનું કહેતા રામના અવાજને એ ઓળખે છે અને જાગૃતિ પ્રાપ્ત કરે છે. રામ પણ અહીં આવતાં જ સીતાની યાદમાં મૂર્છા પામે છે અને તમસાના સૂચનથી સીતા સ્પર્શ દ્વારા એમની મૂર્છા દૂર કરે છે. રામ સીતાના સ્પર્શને ઓળખે છે, પણ સીતા મૃત્યુ જ પામી હશે એવી એમની ધારણા છે, કારણ કે વીતેલાં બાર વર્ષોમાં સીતા કે એના સંતાનના કોઈ સમાચાર તેમણે જાણ્યા નથી, એ સંજોગોમાં એ સ્પર્શ ખરેખર સીતાનો હતો કે માત્ર પોતાનો ભ્રમ હતો, એ વિશે એ સાશંક બને છે. સીતા રામના મુખે, 'હા! પ્રિય જાનકી!' સાંભળીને મનોમન ફરિયાદ કરે છે, પરંતુ તત્ક્ષણ એને પોતાના નિર્દય બનવા પર ક્રોધ અનુભવાય છે, એ કહે છે કે, 'अहमेतस्य हृदयं जानामि, ममाप्येष ।' એ તમસા પાસે સ્વીકારે છે કે, 'અકારણ ત્યાગ કર્યો હોવા છતાં, એમના દર્શને મારા હૃદયની કેવી દશા થઈ છે!' ત્યાર બાદ સીતાએ ઉછેરેલા હાથીને અન્ય હાથીથી બચાવવા જતાં રામને વાસંતી મળે છે. સીતા અને રામ વિજયી ગજને જોઈ પ્રસન્ન થાય છે અને સીતાને પોતાનાં બાળકો યાદ આવે છે.

વાસંતી રામને સીતાએ ઉછેરેલો મોર બતાવે છે અને સીતાએ ઉછેરેલા કદમ્બને રામ ઓળખી જાય છે. વાસંતી રામને બેસવા માટે શીલા બતાવી યાદ કરાવે છે કે, આ જ તમારી, પ્રિયા સાથેની શૈયા હતી. અને રામ રડી ઊઠે છે. વાસંતી કટાક્ષમાં કહે છે કે, 'મહારાજ રામ પધાર્યા છે!' અને રામને લક્ષ્મણના કુશળ પૂછે છે, જેથી રામને સમજાય છે કે, તે સીતાનો વૃત્તાન્ત જાણે છે. પછી વાસંતી ઉપાલંભ આપે છે કે, 'તમે તો કહેતા હતાને, કે તું મારું જીવન છે, તું તો મારું બીજું હૃદય છે, મારા નેત્રોની ચાંદની છે, મારા શરીર માટે અમૃત છે. . . . આવાં આવાં સેંકડો ગમી જાય એવાં વચનોથી તે ભોળીને રીઝવીને તેને જ. . . . અથવા રહેવા દો, આગળ બોલવાથી શું?' અને વાસંતી મૂર્છા પામે છે. ભાનમાં આવીને પૂછે છે કે, આવું કેમ કર્યું? અને ઠપકો આપે છે કે, તમને યશ વહાલો છે, જોકે આનાથી વધુ અપયશ કયો હોય? તે રામને પૂછે છે કે, 'કહો, એ મૃગનયનીનું શું થયું હશે?' અને રામ જવાબ આપે છે કે, 'એમાં હું શું માનું? હિંસક પશુઓ દ્વારા એ અવશ્ય નાશ પામી હશે. ' રામ સીતાને મૃત્યુ પામેલી જ માને છે, તેના જીવતા હોવાની કોઈ સંભાવના જોતા નથી અને મુક્તકંઠે રડે છે.

રામ આ અંકમાં વારંવાર રડે છે, વારંવાર મૂર્છા પામે છે, સીતાનો સ્પર્શ સંજીવનીનું કાર્ય કરે છે. અહીં સીતાને જાણ થાય છે કે, રામે યજ્ઞમાં સહધર્મચારિણી તરીકે

પોતાની સુવર્ણપ્રતિમા સ્થાપી છે અને તે કહે છે કે, 'આર્યપુત્રે મારું પરિત્યાગની લજ્જાનું શલ્ય ઉખાડી કાઢ્યું. ' સીતાના મનનું સમાધાન થાય છે અને પરસ્પર પ્રેમ કરતાં દંપતી વચ્ચે સમ્પૂર્ણ મનોવૈજ્ઞાનિક રીતે સંબંધોનું પુનઃસ્થાપન થાય છે, એ ભવભૂતિની કમાલ છે. કારણ કે સાતમા અંકમાં થનાર પુનર્મિલનનો જાણે અહીં પાયો નખાયો છે. આના કારણે સાતમા અંકમાં થનાર પુનર્મિલનનો જાણે અહીં પાયો નખાયો છે. આના કારણે સાતમા અંકમાં થતું મિલન જરાય કૃત્રિમ લાગતું નથી.

અંતે સીતા અને તમસા જાય છે અને રામ પણ જવા માટે વિમાનરાજને બોલાવે છે અને આ 'છાયા' નામનો અંક સમાપ્ત થાય છે. આ અંકમાં રામના જીવનમાં જાણે સતત છાયા રૂપે રહેલ સીતાને આપણે જોઈ શકીએ છીએ અથવા સીતાની છાયા રામના જીવન પર સતત પથરાયેલી છે, એ આપણને સમજાય છે. સીતાનો ભૌતિક રૂપે ત્યાગ કર્યા પછી પણ રામના વિચારોમાં સીતા છાયા રૂપે જાણે સતત વિચરી રહી છે. અથવા આપણે કહી શકીએ કે આ અંકના અંતિમ શ્લોકમાં આપણને રામ અને સીતાના મિલનનો આભાસ એટલે કે છાયા પ્રાપ્ત થાય છે. આમ, આ અંકનું નામ અન્વર્થક જણાય છે.

ચતુર્થ અંકનું નામ કૌસલ્યા-જનકમિલન છે. ચતુર્થ અંકનો પ્રારંભ વાલ્મીકિ ઋષિના બે શિષ્યોના સંવાદથી થાય છે. આ સંવાદ દ્વારા આપણે જાણીએ છીએ કે, રામે સીતાનો ત્યાગ કર્યો છે એ જાણ્યા પછી, બાર વર્ષે ઋષ્યશૃંગ ઋષિનો યજ્ઞ પૂર્ણ થયા પછી પણ, વશિષ્ઠપત્ની અરુંધતીએ સીતાવિહોણી અયોધ્યામાં જવાનો અસ્વીકાર કરી દીધો હતો. રામની માતાઓએ પણ અરંધતીની આ વાતને સમર્થન આપી વાલ્મીકિ ઋષિના તપોવનમાં જઈને રહેવાનો નિર્ણય કર્યો હતો અને તે બધાં હવે વાલ્મીકિના આશ્રમમાં આવી ગયા છે. બીજી બાજુ સીતાના ત્યાગની વાતથી મહારાજ જનક પણ અતિસંતપ્ત હતા અને પોતાના મનની શાંતિ અર્થે તે પણ વાલ્મીકિ ઋષિના આશ્રમે આવી પહોંચ્યા છે. વશિષ્ટ ઋષિએ કૌસલ્યાને કહાવ્યું છે કે, મહારાજ જનકને તેમણે સામેથી જ સ્નેહપૂર્વક મળવું. ત્યારે, સીતાને યાદ કરતાં શોકથી સંતપ્ત જનક આશ્રમ-બહાર એક વૃક્ષ નીચે બેઠા હતા ત્યાં અરુંધતી અને કંચુકી સાથે કૌસલ્યા તેમને મળવા માટે ગયા.

અહીં, જનકને મળવા જતાં કૌસલ્યાને થતો સંકોચ બહુ અસરકારક રીતે ભવભૂતિએ વ્યક્ત કર્યો છે. અચકાતાં કૌસલ્યાને સ્વસ્થ થવા સૂચવતાં અરુંધતીને તેઓ કહે છે કે, 'कथं नु खलु वत्साया वध्वा एवंगते तस्य राजर्षेर्मुखं दर्शयाम: ।' અર્થાત્, દીકરી જેવી વધૂ સાથે આવું થયા પછી તેના રાજર્ષિ પિતાને હું શું મોઢું બતાવું? જનક અરુંધતીને પ્રણામ કરી કંચુકીને પૂછે છે કે, 'પ્રજાપાલકના આ માતા કુશળ તો છે ને?' કંચુકીના મુખે સીતાની અગ્નિશુદ્ધિનો ઉલ્લેખ સાંભળી ક્રોધપૂર્વક બોલી ઊઠે છે કે, 'અમારી સંતતિને શુદ્ધ કરનાર અગ્નિ વળી કોણ?' અરુંધતી તેમની વાતનું સમર્થન કરે છે અને કૌસલ્યા મૂર્છા પામે છે. આથી, જનકને પોતાની ક્રૂર વાણી માટે અફસોસ થાય છે, જાગૃત થયા બાદ કૌસલ્યા વિલાપ કરે છે ત્યારે અરુંધતી તેમને વશિષ્ટ ઋષિનું વચન યાદ

કરાવે છે કે, 'જે થવાનું હતું તે થયું જ, પરંતુ પરિણામ મંગલમય આવશે' અને ઋષિની સાર્થક વાણી વિશે વાત કરે છે, પડદા પાછળથી શોરબકોર સંભળાય છે.

અતિથિઓના આગમનના કારણે આજે અધ્યયનમાં વિરામ હોવાથી મેદાનમાં બાળકો રમી રહ્યાં છે અને જનક, કૌસલ્યા, અરુંધતી તથા કંચુકી તેમને જુએ છે. એક તેજસ્વી બાળક સર્વેનું ધ્યાન ખેંચે છે. જનક કંચુકીને કેહીને તેને મળવા બોલાવે છે અને લવ પ્રવેશી વડીલોને પ્રણામ કરે છે. દરેકને તેનામાં રામ અને સીતાની આકૃતિ જણાય છે. કૌસલ્યા લવને તેના માતા-પિતા વિશે પૂછે છે ત્યારે તે કહે છે કે, પોતાને માતા-પિતા નથી, તે માત્ર વાલ્મીકિને જાણે છે.

આ દરમિયાન અશ્વમેધ યજ્ઞના અશ્વ સાથે નીકળેલ ચંદ્રકેતુનો સૈનિકોને આદેશ આપણને સંભળાય છે કે, કોઈએ આશ્રમભૂમિ પાસે આક્રમણ કરવું નહીં. ચંદ્રકેતુના આગમનના સમાચારથી વડીલો ખુશ થાય છે, લવ ચંદ્રકેતુની ઓળખ જાણવા માગે છે અને તે લક્ષ્મણનો દીકરો છે એ જાણીને કહે છે કે, રામ અને લક્ષ્મણ જ રામાયણકથાના નાયકો છે. અહીં લવ દ્વારા ભવભૂતિ સાતમા અંકના ગર્ભાંકનું સૂચન કરી દે છે કે, હજુ સુધી દશરથાના પુત્રોને કેટલાં સંતાનો છે એ મહર્ષિ વાલ્મીકિએ પ્રગટ કર્યું નથી, કથાનો એ ભાગ તેમણે અપ્સરાઓ દ્વારા ભજવી શકાય એ માટે ભરતમુનિ પાસે મોકલ્યો છે. વળી, અહીં કુશનો ઉલ્લેખ પણ કરી દેવામાં આવ્યો છે કે, કથાનો એ પુસ્તક-સ્વરૂપ ભાગ લઈને કેટલાંક શિષ્યો ભરતમુનિ પાસે ગયા છે અને તેમની સાથે રક્ષણ અર્થે પોતાનો જોડિયો મોટો ભાઈ કુશ પણ ગયો છે. જનકના પૂછવાથી લવ કહે છે કે, પુરજનોની ખોટી નિંદાથી ઉદ્વેગ પામેલા રાજાએ દેશપાર કરેલાં અને પ્રસવવેદના થવાની શરૂ થઈ ગઈ છે એવાં સીતાને જંગલમાં એકલાં છોડી લક્ષ્મણ પાછા ફર્યા, ત્યાં સુધીની રામકથાની રચના પ્રગટ થઈ ગઈ છે. કૌસલ્યા અને જનક સીતાત્યાગની વાત થતાં પુનઃ વિલાપ કરે છે અને લવને તેમની ઓળખ પ્રાપ્ત થતાં તે તેઓને બહુમાન, ખેદ અને કૌતુકથી જુએ છે. જનક પુરવાસીઓ અને રામ પર ક્રોધિત થાય છે, અરુંધતી તેમને શાંત કરે છે.

આ દરમિયાન ગભરાયેલાં બાળકો પ્રવેશે છે અને લવને કહે છે કે, 'અશ્વ' નામનું વિશિષ્ટ પ્રાણી તેમણે પ્રત્યક્ષ જોયું. લાંબા પૂંછડાને સતત હલાવ્યા કરતા, ખરીઓવાળા, કૂણું ઘાસ ખાતા અને લાંબી ડોકવાળા પ્રાણીનું વર્ણન કરી લવને ઘસડી જાય છે. બધા વડીલો કંચુકી સાથે ભગવાન પ્રાચેતસ વાલ્મીકિને મળવા પ્રયાણ કરે છે.

આ બાજુ બાળકો સાથે ગયેલ લવ અશ્વમેધના, પતાકા લગાવેલા અશ્વને જુએ છે, પરંતુ પતાકા પરની ઘોષણા '. . . સાતે ય લોકના એકમાત્ર વીર એવા રાવણકુળના શત્રુ રામની વીરઘોષણા', એને અકળાવી મૂકે છે. તેને થાય છે કે, આવી ઘોષણા કરો છો તો શું પૃથ્વી નક્ષત્રી થઈ ગઈ છે? રામ પરાક્રમી છે એ વાત તે સ્વીકારી શકે છે, પણ પતાકા પરની વાત તેને કોઈ જાણે ડરામણી આપતું હોય એવી જણાય છે અને એ પોતાની સાથેનાં બાળકોને અશ્વને આશ્રમમાં લઈ જવા કહે છે.

એક પુરુષ પ્રવેશીને કહે છે કે, અશ્વને છોડી દો અને આવી ગર્વભરી વાણી બોલવાના બદલે ઝાડીઓમાં થઈ નાસી જાઓ, હમણાં કુમાર ચંદ્રકેતુ આવી પહોંચશે અને હસીને લવ ધનુષ્ય પર બાણ ચઢાવે છે. અહીં આ અંક સમાપ્ત થાય છે.

આ અંકમાં જનક અને કૌસલ્યાનાં દુઃખ, પીડા, આક્રોશ બહુ જ કલાત્મક રીતે વ્યક્ત થયા છે, લવનું વ્યક્તિત્વ સુંદર રીતે નિરૂપાયું છે. આ અંકમાં ગર્ભાંક નાટક અને રહસ્યનું સૂચન પ્રાપ્ત થાય છે. વાલ્મીકિ રામાયણની મૂળ કથામાં આવો કોઈ પ્રસંગ બનતો નથી, આ પ્રસંગ ભવભૂતિનું મૌલિક સર્જન છે.

ઉત્તરરામચરિતના પાંચમા અંકનું નામ 'કુમાર-વિક્રમ' છે. આ અંકમાં લવ અને ચંદ્રકેતુ, એમ બન્નેના પરાક્રમ દ્વારા ઈક્ષ્વાકુકુળના કુમારોના પાત્રો સુરેખ રીતે ઉપસાવ્યાં છે. લવના પારક્રમથી ત્રસ્ત સૈનિકો ભાગી રહ્યા છે ત્યારે ચંદ્રકેતુ યુદ્ધમેદાન તરફ આવી રહ્યા છે, એમના સારથિ સુમંત્ર છે. એકાધિક સૈનિકો સાથે યુદ્ધ કરતા લવને જોઈને બન્ને તેની આકૃતિ અને પરાક્રમ માટે વિસ્મય અનુભવે છે અને ચંદ્રકેતુ, સમાન પરાક્રમી લવને પોતાની સાથે યુદ્ધ કરવા લલકારે છે, 'तेजस्तेजसि शाम्यतु ।' તેજ તેજમાં ભલે શાંત થાય. લવ ચંદ્રકેતુ તરફ ફરે છે, પણ સેના તેની પાછળ પાછળ આવે છે, ચંદ્રકેતુ એ સેનાને અટકવા કહે છે ત્યારે લવ વિચારે છે કે, શું આ મારા પર દયા ખાઈ રહ્યો છે? અને એ સેના પર જમ્ભૃકાસ્ત્રોનો ઉપયોગ કરે છે. આ શસ્ત્રો પ્રવૃત્ત થતાં સેના સ્તબ્ધ થઈ જાય છે. જમ્ભૃકાસ્ત્રોનો ઉપયોગ થતાં સુમંત્ર આશ્ચર્યમાં પડે છે. કારણ કે મૂળ કૃશાસ્વનાં આ શસ્ત્રો પૂર્વે વિશ્વામિત્ર પાસે હતાં અને બાદમાં પરંપરાથી રામની સેવામાં હતાં.

નજીક આવેલાં બન્ને કુમારો પરસ્પરને જુએ છે અને કોઈ અવર્ણનીય લાગણી અનુભવે છે. ચંદ્રકેતુ યુદ્ધ માટે રથમાંથી ઊતરવા જાય છે એને લવ વારે છે. લવ પોતે રથ પર બેસી યુદ્ધ કરવા માગતો નથી, કારણ કે પોતાને એની આદત નથી. સુમંત્ર તેની પ્રશંસા કરતાં કહે છે કે, રામ તેને જોઈને આનંદ પામે, ત્યારે લવ જરા સંકોચ પામીને કહે છે કે, 'તે રાજર્ષિ તો સજ્જન છે. અને અમે પણ યજ્ઞમાં વિઘ્ન નાખનારાં નથી. . . . પરંતુ રક્ષકોની વાણી બધા ક્ષત્રિયોનું અપમાન કરનાર હતી, એણે મને ગુસ્સે કર્યો. ' પછી રામના પ્રતાપ વિશે અને તેમના માણસોની ગર્વિષ્ઠ રાક્ષસી વાણી વિશે એ લવ-ચંદ્રકેતુ વચ્ચે વાગ્યુદ્ધ થાય છે. લવના મતે ક્ષાત્રધર્મ રામના એકલામાં સમાઈ ગયો – પ્રકારના વાક્યો રાક્ષસી વાણી છે. ચંદ્રકેતુ ઉશ્કેરાઈને પરશુરામનું દમન કરનાર રામના મહિમાનો ઉલ્લેખ કરે છે અને લવ કહે છે કે, 'બ્રાહ્મણોનું પરાક્રમ વાણીમાં હોય છે અને બાહુનું પરાક્રમ ક્ષત્રિયમાં. . . . . તો બ્રાહ્મણને પરાજિત કર્યા એમાં રાજાની શું સ્તુતિ કરવાની ?' ચંદ્રકેતુની અકળામણને વધારતાં વ્યંગમાં તે આગળ કહે છે કે, 'વડીલોના આચરણ વિશે શું વિચારવું? શું વર્ણવવું ? રહેવા દો, બાકી સુન્દની સ્ત્રી (તાટકા)નો વધ કરવા છતાં જેમનો યશ જગતમાં કુંઠિત થયો નથી, તેથી તેઓ મહાન છે ! વળી, ખર સાથેના યુદ્ધમાં

પીઠ ફેરવ્યા વિના ત્રણ ડગલાં પાછા હટ્યા, ઈન્દ્રના પુત્ર (વાલી)ને હણવામાં જે કુશળતા દાખવી, એ લોક જાણે જ છે !'

ચંદ્રકેતુ ગુસ્સે થઈને અને લવ, 'મારી સામે ભ્રમર ભેગી કરે છે?' કહીને યુદ્ધ માટે તૈયાર થઈ જાય છે.

પ્રથમ અંકમાં રામે ચિત્રદર્શન સમયે સીતાને, 'હવે આ જમ્ભૃકાસ્ત્રો તારી સંતતિની સેવામાં રહેશે' કહ્યું હતું અને દ્વિતીય અંકમાં આત્રેયીએ આ અસ્ત્ર લવ-કુશને પ્રાપ્ત થઈ ચૂક્યાં છે-નો ઉલ્લેખ કર્યો હતો. પાંચમા અંકમાં ભવભૂતિ લવ તેનો પ્રયોગ પણ કરી શકે તેવો અવસર પણ ઊભો કરે છે. આ તેની સુગઠિત સંવિધાનકળા દર્શાવે છે.

છઠ્ઠા અંકનું નામ કુમાર-પ્રત્યભિજ્ઞાન છે. વિમાનમાં રહેલું વિદ્યાધર યુગલ આ યુદ્ધ નિહાળે છે અને તેનું રોમાંચક વર્ણન કરે છે ત્યાંથી આ અંકનો પ્રારંભ થાય છે. બન્ને કુમારો દૈવી શસ્ત્રોનો પ્રયોગ કરે છે અને એકબીજાનાં શસ્ત્રોનો છેદ ઉડાડે છે. ચંદ્રકેતુએ આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કર્યો તો વારુણાસ્ત્ર છોડી વરસાદ દ્વારા લવે એનું શમન કર્યું. વારુણાસ્ત્રના વાદળો ચંદ્રકેતુએ વાયવ્યાસ્ત્ર છોડીને દૂર કરી દીધાં. આ દરમિયાન પંચવટીથી નીકળેલા રામનો પ્રવેશ થાય છે, જે દૂરથી જ આ બન્નેને યુદ્ધથી અટકવા માટે કહે છે.

રામ વિમાનમાંથી ઊતરી ચંદ્રકેતુને આલિંગન આપે છે અને કુશળ પૂછે છે. લવ રામને મૂર્તિમંત અસ્ત્રવેદ સમાન, ક્ષાત્રધર્મ સમાન જણાય છે તો લવને પણ રામ આશ્વાસન, સ્નેહ અને ભક્તિના સ્થાનરૂપ જણાય છે અને તેમને જોતાં જ પોતાના મનના વિરોધી ભાવો નાશ પામવાનો અનુભવ થાય છે. લવ તેમને રામ તરીકે જાણી, પ્રણામ કરે છે અને રામ લવને આલિંગન આપે છે. લવ ક્ષમાપ્રાર્થના કરે છે ત્યારે રામ કહે છે કે તેજસ્વી વ્યક્તિ માટે બીજાના પ્રતાપની જાહેરાત જાણી વીરતા દાખવવી એ કુદરતી સ્વભાવ છે અને પછી જમ્ભૃકાસ્ત્રોથી સ્તબ્ધતા પામેલા સૈન્યને જોઈ લવને તે અસ્ત્ર પાછું ખેંચી લેવા કહે છે. આ અસ્ત્ર કેવી રીતે પ્રાપ્ત થયું એમ પૂછતાં જવાબમાં તેઓ જાણે છે કે, આ જોડિયા ભાઈઓની સામે આ આસ્ત્ર પોતાની મેળે જ પ્રગટ થયાં હતાં.

આ દરમિયાન યુદ્ધની વાત સાંભળી ક્રોધિત થયેલા કુશનો અવાજ સંભળાય છે. રામ કુશને પણ પોતાની પાસે બોલાવી લાવવા લવને સૂચન કરે છે. લવ કુશને બોલાવવા જાય છે, રામ કુશને જોઈને વિચારે છે કે આ મૂર્તિમંત ગર્વ જ છે કે શું? લવ કુશ પાસે જઈ, તેને રામાયણ કથાના નાયક અને ચંદ્રકેતુની મૈત્રીથી પિતા સમાન બનેલા રામ પાસે નમ્રતાપૂર્વક જવા સમજાવે છે. ત્યારે (પિતા સમાન હોવાથી) કુશ કહે છે કે, 'તો ક્ષત્રિય તરફની નમ્રતા પણ નિંદાપાત્ર નહીં ગણાય. ' રામને જોઈને કુશ વિચારે છે કે, રામાયણના કવિએ વાગ્દેવીનો પ્રયોગ યથાસ્થાને કર્યો છે. સાલવૃક્ષની છાયામાં બેસીની આ બન્નેને નીરખતાં રામને આ બન્ને રઘુકુળના કુમારો હોવાનો વિચાર આવે છે. ભગવાન પ્રાચેતસના આશ્રમ નજીક કરેલો સીતાનો ત્યાગ, સ્વયંભૂ પ્રાપ્ત જમ્ભૃકાસ્ત્રો, આ બન્ને

ભાઈઓના મુખનું સીતાના મુખ સાથેનું સામ્ય. . . આ વિચારોમાં રામની આંખ ભીની થાય છે અને લવ એ અશ્રુ વિશે પૂછે છે ત્યારે કુશ કહે છે કે, 'સીતાદેવી વિના રઘુપતિને શું દુઃખ નથી? પ્રિયાનાશે જગત અરણ્ય બની રહે એવો એ સ્નેહ હતો. અને વળી, આ વિયોગ પણ નિરવધિ છે. જાણે તું રામાયણ વિશે કાંઈ ન જાણતો હોય તેમ કેમ પૂછે છે?' તે રામ અને સીતાના પ્રેમ વિશે આગળ કહે છે કે, 'हृदयं त्वेव जानाति प्रीतियोगं परस्परम् ।' અને બાળકો રામને ગત દિવસો યાદ કરાવતાં રહે છે.

આ દરમિયાન નેપથ્યમાંથી અવાજ આવે છે ત્યારે રામને ખ્યાલ આવે છે કે માતાઓ અને દેવી અરુંધતી અને મહારાજ જનક પણ પ્રાચેતસના આશ્રમમાં પધારેલ છે અને બાળકોના યુદ્ધની વાત સાંભળી આ સ્થાને આવી રહ્યાં છે. મહારાજ જનક સામે જતાં રામ ક્ષોભ અનુભવે છે અને ફરી એકવાર આત્મનિંદારત બને છે. રામને જોઈને પહેલાં જનક અને પછી માતાઓ મૂર્છા પામે છે. તેમને સન્માનવા માટે રામ ઊભા થાય છે અને આ અંક અહીં પૂર્ણ થાય છે.

આ અંકમાં રામ, લવ-કુશ, માતાઓ અને જનક સર્વે એક સ્થાને એકત્રિત થાય છે. વડીલોનાં મનનું સમાધાન કરવા માટે આમ ભેગા થવું આવશ્યક હતું. રામ અને સીતાના પુનઃ મિલન માટે પણ આ સ્થાને બધા ભેગા થાય એ અનુકૂળ બની રહે એમ છે. રામના પ્રતાપી અને ઉદારચરિત વ્યક્તિત્વ અને લવ-કુશના પ્રભાવી ચરિતનું સમ્યક નિરૂપણ આ અંકમાં પ્રાપ્ત થાય છે.

સાતમા અંકનું નામ 'સમ્મેલન અંક' છે. આ અંકમાં રામ અને સીતાનું મિલન યોજવામાં આવ્યું છે. વાલ્મીકિ રામાયણના ઉત્તરકાણ્ડમાં લવ-કુશ અશ્વમેધ યજ્ઞમાં રામાયણ-કથાનું ગાન કરે છે અને એ રીતે, રામ અને પ્રજાને સીતાભિમુખ કરી વાલ્મીકિ રામ-સીતાનું મિલન કરાવવાનો પ્રયાસ કરે છે. રામ સીતાને, અયોધ્યાની પ્રજા સમક્ષ પોતાની પવિત્રતા સિદ્ધ કરવા આહ્વાન આપે છે અને સીતા પૃથ્વીમાં સમાઈ જાય છે.

આ નાટકમાં લવ-કુશનું સીતા અને રામ સાથે પરિચય-પૂર્વકનું મિલન કરાવવાનું હજુ બાકી છે અને વશિષ્ઠ, અરુંધતી, કૌશલ્યાદિ માતાઓ અને જનક સહિતના વડીલોની હાજરી છે, ગંગાતટે આ નાટકને જોવા અયોધ્યાના પૌરજનો પધાર્યા છે, ત્યારે ભવભૂતિ 'ગર્ભાંક નાટક'ના આયોજન દ્વારા રામ, સીતા અને પ્રજાજનોના મનનું સમાધાન કરવાનો કાવ્યાત્મક સફળ પ્રયત્ન કરે છે.

સીતાની પવિત્રતાની વાત ભવભૂતિએ બહુ જ કલાત્મક રીતે મૂકી આપી છે. આ અંકનો પ્રારંભ લક્ષ્મણની એકોક્તિથી થાય છે, તે કહે છે કે મહર્ષિએ પોતાના પ્રભાવથી અયોધ્યાના નગરજનો-જનપદવાસીઓ અને સમગ્ર ભૂતસમુદાયને એકત્રિત કર્યો છે અને તે રામની આજ્ઞાથી પ્રેક્ષકોને અપ્સરાઓ દ્વારા મંચન પામનારા નાટકના પ્રેક્ષકોને યથાસ્થાને બેસાડવા માટે આવ્યા છે.

*રામ લક્ષ્મણને લવ અને કુશને ચંદ્રકેતુ સમાન સ્થાન આપવા સૂચના આપે છે અને રામનો એ બન્ને પ્રત્યેનો સ્નેહ જાણનાર લક્ષ્મણે એ જ પ્રમાણે કર્યું હોવાની ખાતરી આપે છે. નાટક અંતર્ગત નાટક અર્થાત્, ગર્ભાંક નાટકનો પ્રારંભ થાય છે. સૂત્રધાર આ નાટકનો પ્રારંભ કરાવે છે અને એની વાતને અને રામ, 'ઋષિઓને તત્ત્વનો સાક્ષાત્કાર થયો હોવાથી તેમનાં જ્ઞાનદર્શનો સત્ય હોય છે,'- કહીને પુષ્ટિ કરે છે.*

*નેપથ્યમાંથી તરછોડાયેલી, પ્રસવનો સમય નજીક આવેલો હોવાથી પ્રસવવેદના અનુભવતી સગર્ભા સીતાનો પોતાને ભાગીરથીમાં ફેંકી દેવાની વાતનો ઉદ્ગાર સંભળાય છે, રામ વિચલિત થઈ જાય છે, લક્ષ્મણ સાંત્વના આપી નાટક જોવા કહે છે. ત્યાર બાદ ખોળામાં એક એક બાળકો સાથે પૃથ્વી અને ગંગાના ટેકે મૂર્છિત સીતાનો રંગમંચ પર પ્રવેશ થાય છે. આ જોઈને રામ મૂર્છા પામે છે.*

*સીતાનો ત્યાગ કર્યો એ બાબતથી પૃથ્વી રામ પર ગુસ્સે છે. તે સીતાને કહે છે કે, 'તારે વળી આર્યપુત્ર કોણ?' ભાગીરથી પુત્ર રામ વતી પૃથ્વીની ક્ષમા યાચે છે અને પૃથ્વી પણ શાંત થઈ કહે છે કે, 'રામભદ્રનો સીતા પ્રત્યેનો પ્રેમ હું નથી જાણતી એમ નથી. ' સીતા પૃથ્વીમાં સમાઈ જવા ઈચ્છે છે. તેને લાગે છે કે અનાથ એવી પોતે બાળકોની સંભાળ લેવા માટે પણ હવે સક્ષમ નથી.*

*ભાગીરથી અને પૃથ્વી; આ બન્ને દેવીઓ કહે છે કે, 'જેના સંગથી અમારા બન્નેની પવિત્રતા પણ વધે છે એવી, જગતને માટે મંગલરૂપ તારી જાતને, તું શા માટે ઊતારી પાડે છે?'*

*નાટકના આ સંવાદ અંગે લક્ષ્મણ રામને કહે છે, 'આર્ય! સાંભળો. ' અને રામ જવાબ આપે છે, 'લોકોને સાંભળવા દો. '*

*ત્યાર બાદ આકાશમાંથી જમ્ભૃકાસ્ત્રો પ્રગટ થાય છે અને સીતાને કહે છે કે, અમે તારી સંતતિની સેવામાં રહીશું. સીતા રામ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. સીતા પોતાના તાજાં જન્મેલાં બાળકો બાબત ચિંતા વ્યક્ત કરે છે, ત્યારે ભાગીરથી કહે છે કે, આ સ્તનપાન છોડાવ્યા પછી આ બન્ને બાળકો હું વાલ્મીકિને સોંપીશ, તે તેમના ક્ષત્રિયને યોગ્ય સંસ્કાર કરાવશે. પૃથ્વી સીતાને રસાતલમાં લઈ જાય છે. ગર્ભાંક નાટકના આ પ્રયોગને જોતાં જોતાં રામ સીતાના વિલયના આ દૃશ્યને જોઈ મૂર્છા પામે છે.*

*નેપથ્યમાંથી અવાજ આવે છે કે, મહર્ષિ વાલ્મીકિ દ્વારા અનુમતિ પામેલ આશ્ચર્ય હવે જુઓ. અને ગંગા અને પૃથ્વીની સાથે સીતા ભાગીરથીના જળમાંથી બહાર આવે છે. વડીલોની આજ્ઞાથી મૂર્છિત રામને સ્પર્શ કરી જાગૃત કરે છે, રામ વસુંધરા સહિતના વડીલોને પ્રણામ કરે છે. વડીલોની આજ્ઞાથી સુવર્ણમૂર્તિના સ્થાને યજ્ઞની સહધર્મચારિણી તરીકે સીતાને સ્થાન આપે છે. વાલ્મીકિ લવ-કુશને તેમનાં માતા-પિતાનો પરિચય કરાવે*

છે. લવણાસુરને હણીને શત્રુઘ્ન આવી પહોંચ્યા છે-ની સૂચના નેપથ્યમાંથી સંભળાય છે અને આ નાટક અહીં પૂર્ણ થાય છે.

આ નાટકનો રામ પૂર્ણ માણસ છે. એ રાજા છે, યશોધન છે, પ્રજાવત્સલ છે. પ્રજાને માટે તે કાંઈ પણ કરવા તૈયાર છે અને પ્રજા પણ તેનાથી સંતુષ્ટ છે. જ્યારે એ દુર્મુખ પાસેથી જાણે છે કે, 'સીતાના પરગૃહવાસ'થી પ્રજાના મનમાં અસંતોષ છે ત્યારે તે પ્રજાને માટે થઈને સીતાનો ત્યાગ કરે છે, પરંતુ સીતાનો પતિ રામ સીતાવિયોગે સતત વેદના અનુભવે છે, સીતા સાથેના પોતાના આ બર્બર વ્યવહાર માટે સતત આત્મનિર્ભર્ત્સના કરે છે, સીતાની યાદની તીવ્રતામાં વારંવાર મૂર્છા પામે છે. બાર વર્ષ પછી, મૂર્છાવસ્થામાં પણ સીતાના સ્પર્શને ઓળખે છે. એ માત્ર કહેતો ન હતો, 'त्वमसि मे जीवितं त्वमसि मे हृदयं द्वितीयम् ।', સીતાના સ્પર્શે એકાધિક વખત તે શુદ્ધિ પ્રાપ્ત કરે છે, ખરે જ, સીતા તેના માટે જીવનનું બીજું નામ છે. સીતા મૂર્છાવસ્થામાં પણ રામના અવાજને ઓળખે છે. રામાયણકાવ્યને જાણનાર બાળક કુશ પણ રામ-સીતાના પ્રેમને જાણે છે. તે કહે છે કે, 'प्रकृत्यैव प्रिया सीता रामस्यासीन्महात्मन. . . . . तथैव राम: सीताया: प्राणेभ्योऽपि प्रियोऽभवत् ।'

ઉત્તરરામચરિત એ દામ્પત્યજીવનની ધન્યતાનું કાવ્ય છે. પોતાના ખભા પર માથું ટેકવી સૂતેલી સીતાને જોતાં-જોતાં ખુદ રામ દામ્પત્યજીવનનો મહિમા ગાય છે:

**अद्वैतं सुखदु:खयोरनुगतं सर्वास्वस्थासु यत्**
**विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रस:।**
**कालेनावरणात्ययात्परिणते यत्प्रेमसारेस्थितं**
**भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत्प्रार्थ्यते॥**

અર્થાત્, જે સુખ અને દુ:ખમાં અદ્વૈતભાવ સર્જનાર છે, સઘળી અવસ્થાઓમાં સાથે રહેલ છે, જ્યાં હૃદયનો વિસામો છે, જેનો રસ વૃદ્ધાવસ્થા હરી શકતી નથી, કાળે કરીને આવરણો દૂર થતાં જે પરિપક્વ બની સ્નેહના અર્ક રૂપે રહે છે, તે વિરલ કલ્યાણ કોઈ સદ્ભાગીને જ મહામહેનતે પ્રાપ્ત થાય છે. સંસ્કૃત સાહિત્યમાં પ્રણય અને શૃંગારના અદ્ભુત કાવ્યોમાં દામ્પત્યજીવનની મહત્તાને ઉજાગર કરતું આ નાટક વિશિષ્ટ છાપ છોડી જાય છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો.**

૧. ઉત્તરરામચરિત નાટકના કથાવસ્તુ વિશે નોંધ લખો.

૨. ઉત્તરરામચરિત નાટકની વિશેષતા વિશે નોંધ લખો.

## ૭. ૩ સ્વાધ્યાય

૧. ઉત્તરરામચરિત નાટક વિશે સવિસ્તર નોંધ લખો.

❖ **લેખનપ્રવૃત્તિ**

૧. ભવભૂતિરચિત નાટકો વિશે સવિસ્તર નોંધ લખો.
૨. કાલિદાસ અને ભવભૂતિનાં નાટકોની તુલનાત્મક સમીક્ષા કરો.
૩. ઉત્તરરામચરિતમાં રામાયણની મૂળકથામાં ભવભૂતિએ કરેલાં પરિવર્તનોની સમીક્ષા કરો.

## ૭. ૪ લેખક પરિચય

મહાવીરચરિતમાં ભવભૂતિએ પોતાનો પરિચય આપ્યો છે એ મુજબ દક્ષિણાપથના પદ્મપુરમાં, કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીય શાખાના કાશ્યપ ગોત્રમાં ઉદુમ્બર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. તેના પિતાનું નામ નીલકણ્ઠ અને માતાનું નામ જતુકર્ણી હતું. તેનું પોતાનું નામ શ્રીકણ્ઠ હોવા છતાં તે ભવભૂતિ તરીકે પ્રસિદ્ધ થયો હતો.

કલ્હણે કરેલ ઉલ્લેખોના આધારે ભવભૂતિનો સમય ઈ. સ. ની આઠમી સદીનો માનવામાં આવે છે. મહાવીરચરિત, માલતીમાધવ અને ઉત્તરરામચરિત તેની કૃતિઓ છે એ સિદ્ધ હકીકત છે, પરંતુ વિદ્વાનો ભવભૂતિએ અન્ય રચનાઓ કરી હશે એવું મંતવ્ય ધરાવે છે.

ભવભૂતિ પોતાને पदवाक्यप्रमाणज्ञ તરીકે ઓળખાવે છે, अहो संविधानकम्। કહી પોતાના સર્જનની પ્રશંસા કરે છે અને यथा स्त्रीणां तथा वाचां साधुत्वे दुर्जनो जन: । કહી, પોતાની પૂર્વ કૃતિઓની નિંદાને પ્રત્યેની કટુતા દર્શાવે છે.

## ૭. ૫ સંદર્ભસાહિત્ય


૧. ઉત્તરરામચરિત, ડૉ. ગૌતમ પટેલ, ડૉ. શાંતિકુમાર પંડ્યા, ડૉ. રશ્મિકાંત મહેતા, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૮૯
૨. ઉત્તરરામચરિત, પ્રિ. ડૉ. રમેશચંદ્ર બેટાઈ, ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા, પ્રિ. પી. સી. શાહ, અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૧૯૮૯
૩. ભવભૂતિ, ગો. કે. ભટ, ગુજરાતી ભાષાંતર; જશવંતી દવે, સાહિત્ય અકાદમી, દિલ્હી, પ્ર. આ. , ૧૯૯૨
4. Rama’s Last Act, trans. by Sheldon Pollock, New York University Press,JJC Foundation,2007



**લેખક : ડૉ. સ્વાતિ શાહ -** એસોસિએટ પ્રોફેસર, સંસ્કૃત વિભાગ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ

# (ഘ)

# એકમ-1

# ગણદેવતા

૧૯૪૨માં પ્રગટ થયેલી 'ગણદેવતા' તારાશંકર બંદોપાધ્યાયની બંગાળી નવલકથા છે. રવીન્દ્રનાથ ટાગોર અને શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય પછી બંગાળી કથાસાહિત્યમાં તારાશંકર બંદોપાધ્યાય મહત્ત્વનું નામ છે. ૧૯૨૬માં એમનો એક કાવ્યસંગ્રહ છપાયો, પરંતુ પછી તેઓ વાર્તા અને નવલકથાના સર્જન તરફ વળી ગયા. ૧૯૨૯માં 'કલ્લોલ' સામયિકમાં એમની પહેલી વાર્તા પ્રસિદ્ધ થઈ ત્યારથી એમની સાચી સર્જનયાત્રા શરૂ થઈ એમ કહેવાય. તારાશંકર યુવાનીમાં જ બંગાળના ક્રાંતિકારી હિંસક આંદોલનકારોના સંપર્કમાં આવી ગયેલા. માર્ક્સવાદી ચિંતનથી પણ સારી રીતે પરિચિત થઈ ગયેલા, પરંતુ હિંસક ક્રાંતિ કે આંદોલન પ્રત્યે ક્યારેય એમને શ્રદ્ધા આવી નહીં. એમના મનમાં ચાલતા મંથનનો ઉત્તર એમને ગાંધીજીના અહિંસક આંદોલનમાં સાંપડ્યો અને પછી ગાંધીજીની ભાવના પર એમની શ્રદ્ધા પૂરેપૂરી સ્થિર થઈ. 'ગણદેવતા' વાંચતાં એની પ્રતીતિ થાય છે.

'ગણદેવતા' પૂર્વે 'ધાતૃદેવતા', 'મન્વંતર' જેવી કેટલીક નવલકથાઓ તારાશંકરની પ્રગટ થઈ ગયેલી અને બંગાળના ગ્રામીણ જીવનનું ચિત્ર આપતા લેખક તરીકે એમણે પોતાની પ્રતિષ્ઠા સ્થાપી દીધી હતી. 'ગણદેવતા'થી એક મોટા ગજાના નવલકથાકાર તરીકે બંગાળી સાહિત્યમાં તેઓ સ્થિર થયા. 'ગણદેવતા'ની કથા 'પંચગ્રામ'માં આગળ વધે છે અને ત્યાં ગ્રામસમાજનું આખું ચિત્ર પૂરું થાય છે, એટલે એ આખી કથાનો પૂર્વખંડ છે. પરંતુ એક સંપૂર્ણ કૃતિ તરીકે અનુભવી શકાય એવું રૂપ એમાં બંધાયું છે.

'ગણદેવતા' ગ્રામીણ જીવનની કથા છે. બંગાળનાં બે ગામો શિવ – કાલિપુર આ કથાની ઘટનાઓનાં કેન્દ્રસ્થળ છે. કથાના કેન્દ્રમાં કોઈ એક પાત્ર કે કુટુંબ નહીં, પરંતુ અનેક કુટુંબો છે. અનિરુદ્ધ લુહાર, દેવદાસ ઘોષ, પાતુ મોચી, છિરુ પાલ એ ચાર કુટુંબોના જીવનમાં બનતી ઘટનાઓ અવારનવાર આલેખાયા કરે છે, પરંતુ એ સિવાય દ્વારકાનાથ ચૌધરી, રાંગાદીદી, જતીન, જગન દાક્તર, હમદુ શેખ એમ અનેક પાત્રો કથામાં બનતી ઘટનાઓ સાથે એક યા બીજા નિમિત્તે જોડાય છે. એ દ્વારા ગ્રામસમાજનું એક સંકુલ રૂપ કથામાં ઊપસી આવે છે, એટલે કથાનું 'ગણદેવતા' શીર્ષક ઉચિત છે, કારણ કે અહીં વ્યક્તિ કે કુટુંબની નહિ, ગણની - સમાજની કથા લેખકને ઉદ્દિષ્ટ છે. જે ચાર કુટુંબો કથાના કેન્દ્રમાં છે તે પણ ગ્રામસમાજના વિભિન્ન સ્તરોમાંથી આવે છે. આર્થિક અને સામાજિક દૃષ્ટિએ ભારતીય ગ્રામીણ સમાજ વિવિધ સ્તરોમાં વિભક્ત છે. આ કુટુંબો બે સમાજના પ્રતિનિધિ છે. આર્થિક-સામાજિક દૃષ્ટિએ સૌથી ઉપરનો વર્ગ જમીનદારોનો છે. એ સંપન્ન વર્ગ તો શિવ - કાલિપુરની બાજુના મોટા ગામ કંકણામાં રહે છે અને ત્યાં રહી આ ગામોની માલિકી ભોગવે છે. કથામાં એ વર્ગનું કોઈ સીધું પાત્ર નથી, પરંતુ એ વર્ગના મનુષ્યોના ઓછાયા આ ગ્રામપ્રદેશની વ્યક્તિઓ પર સતત પડ્યા કરે છે. શિવ-કાલિપુરમાં રહી જમીનદાર બનવાની મહેચ્છા સેવતો અને જમીનદારોનાં વ્યવહાર -

વર્તનમાં માનદંડ જીવનમાં ઉતારી જીવતો વર્ગ હતો. છિરુપાલ ઉર્ફે હરિઘોષ એ વર્ગનો પ્રતિનિધિ છે. દેવુઘોષ ગરીબ ખેડૂતોનો પ્રતિનિધિ છે. જમીનદારોનાં શોષણ અને અન્યાયનો ભોગ બનેલો અને શિક્ષણ મેળવી નવી હવાના સંચારથી પ્રબુદ્ધ બનેલા યુવાવર્ગનો એ પ્રતિનિધિ છે. અનિરુદ્ધ સમાજમાં રહેતા કારીગર વર્ગનો અને પાતુ મોચી સમાજના મજૂર વર્ગનો પ્રતિનિધિ છે. સમાજના આર્થિક સ્તરમાં પાતુ સૌથી નીચે છે. કંકણાના જમીનદારો સૌથી ઉપર છે. આર્થિક વર્ચસ્વની દૃષ્ટિએ આ વર્ગો બે ભાગમાં વહેંચાઈ જતા દેખાય; એક શોષક અને બીજો શોષિત. જમીનદારો, વેપારીઓ, અમલદારો, પોલીસતંત્ર એ શોષકવર્ગ; નાના ખેડૂતો, કારીગરો અને મજૂરો શોષિતવર્ગ; આર્થિક ઉચ્ચાવચતાની સાથે સામાજિક ઉચ્ચાવચતા પણ અહીં છે. જમીનદારો, ખેડૂતો, કારીગરો એ એક વર્ગ. એ પરસ્પર સાથે ઘરમાં, મંદિરમાં કે બીજાં સામાજિક સ્થાનો પર એકમેક સાથે છૂટથી ભળે છે. પરંતુ પાતુ મોચી અને એના જેવો મજૂરવર્ગ સમાજમાં અસ્પૃશ્ય છે. ઉપલો વર્ગ એમનું દરેક રીતે શોષણ કરે, એમને અછૂત જાણે, એમની પાસે ગુલામી કરાવે અને છૂપી રીતે એમની સ્ત્રીઓને પોતાની વાસના સંતોષવા સાધન બનાવે. પાતુ ઢોલી અને એના આખા કુટુંબના વ્યવહારવર્તનમાં એ દેખાય છે.

તારાશંકરે સ્વાતંત્ર્યપૂર્વેના અને પછીના ગ્રામીણ સમાજને આલેખ્યો છે. એ સમાજ સ્થિર નથી, પરંતુ પરિવર્તનના મૂડમાં છે. બહારના જગતમાં થતાં પરિવર્તનો એને પ્રભાવિત કરે છે. આતંકવાદી સરકારી કેદી જમીન એનો અનુભવ કરાવે છે. દેવુઘોષ, જગન દાક્તર એ પણ નવા વિચારોનો સંચાર લઈને આવેલાં પાત્રો છે. ગરીબાઈ, શોષણ પર ઊભેલા આ સામાજિક માળખાને તેઓ પામી ગયાં છે. એ ઘરેડમાંથી શોષિત વર્ગને બહાર કાઢવા તેઓ પોતપોતાની રીતે ઉત્સુક ને ચિંતિત છે. જમીનદારોમાં પણ જૂની પેઢીના ઘસાતા દ્વારકાનાથ ચૌધરી છે. દરેક પ્રકારે દયાહીન બનેલા શોષણખોર ને જમીનદાર છે અને એ માર્ગે જમીનદાર બનવા મથતા છિરુપાલ જેવા ખેડૂતો છે. આ અતિશોષણ, બહારની હવાનો સંચાર એ સૌએ આ રૂઢિગત સમાજજીવનમાં એક સંચલન પેદા કર્યું છે. તારાશંકરે બંગાળી ગ્રામસમાજનું ચિત્ર આલેખતાં આલેખતાં આ સંચલનની કથા 'ગણદેવતામાં' કરી છે. એક રીતે જોઈએ તો આ વર્ગસંઘર્ષની કથા છે.

કથાનો પ્રારંભ કારીગરવર્ગના બે માણસો અનિરુદ્ધ અને ગિરીશના – સ્થાપિત વ્યવસ્થા સામેના - બંડથી થાય છે. બંને પોતાના ગામથી દૂર જંકશન પાસેના ગામમાં દુકાન નાખીને બેઠા અને ગામના લોકોનું કામ કરવાનું બંધ કર્યું. બંધ કરવાનું કારણ લોકો કામના બદલામાં નક્કી થયેલું અનાજ નથી આપતા એ છે. સામાન્ય માણસ તો ઠીક, હરિઘોષ, જેવો સંપન્ન માણસ પણ અનિરુદ્ધને અનાજ નથી આપતો, એટલે રોકડા પૈસા લઈને જ કામ કરવાનું એમણે નક્કી કર્યું છે. અનિરુદ્ધ ચંડીમંડપમાં બોલાવેલી મહાજનની સભામાં આખા ગામની વચ્ચે હરિઘોષ વિરુદ્ધ કહે છે. હરિઘોષે ઉધાર આપેલી રકમ વ્યાજસહિત ચૂકતે કરે છે. અનિરુદ્ધનું આ વર્તન ગ્રામસમાજના સ્થિર જળમાં તરંગો જગાડે છે. અનિરુદ્ધની હવા બીજા વર્ગને પણ લાગે છે. તારક વાળંદ હરુ ઘોષાલની અડધી દાઢી

મૂંડી પૈસા આપે તો જ આખી દાઢી મૂંડવાનું કહે છે. પાતુ મોચી પણ અનાજને બદલે હરિઘોષના મુનીમ પાસે રોકડા પૈસાની માગણી કરે છે. એટલે સમાજનો શોષકવર્ગ માથું ઊંચકનાર આ શોષિતવર્ગને કચડી નાખવા તત્પર બને છે, કારણ કે આ રીતે શોષિતવર્ગ માથું ઊંચકે તો આખી વર્ષોજૂની વ્યવસ્થા તૂટી પડે.

શોષિતને આર્થિક રીતે બેહાલ કરી મૂકવો એ જમીનદારોનો માર્ગ હરિઘોષ અપનાવે છે. અનિરુદ્ધના ખેતરનો ઊભો પાક કપાવી નાખે છે. હરિજનવાસનાં ઝૂપડાં સળગાવી મૂકે છે. પોલીસતંત્રને એણે સાધેલું છે, એટલે એની વિરુદ્ધ ફરિયાદ કરવાની કે સાથી બનવાની કોઈ હિંમત નથી ધરાવતું. મજૂરવર્ગને તો એટલો ભયભીત – વર્ષોથી - બનાવી મૂક્યો છે કે ગામની બહાર કોઈ ઉપરના સરકારી તંત્ર પાસે જવાનો એ ભાગ્યે જ વિચાર કરે. સરકારી તંત્રનો વ્યવહાર પણ એમણે આવો અનુભવ્યો છે કે ત્યાંથી ન્યાય મળવાનો વિશ્વાસ કોઈને નથી. એટલે પદ્મ અનિરુદ્ધને પોલીસમાં ફરિયાદ કરતાં રોકે છે. જગન દાક્તર પણ સરકારમાં અરજી કરવા ગમે તેટલો બધાને ઉત્તેજે છે, પણ એમાં નિષ્ફળ જાય છે. દેવુઘોષ પણ અનિરુદ્ધના વર્તનનો સમર્થક નથી. અનિરુદ્ધે ગામલોકોનું કામ કરી આપવું જોઈએ એમ એ પણ માને છે. પરંતુ હરિઘોષ જેવો હિંસક માર્ગ એને પસંદ નથી. એ અહિંસક માર્ગનો હિમાયતી છે, એટલે એ અને જગન દાકતર ગામલોકોની સાથે અનિરુદ્ધનો સામાજિક બહિષ્કાર કરે છે. વારતહેવારે ચંડી મંડપમાં દર્શન કરવાની કે પૂજા કરવાની એ અનિરુદ્ધપત્ની પદ્માને મનાઈ કરે છે. હરિઘોષ પોતાની વિરુદ્ધ અવાજ ઉઠાવનારને પાયમાલ કરે છે, પરંતુ  પાછો એ જ સામેથી પાયમાલ અને લાચાર મજૂરોને ઝૂંપડાં બાંધવા સામાન આપે છે. ખાવા માટે ચોખા આપે છે. હરિઘોષની આ બેવડી નીતિ - પાયમાલ કરવાની ને પછી જીતી લેવાની ની પાછળ મજૂરવર્ગને અંકુશમાં રાખવાની અને છતાં સાવ પોતાનાં દુશ્મન ન બનાવવાની ચાલ છે. આખરે કોઈપણ કામ માટે મદદ આ મજૂરોની જ લેવાની છે એ જાણે છે. એ સિવાય ગામનું ભલું કરવાની ઈચ્છા પણ એને છે. ચંડીમંડપ એ સમરાવે છે. નવો કૂવો ગળાવે છે, પણ એ બધાની પાછળ લોકોનો આદર મેળવવાનો, લોકોને પોતાના અંકુશમાં રાખવાનો સ્વાર્થ છે. લોકો એને માન આપે છે, પરંતુ એની પાછળ ભય છે, અંદરનો આદર નથી. હરિઘોષ એ જાણે છે કે લોકો પોતાના કરતાં દેવુઘોષને વધારે ચાહે છે, આદર આપે છે. દેવુઘોષ પાસે પૈસા નથી, છતાં લોકો એને વધારે આદર આપે છે એ હરિઘોષને ક્યારેય સમજાતું નથી, પણ દેવુને મળતા માનને એ સહન નથી કરી શકતો. સમગ્ર નવલકથામાં એ દેવુની ઈર્ષ્યા કરતો દેખાય છે.

દેવુઘોષ તારાશંકરના મનમાં પડેલા ગાંધીઆદર્શોની પ્રતિમૂર્તિ છે. ગામની નાનકડી શાળાનો શિક્ષક છે. ખેતી નથી. કુટુંબનું ગુજરાન ચલાવી શકે એથી વધારે સંપન્ન નથી, પરંતુ એનું આખું માનસ પોતે કેમ સંપન્ન બનવું એ દિશામાં નથી વિચારતું. આર્થિક સ્થિતિને લીધે ઝાઝું ભણી નથી શક્યો. ભલે, વિચારે છે ઘણું, સમાજવ્યવસ્થામાં વ્યાપેલા શોષણને સમજી ગયો છે. જમીનદારોના અન્યાય અને શોષણનો પોતે પણ ભોગ કેટલેક

અંશે બન્યો છે, એટલે આખી સમાજવ્યવસ્થામાં કેમ પરિવર્તન લાવી શકાય એના વિચાર એના મનમાં સતત ચાલ્યા કરે છે. એ ભાવનાશીલ છે, પણ સમજદાર છે. વાસ્તવિકતાને ઓળખે છે. આ વ્યવસ્થામાં સ્થાપિત વર્ગની શોષિતો પર એટલી મજબૂત પકડ છે કે એને તોડવી કે હળવી કરવી એ કઠિન છે. એની એને ખબર છે. અન્યાય વિરુદ્ધ સરકારને ફરિયાદ કરવાથી કંઈ મળે તેમ નથી એ જાણે છે, એટલે અનિરુદ્ધ કે જગન દાકતરની ફરિયાદ કરવાની વાતને ક્યારેય પ્રોત્સાહન નથી આપતો. જે શોષિત છે એમને પોતાના હક્ક વિશે સભાન કરવા, હક્કોની માગણી માટે પ્રેરવા, અન્યાયનો પ્રતિકાર કરવા, અહિંસક આંદોલન માટે તૈયાર કરવા, સંગઠિત કરવા, એમના હમદર્દ બનવું એ જ ઉપાય એને દેખાય છે અને કથામાં એ ચાલતો દેખાય છે. એ શોષણમુક્ત સમાજને ઝંખે છે, પરંતુ ક્રાંતિકારીઓના હિંસક માર્ગને સ્વીકારતો નથી. અનિરુદ્ધની વાત સાચી છે એ સ્વીકારવા છતાં અનિરુદ્ધે ગામના લોકોનું કામ કરી આપવું જોઈએ, પંચાયતના આદેશને માન આપવું જોઈએ એમ માને છે. તેથી અનિરુદ્ધનો સામાજિક બહિષ્કાર કરવામાં સાથ આપે છે. પદ્મને નવધાન્યના પર્વ વખતે ચંડીમંડપમાં પૂજા કરવાની ના પાડવામાં જતીન દાકતર અને બીજાઓ સાથે એ પણ છે, કારણ કે પરંપરાથી ચાલી આવતી ગ્રામવ્યવસ્થામાં એને શ્રદ્ધા છે. ગ્રામવ્યવસ્થાના માળખા સામે એને ઝાઝો વાંધો નથી. એને વાંધો છે અન્યાય અને શોષણ સામે. એ દૂર કેમ થાય એ માટે પ્રયત્નશીલ છે. દેવ ભાવનાશીલ છે, પણ સ્વપ્નઘેલો નથી. વાસ્તવિકતાને એ જાણે છે. મૂક પ્રજાને બેઠી કરી સંગઠિત કરવી હોય તો નિઃસ્વાર્થ આત્મભોગ આપવો પડે, ખુવાર થઈ જવું પડે. લોકોને ન્યાય અપાવવા હરિઘોષ સાથે એ સંઘર્ષ કરે છે. કોલેરાના રોગચાળામાં લોકહિત માટે જાતને ઘસી નાખે છે. સરકારી અમલદાર સાથે સ્વમાનને ભોગે સમાધાન કરવા રાજી નથી. આ સૌનું પરિણામ એ ભોગવે છે. એ માર્ગે ચાલી કથાને અંતે દરેક રીતે એ પાયમાલ થતો દેખાય છે. આર્થિક ભીંસમાં મૂકાય છે. પત્ની અને બાળકોને કોલેરામાં ગુમાવે છે. પરંતુ તેમ છતાં ન્યાયરત્ને કહેલી બ્રાહ્મણ અને શાલિગ્રામની કથા એના મનને બળ આપે છે. શાલિગ્રામ ધર્મનું પ્રતીક છે, જે ધર્મને સાચવે છે. પ્રાણાંતે પણ એને છોડતો નથી. એ જ આખરે ઈશ્વરની કૃપા પામે છે. આ શ્રદ્ધા પર સ્થિર થયેલું દેવુંઘોષનું મન ભારતીય આધ્યાત્મિક સંસ્કારોની છાયાવાળું છે. વૈયક્તિક આસ્થા નથી. ભારતીય સમાજમાં ઓતપ્રોત આસ્થા છે, એટલે ધર્મને માર્ગે ચાલનાર મનુષ્ય ભલે પોતે દુઃખ ભોગવતો હોય, ગ્રામસમાજ એવા મનુષ્યને આદર આપે છે. આ આદર, હૂંફ, આ ધર્મ પ્રત્યેની શ્રદ્ધા માણસને વિષમતા સામે પડી ભાંગતો અટકાવે છે.

કથાના આધારરૂપ ત્રીજું પાત્ર અનિરુદ્ધનું છે. કથાના પ્રારંભથી જ એનો બંડખોર સ્વભાવ દેખા દે છે, એટલે અન્યાય એ સહન નથી કરી શકતો. હરિઘોષ સાથે એ સીધા સંઘર્ષમાં ઊતરે છે. દેવુઘોષની જેમ અન્યાય સામે શાંત પ્રતિકાર કરવાનું એની પ્રકૃતિમાં નથી. એ સાચો છે, પણ આવેગાત્મક છે. હરિઘોષ એના ખેતરનું અનાજ કપાવી નાખે છે, તો એ તરત પોલીસમાં ફરિયાદ કરવા દોડી જાય છે. હરિઘોષના બગીચાનાં બધાં વૃક્ષો

કાપી નાખે છે. એને દેવુ પ્રત્યે માન છે અને દેવુને એને પ્રત્યે માન છે. અલબત્ત, બંનેની પ્રકૃતિ, દૃષ્ટિ, લક્ષ્ય ઘણાં જુદાં છે. આર્થિક રીતે પગભર થવા માટે એ સતત પ્રયત્ન કરે છે, પરંતુ એની પ્રકૃતિ જ વિઘ્નરૂપ બને છે. અંતે જમીન ગુમાવી બેઠેલો, આર્થિક રીતે સાવ બેહાલ બનેલો, જેલવાસ ભોગવી પ્રતિષ્ઠા ખોઈ બેઠેલો અનિરુદ્ધ ગામ અને પત્ની પદ્મને છોડી શહેરમાં ચાલ્યો જાય છે. પાતુ મોચી એ કથાનું ચોથું કેન્દ્રવર્તી પાત્ર છે. સમાજના દરેક રીતે શોષિત-વર્ગનો એ મનુષ્ય છે. સમાજના અન્યાયને, અત્યાચારોને સમજી શકે છે, પરંતુ એની સામે ટક્કર ઝીલવાની એની કોઈ તાકાત નથી. છતાં અનિરુદ્ધની વાદે ચડી એ પણ અન્યાયની સામે મોં ખોલે છે. છિરુ પાલના મુનીમ પાસે જોડાના પૈસા માગે છે. છિરુ એની બહેન દુર્ગા સાથે આડો સંબંધ રાખે છે, એટલે એને પોતાને ઘરે આવવાની ના પાડે છે. દ્વારકાનાથ ચૌધરી પાસે અન્યાયની વાત કરે છે. આ પ્રતિકારનું ફળ તરત તેને મળે છે. ગુસ્સામાં આવેલો છિરુ પાલ તેને સખત માર મારે છે, પણ એની અકળામણ ત્યાં અટકતી નથી. એ હરિજનોનાં ઝૂંપડાં બાળી નાખે છે. પાતુ છિરુના આ જુલમ સામે અકળામણ ઠાલવે છે. ગામ છોડી ચાલ્યા જવાનો વિચાર કરે છે. પરંતુ ખરેખર એવું કંઈ એનાથી બની શકે તેમ નથી. વતનને છોડીને તો કોઈ ચાલ્યું જાય ? જીવનની આ ફિલસૂફી પાતુને ગામ જોડે બાંધી રાખે છે. અન્યાય સહન કરવો એ એની સ્થિતિ છે. અન્યાય સામે માથું ઊંચકનાર પ્રત્યે એને આદર છે, પ્રતિકાર કરનાર સંગઠન સાથે જોડાવાનું સાહસ પણ એ કરી શકે છે, એટલે દેવુને તે સાથ આપે છે.

મુખ્ય આ ચાર પાત્રોની ધરી પર ઊભેલી આ કથામાં શોષક - શોષિત વચ્ચેના સંઘર્ષની કથાનો તંતુ વણાયો છે. કથાને અંતે શોષકનો પ્રતિનિધિ છિરુ પાલ 'છિરુ પાલ'માંથી 'હરિઘોષ' બને છે. નાના ખેડૂતમાંથી જમીનદાર બને છે. વધારે સંપન્ન બને છે. જ્યારે એનો પ્રતિકાર કરતા દેવુ, અનિરુદ્ધ અને પાતુ વધારે પાયમાલ બને છે. અસત્યનો વિજય એ જીવનની કટુ વાસ્તવિકતા છે. 'ગણદેવતા'નો અંત એ વાસ્તવિકતાને વ્યક્ત કરે છે, પરંતુ સ્થૂળ જીવનની એ વાસ્તવિકતા ભલે હોય, સૂક્ષ્મ જીવન સાથે સંબંધ રાખનારા સમાજનો એક નાનકડો – પણ સમાજમાં વધારે પ્રતિષ્ઠિત – વર્ગ પરાજિતની જોડે છે. ન્યાયરત્ન દેવુઘોષની ભાવનાને આદરથી જુએ છે. ગામલોકો પણ અકિંચન છતાં દેવુઘોષને વધારે આદર આપે છે. ભારતીય જનજીવનની આ વિશિષ્ટતા છે.

પરંતુ તારાશંકરને માત્ર વર્ગસંઘર્ષની કથા નથી આલેખવી, ગ્રામસમાજનું ચિત્ર આપવું છે, એટલે વર્ગસંઘર્ષ સાથે સંબંધિત ન હોય એવી ઘણી ઘટનાઓ, પાત્રો નવલકથામાં આવે છે. પાતુની માતા અને બહેન, દુર્ગા, પદ્મ, છિરુ પાલની પત્ની, દેવુઘોષની પત્ની, બિલુ, રંગાદીદી એવાં અનેક સ્ત્રીપાત્રોની મોટી સૃષ્ટિ કથામાં છે. દરેક ગ્રામસંસ્કૃતિની વિભિન્ન તાસીરને પ્રગટ કરે છે. ગ્રામજીવનમાં પરસ્પર વેરઝેર ગમે તેટલાં હોય, વ્યક્તિ પર દુઃખ આવી પડે ત્યારે દરેક દુઃખીને હૂંફ આપવા દોડી જાય છે. આ કુટુંબભાવના ભારતીય ગ્રામસમાજની વિશેષતા છે. નવધાન્યના પર્વે અનિરુદ્ધના ઘરમાં ખાવાનું નથી, તો રંગાદીદી, દુર્ગા બધી ખાવાની સામગ્રી લાવીને અનિરુદ્ધના ઘરમાં મૂકી

દે છે. અનિરુદ્ધના ખેતરનું ધાન છિરુ પાલ કપાવી નાખે છે ત્યારે એની પત્ની છાની રીતે પદ્મને નુકસાની પેટે રૂપિયા આપી જાય છે, દેવુઘોષને જેલની સજા થાય છે તો એનાં પત્ની-બાળકને કોઈ પ્રકારની મુશ્કેલી ના પડે એની આખું ગામ સંભાળ લે છે. ભલે ગરીબ હોય, પણ આ સમાજમાં બિરાદરીની ભાવના છે. વ્યાજે નાણાં ધીરવાં ને ગરીબનું શોષણ કરવું એ ગ્રામવ્યવસ્થામાં વ્યાપક વસ્તુ છે. અનિરુદ્ધ એમાં પાયમાલ થઈ જાય છે, પરંતુ નાણાં વ્યાજે ધીરવા માટેય ધીરનાર પાસે વસૂલ કરવાની શક્તિ જોઈએ. એ શક્તિ ના હોય તો ધીરેલાં નાણાં ડૂબી જાય, એટલે રંગાદીદી જેવી વિધવા ગરીબ સ્ત્રી પોતાની નાનકડી મૂડી વ્યાજે ફેરવે ત્યારે ક્યારેક મૂડી ગુમાવી બેસે છે. એની નાનકડી બેચાર રૂપિયાની ડૂબેલી મૂડી વસૂલ ન થઈ શકે ત્યારે રંગાદીદીની ગાળો ને હાસ્યથી વધારે કંઈ નીપજતું નથી.

દુર્ગા, તેની મા, ભાભી એ સૌને ગામના સવર્ણો સાથે આડા સંબંધો છે. આ સંબંધો હોય છે છૂપા, પણ જાણતા હોય છે બધા. એમાં દુર્ગાનું પાત્ર તારાશંકરે વિલક્ષણ રૂપે આલેખ્યું છે. શરીર વેચીને ઉઘાડે છોગ પૈસા કમાતી દુર્ગા એક કલંકિત સ્ત્રી તરીકે ગામમાં પંકાયેલી છે. અનેક પુરુષોને પોતાના તરફ આકર્ષવા એને ગમે છે, એટલે એ સતત પુરુષો બદલતી રહે છે. છિરુ પાલ સાથેનો એનો સંબંધ ખસીને અનિરુદ્ધ તરફ વળે છે. પછી જતીન તરફ અને દેવુઘોષ તરફ. એના આ પુરુષશોખની પાછળ માત્ર દરેક પાસેથી પૈસા પડાવવાની જ વૃત્તિ નથી. સરકારી અમલદારો કે છિરુ પાલ પાસેથી પૈસા પડાવવામાં કે પોતાના સૌંદર્યનું કામણ કરી એમને છેતરવામાં એ પાપ સમજતી નથી. પરંતુ અનિરુદ્ધને એ પોતાની તરફ ખેંચે છે ત્યારે અનિરુદ્ધનું પોલાદી શરીર એને આકર્ષે છે. પદ્મને અન્યાય ન થઈ જાય એટલે તે પદ્મ સાથે સારો સંબંધ કેળવે છે. અનિરુદ્ધને વખતોવખત આર્થિક મદદ પણ કરે છે. જતીનને પણ એક વખત એ પોતાના રૂપના કામણથી અસ્વસ્થ કરી મૂકે છે. એ પોતાના કામણથી ખેંચી ન શકી હોય તો એ એક પુરુષને અને તે દેવુઘોષને. અનેક પુરુષચારિણી આ સ્ત્રી દેવુના સમગ્ર વ્યક્તિત્વથી આકર્ષાઈ છે. અંતરથી એને ચાહે છે. દેવુની પત્નીની તો એ સહિયર જેવી બની ગઈ છે. દેવુઘોષને એના કલંકિત વ્યક્તિત્વને કારણે એના પ્રત્યે સૂગ છે, પરંતુ ક્રમશઃ એ સૂગ આદરમાં ફેરવાતી જાય છે. અલબત્ત, દેવુના હૃદયમાં કોઈ આકર્ષણ દુર્ગા પ્રત્યે નથી. દુર્ગાનો દેવુ માટેનો પ્રેમ અશરીર અને ભાવનાત્મક છે, એટલે પ્રજાસમિતિની મિટિંગ વખતે દેવુને દેશદ્રોહી પ્રવૃત્તિ કરતા માણસ તરીકે પકડાવવાની છિરુ પાલની યુક્તિને નિષ્ફળ બનાવે છે. તેથી દુર્ગા કલંકિત જીવન ગાળતી સ્ત્રી હોવા છતાં શુદ્ર નથી લાગતી. મનુષ્યની અંદર રહેલા સાચા સત્ત્વને ઓળખવાની એની સૂઝ અને એવા સત્ત્વવાળા માણસોને  મદદરૂપ થવાની ભાવના એના વ્યક્તિત્વને ઉદાત્ત બનાવે છે. દુર્ગા, તારાશંકરે આલેખેલું એક વિલક્ષણ પાત્ર છે.

'ગણદેવતા'માં વર્ષ દરમિયાન આવતાં અનેક વ્રતઉત્સવોનું વિગતે આલેખન તારાશંકરે કર્યું છે. ગ્રામજીવનની એકવિધતામાં વૈવિધ્ય ને ઉલ્લાસ લાવનાર આ ઉત્સવો ભારતીય ગ્રામસંસ્કૃતિનું અવિભાજ્ય અંગ છે. એનાથી વ્યક્તિ વ્યક્તિ વચ્ચે આત્મીયતાનો

*સેતુ બંધાય છે. સતત દર મહિને એક પર્વ એટલે જાણે ભારતીય જીવન, એ એક પર્વ પ્રિય પ્રજાનું જીવન છે, એટલે 'ગણદેવતા' અનેક બાજુએથી ગ્રામજીવનને સ્પર્શતી કથા છે.*

*'ગણદેવતા' સંકલનાની દૃષ્ટિએ સીધી સાદી કથા કહી શકાય. સમયના ક્રમમાં લગભગ બે-એક વર્ષના સમયપટ પર બનતી ઘટનાઓ અહીં આલેખાય છે. કથારસ આપવો એ તારાશંકરની નેમ નથી, એટલે કથાના પ્રવાહમાં વાચકને ખેંચવો, કથાને વધારે વળ ચડાવવો કે ઉત્કટ બનાવવી, સંઘર્ષનો પારો પહોંચાડવો એવી કોઈ વાર્તારસ જન્માવનાર પ્રયુક્તિઓનો લેખકે બિલકુલ આશ્રય નથી લીધો. જનજીવનમાં સહજ આવ્યા કરતી કે બન્યા કરતી ઘટનાઓ તેઓ આલેખે છે. એક ઘટના બીજી ઘટના પર ઘેરી અસર પાડતી હોય, પરસ્પર સાથે જોડાઈ એક પરિસ્થિતિનું નિર્માણ થયું હોય એવો અનુભવ પણ 'ગણદેવતા'માં નથી થતો. ઘટનાઓ બને છે, સ્થિર સમાજજીવનમાં નાનામોટા તરંગો જગાડે છે અને શમી જાય છે. એક ઘટના, બીજી ઘટના એકમેક સાથે જોડાઈ અર્થાત્ એકમેકને પ્રભાવિત કરતી અંતે કોઈ મોટા આંદોલનનું રૂપ ધારણ કરતી હોય એ પ્રકારની કથા અહીં નથી અને છતાં નાનીમોટી ઘટનાઓ ઓછોવત્તો પ્રભાવ વ્યાપક સમાજજીવન પર છોડતી ય જાય છે. એવી રીતે સૂક્ષ્મ પરિવર્તનની દિશામાં અને માનવપ્રવૃત્તિને ગતિશીલ કરે છે, પણ એ સહજ વાસ્તવિકતાનો અનુભવ 'ગણદેવતા'માં થાય છે. એ દૃષ્ટિએ એ સાચા અર્થમાં સમાજકથા બની રહે છે. કોઈ એક પાત્ર કે કુટુંબની કથા કેન્દ્રમાં નથી, એટલે પાત્રો સાથે જોડાયેલી ઘટનાઓ આવે છે અને મુખ્ય – ગૌણ એવા કોઈ સંબંધથી પરસ્પરને પુષ્ટ કરતા હોય એવું નથી.*

---

**લેખન : જયંત ગાડીત** - *જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા, સંપાદક : ભરત મહેતા, પ્ર.આ. ૨૦૧૬ માંથી સાભાર*

---

| એકમ-2 | છ વીઘાં જમીન |
|---|---|


૨.૧ પ્રસ્તાવના

૨.૨ કૃતિ પરિચય : છ વીઘા જમીન

૨.૩ કર્તા પરિચય : ફકીરમોહન સેનાપતિ

૨.૪ સ્વાધ્યાય

૨.૫ સંદર્ભસૂચિ


## ૨.૧ પ્રસ્તાવના

*ભારતીય અને ઉડિયા સાહિત્યક્ષેત્રે પ્રતિષ્ઠા પામેલી સુપ્રસિદ્ધ થયેલી નવલકથા 'છ વીઘાં જમીન' ઉડિયા સાહિત્યકાર ફકીરમોહન સેનાપતિ દ્વારા લખવામાં આવી છે. આ નવલકથા સર્જકે પંચાવન વર્ષની ઉંમરે લખી હતી. અંગ્રેજીનું સામાન્ય શિક્ષણ લીધા બાદ ઓરિસ્સાના વહીવટી વિભાગમાં કામ સંભાળ્યા પછી ઓરિસ્સાના સમાજજીવનનું તેમને પ્રત્યક્ષ જ્ઞાન મળ્યું હતું. આ સાથે તેમણે ભારતીય સાહિત્યનો પણ અભ્યાસ કર્યો હતો. ઓરિસ્સાના ગ્રામીણ સમાજનો અત્યંત નજીકથી અનુભવ થવાને કારણે સાહિત્યમાં ખેડૂતના યથાર્થની રજૂઆત સચ્ચાઈ અને ઈમાનદારીથી આલેખે છે. આ સમૃદ્ધ અને બહુરંગી અનુભવને આત્મસાત કરીને જે ફળનો જન્મ થયો છે તે નવલકથા એટલે 'છ વીઘાં જમીન'. જે મૂળ ઉડિયા ભાષામાં લખાયેલી છે. ભારતીય અને વૈશ્વિક સાહિત્યની દૃષ્ટિએ પણ આ નવલકથા આગવું મહત્ત્વ ધરાવે છે અને આજે પણ એટલી જ પ્રાસંગિક છે. આ કૃતિના માધ્યમથી જીવન અને સમાજ પર ચોટદાર વ્યંગ કરવામાં આવ્યો છે. આ ઓરિસ્સાના સમાજજીવનને સમજવા માટે આ નવલકથા અત્યંત આવશ્યક માધ્યમ બને છે. પ્રેમચંદની નવલકથાઓમાં જે ગ્રામીણ સમાજ ચિત્રિત થયો છે તેની પૂર્વપીઠિકા આ નવલકથા પૂરી પાડે છે. સ્વાધીનતા પૂર્વેના ગ્રામીણ સમાજ અને ખેડૂતના જીવનને સમજવાની ચાવીરૂપ શ્રેષ્ઠ નવલકથા છે.*

## ૨.૨ કૃતિ પરિચય : 'છ વીઘાં જમીન'

*ખેડૂતવર્ગના શોષણનું વાસ્તવિક આલેખન કરતી નવલકથા 'છ વીઘાં જમીન'માં સર્જક ફકીરમોહન સેનાપતિએ ઓરિસ્સાના સમાજ, જમીનદાર પ્રથા તથા ખેડૂત સમાજની દશા-અવદશાનો ઊંડાણપૂર્વક ચિતાર આપ્યો છે. આ નવલકથા કુલ ૨૭ અધ્યાયમાં વહેંચાયેલી છે. ભારતીય ગ્રામીણ જીવનને ઉજાગર કરતી આ નવલકથામાં શેખ દિલદાર એક પાત્ર તરીકે આવે છે, જે મિદાનપુરનો એક મોટો જમીનદાર હતો. એની જમીન ઓરિસ્સામાં હતી અને તે અંતર્ગત ગોવિંદપુર ગામ પણ આવતું. રામચંદ્ર મંગરાજ આજ વિભાગનો રહેવાસી હતો અને તે શેખને ત્યાં વહીવટી કારકૂનનું કામ કરતો. શેખ પાસે*

મહેસૂલીની રકમ પહોંચાડવાનું કામ તે કરતો. મંગરાજ અત્યંત ચાલાક અને ધૂર્ત હતો. મહેસૂલની વસૂલીમાં તો તે સાક્ષાત્ યમરાજ જેવો હતો, પરંતુ મહેસૂલની વસૂલી બાદ મોટાભાગની રકમ પોતે જ ચાવ કરી જતો. 'પાક નિષ્ફળ ગયો છે, ખેડૂતો મહેસૂલ ચૂકવી શક્તા નથી' એવા બહાનાથી તે શેખ દિલદારને છેતર્યા કરતો.

મંગરાજ પોતાની સાથે છેતરપીંડી  કરે છે તેવી શંકા કરવાની કે સચ્ચાઈનો તાગ મેળવવાની શેખ કદી દરકાર કરતો નહીં. શેખ દારૂડિયો હોવાથી દારૂ પીને પડી રહેતો. શેખ દિલદાર પાસે જ્યારે પૈસા ખૂટી જાય ત્યારે મંગરાજ પાસેથી વ્યાજે પૈસા લેતો. હકીકતમાં પોતાના જ જમીનદારીના મહેસૂલીના પૈસા તે ઉધાર લેતો.

આ જમીનદારીના ક્ષેત્રમાં ગોવિંદપુરા ગામ આવતું. ત્યાં એક વણિક પરિવાર રહેતો જેમાં પતિનું નામ ભાગિયો અને પત્નીનું નામ સારિયા હતું. તેઓ નિ:સંતાન હતા. નસીબજોગે તેમની પાસે જે જમીનનો ટુકડો હતો. (જેના પરથી નવલકથાનું નામ પડ્યું છે : છ માણ આઠ ગુંઠા- એટલે કે છ એકર આઠ ડેસિમલ -છ વીઘાં) તે ખૂબ  જ ઉપજાઉ હતો. આ જમીનની ઉપજ ગામનાં બધાં ખેતરો કરતાં વધારે હતી. મંગરાજની લોભી નજર આ જમીનના ટુકડા પર હતી. મંગરાજ મનમાં ને મનમાં આ જમીનને પ્રાપ્ત કરવાના પેતરાં ઘડવા લાગ્યો. ભાગિયો નિ:સંતાન હોવાથી જમીનનો કોઈ વારસ ન હતો, પરંતુ સંતાન પ્રાપ્તિની ઝંખના તેના મનમાં હોય તે સ્વાભાવિક હતું. મંગરાજ આ જમીનનો ટુકડો પડાવી લેવાના અવસરની શોધમાં હતો ત્યાં તેને તેના પાપી કૃત્યોમાં સાથીદાર એવી ચંપા તરફથી અવસર અને યોજના મળે છે. આ વણિક દંપતીને સંતાન પ્રાપ્તિમાં  મદદ કરવાની લાલસા આપી છેતરવાનો ત્રાગડો રચે છે. વણિક પરિવાર ભોળો છે અને વિશ્વાસ રાખનાર છે. ચંપા ભોળા દંપતિને ભોળવીને સમજાવી દીધું કે દેવીએ પૂજારી દ્વારા પોતાની ઈચ્છા પ્રગટ કરી, અમુક પૂજા કરવાથી-ચઢાવવાથી એમને પુત્રલાભ પ્રાપ્ત થઈ શકશે. દંપતી સંતાનની લાલસામાં તેની વાત માની જાય છે.

મંગરાજ દેવીના સિંહાસન નીચે જ છાનેમાને એક મોટો ખાડો ખોદાવી લે છે અને ત્યાં મંગરાજનો એક પાપી સાથી છુપાઈ બેઠો, પૂજા કર્યા પછી ભગિયા અને સારિયા દંપતિ જ્યારે પુત્રનું વરદાન માંગવા લાવ્યા, ત્યારે ખાડામાં છુપાયેલા મંગરાજના છુપાયેલા માણસે મોટેથી કહ્યું કે, 'મારા માટે એક મંદિર બંધાવી આપો તો તમને ધન તથા સોનાની કોઈ ખોટ નહીં રહે. ત્રણ દીકરા પણ થશે. પણ જો મારા આદેશનું પાલન નહીં થાય તો હું ભાગિયાને મારી નાખીશ.'

આ વાણીથી ગભરાઈને દંપતિ પોતાની આજીવિકાનું એકમાત્ર માધ્યમ એવું ખેતર વેચવા મજબૂર થાય છે, ચંપાની સલાહ પ્રમાણે ભાગિયા મંગરાજ પાસે જઈને પોતાનું એકમાત્ર ખેતર તેઓ ગીરવે મૂકીને મંદિર બંધાવવા માટે રૂપિયા લઈ આવે છે. મંગરાજે આ ખેતર હડપ કરવા માટે તો આ પેતરો રચ્યો હતો એ તરત જ એ ખેતર હડપ કરી લે છે અને વ્યાજ પેટે એમની એકમાત્ર ગાય પણ ઝૂંટવી લે છે. સમય જતાં સાવ લુંટાઈ

જવાને કારણે બેહાલ થઈ જઈ અને ઘોર નિરાશા વ્યાપી જવાને કારણે ભાગિયો પાગલ થઈ જાય છે અને આ કારણે એને ચોકિયાત દ્વારા પકડી લેવામાં આવ્યો. ત્યારબાદ આ પરિસ્થિતિમાં એની પત્ની સારિયા, મંગરાજની સાધ્વી પત્ની પાસેથી ભીખ મેળવી મેળવીને જેમતેમ દિવસો ગુજારવા માંડે છે. દુ:ખ અને નિરાશાનો આ અસહ્ય માર સહન ન કરી શકવાથી છેવટે તે પણ મૃત્યુના મુખમાં પહોંચી જાય છે. મંગરાજના શોષણને કારણે સારિયાનું મૃત્યુ થાય છે. બીજી તરફ મંગરાજ તેને મેળવેલી પાપની અધમ કમાણી વધારે દિવસ સુધી ભોગવી શકતો નથી. ગામના ચોકિયાતે પોલીસને ખબર પહોંચાડી દીધી હતી કે ભાગિયાની પત્નીના મૃત્યુનું કારણ મંગરાજ જ હતો, તેથી મંગરાજને પકડી લેવામાં આવ્યો. મંગરાજને સારિયાના મૃત્યુ અંગે કોઈ સાક્ષીના અભાવમાં તો છૂટી જાય છે, પરંતુ ભાગિયાની ગાય ચોરી જવાના ગુનામાં મંગરાજને સખત મજૂરી સાથે માત્ર છ મહિનાની જેલની સજા થઈ.

મંગરાજ જેલમાં હતો તે જેલમાં બીજા પણ અનેક કેદીઓ એવા હતા, જેમના મનમાં મંગરાજ માટે પૂર્વેની વેરભાવના હતી. કારણકે એમના દુર્ભાગ્યનું કારણ પણ મંગરાજ જ હતો, પણ હવે તો મંગરાજ અહીં જેલમાં તો એમના જેવો જ એક કેદી માત્ર હતો. તેથી એને ચીઢવવાની કે મારવાની એક પણ તક તેઓ ગુમાવતા નહીં. બીજી તરફ અર્ધમ કાર્યમાં એની પાપ-સંગિની એવી ચંપા અને એનો ચાકર ગોવિંદ બંને મંગરાજનું બચેલું બધું જ ધન તથા સોનુંરૂપું લઈને ભાગી જાય છે. આ માલમત્તા લૂંટીને ભાગી ગયા પછી રસ્તામાં જતા લૂંટના આ માલની વહેંચણી બાબતમાં બંને વચ્ચે બોલાચાલી થાય છે અને ગોવિંદ ત્યાં સૂતેલી ચંપાનું ખૂન કરી નાંખે છે. આ કૃત્ય કર્યા પછી પકડાઈ જવાના ડરથી ગોંવિદ પોતે જ નદીમાં ડૂબી મરી જાય છે.

આ તરફ મંગરાજનું જીવન જેલમાં ખૂબ જ દયાજનક થઈ જાય છે. બીજા કેદીઓ લાગ જોઈને એને માર્યા જ કરે છે. પાગલ થઈ ગયેલો ભગિયા એકવાર દાંતથી મંગરાજનું નાક કરડી લે છે. છેવટે જેલમાં તેની મરણની ઘડી નજીક આવી રહી છે તેમ જાણીને એને જેલમાંથી છૂટો કરવામાં આવે છે. ઘેર આવીને એણે જોયું તો ઘર ખાલી છે, સૂમસામ છે, વેરાન છે. તે મૃત્યુશૈયા પર પડ્યો પડ્યો, પસ્તાવાનો માર્યો એ પોતાની ધર્માત્મા પત્ની શાંતિને, જે પતિની ઉપેક્ષાને લીધે ક્યારનીય મરી પરવારી હતી તેને સ્વપ્નમાં જોયા કરે છે.

'છ વીઘાં જમીન' નવલકથામાં લેખકે જે પરિસ્થિતિને નિહાળી છે અને તેને વાસ્તવિક રીતે અહીં આલેખી છે એટલી જીવંતતા આ નવલકથામાં આપણે અનુભવી શકીએ છીએ. તેમણે ઓરિસ્સાના ખેડૂતવર્ગ સામે થતા શોષણને વાચા આપી છે. ફકીરમોહને જમીનમહેસૂલ કાયદાથી સામાન્ય માણસને જે યાતના ભોગવવી પડી છે તેનું નિરૂપણ અહીં કર્યું છે. નવલકથાના સ્વરૂપઘડતરમાં લેખકે કોઠાસૂઝ દ્વારા અથવા ઈત્તર વાચન દ્વારા ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, વાર્તા અને જીવનચરિત્રનો સમન્વય કર્યો છે છતાં

આખી કૃતિઓ ઢાંચો લગભગ જીવનચરિત્રાત્મક જ રાખ્યો છે. સમગ્ર નવલકથામાં ઘટના, માહિતી વગેરેને નર્મમર્મ કટાક્ષ દ્વારા વ્યક્ત કરેલ છે.

નવલકથાના કેન્દ્રમાં ભારતના ઓરિસ્સાના વિસ્તારની જમીનદારી પ્રથા તથા તેના અત્યાચારોને કારણે દાયકાઓથી શોષણખોરીનો ભોગ બનતી પ્રજાની વાસ્તવિકતા અને અવાજ છે. સામાન્ય લોકોની, જમીન કોઈને કોઈ બહાને જમીનદારો કે વચેટિયાઓ દ્વારા ઝૂંટવાઈ જતી હતી. નવલકથાના આરંભમાં ધનવાન અને જમીનદાર બનેલા રામચંદ્ર મંગરાજનું ચિત્ર આપવામાં આવ્યું છે. આ ભદ્રવર્ગ દ્વારા ગરીબો, ખેતમજૂરો, દહાડિયાઓ, વેઠેયિઓ અને ખેડૂતોના થતા શોષણથી નવલકથામાં વર્ગસંઘર્ષની બધી જ સામગ્રી ભારોભાર ઉપલબ્ધ હોવા છતાં તે સંઘર્ષ નવલકથાના કેન્દ્રસ્થાને નથી. મંગરાજ જેવા ગરીબમાંથી શ્રીમન્ત બનેલા જમીનદારના કારકૂન (વચેટિયા) સામ-દામ-દંડ-ભેદ દ્વારા ગરીબોની જમીન ઝૂંટવીને તેનું શોષણ કરે છે. તેના આ કાર્યમાં સાથ આપતી ચંપાનું પાત્ર પણ નવલકથાનું ગણનાપાત્ર છે. ચંપા અને મંગરાજના સંબંધ સર્જકે કોઈ વિશેષ ઉલ્લેખ અહીં કર્યો નથી, કારણ કે ચરિત્રાત્મક ઉલ્લેખ નવલકથામાં કથાને ઉપયોગી નથી. જ્યારે મંગરાજની પત્ની ઉદારચરિત્રની હતી, અને નવલકથાના અંતે મંગરાજ તેની પત્નીને જ યાદ કરતા મૃત્યુ પામે છે.

આ નવલકથાનું કથાનક અત્યંત કરુણ છે, છતાંય નવલકથાકારે એને હળવી તથા રમૂજી શૈલીમાં રજૂ કર્યું છે. ભાષા સીધી-સાદી, બોલચાલની ભાષા છે. આ ‘છ વીઘાં જમીન’ જીવન અને સમાજ પર એક શક્તિશાળી વ્યંગ અને એક ગંભીર અધ્યયન રૂપે નવલકથાનું મૂર્તરૂપ અહીં પામી છે. નવલકથાની પ્રત્યેક ઘટના અને એનું પ્રત્યેક પાત્ર જીવનનું સાચું પ્રતિબિંબ પાડે છે અને આ માર્મિક કથામાં હાસ્ય તથા વ્યંગે પ્રાણ પૂર્યા છે. ચરિત્ર-ચિત્રણમાં લેશ પણ દોષ જોવા ન મળે તેવાં ચિત્રાંકને, વાસ્તવિકતાની ભૂમિ પરથી લેવાયેલાં કથા-પાત્રોએ તથા લેખકની અનુકરણીય શૈલીએ કળાના ઉત્કર્ષની એક ઉમદા કૃતિ બનાવી છે.

નવલકથાના પાત્રોમાં દિલદાર શેખ, મંગરાજ, ચંપા ઉપરાંત આખી કૃતિમાં અતિકરુણ પાત્રો ભાગિયા અને સારિયા છે. ભાગિયા અને સારિયા દંપતિ સાથે કરવામાં આવતી મંગરાજની છેતરપિંડી નવલકથાની જાણે કેન્દ્રવર્તી ઘટના છે. નિઃસંતાન દંપતિને સંતાનસુખની લાલચ આપીને ચંપા અને મંગરાજ ત્રાગડો રચી બરબાદ કરી નાખે છે અને આ ઘટના એ ધૂર્ત મંગરાજ-ચંપાના પણ વિનાશનું કારણ બને છે. આ નવલકથામાં મંગરાજની ક્રૂરતા અને ધૂર્તતાને લેખકે ઈશ્વરીય ન્યાય અપાવ્યો છે. પરંતુ નવલકથાના અંતે મંગરાજની જમીનો તેનો કેસ લડતો વકીલ ઝૂંટવી લે છે તેનું નિરૂપણ કરીને લેખક સૂચવે છે કે આ શોષણનીતિનો કદી અંત આવવાનો જ નથી. આ પ્રક્રિયા ચક્રાકાર ગતિએ ચાલતી જ રહેવાની. આ નવલકથાનો અંત કરુણ છે અને મરણપથારીએ પડેલા ખલનાયક મંગરાજ પ્રત્યે પણ અનુકંપા જાગે તે રીતે તેનું ચિત્રણ કરવામાં આવ્યું છે.

સર્જકે આ રચનાને વ્યંગના માધ્યમથી રજૂ કરી કરુણથી ભારતીય સમાજના ચિત્રને ભાવકો સમક્ષ ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. અહીં ભાગિયા અને સરિયાને પ્રકૃતિગત ન્યાય મળે છે અને જે મંગરાજે શોષણ કરવામાં જીવન વિતાવ્યું તે જીવનનો કરુણતાથી અંત થાય અને વકીલ દ્વારા તેની જમીન હડપ કરી લેતા શોષણની નવું ચક્ર ઊભું થાય છે. અહીં સ્વાધિનતા પૂર્વેના ખેડૂત સમાજ અને ગ્રામીણ જીવનની વાસ્તવિકતાને ચિત્રિત કરવાનો સર્જક દ્વારા સંનિષ્ઠ અને કલાપરક પ્રયાસ થયો છે. પાત્રોની સજ્જતા આ નવલકથામાં ઉત્કૃષ્ટ રીતે રજૂ કરવામાં આવી છે. એમ બની શકે કે આજના સમયમાં, નવલકથામાં ચિત્રિત સમસ્યાઓ (પ્રશ્નો) બદલાઈ ગયા હોય, પરંતુ શાશ્વત મૂલ્યોની ગૂંથણીના કારણે આ નવલકથા સમયના બંધન તોડી શકી છે અને માનવસ્વભાવનાં મૌલિક તથ્યો તથા જીવનનાં મૌલિક મૂલ્ય તો સદાકાળ પ્રસ્તુત છે.

## ૨.૩ કર્તા પરિચય : ફકીરમોહન સેનાપતિ(૧૮૪૩-૧૯૧૮)

ઉડિયા સાહિત્યના 'કથા-સમ્રાટ' તરીકે ખ્યાતિ પ્રાપ્ત ફકીરમોહન સેનાપતિનો જન્મ ૧૩ જાન્યુઆરી, ૧૮૪૩માં ઓરિસ્સાના બલેશ્વર જિલ્લાના મલ્લિકારાપુર ગામમાં થયો હતો, જ્યારે તેમનું મૃત્યુ ૧૪ જાન્યુઆરી, ૧૯૧૮ના રોજ મકરસંક્રાંતિના દિવસે થયું હતું. તેમનો જન્મ-મૃત્યુ, સંક્રાંતિમાં થયો તેથી અને તેમના સર્જનને કારણે સાહિત્યક્ષેત્રે એક વિશેષ ક્રાંતિ આવી એક નવા યુગની શરૂઆત થઈ હોવાથી તેઓ 'સંક્રાંતિ-પુરુષ' તરીકે ઓળખાયા. લખમણા ચરણ સેનાપતિ અને તુલસી દેવીને ત્યાં મધ્યમવર્ગીય પરિવારમાં તેમનો જન્મ થયો. તેમના બાળપણમાં જ માતા-પિતાનું અકાળે અવસાન થતા, ફકીરમોહનનો ઉછેર વૃદ્ધ દાદા દ્વારા થયો. તેમનું બાળપણનું નામ બ્રજમોહન હતું, પરંતુ દાદા દ્વારા ફકીરો તરફના સમર્પણને કારણે સેનાપતિ નામથી પરિચિત થયા. તેમનું જીવન ઘણું સંઘર્ષમય રહ્યું.

બાલ્યવસ્થામાં માતા-પિતા વિનાના, યુવાનવયે પત્ની અને સંતાનોથી વિખૂટા થયેલા ફકીરમોહન અસાધારણ પ્રતિભા ધરાવતા હતા. ગામની શાળામાં ભણ્યા પછી તેમણે પોતાનો અંગત અભ્યાસ ચાલુ રાખ્યો. સમયાંતરે બલેશ્વરની મિશન શાળામાં મુખ્ય શિક્ષક તરીકે શિક્ષણકાર્ય કર્યું. માતૃભાષા ઉડિયાને બચાવવા તેમણે સાહિત્યમાં ક્રાંતિકારી પગલું ભર્યું. અનેક સંઘર્ષો છતાં નિશ્ચલ રહી સાહિત્યસેવા કરતા રહ્યા.

ફકીરમોહનનો શાળાકીય અભ્યાસ ઓછો હતો, છતાં મજબૂત મનોબળ અને અથાગ પ્રયત્નોથી તેમણે ભારતીય શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. આ ગાળા દરમિયાન બલેશ્વરના જિલ્લા કલેક્ટર 'જ્હોન બિમ્સ'ની સાથે તેમની ઓળખાણ થઈ. બિમ્સ સાહિત્યક વ્યક્તિ હતા અને વિવિધ ભારતીય ભાષાઓના તુલનાત્મક વ્યાકરણ લખતા હતા. તેમણે સંસ્કૃત, બંગાળી અને ઉડિયાના જાણકાર વિદ્વાનની શોધ હતી. ફકીરમોહને તેમણે ઉડિયા શીખવ્યું. ફકીરમોહનનું અંગ્રેજીનુ જ્ઞાન વિશેષ ન હોવા છતાં શબ્દકોશની મદદથી તેમણે નિપુણતા મેળવી લીધી. જ્ઞાન મેળવવાની આતુરતાએ તેમને ઉત્કૃષ્ટ

સાહિત્યકાર બનાવ્યા. તેમણે વિવિધ વિષયો પર પોતાની માતૃભાષા ઉડિયામા પાઠ્યપુસ્તકો પણ લખ્યાં હતાં. જ્હોનના પ્રોત્સાહનથી ૧૮૭૧થી ૧૮૭૫ સુધી નીલગીરી ખાતે 'દિવાન' તરીકે રહ્યા. ત્યારબાદ પણ ૧૮૮૭ સુધી અલગ અલગ સ્થાને 'દિવાન' તરીકેની સેવા આપી. ૧૮૬૮માં ફકીરમોહને બલેશ્વરમાં 'ઉત્કલ' પ્રેસ નામનું પ્રિન્ટિંગ પ્રેસ સ્થાપ્યું તેમણે 'પત્રિકા'નું સંપાદન અને પ્રકાશન કાર્ય કર્યું.

ઉડિયા સાહિત્યમાં ફકીરમોહન સાહિત્યમાં યુગનિર્માતા તરીકે જાણીતા છે. ફકીરમોહને મહામુનિ વ્યાસ લિખિત સંસ્કૃત 'મહાભારત' ગ્રંથનો ઉડિયામાં અનુવાદ કર્યા જેના કારણે તેઓ ઓરિસ્સામાં 'વ્યાસકવિ' તરીકે પ્રખ્યાત થયા. આ સિવાય પણ તેમણે રામાયણ, ગીતા, ઉપનિષદ વગેરે ગ્રંથોના અનુવાદ કર્યા છે. મુખ્યરૂપે તેમણે સાહિત્યસર્જનમાં ચાર નવલકથા, એક વાર્તાસંગ્રહ અને એક આત્મકથા લખી છે. આ ઉપરાંત જનજાતીય જીવનને કવિતાના માધ્યમથી પણ પ્રસ્તુત કર્યું. ઉડિયા સાહિત્ય કથા લખવાનું પ્રથમ શ્રેય તેમને જ જાય છે. ઉડિયા સાહિત્યને જીવંત કરવા માટે તેમનું યોગદાન બહુમૂલ્ય છે. તેમની નવલકથાઓ ગ્રામીણ જીવનની પરંપરાઓ-રીતિરિવાજો-સંબંધોને અને તેની મર્યાદાઓને તથા ગ્રામીણ પરિવેશમાં પ્રચલિત તત્કાલીન શોષણને પોતાના સર્જન દ્વારા ઉજાગર કરે છે.

લેખનકાર્યમાં સાહિત્યની ઘણી શાખાઓમાં તેમણે પોતાની કલમ ચલાવી છે. તેમણે આદિવાસી જીવન પર જે ગીતો લખ્યાં છે તે પૂજાફૂલ અને ઉપહાર કાવ્યસંગ્રહમાં સંકલિત છે. ૧૮૯૨માં તેમની 'ઉત્કલા બ્રહ્મણમ્' નામની લાંબી કવિતા પણ પ્રગટ થઈ હતી.

'છ વીઘાં જમીન' (છ માણ આઠ ગુંઠ), લછમા, મામુ તથા પ્રાયશ્ચિત તેમની નવલકથાઓ છે. આ ચાર નવલકથાઓ ૧૮૯૭ થી ૧૯૧૫ની વચ્ચે લખાય છે. ઓરિસ્સાની અસ્તવ્યસ્ત પરિસ્થતિ વિષે છે તો બીજી ત્રણ નવલકથામાં ઓરિસ્સાની સામાજિક જીવનની પરિસ્થિતઓનું નિરૂપણ છે. 'છ વીઘાં જમીન' નવલકથા ઓરિસ્સામાં સિનેમામાં પણ લોકપ્રિય રહી. 'રેવતી' તેમની પહેલી વાર્તા છે, જેમાં તત્કાલીન સમાજમા સ્ત્રી શિક્ષણ અને સ્ત્રી જાગૃતિ માટેનો પહેલો ઉત્સાહ જોવા મળે છે. આ વાર્તા ૧૮૯૮થી અત્યાર સુધીમાં ઉપલબ્ધ પ્રથમ વાર્તા છે. તેમણે ૧૮૬૦માં 'બોધ દાયિની' સામયિકમાં 'લછમણી' વાર્તા લખી હતી, જેની કોઈ નકલ હવે ઉપલબ્ધ નથી, અન્યથા આધુનિક ભારતીય સાહિત્યમાં તેઓ પ્રથમ વાર્તા સર્જક હોત. તેમની 'રેવતી', 'પેટન્ટ મેડિસિન', 'ડાક-મુન્શી', 'સહી જમીનદાર' એ નોંધપાત્ર વાર્તાઓ છે. તેમની ટૂંકીવાર્તા 'ગલ્પ સ્વપ્ન -૧ અને ૨માં સંકલિત છે. ફકીરમોહન ઉડિયા ભાષાની પ્રથમ આત્મકથા 'આત્મજીવનચરિત્ર'ના પણ લેખક છે. આ ચરિત્રમાં તેમણે સંઘર્ષમય જીવનનો આબેહૂબ ચિતાર આપ્યો છે. 'સંવાદબહિની' અને 'બોધદાયિની' સામયિકોના પ્રકાશનની દિશામાં ઉડિયા સંસ્કૃતિ સંઘર્ષના તેઓ સેનાપતિ રહ્યા હતા.

*નાનપણથી જીવનના અંતિમ શ્વાસ સુધી ફકીરમોહન દુઃખ, દર્દ, નિંદા, કપટ વગેરેથી ભરેલા માર્ગે મજબૂત રીતે ચાલ્યા હતા. તેમનું જીવન દર્દ અને કરુણાથી ભરેલું રહ્યું, છતાં તેઓ વાસ્તવમાં, યુગ-નિર્માતા, સમાજવાદી, જાહેરજીવનના વાસ્તવિક ચિત્રકાર, નવલકથાકાર અને આધુનિક સાહિત્યના પ્રણેતા રહ્યા.*

## ૨.૪ સ્વાધ્યાય

૧. *‘છ વીઘાં જમીન’નું ભારતીય નવલકથા તરીકે મૂલ્યાંકન કરો.*

## ૨.૫ સંદર્ભસૂચિ


૧. *છ વીઘાં જમીન (લેખક : ફકીરમોહન સેનાપતિ)– અનુવાદક. મીરાં ભટ્ટ*

૨. *છ માણ આઠ ગુંઠા (પુસ્તક : નવલકથા : સ્વરૂપ અને વૈવિધ્ય)– શિરીષ પંચાલ*

૩. *ફકીરમોહન સેનાપતિ (લેખક : માયાધર માનસિંહ)– અનુવાદક. ભારતી દલાલ*



**લેખન : ડૉ. હેતલ ગાંધી -** *આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ)*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

| એકમ-3 | ન હન્યતે |
|---|---|


૩.૧ પ્રસ્તાવના

૩.૨ કૃતિ પરિચય : ન હન્યતે

૩.૩ કર્તા પરિચય : મૈત્રેયી દેવી

૩.૪ સંદર્ભસૂચિ


## ૩.૧ પ્રસ્તાવના

*૧૯૭૪માં બંગાળી ભાષામાં લખાયેલી મૈત્રેયી દેવીની આત્મકથાનાત્મક નવલકથા 'ન હન્યતે' ભારતીય સાહિત્યમાં વિશેષ સ્થાન ધરાવે છે. 'ન હન્યતે' એટલે કે 'જે હણી શકતું નથી.' આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ નગીનદાસ પારેખ ૧૯૭૮માં કરે છે, જે અનુવાદને ૧૯૮૯માં સાહિત્ય અકાદમી તરફથી ઉત્તમ અનુવાદનું પારિતોષિક પણ મળ્યું છે. આ આખી નવલકથા જેમ જેમ વાંચતા જઈએ તેમ તેમ એક પછી એક પડળો ખુલતા જાય અને સાચો ચહેરો ઊપસતો જાય. અઢાવને પહોંચ્યા પછી એકાએક ચેતનાનાં સર્વ પડ ભેદીને સોળની ઉંમરે થયેલા પ્રણયાનુભવની સબળ સ્મૃતિ ઊછળી આવે છે. આ લખતાં પહેલાં ઊંઘ માંડ એક કલાકની થઈ જાય છે. આ 'સ્મૃતિનો પ્રકોપ' આઠેક મહિના ચાલે છે. આમ જુઓ તો કથા આ આઠ મહિનાની છે, પણ તે મહિનાઓમાં પાછલાં વરસોનું જીવન-ખાસ તો સોળમા વરસનું પ્રણયજીવન વાગોળવાનું માત્ર બનતું નથી, એ જીવન એની નાનામાં નાની વિગતો સાથે કહો કે દેહમનના તંતુએ તંતુમાં – સમગ્ર ચેતનામાં અમૃતા ફરીથી જીવે છે. આ આખી કથા પ્રત્યક્ષ જીવતા વર્તમાનની કથા તરીકે લખાય છે.*

*બલ્ગેરિયન યુવક મિર્ચા યુક્લિડ 'મૃગયા' પટુ માણસને વરસોથી ન મળવાને કારણે ભૂલી પણ ગઈ છે અને તેનો હવે ભર્યોભાદર્યો સંસાર પણ છે. યુક્લિડ પ્રોફેસર બન્યો છે, મિર્ચાના શિષ્ય સેરગઈ પાસેથી મૈત્રેયી દેવીને જે મિર્ચા દ્વાર બલ્ગેરિયન ભાષામાં લખાયેલા પુસ્તક વિશે જાણવા મળે છે. 'તેણે લખ્યું છે કે તમે રાત્રે એના ઓરડામાં જતાં.'-અહીં આ જૂઠાણાથી મળેલ આઘાતને ખાળવા અને કારણે સત્યને ઉજાગર કરવા સર્જક આ નવલકથા લખે છે. આ નવલકથામાં મૈત્રેયી દેવી નિઃશંકપણે તેના નિર્દોષ પ્રેમનું ચિત્રણ તો કર્યું છે સાથે દરેક ન ભૂલાયેલી ક્ષણને અક્ષરસહઃ ચીતરી છે.*

## ૩.૨ કૃતિ પરિચય : ન હન્યતે

*૧૯૭૪માં પ્રકાશિત અને ૧૯૭૬માં સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત મૂળ બંગાળી ભાષામાં લખાયેલ આત્મકથનાત્મક નવલકથા 'ન હન્યતે'ને મૈત્રેયી દેવી દ્વારા*

*રોમાનિયન ફિલસૂફ મિર્ચા ઈલિયડના પુસ્તક 'લા નુઈટ બંગાળી' (અંગ્રેજી શીર્ષક : બેંગાલ નાઈટ્સ), જે ઈલિયડની ભારતની મુલાકાત દરમિયાન કાલ્પનિક રોમાંસના અહેવાલ સંબંધિત કૃતિના જવાબમાં લખવામાં આવી છે. આ નવલકથા એક ભદ્ર-ઉચ્ચ વર્ણના પરિવારમાં જીવનની સમૃદ્ધિ પામેલ સંસ્કૃતિક તનાવથી ભરપૂર નિષ્ફળ ગયેલા પ્રથમ પ્રેમના હિસાબને દર્શાવે છે. પ્રેમની નિષ્ફળતાની ઘટનાના ચાળીસ વર્ષના અંતરે સ્પેક્ટ્રમના બે છેડાના ભાવનાત્મક પરિણામોને પ્રતિબિંબિત કરે છે. તેમાં મૈત્રેયી દેવીની નિર્દોષિતા અને અનુભવ, મોહ અને મોહભંગ અને સંસ્કૃતિક ભિન્નતા વચ્ચેના સંઘર્ષની સ્થિતિનું વિશ્લેષણ થયું છે. સર્જક અને શૈક્ષણિકવિદ્ ગિનુ કમાનીના કથન અનુસાર, તેઓ 'ન હન્યતે' નવલકથા સ્વરૂપે મૈત્રેયી દેવીના સીમા વિહીન સ્વરૂપ, કાવ્યાત્મક ગદ્ય તથા માનવમનની અંદર અને બહારના ભૂતકાળના સંસ્મરણોથી પ્રભાવિત થયા છે.*

*મૈત્રેયી દેવી પોતાની નવલકથા માટે ગીતાના શ્લોકમાંથી મહત્ત્વપૂર્ણ શીર્ષક લે છે, જે નવલકથાની શરૂઆતમાં ઉદ્ધૃત કરે છે, 'ન હન્યતે'*

**'अजो नित्य : शाश्वतोड़य पुराणो|**
**न हन्यते हन्यमाने शरीरे||'**
*(અજન્મ એ નિત્ય પુરાણ શાશ્વત હણાય ન દેહ હણાય તોય.)*

*એટલે કે આત્મા કદી મારતો નથી, તે અજન્મા, શાશ્વત, અવિનાશી અને આદિ છે. શરીર મરી શકે છે આત્મા નહીં. અહીં ઈલિયડ પ્રત્યેના કિશોરવયના પ્રેમની યાદ ચેતનામાં આવતા સર્જક પ્રેમના અમર અને શાશ્વત પાસાની જાગૃતિથી અભિભૂત થતા આ શીર્ષક 'ન હન્યતે'* (It does not die) *એ અસ્તિત્વના પૂરાવા રૂપ છે. કિશોરાવસ્થામાં જીવાયેલો પેલો જીવનખંડ એ પોતાનો એક અવિનાશી અંશ છે, જે ક્યારેય હણી શકાય તેમ નથી. આ કથા વિષે ઉમાશંકર જોશી યોગ્ય જ કહે છે કે, પૂર્વરાગની કથાની અંતિમ અવસ્થા મૃત્યુની ભલે ગણાવાતી હોય, પૂર્વરાગને પુનઃ જીવવાની આ કથાની ફલશ્રુતિ તો આત્માના – પ્રેમના અ-મૃત તત્ત્વની અનુભૂતિ છે.* **'મરતો નથી, મરતો નથી, પ્રેમ મરતો નથી.'** *આત્મા જન્મરહિત શાશ્વત અને પુરાતન છે. શરીરના નાશ થવા છતાં તે મરતો નથી, પ્રેમ આત્માનો જ અંશ છે અને તેથી જ તે મરતો પણ નથી.*

*'ન હન્યતે' નવલકથાના કુલ ચાર પર્વો છે. તેના પ્રથમ પર્વમાં મિર્ચા અને અમૃતા વચ્ચેના બેતાળીસ વર્ષ પૂર્વેના પ્રણયજીવનની સ્મૃતિકથા છે, બીજા પર્વમાં અમૃતાના દાંપત્યજીવનની વાતના નિરૂપણ સાથે અમૃતાનું મનોગત પ્રગટે છે. ત્રીજા પર્વમાં મિર્ચાનું મનોગત પ્રગટે છે. મિર્ચાનો દોષ જોતી નાયિકા અમૃતાને વર્ષો પછી સાચી વાતની જાણ થતા પુનઃ મિર્ચાને મળવા ઉત્સુક બને છે અને ચોથા પર્વમાં અમૃતા અને મિર્ચાનો બેતાળીસ વર્ષ પછી પુનઃમેળાપ થાય છે અને આ મેળાપ દ્વારા મિર્ચાની આંતર-બાહ્ય ભાવપરિસ્થિતિનો ખ્યાલ આવે છે.*

આરંભમાં પ્રતીતિ થાય કે આ નવલકથા એક ઘવાયેલી સ્ત્રીના સ્ત્રીત્વનો કરુણ ચિત્કાર હશે, પરંતુ કથાનો પ્રવાહ જેમ જેમ આગળ વધતો જાય તેમ તેમ પ્રેમના ગૂઢતત્વ અને અમરત્વને "ાપ્ત કરવાની દિશામાં આગળ વધતું જાય છે. અમૃતની ચેતના એક દૂરના દેશમાં પોતાને વિશે ચાળીસ વર્ષોથી ચાલતા જૂઠાણા આઘાતની ઉપરતળે છે. આ વિચારો ઘેરી લેતા તેના સવાર-સાંજ, દિવસ-રાત એકાકાર થઈ જાય છે. આસપાસનું જગતનું, પરસ્પરનું તેને ભાન રહેતું નથી. ૧૯૭૨માં શ્વાસ તો ચાલે છે, પરંતુ ૧૯૩૦માં જીવાયેલું મિર્ચા સાથેના જીવનનું ઘોડાપૂર જીર્ણ શરીરમનના કાંઠાઓને છલકાવવા ધસી રહે છે, આ બધું જ જાણે એ ફરીથી જીવે છે.

નવલકથાનો આરંભ ૧ સપ્ટેમ્બર, ૧૯૭૨ના અમૃતાના જન્મદિવસની ઉજવણી નિમિત્તે યોજાયેલી પાર્ટી દ્વારા થાય છે. અહીં અમૃતાનો શ્વાસ છે તથા ૧૯૭૨માં તે જીવન જીવી રહી છે પણ નવલકથામાં મિર્ચા સાથે વિતાવેલા સમયથી એટલે કે ૧૯૩૦થી ૧૯૭૨-૭૩ના સમયનું આલેખન છે.

વિશ્વવિખ્યાત તત્ત્વજ્ઞાની પિતાએ ભારતીય સંસ્કૃતિના અભ્યાસ માટે આવેલા ત્રેવીસ વરસના બલ્ગેરિયન વિદ્યાર્થી મિર્ચા યુક્લિડને પોતાને ઘરે રાખવાનો કવયિત્રી પુત્રી અમૃતા આગળ પ્રસ્તાવ મૂક્યો. ભોંયતળિયે એને માટે એક ઓરડીના ભાગ ફાજલ પાડવામાં આવ્યો. વિદ્યાભ્યાસ દરમિયાન પ્રાપ્ત થયેલું સહજ સાનિધ્ય તે બંને વચ્ચે ફૂટતાં પ્રણયાંકુરો ફૂટે છે. મહિનાઓ બાદ ખબર પડી કે બંને વચ્ચે પ્રેમસંબંધ વધતો જાય છે. પિતાએ મિર્ચાનો ઘરનિકાલ કર્યો. આ પ્રણયનો અનુભવ અતિઅલ્પસમયમાં વિચ્છેદ પામે છે તેનો આઘાત અમૃતા માટે અસહ્ય છે. અમૃતાના હૃદયમાં સુષુપ્ત પ્રથમ પ્રેમની સ્થિતિ સ્મરણમંજૂષામાં અકબંધ છે, સચવાઈ રહી છે. અમૃતા, વડીલોના નિર્ણયને સ્વીકારી લઈ પોતાનાથી ચૌદ વર્ષ મોટા પુરુષ સાથે લગ્ન કરે છે અને લગ્નજીવનથી પ્રાપ્ત ઘરસંસાર ચલાવતી રહે છે, આ જીવનની કટોકટી ભરી ક્ષણ બની રહે છે. આ ક્ષણમાં અમૃતાના જીવનના ચાર દાયકા જેટલો સમય વીતી જાય છે, ત્યારે ૧૯૭૨માં અમૃતાના જન્મદિવસે મિર્ચાનો શિષ્ય સરગેઇ ભારત આવે છે અને અમૃતાને મળવા કલકત્તા આવી પહોંચે છે. સરગઈ દ્વારા અમૃતાને જ્ઞાત થાય છે કે મિર્ચા સાથેના તેના પોતાના આરંભકાળના પ્રણયજીવનના પ્રવાહને નિરૂપતી ઘટના-કથાવાળી આત્મકથનાત્મક નવલ 'અમૃતા' મિર્ચાએ લખીને પ્રકાશિત કરી છે. આ કથાની અંદરનો કથા પટ અને તેની જાણકારી અમૃતાને એક ભારતીય સ્ત્રી તરીકે, મૂળમાંથી હચમચાવી મૂકે છે, કારણ કે આ કથાના આલેખનમાં મિર્ચાએ અમૃતા સાથેના પ્રેમ વિશે અસત્ય ઉલ્લેખો કરી એક પ્રેમી તરીકે બેવફાઈ અને અન્યાય કર્યો છે. કથાને અંતે લેખિકાએ અમૃતાને સત્યની ખોજ માટે મિર્ચાને મળવા અમેરિકા પહોંચી જતી બતાવી છે. આ યાત્રામાં તે સંપૂર્ણ રીતે પતિનો સહકાર પામી છે.

અમેરિકા મિર્ચાને મળ્યા પછી અમૃતા પોતાના કદી નાશ ન પામેલા એવા અતૂટ, અવિનાશી પ્રેમને પામ્યાની અનુભૂતિ કરે છે. આ નવલકથાનું એક વિલક્ષણ પાત્ર છે અમૃતા. જે બંગાળી પરિવારમાં ઉછેર પામી છે. યુવાવસ્થામાં આંતરમનના આવેગો, લાગણીઓ, રવીન્દ્રનાથના સાનિધ્યમાં બૌદ્ધિક સ્તરે જીવવા મથતી અમૃતા ભારે કઠોર જીવનસંઘર્ષ સતત અનુભવતી રહે છે. આ અમૃતા, સંસ્કારી અને મેધાવી પંડિત પિતાની તેજસ્વી પુત્રી સર્જક પણ છે. એક સર્જક તરીકે તેની ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર પ્રત્યેની અલૌકિક ભક્તિ દર્શાવાય છે. રવીન્દ્રનાથ અમૃતાના જીવનમાં ચિંતનધારાના પાથેય છે અને જીવનસંઘર્ષનો સામનો કરવાનું બળ પૂરું પાડનાર છે. રવીન્દ્રનાથ માટે તેને સમર્પિત ભાવ છે. આ પાત્રના વિચારનું ઉપલું સ્તર સમજમાં ન આવે એવું અનુભવાય, પરંતુ આંતરિક તત્ત્વબોધ ઘણું ઊંડાણ દર્શાવે છે.

૧૯૩૦થી ૧૯૭૨ સુધી માનસિક ગડમથલ છુપાયેલી છે. ૧૬ વર્ષની કિશોરીથી લઈ વૃદ્ધા બનવા સુધીની યાત્રામાં પ્રેમની ન તો તડપ કે ન તો કોઈ મનોભાવ બદલાય છે. ૪૩ વર્ષથી મિર્ચા સાથેની જે મુલાકાત છે અને પ્રેમનું ઊંડાણ આ નવલકથાનું હાર્દ છે. આ કથાનું અનુસંધાન લઈ તેના પરથી ફ્રેંચ અને હિન્દી ફિલ્મ પણ બની છે.

મેધાવી બાંગ્લા કન્યા અમૃતા અને યુક્લિડ મિર્ચા નામના એક વિદેશી તેજસ્વી યુવાન આ નવલકથાના મુખ્ય પાત્રો છે. આ બે પત્રોની આસપાસ આ નવલકથાનો કથાપટ વિસ્તરેલો છે. આ નવલકથાનું સૌથી રોચક પાત્ર મિર્ચા, જે કથાની મુખ્યધારામાં ન હોવા જે ખાલી જગ્યા પૂરવા (રિક્તતાની પૂર્તિ) માટે આવ્યો હોવા છતાં કથાનો નાયક બની જાય છે, આ નવલકથામાં પતિનો સહયોગ અને પરિપક્વમાં જ પ્રેમનું સાચું સ્વરૂપ ફલિત થાય છે. તેમાં અમૃતા પ્રત્યેનો વિશ્વાસ, માન અને સ્નેહ પણ છે. આ નવલકથામાં સર્જક ક્યાંય મિર્ચાને ખલનાયકના સ્વરૂપે પ્રસ્તુત કરતા નથી. મિર્ચાના જૂઠથી નાયિકા આહત છે, પણ નવલકથાની ઘણી વિગતોની મધુર સ્મરણો લેપનું કાર્ય કરે છે. જૂઠાણાના ખંડન સાથે ખૂબ ઈમાનદારી અને કોમળતાથી નિર્દોષ એ મધુક્ષણને શબ્દોમાં પોરવવામાં આવી છે. આ નવલકથામાં સર્જક ક્યાંય પણ મિર્ચાને ખલનાયકના સ્વરૂપે પ્રસ્તુત કરતા નથી. મિર્ચાના જૂઠથી નાયિકા આહત છે પણ નવલકથાની ઘણી વિગતો મધુર સ્મરણોના લેપનું કાર્ય કરે છે. જૂઠાણાના ખંડન સાથે ખૂબ ઈમાનદારી અને કોમળતાથી નિર્દોષ પ્રેમની એ મધુર ક્ષણોને શબ્દોમાં પોરવવામાં આવી છે.

આ આત્મકથનાત્મક શૈલીમાં લખાયેલી નવલકથામાં, તે સમયનું ભારત ઉજાગર થાય છે. આ નવલકથા પ્રેમના પાયા પર રચાયેલી હોવા છતાં તેમાં માતા-દીકરી, પિતા-પુત્રી, ગુરુ-શિષ્યા, પતિ-પત્નીની અરસપરસની સમજ અને વિશ્વાસ જેવા સંબંધોની જીવંતતાને તે સમાવે છે. પ્રેમની ભાવનાઓને રજૂ કરે છે. આ નવલકથામાં પાત્રોની સંખ્યા બહુમાત્રમાં જોવા મળે છે : અમૃતા, અમૃતાના પિતા નવીન બાબુ, મિર્ચા યુક્લિડ, રવીન્દ્રનાથ ટાગોર, મિર્ચાનો શિષ્ય સરગેઈ, અમૃતાનો બાળમિત્ર ગોપાલ, શાંતિ,

ઉદયશંકર, રામાનંદ ચટ્ટોપાધ્યાય, અમૃતાના દાદી, ચંપાફોઈ, ખોકો, સાવિત્રી, રમા, અમૃતાની માતા, મેક્ટા ગાર્ટ વગેરે...

રવીન્દ્રનાથ માટે તેના હૃદયમાં લગભગ સમર્પિતભાવ જેવી પ્રીતિ છે. મિર્ચા સાથેના કેટલાંયે મિલનોમાં, પ્રણયપ્રસંગોએ રવિ ઠાકુર પ્રત્યેનો કૂણો ભાવ અમૃતાને અનાયસે ઘણી વખત અભિવ્યક્ત કરતી લેખિકાએ બતાવી પણ છે. સ્વાભાવિક છે કે પ્રેમી મિર્ચા માટે આવા શબ્દો, ભાવની અભિવ્યક્તિ મિર્ચાને અંદરથી હચમચાવી મૂકવા પૂરતા ગણાય. અમૃતાએ કહેલું, ‘એ એક માણસ જ અમારા આકાશમાં વ્યાપીને બિરાજે છે, અમારા મોઢામાં શબ્દો પૂરા પાડે છે. તેઓ છે માટે જ મારા આખા આકાશમાં પૂરા પાડે છે. અમારા મનમાં તારા ઊગે છે અને સવારે વનમાં ફૂલો ફૂટેલાં હોય છે.’ અમૃતાના આ શબ્દો, આ વાણી એક રીતે તો સમગ્ર બંગાળના તે સમયનાં તરુણ-તરુણોની વાણીનો પડઘો માત્ર છે; પરંતુ મિર્ચાને તે સમયે આ બધું સમજાતું નહોતું. એક વખત અકળામણમાં તે અમૃતાને પૂછી પણ બેસે છે : ‘શું એ એક જ માણસ તમારા લોકોનું બધું કરશે ?’ ભિન્ન પરિવેશ અને સંસ્કારમાં ઉછરેલા મિર્ચાને આ બધું સમજાવું ઘણું અઘરું બને, એ સ્વાભાવિક છે. અમૃતા મિર્ચાને ભરપૂર સ્નેહ કરે છે. મિર્ચા પ્રત્યેનું તેનું આકર્ષણ અંતરની સચ્ચાઈથી ભરેલું છે. તેથી તેની નજર સમક્ષ મિર્ચા અને હૃદયગુહામાં રવીન્દ્રનાથ એના મનોમન સંઘર્ષનાં, અજાણતાં પણ, નિમિત્ત બની રહે છે.

ઉમાશંકર જોશીના મતે, ‘આ કૃતિની આસ્વાદ્યતાનું એક મુખ્ય અને અનોખું કારણ એ રહેશે કે એ વિવિધ ભાવભંગિઓને સ્ફુટ કરતી દ્યોતક હૃદયંગમ માર્મિક કાવ્યપંક્તિઓના સમૃદ્ધ મધુકોષ સમી બની રહી છે. લખાણની આ શૈલી પુસ્તકિયા લાગવાનો જરીકે ડર નથી. અમૃતાની સંવેદનશીલતા એટલી ધારદાર છે- એનામાં નાની ઉંમરે પણ એક એવી પરિપક્વતા – મર્મજ્ઞતા છે કે પ્રત્યેક ભાવપરિસ્થિતિનું સુરેખ સ્વરૂપ એ પિછાણે છે અને એની કાવ્યરસિકતા અને સ્મૃતિ એટલાં સજ્જ છે કે તે તે ભાવપરિસ્થિતિની ઉચિત-તમ કાવ્યાભિવ્યક્તિ, બને ત્યાં સુધી તો રવીન્દ્રનાથની જ, એને જીહ્વાગ્રે હોય છે.’

અમૃતાના જીવનની આછીપાતળી રેખાઓને દોરતા ઉમાશંકર જોશી કહે છે, ‘અમૃતાના ઘરમાંથી ગયા પછી કાગળપત્ર પણ ન લખનાર પશ્ચિમના એ ‘મૃગયા’-પટુ માણસને અમૃતા વરસો પછી ભૂલી પણ ગઈ છે. પ્રૌઢ ઉંમરે અવારનવાર યુક્લિડ મોટો વિદ્વાન પ્રોફેસર થયો હોવાના સંકેત મળતા રહ્યા છે. એટલું જ, આજે તો અમૃતાનો ભર્યોભાદર્યો સંસાર છે, પૌત્રપૌત્રીનો ઘરઆંગણે કિલ્લોલ છે. સાંસ્કૃતિક અને સમાજસેવાના ક્ષેત્રમાં એક ગણનાપાત્ર સ્ત્રીનેતાનું પોતાનું ગરવું સ્થાન છે.’ અમૃતાનાં મનોભાવોને અભિવ્યક્ત કરતાં ઉમાશંકર જોશી લખે છે, ‘પ્રણયસંવેદનનો ૧૯૭૨માં અમૃતા સર્વભાવે સ્વીકાર કરે છે. આ નિખાલસતા, કૌટુંબિક-સામાજિક મોભાના ખ્યાલથી ખચકાયા વગરનો સત્યનો સામનો કરવાની ને સમજવાની તૈયારી એ કથાનું જીવાતુભૂત

તત્ત્વ છે. અને એ જ આ કસોટીભર્યા આઠ મહિનામાં અમૃતાનું મુખ્ય સંબલ બની રહે છે. ૧૯૭૨માં જૂઠના ડંખનું ઝેર જેમ જેમ જીરવવું મુશ્કેલ થતું જાય છે તેમ તેમ ૧૯૩૦નો માધુર્યનું ઉત્સ એના રોમેરોમના મૂળમાં સંજીવનીનું સિંચન કરે છે.'

'બંગાળી નાઈટ્સ'થી વિપરિત 'ન હન્યતે' કૃતિમાં સર્જકનો ઉદ્દેશ એ સાબિત કરવાનો હતો કે એમના પ્રેમ સંબંધમાં હવસ કે જાતીયતાને કોઈ સ્થાન ન હતું, આ પ્રેમ અદ્વિતીય અનુભૂતિની પરાકાષ્ઠા પર હતો. આ નવલકથા સચ્ચાઈ અને આત્મવિશ્વાસ સાથે લખાય છે. 'ન હન્યતે' વિશેની વિસ્તૃત ભૂમિકા માહિતી આપતાં 'અપાવરણ' નામે ઉમાશંકર જોશીએ લખ્યું છે, 'આ કથાનું મુખ્ય લક્ષણ એ છે કે એમાં કશુંક કૃતક નથી, એટલે કે બનાવટનો ક્યાંય પ્રયત્ન નથી, મહોરું રજૂ કરવાનો છૂપો છૂપો પણ આશય જણાતો નથી. એથી જ આખી કથા વાંચતા જઈએ છીએ તેમ તેમ એક વધુ ને વધુ સાચો ચહેરો ઊપસતો આવે છે... આમ જુઓ તો કથા આ આઠ મહિનાની છે, પણ તે મહિનાઓમાં પાછલાં વારસોનું જીવન-ખાસ તો સોળમાં વરસનું પ્રણયજીવન વાગોળવાનું માત્ર બનતું નથી, એ જીવન એની નાનામાં નાની વિગતો સાથે કહો કે દેહમનના તંતુએ તંતુમાં-સમગ્ર ચેતનામાં અમૃતા ફરીથી જીવે છે. એટલે આ કથામાં એક પણ અક્ષર ટાઢા લોહીમાં કહેવાયેલો નથી, ભૂતકાળ એ ભૂતકાળ રૂપે રજૂ થયો નથી, પ્રત્યક્ષ જિવાતો વર્તમાન ન હોય ! એવી એની તત્કાલીનતા પ્રતીત થાય છે. રસમીમાંસકોએ નિર્દેશેલી પ્રિયની અપ્રાપ્તિમાં પરિણમતા પૂર્વરાગની છેવટની અવસ્થાઓ અલ્પનિદ્રા, કુશતા, દુન્યવી વાતોમાં રસ ન પડવો, લોકલજ્જા અંગે લાપરવાહી, ઉન્માદ, મૂર્છા... વગેરે સ્વાભાવિક ક્રમે નવલકથામાં ઉપસતા આવે છે.

આરંભથી અંત સુધી નવલકથામાં બનતા અનેક મહત્ત્વના પ્રસંગોની વાત કરીએ તો, મિર્ચાની વિદાયનો પ્રસંગ, ખોકા દ્વારા અપાયેલ પુસ્તક, ગ્લોબ થિયેટરમાં રશિયન દંપતિના જાદુના ખેલ, ટાગોર અને જાદુગરની મુલાકાતનો પ્રસંગ, સાહિત્ય પરિષદમાં અમૃતાને થયેલો અનુભવ, શાંતિની જીવનકથા, મધપાનથી ભાન ભૂલેલા પ્રાધ્યાપક મેક્ટા ગાર્ટનો હાસ્યપ્રેરક પ્રસંગ, ઉદયશંકરના મૃત્યુનો પ્રસંગ, ટાગોરનું અમૃતાના ઘરમાં આગમન, ટાગોરનો પત્ર, માતાના સંસારમાં રમા નામની સ્ત્રીનું આગમન, અમૃતાનાં લગ્ન, અમૃતાનું દામ્પત્યજીવન, અમૃતાનો યુરોપ પ્રવાસ, અમૃતા અને મિર્ચાની મુલાકાત વગેરેને ગણાવી શકાય.

આ કથાનાં સ્પષ્ટ રીતે ત્રણ પરિમાણ જોઈ શકાય છે. એક, તો ૧૯૩૦ની સીધી સાદી રોમાંચક પ્રણયકથાનું. બીજું, બેતાળીસ વરસ પછી એ બધાને ફરી જીવતી અમૃતાની કથાનું. ત્રીજું, એ બંનેની પારસ્પરિક ક્રિયામાંથી પ્રગટતા, પ્રેમ આત્માનો અ-મૃત અંશ છે, - એવા અનુભવની વાતનું. કલાનું ચોથું પરિમાણ ઉમેરતાં આ બધું જ કાલમાંથી કાલાતીતમાં ઊંચકાય છે. કૃતિ અનેક-પરિમાણી હોઈ એક જાતની રહસ્યમય સુંદરતા ધારણ કરે છે.

*અમૃતાના માનસ પટ પર અમૃતાના ચિત્તપટ ઉપરથી ચલચિત્રની માફક પસાર થઈ રહી છે અને તે એવા સમયે જ્યારે તે લગભગ સાઠીએ પહોંચવા આવી છે અને વિદેશની ધરતી પણ મિર્ચા (પ્રો. યુક્લિડ મિર્ચા)ને મળવા આવી છે. બંને એકબીજાને પ્રથમ આહતમાં જ ઓળખી કાઢે છે. આટલા લાંબા સમયગાળા પછી પણ મિર્ચા તો અમૃતાને તેના પગરવ માત્રથી ઓળખી શકે છે. તેનાથી 'ઓહ' એવો સહજ ઉચ્ચાર પણ થઈ જાય છે, જ્યારે અમૃતા માટે...* न ययौ न तस्थौ *જેવી એક પરિસ્થિતિ અહીં રચાય છે. મિર્ચાને મન અમૃતા એક 'ફેન્ટસી', પ્લેટોનિક લવનું પાત્ર છે; જ્યારે લોહી-માંસથી ધબકતી અમૃતા પોતાના પ્રેમને આ ધરતી પર જ મળવા માંગે છે. આ બંનેના મિલન સમયે અનંત પ્રવાહે વહેતો અનુભવાય છે. અમૃતાનું પ્રિયપાત્ર પણ આદિ-અંત વગરનું સ્થૂળ તત્ત્વથી ઉપરનું છે. '*नैनं छिन्दन्ति शस्त्राणी. . .*' વાળો શ્લોક રટાય છે. મિર્ચા '*न हन्यते हन्यमाने शरीरे. . .*' બોલે છે. અહીં અ-મૃત તત્ત્વની ઉપસ્થિતિનો જાણે અનુભવ થાય છે.*

*નવલકથાના અંતે મિર્ચાને અમૃતા મળે છે ત્યારે અમૃતાને મિર્ચાની આંખોમાં સહરાનો અનુભવ થાય છે. આ જોઈ, 'અ-મૃતા જાણે મર્ત્ય ચીજ બનીને ઢળી પડી !'; મિર્ચાના શબ્દો જુઓ : 'એ આંખમાં હું હવે તેજ નહિ પૂરી શકું. આટલો રસ્તો વટાવતાં વટાવતાં ક્યારે તેલ ખૂટી ગયું અને વાટ બળીને બુઝાઈ ગઈ !' આ હૃદયભેદક વાસ્તવિકતા અમૃતા માટે જીરવવી અશક્ય છે. તે ભાંગી પડે છે. ચાળીસ વર્ષનો સમય 'કાળ' બનીને ઊભો રહ્યો !... જીવનનો મોટાભાગનો હિસ્સો આમ જ પસાર થઈ ગયો !... જાતને થોડીક સ્વસ્થ કરી અમૃતા નારીસહજ પીડા સાથે બારણા તરફ જવા ડગ ભરે છે અને તેને સંભળાય છે મિર્ચાની જાણે કોઈક અલૌકિક વાણી : 'જરા વાર ઊભી રહે, અમૃતા. આટલા દિવસ હિંમત બતાવી તો અત્યારે તું કેમ ભાંગી પડે છે ?' અને પછી કોઈ ઊંડેથી એને બોલવા પ્રેરતું હોય તેવી અંતરની સ્વચ્છ સ્ફટિક શી વાગ્ધારા સાંભળવા મળે છે : 'હું કહું છું, હું આવીશ તારી પાસે. અહીં નહીં, ત્યાં ગંગાને તીરે મારું સાચું સ્વરૂપ બતાવીશ...' શીતળતાનો ચંદનલેપ પામેલી અમૃતા મનોમન પ્રશ્ન કરે છે, 'ક્યારે ? ક્યારે ?' એનું મન જ પાકી શ્રદ્ધા સાથે લાગણીનો પડઘો પાડે છે, 'જે દિવસે આકાશગંગામાં તમારો મેળાપ થશે ત્યારે... તેને કંઈ હવે ઝાઝી વાર નથી.' અહીં આ શબ્દો દ્વારા મિલન અને મૃત્યુ બંનેના સૂચનથી કથા આટોપાય એવો રસ્તો કાઢવામાં આવ્યો છે. કથાને અંતે ન કોઈ વ્યથા છે ન કોઈ ભેદ. આમ આ નવલકથામાં સત્યનું મુખ પ્રગટ થાય એ અમૃતાના હૃદયમાં ઊંડે ઊંડે સ્ફુરતિ અપાવરણ પ્રાર્થના ફળી છે. સત્યના, આત્માના, પ્રેમના અમૃત સ્વરૂપનું દર્શન તે આઠ મહિનાની યાતનામાંથી નીતરેલી બાંધના છે.*

## ૩.૩ કર્તા પરિચય : મૈત્રેયી દેવી

*મૈત્રેયી દેવી (જન્મ: ૧ સપ્ટેમ્બર, ૧૯૧૪ મૃત્યુ: ૨૯ જાન્યુઆરી, ૧૯૮૯) મૈત્રેયી દેવી એ બંગાળી ભાષાનાં પ્રતિષ્ઠિત લેખિકા છે. તેમનો જન્મ ૧લી સપ્ટેમ્બર,*

૧૯૧૪ના રોજ દર્શનશાસ્ત્રના વિશ્વવિખ્યાત અધ્યાપક સુરેન્દ્રનાથ દાસગુપ્તાના ઘરે થયો હતો તથા રવીન્દ્રનાથ ટાગોર તેમના પરિવાર અને પિતા સાથે નજીકનો સંબંધ હોય, તેઓના આશ્રિત હતા.

તેમણે સેન્ટ જોન્સ ડાયોકેસન ગર્લ્સ હાયર સેકેન્ડરી સ્કૂલ, કલકત્તામાં ભણ્યા તથા તેમનું દર્શનશાસ્ત્રમાં સ્નાતક જોગમાયા દેવી કૉલેજ થકી ઐતિહાસિક કલકત્તા યુનિવર્સિટીમાં થયું. બૌધિક વાતાવરણમાં ઉછરેલા મૈત્રેયી દેવી નાનાં હતાં ત્યારે કવિતા લખવાનું શરૂ કર્યું. તેમણે માતા-પિતાની ઈચ્છા અનુસાર અને સામાજિક-કૌટુંબિક સ્થિતિ મેળ ખાતી હોવાથી તેમના લગ્ન મુંગપુ (ઉત્તર બંગાળ)માં ફેક્ટરીના મુખ્ય રસાયણશાસ્ત્રી અને મૈત્રેયી દેવીથી બમણી ઉંમરના ડૉ. મનમોહન સેન સાથે થયા. લગ્ન સમયે તેઓ ૨૦ વર્ષના હતાં અને પતિ ૩૪ વર્ષના હતા. લગ્ન પછીનું તેમનું જીવન બે બાળકોનાં ઉછેર અને પોતાના પુસ્તકો તથા સંસ્મરણો લખવામાં વીત્યું.

મૈત્રેયી દેવીના સાહિત્યિક માર્ગદર્શક રવીન્દ્રનાથ ટાગોર હતા. તેઓ સોળ વરસનાં હતા ત્યારે જ ૧૯૩૦માં તેમનું કવિતાનું પહેલું પુસ્તક 'ઉદિતા' રવીન્દ્રનાથની પ્રસ્તાવના સાથે પ્રગટ થયું હતું. ૧૯૩૦માં કોલકત્તામાં ૧૬ વર્ષની મૈત્રેયી દેવી અને તેમનાં પરિવાર સાથે ૨૩ વર્ષીય રોમાનિયન યુવક યુક્લિડને મળ્યાં અને પ્રેમમાં પડ્યાં, મિર્ચા, મૈત્રેયી દેવીના પિતા પાસેથી સંસ્કૃત અને ફીલોસોફીનો અભ્યાસ કરવા આવ્યો હતો. કિશોરાવસ્થામાં તેમણે રવીન્દ્રનાથ ટાગોરને પોતાના નિષ્ફળ અને મનની ભાવનાત્મક ઉથલપાથલ વિશે થોડી માહિતી આપી હતી. આ બાબતે ટાગોરે હૃદયસ્પર્શી પત્રો લખીને દિલાસો પણ આપે છે. લગ્ન પછી પણ મૈત્રેયી દેવી ટાગોર સાથે પત્રવ્યવહાર ચાલુ રાખે છે. ૧૯૮૯માં મૈત્રેયી દેવીનું અવસાન થાય છે. 'ઉદિતા' પછી તેમના બીજા ચાર કાવ્યસંગ્રહો પ્રગટ થયાં છે જે, 'ચિત્રછાયા' (૧૯૩૮), 'સ્તબક (૧૯૬૩), 'હિરણ્યમય પાખી (૧૯૭૧) અને 'આદિત્ય મરીચિ' (૧૯૭૩).

મૈત્રેયી દેવીએ રવીન્દ્રનાથ ટાગોરના અંતિમ વર્ષોમાં જુદા જુદા ચાર પ્રસંગે એમને ત્યાં આઠેક માસ જેટલો સમય ગાળ્યો હતો, તેનાં સંસ્મરણો 'મંગપુતે રવીન્દ્રનાથ' નામે ૧૯૪૩માં પ્રગટ થયેલાં, જેનો ગુજરાતીમાં અનુવાદ થયેલો છે. એ ઉપરાંત એમણે રવીન્દ્રનાથ વિશે બંગાળી અને અંગ્રેજીમાં બીજાં નવા પુસ્તકો લખેલાં છે તેનો અનુવાદ અંગેજીમાં 'ટાગોર બાઈ ફાયર સાઈડ' (૧૯૬૧), 'વિશ્વસભાય રવીન્દ્રનાથ' (૧૯૬૧), એનું જ અંગ્રેજી 'ધ ગ્રેટ વૉન્ડરર' (૧૯૬૧), 'રિલીજિયન ઑવ ટાગોર' (૧૯૬૪), 'કવિ સાર્વભૌમ', રવીન્દ્રનાથ ધ મૅન બિહાઈન્ડ હિઝ પોએટ્રી' (૧૯૭૩), 'હિંદુ-મુસલમાન ઓ રવીન્દ્રનાથ' (૧૯૭૪), 'કુટીરબાસી રવીન્દ્રનાથ' (૧૯૭૪), 'રવીન્દ્રનાથ ગૃહે ઓ વિશ્વે' (૧૯૭૬).

એ ઉપરાંત મૈત્રેયી દેવીએ પ્રવાસ, તત્ત્વજ્ઞાન અને સમાજસુધારાને લગતાં પાંચ પુસ્તકો લખેલાં છેઃ 'ઋગ્વેદે દેવતા ઓ માનુષ' (૧૯૫૩), 'મહાસોવિયેત' (૧૯૫૬),

'ઉન્નિશશ ચૌષટ્ટી, સાલ' (૧૯૬૫), 'એક્ઝોડસ' – દંડકારણ્યમાં વસાવેલા પૂર્વ પાકિસ્તાનના શરણાર્થીઓની હાલતનો હેવાલ (૧૯૭૪), 'અચેના ચીન' (૧૯૭૮). એમણે કેટલાંક સંપાદનો પ્રગટ કરેલાં છે : 'પંચિશે વૈશાખ' (૧૯૪૬), 'ગાંધીદર્શન' (૧૯૭૦), 'પૂર્વ પાકિસ્તાનેર પ્રબંધ સંગ્રહ' (૧૯૭૦).

તેમણે ૧૯૫૫માં સ્વીત્ઝરલૅન્ડ અને રશિયાનો અને ૧૯૬૧માં જર્મની અને રશિયાનો પ્રવાસ કર્યો હતો. ૧૯૬૩માં અમેરિકાની અનેક યુનિવર્સિટીઓમાં રવીન્દ્રનાથ, સાહિત્ય, માનવ એકતા અને સદ્ભાવ વિશે વ્યાખ્યાનો આપ્યાં હતાં. ૧૯૭૫માં આમંત્રણથી યુરોપ ગયાં હતાં અને પાછળથી બે વાર ચીનનો પ્રવાસ પણ કર્યો હતો. ૧૯૭૪માં ભારત અને પાકિસ્તાનમાં કોમી રમખાણ શરૂ થતાં કોમી એકતા માટેની સમિતિની રચના કરી હતી. ઢાકામાં અને કલકત્તા પાસેના એક ગામમાં અનાથ બાળકો માટે છાત્રાવાસવાળી શાળાઓ સ્થાપી હતી. ૧૯૭૪ સુધી ઢાકાની શાળા ચાલુ હતી, કલકત્તા પાસેની હજુ ચાલુ છે. બાંગ્લાદેશના યુદ્ધ વખતે (૧૯૭૧) શરણાર્થીઓની છાવણીમાં વિવિધ કામગીરી બજાવી હતી, એનું વર્ણન 'ઍત રક્ત કૅન ?' (૧૯૮૫)માં જોવા મળે છે. 'નવજાતક'નું સંપાદન કરે છે. 'ન હન્યતે' પુસ્તકને ૧૯૭૬માં સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો.

## ૩.૪ તમારી પ્રગતિ ચકાસો

૧. સર્જક તરીકે મૈત્રેયી દેવીના જીવન અને સર્જન વિશે નોંધ કરો.
૨. 'ન હન્યતે' કૃતિનો આત્મકથનાત્મક નવલકથા તરીકે પરિચય આપો.
૩. 'ન હન્યતે'નું ભારતીય નવલકથા તરીકે મૂલ્યાંકન કરો.
૪. 'ન હન્યતે' નવલકથામાં અમૃતાનું અંતરંગ જણાવો.

## ૩.૫ સંદર્ભસૂચિ


૧. ન હન્યતે – મૈત્રેયી દેવી – અનુવાદ નગીનદાસ પારેખ
૨. ન હન્યતે : 'એક સત્ત્વશીલ કૃતિ' – ઉત્તરોત્તર - ડૉ. રમેશ એમ. ત્રિવેદી
૩. https://press.uchicago.edu/Misc/Chicago/143651.html
૪. https://www.jankipul.com/2020/06/mircea-eliade-and-maitreyi-devi.html
5. http://jagadanandadas.blogspot.com/2008/06/na-hanyate.html



**લેખન : ડૉ. હેતલ ગાંધી -** આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

| એકમ-4 | ગૃહભંગ |
|---|---|


૪.૧ પ્રસ્તાવના

૪.૨ કૃતિ પરિચય

૪.૩ સર્જક પરિચય

૪.૪ સ્વાધ્યાય

૪.૫ સંદર્ભ


## ૪.૧ પ્રસ્તાવના

*કન્નડ સાહિત્યમાં એસ. એલ. ભૈરપ્પાનું સ્થાન મોખરાનું છે. સાહિત્યક્ષેત્રે એમનું નવલકથા, આત્મકથા, વિવેચન, ટૂંકીવાર્તા, અનુવાદ વગેરેમાં સવિશેષ પ્રદાન રહ્યું છે. એમની 'ધર્મશ્રી', 'દૂર સરિદરૂ', 'વંશવૃક્ષ', 'જલપાત', 'નાથીનેરળુ', 'મતદાન', 'આવરણ', 'દાટુ', 'ગૃહભંગ', 'નિરાકરણ', 'ગ્રહણ' અને 'અન્વેષણે' નવલકથાઓ એના વિષયવસ્તુ અને રજૂઆત શૈલીને કારણે ધ્યાન ખેંચે છે. એમની કૃતિઓના અનુવાદ અન્ય ભાષામાં થયા છે. એમની અમુક કૃતિ તો અનેકવાર પ્રકાશિત થઈ છે એ એમની પ્રસિદ્ધિ અને પ્રભાવ દર્શાવે છે. 'ગૃહભંગ' નવલકથામાં નંજમ્મા પરિવારની પ્રતિષ્ઠા યથાવત રાખવાના જેટલા પ્રયત્ન કરે છે એટલા જ પ્રયત્ન વિધવા ગંગમ્મા એને તોડવાના કરે છે. નવલકથા ગંભીર અને સંકુલ હોવા છતાં એની સરળ, પ્રવાહી રજૂઆત શૈલી વિશિષ્ટ છે. કન્નડ સાહિત્યમાં 'ગૃહભંગ' એના વિષયવસ્તુ અને નિરૂપણરીતિને કારણે શિરમોર સ્થાને છે.*

## ૪.૨ કૃતિ પરિચય

*એસ. એલ. ભૈરપ્પાની 'ગૃહભંગ' કન્નડ નવલકથા છે. આ કન્નડ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ રાજેન્દ્ર નાણાવટીએ કર્યો છે. નવલકથામાં સોળ અધ્યાય છે. દરેક અધ્યાય ખંડમાં વિભાજિત છે. કર્ણાટકના તિપટૂર અને ચન્નપટ્ટણ તાલુકાના પ્રદેશમાં ૧૯૨૦ થી ૧૯૪૦-૪૫ના સમયગાળામાં બનેલી ઘટનાઓ આ નવલકથામાં આલેખાઈ છે. રામણ્ણાના પરિવારની કથા છે. અન્ય પાત્રોમાં મુદ્દો, કંઠીજોઈસજી, કલ્લેશ, અક્કમ્મા, શિવેગૌડ પટેલ, શિવલિંગે ગૌડ, ગંગેગૌડ પટેલ, ગૌરમ્મા, સીતારામય્યા, રુદ્રણ્ણા હજામ, મહાદેવય્યાજી, અય્યાશાસ્ત્રીજી, ભરવાડ સણ્ણય્યો, રેવણ્ણશેટ્ટી, ચિક્કેગૌડ, અણ્ણાજોઈસ, ચેન્નકેશવય્યા, સૂરણ્ણજોઈસજી, શ્યામણ્ણાજી, હોન્ના વગેરે પાત્રો છે. નવલકથામાં કર્ણાટકના તાલુકાના પ્રદેશ, મૈસૂર રાજ્યના તૂમકૂર જિલ્લાનો તિપટૂર તાલુકો, હોન્નવળ્ળી, રામસંદ્ર, કંબનકેરે, ચિક્કમગલૂર, કડૂર, અરસીકેરે, ગંડસી, જાવગળ્ળું, કોલુ, લિંગાપુર, સણ્ણોનહળ્ળી, નાગલાપુર, ચન્નરાયપટ્ટણ, હાસન,*

શ્રવણબેળગુળ, સિંઘઘટ્ટ, કટિગેહળ્ળી, હૂબિનહળ્ળી, ચોળેશ્વર ટીંબા વગેરે સ્થળોનું અંતર સાથે વર્ણન કર્યું છે.

પ્રથમ અધ્યાયમાં રામણ્ણાજીના પરિવાર અને સ્થિતિની માહિતી આપવામાં આવી છે. એમના પરિવારમાં ગંગમ્મા (રામણ્ણાની પત્ની) વિધવા સ્ત્રી, એના બે પુત્રો – ચેન્નિગરાય અને અપ્પણ્ણય્યા વિશે માહિતી આપવામાં આવી છે. બન્ને દીકરાઓના અભ્યાસ અને સ્વભાવ – વર્તનની સમગ્ર માહિતી રજૂ થઈ છે. રામણ્ણાજીના અવસાન પછી એમનું વંશપરંપરાગત તલાટીનું કામકાજ ચેન્નિગરાય ત્રણ પછી પુખ્ત થાય – અઢાર વર્ષનો થાય ત્યારે સંભાળી શકે એમ હોવાથી ત્યાં સુધી એ કામકાજ ગામના પટેલ ગંગેગૌડના સાળા શિવલિંગે ગૌડ સંભાળે છે. તલાટીનું કામ શીખવા માટે ચેન્નિગરાય ગામની પ્રાથમિક શાળાના માસ્તર ચાતાલી વૈષ્ણવ ચેન્ના કેશવય્યા પાસે જાય છે. શાળાના શિક્ષણ બાદ એને નામું શીખવા જવાનું કહે છે ત્યારે ચેન્નિગરાય આનાકાની કરે છે. ચેન્નિગરાય અને ગંગમ્મા વચ્ચેનો સંવાદ – "'અરે એ ચન્નિગા, હોન્નવળ્ળીના સીતારામ પાસે નામું શીખવા જવા માટે તારી સાથે હજુ કેટલી વાર માથાફોડ કરવી પડશે? કાલે સવારે જવાનો છે કે પછી લગાવું પને પણ બે ડંડા?' 'હા, હવે મારી પાછળ પડી! રુદ્રણ્ણા હજામ પાસે તારું માથું જ મુંડાવી નાંખીશ, યાદ રાખજે!' થાંભલાની આડશેથી મોટો દીકરો ગરજ્યો. 'અરે, માથું તો મારું મુંડાઈ ગયું તે દા'ડે જ્યારે તારા બાપ મરી ગયેલ. મૂઆ, જનેતાને આવું કહે છે? જીભમાં કીડા પડશે,કીડા, મૂઓ છિનાળનો!'(પૃ.૨)" માતા-પુત્ર એકમેકને માટે અપશબ્દો ઉચ્ચારે છે. મોટા દીકરાની જેમ ગંગમ્માનો નાનો દીકરો અપ્પણ્ણય્યા પણ એવો જ છે. અપ્પણ્ણય્યા તેર વર્ષનો થયો તો પણ નિશાળે ગયો નથી. એને પાટી ઉપર 'શ્રી ઓમ' લખતા પણ આવડતું ન હતું. એનો યજ્ઞોપવીત સંસ્કાર થયો ન હતો. અપ્પણ્ણય્યા - ગંગમ્માનો સંવાદ– "'અપણ્ણા, નિશાળે જવાનો છે કે નહીં? માએ ક્રોધથી પૂછ્યું. 'ના જઉં તો તારું શું લુંટાઈ જાય છે? ગધેડી, છિનાળ ક્યાંયની!' 'મને છિનાળ કહે છે? તારું નખ્ખોદ જાય, હરામજાદા!' માએ કહ્યું. 'નખ્ખોદ તારું જ જશે. જોજેને!(પૃ.૧)" અહીં ગંગમ્મા અને એના નાના દીકરા અપ્પણ્ણય્યા ના સંબંધ પ્રગટ થાય છે. અપ્પણ્ણય્યાના ગંગમ્મા માટેના કટુ વેણ અને નખ્ખોદ જવાની વાત નવલકથાને અંતે ફલિત થાય છે. અપ્પણ્ણય્યાના શબ્દો ભવિષ્યનો નિર્દેશ કરે છે. અપ્પણ્ણય્યાને અભ્યાસમાં રસ નથી એ વાત એના આ સંવાદ ઉપરથી સ્પષ્ટ થાય છે. ગંગમ્માના વર્તન, વાણી અને સ્વભાવ પણ રજૂ થયો છે. બન્ને દીકરા તથા ગંગમ્માના સ્વભાવમાં વધુ અંતર નથી. મહાદેવય્યાજી ગંગમ્માને એના સ્વભાવ અંગે કહે છે કે 'તમારે પહેલાં સાદું વાક્ય બોલતાં શીખવું જોઈએ.(પૃ.૫)' શેરડીના ખેતરોમાં આગ લાગે છે ચેન્નિગરાયને કોઈ બચાવવા જતું નથી ત્યારે ગંગમ્મા જાય છે. ચેન્નિગરાયને ડર લાગે છે પણ ગંગમ્મા કહે છે ત્યારે એ નારિયેળના ઝાડ ઉપરથી નીચે ઉતરે છે. ચેન્નિગરાય ડરપોક, આળસુ છે. એનું ડરપોક હોવું અનેક ઘટનાઓ પરથી કહી શકાય. આ આગ અપ્પણ્ણય્યાના કારણે લાગે છે એટલે એ લિંગાપુર ભાગી જાય છે. ઘરના નળિયાં બન્ને

ભાઈ મૂસળથી તોડે છે એને સજા કરવા ગંગમ્મા શિવેગૌડને બોલાવે છે. આ શિવેગૌડની બીક બન્નેને હતી. ગંગમ્મા માતા તરીકે બન્ને બાળકોને સુધારી શકતી નથી. સજા કરવા બીજાને બોલાવે છે. આગ લગાડી એમાંથી બચાવવા માટે મહાદેવય્યાજી પ્રયાસ કરે છે ત્યારે ચેન્નિગરાયની નિર્દોષતા કે મેં કંઈ નથી કર્યું એટલે હું એની સાથે ન ભાગ્યો એ એની આળસ દર્શાવે છે. આગના કારણે નુકસાન થયું એની ભરપાઈ કરવા કહે છે ત્યારે ગંગમ્મા કહે છે કે મારી પાસે એક દમડી પણ નથી. ગંગમ્મા ઘર અને ખેતીવાડી પોતાને ત્યાં ગિરવે મૂકે તો શિવેગૌડે રકમ આપશે એમ કહ્યું. ગંગમ્મા એનો સ્વીકાર કરે એ માટેના પ્રયત્નો કર્યા અને અંતે તિપટૂર જઈ સબ-રજિસ્ટ્રારની હાજરીમાં શિવેગૌડને ગિરવે લખી આપી નુકસાનની ભરપાઈ કરી. મહાદેવઅય્યાજી સાથે ચર્ચા કર્યા બાદ ચેન્નિગરાયને સીતારમૈયા પાસે તલાટીનું કામ શીખવા મોકલે છે. અપ્પણ્ણય્યાને ચેન્નકેશવય્યાની પાઠશાળામાં રોજ ખિસ્સું ભરીને ચણા, ગોળ અને કોપરું આપીને પટાવીને મોકલે છે.

બીજા અધ્યાયમાં ત્રણ વર્ષ તલાટીકામ શીખ્યા બાદ ત્યાંથી આવી તલાટીનો ચાર્જ લેવાનું નક્કી કરે છે. ચેન્નિગરાય વિદ્વાન થયો હોવાની ખાતરી ગંગમ્માને થાય ત્યારે એ તલાટીનું કામ પોતાના હાથમાં લઈ લેવાનું કહે છે. તલાટી બન્યા બાદ એના લગ્ન કરાવશે એવું એના પ્રશ્નના ઉત્તરમાં ગંગમ્મા કહે છે. ચેન્નિગરાય પોતાના બાપદાદાની તલાટી કામની જવાબદારી શિવલિંગે ગૌડ પાસે ફરીથી માંગે છે ત્યારે એ આનાકાની કરે છે. નાગલાપુરના કંઠીજોઈસ તલાટી કામની જવાબદારી અપાવવાનું કહે છે પણ એ પહેલાં એમની દીકરી નંજમ્માના લગ્ન ચેન્નિગરાય સાથે કરાવવાનું કહે છે. બન્નેની કુંડળી મળે છે એટલે લગ્ન નક્કી થાય છે. વરપક્ષ અને કન્યાપક્ષની સંપૂર્ણ માહિતી આપવામાં આવી છે. લગ્નના દોઢ વર્ષ પછી પણ તલાટી કામની જવાબદારી ન મળતા ચેન્નિગરાય સાસરે જાય અને સસરા કંઠીજોઈસ અને એમના દીકરા કલ્લેશના પ્રયત્નથી એ કામ એને મળે એ સમગ્ર ઘટના આ બીજા અધ્યાયમાં આલેખાઈ છે.

ત્રીજા અધ્યાયમાં અપ્પણ્ણય્યા  અને સીતામ્માના લગ્ન, નંજમ્મા અને સીતામ્મા ઋતુમતી થતાં આણું કરી સાસરે આવે ત્યાર બાદની ઘટનાઓનું વર્ણન છે. ચેન્નિગરાય તલાટીકામ સંભાળે ત્યારે પ્રગટ થતી એની અજ્ઞાનતા, સીતામ્માની ગંગમ્માને ફરિયાદ, ગંગમ્માની પ્રતિક્રિયા, ચેન્નિગરાય અને અપ્પણ્ણય્યાનું એમની પત્નીઓ સાથેનું વર્તન, પત્નીઓની પ્રતિક્રિયા વગેરેનું આલેખન આ અધ્યાયમાં થયું છે.

ચોથા અધ્યાયમાં કલ્લેશના ચાલચલગત થોડા દિવસથી બરાબર નથી એવું જાણે છે ત્યારે કંઠીજોઈસ બે દિવસમાં એના લગ્ન નક્કી કરે છે અને નંજમ્માને ગર્ભ રહ્યો હોવાથી એને તેડી લાવે છે. કલ્લેશના લગ્નની તૈયારીઓ, બધાનું એમાં જવું, નંજમ્મા અને અક્કમ્માનું એકલા ઘરે રહેવું, અક્કમ્મા અને નંજમ્માનો સંવાદ અને એમાંથી પ્રગટતું એમનું જીવન, અક્કમ્માનો આક્રોશ અને દુઃખ, અક્કમ્મા નંજમ્માને સાસુ ખ્યાલ રાખે છે ત્યારે એનું ખ્યાલ રાખે છે એમ ખોટું બોલે ત્યારે પ્રગટ થતાં એના સંસ્કાર અને

સહનશક્તિ, કલ્લેશના લગ્નના દિવસે જ પ્લેગ રોગનો ફેલાવો, મહામારી માતાનું આગમન, લોકોની શ્રદ્ધા-અંધશ્રદ્ધા-માન્યતા, પ્લેગના કારણે પોતાના ગામના ઘરથી દૂર ખેતરમાં બધાની જેમ ઝૂંપડી બાંધીને નંજમ્મા અને અક્કમ્માનું રહેવું, કંઠીજોઈસનું ગામના ઘરે જ રહેવું, અક્કમ્માનું કંઠીજોઈસને જમ કહેવું, કંઠીજોઈસ અને વીરાચારીનો સંવાદ અને ઘટનાઓ, નંજમ્માને ત્યાં દીકરીનો જન્મ, ચેન્નિગરાય દીકરીનું નામકારણ થાય ત્યારે 'પાર્વતી' નામ પાડવું, ચેન્નિગરાયનું વિચિત્ર વર્તન જોઈ અક્કમ્મા અને નંજમ્માનો સંવાદ, રંગણ્ણાજી પોતાના જમાઈ કલ્લેશને પ્લેગ થતાં સારવાર અર્થે પોતાના ઘરે લઈ જવું, પ્લેગનો પ્રકોપ પૂર્ણ થયા પછીની સ્થિતિ, કંઠીજોઈસનું ઘરે આગમન, શ્યામણ્ણા અને કંઠીજોઈસ વચ્ચેનો વિખવાદ, કંઠીજોઈસ શ્યામણ્ણાના ઘરના નળિયાં તોડી એની પત્નીને સમગ્ર ઘટના કહી હવે આવું કાર્ય ન કરે એવી કડક શબ્દોમાં સૂચના આપવી, નંજમ્મા અને એની દીકરીની દેખભાળ રાખવી, શ્યામણ્ણા સાથેના વિખવાદની જાણકારી અક્કમ્માને મળવી, કંઠીજોઈસને પોલીસ લઈ જાય પણ એ જામીન પર છૂટી જઈ પાછા આવી બદલો લેવાનું વિચારે છે પણ કેસ ચાલે છે એટલે એ વિચાર મોકૂફ રાખવો, કેસની સુનાવણીના દિવસે શ્યામણ્ણાની પત્ની અને શ્રવણબેળગોળની સાક્ષી અને જુબાનીને કારણે કંઠીજોઈસ બચી જાય અને કેસ કાઢી નાંખવામાં આવે, કંઠીજોઈસ શ્યામણ્ણાને મારે ત્યારે મર્ડર કેસ એવું સાંભળતા ત્યાંથી ભાગવું, કલ્લેશ અને એની પત્નીના સંવાદો, કંઠીજોઈસના કોઈ ખબર અંતર ન મળવા, કમલા અને કલ્લેશનો સંઘર્ષ, અક્કમ્માનું કમલાને સમજાવવું વગેરે આ અધ્યાયમાં આલેખાયું છે.

પાંચમા અધ્યાયમાં સાતમ્મા અને નંજમ્માને ગર્ભ રહ્યો હોવાની માહિતી, તિમ્લાપુરના દ્યાવરસય્યા ઉંમર થવાને કારણે હવે કાર્ય કરવું અસંભવ હોવાને કારણે નંજમ્માને ચેન્નિગરાય કાર્ય જાતે સંભાળે એ માટે શીખવવાનું કહે છે. સીતારામજી પાસે ભણ્યા છતાં એને ન આવડે એટલે હવે નંજમ્મા હોશિયાર છે અને આ કામ સરળતાથી કરી શકે એમ લાગતા એની સાથે ચર્ચા કરી આ કામકાજ એને શીખવે છે. નંજમ્મા શીખી લે છે. અપ્પણય્યા નંજમ્માને ચોપડામાં કામ કરતા જોઈ ગંગમ્માને ફરિયાદ કરે છે. આ ફરિયાદનું કારણ એટલું જ હતું કે 'જો કોઈ સ્ત્રી હિસાબ-કિતાબ કરે તો એના ઘરબાર ઉજ્જડ થાય' એવી માન્યતા હતી. ગંગમ્મા અને ચેન્નિગરાયને દ્યાવરસય્યાજી સમજાવવું, હિસાબ-કિતાબના કારણે નંજમ્માને બધા હેરાન કરે છે, અપશુકનિયાળ ગણે છે. અપ્પણય્યા નંજમ્માને લાત મારે છે અને સરકારી સાહેબ આ બધું જુએ ત્યારે ચેન્નિગરાયને આ ઘટના વિશે પૂછે છે. ચેન્નિગરાય ખોટો જવાબ આપે ત્યારે સાહેબ એને સરકારી નોકર થઈને ખોટું કહો છો અને પત્નીની સારસંભાળ પણ બરાબર રાખતા નથી એમ કહે છે. કંઠીજોઈસ ભાગી ગયા હોવાથી અને હવે આવવાના અણસાર ન લાગતા બધા નંજમ્માને હેરાન કરે છે. નંજમ્માને સુવાવડ કરાવવા માટે અક્કમ્મા આવીને પોતાની સાથે લઈ જાય છે. કમલુના અપશબ્દ સાંભળી નંજમ્મા કંઈ કહેતી નથી પણ અક્કમ્મા એને કડક શબ્દમાં એને સંભળાવે છે. કમલુ કલ્લેશના અપલક્ષણ અક્કમ્માને કહે છે ત્યારે અક્કમ્મા પણ એને એ

માટે જવાબદાર ઠેરવે છે. કલ્લેશ અને કમલુની લડાઈ, બન્ને અપશબ્દો ઉચ્ચારે, કલ્લેશ હાથ ઉપાડે છે કમલુ કૂવામાં કૂદે ત્યારે બધા બચાવે છે. કમલુના પિતા રંગણ્ણાજીને કલ્લેશ બનેલી ઘટના કહે છે. રંગણ્ણાજી બધાને પૂછે છે ત્યારે બધા કલ્લેશ સાચું કહે છે એવું જણાવે છે. રંગણ્ણાજી કલ્લેશની માફી માંગી ત્યાંથી જતા રહે છે

છઠ્ઠા અધ્યાયમાં અપ્પણય્યા ઘરે પાછો ફરી જે ઘટના બની હતી એ વિશે ગંગમ્મા પાસે જાણે છે. પોતાના પત્ની અને બાળકને લેવા જાય છે. સાતમ્મા જુદા રહેવાની વાત અપ્પણય્યાને કરે છે. શિવેગૌડ અને શિવલિંગે ગૌડ જે રકમ આપી હતી એ સાત વર્ષના વ્યાજ સાથે લેવા માટે આવે છે. રેવણ્ણશેટ્ટી ઉપાય બતાવે છે અને એનો ખર્ચ કહે છે. રેવણ્ણશેટ્ટી તિપટૂર જઈ કેસ સમજાવી વકીલ રોકે છે અને વકીલ એમને કેસ જીતી જઈશું એવો સધિયારો આપે છે. નંજમ્માએ છોકરાને જન્મ આપ્યો. ચેન્નિગરાયે એનું નામ રામણ્ણા પાડ્યું. કેસની વાત નંજમ્મા યુક્તિથી ચેન્નિગરાય પાસે જાણી એને કહે છે કે રેવણ્ણશેટ્ટી પર વિશ્વાસ કઈ રીતે કરી શકાય કારણ કે નંજમ્મા આ વિશે થોડું જાણતી હતી. ચેન્નિગરાય અપશબ્દો કહી એની વાતને ઉડાવી દે છે. ગંગમ્મા કલ્લેશને સઘળું જણાવી એની સલાહ લઈએ પ્રમાણે કરે છે. કલ્લેશને આ સઘળું કહ્યું એ માટે ચેન્નિગરાય નંજમ્માને અપશબ્દો કહે છે. નંજમ્મા પ્રથમવાર સાહસ કરીને ચેન્નિગરાયને જવાબ આપી પ્રતિકાર કરે છે. કલ્લેશ શિવેગૌડના વકીલને મળીને હકીકત જાણી હતી એ ગંગમ્મા, અપ્પણય્યા અને ચેન્નિગરાયને જણાવે છે. બધા કલ્લેશની વાતનો અસ્વીકાર કરે છે. ગંગમ્મા પોતાના ભૂતકાળને યાદ કરી વખાણ કરતી હતી. ગંગમ્મા કલ્લેશને અપશબ્દો કહે છે ત્યારે કલ્લેશ પણ ઉત્તર આપી ત્યાંથી જતો રહે છે. નંજમ્મામાં હવે સાહસ સાથે ધૈર્ય પણ આવ્યું હતું. અપ્પણય્યા જુદો રહેવાનો છે અને એવું કરાવનાર વેવાઈ શ્યામભટ્ટજી છે એ જાણી એ વધારે ઉગ્ર થાય છે. શ્યામભટ્ટજી ગંગમ્માની બેલાગામ વાણી વિશે જાણતા હતા પણ એ આવી વાત કરશે એવી કલ્પના ન હતી. ચેન્નિગરાયને ગિરવીખત નંજમ્મા કહે છે એ રીતે કરીને છોડાવવા કહે છે પણ ચેન્નિગરાય તાંબુલ રસની મજા લે છે અને ડરને લાગતો હોવાને કારણે આ નિર્ણય માતા કરશે એમ કહી દે છે. શ્યામણ્ણાજી ત્યાંથી નીકળે છે ત્યારે નંજમ્મા સીતામ્માને મોકલવાનું કહે છે પણ શ્યામણ્ણાજી આ બધું જોઈ કઈ રીતે મોકલું એમ કહે છે.

સાતમા અધ્યાયમાં નંજમ્મા કોર્ટ કેસમાં કંઈ થવાનું નથી એ સમજી એનો સ્વીકાર કરે છે. નંજમ્મા ફરીથી ગર્ભવતી થાય છે. ગામમાં બે ઘટના બની – એક પ્લેગનું આગમન અને બીજું કાશિંબડ્ડીના શાહુકારે રોજ એક પાઈના હિસાબે વ્યાજ લઈ શાહુકારી શરૂ કરી એ. આખા ગામે લગભગ એની પાસે દેવું લીધું હતું. કેસના પરિણામના દિવસે બન્ને પક્ષના ભેગા થાય છે. ગંગમ્મા રેવણ્ણા પાસે જઈ વકીલને ફી ચૂકવી ન હોવાનું તથા એની પાસે સો રૂપિયા લીધા હોવાનું કહે છે. રેવણ્ણા ગંગમ્માને કહે છે કે બે હજાર રૂપિયા ન હોવાના કારણે ફેસલો શિવેગૌડ તરફ થયો. ગંગમ્મા પાસે આવીને લોકો સહાનુભૂતિ દર્શાવે અને સામા પક્ષના તથા અન્યાય કરનારાને ગાળો આપીને જતા રહેતા. ગંગમ્માને

માસિકધર્મ બંધ થયાને બે વર્ષ થયા હોવાથી સુબ્બમ્માએ તથા શાસ્ત્રીજીએ ઋષિપંચમી કરવા કહ્યું જેનાથી એમના સઘળા કષ્ટ દૂર થાય. પોતાની પ્રતિષ્ઠાનુસાર તૈયારી કરી સામગ્રી મંગાવે છે. એ માટે અણ્ણાજોઈસ અને અધ્યાશાસ્ત્રીજી સાથે અપ્પણય્યા લેવા જાય છે. ઋષિપંચમી ધામધૂમથી ઉજવી. ગંગમ્મા નંજમ્માને કહે છે કે તેં જ્યારથી આ ઘરમાં પગ મૂક્યો છે ત્યારથી આ ઘર બરબાદ થઈ ગયું છે. ગંગમ્મા  ઘરે જવાની વાત કરે છે ત્યારે નંજમ્મા પૂછે છે કયા ઘરે ત્યારે ગંગમ્મા કહે છે મારા ધણીનું ઘર છે એ. નંજમ્મા શિવેગૌડ જવા દેશે એમ કહે છે ત્યારે ગંગમ્મા જાણતા હતા કે બધું એમના હાથમાંથી સરકી જવાનું છે. ગંગમ્મા નંજમ્માને જુદા રહેવા કહે છે એ વાત ચેન્નિગરાયને કહે છે. ચેન્નિગરાય કરે છે હું તો મારી માતા પાસે રહીશ તારે જ્યાં જવું હોય ત્યાં જઈને રહે. નંજમ્મા આ સાંભળી પતિને પ્રશ્ન કરે છે પણ એ ઊંઘી જાય છે. મહાદેવાય્યા પાસે આવી નંજમ્મા સઘળી વાત રજૂ કરે છે. મહાદેવાય્યાજીના કહેવાથી નંજમ્મા ગુંડેગૌડને બધી વાત કરે છે. ગુંડેગૌડ પોતાનું ઘર રહેવા માટે  છે. ગંગમ્મા ઝૂંપડી છોડી ઘરે રહેવા આવે છે. શિવેગૌડનો નોકર આવીને ગંગમ્માને કહે છે કે બધું સામાન લઈ નીકળી જાઓ. ગંગમ્મા એના ઘર પાસે જઈ ચીસ પાડે છે પણ ગૌડ એને સામે જવાબ આપી એનું મોં બંધ કરે છે. મંદિરમાં રહેવા દે છે પણ ત્યાંની સાફસફાઈ અને પૂજા એ લોકોએ કરવાની રહે. નંજમ્માને પિયરથી આપવામાં આવેલા દાગીના ચેન્નિગરાયથી ખર્ચાઈ ગયા એમ ખબર પડતા એ એને પૂછે છે કે મને પૂછ્યા વગર એને હાથ કઈ રીતે અડકાડ્યો. નંજમ્માની સ્થિતિ કરુણ હતી. એના બાળકો સાથે એણે ચેન્નિગરાયનું ધ્યાન પણ રાખવું પડતું. ચેન્નિગરાય ખાઈને ઊંઘ્યા જ કરતા. નંજમ્મા ગુંડેગૌડને ત્યાંથી સામાન મંગાવે છે ચીટ્ઠી મોકલીને મંગાવે એ આવે છે. ગંગમ્મા આવીને ઘરમાંથી અનાજ લે છે ત્યારે નંજમ્મા એનો કટાક્ષ કરી એને કહે છે શિવેગૌડને ત્યાં જઈ માંગવા કહે છે. ચેન્નિગરાય ગંગમ્મા માટે સૂપડું લોટ અપ્પણય્યા સાથે મોકલાવે પણ ગંગમ્મા આવીને નંજમ્માને અપશબ્દો કહી એ લોટ એના ઉપર ફેંકી દે છે. નંજમ્મા લોટ ચાળીને લઈ લે છે સ્નાન કરીને ફરી તલાટીકામકરવા બેસી જાય છે. અક્કમ્મા અનાજ લઈને આવે છે. નંજમ્માને દીકરાને જન્મ આપે છે અને વિધિવિધાન અનુસાર એનું નામ વિશ્વનાથ પાડે છે. કલ્લેશ આવે છે અને બે દિવસ બેનને ત્યાં રહી જતો રહે છે.

આઠમા અધ્યાયમાં અક્કમ્મા ચાર મહિના સુધી નંજમ્માની સુવાવડ કરે છે અને કલ્લેશ લેવા આવે ત્યારે જાય છે. ચન્નશેટ્ટીના ઘરે પંચાયત બોલાવવામાં આવે ત્યારે તલાટી હોવાના નાતે ચેન્નિગરાય કલ્લેશ ન્યાયનો ખ્યાલ હોવાથી  સાથે લઈને જાય છે. બધા ભેગા થઈને ચર્ચા કરી નરસી, ચન્નશેટ્ટી અને ગિરિયાશેટ્ટીનો ન્યાય કલ્લેશ કહે એ અનુસાર કરે છે. રેવણ્ણશેટ્ટી અને ચિક્કેગૌડ બાજી રમે છે પણ રેવણ્ણશેટ્ટી ઉધારીના પૈસા પણ હારી જાય છે. ઘરે જઈ પત્ની સાથે જમવાની વાતમાં ઝઘડો કરી મારે છે. નંજમ્મા તલાટી કામમાં કશુંક ન સમજાય ત્યારે ઘાવરસય્યજીને ત્યાં જઈ શીખીને સ્પષ્ટ કરી લેતી. ગુંડેગૌડજી નંજમ્માને મુખ્ય માણસો પાસેથી લાગા અપાવતા અને પોતે પણ આપીને મદદ કરતા. આ

વર્ષનું વર્ષાસિન ચેન્નિગરાય લઈ લે છે એની જાણ નંજમ્મા ગુંડેગૌડજીને કરે છે. વર્ષાસિનના પૈસા ગુંડેગૌડ પોતાની પાસે રાખે અને જરૂરિયાત અનુસાર નંજમ્માને આપે એવું નક્કી કરે છે. તલાટીકામથી ગુજારો નહિ થઈ શકે એનો ખ્યાલ નંજમ્માને આવી જતા એ ખાખરાના પાનની પતરાળી બનાવતા ઘાવરસય્યાજીના પડોશીઓને જોયા હતા એટલે એ કામ કરવાની શરૂઆત કરે છે. એકલા જવું યોગ્ય ન લાગતા એ પુટ્ટવ્વાને સાથે લઈને જાય છે. ખાખરાના પાન લાવી પાર્વતીને દોરો આપીને એની સાથે એ માળા ગૂંથતી. દીકરો રામણ્ણા પણ એને સહાય કરતો. માસ્તરના કહેવાથી નંજમ્મા પાર્વતીને શાળાએ મોકલે છે. ખાખરાના પાનની ગરમીને કારણે નંજમ્મા બાળકીને જન્મ આપે છે પણ એ મૃત્યુ પામે છે. અક્કમ્મા કહે છે કે પોતાના સંતાન માટે પણ ચેન્નિગરાયને સ્નેહ ન હોવાથી એને હવે તારી પાસે આવવા નહિ દેતી. નંજમ્મા અક્કમ્માની વાત સાંભળી આ અંગે પૂર્વેની ઘટના એને કહે છે. રેવણ્ણશેટ્ટી પત્તા રમવામાં બધું ગિરવે મૂકીને હારી જતો એટલે એ પણ હવે નંજમ્મા સાથે પતરાળી બનાવે છે. નંજમ્મા અન્ય સ્ત્રીઓને પગભર-આત્મનિર્ભર થવાની પ્રેરણા આપે છે. કલ્લેશ આવે છે ત્યારે નંજમ્માની મદદ કરે છે.

નવમા અધ્યાયમાં હનુમાનમંદિર હવે ગંગમ્માના ઘર તરીકે ઓળખ અને અન્ય વિગતો આલેખાઈ છે. સાતમ્મા ગંગમ્માને ત્યાં બધો સામાન અને એના દીકરા-દીકરી સાથે આવે છે ત્યારે ગંગમ્મા એના ચરિત્ર વિશે અપશબ્દો કહી એનું અપમાન કરી કાઢી મૂકે છે. સાતમ્મા બાળકો સાથે નંજમ્માને ત્યાં જઈને રહે છે અને એની સાથે ભૂતકાળમાં અપ્પણય્યા સાથેના સંબંધ અને દીકરાના જન્મ તથા પિતાના મૃત્યુ સુધીની હકીકત એને કહે છે. ગંગમ્મા ન્યાય માટે બધાને બોલાવે છે પણ હકીકત જાણે છે ત્યારે અપ્પણય્યાને ઘરમાંથી અપશબ્દો કહી કાઢે છે. નવા વાતાવરણ અને રહેણીકરણીમાં સાતમ્મા એની માતા અને એના બાળકો અનુકૂલન સાધી ન શકતા થોડા સમયમાં ત્યાંથી જતા રહે છે. પીયૂષની ખીરનો પ્રસંગ ધ્યાન ખેંચે છે. અપ્પણય્યા ગંગમ્માને એના પત્ની અને બાળકોને પણ સાથે રાખવા કહે છે ત્યારે ગંગમ્મા બધાને બોલાવે વાત કરે છે. હનુમાનજી બ્રહ્મચારી હોવાથી પતિ-પત્ની સાથે રહેવું મંદિરમાં નિષેધ છે એમ કહી વાત પૂરી કરી. અપ્પણય્યા પત્ની અને બાળકો સાથે અલગ રહેવાનો નિર્ણય કરે છે. નંજમ્મા અને અપ્પણય્યાએ ગુંડેગૌડની મંજૂરી લઈ પોતાના ખર્ચે પત્નીની સહાયથી ઝૂંપડી બાંધી. અપ્પણય્યા ચેન્નિગરાય જેવો આળસુ ન હતો જો યોગ્ય માર્ગદર્શન મળે તો ઉત્સાહથી કામ કરતો. દાનમાંથી એનું ગુજરાન ચાલતું. સીતામ્મા નંજમ્મા સાથે પતરાળી બનાવવાનું કામ કરે છે પણ એની માતા કહે છે કે બાળકોનું પાલનપોષણ કરવાની જવાબદારી પિતાની હોય આવું સાંભળીને એ કાર્ય કરવાનું છોડી દે છે અને એ જ એના ગૃહભંગનું કારણ છે. બ્રાહ્મણોના રીતિરિવાજ વગેરેની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. ગંગમ્મા અને અપ્પણય્યા ભેગા થઈ ગુજરાન અને દાન અંગે વિચાર કરી ગુજરાન વિશે વિચાર કરે છે. ગંગમ્મા પણ અપ્પણય્યાના મનમાં પત્ની અને બાળકો વિશે ઝેર રેડે છે ત્યારે એ મંગલસૂત્ર લઈ એને કાઢી મૂકે છે. ગંગમ્મા દીકરાના આવા કાર્યના વખાણ સૌ સામે કરે છે. આ ઘટનાનો ન્યાય

કરવા બધા આવે છે ત્યારે નંજમ્માની દલીલ સાંભળી સૌ ચૂપ થઈ જતા રહે છે. બ્રહ્મભોજન અને શ્રાદ્ધકર્મ બાદ પાન ખાવા ચેન્નિગરાય જાય ત્યારે નરસી સાથેની ઘટના અને એની પ્રતિક્રિયા ધ્યાન ખેંચે છે.

દસમા અધ્યાયમાં નંજમ્મા પોતાના પિતાને યાદ કરે છે કારણ કે એને જ ન્યાતબહાર મૂકી છે. સંન્યાસી સાથે નંજમ્માનો સંવાદ અને એમાંથી પ્રગટતી સ્થિતિ, રામણ્ણા અને પાર્વતીનો અભ્યાસ, સર્વક્કા પતરાળી વેચીને પૈસા અને યાદીની વસ્તુઓ લઈને આવે પણ રેવણ્ણા પૈસા લઈ લે અને પત્નીને જ પૈસા પાડી નાંખ્યા એમ કહે છે. સર્વક્કા નંજમ્માના પૈસા પોતાનું સોનાનું તાવીજ ગિરવે મૂકીને આપે છે. વરસાદ ન થવાને કારણે ચિંતા થાય છે. ગુંડેગૌડજી નંજમ્માને ત્યાં મ્હુઆ ખરીદીને મોકલાવે છે. ફરીથી પ્લેગમાતાનું આગમન થાય છે. નંજમ્મા, ગંગમ્મા, સર્વક્કા ગ્રામદેવીના મંદિરે આશરો લે છે. પેટનો ખાડો જેમ તેમ પૂરાય એવી સ્થિતિનું પાપ-પુણ્યની વાતોનું હૃદયદ્રાવક વર્ણન છે. નરસી પાર્વતીને જોઈ એને ચણા આપવાનું કહે ત્યારે વિશ્વ જીદ કરી એને ત્યાં લઈ જાય છે. નરસી વિશેની વાતો જાણતી હોવાથી આનાકાની કરે છે પણ નરસી એટલી ખરાબ પણ ન હતી. કંદ અને શતમૂળી નંજમ્મા શોધી લાવી રાંધે છે. મહેસૂલ મળવાનું ન હોવાથી હિસાબ લખી લે છે. વર્ષાસિન ચેન્નિગરાય લઈ ગયા છે એ જાણી એને આઘાત લાગે છે અને એ પ્રયત્ન કરી પાછું મેળવે છે. ચેન્નિગરાય અપમાનનો અનુભવ કરતા ત્યાંથી નીકળી જાય છે. રામણ્ણા હોટલમાં માતા સાથે ખાવા માટે જીદ કરે છે પણ નંજમ્મા એને એકલાને સમજાવીને ખવડાવે છે અને સામાન લઈ બસમાં પાછી ફરે છે. સર્વક્કાની દીકરી રુદ્રાણી મૃત્યુ પામી એ જાણી નંજમ્મા સાંત્વન આપે છે ત્યારે સર્વક્કા કહે છે કે રેવણ્ણશેટ્ટી પરદેશી કાબિંદ્રીને પોતાના ઘરે લાવી દીકરીને અંદર મોકલી બહારથી દરવાજો બંધ કરી જે ઘટના બની અને નરસી પાસેથી દવા લાવી પીવડાવી એના કારણે લોહી વહેવાનું બંધ ન થયું અને એ મૃત્યુ પામી. પિતા થઈને દીકરીના મૃત્યુ કારણ બને અને એનો દોષ એ સર્વક્કાને માથે ચડાવે છે. આ ઘટનાથી નંજમ્મા વધારે ધ્યાન રાખવા લાગી. પ્લેગના કારણે ચામડીના રોગ લોકોને થવા લાગ્યા અને નંજમ્માને ત્યાં પણ બધાને થયા. નાગપૂજાના ખર્ચ અંગે ચર્ચા થતા નંજમ્મા વિરોધ કરે ત્યારે ગંગમ્મા દાન માંગીને એ વિધિ કરાવે છે. નંજમ્મા અને બાળકો કંબનકેરે જઈ ઈંજેક્શન મૂકાવી સારા થઈ જાય છે. આ વર્ષે પણ વરસાદ ન આવ્યો તેથી સ્થિતિ વધુ કફોડી થાય છે. જર્મનમાં થતા યુદ્ધ વિશે અને વરસાદ ન આવવાને કારણે જે સ્થિતિ થઈ એની સમગ્ર વિગત રજૂ થઈ છે.

અગિયારમાં અધ્યાયમાં કમલુને સંતાન ન હોવાના કારણે અક્કમ્મા ગૂંગળામણ વગેરે રજૂ થયું છે. અક્કમ્મા, કલ્લેશ અને કમલુના સંબંધ અને સ્થિતિ વિશે સંપૂર્ણ માહિતી રજૂ થઈ છે. કંઠીજોઈસ ફરીથી ગામમાં આવે છે. લોકોને ખબર પડતાં એમને મળવા અને ખબર પૂછવા આવે છે. બાર વર્ષ કાશીમાં રહ્યા એ સમગ્ર વિગત રજૂ થઈ છે.

બારમા અધ્યાયમાં થોડો વરસાદ થયો હોવાથી મહુઆનો પાક ઉતરતા લોકોને હાશ થાય છે. નંજમ્મા હિસાબ અંગે ચર્ચા કરવા જાય છે પણ નવો કાયદો જાણી અને એની અસર પોતાને મદદ કરનારા ગુંડેગૌડજીના પરિવાર અને ગામના ગૌરવને આંચ આવે એ કારણે કોઈ પ્રતિક્રિયા કરતી નથી. અનાજ અને મર્દુમશુમારી નંજમ્મા અને ગુંડેગૌડ નક્કી એ મુજબ અધિકારીઓને આપવાનું કહે છે. શિવેગૌડ નંજમ્મા સરકારી હિસાબ-કિતાબ કરી શકે એમ અધિકારીને પૂછવાનું કહે છે. અધિકારી કહે છે કે નંજમ્મા કરી શકે. અધિકારી નંજમ્માના પક્ષમાં નિર્ણય કરે છે એટલે એ લોકો એના ચરિત્ર ઉપર શંકા કરે છે. યુદ્ધની અસર દરેક ક્ષેત્રમાં થઈ. નંજમ્માના પરિવારની આવક વધી હતી. પાર્વતીના લગ્ન અંગે ચર્ચા શરૂ થતા એક છોકરો જોઈ જન્મપત્રિકા મેળવી માસ્તરજી બધી વિગત જણાવે છે. પાર્વતી ઋતુમતી થતાં નંજમ્મા ચિંતા કરે છે કે હવે આને કોણ પરણશે કારણ કે ઋતુમતી થાય એ પહેલાં છોકરીના લગ્ન થઈ જ જવા જોઈએ એવું નિર્ધારિત હોવાથી નંજમ્મા આ વાત બધાથી છુપાવે છે. અક્કમ્મા ચાર વર્ષ બાદ ફરીથી નંજમ્માને ત્યાં આવે છે. એની સ્થિતિ પહેલાં કરતાં વધુ કથળેલી હતી. કંઠીજોઈસ અને અક્કમ્મા એના ભૂતકાળની વિગતો રજૂ કઈ કલ્લેશના બીજા લગ્ન કરાવવાનું કહે છે. કમલા અને કલ્લેશની પ્રતિક્રિયા અંગે નંજમ્મા પૂછે છે ત્યારે કલ્લેશ તૈયાર છે અને કમલા જે કહેશે એ જોઈ લેશું. નંજમ્મા પોતાના દુઃખને કહેવાનું વિચારે છે પણ એ લોકોની સ્થિતિ જોઈ ચૂપ રહે છે. લગ્ન ન કરવા અંગે કંઠીજોઈસ પાર્વતીને કારણ પૂછે છે. નરસી નંજમ્માને મળવા આવે છે અને કોઈ છોકરી કલ્લેશ સાથે લગ્ન કરે એના કરતાં કૂવામાં ધકેલી દો એ વધારે સારું. આ સાંભળી નંજમ્મા ત્યાંથી નીકળી જાય છે. નંજમ્મા દીકરીના લગ્ન કરવાનું નક્કી કરે છે. તિમ્લાપૂરના ઘાવરસય્યાજીની પત્નીના દૂરના સગા સૂર્યનારાયણ સાથે પાર્વતીના વિવાહ નક્કી થાય છે. અય્યાશાસ્ત્રીજી જન્મપત્રિકા જોઈ લગ્ન સંપન્ન કરાવવા ફરજ છે એમ કહે છે. આમ કહેવાનું કારણ એ છે કે અનાજના હિસાબ નંજમ્મા લખે છે અને કંઠીજોઈસ ગામમાં આવીને રહે તો એમના માથાનો દુઃખાવો બની જાય એટલે એ સઘળું ભૂલીને મદદ કરવા તૈયાર થાય છે. નંજમ્માના પિતા ચિટ્ઠી મોકલી જણાવે છે કે એમને ત્યાં દિકરી ન આપી એટલે એ લોકો આવવાના નથી. ચાકરને કહે છે કે આ વાત કોઈને કહીશ નહિ. ગંગમ્મા પણ નારાજ થઈ આવતા નથી. જેમતેમ કરીને પાર્વતીના લગ્ન પૂર્ણ થયા. નંજમ્મા, અક્કમ્મા, રામણ્ણા અને અપ્પણ્ણય્યા દુઃખી થાય છે વિદાયથી.

તેરમા અધ્યાયમાં લગ્ન શાંતિપૂર્વક થાય એના માટે રાખેલ માનતા પૂર્ણ કરવા ભોગ ધરાવવાની અને પાર્વતીના હસ્તે પૂજા કરાવવાની તૈયારીઓ, નંજમ્મા દીકરીને સારી રીતે રહેવાની અને સંભાળવાની સલાહ, પાર્વતી પ્લેગના કારણે મૃત્યુ પામતા એના પતિને જાણ કરી, ક્રિયાકર્મ નિમિત્તે પ્રગટતી સ્વાર્થવૃત્તિ, રામણ્ણાનું પણ પ્લેગમાં મૃત્યુ તથા વિશ્વને તાવ આવતા નંજમ્માનું જડ બનવું, નંજમ્માની ભૂતકાળ અને વર્તમાન સ્થિતિનો ચિતાર, પાર્વતીના પતિ સૂર્યનારાયણને સઘળી સ્થિતિ જણાવી, અક્કમ્મા અને કલ્લેશનું આગમન વગેરે આલેખાયું છે.

ચૌદમા અધ્યાયમાં ગંગમ્માને પૌત્ર-પૌત્રીના મૃત્યુના સમાચાર મળતા નંજમ્માને ગાળો આપવી, નંજમ્મા,વિશ્વ, ચેન્નિગરાય, અપ્પણ્ણય્યા શ્રૃંગેરી તીર્થયાત્રાની સમગ્ર વિગતો, ચેન્નિગરાયનું અસંગત તથા અસભ્ય વર્તન(આલ્બેર કામૂની આઉટ સાઈડર નવલકથાના પાત્ર મ્યૂરસોલ્ટ યાદ અપાવે એવું ચેન્નિગરાયનું વર્તન), પ્રાકૃતિક વાતાવરણમાં પ્રગટતું નંજમ્માનું મનોવિશ્વ, અપ્પણ્ણય્યાનું નુગ્ગીકેરે પત્ની-બાળકો પાસે જવું અને ગંગમ્માનુંએ માટે નંજમ્માને ભાંડવું, અપ્પણ્ણય્યાને પત્ની અને બાળકોની સ્થિતિ જોઈ આઘાત લાગવો અને ત્યાંથી આવી જવું, નંજમ્માનું અપ્પણ્ણય્યાની સઘળી વાતો જાણી વ્યથિત થવું વગેરે આલેખાયું છે.

પંદરમા અધ્યાયમાં આઠ વર્ષમાં આવેલ પરિવર્તન, નંજમ્મા અને વિશ્વનો સંવાદ, હાઈસ્કૂલના અભ્યાસ માટે અને ઈલાકેદાર બનાવવા માટે વિશ્વને કલ્લેશને ત્યાં મૂકી આવવું, કલ્લેશ આનંદથી આવકાર આપ્યાના થોડા સમય બાદ વિશ્વની દયનીય સ્થિતિ, નાઈટસ્કૂલમાં સ્ત્રીઓને શિક્ષણ આપવાનો નંજમ્માનો આનંદદાયક અનુભવ, નંજમ્મા અપ્પણ્ણય્યાને નરસીને ત્યાં તંબાકુ લેવા જવાની મનાઈ કરવી, વિશ્વની મામા કલ્લેશના ઘરે રહ્યા પછીની સ્થિતિ, રેલીમાં વિશ્વ ભાષણ કરે એટલે પોલીસ પકડીને લઈ જાય પણ કંઠીજોઈસ-કલ્લેશના ઘરના હોવાથી હવે એવું નહિ કરવાનું કહી છોડી દેવું, નંજમ્મા નવું ઘર બનાવે, નંજમ્માને પ્લેગ થયાના લક્ષણો દેખાવા, નરસી અને અય્યાજીના સંવાદમાંથી પ્રગટતું નંજમ્માનું કરુણતાસભર જીવન, નરસી અને નંજમ્માના જીવન અંગેના સમાન પ્રશ્નો, ગંગમ્મા નંજમ્માનું ધ્યાન રાખે, નંજમ્માને વિશ્વને જોવાની ઈચ્છા અને વિશ્વનું આગમન અને નંજમ્માના મૃત્યુનું દુઃખ, અક્કમ્માનું પૌત્રીની સ્થિતિ અને મૃત્યુ જાણી દુઃખી થવું, ગંગમ્મા પ્રથમવાર નંજમ્મા માટે લાગણીશીલ બને, અક્કમ્માને પ્લેગ થતાં મૃત્યુ થવું, અક્કમ્મા મહાદેવય્યાજીને વિનંતિ કરી નંજમ્માના અંતિમ સંસ્કાર થયા ત્યાં જ કરવા, અપ્પણ્ણય્યા હૃદયપરિવર્તનને કારણે ભાભીની વિધિ કરવા કહે ત્યારે ચેન્નિગરાય અપશબ્દો કહેવા, જે નંજમ્મા બધું બચાવી એમની પ્રતિષ્ઠા કરે એને મૃત્યુ પછી પણ પતિ પાસે માન ન મળવું, નંજમ્માના પૈસા મહાદેવય્યાજીને અપ્પણ્ણય્યા અપાવે છે વિશ્વના ભરણપોષણ અને અભ્યાસ માટે, નંજમ્માની શ્રાદ્ધકર્મની વિધિ, અપ્પણ્ણય્યા ગંગમ્માને વાસ્તવિક સ્થિતિ કહી નંજમ્માના ગુણગાન કરે એથી ગંગમ્મા ગાળો દે, અપ્પણ્ણય્યાનું દેશાટન કરવા જવું, ચેન્નિગરયના બીજા લગ્ન નક્કી થવા, લગ્ન અંગે જાણી બધા ચેન્નિગરાયની ટીકા કરે, ચેન્નિગરાય પાસેથી તલાટીકામ લઈને ઈલાકેદારે શિવલિંગને અપાવ્યું એ જાણી ગંગમ્માચેન્નિગરાયને અપશબ્દો કહે, ચેન્નિગરાયની કપરી સ્થિતિ, ચેન્નિગરાય અને ગંગમ્માનું ભેગા થવું, નંજમ્માએ બંધાવેલા ઘરમાં ગંગમ્મા વિધિવિધાન કરી રહેવા જાય એ વિગતો આલેખાઈ છે.

સોળમા અધ્યાયમાં મહાદેવય્યાજી વિશ્વને પોતાની પાસે રાખી એની બધી જ જવાબદારીઓ એને સોંપવા માટે કંઠીજોઈસને કહે છે એ સાથે ન કલ્લેશના ઘરે વિશ્વની કરુણ સ્થિતિ જણાવી પોતાની સાથે આવવા દેવા વિનંતિ કરે છે. કંઠીજોઈસ પહેલાંતો

ગુસ્સે થાય પણ આ બધી વાતો એમણે સાંભળી હોવાથી અને વિશ્વ માટે યોગ્ય છે એવું વિચારી એમને વિશ્વને સાથે લઈ જવાની અનુમતિ આપે છે. ચેન્નિગરાય વિશ્વને મહાદેવય્યા સાથે જતા જુએ પણ મોંમાં તાંબુલરસ હોવાને કારણે પુત્રને બોલાવતા નથી. વિશ્વ વળી વળીને ચેન્નિગરાયને જુએ છે. મહાદેવય્યાજી વિશ્વને એ તરફ જોવાની મનાઈ કરે છે કારણ કે એનાથી કોઈ ફરક પડવાનો ન હતો. ઢોળાવ આવતા બન્ને ચેન્નિગરાયની આંખોથી ઓઝલ થયા ત્યાં નવલકથા પૂરી થાય છે.

'ગૃહભંગ' નવલકથામાં કથાતંતુંના અંકોડા સ-રસ રીતે ગૂંથાયા છે. ઘટના અને પાત્રો એકરૂપ થઈ નવલકથાને નવું પરિમાણ અર્પે છે. તત્કાલીન સમયના પરિવર્તન અને સ્થિતિ વગેરેની રજૂઆત ધ્યાન ખેંચે છે. નંજમ્માના ગૃહભંગની આ કથા ગીતાના અધ્યાયની જેમ રજૂ થઈ છે. ક્ષણે ક્ષણે નંજમ્મા જે ગૃહને જોડવાના પ્રયત્ન કરે છે એ તૂટે છે અને એની ઘેરી અસર નંજમ્મા અનુભવે છે. નંજમ્મા જવાબદારીઓનું વહન કરે છે પણ અંતે રેતીની જેમ બધું જ એના હાથમાંથી સરી જાય છે, એનો જીવ સુદ્ધાં. ગૃહભંગની આ કથા વાસ્તવિકતાને ઉજાગર કરે છે.

## ૪.૩ સર્જક પરિચય

એસ. એલ. ભૈરપ્પાનો(સંતશિવરા લિંગનૈયા ભૈરપ્પા) જન્મ બેંગ્લોરથી લગભગ ૧૬૨ કિલોમીટર દૂર હાસન જિલ્લાના ચન્નારાયપટના તાલુકાના ગામ સંતશિવરા ખાતે ૨૦ જૂન ૧૯૩૧માં થયો હતો. બાળપણમાં જ તેની માતા અને ભાઈઓને બ્યુબોનિક પ્લેગમાં ગુમાવ્યા અને તેના શિક્ષણ માટે ચૂકવણી કરવા માટે વિચિત્ર નોકરીઓ લીધી. તેમના બાળપણ દરમિયાન તેઓ ગોરુર રામાસ્વામી આયંગરના લખાણોથી પ્રભાવિત હતા. શાળાના રેકોર્ડ મુજબ તેમની જન્મ તારીખ ૨૦ ઓગસ્ટ ૧૯૩૧ છે એ તેમની આત્મકથા ભીટ્ટીમાં જાહેર કર્યું છે કે તેમની વાસ્તવિક જન્મ તારીખ અલગ છે. ભૈરપ્પાએ મૈસુર જતા પહેલા ચન્નારાયપટના તાલુકામાં તેમનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યું જ્યાં તેમણે બાકીનું શિક્ષણ પૂર્ણ કર્યું. તેમની આત્મકથા, ભીટ્ટીમાં તેમણે લખ્યું છે કે, ઉચ્ચ શાળાના શિક્ષણ દરમિયાન વિરામ લીધો હતો. ભૈરપ્પાએ તેના પિતરાઈ ભાઈની સલાહને અનુસરીને શાળા છોડી દીધી અને એક વર્ષ તેની સાથે ભટક્યા. તેમનો પ્રવાસ તેમને મુંબઈ લઈ ગયો, જ્યાં તેમણે રેલવે પોર્ટર તરીકે કામ કર્યું. મુંબઈમાં તે સાધુઓના સમૂહને મળે છે. આધ્યાત્મિક સાંત્વના મેળવવા તેમની સાથે જોડાયો. તેમનું શિક્ષણ ફરી શરૂ કરવા માટે મૈસૂર પાછા ફરતા પહેલા તેઓ થોડા મહિનાઓ તેમની સાથે ભટક્યા હતા. ભૈરપ્પાએ નવોદય હાઈસ્કૂલ, ચન્નારાયપટના, શારદા વિલાસ હાઈસ્કૂલ, મૈસુરમાં અભ્યાસ કર્યો. તેણે મૈસૂર યુનિવર્સિટીમાં બી.એ. તેમણે બરોડાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ડોક્ટર ઓફ ફિલોસોફી - સત્ય મટ્ટુ સૌંદર્ય અંગ્રેજીમાં લખી હતી. ભૈરપ્પા હુબલીની શ્રી કાદસિદ્ધેશ્વર કોલેજમાં તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના લેક્ચરર હતા; ગુજરાતમાં સરદાર પટેલ યુનિવર્સિટી; NCERT, દિલ્હી; અને રિજનલ કૉલેજ ઑફ

એજ્યુકેશન, મૈસૂર જેમાંથી તેઓ ૧૯૯૧માં નિવૃત્ત થયા હતા. ભૈરપ્પાની કૃતિઓ અંગ્રેજી, કન્નડ અને સંસ્કૃતમાં પ્રકાશિત થાય છે અને ભારતીય અભ્યાસ અને પશ્ચિમી ફિલોસોફીના અભ્યાસક્રમોમાં ભણાવવામાં આવે છે. આંશિક રીતે તેઓ જે વિષયો વિશે લખે છે તેના કારણે તેમની મુખ્ય કૃતિઓ અનેક જાહેર ચર્ચાઓ અને વિવાદોના કેન્દ્રમાં રહી છે. ભૈરપ્પા 'ભીમકાયા'થી શરૂ કરીને ૧૯૫૮માં પ્રથમ કૃતિ પ્રકાશિત કરી. ભૈરપ્પાએ પાંચ દાયકાથી વધુની કારકિર્દીમાં ૨૪ નવલકથાઓ લખી છે. વંશવૃક્ષને ૧૯૬૬માં કન્નડ સાહિત્ય એકેડેમી પુરસ્કાર અને 'દાટુ'ને ૧૯૭૫માં કન્નડ અને કેન્દ્રીય સાહિત્ય એકેડેમી પુરસ્કાર બંને મળ્યા હતા. 'પર્વ' તેમની તમામ નવલકથાઓમાં સૌથી વધુ વિવેચનાત્મક રીતે વખાણાયેલી, મહાભારતના મહાકાવ્યમાં સામાજિક માળખું, મૂલ્યો અને મૃત્યુદરને ખૂબ જ અસરકારક રીતે વર્ણવે છે. ભૈરપ્પાએ આ નવલકથામાં રૂપકો દ્વારા મહાભારતનું સમાજશાસ્ત્રીય અને માનવશાસ્ત્રીય દૃષ્ટિકોણથી પુનઃનિર્માણ કર્યું છે. 'તંતુ' કન્નડ નવલકથા ૧૯૯૩માં પ્રકાશિત થઈ હતી. નિયોગી બુક્સ દ્વારા વર્ષ ૨૦૧૦માં આ પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો હતો. ભૈરપ્પાની ઘણી નવલકથાઓનો અન્ય ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. ભૈરપ્પા છેલ્લાં પચીસ વર્ષથી કન્નડમાં સૌથી વધુ વેચાતા લેખકોમાંના એક છે, અને તેમના પુસ્તકોના અનુવાદો છેલ્લાં આઠ વર્ષથી મરાઠીમાં અને છેલ્લાં પાંચ વર્ષમાં હિન્દીમાં બેસ્ટ સેલર રહ્યાં છે. તેમની મોટાભાગની નવલકથાઓ ઘણી વખત પુનઃમુદ્રિત કરવામાં આવી છે. તેમની તાજેતરમાં છપાયેલી નવલકથા ૨૦મું સરસ્વતી સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. માર્ચ ૨૦૧૫માં ભૈરપ્પાને સાહિત્ય અકાદમી ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી. ભારત સરકારે તેમને ૨૦૧૬માં પદ્મશ્રીના સન્માનથી સમ્માનિત કર્યા હતા.

## ૪.૪ સ્વાધ્યાય

1. એસ. એલ. ભૈરપ્પાની 'ગૃહભંગ' નવલકથાનો પરિચય આપો.

### ❖ લેખન પ્રવૃત્તિ

1. કન્નડ સાહિત્યકારોની યાદી તૈયાર કરી નોંધ લખો.
2. એસ. એલ. ભૈરપ્પાની અન્ય કૃતિઓ વિશે નોંધ લખો.

## ૪.૫ સંદર્ભ


- ગૃહભંગ, એસ. એલ. ભૈરપ્પા, અનુ. રાજેન્દ્ર નાણાવટી, નેશનલ બુક ટ્રસ્ટ, પ્રથમ આવૃત્તિ – ૨૦૧૩



**લેખન : પ્રા. ઉર્વિકા પટેલ :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

| એકમ-5 | ચેમ્મીન |
|---|---|


૫.૧ પ્રસ્તાવના

૫.૨ કૃતિ પરિચય : ચેમ્મીન

૫.૩ કર્તા પરિચય : તકષી શિવશંકર પિળ્ળા

૫.૪ સંદર્ભસૂચિ


## ૫.૧ પ્રસ્તાવના

*'ચેમ્મીન' તકષી શિવશંકર પિળ્ળાની મૂળ મલયાલમ ભાષામાં લખાયેલી કીર્તિદા નવલકથા છે, જેમાં હિન્દુ માછીમાર સ્ત્રી કરુત્તમ્મા અને તેના મુસ્લિમ પ્રેમી પરીકુટ્ટીના સ્નેહજીવનની કરુણ કથા છે. નીરકુન્નમ અને તૃક્કુનપુઝા એ બે દરિયાકાંઠાની આસપાસ આ નવલકથાનો કથાપટ વિકસે છે. નવલકથામાં પ્રણયકથાની સાથે સાથે જાણે કે સમાજકથાનું આલેખન કરવામાં આવ્યું છે. જે માછીમાર સ્ત્રી ચરિત્રભ્રષ્ટ થાય તેનો પતિ કડલમ્મા (સમુદ્રમાતા)ના કોપનો ભોગ બની અવસાન પામે, એ રૂઢિગત અંધશ્રદ્ધાનો આધાર લઈ નવલકથાકારે કથા અને પાત્રોનાં રૂપ તથા ભાવોનું ચિત્રાંકન કર્યું છે. 'ચેમ્મીન'ને વર્ષ ૧૯૮૫માં ભારતીય જ્ઞાનપીઠ ઍવૉર્ડથી પુરસ્કૃત કરવામાં આવી છે.*

## ૫.૨ કૃતિ પરિચય : ચેમ્મીન

*'ચેમ્મીન' નવલકથા કેરલના સમુદ્રતટના માછીમારોના જીવન પર આધારિત છે. આ નવલકથા સાગર કિનારે રહેતા માછીમારોના લોકોની જીવનની માન્યતાઓને ઉજાગર કરે છે. ખરેખર ત્યાંના ગરીબ માછીમારોના જીવન પર કેન્દ્રિત છે. આ એક પ્રકારથી બંધ સમાજ છે, જેમાં પરંપરા, રૂઢિઓ તથા માન્યતાઓથી જકડાયેલો છે. આ સમાજ માટે સમુદ્ર પૂજનીય છે. તેમની ઓળખ છે, તેમની રોજી-રોટી અને જીવન છે. તેથી આખો સમાજ સમુદ્રનો આદર કરે છે. આ નવલકથા હિન્દુ માછીમારી સ્ત્રી કરુત્તમ્મા અને મુસ્લિમ પુરુષ પરીકુટ્ટીની પ્રણયકથા સાથે નીરકુન્નમ અને તૃક્કુનપુઝા એ દરિયાકાંઠાની આસપાસ વિસ્તરે છે તથા આ સંદર્ભે આખા સમાજના અંતરંગને સ્થાન મળે છે. નીરકુન્નમ દરિયાના કાંઠે રહેનાર ચેંબન અને ચક્કી માછી બંને પાત્રો મહત્ત્વાકાંક્ષી દંપતી છે. તેમને કરુત્તમ્મા (કરુથમ્મા) અને પંચમી નામે બે પુત્રીઓ છે. કરુત્તમ્મા બાળપણમાં જેની સાથે દરિયાકિનારે છીપલાં વીણવા જતી એ મુસ્લિમ પરીકુટ્ટીને પ્રેમ કરે છે. કરુત્તમ્માની આ પ્રણયકથા નીરકુન્નમ ના કાંઠાવાસીઓ માટે ચર્ચાનો વિષય તો છે જ. ચક્કીને પોતાની દીકરી કરુત્તમ્મા, મુસ્લિમ વેપારીને ચાહે તે પસંદ નથી. અહીં ચક્કી દીકરીને સમજાવવામાં ચક્કીનું પાત્ર દરિયાકાંઠાના લોકોની માન્યતાઓ પ્રગટ કરે છે. ચેંબન કુબ્ય પાસે પોતાની દીકરીને પરણાવવા તથા પોતાની હોડી ખરીદવાના પણ પૈસા*

નથી. છેવટે તે દીકરીના મુસ્લિમ પ્રેમી પરીકુટ્ટી પાસેથી નાણાં ઉછીના લઈને હોડી ખરીદે છે. ત્યારબાદ હોડી ખરીદ્યા પછી ચેંબનની લોભ લાલચ ધીમે ધીમે વધતી જાય છે, તે પરીકુટ્ટીને ઉછીના પૈસા પાછા આપવાની નિયત રાખતો નથી, સમુદ્રમાં કોઈને પણ માછલી પકડવા દેતો નથી તથા તેના સ્વભાવની વિચિત્રતા વધતી જાય છે, તે સમયમાં એક બળવાન યુવાન પાત્ર 'પળ'નું આગમન થાય છે. ચેંબન અને ચક્કી આ યુવાનને જમાઈ બનાવવા ઈચ્છે છે અને લગ્ન પણ થાય છે. લગ્ન પછી કરુત્તમ્મા નીરકુન્નમ નો કાંઠો છોડી તૃક્કુનપુઝાના કાંઠાના વસવાટી બને છે. પિતાએ કરેલો પરીકુટ્ટી સાથેનો દગો અને પરીકુટ્ટી પ્રત્યેના પ્રેમને કારણે પળની સાથે રહેતી કરુત્તમ્મા મનમાં વસેલા પરીકુટ્ટીને વીસરી શકતી નથી. કરુત્તમ્માના પ્રેમને કારણે ચેંબનને આપેલા પૈસા પાછા ન આવતા પરીકુટ્ટી આર્થિક રીતે બરબાદ થાય છે તેની પાસે કરુત્તમ્માના પ્રેમ સિવાયની કોઈ મૂડી બચતી નથી. કરુત્તમ્માના લગ્ન પછી તેની માની બીમારી, ચેંબનની કરુત્તમ્મા પ્રત્યેની નારાજગી તથા ચક્કી માછણના મૃત્યુના સમાચાર આપવા પણ પરીકુટ્ટી જ આવે છે. લોકોની કરુત્તમ્માના ચરિત્ર વિશેની વાતો બાદ આ બનાવ પછી પળ કરુત્તમ્મા પર વધુ શંકા કરતો થઈ જાય છે અને તેને ત્રાસ આપે છે. સમય જતાં પરિસ્થિતિ બદલાય છે એવા સંજોગોમાં કરુત્તમ્માને દીકરી જન્મે છે. બીજી બાજુ તેના પિતા ચેંબન પોતાની નાની દીકરીનું બહાનું કાઢીને ફરીથી લગ્ન કરે છે અને તે પત્નીના સ્વાર્થ અને ચોરી પછી ચેંબનનું દુઃખાન્ત જીવન પ્રગટ થાય છે.

નવલકથાના અંતે કરુત્તમ્મા પર શંકાના બોજ તળે રહી સમુદ્રમાં માછલી પકડવા ગયેલા પળનું ચિત્ર અંકિત થાય છે, તેમાં સમુદ્રમાં પળના કાંટામાં શાર્ક ભરાઈ છે. પળ દરિયા સામે બાથ ભીડે છે પણ અંતે તેની હાર થાય છે. પળ દરિયામાં અદૃશ્ય થાય છે ત્યારે જ કરુત્તમ્માને મળવા આવેલા પરીકુટ્ટી બંને સાથે જળસમાધિ લઈ લે છે. આ કરુણ ઘટના સાથે નવલકથાનો અંત અતિરંજિત અને અતિઆયાસપૂર્ણ અનુભવાય છે. આ નવલકથામાં વિશેષ પ્રકારના કથાપાત્ર, અપૂર્વ ઘટનાઓ તથા પરિસ્થિતિઓ, મિથ, સમૂહના વિચારો વગેરે મળીને એક અસાધારણ પ્રેમકથાને વેગ આપે છે. નવલકથાના કેન્દ્રમાં કરુત્તમ્મા અને પરીકુટ્ટીનો પ્રેમ છે જે સામાજિક આચાર-વિચારોની ચિંતા કરતો નથી.

'ચેમ્મીન' નવલકથામાં સૂક્ષ્મતા અને ગંભીરતાની સાથે સામાજિક રિવાજો તથા ફેલાયેલા મિથ વચ્ચે પરંપરા સાથે લઈ પરંપરાનો વિરોધ દર્શાવાયો છે. નવલકથાના પ્રથમ પ્રકરણથી સહજતાથી ચાલતી કથાનો તાલમેલ અને પરિણામ છેલ્લા પ્રકરણમાં પરિલક્ષિત થાય છે. આખી નવલકથા દરમિયાન સમાજ-પરંપરા-રિવાજોના હકારાત્મક અને નકારાત્મક બંને પક્ષો સમાંનાતર ચાલતા દેખાય છે.

નવકલથાકારે નવલકથામાં માનવજીવનના સૂક્ષ્મ નિરીક્ષણ અને જીવન તેનાં સત્યોને ઉજાગર કર્યા છે. અહીં ચેંબન, ચક્કી, કરુત્તમ્મા, પળણી, પરીકુટ્ટી જેવાં મુખ્ય પાત્રો તથા નૈલ્લેપેણ્ણ, અચ્ચન, પંચમી, પપ્પુ જેવાં ગૌણપાત્રો મહત્ત્વનાં બન્યાં છે. આ

નવલકથામાં બધાં પાત્રો પરંપરાગત ચાલી આવતી પ્રથાનો કોઈકને કોઈક ઘટના સંદર્ભે અસ્વીકાર ન કરતાં નાત-જાત, સામાજિક કુરિવાજોની સાથે કથા અભિનિવેશ વગર લડ્યા કરે છે, એ દૃષ્ટિએ આ જાનપદી સૃષ્ટિમાં પરંપરાવિદ્રોહની પરંપરાનું સર્જન થયું છે. ઉપરાંત આ નવલકથામાં ચેમ્મીનમાં સમાયેલ માછીમારી સમાજના લોકો અને કેરલ સમાજ પણ કથાપાત્ર તરીકે ઊભરે છે. ચેમ્મીન ખરેખર સમુદ્રતટ પર રહેનારા માછીમારોના જીવનના જીવતા-જાગતા લોકો, તેમના દુ:ખદર્દ, આનંદ, ઈચ્છાઓ, વિરોધાભાસો, વિશ્વાસો, આસ્થાઓ, માનવીય દુર્બળતાઓની માનવીય કથા તરીકે જાણીતી બની છે.

'ચેમ્મીન'ને પરંપરાના વિદ્રોહનું દર્શન લેખતાં ભરત મહેતા લખે છે કે, "'ચેમ્મીન' (૧૯૫૭)ના લેખકને ઈ.સ.૧૯૮૫ માટેનો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત થયો છે. 'ચેમ્મીન'નો ગુજરાતી અનુવાદ કમલ જસાપરાએ કર્યો છે, એનો અહીં આધાર લેવામાં આવ્યો છે. સમાજકથાનું આલેખન અહીં છે. ચેંબન અને ચક્કી માછી દંપતી અને બંને મહત્ત્વાકાંક્ષી છે. એમની પુત્રી છે કરુત્તમ્મા. બાળપણમાં જેની સાથે છીપલાં વીસેલાં એ મુસ્લિમ પરીકુટ્ટી સાથે કરુત્તમ્મા પ્રેમ કરી બેસે છે. કરુત્તમ્માની આ નાનકડી ભૂલ નીરકુન્નમ ના કાંઠાવાસીઓ માટે ચર્ચાનો વિષય બને છે. એનો તકવાદી બાપ ચેંબન કરુત્તમ્માને તૃક્કુનપુઝા કાંઠાના વાસી અનાથ પળની સાથે વળાવી દે છે. પળની સાથે સમાયોજન ગોઠવતી ગોઠવતી કરુત્તમ્મા મનમાં વસેલા પરીકુટ્ટીને વીસરી શકી નથી. પરીકુટ્ટીની બહિષ્કૃત સ્થિતિ માટે પોતાને જવાબદાર ઠેરવતી કરુત્તમ્મા આંગણે આવેલા પરીકુટ્ટીને પાછો ઠેલી શકતી નથી. આલિંગનબદ્ધ પરીકુટ્ટી- કરુત્તમ્માની પશ્ચાદ્‌ભૂમાં મધદરિયે શાર્કને હંફાવતાં જ ફસાઈ ગયેલો પળની ભાવક જુએ ન જુએ ત્યાં તો ત્રણેય પાત્રો ક્યાંક અદૃશ્ય થઈ ગયાની સર્વજ્ઞ કથનકેન્દ્રીય જાહેરાત કૃતિ પૂરી થાય છે.'

"આખી નવલકથાને ઝીણવટથી જોઈએ તો ખ્યાલ આવે છે કે, નવલકથામાં હોડી, જાળ, માછલી, સાગરકાંઠો – સઘળી સામગ્રી વ્યંજનાનો લાભ પામી છે, એ દરિયાઈ પ્રજાની આંતરવ્યથાને પેલી સામાજિકતા પ્રતીતિકર ભોંય પૂરી પાડે છે. ચેંબનનો આખો પાત્રવિકાસ આ નવલકથાનું નોંધપાત્ર પાસું છે. દરેક માછીની ઈચ્છા હોય અને હોડી અને જાળ પામવાની. અહીં એ માટે કંઈ પણ કરી છૂટતો ચેંબન આપણી નજરે તરે છે. આરંભથી અંત સુધી ચેંબન ઘણી બધી પરંપરાને આઘાત આપતો રહે છે.

- પરંપરાગત રીતે કાંઠા પરના મુસ્લિમ વેપારીઓ માછીમારોનું શોષણ કરતા. અહીં આરંભમાં જ એ પરીકુટ્ટી પાસેથી પૈસા પડાવી લે છે ! તદ્દન ઊલટું. – પરંપરાગત રીતે માછી ઉંમરલાયક છોકરીને ઠેકાણે પાડવાનું વિચારે છે, જ્યારે ચેંબન છોકરીનું પછી અને પહેલાં હોડીનું વિચારે છે.

- પરંપરાગત રીતે દરિયાનું પાણી લાલ થઈ જાય ત્યારે દરિયામાતા રજસ્વલા થઈ હોવાનું મનાય છે. આને પોળા કહેવામાં આવે છે. પોળાના દિવસો દરમિયાન કોઈ માછલી પકડવા જતું નથી. આ પરંપરા પણ ચેંબન તોડે છે.
- ચેંબન, દીકરી-જમાઈને લગ્ન પછી જમવા બોલાવવાનો રિવાજ કરુત્તમ્મા અને પળનીને ના બોલાવીને તોડે છે.

અહીં ચેંબનને પરંપરાને તોડવાના આઘાતો અને કરુત્તમ્માએ પરંપરાને આપેલા આઘાતોમાં તાત્ત્વિક ભેદ સ્પષ્ટ જણાય છે.

આ નવલકથામાં તેઓ નારીની વિવિધ ભૂમિકામાં તેના આ પ્રેમિકા, પત્ની, દીકરી અને માતાના ભાવોને દર્શાવે છે જ્યારે ચક્કી અંત સુધી સર્વપ્રથમ માતા જ બની રહે છે. ચેંબન લાલચી છે તો પરીકુટ્ટી પ્રેમનો દ્યોતક છે અને પળની શંકાશીલ સામાન્ય પતિ બનીને રહી જાય છે. કરુત્તમાના પાત્રમાં દૃઢ નિશ્ચય અને ચિંતનશીલતા પ્રગટ થતા રહે છે.

નવલકથાના પ્રથમ પાને પરીકુટ્ટી અને કરુત્તમ્માની મુલાકાત વખતે પરીકુટ્ટીના મુખમાંથી બોલાયેલું વાક્ય 'કરુત્તમ્મા, તું ભાગ્યશાળી છે' અને આ અનુસંધાને નવલકથાના અંત ભાગમાં બહિષ્કૃત પરિસ્થિતિમાં કરુત્તમ્માના  ઘરે આવેલો અર્ધપાગલ જણાતા અને પળની ગેરહાજરીમાં આવેલા પરીકુટ્ટીના લંબાવેલા હાથની વચ્ચે થઈને એની છાતીમાં સમાતી કરુત્તમ્માને પૂછે છે કે, 'હું તારો કોણ છું ?' કરુત્તમ્મા જવાબ આપે છે 'કોણ ? મારું સર્વસ્વ... મારા સૌભાગ્યભંડાર.'- કરુત્તમ્માના મુખેથી બોલાયેલું આ છેલ્લું વિધાન છે. અહીં 'ભાગ્ય'નો સંદર્ભ ભાવકોને મમળાવવો ગમશે.

"હૃદયના ખેંચાણથી જ પ્રેરાઈને કૃતિના આરંભે જ કરુત્તમ્મા પરંપરાગત મૂલ્યોને બાજુએ મૂકીને મુસ્લિમ યુવકને ચાહે છે. કૃતિના આરંભથી જેમ અંતે પણ એ ભાગ્યશાળી છે. એ અર્થમાં એનું જીવન ભલે વેદનામાં વીત્યું હોય તોપણ એ પરીકુટ્ટી થકી અખંડ સૌભાગ્યવતી છે. જ્યારે માત્ર બુદ્ધિના, સ્વાર્થના ખેંચાણથી જ પ્રેરાઈને પરંપરા સામે વિદ્રોહ રચતો ચેંબન કૃતિના આરંભની જેમ જ અંતે પણ 'દયનીય' ભાસે છે. ચેંબનના જીવનમાં ભૌતિક સમૃદ્ધિનું મોજું આવીને શમી જાય છે. ચેંબનનો પરંપરાવિદ્રોહ સ્વાર્થપ્રેરિત હોઈને એ પછડાટ ખાય છે. જ્યારે હાર્દિક ખેંચાણથી માનવીય એવી કરુત્તમ્મા અંતે કશુંક 'પામી' છે. એ અર્થમાં આ કૃતિ પરંપરાવિદ્રોહનું એક નવું દર્શન આપણી સામે મૂકે છે. માત્ર સ્વ-અર્થે પરંપરાવિદ્રોહ એ પરંપરાગત અંધશ્રદ્ધા જેટલું જ પ્રત્યાઘાતી નીવડી શકે છે."

"લેખકે પોતાના આ દર્શનને કળાત્મક બનાવવા માટે માત્ર ચેંબન અને કરુત્તમ્માને, પિતા-પુત્રીને જ balance-counterbalance  તરીકે નથી મૂક્યાં. સમુદ્રમાં આવતાં એક પછી એક મોજાંની જેમ અહીં આખોય સાગરકાંઠો સળવળે છે. એ અર્થમાં ચેમ્મીન પ્રાદેશિક નવલકથા છે. પાત્રોની નાની અમથી ક્રિયાઓ પણ પાત્રોને માનવીય રાખે છે. પળનીની વેદના કંઈ ઓછી નથી. લાલચુ સસરા તરફથી લગ્ન સમયે જ થતો

બહિષ્કાર, પપ્પુ જેવા અન્ય માછીઓએ કરુત્તમ્માના ભેદનો પીટેલો ઢંઢેરો, એના કારણે એની થતી બહિષ્કૃત પરિસ્થિતિ, છતાં કરુત્તમ્માના પાલક બની રહેવાનો એનો દઢ નિર્ધાર-એ આંતરસંઘર્ષ કૃતિનું ઓછું મહત્ત્વનું આકર્ષણ નથી. વિશ્વાસે વહાણ ચાલતું હોય ત્યાં ચક્કીના મૃત્યુના સમાચાર દેવા પરીકુટ્ટીનું કરુત્તમ્માના સાગરકાંઠે આવવું વિવાદો જગવનારું બની રહે છે.''

આમ સર્જકે કૃતિનાં પ્રમુખ પાત્રોની બાહ્ય-આંતર સ્થિતિઓ સંતુલિત કરી છે. આથી જ ચેંબન, ચક્કી, કરુત્તમ્મા, પળની કે પરીકુટ્ટી સ્પર્શે છે. ગૌણ પાત્રોની રેખાઓ પણ લેખકે આબાદ પકડી છે. નૈલ્લેપેણ્ણ અને અચ્યન, ગરીબ માછી દંપતી, ચેંબન-ચક્કીના પાડોશી છે. ચેંબનને ત્યાં બે હોડીઓ આવતાં ઈર્ષ્યાથી જલી ઊઠે છે. ચક્કી સાથે બેફામ ગાળોથી ઝઘડે છે. આ જ નૈલ્લેપેણ્ણ ચક્કીના મૃત્યુ પછી મા વછોઈ પંચમીને દીકરીની જેમ રાખે છે ! ચેંબને હોડી-જાળ ખરીદતાં જ સર્જાતાં લોકવિવાદનાં વમળો, કરુત્તમ્મા પળની સાથે પરણીને નવા દરિયાકાંઠે વહુ બનીને જાય ત્યારે લોકોના પ્રતિભાવો જો ઝીણવટથી જોઈએ તો આપણને માલૂમ પડે છે કે સર્જકે માત્ર એક કે બે પાત્રો નહીં પણ આખો દરિયાકાંઠો જ જીવંત કર્યો છે.

માછીમારોના સમાજમાં લૈંગિક સદાચારને બનાવી રાખવા અને તે દ્વારા સામાજિક અસ્તિત્વને મજબૂત બનાવવામાં ઊર્જા તરીકે મિથનો આ નવલકથામાં ઉપયોગ થયો છે. 'ચેમ્મીન'ને એક અપૂર્વ રચનાની સંજ્ઞા મિથને કારણે જ મળી છે. અહીં સમુદ્રતટમાં જન્મતી મહિલાઓને પાલન કરવાની પરંપરામાં તેમનું જીવનદર્શન ઉદ્ધૃત થયું છે. તેમના વિશ્વાસો તથા અંધવિશ્વાસોનો આધાર લઈ તકષી એક એક મિથનો નવકલથારૂપી માચડો બનાવે છે. અહીં પત્ની માટે વ્રત શુદ્ધિ તથા પવિત્રતા જરૂરી છે, તેની મલિનતાના પરિણામો સમુદ્ર તેના પતિને આપતો હોય છે. તેવી માન્યતાનું જ્ઞાન આરંભથી અંત નવલકથા સુધી પડઘાયા કરે છે. આ નવલકથામાં કરુત્તમ્મા પ્રથમ માતાની શિખામણ અને નવલકથાના મધ્યથી પતિ પળણી જીવન સુરક્ષાની સામે પરીકુટ્ટી પાસેથી મળેલા અવિરત અને નિઃસ્વાર્થ પ્રેમ વચ્ચે આત્મસંઘર્ષ અનુભવતી રહે છે. જ્યારે અંતે તે પ્રેમને સ્વીકારીને આત્મવિલોપનનો રસ્તો પસંદ કરે છે. નવલકથાના અંતે કરુત્તમ્મા દીકરી-મા-પતિ-બહેનના રહેતા માત્ર પ્રેમ કરનાર સ્ત્રી તરીકે પોતાને પ્રસ્થાપિત કરે છે. અહીં તકષીનો જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ સ્પષ્ટ છે. તેમણે જાતિ, ધર્મ વગેરેની સમાજે ઊભી કરેલી કુરિવાજોની કુત્રિમતા સામે મનુષ્યની પ્રાકૃતિક સહજતાને વધુ મહત્ત્વ આપ્યું છે.

આ નવલકથામાં માછીમારોનું જીવન 'સમુદ્ર' સમર્પિત છે તેની આસપાસ સૃષ્ટિ ગૂંથાય છે. તેમના જીવનનિર્વાહની સંકલ્પનાઓ, સદાચાર બોધ તથા જીવનદર્શનમાં પણ સમુદ્ર કેન્દ્રમાં છે, સમુદ્રને તેથી જ માની સંકલ્પના આપવામાં આવી છે. તેથી મિથ છે કે આ સમુદ્રમાતા જન્મ આપવો, પાલન-પોષણ કરવું, દંડ આપવો આ બધા ધર્મનું સંરક્ષણ કરતી રહે છે. સમુદ્રમાતાને ક્રોધ આવતા તે બધું નષ્ટ કરી નાંખે છે, આ વિચારલક્ષી

જીવનશૈલીમાં નવલકથા વિકસી છે. મહત્ત્વકાંક્ષી માછીમારનું જીવન, પતન તરફ અગ્રેસર થાય છે તેવું ચેંબન ઉદાહરણ બને છે, જ્યારે સ્ત્રીની અપવિત્રતા પતિ અને કિનારા માટે ઘાતક છે તેનું ઉદાહરણ કરુત્તમ્મા બને છે. આમ, આ નવલકથામાં સમુદ્રતટના જીવનની આર્થિક-સામાજિક સમસ્યાઓ અને ઘટનાઓને કટાક્ષરૂપે મિથ દ્વારા તકષી નિયંત્રિત કરી પ્રસ્તુત કરે છે.

'ચેમ્મીન' નવલકથામાં અભિવ્યક્તિ કાલ્પનિક શૈલીમાં નાટકીયતા, કાવ્યાત્મકતા તથા ધ્વન્યાત્મકતાનો સમન્વય થયો છે. અહીં પ્રસંગાનુકૂલ ચારુતા આપવામાં આવી છે. જો કે શૈલી સ્વાભાવિક અને ભાષા લાલિત્ય-સાધારણ બની છે. તકષીએ ગ્રામ્ય ભાષાને અભિવ્યક્તિનું માધ્યમ બનાવ્યું છે. કહેવતો અને રૂઢિપ્રયોગો તેમજ લોકોક્તિના ઉપયોગની શૈલીનો તકષીએ ભરપૂર ઉપયોગ કર્યો છે. આ નવલકથા તેમણે જીવનની ભાષામાં લખી છે. સામાન્ય માનવીના પરિચિત શબ્દો, ઉક્તિ તથા શબ્દસમૂહોનો ઉપયોગ કરી, આડંબર રહિત, અકૃત્રિમ, સ્વચ્છ તથા આસ્વાનુરૂપ છતાં લાલિત્યભરી પદાવલિએ તકષીની ખાસિયત છે તે આ નવલકથામાંથી પણ સ્પષ્ટ દેખાય છે.

તકષીની રચનાઓમાં સનસની જોવા મળે છે, તેમાં સ્ત્રી-પુરુષ સંબંધોના વર્ણન પણ વધુ જોવા મળે છે, પરંતુ કપટ કે સદાચારનો બોધ કરાવવું તે તેમનું લક્ષ્ય રહ્યું નથી. 'ચેમ્મીન'ની વિશેષતાઓને ઉજાગર કરતું આંતરિક પાસું છે ભાવ અને જીવન-દષ્ટિકોણ, પ્રેમ ભાવના કેન્દ્રમાં છે. સ્ત્રી-પુરુષની સહજ પ્રકૃતિ, નવકલથાનો ઉદ્‌બોધન મંત્ર છે. મનુષ્યને મનુષ્યની રીતે જ જોઈને એક સુંદર સામાજિક વ્યવસ્થામાં કરુત્તમ્મા આ પરિસ્થિતિ ન થઈ હોત. આ નવલકથામાં તકષી અંધવિશ્વાસનું સમર્થન કરતા નથી તો વિરોધ પણ કરતા નથી તે વાચકો-ભાવકો પર સમજણનો ભાર ઢોળી દે છે. 'કુટ્ટનાડ' તકષીની શક્તિનો વિસ્તાર છે. ત્યાંનું જીવન-પરિવેશ વિભિન્ન અભિવ્યક્તિમાં તેનો જવાબ નિહિત છે. આ નવલકથામાં તકષીએ કથાનો આરંભ અને વિકાસ એક રુમાની (રુહાની) કથા તરીકે કર્યો છે. અહીં જીવનના વિવિધ રંગો છે પરંતુ તીવ્ર બાહ્ય સંઘર્ષ નથી. જીવનનું ગહન ઊંડાણ મનોભાવો દ્વારા પ્રસ્તુત કર્યું છે.

આખી નવલકથામાંથી માછીમારોનું જીવન અને માન્યતાઓ, સમુદ્ર-માતા અને દેવતાઓ પરનો વિશ્વાસ-અંધવિશ્વાસ, રીતિ-રિવાજ, ખાન-પાન, સ્ત્રી પ્રત્યેની સમાજની માનસિકતા, સ્ત્રીનો પતિવર્તા ધર્મ, માછીમારોની આર્થિક સ્થિતિ, પતિ-પત્નીના સંબંધ અને સમાજ, વાતાવરણ, પ્રેમની પરાકાષ્ઠા જેવા અનેક પરિવેશને નવલકથાકારે પ્રત્યક્ષ કર્યા છે. આર્થિક અને સામાજિક રીતે પછાત લોકોના સંઘર્ષ અને માન્યતાઓ તોડવાના કારણો આ નવલકથા આપે છે, તેથી આ નવલકથાનો નવોત્થાન પર ઘણો પ્રભાવ રહ્યો છે.

## ૫.૩ કર્તા પરિચય : તકષી શિવશંકર પિળ્ળા

*તકષી શિવશંકર પિળ્ળા (જન્મ: ૧૭ એપ્રિલ, ૧૯૧૨ મૃત્યુ: ૧૦ એપ્રિલ, ૧૯૯૦) તકષી શિવશંકર પિળ્ળા મલયાલમ ભાષાના વિખ્યાત રચનાકાર છે. તેમનો જન્મ ૧૭ એપ્રિલ ૧૯૧૨માં દક્ષિણમાં કેરલમાં તિરુવંતકુરની નજીક આવેલ આલપ્પુષા જિલ્લાના તકષી ગામમાં થયો હતો. તેમનું મૂળ નામ કે. કે. શિવશંકર હતું. તકષી શિવશંકર પિળ્ળા તેમનું સાહિત્યિક નામ છે. તેમની માતાનું નામ પાર્વતી અમ્મા તથા પિતાનું નામ પોરપલ્લિ કલત્તિલ શંકર કુરુપ હતું. પરિવારની આર્થિક સ્થિતિ સામાન્ય અને મુખ્ય વ્યવસાય ખેતી હતો. ખેતીના વ્યવસાય સિવાય તેમના પિતા કથકલી તથા તુલ્લન કલાઓના જાણકાર હતા. તેમના ઘરમાં લગભગ દરરોજ પુરાણનું પારાયણ થતું, જેથી ભારતની પુરાણકથાઓનો તકષીને ઘરમાંથી જ પરિચય થયો હતો. તેમનો પ્રારંભિક અભ્યાસ તકષી ગામમાં થયો પરંતુ સાતમી પછી ગામથી બાર કિલોમીટર દૂર સમુદ્ર તટ પર સ્થિત આલપ્પુષા સ્કૂલમાં ભણ્યા. ૧૯૩૩માં મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ લૉ કૉલેજમાં વકીલાતનું ભણવાનું શરૂ કર્યું. ૧૯૩૫માં વકીલાતની પરીક્ષા પાસ કર્યા બાદ તેઓ ત્રિવેન્દ્રમમાં જ રહ્યા. આ સમય દરમિયાન કથાસાહિત્યમાં સમાજવાદી ભાવનાઓનું મહત્ત્વ હતું, જે ક્ષેત્રમાં તકષી હંમેશા અગ્રણી રહ્યા છે. તકષીએ સૌપ્રથમ વાર્તાકાર તરીકે ખ્યાતિ મેળવી હતી. આલપ્પુષામાં તેમનો પરિચય માછીમાર અરય સમુદાય સાથે થયો જે અનુભવ અને નિરીક્ષણના પડઘા તેમના સાહિત્યમાં પડતા રહ્યા છે.*

*શાળા જીવનથી તકષીએ વાર્તાઓ પર હાથ અજમાવવાનું શરૂ કર્યું, તેમની પહેલી વાર્તા 'સાધુક્કલ' (બિચારા લોકો) નાયર સર્વિસ સોસાયટીની પત્રિકા 'સર્વિસ'માં પ્રકાશિત થઈ હતી. પ્લીડર પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ તેઓએ પત્રકારત્વમાં ઝંપલાવ્યું. આ દરમિયાન 'કેસરી' પત્રના સંપાદક એ. બાલકૃષ્ણ પિળ્ળે સાથે તેમનો પરિચય થયો. એ. બાલકૃષ્ણ એવા સંપાદક હતા જેમણે મલયાલમ ભાષીઓને પશ્ચિમી સાહિત્યથી પરિચય કરાવ્યો. તેમના જ્ઞાન અને અનુભવનો તકષીને ભરપૂર લાભ મળ્યો. ૧૯૩૯માં તેઓ મ્યુનિસિપલ કોર્ટમાં વકીલ બન્યા, પરંતુ તેમની આર્થિક તંગીના દોરનો અંત 'રંડિડંગર્ષિ' અને 'ચેમ્મીન' નવલકથાના દેશી-વિદેશી ભાષાઓના અનુવાદ બાદ આવ્યો. તેમની ૧૯૩૪થી ૧૯૯૮ સુધીમાં અડતાળીસ નવલકથા પ્રકાશિત થઈ છે તથા આ ઉપરાંત કથાકારના સાઈઠ વર્ષના સાહિત્યકાળમાં તેમની પાંચસો વાર્તાઓ, બે આત્મકથનાત્મક રચના, એક પ્રવાસ વિવરણ, એક નાટક પ્રકાશિત છે. આત્મકથા હોય કે યાત્રા નિબંધ દરેક સ્વરૂપના તકષીનું સાહિત્ય વાર્તા બની જાય છે. તેમની લેખનની સરળતાને કારણે જાણે કોઈ આપણી પાસે બેસી સુખ-દુઃખની વાર્તા કહેતું જ અનુભવાય.*

*તકષીએ પોતાના જીવનમાં ઘણા પુરસ્કાર અને સન્માન મેળવ્યા, જેમાં 'ચેમ્મીન' માટે ૧૯૭૫નું સાહિત્ય અકાદમી પુરસ્કાર, 'એણિપ્પડિકલ' માટે ૧૯૬૫માં કેન્દ્ર સાહિત્ય અકાદમી પુરસ્કાર, ૧૯૭૪માં સોવિયત લૈંડ નેહરુ એવોર્ડ, 'કયર' માટે ૧૯૮૦માં*

વયલાર પુરસ્કાર તથા તેમની સર્જકપ્રતિભા માટે ૧૯૮૫માં 'પદ્મભૂષણ'ના ખિતાબથી તેઓને સન્માનિત કરવામાં આવ્યા. તેમને કેરળ વિશ્વવિદ્યાલય અને મહાત્મા ગાંધી વિશ્વવિદ્યાલય દ્વારા ડી.લીટની માનદ પદવી પણ પ્રદાન કરવામાં આવી.

સર્જક પ્રતિભાની સર્વલક્ષી દૃષ્ટિએ તેમનું જીવન સભર રહ્યું. ૧૦ એપ્રિલ, ૧૯૯૦ના રોજ સત્યાશી વર્ષે તેમનું અવસાન થયું. આજે તેમનું રહેઠાણ 'તકષી સંગ્રહાલય'ના નામે જાણીતું છે.

કટ્ટુનાડની કથાઓ, વૈક્તિક સંબંધો, પારિવારિક ઈતિહાસ, આચાર-વિચાર, ઉત્સવ-તહેવાર, ખેતીના અનુભવો જેવા અનેક અનુભવોથી તેમનું સાહિત્ય માતબર થયું છે. તકષીએ કેરલના નાનામાં નાના ગામથી લઈને મોટા શહેરો સુધીના જીવનનો નીચોડ તેમની સર્જનપ્રવૃત્તિમાં આપ્યો છે. બીજી તરફ ગરીબીમાં જીવતી પ્રજાના આંસુઓને પણ તેમણે અનુભવ્યા છે. આમ, કુટ્ટનાડની ભૌગોલિક-પ્રાકૃતિક સાગરતટની સંસ્કૃતિની તત્સંબંધિકા જીવનશૈલીને પણ વિષય તરીકે વર્ણવી છે.

તકષીના પ્રારંભિક લેખન પર બંગાળી વાર્તાઓનો રુમાની પ્રભાવ વર્તાય છે જેના સંદર્ભ તરીકે ૧૯૩૧માં 'કેસરી'માં છપાયેલ 'વિવાહના દિવસ' વાર્તાને લઈ શકાય. બંગાળી રુમાની પ્રભાવની સાથે તેમના પર વિદેશી સાહિત્ય-સર્જક પ્રભાવમાં ફ્રાંસીસી વાર્તાકાર મોપાંસાનો પણ ઊંડો પ્રભાવ તેમની રચનાઓમાં જોવા મળે છે. તેમની પહેલી નવલકથા 'પ્રતિફલમ' (૧૯૩૪)માં જ્યારે બીજી નવલકથા 'પતિત પંકજમ્' (૧૯૩૫)માં અને ત્રીજી નવલકથા 'પરમાર્થગલ' પ્રકાશિત થઈ. આ ત્રણેય નવલકથામાં મધ્યમવર્ગીય નૈતિકતા પર સીધી ચોટ આપી છે જેથી તેની ઘણી ટીકા પણ થઈ છે. તેમની સર્જનાત્મકતાના બીજા ચરણમાં તકષીના લેખનમાં સામાજિક સ્થિતિમાં આવેલા પરિવર્તનને દર્શાવે છે. અહીં સામાન્ય માનવી સાહિત્યનો વિષય બની પ્રસ્તુત થાય છે. આ અરસામાં 'દો સેર ધાન' નવલકથાના કૃષિ જીવનની યર્થાથવાદી સંવેદનશીલતાએ તકષીને મલયાલમ નવલકથાકારોની અગ્ર શ્રેણીમાં મૂકી દીધા. બીજા ચરણમાં જ તકષીના સર્જન પર એક તરફ માર્ક્સવાદનો પ્રભાવ છે તો બીજી તરફ સાહિત્ય દ્વારા સમાજ સુધાર થઈ શકે અને સમસ્યાનું સમાધાન પણ રજૂ કરી શકાય તેવો દૃષ્ટિકોણ પરિલક્ષિત થાય છે.

તકષી સાહિત્યલેખનના ત્રીજા ચરણમાં તેઓ વૈચારિક પૂર્વગ્રહ છોડી સર્જનાત્મકતાના શિખર સુધી પહોંચે છે. ૧૯૫૫માં પ્રકાશિત નવલકથા 'ચેમ્મીન' આ જ અરસામાં મળી. 'ચેમ્મીન' નવલકથા પર રામૂ કાર્યાત દ્વારા નિર્દેશિત 'ચેમ્મીન' ફિલ્મ ૧૯૬૪માં 'સુવર્ણ મયૂર' રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત થાય છે, જે એ રીતે પણ મહત્ત્વનું છે કે આ ફિલ્મ દ્વારા કોઈ મલયાલમ ફિલ્મને પ્રથમ પુરસ્કાર મળ્યું. આ ઘટના તકષીની લોકપ્રિયતામાં ખૂબ વધારો કરે છે.

તકષીના લેખકની પાસ વિશિષ્ટતા તેમની આગવી શૈલીમાં છે. કાળ અનુરૂપ ભાષા દ્વારા આખી સૃષ્ટિ રચાતી જાય છે. મલયાલમ પ્રદેશ, ખાસ તો કુટ્ટનાડ તેમની નવલકથાનું સ્વયં પાત્ર બની પ્રત્યક્ષ થાય છે. વિષયની વિવિધતા તેમની રચનાઓનું જમા પાસુ છે. અણિપ્પડિકલ, ચેમ્મીન, અનુભવડડલ, પાલિચ્યકલ વગેરે નવલકથાના તેના ઉદાહરણરૂપ છે. આ પ્રદેશના સામાજિક જીવનનું ભારોભાર ચિત્રણ તેમની નવલકથા આવરણ છે. તકષીએ સ્વતંત્રતા, સમતા, સૌહાર્દ જેવા આશય સાથે શ્રમિકોના અધિકારો અને સમાજહિત અને મનુષ્યત્વને મહત્ત્વ આપવા માટે આ નવલકથાઓનો પ્રચાર કર્યો. સમાજના સામાન્ય વર્ગથી લઈ પછાત અને હાંસિયામાં રહેલા લોકો પણ તેમની નવલકથાના પાત્રો બન્યાં. ટૂંકમાં, તકષી એ આખા સમાજને સાહિત્યમાં કલમ દ્વારા ઉદ્ધત કરી દીધું. તકષી શિવશંકર પિળ્ળે પોતાના ગંભીર વ્યક્તિત્વ અને ઊંડી સંવેદનાત્મક દૃષ્ટિ તથા સામાન્ય જન પ્રત્યેના અતુલ્ય પ્રેમથી સર્જનાત્મકની ઊંચાઈ પ્રાપ્ત કરે છે. તેમના સાહિત્યમાં સામાન્ય જનતાની પીડાની ઝલક મળે છે. તેમણે સર્વની પીડાને પોતાની સમજી છે. તેમના સાહિત્યની સમીક્ષા કરતા જોવા મળે છે કે તેમની સાહિત્યિક સમજ અને જીવનદૃષ્ટિ, અનુભવની પરિપક્વતા બદલાતી રહી છે. તેઓ દબાયેલા-કચડાયેલા વર્ગના અવાજ બની ઊભર્યા છે અને આ સંવેદનાએ તેમનું વ્યક્તિત્વ ઘડ્યું છે. તકષીએ તેમની નવલકથાઓ દ્વારા મલયાલમ નવલકથાને વિશ્વ નવલકથામાં સ્થાન આપી સાહિત્યની ઊંચાઈ વધારી છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો**

૧. સર્જક તરીકે તકષી શિવશંકર પિળ્ળાના જીવન અને સર્જન વિશે નોંધ કરો.
૨. 'ચેમ્મીન' કૃતિનો પ્રાદેશિક નવલકથા તરીકે પરિચય આપો.
૩. 'ચેમ્મીન'નું ભારતીય નવલકથા તરીકે મૂલ્યાંકન કરો.
૪. 'ચેમ્મીન' નવલકથામાં માછીમારી સમાજ વિશે જણાવો.

## ૫.૪ સંદર્ભસૂચિ

૧. ચેમ્મીન – તકષી શિવશંકર પિળ્ળા– અનુવાદ કમલ જસાપરા
૨. ભારતીય નવલકથા - ભરત મહેતા
૩. સામાજિક સંદર્ભને રજૂ કરતી નવલકથા : ચેમ્મીન (સાહિત્યસેતુ) – ચીમનલાલ પટેલ
૪. https://en.bharatpedia.org.in/wiki/Chemmeen_(novel)

**લેખન : ડૉ. હેતલ ગાંધી** - આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

| એકમ-6 | ધરતીખોળે પાછો વળે |
|---|---|

*કનડા લેખક ડૉ. શિવરામ કારંથની રસપ્રચુર નવલકથા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ૧૯૮૨માં પ્રકાશિત થઈ છે. શ્રી પ્રભાકર મંગળવેઢેકરે તેનો અનુવાદ કર્યો છે.*

*કુદરતનાં પરિબળોની સામે ઝઝૂમતા કુટુંબની ત્રણ પેઢીની કથા 'ધરતીખોળે પાછો વળે' શરૂથી અંત સુધી રસપ્રવાહિતાને અક્ષુણ્ણ રાખીને વિકસી છે. લેખકે વાસ્તવિકતાદર્શી ચિત્રણ કરીને રામ ઐતાળના કુટુંબની બે સીઓ, એક વિધવા બહેન સરસ્વતી ને પ્રથમ પત્ની પાર્વતીના સખ્ય ને સંયમશીલ જીવનનો હૂબહુ ચિતાર આપ્યો છે. મંગળૂર જિલ્લાના નાનકડા ગામ કોડીના ગોર કોદંડરામ ઐતાળના દીકરા રામ ઐતાળનાં લગ્ન મણૂરના નારાયણમય્યાની દીકરી પારોતી સાથે થાય છે.*

*કાવ્યમય, પ્રાસાદિક ગદ્ય શૈલીમાં દરિયાકિનારાનાં નાનાં ગામોમાં વરસાદની ઋતુમાં કેવું તાંડવ સર્જાય છે તે વર્ણન ખૂબ રસપ્રદ બન્યું છે. તેથીય વધુ જકડી રાખે તેવું માનવીના માનસનું ચિત્રણ તેના આંતરમનના પ્રવાહો છતા કરે છે. મોં ફાડીને ગરીબી આ રામ ઐતાળના કુટુંબને તાકી રહી છે. અસ્તિત્વ ટકાવવા પારોતી અને સરસોતીને વહેલી પરોઢથી મોડી રાત સુધી, વર્ષો સુધી જે સંઘર્ષ કરવો પડે છે તે છતી કરે છે. કર્ણાટકના અંતરિયાળ ગામડાની વાસ્તવિકતા સમાજજીવનના પ્રવાહોમાં એક પેઢીથી બીજી પેઢીનો કેવો વિકાસ ને અધઃપતન થાય છે તે પણ ખૂબ રસપ્રદ ને વાસ્તવદર્શી ચિત્રણ કથામાં પ્રાણ પૂરે છે. એથીય વિશેષ ડૉ. કારંથનું લક્ષ્યવેધી પાત્રાલેખન, તેમનાં સીપાત્રોનું, સીના જીવનની પરિસીમા પતિના ઘરની રખરખાવમાં ને ઘરની નાનીમોટી જવાબદારીઓનું વહન કરવામાં જ તેના સમગ્ર અસ્તિત્વની ઈતિશ્રી આવી જાય છે તે લેખકે સુંદર રીતે ઝીલ્યા છે.*

*ગામડાના પરિવેશમાં પારોતીનું જીવન શરૂ થાય છે. તેનું એક અંતર કોરી ખાતું દુઃખ છે તેને સંતાન નથી. આખરે જે નિષ્ઠુરતાથી, પતિ પોતે એક્લો જ નિશ્ચય કરે છે બીજું લગ્ન કરવાનો. ત્યારે જ પીડા, દુઃખ, નિરાધારપણું પારોતી અનુભવે છે. તેની એકમાત્ર સાક્ષી છે તેની નણંદ સરસોતી. દરરોજ જ્યારે વરસાદ ન હોય ત્યારે ઈંધણ માટે અને કાજુનાં અને કણજી વૃક્ષનાં પાન ભેગાં કરવામાં, તે વૃક્ષની શીંગનાં બી કાઢીને ગોવિંદ તેલીની પાસેથી ટમટમતા દીવાનું તેલ મેળવવામાં, ખેતર ખેડવામાં, ડાંગરના ધરુને ગોઠણભેર પાણીમાંથી કાઢીને ખેતરમાં રોપવામાં, ખાતર નાખવામાં, પાપડ ને વડી બનાવવામાં, શાકભાજી વાવવામાં, ઘરને નાળિયેરનાં પાંદડાંથી છાવવામાં, સમાજમાં કુટુંબનું ગૌરવ જાળવવામાં બધામાં સરસોતી અડીખમ રહીને પારોતીને હૂંફ ને વહાલ આપે છે તેથી જ તો રામ ઐતાળ જેવા ગોર મહારાજ સાથે તેનો સંસાર ચાલ્યો.*

*કોદંડ ઐતાળે દીકરા રામનાં લગ્ન એવા ટાણે કરેલાં કે તેમના ગોરપદાના ચાલીસ પચાસ ગામોના યજમાનોને બોલાવવા ન પડે. લગ્ન લીધાં'તાં સંવત્સરના જેઠ મહિનામાં.*

દરિયાકાંઠાના મણૂર ને કોડીમાં આ સમયે ધોધમાર વરસાદ હોય. 'બધાં વાવણી, નીંદણી તથા કાપણીનાં કામમાં લાગી ગયાં... વરસાદ એકસરખો વરસતો હોય ત્યારે પોતાનાં ઘરનાં કામો બાજુએ મૂકીને ઐતાળને ત્યાં લગ્ન મહાલવા લોકો જાય પણ કઈ રીતે ? કોઈ ન નીકળે  તો પણ નજીકના જાનૈયાઓએ તો જવું જ પડે ને ? ભારે ઠાઠથી જાનૈયાઓ ઊપડ્યા. હાથબોંબ, બંદૂક, કોઠી, હવાઈ વગેરે દારૂખાનું તો ઈન્દ્રદેવે જ પૂરું પાડ્યું હતું.' (પૃ. ૨). ત્યારે વળી લગ્નમંડપમાં ય વરસાદમાં ભીંજાયેલા વરરાજાને અગ્નિની હૂંફ મળી નહિ. 'ધુમાડો, પવન અને વરસાદની ફરફર એ જ ત્યારે મંત્રો અને ગીતોની ગરજ સારતા હતા. લગ્નનું જમણ બેસીને થયું કે ઊભા ઊભા થયું તે કોને ખબર !'

ભૌગોલિક દૃષ્ટિએ પણ વરરાજાના ગામની પરિસ્થિતિ વિકટ જ હતી ને વળી વરસાદ વેળાએ તો 'લગ્નના એ વર્ષે કોડી ગામના દરિયાનું પાણી ગાંડુંતૂર બન્યું હતું.' રામ ઐતાળના ઘરની સાવ નજીક - માત્ર થોડેક જ છેટે નદીનું મુખ હતું. પશ્ચિમે દરિયો, દક્ષિણે નદી અને દરિયાનો સંગમ અને પૂર્વમાં નદી.' (પૃ. ૩).

પાર્વતીના માનસપટલ પર તેના પંદર વર્ષના દામ્પત્યજીવનની ક્ષણો તાદશ જોવા મળે છે. આ સ્ત્રીની  દિનચર્યા ગાયોની દેખભાળથી શરૂ થતી  ને બીજાં અનેક નાનાંમોટાં ઘરનાં ને ખેતીનાં કામમાં જેનું જીવન વ્યતીત કરતી પારોતી રામ ઐતાળ પાસે સ્નેહની અપેક્ષા તો રાખી જ ક્યાંથી શકે ? ધાર્મિક રીતરસમ ને જપતપમાં તેનું શરીર સાવ સુકાઈને રસકસહીન થઈ ગયેલું, જ્યારે ગોરપદામાં વ્યક્ત રામ ઐતાળ સ્વાદુ ભોજન આરોગીને ઘરે પધારતા. રાત્રે થાકીને આરાસ કરતા. પૂર ને પાણી, નદીકિનારાના કોડી ગામમાં ઈંધણની ભારે મુશ્કેલી. ચોમાસામાં નદીના પૂરમાં તણાઈને આવેલા લાકડાં ભરપૂર નદીમાં તરીને લઈ આવે તો પછી ઈંધણની મુશ્કેલી ન રહે. નણંદબા સરસોતી ને ઐતાળ બંને એમાં પાવરધા. જો કિનારે રાહ જોતા ઊભા રહે તો તો બીજા ગામના લોકો જ એ લાકડાં લઈ લે. આમાં એક ખૂબ મજાની ઘટના બને છે જે લેખકે સાર્દશ વર્ણવેલી છે. આમાં કટાક્ષ, હાસ્ય ને પરિસ્થિતિજન્ય હ્યૂમર પર લેખકની કેવી સરસ પકડ છે તે પણ તરી આવે છે.

સરસોતી, પારોતી ને ઐતાળ ત્રણેય સવારે ઊઠીને દરિયાકિનારે જાય છે. 'એમનાં જેવાં ચાલીસ-પચાસ માણસો પરોઢ થતાં પહેલાં જ ત્યાં રાહ જોતાં ઊભાં હતાં. એ સમયે, હજી હમણાં જ નદીમાં પૂર આવ્યું હતું. પૂર આવે ત્યારે વૃક્ષો વધુ પ્રમાણમાં તણાઈ આવતાં, પણ સાથે સાથે પવનનો ઝપાટો અને વરસાદનો મારો પણ વધુ રહેતો. તેમ છતાંય ઐતાળ દરિયામાં ઊતર્યા. ગોઠણભેર પાણીમાં ઊભા રહી ચીલનજરે તે જોઈ રહ્યા હતા. લાકડા જેવો એક કાળો ટુકડો લગભગ સો વાર દૂરથી વહી આવતો હતો. ઐતાળે તરતાં તરતાં મોજાં પાર કરી, ત્યાં જઈ હાથની ઝાપટ મારી તે ખેંચ્યો. આ સાહસ કરી કાંઠે આવતાં તેને અડધો પ્રહર લાગ્યો. તેમણે હાથ છૂટા કર્યા. છેલ્લા એક મોજાની થપાટે તેમણે આણેલા ઝાડને રેતીના ઢગ પર ફેંકી દીધું. તેના વજન પરથી તેમને લાગતું હતું કે લાકડાના ઓછામાં ઓછા પચાસ ભારા થશે, પણ નજર નાખતાં જોયું કે તાણીને

આવેલી તે પ્રચંડ વસ્તુ લાકડું નહોતી, પણ પાડાનું મડદું હતું. તેમણે ઝાડની ડાળી નહોતી ઝાલી, પણ તેનું શીંગડું ઝાલ્યું હતું.' (પૃ. ૬-૭) આ દશ્યનો પ્રતિભાવ કિનારે ઊભેલા લોકોએ જે આપ્યો તે અને ત્યાર પછી પાર્વતીના હાસ્ય પછી ઐતાળની પ્રતિક્રિયા પતિપત્નીના સંબંધ પર સારો પ્રકાશ ફેંકે છે :

'આજુબાજુ ઊભેલા લોકો હસવા લાગ્યા તે બધાની સાથે પાર્વતી પણ પોતાનું હસવું ખાળી ન શકી. ઐતાળ એક હરફ સરખો ય બોલ્યા નહિ, પણ ઘેર આવતાવેંત જ તેમણે પોતાનું સ્વરૂપ દેખાડ્યું. ત્રણ મહિના સુધી પારોતી તે યાદ કરી, પોતાના આંસુથી ઓસરી ભીંજવતી રહી.' (પૃ. ૭).

જીવનની ધન્ય પળો થોડી ને દુઃખનું ઓસડ દહાડા માની પારોતી દિવસો નિર્ગમન કરે છે. ગોરી ગાય એક પછી એક છ વાછરડાંને જન્મ આપે છે ને તેને નથી દીકરો કે દીકરી અને નિસાસા નાખે છે. ત્યાં સરસોતીને એક સરસ વિચાર સ્ફુરે છે કે એ કરતાં એક દીકરો જ દત્તક લઈ લે તો ભાઈ ને ભાભીનો સંસાર ઉત્ફુલિત થઈ જશે. પારોતી પણ આ વિચાર વધાવી લે છે. દત્તક દીકરો ઘરમાં આવશે તો મર્યા પછી સદ્‌ગતિ તો મળશે ને ? 'મારી મા, મારા બાપુ' એમ કહી શ્રાદ્ધ, તર્પણ વગેરે તો કરશે ને ? આવી એક ઘેલછાએ તેના મનમાં ઘર કર્યું. (પૃ. ૧૬).

પારોતી ને સરસોતીનું જીવન સંપૂર્ણપણે ઘરને સમર્પિત હતું. પોતાના ગમા-અણગમા, માન વગેરેને તેમાં કોઈ ખાસ સ્થાન નહીં, ગરીબાઈ ચારે કોર દેખા દેતી હોય ત્યાં ભાવતું ભોજન કે વસ્ત્રની તો વાત જ ક્યાં ? બ્રાહ્મણ ખોળિયું, જપ જ કરતી. ઐતાળ ઘણું કરીને સવારના યજમાનને ત્યાં જ જમણ કરી લેતા. આથી પારોતી એકલી રાત્રે પોતાને માટે રસોઈ કરવાને ઉત્સુક ન રહેતી. ખાસ તો જ્યારે બંને રાત્રે એકલાં હોય ત્યારે, સ્નેહવશ સરસોતી પારોતીને જે ઉપાલંભ આપે છે તે લેખકની સ્ત્રીના મર્મસ્થાને પહોંચવાની હથોટી બતાવે છે :

'તું આમ ને આમ ઉપવાસ કરી કરી સુકાઈને લાકડું થઈ જઈશ. ત્યાં તારો પતિ કંઈ ભૂખ્યો રહેતો નથી. તે ખીર અને મિષ્ટાન્ન ખાતો હોય ત્યારે તો બપોરે જ એક મુઠ્ઠી ચોખા વધુ ઓરી દેતી હો તો ? અથાણું તો છે જ. તેલ અને મીઠા સાથે ભાત ખા તો જીભનેય સ્વાદ લાગે.' (પૃ. ૨૧).

પોતાના પર પડેલું દુઃખ યાદ કરીને સરસોતી પારોતીનું દુઃખ સહન નથી કરી શકતી તે એક સુભગ ઘટના ભારતીય સંસારની ગણાય. બહુધા નણંદ ભાભીના દુઃખે દુઃખી થાય એ અશક્ય નહીં તો ય અસામાન્ય તો ગણાય જ. આવા સ્નેહભર્યા મૃણ્મય સંબંધથી તો શિવરામ કારંથ સ્ત્રીહૃદયની ઋજુતાને સ્પર્શીને વાચકના ચિત્તનો કબજો લેવામાં સફળ રહ્યા છે.

ખેડૂતનું જીવન, રામ ઐતાળની કોડી ગામમાં આબરૂ અને એમાં બ્રાહ્મણ ગોરપદું ત્યાં તેમના જીવનમાં વળાંક આપે છે. પાક સારો ઊતરે, બી માટે અને વાપરવા જેટલું અનાજ રાખીને મકરસંક્રાંતિ સમયે ઐતાળ સારે ભાવે ડાંગર વેચીને સારું ધન કમાયા. ધરતીની ઓથે ઐક્ય સાધવા આ કુટુંબે ખૂબ કષ્ટ વેઠીને ખેતી કરી. ઘરની સ્ત્રીઓ ખેતરનાં, ગાયનાં તથા ઘરનાં કામોમાં વ્યસ્ત. કાકડી, પાપડી, કોળાં, અડદ, મઠ, ચણા ને તલ ઉગાડવાના તેમાં પારોતી ને સરસોતી ગળાડૂબ રહેતાં. ઉત્સવ, મેળામાં જતાં હતાં ને આવતાં વર્ષે ય તેમના ખેતરમાં સારો પાક ને ભાવ મળે તેવી પ્રાર્થના કરતાં.

પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીનું શું માન ? રામ ઐતાળે પોતાની બહેન સરસોતીને ઘરનું આંગણું લીંપીગૂંપીને અરીસા જેવું ચકચકિત બનાવવાનું કહ્યું. પોતે આ ચાલી નીકળ્યા ને ત્રણ દિવસ સુધી પાછા નથી ફરવાના. નાળિયેરના પાનના કેટલા બધા ભારા મગાવીને છાપરું બનાવ્યું. પૂરજોશમાં આંગણું નવું બનાવવાની તૈયારી ચાલી. છતાંય ઘરની સ્ત્રીઓને ઐતાળે કંઈ જ જણાવ્યું નહીં. આંગણું તો ચમકાવીને સુંદર થઈ ગયું, પણ પારોતીને લાગ્યું કે આ બધી તૈયારીમાં પ્રસંગ શું હશે ? તેને થયું લગ્ન, જનોઈ જેવું હોય તો વડી-પાપડ બનાવવા જ પડે. આ આંગણામાં તો સહેજે હજાર ભાણાં મંડાઈ શકે, પણ સરસોતીને આ સમયે પોતાનું સાસરું યાદ આવ્યું. ભાઈને ત્યાં વિધવા થયા પછી રહેવા આવી. તનતોડ મહેનત કરતી ને જ્યારે ભાઈ કંઈ જ કહ્યા વિના બહાર જતો રહ્યો ત્યારે તેને પોતાને સાસરે જવાની તીવ્ર ઈચ્છા થઈ. તેના દૃઢ નિશ્ચય પાસે પારોતીનું ય કંઈ ચાલ્યું નહીં. સરસોતીનું મન 'અસંતોષથી ઊકળતું હતું. સ્ત્રીનો અવતાર લીધો એટલે કશું જ માન નહિ એમ તેને લાગ્યું.' (પૃ. ૫૬) તેમના ગણોતિયા સૂર તથા તેની વહુ પાસે આંગણું સરખું કરાવ્યા પછી ત્રણ દિવસની મુદતમાં પોતાનું કામ થઈ ગયું એટલે સરસોતી ચાલી નીકળી. પારોતીની આંખમાંથી આંસુ વહી જતાં હતાં ને સરસોતી નદી ઓળંગી પેલે પાર નીકળીને ચાલી ગઈ. રાતના એક પ્રહર સુધી અંધારામાં નદીતટે પારોતી ઊભી રહી અન્યમનસ્કની માફક. સૂરના દીકરા કાળની વહુ પોમ્મી ત્યાં ખોવાયેલી જોઈને ઘરે જવા કહેતી સાંભળી, પણ વિચારો ને દુઃખથી વ્યથિત પારોતી કંઈ જ સાંભળતી નહોતી. આખરે ભાનમાં આવીને પોમ્મી સાથે ઘર તરફ વળી. સ્રીના દુઃખને પતિ ક્યારે સમજે ? ઐતાળ તો મધરાત પહેલાં ઘરના આંગણામાં આવે છે. પાડોશી શીનમય્યા સાથે વાતો માટે સાદ કરે છે.

વાતમાં હોય છે લગ્નમાં મોટા ઠાઠથી જમણવાર કરવાની પડુમુન્નૂરના લોકોને કોપરાંની પુરણપોળી ને બુંદીના લાડુ જમાડવાની. ત્યાં પારોતીને ખ્યાલ આવ્યો કે વાત છે ઐતાળના બીજા લગ્નની. તેણે ગભરાતાં ગભરાતાં સરસોતીના મંદરતી, પોતાના સાસરે જતી રહ્યાની વાત કરી. ત્યારે જ ઐતાળને ખ્યાલ આવ્યો કે નાની બહેન વિના પોતાનો સંસાર ભાંગી પડશે. વળી તે ઘર છોડીને ગઈ એ વાત જો ગામમાં ફેલાય તો ગામમાં પણ હોહા થાય. તકસાધુ, સ્વાર્થી શીન તેમના બીજા લગ્નની તૈયારીમાં સકુટુંબ સાથે હતો. તેણે જ્યારે પૂછેલું કે આ બીજા લગ્નમાં પારોતીની સંમતિ છે કે નહીં, ત્યારે તેમણે ગર્વભેર

જણાવેલું કે, 'મારું ઘર કેમ ચાલે છે તે તું જાણતો નથી. ત્યાં તેમની બડાશ 'સરસોતી તો એક રાતમાં જ વડી-પાપડ તૈયાર કરી નાખશે' કેટલે અંશે સાચી  થાય તે ય મૂંઝવણ હતી. પુરુપસહજ રીતે ઐતાળ ગુસ્સે થઈને પારોતીને પૂછે છે કે મારી ગેરહાજરીમાં તમે બંને ઝગડ્યાં તો નથી ને ? ત્યાં પારોતી કહે છે :

'કશું જ થયું નથી. તમે છાપરું બનાવવાનું કહ્યું, ભય લીપીગૂંપી ઘસવાનું કહ્યું, પણ એ બધું શા માટે કરો છો તે જણાવ્યું નહીં એટલ તે બોલ્યાં – 'ઘરનું કામ મારે કરવાનું. ગધ્ધાવૈતારું મારે કરવાનું, પણ આ બધું કેમ, શા માટે થાય છે તે મને કોઈ દિવસ પણ કહેવાનું નહિ.' - આટલું કહી તે ગુસ્સે થઈ ચાલ્યાં ગયાં. જે રીતે તે ગયાં તે જોતાં તો હમણાં તે પાછાં ફરે એવો કોઈ અણસાર દેખાતો નથી. બેત્રણ રાત તો તે જરાકે ઊંઘ્યાં નહોતાં. આ ઘરમાં હું સાવ નક્કામી છું એમ કહીને તે રોકકળ કરતાં ગયાં.' (પૃ. ૬૫)

આમ સ્ત્રી અવગણના, તેનું વ્યક્તિત્વ ઋજુ, હૃદયનું. લાગણીસભર, ઉદાર, ભાઈના સ્નેહનું મૂલ્ય ઘણું, પણ ઐતાળનું અહમ્ એવું કે પોતે જે કરવા ધારે છે તે એકલા હાથે લક્ષ્યને પાર પાડવું, પત્ની કે બહેન માત્ર કામ માટે. કારંથ જે ખૂબીથી આ કુટુંબની રગેરગને પારખે છે ને ચિત્રણ કરે છે તેમાં રામ ઐતાળના પાત્રને આબેહૂબ ઉપસાવીને પુરુષપ્રધાન, સ્વાર્થપટુ, લોભી નાયકને  સજીવ કરે છે. નાટ્યાત્મક ક્ષણો, કુટુંબના સુદુઃખના પ્રસંગો, સત્યા સાથેના બીજ લગ્નનો ભપકો, ધામધૂમ, જમણવાર, હંગારકટ્ટે બંદરેથી ચાર હોડીમાં જાન, મશાલોથી પાંચ પચ્ચીસને બદલે પાંચસો માસોની ભવ્ય વરયાત્રા ને જાન, પછી નવી પત્ની સત્યભામા સાથેનું સ્નેહભર્યું વર્તન, પારોતીના દુઃખની અવધી. સઘળું સુંદર રીતે આલેખાયું છે.

શનિ જે સાવ સામાન્ય માણસ, તેને મય્યા કહીને કોઈ માણસ ગામમાં બોલાવે તો તે બહરો, બની જતો. લગ્નની જમણ, જાન ને ગૃહપ્રવેશ  સુધીની સઘળી જવાબદારી તથા ઐતાળના સાસરે તેમનો વરના ભા જેવો વેશ તેથી તેમનું અભિમાન પોષાયું. હવે તે ઐતાળને મોઢે તેમનાં વખાણ કરતો ને પીઠ પાછળ તેમની ઈર્ષ્યા ને અદેખાઈ !

સત્યા, પારોતી સરસોતી સાથે હળી ગઈ. લગ્ન પછી ત્રણ મહિનામાં જ સોહાગરાતનું મુહૂર્ત નીકળ્યું ને વર્ષ પૂરું થાય તે પહેલાં જ સીમંતનો પ્રસંગ પણ આવ્યો. પારોતી અને સરસોતીએ દીકરો જનમશે તો અરમ્મદેવને ફળ ને નાળિયેર' ચઢાવવાની માનતા માની. સરસોતીએ કહ્યું, 'દીકરો જનમશે તો અણે ગુડ્ડના (ત્યાંના એક ડુંગરનું નામ) ગણપતિને ફળ, નાળિયેર ચડાવીશ.' આમ બધા આતુરતાથી પુત્રજન્મની રાહ જોતા હતા. તેમાંય રામ ઐતાળની અધિરાઈનો પાર જ નહીં. 'તે ખેતરમાં ખેતી કરતા હોય કે યજમાનને ત્યાં હોમહવન કરાવતા હોય, પણ તેમનું ચિત્ત તો કુમાર-સંભવમાં જ. 'આ ક્યું નક્ષત્ર ? આ મા માટે સારું નહીં. આ કયું ? ના. એ પિતા માટે સારું નહિ. આ નક્ષત્રમાં જન્મશે, તો ધનલાભનો યોગ. આ નક્ષત્ર એટલું અશુભ નથી, તો એટલું બધું શુભ પણ ન કહેવાય.' એવું બોલીને પ્રત્યેક જન્મનક્ષત્રની તે તુલના કરતા.' (પૃ. ૮૩).

આખરે એક ઉનાળાની બપોરે ત્રણે વ્યક્તિઓ નદીમાં હોડી રાખીને નદીનો કાંપ ભેગો કરવાના કામમાં રોકાયેલા ત્યાં દૂરના ખેતરને ખૂળેથી કોઈ સાદ પાડતું સંભળાયું. 'ઐતાળ ! ઓ ઐતાળ !' એ માણસે તેમનો અવાજ સાંભળ્યો ને તે હોડીની દિશા તરફ આગળ વધ્યો, 'ત્યારે ઐતાળ એકમેવ કૌપિનાલંકારથી વિભૂષિત થઈને આખા શરીર પર કાદવનો લેપ લગાવીને હોડીને પાછલે છેડે બેઠા હતા. સરસોતી-પારોતીએ પોતાનું કામ ચાલુ જ રાખ્યું.' (પૃ. ૮૪), એ હતા ઐતાળના સાળા. ઐતાળને શુભ સમાચાર આપવા આવ્યા હતા. તે ઐતાળ અને ઘરની સીઓનો આ વેશ જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા, તેણે દીકરાના જન્મની વધાઈ આપી. વેવાઈનું સ્વાગત કરતા સરસોતી ને પારોતી રસોઈના કામમાં પરોવાઈ ગયાં. બીજે દિવસે સાળા સાથે ઐતાળ નવશિશુ ને સત્યાની ખબર કાઢવા ગયા. બાળકનું નામ રાખ્યું લક્ષ્મીનારાયણ, પણ લાડમાં બધા તેને લચ્ચા કહેતા, બસ, ત્યાર પછી સત્યા મહારાણી પદે સ્થાપિત થાય છે. શીન મધ્યાની અવરજવર ઐતાળના ઘરે સત્યા-લચ્ચાને લઈને આવ્યા પછી ખૂબ વધી ગઈ. મોંફાટ પ્રશંસા કરીને તેને જોઈતી કોઈ પણ વસ્તુ ઘરમાં ન હોય તો પણ તે લઈને જ રહેતો. ખાસ તો લચ્ચાની કમરે સોનાનો કંદોરો જોયા પછી ને તે પણ ઐતાળે તેને આપ્યો છે તે જાણ્યા પછી ઐતાળ માટે તેનું માન વધી ગયું. તેને ખાતરી થઈ કે આ આસામી સદ્ધર છે. ક્યારેય તૂટી જાય તેવો નથી, એટલે તેણે ગણતરી માંડી કે ઐતાળે એક હજાર રૂપિયાથી વધુ પૂંજી એકઠી કરી હશે. 'તો એ બસો રૂપિયા હૂંડી ઉપર ઉછીના આપે તો તેને શી ખોટ જવાની હતી?' બસ, ત્યાર પછી શીનમથ્થાએ ઐતાળને ત્યાંથી મીઠું, આમલી, મરી, ચણા, નાળિયેરનાં પાન, કણકી એવી નાનીનાની વસ્તુઓ માગવાનું બંધ કર્યું.

આ નવલકથાની કથાવસ્તુનો પૂર્વ ભાગ. પહેલાં આઠ પ્રકરણમાં રામ ઐતાળનું સાદું, ધરતીને ખોળે જીવાતું જીવન ચિત્રિત થયું છે. પારોતી, સરસોતીની આરાધના ને જીવનના સંઘર્ષનું વર્ણન છે. ચારસો ચાલીસ પાનાં ને ત્રીસ પ્રકરણના ઉત્તરાર્ધમાં છે. બીજી પેઢીના લચ્ચાની કથા ને પિતા ને ફોઈ, માતા ને પારોતીમાની વ્યથા.

અતિશય લાડમાં લચ્ચાનું લાલનપાલન થયું. પારોતીને પોતાનું માન સત્યાના આવ્યા પછી ઓછું થતું લાગ્યું, પણ લચ્ચાનું નિર્દોષ હાસ્ય જોઈને પારોતી મનમાં પોરસાતી કે 'મારા મર્યા પછી મને સદ્‌ગતિ આપવા જ આ જીવે જન્મ લીધો છે.' પારીતીને મોટી મા કહેતો. તેની સાથે બહાર મેદાનમાં જવા જીદ કરતો. પોતાના ખાવાનામાંથી તે લચ્ચા માટે રાખી મૂકતી, પણ સત્યાને જયાં સુધી પોતાનું કામ અનુકૂળતાથી થતું ત્યાં સુધી પારોતી લચ્ચાને રાખે તે ગમતું. 'પણ લચ્ચાનો પ્રેમ પોતાના કરતાં તેની મોટી મા પર વધુ છે એવું ભાન થતાં જ તેના મનમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ.' (પૃ. ૧૦૮). ખેતરમાં ને ઘરમાં બધે જ પારોતીની સાથે જીદ કરીને લચ્ચા જોડે જ રહેતો.

ધીમે ધીમે મોટો થતાં તેને સત્યાના પિતા પાસે ભણવા મૂકવાનું નક્કી કરવામાં આવ્યું. આમ તેનો મોટી મા તરફનો ગાઢ પ્રેમ પણ ઓસરી જશે એમ લાગ્યું. બીજી તરફ

રામ ઐતાળે ધીરેલા પૈસા શીનમથ્થા પાસેથી પાછા મેળવવાની મથામણમાં રામ ઐતાળે શીન જેવું નળિયાંવાળું, માળવાળું ઘર બાંધવાની હામ ભીડી, બંને વચ્ચે વૈમનસ્ય વધતું ગયું. શીનના ત્રણ દીકરા. બંગલૂર હૉટલમાં કામ કરી વધુ સમૃદ્ધ થતા ગયા. આ તરફ લચ્ચા મોસાળમાં દાદા, દાદી ને મામાના લાડમાં ભણવામાં ઊણો ઊતરે છે.

શીનમથ્યા દિવસે દિવસે ધનાઢ્ય થતાં રામ ઐતાળ ને તેમની વચ્ચે સ્પર્ધા થાય છે. લગ્નપ્રસંગે, જનોઈ પ્રસંગે શીનમથ્થા ખૂબ ધામધૂમથી પ્રસંગ ઊજવે છે. રામ ઐતાળ સ્વપ્ન જુએ છે પોતાના દીકરા લચ્ચણાને વકીલ બનાવી ગામમાં પૈસા ને પ્રતિષ્ઠા મેળવવાનું. સત્યા અને ઐતાળે ઘણી ચર્ચા-વિચારણાના અંતે લચ્ચાને તેના નાનાને ત્યાં પાંચ ધોરણ સુધી ભણાવવા રાખવો ને સરકારી નિશાળમાં ભણીને પારંગત થાય. સરસ્વતીની ઈચ્છા તેને બ્રાહ્મણોના છોકરા ભણે તે શંકરઅય્યાની વૈદિક શાળામાં મુકવાની હતી. પણ અંતે સત્યાની ઈચ્છાનો જય થયો. લચ્ચા મોસાળમાં ભણવામાં પાછળ રહ્યો ને મોજશોખમાં પાવરધો. જૂઠું બોલતાં, ખોટી રીતે પૈસા માગતાં શીખ્યો. શીનમથ્થા શાહુકાર બની ગામમાં ને દૂરનાં બીજાં ગામોમાં માન પામતા, જ્યારે તેના જેવું માનપાન રામ ઐતાળને નહોતું મળ્યું. તેથી તે અપમાન અનુભવતા હતા. તેમને લાગતું તેમના ગોરપદાની કોઈ પ્રતિષ્ઠા નથી. તેથી પણ દીકરો ભણીગણીને મુનસફ થાય તેવી ઈચ્છાએ કુંદાપુરની અંગ્રેજી શાળામાં લચ્ચાને આગળ ભણવા મુકાયો.

પરંતુ પિતાની મહેચ્છા ધૂળમાં મળી. લચ્ચા ભણવામાં કંઈ હીર ન બતાવી શક્યો. મહેનતથી પાઈ પાઈ એકઠી કરેલ પિતાના પૈસા વેડફી નાખી તે ખોટી સોબતે ચઢી ગયો. બહેન સુબ્બીના લગ્નમાં કોઈ સાથે હળીમળી શકતો નહોતો, શીનના નાના પુત્ર સાથે પણ મિત્રતામાં પિતાનું દુઃખ જ વધારતો ગયો. લચ્ચાને પોતાના પિતા અતિ કૃપણ લાગે છે. બાપ-દીકરા વચ્ચે વૈમનસ્ય વધતું જાય છે. પોતાનાથી થાય તેથી વધુ ખર્ચ, દેવું કરી મોજશોખમાં કુંદાપુરમાં તે મેટ્રિક પાસ થવા ભણે છે. ગામમાં તેની વાસના, જુગાર ને કુટેવોની વાતોથી કુટુંબની પ્રતિષ્ઠા ભંગ થાય છે. અંતે તેનાં લગ્ન કરીને સુધારવાનો પ્રયાસ થતાં મંગળુરના પ્રતિષ્ઠિત વકીલની કન્યા નાગવેણી સાથે લગ્ન લેવાય છે. નાગવેણી સુંદર, સુશીલ કન્યા છે, પણ લચ્ચા સાથેના લગ્નથી તેના જીવનમાં આંધી સર્જાય છે. છતાં નાગવેણી સંગીત સાધના કરે છે. તેનો પુત્ર રામ ધરતીનો બાળ છે. રામ ઐતાળ દુઃખી થઈ મૃત્યુ પામે છે. લચ્ચા આ દુખદ સમાચાર જાણીને પણ ઘરે આવતો નથી. જે હેતુથી રામ ઐતાળે બીજાં લગ્ન કર્યા હોય છે તે પુત્ર તેમને પિંડદાન નથી દેતો. વિધિની વક્રતા જોવા જેવી છે. આખરે પૌત્ર રામ ખૂબ સુંદર યુવક બને છે. માતા નાગવેણીની વ્યથા સમજે છે. કોડી ગામના સાગરનું અનેરું આકર્ષણ તેને મદ્રાસ, મુંબઈ જેવાં મહાનગરોમાં ન સ્થિર થતાં પિતામહના ઘર સુધી ખેંચી લાવે છે.

નાગવેણી તેના પિતાની મદદથી પુત્રને બી.એ. સુધી ભણાવે છે. પરંતુ અંતે તે પોતાના પગ પર ઊભો રહે છે. જીવનની લીલીસૂકી જોઈ ચૂકેલી નાગવેણી અંતે પોતાના

*શ્વસુરગૃહે પોતાના પુત્રના લગ્નોત્સવથી જીવનમાં વેઠેલી વ્યથા વિસારે છે. આ નવલકથા લેખકના જીવનદર્શનનો પણ ઊંડો પરિચય કરાવે છે.*

---

**લેખન : ભારતી પરીખ** - *જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા, સંપાદક : ભરત મહેતા, પ્ર.આ. ૨૦૧૬ માંથી સાભાર*

---

| એકમ-7 | આરોગ્ય-નિકેતન |
|---|---|


૭.૧ પ્રસ્તાવના

૭.૨ કૃતિ પરિચય : 'આરોગ્ય-નિકેતન'

૭.૩ સર્જક પરિચય

૭.૪ સ્વાધ્યાય

૭.૫ સંદર્ભ


## ૭.૧ પ્રસ્તાવના

*'આરોગ્ય-નિકેતન' તારાશંકર બંદોપાધ્યાયના સર્જનમાંની ઉત્તમ નવલકથા છે. એમની કૃતિના અનુવાદ હિન્દી, ગુજરાતી અને અન્ય ભારતીય ભાષાઓમાં થયા છે. ભારતીય વાચકો એમની સર્જન કળાથી અજાણ નથી. રવીન્દ્રનાથ ટાગોર અને શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય બાદ તારાશંકર બંદોપાધ્યાયનું નામ બંગાળી કથાસાહિત્યમાં મહત્ત્વનું છે. ૧૯૨૬માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો હતો. ત્યાર બાદ તેઓ નવલકથાનું સર્જન કરે છે. ૧૯૨૯માં 'કલ્લોલ' સામયિકમાં એમની પહેલી વાર્તા પ્રસિદ્ધ થઈ અને એવું કહેવાય છે કે ત્યારથી એમની સર્જનયાત્રા આરંભાઈ હતી. તેઓ યુવાવસ્થામાં બંગાળના ક્રાંતિકારી હિંસક આંદોલનકારોના સંપર્કમાં આવ્યા હતા. માર્ક્સવાદી ચિંતનથી પરિચિત હતા તેમ છતાં હિંસક ક્રાંતિ કે આંદોલન પ્રત્યે એમને શ્રદ્ધા ન હતી. એમના મનમાં જે મંથન ચાલતું હતું એનો ઉત્તર એમને ગાંધીજીના અહિંસક આંદોલનમાં મળે છે અને એમની શ્રદ્ધા સ્થિર થાય છે. એમની 'રાજકમલ', 'ગણદેવતા', 'આરોગ્ય-નિકેતન', 'કાલિન્દિ', 'ધરતીમાતા', 'મન્વન્તર', 'કવિ', 'નાગરિક', 'નીલકંઠ', 'પંચગ્રામ', 'ઉત્તરાયણ', 'ગુરુદક્ષિણા' વગેરે નવલકથાઓ વિશેષ ધ્યાન ખેંચે છે. સાહિત્યક્ષેત્રે એમણે વિભિન્ન સ્વરૂપોમાં વિપુલ માત્રામાં સર્જન કર્યું છે. 'આરોગ્ય-નિકેતન'માં દેશી ઉપચાર, વૈદ ઉપચાર અને વિલાયત ઉપચાર પદ્ધતિના સંઘર્ષની કથા છે. મશાય વંશની કીર્તિગાથા એટલે 'આરોગ્ય-નિકેતન' નવલકથા. દેશી અને વૈદના સચોટ નિદાનની કથા એટલે 'આરોગ્ય-નિકેતન' નવલકથા. પરંપરામાં મળેલ સચોટ ચિકિત્સા નિદાનનો વારસો, આયુર્વેદનું જ્ઞાન સિદ્ધિ અને કીર્તિ અપાવે છે. વિલાયત ચિકિત્સા એની તત્કાળ અસરને કારણે ધ્યાન ખેંચે છે પણ ક્યાંક તો આયુર્વેદ કે દેશી ઉપચાર જ કારગત નીવડે છે. દર્દીનો જીવવા માટેનો મોહ અને ઇચ્છાઓ મૃત્યુનો સ્વીકાર કરતાં અટકાવે છે. જીવનમશાય તત્ત્વજ્ઞાન, દર્શન કે સરળ રીતે સમજાવી મૃત્યુના સત્યને સ્વીકારવા સમજાવે છે. જીવનમશાય ચિકિત્સકનો ધર્મ તટસ્થ થઈને નિભાવે છે. દર્શન અને તત્વજ્ઞાન તરફનો સર્જકનો દૃષ્ટિકોણ ધ્યાન ખેંચે છે. 'આરોગ્ય-નિકેતન'ની સરળ પ્રવાહી રજૂઆત શૈલી એને શિરમોર સ્થાન અર્પે છે.*

## ૭.૨ કૃતિ પરિચય

*'આરોગ્ય-નિકેતન' તારાશંકર બંદોપાધ્યાયની બંગાળી નવલકથા છે. આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ રમણીક મેઘાણીએ કર્યો છે. નવલકથામાં 38 ખંડ/પ્રકરણ છે જેને શીર્ષક આપવામાં આવ્યા નથી. 'આરોગ્ય-નિકેતન' એટલે દેવીપુર ગામમાં ત્રણ પેઢીથી વૈદું કરતા મશાય કુટુંબનું દવાખાનું. આ દવાખાનાની સ્થાપના જગતબંધુ મશાયે કરી હતી. નવગ્રામમાં 'આરોગ્ય-નિકેતન'ની સ્થાપનાને લગભગ એંસી વર્ષ થયા હોય એ ખંડેર જેવી સ્થિતિમાં છે. 'આરોગ્ય-નિકેતન'ની સ્થાપના પ્રથમ રાય—ચૌધરી વંશને આશરે પાઠશાળારૂપે થઈ હતી. રાય—ચૌધરીને ત્યાં વૈદું કરતાં વૈદરાજ શિરોમણિ કૃષ્ણદાસ સેન હતા તેમણે દિનબંધુ દત્તને શિષ્યભાવે સ્વીકાર્યા હતા. રાય-ચૌધરીના પુત્રની માંદગીમાં દીનબંધુ દત્તે અથાગપણે સેવા કરી મૃત્યુમાંથી ઉગાર્યો. વૈદરાજ કૃષ્ણદાસ ખુશ થઈ કહે છે – 'મારે તને ઈનામ આપવું છે એની ના ન પાડીશ. તારી પાસે અજબ ધીરજ, ઠરેલ બુદ્ધિ અને નિર્લોભ વૃત્તિ છે. તું મારી પાસે વૈદક ભણ, હું તને શીખવીશ. (પૃ. ૨૮)' વૈદક ભણીને તેઓ નવગ્રામની બાજુના દેવીપુરમાં શાંત અને નાના ગામડામાં વાસ કર્યો. નવગ્રામમાં વસવાટ ન કરવાના કારણો તેઓ ઉદાહરણ સાથે રજૂ કરે છે. 'મશાય'ની ઉપાધિ સૌ પ્રથમ દિનબંધુ દત્તને મળી હતી. દિનબંધુ દત્તે પોતાની વિદ્યા પોતાના પુત્ર જગતબંધુને આપી. પિતાએ મૃત્યુ સમયે પુત્રને કહ્યું હતું – 'પૈસો તો કંઈ ભેગો નથી કરી શક્યો પણ એથીય કંઈક મહદ્ આપતો જાઉં છું, એ જાળવજે. એથી તારો આ જન્મ અને આવતો જન્મ બેઉ સાર્થક થશે. (પૃ. ૨૮)' પિતાના વિધાનનું અક્ષરશઃ પાલન કર્યું. સંસ્કૃત શીખી આયુર્વેદ ભણ્યા અને પારૂલિયાની વૈદ્ય વિદ્યાપીઠના એ વિદ્યાર્થી. આયુર્વેદમાં જેવા એ પારંગત હતા એવા જ રોગીઓ માટે સ્નેહપરાયણ હતા. એમનામાં સૂક્ષ્મ રસ-બોધ અને રમૂજ હતા જે અહીંના લોકો માટે દંતકથા બની ગયા હતા. જગતબંધુમશાયે પોતાની વિદ્યા પોતે શીખ્યા એ રીતે પોતાના પુત્ર જીવનને શીખવાડી એને પારંગત કરે છે. પિતાના ગુણ પુત્રમાં પણ અવતર્યા છે. આ મશાયવંશના દરેક માટે કહી શકાય એમ હતું. રમૂજવૃત્તિ નિમિત્તે પ્રગટતી કળા ધ્યાન ખેંચે છે. 'જગતબંધુમશાય વૈદરાજ હતા. જીવનમશાય દાકતર અને વૈદ બન્ને છે. ત્યારે આ વાક્ય ઘેરઘેર બોલાતું કે – જગત ખાઈશ કે જીવન ખાઈશ? અર્થાત દવા દાકતરી લેવી છે કે વૈદની? દાકતર જીવનદત્તને બોલાવીએ કે જગતબંધુ વૈદરાજને બોલાવીએ?' પેઢીઓથી ચાલી આવતી મશાયવંશની ચિકિત્સામાં લોકોને અપાર શ્રદ્ધા છે. એટલે જ જ્યારે જીવનમશાય આધુનિક દાકતર પાસે જઈને ઈલાજ કરાવવા કહે છે ત્યારે લોકો કહે છે કે 'જીવનમશાય ઊઠીને આમ કહે છે? દીનુમશાયનો પૌત્ર, જગતમશાયનો દીકરો – જીવનમશાય પોતે આમ કહે છે? જેનો હાથ નાડીને સ્પર્શતાં જ તેનો અર્ધો રોગ ચાલ્યો જતો તે જીવનમશાયના મોંમાં આ વાણી! (પૃ. ૩૦) જીવનમશાય ઉત્તર આપતા કહે છે – 'મને હવે ચેન નથી પડતું મકબુલમિયાં! અને વળી ઉંમર પણ થઈ છે. ભૂલભ્રાંતિ થાય. (પૃ. ૩૦) જીવનમશાય આવું કહે છે કારણ કે પ્રદ્યોત દાકતર અને એના જેવા અન્યને એમની ચિકિત્સા પદ્ધતિમાં*

વિશ્વાસ નથી. આરોગ્ય-નિકેતનમાં હવે દવાની સગવડ નથી. જીવનમાં શાંતિ નથી એટલે જીવનમશાય વિચારે છે કે હવે બધું મૂકી દેવું છે પણ એ એવું ઈચ્છા હોવા છતાં કરી શક્યા નથી. આ બધુ મૂકી ન શક્યા એનું કારણ ત્યાંના અમુક લોકો જેને આજે પણ જીવનમશાયની ચિકિત્સા પદ્ધતિ અને સચોટ નિદાનમાં અખૂટ વિશ્વાસ છે. આ વિશ્વાસ પાછળ આર્થિકસ્થિતિ, આધુનિક ચિકિત્સાનો ભય, માનસિકતા વગેરે ઘણા કારણો હતા.

નવલકથાનો આરંભ ૧૯૫૦ના વર્ષ, બંગાળી સવંત ૧૩૫૬ના શ્રાવણ માસની એક નમતી બપોરથી થાય છે. નવલકથાકારે દરેક પાત્રોનું ચરિત્રચિત્રણ, મનોભાવ અને વર્તનનું આલેખન સૂક્ષ્મતાથી કર્યું છે. નવલકથામાં પુરાકથાઓ પાત્રના વર્તન અનુસાર રજૂ થઈ છે. 'આરોગ્ય-નિકેતન'નું મુખ્ય પાત્ર જીવનમશાય છે. દાકતર અને ગોજ્ઞની નિકટતા અને સુમેળભર્યા વર્તન તથા તેમના દવા – પરિણામથી સૌ પરિચિત હતા. મોતી જીવનમશાયને મળવા આવે છે. મોતીની આર્થિક સ્થિતિ નબળી હોવાથી માતાના એક્સ-રેનું ખર્ચ પોસાય એમ નથી. માતા એને વહાલા હોવા છતાં ગળાના કાંટા જેવા થયાં છે. માતાને જોવા આવવાનું કહી એ આગળ જાય છે અને ઘરમાં સાફસફાઈ કરે છે. આ બધુ જીવનમશાય જાણે છે. માતાની નાડી જોઈ એમને ઈચ્છાનુસાર બધું જ જમવા, મીઠાની પોટલીનો શેક કરવાનું અને તીર્થસ્થાને જવાનું કહે છે. મોતીની માતાની સ્થિતિ જોઈ વાસ્તવિકતા જણાવે છે અને એનો સ્વીકાર કરવા કહે છે. દરેક ચિકિત્સકની સત્ય રજૂ કરવાની એક રીત હોય છે. જીવનમશાય સત્યને તટસ્થ રીતે રજૂ કરે છે. અન્ય ચિકિત્સકો દવા અને પરિણામમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાનું કહે છે.

### ❖ જીવનમશાયનું વ્યક્તિચિત્ર

'જીવન દાકતરની કાયા બહુ ભારે છે. એથી ધરતી પર એમનાં પગલાં ધબ્ ધબ્ કરતાં જ પડે છે. દાકતર રસ્તે થઈને જતા હોય તો તે તરફના ઘરવાળાઓ જાણી જાય કે દાકતર જાય છે. શ્રાવણની આ ઝરમર વર્ષામાં ચીકણા અને પોચી માટીના રસ્તે બહુ જાળવી – જાળવીને નીચે ધરતી તરફ જોઈને ચાલવું જોઈએ, એ બેઉ વાત એમને કંટાળાજનક છે. પણ ઉપાય નથી, ચીકણા રસ્તે પગ લપસતાં શરીર કાબૂમાં નહિ રહે. વસુંધરાને માનવી મા કહે છે. હરિયાળાં ઘાસ અને ધાનથી ઢંકાયેલી ધરતીને કોમલાંગી કહેવાય છે પણ એક વાર પડતાં જ ભરમ ભાંગી જાય છે. ને દાકતર મનમાં ને મનમાં હસ્યા. (પૃ. ૧૭)' જીવનમશાયની કાયા અને હળવો રમૂજ તથા માયાળુ – ઋજુ સ્વભાવ રજૂ થયા છે. આખા પંથકમાં તેઓ પ્રસિદ્ધ હતા. તેમને શતરંજ રમવાનો ખૂબ શોખ હતો. સેતાબ સાથે શતરંજ રમતા. ઈન્દ્ર અને નંદ ચલમ માટેની તૈયારી કરી આપે છે. જીવનમશાય સેતાબની નાડી જોવાનો પ્રયત્ન કરે છે પણ એ જોવા દેતા નથી. એનું વર્તન ધ્યાન ખેંચે છે – 'તારી પોતાની નાડી જ સરખી રીતે જો. તું જ જવાનો થયો છે હવે, હું કહું છું. ગામ આખાની નાડી જોઈને નિદાન કરે છે તો હવે તારું પોતાનું જ નિદાન કર. (પૃ. ૧૯)' જીવનમશાયની સચોટ નિદાનની સિદ્ધિ છે. સેતાબની બિમારીના લક્ષણો જાણી

એમને ચિંતા થાય છે. સેતાબની પત્ની દુર્ગા સશક્ત સ્ત્રી છે જો કંઈ પણ થાય તો એને અગવડતા નહિ રહે. સેતાબે સાંજે નાડી જોવા ન દીધી એ સવારે જીવનમશાય પૂછે છે ત્યારે નાડી જોવા દેવા તૈયાર થાય છે અને ભવિષ્ય જણાવવા કહે છે. જીવન શૈલી રોગનું મૂળ છે. બદલાઈ રહેલો સમય, સ્ત્રીઓનું બદલાતું સ્થાન, સમાજમાં દરજ્જો, સ્થિતિ વગેરે નવલકથાના સ્ત્રી પાત્રો વ્યવહાર અને વર્તણૂંક ઉપરથી સ્પષ્ટ થાય છે. આધુનિક દાક્તરી અને હોસ્પિટલનું વર્ણન ચિકિત્સા ક્ષેત્રે આવી રહેલ પરિવર્તન દર્શાવે છે. પ્રદ્યોત બોઝ આધુનિક ચિકિત્સામાં પારંગત હોય એ જીવનમશાયની ચિકિત્સા પદ્ધતિને અવૈજ્ઞાનિક માને છે જે એના વર્તનમાં પ્રગટ થાય છે.

જીવનમશાય વૃદ્ધ થયા છે. એમનો દીકરો મૃત્યુ પામ્યો છે. દીકરાનું મૃત્યુ એમણે ભાખ્યું અને એ સાચું પડ્યું હતું. દાંતુ ઘોષાલને દવા સારી જોઈએ પણ દામ આપીને નહિ. દાંતુ ઘોષાલ અને મકબુલને નાડી તપાસી એમના શરીરની પ્રકૃતિ અનુસાર દવા અને અન્ય જરૂરી સલાહસૂચનો આપે છે. પરાણખાનની પત્નીની બીમારી શારીરિક નહિ માનસિક છે એ વાત જીવનમશાય અને અન્ય દાક્તર જાણે છે. એનો ઈલાજ સારા મનોચિકિત્સક પાસે કરાવવા જણાવે છે. પરાણખાન પત્નીનો ઈલાજ જીવનમશાય પાસે અને એ કહે એ રીતે જ કરવા તૈયાર થાય છે.

જીવનમશાય કિશોરાવસ્થા યાદ કરે છે. પોતાનામાં ધનવૈભવના દંભની અસર આવી હતી. એ અસરમાં મંજરી પ્રત્યેનું આકર્ષણ અને એને રાજી કરવા માટે ખુલ્લા હાથે ઉધારી કરી ખર્ચ કરે છે. જીવનમશાયની ઈચ્છા દાક્તરી ભણવાની હતી કારણ કે હવે લોકોને વૈદોમાં વિશ્વાસ નથી અને દાક્તરોનું ચલણ વધી રહ્યું હતું. જગતમશાયની ઈચ્છા સંસ્કૃત પાઠશાળામાં વ્યાકરણ ભણાવી આયુર્વેદ ભણાવવા વિચાર્યું હતું. જગતબંધુનો વિચાર સાકાર થાય છે અને જીવનમશાય પિતાની ઈચ્છાનુસાર અભ્યાસ કરી જ્ઞાન પ્રાપ્ત કરે છે.

જીવનમશાયની પત્ની આતરવહુનો સ્વભાવ અન્ય લોકો માટે સરળ, ઋજુ, માયાળુ અને પતિ માટે એને થોડો ગુસ્સો છે. એનું કારણ મંજરી સાથે જીવનમશાયના પ્રણય અને લગ્ન અંગેની માહિતી અને એની સાથે લગ્ન થયા એ એના મનદુઃખનું કારણ છે. સ્ત્રી તરીકે એ આ વાત સહન કરી શકતી નથી એટલે જ્યારે પણ એ હૈયા બળાપો કાઢે ત્યારે જીવનમશાય સાંભળે એ રીતે બોલે અને માથું કૂટી નસીબને દોષ આપે. શશી જીવનમશાય વિશે દાક્તરો જે વાત કરતા હતા એ આતરવહુને કહે છે એટલે આતરવહુ જીવનમશાય ઉપર ક્રોધિત થાય છે. શશી જીવનમશાય પાસે દવા બનાવતા અને દાક્તરી, શેતરંજ રમત અને સંગીત – એમ ત્રિવિદ્યા શીખ્યો હતો. શશી એમની પાસે સલાહ લેવા આવતો અને ક્યારેક એ એમને નિદાન કરવા લઈ જતો. કુડોરામ બાઉડીની દીકરીને ન્યુમૉનિયા થયો હતો એની શશીની બેદરકારીમાંથી જીવનમશાયે એને ઉગારી લીધી હતી. શશીની સારવારના કારણે દરદીની સ્થિતિ બગડે તો જીવનમશાય એને સારા કરવાના તમામ પ્રયત્ન કરે અને એમાંથી એને ઉગારી લે.

પ્રદ્યોત દાકતર અન્ય દાકતરો સાથે ભેગા થઈને જીવનમશાયનો વિરોધ કરવા માટે ફરિયાદ કરવાનું નક્કી કરે છે. આ વાતની જાણ શશી આતરવહુને કરે છે. તેથી આતરવહુ જીવનમશાયને કડવા વેણ કહે છે. નવગ્રામમાં ત્રણ ડીગ્રીધારી દાકતર હતા. પ્રદ્યોત, હરેન અને ચારુબાબુ. આ સિવાય ચક્રધારીબાબુ હતા જેને પ્રદ્યોત ગણતો જ નહિ. પ્રદ્યોત જીવનમશાય ચિકિત્સક ગણતો નથી કારણ કે – 'કોઈને મોઢામોઢ એમ કહેવું કે, 'તું હવે બચીશ નહિ' એના કરતાં વધુ ક્રૂરતા, નિર્દયતા બીજી કઈ હોઈ શકે? એથી દરદીનું મનોબળ ભાંગી પડે છે. દરદ સામે ઝઝૂમવાની એની શક્તિ ઘટી જાય છે. એ નબળો પડી જાય છે એ પણ ખરું જ છે. જીવવાની ઈચ્છા, હું જીવીશ એ શ્રદ્ધા જ જીવવા માટેનું પરમ બળ છે એ કોણ નહિ સ્વીકારે? (પૃ. ૪૩)' પ્રદ્યોતનો ચિકિત્સા અંગેનો દષ્ટિકોણ અહીં પ્રગટ થયો છે જે એના જેવા લગભગ તમામ દાકતરનો હોય છે. આનાથી વિપરિત જીવનમશાયનો દષ્ટિકોણ છે. પ્રદ્યોતના પૂર્વગ્રહ અને આધુનિક ચિકિત્સાના જ્ઞાનને કારણે સંઘર્ષ થાય છે અને જીવનમશાય ઘણું સહન કરે છે.

કાંદી જઈ મેડિકલનો અભ્યાસ કરવાનું સ્વપ્ન જુએ છે પણ મંજરી માટે આકર્ષણ અનુભવે છે અને ત્યાર બાદ જે ઘટનાઓ બને છે એ કારણે સ્વપ્ન પૂર્ણ થતું નથી. જીવનમશાય સાથે મંજરીના પરિવારનો ત્રણ પેઢીનો સંબંધ હતો. મંજરીને વાંચવાનો શોખ હતો. સંસ્કારી મંજરીમાં કપટવૃત્તિ, ઉદ્દંડતા, તોછડાપણું પણ હતા જે જીવનમશાય સાથે એણે લગ્ન નક્કી થતા એ ન કરવા માટે કરેલ કૃત્ય ઉપરથી કહી શકાય. મંજરીને આ કૃત્ય કરવામાં એને એનો બંકિમભાઈ અને માતા સહાય કરે છે અને પિતા એનો વિરોધ કરે છે. ભૂપતિકુમાર બસુ અને મંજરી એકમેકને ચાહે છે અને પરણે છે. મંજરી, એની માતા, બંકિમ, ભૂપતિકુમાર ભેગા થઈને જીવનમશાયને સારું બોલી – કરીને બદલો લેવા માટે એને ઠગે છે, આબરૂ ડાઘ લગાવે છે. ભૂપતિકુમાર જમાનાનો રસિયો યુવાન બધી વાતે પૂરો હતો. જીવનમશાય મંજરી માટેના પ્રેમને સાકાર કરવા તમામ પ્રયત્ન કરે છે પણ પછી ભૂપી વગેરે સાથે મારામારી થઈ અને સભાન થતા એ માર્ગનો સદૈવ માટે ત્યાગ કરી નવગ્રામ પાછા ફરે છે.

શાળા જીવનના અનુભવો અને તત્કાલીન વાતાવરણ, રીતરિવાજમાં ભેદભાવ વગેરે ઉદાહરણ સાથે રજૂ થયું છે. પિતા જગતબંધુમશાય પાસે વિદ્યાભ્યાસ આરંભ્યો. આયુર્વેદ એટલે પાંચમો વેદ. વૈદના કાર્યની સૂક્ષ્મ વિગતો રજૂ થઈ છે. જીવનમશાયના વિચારોમાં પરિવર્તન આવવા લાગે છે. નાડી વિદ્યા અંગે એમના પિતા સમજાવે છે કે – 'જ્ઞાનયોગ, નાડી-જ્ઞાન અને સાચા ધ્યાનયોગના અનુભવે જો તું સાચે જ સિદ્ધ થઈ શકીશ તો રોગના ઊંડાણમાં અન્ય કંઈ કારણ છે કે નહિ તે તું સમજી શકીશ. (પૃ. ૫૯)' નાડી પારખવાની વિદ્યા જ્ઞાનમાં પરિણમે તો મૃત્યુના ધબકારા જોઈ અને જાણી શકાય છે. જીવનમશાય આ સિદ્ધિ પ્રાપ્ત કરે છે. પૌરાણિક કથા દ્વારા મૃત્યુ'નો મહિમા દર્શાવ્યો છે. જગતમશાય કહે છે કે 'મૃત્યુ' અંધ અને બધિર હોવા છતાં કાળ એને નિયંત્રિત કરે, ક્યારેક અકાળ મૃત્યુ પણ થાય. આ સિદ્ધિ અનુભવ અને નસીબની છે.

જીવનમશાય વર્તમાન ક્ષણે પોતાની નાડી જોઈ મૃત્યુ સમય જાણવાનો પ્રયત્ન કરે છે પણ એમાં સફળતા મળતી નથી. જીવનના અંતિમ સમયમાં એમને સફળતા મળે છે અને એનો સહર્ષ સ્વીકાર કરે છે. અહીં જીવનમશાય ફરી ભૂતકાળની ઘટનાઓને યાદ કરે છે. શશી અને આતરવહુના સંવાદો અને પ્રતિક્રિયાથી વ્યથિત થાય છે. આતરવહુ એમના જીવનમાં દરદરૂપે આવી છે જ્યારે મંજરી છલના કરીને ગઈ.

જીવનમશાય અને કિશોરનો સંબંધ ગાઢ હતો. પ્રદ્યોત દાક્તર બધાને ભેગા કરે છે ત્યારે એ જીવનમશાય વિશે વખાણ કરે છે. રતનબાબુના દીકરાની સારવાર વૈદકીય અને વિદેશી ચિકિત્સા દ્વારા અન્ય દાક્તરો સાથે જીવનમશાય પણ કરે છે. પહેલાં પ્રદ્યોત એનો વિરોધ કરે છે પણ પછી  એમનું નિદાન સાચું પડે છે ત્યારે એનો સ્વીકાર કરે છે.

કંઈક કરી બતાવવાના નિર્ધાર સાથે જીવનમશાય દવા બનાવવાની શરૂઆત કરે છે. આ શરૂઆત એમના જીવનમાં મહત્ત્વનો વળાંક છે. નિશિ ઠાકુરણની ભત્રીજીની નાડી જોઈ સલાહ સૂચન આપે છે. ભત્રીજી ચૌદ વર્ષની છે બે બાળકની માતા અને ત્રીજું ગર્ભમાં છે. પતિના અસંયમિત ફળની સજા પત્ની-ભત્રીજીએ ભોગવવાની અને બાળકોએ માતાના મૃત્યુને સહન કરવું પડે એવી સ્થિતિ. જીવનમશાયને રંગલાલ દાક્તર પાસે દાક્તરી વિદ્યા શીખતા હતા ત્યારે રંગલાલ દાક્તરે કહેલું વિધાન યાદ આવે છે – 'માનવી બહુ અસહાય છે. એના અંતરમાં પશુનો કામ, ક્રોધ, લોભ છે પણ પશુની સહનશક્તિ એનામાં નથી. એના પર રોષ ન કરીશ. બેશક એમાં તમારો એ અધિકાર છે, પરંતુ તો પછી તમે ચિકિત્સક નહિ થઈ શકો. (પૃ. ૭૩)' ચિકિત્સક અને દરદીનો સ્વભાવ – ગુણ દર્શાવ્યા છે. ભૂતકાળની સ્મૃતિ આનંદ, દુ:ખ, પીડા એવા વિભિન્ન ભાવો અનુભવીએ.

પ્રદેશની ખાસિયત, લોકોની રહેણીકરણી, ખાણીપીણી, રીતરિવાજ વગેરેનું સૂક્ષ્મ વર્ણન કર્યું છે. જીવનમશાય ધર્મભ્રષ્ટ થયા નથી. મંજરી સાથે લગ્ન ન થયા અને છેતરપિંડીમાંથી બચી ગયા એનો આનંદ – રંજ એવા મિશ્ર ભાવ અનુભવે છે. ઠાકુરદાસ એને ચેતવે છે. જીવનમશાય એની સાથે થયેલ કાવતરાની જાણ થતા ધૂંધવાય છે. જગતમશાય અપમાન થયું હોવા છતાં આનંદમાં આવી અગિયારમીએ જ જીવનમશાયના લગ્ન કરવાના હોવાથી બધાને સુંદર અને તંદુરસ્ત કન્યા શોધવા કહે છે. જીવનમશાયના લગ્ન કૃષ્ણભામિની - આતરવહુ સાથે થાય છે. લગ્ન બાદ બધું બદલાયું. ઈચ્છાઓ પૂરી ન થઈ. આતરવહુના ઉગ્ર સ્વભાવનું કારણ કરિયાવર વિના ઘરમાં દાસીની જેમ રાખી, હક્ક અધિકાર નથી એમ માની સંભળાવે છે પણ હકીકતમાં એવું નથી. ઘરનો બધો કારભાર આતરવહુ પાસે જ છે. જીવનમશાયનો સ્વભાવ થોડો અલગ છે તેથી ગેરસમજને કારણે આતરવહુ આ રીતે વર્તે છે. જીવનમશાય આતરવહુના આવા વર્તનને કારણે સમસમી જાય પણ પછી હસીને વાતને વાળી લે છે. દામ્પત્યજીવનમાં સુમેળ ન સાધી શકવાને કારણે તેઓ આતરવહુ અને મંજરીની તુલના કરે છે. જીવનમશાય બે પ્રતિજ્ઞા કરે છે. એક સુંદર પત્નીને પરણી સુખી થવાની અને બીજી દાક્તર થવાની. રંગલાલ મુખુર્જે પાસેથી ઘરે જ દાક્તરી ચિકિત્સા શીખવાની પ્રેરણા મળી. રંગલાલ પુસ્તકો દ્વારા દાક્તરી શીખતા.

પિતાના મૃત્યુ પછી દાકતરી શીખવાની તક મળી. રંગલાલ દાકતરને જીવનમશાય ગમતા એનું કારણ એ હતું કે ક્યારેય પરાજય સ્વીકારતા નથી. તક જોઈને દાકતરી ભણાવવાની વિનંતિ જીવનમશાય કરે છે રંગલાલ દાકતર આશ્ચર્ય સાથે થોડા પ્રશ્નો કરી એની વિનંતિને માન્ય રાખે છે. જીવનમશાયને વરદાનપ્રસાદ બાબુ અને કૃષ્ણબાબુના દીકરા કિશોરની સારવાર સારવાર બાદ પ્રસિદ્ધિ મળી. આ પ્રસિદ્ધિએ એમને માન, કીર્તિ, યશ, અર્થ – સઘળું અપાવ્યું. પૌરાણિક કથાનો આધાર અને જીવન બચાવી શક્યાનો આનંદ પ્રગટ કરે છે.

'ગુરુ રંગલાલે આપેલ સ્ટેથસ્કોપ લઈ જીવન દાકતરે એલોપેથી શરૂ કરી. વૈદું મૂકી ન દીધું. સાદા ઉપાયો પણ ચાલુ રાખ્યા અને ત્યારે જ દત્ત મહાશયના ચિકિત્સાલયનું નામ પડ્યું – 'આરોગ્ય-નિકેતન'. (પૃ. ૧૧૬)' જીવનમશાય દાકતરી, વૈદક અને સાદા ઉપાયોની ત્રિવેણીમાં દરદીઓના દરદ દૂર કરવાના સઘન અને સચોટ પ્રયાસ કરે છે. ગમામા હોમિયોપાથ કે.એમ.બ્રાબોરી – ક્ષેત્ર મોહન બાઉડી એમના દવાખાનાનું 'બ્રાબોરી હોમિયો હૉલ' અને જીવનમશાય માટે 'આરોગ્ય-નિકેતન' સાઈન બોર્ડ ચિતરાવી લાવ્યા હતા. સાધુબાવાના અંતિમ સમય સુધી સારવાર કરી વિદાય આપી હતી. રામહરિની સારવાર કરી સારા કર્યા અને એમની વીલ કરવાની ઈચ્છા ત્વરિત પૂર્ણ થાય એવા પ્રયત્ન જીવનમશાયે કર્યા. શશીની સારવારમાંથી ઘણાને જીવનમશાયે બચાવ્યા હતા. આ શશીને એની મૃત્યુ પામેલી માતા સાથે રહી એનું ધ્યાન રાખે છે, રક્ષા કરે છે એવું લાગે છે.

પ્રદ્યોત દાકતર અને આધુનિક વિચારોને વરેલી પત્ની મંજુ – મંજુલા સાથેના આનંદમય જીવનની સંપૂર્ણ વિગતો રજૂ કરી છે. રતનબાબુના દીકરા વિપિનને સાજા કરવાના તમામ પ્રયત્ન પ્રદ્યોત અને અન્ય દાકતરો ભેગા થઈને કરે છે. રતનબાબુ જીવનમશાયને એની આ લોકો સાથે રહી સારવાર કરવા કહે છે અને જીવનમશાય કરે છે. વિનય બનાવટી દવા વેચતો એ પ્રદ્યોતના ધ્યાનમાં આવે છે એટલે એ બધા દાકતરોને ભેગા કરે છે. વિનયને બૉયકોટ કરવા માટેના પૂરતા કારણો હોવાથી બધા દાકતરો નવગ્રામ કો-ઑપરેટિવ મૅડિકલ સ્ટોર્સ એન્ડ ક્લિનિકલ લૅબોરેટરી સ્થાપવાનું નક્કી કરે છે. જેમાં બધા શેર લઈ સહાય કરે અને લોકોનું જીવન બચાવી સેવાકાર્ય કરવાનો વિચાર રજૂ કરે છે. બધા દાકતરો ભેગા થયા ત્યારે મંજુ ભોજન તૈયાર થાય ત્યાં સુધી બધાનું મનોરંજન કરવા ગીત સંભળાવતી હતી. એવામાં રસોઈયો ભૂત માંસ માંગતું હોવાની વાત બૂમબરાડા કરી બધાને જણાવે છે. આ ભૂત દાંતુ ઘોષાલ છે અને જીવનમશાય એને ઓળખી જાય છે. ભૂત છે એમ બધા માની લે છે કારણ કે એ સ્થાનની આસપાસના વિસ્તાર માટે લોકોમાં એવી અંધશ્રદ્ધા હતી કે ભૂત, ચૂડેલ, ડાકણ, પ્રેતાત્મા વગેરે ત્યાં રહે છે. ભટ્ટાચાર્યની પુત્રી સિમંતિની પુત્રીની સુવાવડ કરાવવા પ્રદ્યોત દાકતરને ત્યાં લઈ જાય છે અને બચાવી લેવાય છે.

*'આરોગ્ય-નિકેતન'ની સમૃદ્ધિ અને અન્ય દાકતરો વિશેની સંપૂર્ણ વિગતો રજૂ થઈ છે. આરોગ્ય-નિકેતનમાં આવતા દરદીઓ અને એમના દરદની વિગતો ધ્યાન ખેંચે છે. રોગચાળો ફાટી નીકળે ત્યારે લોકોની પ્રતિક્રિયા અને જીવનમશાય તથા કિશોરની સેવાવૃત્તિ ધ્યાન ખેંચે છે. વિપિન કુટુંબ અને સ્વાસ્થ્યને નહિ પૈસાને મહત્ત્વ આપે છે, પણ એ પૈસા એનું જીવન બચાવી શકતા નથી. વિપિનને જોતા જીવનમશાય પોતાના દીકરા વનવિહારી કે જેનું મૅલેરિયા - પ્રમેહના કારણે અકાળે અવસાન થાય છે એને યાદ કરે છે. વનવિહારીનું વ્યક્તિત્વ જીવનમશાય કરતાં દરેક રીતે અલગ હતું. પાકટ ઉંમર થતા બધા સ્વપ્ન, ઈચ્છા, મોહ ત્યાગી વાસ્તવિકતાનો સ્વીકાર જીવનમશાયે કર્યો. યુવાનીનો તરવરાટ હવે સ્થિર થયો. રાણા પાઠક, પરાણ ખાન, વગેરેને જીવનમશાયની સારવારમાં શ્રદ્ધા હતી એટલે જે થાય એને સ્વીકારવાની એમની તૈયારી હોવાથી સારવાર કરે છે. સરપંચ તરીકે જીવનમશાયની નિમણૂંક થઈ. એમણે લોકો માટે ઘણા કાર્યો કર્યા. વિલાયતી ચિકિત્સા જાણવા સમજવાની પ્રબળ ઈચ્છા જીવનમશાયની હતી. એ ઈચ્છા એમનો દીકરામાં દાકતર થઈ પૂર્ણ થતી જુએ છે. કિશોર કૉમ્યુનિટી પ્રોજેક્ટની વાત રજૂ કરે છે. મણિ ચાટુર્જે, શશાંક , રામ મિત્તર વગેરેની સારવાર છતાં મૃત્યુ નિશ્ચિતતા જીવનમશાય જણાવે છે. શશાંકની પત્ની શાપ આપે છે વનવિહારીના મૃત્યુ અંગે જીવનમશાયને અને સાચો પડે ત્યારે જીવનમશાય એને નિયતિ માને છે પણ શશાંકની પત્નીને પોતાના કડવાવેણ માટે દુઃખ થાય છે. જીવનમશાયે દીકરીઓને ધામધૂમથી પરણાવી. દીકરીઓના આગમન સાથે એમના ઘરમાં માંસનો પ્રવેશ થયો. જીવનમશાય રામહરિ, અહીનના દોહિત્ર, શશાંક અને એની પત્ની, વનવિહારી, વિપિન અને એની પત્ની, પરાણખાનની બીબી, અતસીના દીકરા વગેરે વિશે વિચાર કરે છે. નિનયને ત્યાં કદરૂનો ઈલાજ કરે છે.*

*પરાણખાનની બીબી ઝેર પીને આપઘાત કરવાનો પ્રયાસ કરે છે. આપઘાત કરવાનું કારણ પરાણખાનની ઉંમર હતી. પોતે યુવાન અને પતિ ઉંમરવાળા હોવાથી માંદગીનું બહાનું કાઢતી હતી. આપઘાતના કેસમાંથી પરાણખાનને બચાવવનો પ્રયત્ન જીવનમશાય કરે છે અને એની બીબીને હોસ્પિટલ લઈ જવાનું કહે છે. પ્રદ્યોત દાકતર એને બચાવી શકતા નથી.*

*શબ ઉપર ચિકિત્સા પ્રયોગોની તપાસ કરવામાં આવતી. વિનયનું શ્રાદ્ધ સાંસ્કૃતિક મૂલ્યોનું જતન દર્શાવે છે. વિપિનબાબુ નવગ્રામમાં હોસ્પિટલમાં દાન આપી લોકોના જીવનમાં અધારું દૂર કરવાનો પ્રયત્ન કરે છે. જીવનમશાય અભયાને માંદગીમાંથી સ્વસ્થ કરે છે. રોગોના નિદાન અંગેની ચર્ચામાં જીવનમશાય કેન્દ્રસ્થાને છે. સીતા નર્સનું જીવનમશાય સાથેનું લાગણીશીલ વર્તન છે. દાંતુ ઘોષાલ, મોતીનો દીકરો, રાણા પાઠક વગેરે મૃત્યુ પામ્યા.*

*પ્રદ્યોત દાકતર અને જીવનમશાયના મનમેળ થતાં બન્ને એકમેક માટે અનહદ લગાવ અને આનંદ અનુભવે છે. અભયા સાવિત્રી વ્રત માટે જીવનમશાયને આમંત્રણ*

આપે છે. જીવનમશાય સ્વીકાર કરી એને ત્યાં જાય છે. પ્રદ્યોત દાકતરની પત્ની મંજુની સારવાર દાકતરો સાથે મળીને જીવનમશાય કરે છે અને માંદગીમાંથી ઉગારે છે. આ ઘટના બાદ પ્રદ્યોત દાકતર જીવનમશાયના નિદાનને સ્વીકારે છે. મંજુની વૃદ્ધ દાદી મંજરી છે એ જીવનમશાયને ખબર પડે છે ત્યારે એને આવી સ્થિતિમાં જોઈ સ્તબ્ધ બની જાય છે. કાંદી બાદ વર્ષો પછી એમની આ પ્રત્યક્ષ મુલાકાત હતી. મૃત્યુદૂત ભૂપીનું રૂપ ધારણ કરીને આવે છે અને મંજરીને લઈ જાય છે એ સમાચાર જીવનમશાયે સાંભળ્યા નહિ.

જીવનમશાયના અંતિમ દિવસો – ઘડીઓ ગણાઈ રહી હતી. નાડી જોતા જ એ જાણી ગયા હતા. એમની ઈચ્છા હતી કે – 'છેલ્લી પળે સભાનવસ્થામાં મૃત્યુને મોઢામોઢ થવાની એમની ઈચ્છા છે. જો કોઈ રૂપ હશે તો એનું રૂપ જોશે. સ્વર હશે તો તે સ્વર સાંભળશે. એનામાં ગંધ હશે તો શ્વાસમાં પારખશે. સ્પર્શ હશે તો એનો સ્પર્શાનુભવ કરશે. વચ્ચે વચ્ચે ઘેરા ધુમ્મસની જેમ બધું ઢંકાઈ જાય છે. બધું જ જાણે અદશ્ય થઈ જાય છે. ભૂતકાળ ને વર્તમાનનાં સંભારણા – પોતાનો પરિચય, સ્થળ, કાળ, બધું વીસરી જાય છે ને પાછું બધું જ દેખાય છે, યાદ આવી જાય છે એમ એ જુએ છે – એ આવ્યું શું? આ બધા કોણ છે? દૂર-સુદૂરના ઝાંખા ઓળા જેવા એ કોણ છે? (પૃ. ૩૨૨) જીવનમશાયને માધવ ચરણે શાંતિ મળી. એમનું ધ્યાન પૂરું થયું. મશાયવંશનો અંત. આતરવહુ આત્મસમર્પણ કરે એમ જીવનમશાયની પથારીમાં આળોટી પડે છે. અહીં નવલકથા પૂરી થાય છે.

નવલકથામાં દિનબંધુ દત્ત, જગતબંધુ મશાય – જગતબંધુ દત્ત, જીવનમશાય – જીવન દત્ત(જીવનમશાયને વિદ્યાર્થીઓ વાઘનું બચ્ચું, આતરવહુ ગેંડાની ચામડી, મંજરી ભૂંડ, ભૂપી બોઝ વરાહ અને મગદળ તરીકે ઓળખાવે છે. બીજા લોકો તેને વંદન કરી માનપાન આપે છે., કૃષ્ણભામિની - આતરવહુ, વનવિહારી, વૈદરાજ શિરોમણિ કૃષ્ણદાસ સેન, રોય-ચૌધરી, નંદ, ઈન્દ્ર, શશી, દાકતર, મોતી, મોતીની માતા (ડોશી), ગોષ્ઠ, રઘુવીર ભારતી, સેતાબ મુખુર્જે, સુરેન્દ્ર, નેપાલ, મદન ઘોષ, વદનલાલ ઘોષ, અહીન્દ્ર સરકાર, એની દીકરી અસતીનો દીકરો, ચાટુર્જેનો દીકરો, હરિહર પાલ, દાકતર પ્રદ્યોત બોઝ, હરેન ચાટુર્જે, ચારુબાબુ, ચક્રધારીબાબુ, કિશોરબાબુ, દાકતર અહીનબાબુ, વિનય, જીવનમશાયના દાકતરી વિદ્યાગુરુ રંગલાલ દાકતર, મકબુલ ડોસા, પરાણખાન, ઠાકુરદાસ મિશ્ર, કુડોરામ બાઉડી, નવકૃષ્ણબાબુ, મંજરી, બંકિમ, ભૂપતિકુમાર બસુ – ભૂપી બસુ, નિશિ ઠાકુરણ, રતનબાબુ, વિપિન, રંગલાલ દાકતર, વિનોદ મુખુર્જે, ઠાકુરદાસ, વરદાનપ્રસાદ બાબુ, કે. એમ. બ્રાબોરી – ક્ષેત્ર મોહન બાઉડી, સાધુબાવા, કુડો બાઉડી અને તેની દીકરી, ભટ્ટાચાર્ય અને પુત્રી સિમંતિની પુત્રી, ગૌરહરિ, મિંયાસાહેબ, રાણા પાઠક, પ્રહલાદ બાગ્દી, ગોપાલ, વૃદ્ધ ચરણદાસસિંહ, યોગી બાંડુર્જે, સુરેશચંદ્ર મિશ્ર, સેનમશાય, સુંદરનાથ, મણિ ચાટુર્જે, શશાંક , અભયા, મરિ વૈષ્ણવી, સુરેન, રામ મિત્તર, ગણેશ ઢોલી, શરદચંદ્રના દાદીમા, દાકતર ચેટરજી, દાકતર બ્રહ્મચારી વગેરે પાત્રો છે. માનવમનની સંકુલતા આ પાત્રોમાં જોઈ શકાય છે. જીવન જીવવાનો મોહ અને ડર હોવાથી મૃત્યુ સ્વીકારી શકતા નથી. સાધુ – મહંત, જેવા જૂજ લોકો જ મૃત્યુને આનંદથી

આવકારે છે. મોતીની માતા અને દાંતુ ઘોષાલ (ક્ષય), નિશિ ઠાકુરણની ભત્રીજી વગેરેની બીમારીનું એક કારણ સ્વાદિષ્ટ ભોજન છે.

નવગ્રામ, દેવીપુર, વર્ધમાન, કાંદી, કલકત્તા, પાકુડિયા વગેરે સ્થળની વિગતો રજૂ થઈ છે. આધુનિક સમય અને ભૌતિક સુખસુવિધા – હારમોનિયમ, ગ્રામોફોન અને રેડિયો વગેરે દર્શાવે છે. સલ્ફાગ્રુપની જુદા જુદા નામવાળી ટીકડી, પેનિસિલિન, સ્ટ્રેપ્ટોમાઈસિન, ગ્રેઈન ક્વિનાઈન, કેનોબિસિન્ડિકા, ડી. ડી. ટી., એનોફિલિસ, કાર્બોલિક એસિડ, ક્વિનાઈન એમ્પુલ, ક્લૉરોડાઈન, ગ્લુકોઝનું ઈન્જેક્શન, ફાજ, સારસાપરિલા, પ્રન્ટુસિલ, સલ્ફાગ્રુપ, પેનિસિલિન ટેરામાઈસિન, સ્ટ્રેપ્ટોમાઈસિન, ક્લોરોમાઈસિટિન, ઓરામાઈસિન, વગેરે દવાઓની માહિતી ધ્યાન ખેંચે છે. ક્ષય, સંગ્રહણી, ટાઈફૉઈડ, કાળો તાવ, મૅલેરિયા, પ્રમેહ, લોહીનું દબાણ, મેલિગ્નન્ટ મૅલેરિયા, રેમિટન્ટ ટાઈફોઈડ, તાવ, આમાશય, ઉપાદંશ, અજીર્ણ અતિસાર – ઈન્ટેસ્ટાઈનલ ટ્યુબરક્લૉસિસ, ડિસ્પેપીયા, મેનીનજાઈટીસ, સ્ટિકનિન, ડિજિટિલિસ, એડ્રેનેલિન, સેલુલાઈટિસ, ઈરિપ્લાસિસ, સ્ટ્રોપ્ટોક્સાસ, મમ્સ, કૉલેરા જેવા રોગ અને અલ્ટ્રાવાયોલેટ કિરણોત્સર્ગી સારવાર નિદાન પદ્ધતિ નવાઈ લાગે એવી છે.

નવલકથામાં વર્તમાનકાળમાંથી ભૂતકાળમાં વારંવાર આવનજાવન ચાલે છે. જીવનમશાય વર્તમાન ક્ષણે ભૂતકાળને સ્મરે છે. ઘટનાઓની ક્રિયા – પ્રતિક્રિયા યાદ કરી એનો હવે કોઈ અર્થ ન રહ્યો હોય એમ હસી કાઢે છે. જીવનમશાયની અધૂરી ઈચ્છાઓ ક્યારેક સ્મૃતિમાં હાવિ થઈ જાય ત્યારે પીડા આપે છે. નવલકથાના તમામ સ્ત્રી પાત્રોના વર્તન અને વ્યવહાર થોડા સરખા થોડા ભિન્ન એવા વિશિષ્ટ છે. સ્ત્રીપાત્રોના દેખાવનું વર્ણન લગભગ એકસરખું છે. અમુક ઘટનાનું પુનરાવર્તન અને પ્રસ્તાર વધુ છે.

## ૭.૩ સર્જક પરિચય

તારાશંકર બંદોપાધ્યાય બંગાળી સર્જક છે. એમનો જન્મ ૨૩ જુલાઈ ૧૮૯૮માં બ્રિટિશ ઈન્ડિયા સમયના બંગાળ પ્રેસિડેન્સીના બીરભૂમ જિલ્લાના લાભપુર ગામમાં જે હાલમાં પશ્ચિમ બંગાળમાં છે ત્યાં થયો હતો. ૧૯૧૬માં લાભપુરમાં જદબલાલ એચ . ઈ. સ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી હતી. ત્યાર બાદ તેઓ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, કલકત્તા અને સાઉથ સબબર્ન જે હવે આશુતોષ કૉલેજ તરીકે ઓળખાય છે એમાં પરવેશ મેળવી અભ્યાસ પૂર્ણ કર્યો. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, કલકત્તામાં ઈન્ટરમીડિયેટમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેઓ અસહકારના આંદોલનમાં જોડાયા હતા. તેઓ નાદુરસ્ત તબિયત અને રાજકીય સક્રિયતાના કારણે તેઓ યુનિવર્સિટીનો અભ્યાસક્રમ પૂર્ણ કરી ન શક્યા. કૉલેજના આ વર્ષો દરમિયાન તેઓ કટ્ટરપંથી આતંકવાદી યુવા જૂથ સાથે પણ સંકળાયેલા હોવાથી તેમની ધરપકડ થાય છે અને તેમના જ ગામમાં નજરકેદ કરવામાં આવે છે. ભારતીય સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે ટેકો આપ્યો અને એ કારણે ૧૯૩૦માં એમની ધરપકડ કરવામાં આવી. તે વર્ષ પછી એમને મુક્ત કરવામાં આવ્યા. ત્યાર બાદ એમણે

પોતાને સાહિત્યમાં સમર્પિત કરવાનું નક્કી કર્યું. ૧૯૩૨માં તેઓ શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથ ટાગોરને પ્રથમવાર મળ્યા. તેમની પ્રથમ નવલકથા 'ચૈતાલી ઘુર્ની' એ જ વર્ષે પ્રકાશિત થઈ હતી. ૧૯૪૦માં તેમણે બાગબજારમાં એક મકાન ભાડે લીધું અને પરિવારને કલકત્તા લાવ્યા. એમના પરિવારમાં એમના પત્ની ઉમાશશીદેવી અને ચાર સંતાન – સનતકુમાર, સરિતકુમાર, ગંગા અને બાની હતા. ૧૯૪૧માં તેઓ બારાનગર ગયા. ૧૯૪૨માં બીરભૂમ જિલ્લા સાહિત્ય પરિષદની અધ્યક્ષતા કરી અને બંગાળમાં ફાસીવાદ વિરોધી લેખકો અને કલાકારોના સંગઠનના પ્રમુખ બન્યા. ૧૯૪૪માં બિન-નિવાસી બંગાળીઓ દ્વારા આયોજિત કાનપુર બંગાળી સાહિત્ય પરિષદમાં અધ્યક્ષ બન્યા. ૧૯૪૭માં કલકત્તામાં આયોજિત પ્રબાસી બંગા સાહિત્ય સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું. બોમ્બેમાં સિલ્વર જ્યુબિલી પ્રબાસી બંગા સાહિત્ય સંમેલનમાં અધ્યક્ષતા અને કલકત્તા યુનિવર્સિટીમાંથી શરત મેમોરિયલ મેડલ મેળવ્યો. ૧૯૪૮માં કલકત્તાના તાલા પાર્કના પોતાના ઘરમાં રહેવા ગયા. ૧૯૫૨માં વિધાનસભાના સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવ્યા હતા. ૧૯૫૨-૬૦ના સમયગાળામાં પશ્ચિમ બંગાળ વિધાન પરિષદના સભ્ય હતા. ૧૯૫૪માં એમણે માતા પાસેથી દીક્ષા લીધી હતી. ૧૯૫૫માં પશ્ચિમ બંગાળ સરકાર દ્વારા રવીન્દ્ર પુરસ્કાર 'આરોગ્ય-નિકેતન' નવલકથા માટે એનાયત કરવામાં આવ્યો હતો. ૧૯૫૬માં સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૧૯૫૭માં આફ્રો – એશિયન રાઈટર્સ એસોશિએશનની સમિતિમાં જોડાવા માટે સોવિયેટ યુનિયનની મુલાકાત લીધી હતી. આફ્રો – એશિયન રાઈટર્સ એસોશિએશનમાં ભારતીય લેખકોના પ્રતિનિધિમંડળના નેતા તરીકે ચીન સરકારના આમંત્રણને માન આપવા તેઓ તાશ્કંદ ગયા. ૧૯૫૯માં કલકત્તા યુનિવર્સિટીમાંથી જગતતારિણી સુવર્ણ ચંદ્રક મળ્યો હતો. મદ્રાસમાં અખિલ ભારતીય લેખક પરિષદમાં અધ્યક્ષ બન્યા હતા. ૧૯૬૦માં તેઓ પશ્ચિમ બંગાળ વિધાનસભામાંથી નિવૃત થયા. ભારતના રાષ્ટ્રપ્રમુખ દ્વારા સંસદ માટે નામાંકિત કરવામાં આવ્યા. ૧૯૬૦-૬૬ દરમિયાન રાજ્યસભાના સભ્ય હતા. ૧૯૬૨માં તેમને પદ્મશ્રી સમ્માનથી વિભૂષિત કરવામાં આવ્યા. એમના જમાઈના મૃત્યુનો ઘેરો આઘાત લાગ્યો. આ આઘાતમાંથી બહાર આવવા માટે એમણે પેઈન્ટિંગ અને લાકડાના રમકડાં બનાવવાનું શરૂ કર્યું. ૧૯૬૩માં શિશિરકુમાર એવોર્ડ મળ્યો. ૧૯૬૬માં સંસદમાંથી નિવૃત્ત થયા. નાગપુર બંગાળી સાહિત્ય પરિષદમાં અધ્યક્ષ બન્યા. ૧૯૬૬માં જ્ઞાનપીઠ પુરસ્કાર 'ગણદેવતા' નવલકથા માટે મળ્યો હતો. ૧૯૬૯માં પદ્મ ભૂષણ એવોર્ડ એનાયાત થયો. કલકત્તા યુનિવર્સિટી અને જાદવપુર યુનિવર્સિટી દ્વારા ડૉક્ટર ઑફ લિટરેચર ઉપાધિથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૬૯માં સાહિત્ય અકાદમીની ફેલોશિપ મળી હતી. ૧૯૭૦માં બાંગિયા સાહિત્ય પરિષદ/વાંગિયા સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા. ૧૯૭૧માં વિશ્વ ભારતી યુનિવર્સિટીમાં નૃપેન્દ્રચંદ્ર મેમોરિયલ લેક્ચર અને કલકત્તા યુનિવર્સિટીમાં ડી. એલ. રોય મેમોરિયલ લેક્ચર આપ્યું હતું. એમણે ૬૫ નવલકથા, ૫૩ વાર્તાસંગ્રહ, ૧૨ નાટક, ૪ નિબંધસંગ્રહ, ૪ આત્મકથા, ૨ પ્રવાસ અને થોડા ગીતોની રચના કરી હતી. ૧૪ સપ્ટેમ્બર ૧૯૭૧ના રોજ વહેલી સવારે તેમના કલકત્તાના

*નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર ઉત્તર કલકત્તાના નિમતલા સ્મશાન ભૂમિમાં કરવામાં આવ્યા હતા. ૨૦૨૧માં લાભપુરમાં બંદોપાધ્યાયના પૈતૃક ઘરને સ્થાનિક રહેવાસીઓ તેમજ તેમના પરિવાર દ્વારા તેમની યાદમાં સંગ્રહાલયમાં રૂપાંતરિત કરવામાં આવ્યું.*

## ૭.૪ સ્વાધ્યાય

1. *'આરોગ્ય-નિકેતન' નવલકથાનો પરિચય કરાવો*
2. *'આરોગ્ય-નિકેતન' નવલકથાના પાત્રો વિશે સવિસ્તાર ચર્ચા કરો.*

### ❖ લેખન પ્રવૃત્તિ

1. *બંગાળી સર્જકો વિશે નોંધ તૈયાર કરો.*
2. *બંગાળીમાંથી ગુજરાતીમાં અનુવાદિત કૃતિઓની યાદી તૈયાર કરી નોંધ લખો.*

## ૭.૫ સંદર્ભ


- *આરોગ્ય-નિકેતન, તારાશંકર બંદોપાધ્યાય, અનુ. રમણીક મેઘાણી, સાહિત્ય અકાદેમી, બીજી આવૃત્તિ – ૧૯૯૩*



**લેખન : પ્રા. ઉર્વિકા પટેલ :** *વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત*

## એકમ-8 દ્રૌપદી


૮.૧ પ્રસ્તાવના

૮.૨ કૃતિ પરિચય : દ્રૌપદી

૮.૩ કર્તા પરિચય : પ્રતિભા રાય

૮.૪ સ્વાધ્યાય


### ૮.૧ પ્રસ્તાવના

*જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત ઉડિયા ભાષાના સમર્થ સ્ત્રીસર્જક પ્રતિભા રાય રચિત 'દ્રૌપદી' નવલકથા 'મહાભારત'ની કથા આધારિત છે. પ્રથમ પુરુષ એકવચનમાં કથનકેન્દ્રમાં પોતાના અંતકાળે સખા કૃષ્ણને ઉદ્દેશીને લખાયેલાં કૃષ્ણના પત્રરૂપે ઉઘડતી નવલકથામાં 'દ્રૌપદી'ની કથાનો આરંભ 'ઈતિ'થી થાય છે. ૧૯૮૪માં ઉડિયા ભાષામાં પ્રકાશિત 'દ્રૌપદી' નવલકથાનો ૧૯૯૫માં ગુજરાતીમાં અનુવાદ જયા મહેતા કરે છે. આ નવલકથા 'યાજ્ઞસેની'ને ૧૯૯૧માં મૂર્તિદેવી પુરસ્કાર પ્રાપ્ત થયો. 'દ્રૌપદી'એ આ નવલકથાનું જ નહીં, પરંતુ ભારતીય જીવન તથા સંસ્કૃતિનું પણ અત્યંત વિલક્ષણ અને મહત્ત્વપૂર્ણ પાત્ર છે. આ નવલકથાની રચનાનું વિશિષ્ટ પાસું એ પણ છે કે આ નવલકથા નારી વિશેની છે અને નારીએ રચી છે. કૃષ્ણ સમર્પિત તથા પાંચ પાંડવોની પત્ની દ્રૌપદી જીવનની અનેક દિશાઓમાં વિભક્ત હોવા છતાં તેનું વ્યક્તિત્વ વહેંચાતું નથી કે નથી તે તૂટી જતી. તેનું વ્યક્તિત્વ નિરંતન જીવન તરફની ગતિ કરતું પરંતુ, તત્કાલીન બનતી ઘટનાઓમાં વિશિષ્ટ આયામોને વળાંક આપવા સમર્થ બન્યું છે. નારી મનની વાસ્તવિક પીડા, સુખ-દુઃખ અને વ્યક્તિગત આંતરસંબંધોની જટિલતાને ઊંડાણપૂર્વક દર્શાવવું એ આ નવલકથાની વિશેષતા છે. પ્રતિભારાય પોતાની બહુચર્ચિત આ નવલકથામાં દ્રૌપદીના પાત્ર વિશે કહે છે, 'આ નવલકથાનું નામ 'દ્રૌપદી' છે અને તેની કથા પણ તે કાળની છે, છતાં તેના પાત્રો આજના યુગના છે અને નવલકથામાં તે જ દર્શાવવામાં આવ્યું છે કે, નારી માટે સમાજમાં દોહરી (બેવડી) વ્યવસ્થા છે. જે તત્કાલીન યુગમાં પણ હતું અને આજના યુગમાં પણ છે. તેઓ આગળ કહે છે કે, નવલકથાનો સંદેશ એ છે કે તેમાં દ્રૌપદી ભગવાન કૃષ્ણને વિનંતી કરે છે કે તે એવી રીતે વાંસળી વગાડે કે શક્તિશાળી લોકો યુદ્ધના બદલે શાંતિ મેળવવા તરફ પ્રેરિત થાય.*

### ૮.૨ કૃતિ પરિચય : દ્રૌપદી

*પ્રતિભા રાય દ્વારા લિખિત 'દ્રૌપદી' મહાભારતની કથા પર લખાયેલી ઉત્તમ નવલકથા છે. 'દ્રૌપદી' મહાભારતની કથા પર લખાયેલી ઉત્તમ નવલકથા છે. દ્રૌપદી એ મહાભારતનું એક શક્તિશાળી ચરિત્ર છે, પરંતુ આ ચરિત્રની અવગણના વધુ કરવામાં*

આવી છે પ્રતિભા રાયે આ નવલકથામાં દ્રૌપદીના ચરિત્રનું ન્યાયપૂર્ણ ચિત્રણ કરી તેના બલિદાન અને દુર્દશાનો સાહિત્યમાં પડઘો પાડ્યો છે. આ નવલકથા મૂળ ઉડિયા ભાષામાં લખાયેલી છે. જીવનની અંતિમ ક્ષણોમાં વ્યક્તિ ક્યારેય જૂઠું બોલી શકતી નથી, એ ક્ષણે વ્યક્તિ એવી બાબતોને યાદ કરે જે તેણે જીવનમાં ઓછીવાર વિચારી હોય. આ ક્ષણે વ્યક્તિનું ચિંતન નિષ્પક્ષ થઈ જાય છે. મહાભારતના પાત્ર પાંચાલી-દ્રૌપદી દ્વારા જીવનની અંતિમ ક્ષણોમાં તે ભગવાન શ્રીકૃષ્ણને પત્રશૈલીમાં પોતાની વ્યથા લખે છે, તે શૈલીનો આ નવલકથા લખવામાં લેખિકાએ ઉપયોગ કર્યો છે. આ કથા દ્રૌપદીની છે અને તે નિમિત્તે નારીના આહ્વાહનની છે. મૂર્તિદેવી પુરસ્કારથી પુરસ્કૃત આ નવલકથા પ્રતિભા રાયના અને મહાભારત ઉપરાંત આધુનિક નારી સુધીના અભિગમને રજૂ કરનારી પ્રશિષ્ટ નવલકથા છે.

‘ઈતિ’ના સૂચિત વિરોધાભાસ અને વ્યંજનાગત અર્થ લઈને કૃષ્ણને લખાયેલા પત્ર દ્વારા આ નવલકથા પ્રારંભ થાય છે. ‘પ્રિય સખા ! ગોવિંદ ! હે પુરુષ શ્રેષ્ઠ કૃષ્ણ ! હે મધુસૂદન ! કૃષ્ણના પ્રણામ ! જીવનનું બધું માન અને ફરિયાદ આજે અંતિમ ક્ષણોમાં મૂકી દઉં છું. સમય ઓછો થઈ રહ્યો છે. દેહ ક્ષતવિક્ષત. હૃદય ટુકડા-ટુકડા. લોહી ટપકી રહ્યું છે - અને આ જ લોહીથી તરબોળ છે મારી કથા. મરતી વખતે માણસ જે કંઈ કહે છે કે કરે છે, એ બધું એના વશની બહાર હોય છે. એટલે આટલા દિવસોની સંચિત મનોવેદના આજે સ્વાધીન થઈને તમારા ચરણોમાં અર્ઘ્ય બનીને વહી જવા દો...હે ગોવિંદ ! મારી કથા પૂરી થાય ત્યાં સુધી મારા ભાવ અને ચિંતનને જડ કરશો નહીં.’ આમ કહી પોતાની ઓળખ આપતા ‘યાજ્ઞસેની ! પાંચાલ રાજકન્યા, દ્રુપદનંદિની, દ્રૌપદી !’ અહીંથી દ્રૌપદીની જીવનયાત્રાના સ્મરણો નવલકથામાં શરૂ થાય છે.

અહીં જે વિરોધાભાસ અને વ્યંજકતા છે તે એક, કથની માંડવાની ક્ષણ દ્રૌપદીનાં યાતના, કુંઠી, અસંખ્ય અતૃપ્ત કામનાઓ, પ્રશ્નો અને અપૂર્ણ રહેવા સર્જાયેલી અપેક્ષાની ઘેરાયેલી જીવનની ગૂંગળામણની છે; તો બીજો, જીવનનાં અંતકાળે કથાની શરૂઆત યજ્ઞમાંથી ઉદ્ભવેલી યાજ્ઞસેનીના જન્મની કથાથી થાય છે. મૃત્યને કિનારે ઊભેલી દ્રૌપદી સમગ્ર જીવન, સ્ત્રી તરીકેના વ્યક્તિત્વની રજેરજની મનોવેદના કૃષ્ણ સમક્ષ ખોલે છે. સ્ત્રીના જન્મનું પ્રયોજન, તેનું સૌંદર્ય, વાગ્દાન તથા દામ્પત્યજીવનના ધ્યેય અને ધર્મની રક્ષા કાજે પાંચ ભાઈઓના ઐક્ય સારું પાંચ ભાઈઓની પત્ની (પાંચાલી) - આ બધું જ પુરુષસત્તાક સમાજના આશય સિદ્ધિઓની સાક્ષેપ અર્થ સભર બને છે અને આ ઘટનાઓમાં દ્રૌપદી સતત આત્મસંવાદ રચી સ્વની ખોજ આદરે છે.

દ્રૌણની હત્યાથી શાંત થાય તેવા ભીષણ વૈરાગ્નિના શમન અર્થે ઋષિ દ્વારા કરાવાયેલા યજ્ઞની વેદીના બીજા ભાગમાંથી જન્મેલી ‘યાજ્ઞસેની’ને પોતાના જ જન્મ બાબતે પ્રશ્નો ઊઠે છે, ‘શું યુગે યુગે રક્ષા અને દુષ્ટાસંહાર માટે નારીએ જ માધ્યમ થવું પડશે ?’ આ નવલકથામાં સ્ત્રીભાવ નિમિત્તે દ્રૌપદી સીતાનો પણ ઘણા સ્થાને સંદર્ભ લે છે. દ્રૌપદી ઘણીવાર રામાયણની સીતાની સ્થિતિ સાથે પોતાની સ્થિતિનું સાદૃશ્ય રચે છે, જે

આ નવલકથાને રોચક અને વિચારપ્રેરિત બનાવે છે. દ્રૌપદી પોતાને પંચપુષ્પોને એકત્રિત કરી બાંધી રાખવાનું સૂક્ષ્મ માધ્યમ સમજે છે તેથી જ આ સૂક્ષ્મ તારને કોઈ જોતું નથી. આ પ્રશ્નો પરત્વે જાત સાથે સમાધાન કરી પ્રાર્થના કરે છે, હે ભગવાન, પૃથ્વી પર ધર્મરક્ષા માટે જેટલાં કલંક, અપમાન આપવા હોય તેટલાં આપો, પણ એ બધું સહેવાની શક્તિ પણ આપો.

સ્વયંવરમાં જીત્યા પછી પાંચ પતિઓમાં વહેંચવાની માતા કુંતીના અમાનવીય અને શરમજનક આદેશની ભારે હૃદયે માથે ચઢાવે છે. દ્રૌપદીના પતિના મોટાભાઈ તરીકે યુધિષ્ઠિર ધર્મરાજ છે, પરંતુ તેઓ લાવણ્યના રૂપમાં દ્રૌપદીના પાંચ ભાઈઓ સાથે લગ્ન કરવાના પાપ સ્વરૂપ કૃત્યના વિરોધમાં યુધિષ્ઠિર શાસ્ત્રોક્ત વિધાનમાં દેવલોક અને ગંધર્વલોકનું ઉદાહરણ આપી લગ્ન કરવા તૈયાર કરે છે. યુધિષ્ઠિર લગ્નના સહવાસની પ્રથમ રાત્રિએ દ્રૌપદીને કહે છે, 'યાજ્ઞસેની, તમારું જન્મવૃત્તાંત સાંભળ્યું એટલે તો તમારી તરફ આકર્ષાયો. હું જાણતો હતો કે તમારા વગર ધર્મની રક્ષા શક્ય નથી. એટલે તમને મારાં કરવાં પડ્યાં. તમે અર્જુનને જ પ્રાપ્ત છો. આપણી વચ્ચે આ જ પવિત્ર સંબંધ રહે, એમાં માનુ વચન પણ મિથ્યા નહીં થાય, તમારું નારીત્વ પણ અપમાનિત નહીં થાય'- આ રીતે માને આપેલા વચનનો તોડ કાઢી છેતરાવાનો દ્રૌપદીનો નૈસર્ગિક સ્વભાવ નથી તેથી પોતાની વચનપ્રિયતા અને સત્યનિષ્ઠ પાંચ પુરુષોને એક સૂત્રમાં જીવનના આખરી સમય સુધી નીભાવે છે, પરંતુ આ રીતે પોતાના સતીત્વને જીવંત રાખતી પતિવ્રતા દ્રૌપદી જ્યારે પાંચેય ભાઈઓ સાથે ગિરિરાજ હિમાલયમાં મહાપ્રસ્થાન સમયે ચાલતા તેના પગ લપસી જતા. તેના પતિઓ પાછળ ફરી જોતા નથી અને ભીમ મદદની ભાવના રાખે ત્યાં યુધિષ્ઠિર 'પાછળ ફરીને ન જો ! આગળ ચાલો !' અને યુધિષ્ઠિર સ્થિર સ્વરમાં કહે છે, દ્રૌપદી પોતાના પતન માટે સ્વયં ઉત્તરદાયી છે, તે અર્જુનની વધુ પ્રેમ કરતી હતી, તે તેનું પાપ છે - એ શબ્દો સાંભળી ક્ષતવિક્ષત બની જાય છે.

પંચેન્દ્રિયોની જેમ જીવનભર જે ભાઈઓને એક સૂત્રે બાંધી રાખ્યા, જીવનભર સાથ આપ્યો તે સૌ સ્વર્ગપથ પર તેને મૃત્યુના દ્વારે એકલી મૂકીને ચાલ્યા જાય છે. અહીં દ્રૌપદી વિચારે છે પોતે પત્નીનો સંબંધ, સ્નેહ, પ્રેમ, ત્યાગ કેવો ખોટો છે, માણસ પોતે જ પોતાના કર્મો ભોગવે છે તો યુધિષ્ઠિરના ધર્મની રક્ષા માટે પાંચ પતિના ચરણોમાં પોતાને અપર્ણ કરીને આખા જગતની ઉપહાસ, વ્યંગ અને નિંદાને શા માટે વહન કરે ? અહીં આ પ્રશ્ન ફક્ત દ્રૌપદીનો જ ન રહેતા દરેક પતિ પીડિત સ્ત્રીનો બની જાય છે. જ્યાં પતિના કતૃત્વનો કલંક પત્ની પર લગાવવામાં આવે છે. જુગારમાં હારી જનાર પતિને પત્નીને દાવ પર લગાવવાનો અધિકાર કેવી રીતે હોઈ શકે ? અહીં કર્મ, જ્ઞાન, ભક્તિ, શક્તિનું મૂર્તરૂપ છે દ્રૌપદી.

આ નવલકથામાં દ્રૌપદીનો સુભદ્રા-અર્જુનના લગ્નસંબંધ પરત્વેનો સંતોષ ઈર્ષ્યા જ નથી પણ અર્જુનની એ લગ્ન પાછળની વર્તણૂકને કારણે છે, કારણ કે ફાલ્ગુનિ (અર્જુન) સુભદ્રાના પ્રેમમાં પડીને સુભદ્રાનું હરણ કર્યું છે. આ ઉપરાંત દ્રૌપદીની આસપાસની પ્રત્યેક

નારીના જીવનની કરુણ વાસ્તવિકતાનો તાગ પોતાની સંવેદનશીલતા અને વિવેકબુદ્ધિથી પામવા મથે છે. કાશીરાજની ત્રણ રાજકન્યાઓ અંબા, અંબિકા, અંબાલિકાની કરુણ નિયતિ પણ તેમના સંવેદનશીલ ચિત્તમાં વારંવાર અનેક પ્રશ્નોના વમળો સર્જે છે. ભીષ્મએ કરેલા અપહરણને કારણે જે મનથી વરી ચૂકી છે તેવા અદૂરદર્શી રાજા શાલ્વ દ્વારા ઉપેક્ષિત થઈ નિરાધાર બનતી અને પ્રતિશોધને કારણે શિવ વરદાન મેળવી અગ્નિસ્નાન કરી, બીજા જન્મમાં દ્રુપદના નપુંસકપુત્ર શીખંડી બની અવતરે છે. આ અવતરણ દ્રૌપદીનાં મનોજગતમાં વિદ્રોહની ભૂમિકા રચે છે. 'કાંઈ જ અપરાધ વગર એનાં બબ્બે માનવજીવન શાપિત થઈ ગયા હતાં. ફક્ત એટલા જ કારણે કે એ નારી હતી ?' આ સિવાય પણ બીજી સ્ત્રીઓની ચેતનાઓ પણ વ્યક્ત થઈ છે. મુનિ પરાશરે, મત્સ્યગંધા સાથે બળજબરીથી હોડીમાં સ્વીકારી, પાછળથી તેને સત્યવતીમાં પરિવર્તિત કરી અને કુરુવંશના રાજા શાંતનુની પત્ની બન્યાં, પરંતુ આખી જીંદગી જાહેર નિંદાને પાત્ર બન્યાં. દ્રૌપદીને સવાલ થયો કે, પુરુષ દ્વારા સ્ત્રી પર થતા અત્યાચારો કે કુકર્મો માટે આખી દુનિયા શા માટે સ્ત્રીને જ શાપ આપે ? અંબિકા અને અંબાલિકા એ પણ પતિના મૃત્યુ બાદ અન્ય પુરુષ સાથે વંશના ઉત્તરાધિકારો માટે નિયોગને મંજૂરી આપી સંબધિત બાંધવો પડ્યો. જીવનની દરેક ક્રિયામાં સ્ત્રીઓએ ઉપહાસ અને નિંદાપાત્ર બનવું પડ્યું. તેમાં માતા કુંતા કે માતા માદ્રી પણ બાકાત ન રહ્યા.

આ નવલકથામાં 'અતૂટ આત્મશ્રદ્ધા, સ્થિર વિચારક્ષમતા, પ્રખર શાસ્ત્રજ્ઞતાને ધરાવનાર એવી દ્રૌપદીમાં નારીસહજ ભય, અસલામતી અસૂયા અને એષણાઓ છે. નોંધપાત્ર એ છે કે પોતાની બધી જ નિર્બળતાઓનું તટસ્થ અવલોકન કરી શકે છે, તેને પિછાણી તેનો સ્વીકાર કરી શકે છે. એટલું જ નહીં તદ્દ્ન વસ્તુલક્ષી ભૂમિકાએ તેનું વૃત્તાંત કૃષ્ણ સમક્ષ મૂકી આપે છે.' આ નવલકથા મૂળ સ્ત્રી-પુરુષ વચ્ચેની સમાનતાનો મહિમા કરે છે. 'દ્રૌપદી : ગાઈનોસેન્ટ્રિક વિવેચના' સંદર્ભે મૂલ્યાંકન કરતાં ડૉ. ઉર્વશી મનુપ્રસાદ પંડ્યા લખે છે કે, 'એકાધિક રંગછાયા અને વિચાર-અર્થચ્છાયા ધરાવનાર નારીવાદી અભિગમનાં મહત્ત્વનાં ત્રણ સ્થિત્યંતરોને સંદર્ભે 'દ્રૌપદી'ને મૂલવવાનો મારો પ્રયાસ વિશેષતઃ ગર્ભાધીન વિચારધારા (Gynocentriciticism)ના અનુસંધાનમાં રહેશે.'

'દ્રૌપદી' નવલકથામાં કથાવસ્તુને ગતિમાન કરનાર પાત્રોમાં દ્રૌપદી ઉપરાંત દ્રુપદ, અર્જુન, ભીમ, યુધિષ્ઠિર, નકુલ, સહદેવ, હિડિંબા, ઉલૂપી, આર્યા, ચિત્રવાહન, ચિત્રાંગદા, પરાશર, મુનિ, મત્સ્યગંધા, સત્યવતી, વ્યાસ, કુંતા, યમ, વાયુ, અશ્વિનીકુમાર, સુભદ્રા અને કૃષ્ણ મુખ્ય છે. પ્રતિભા રાયની નવલકથાના આરંભથી જ વિભિન્ન પાત્રોના માધ્યમથી સંકેત મળે છે કે પાંડવો અને કૌરવો વચ્ચેનું યુદ્ધ અવશ્યંભાવી હતું, જેમાં દ્રૌપદીનું અપમાન ઉત્પ્રેરક હતું. આખી નવલકથામાં લેખિકાનું લક્ષ્ય દ્રૌપદી સાથેના અર્જુન, કૃષ્ણ અને કર્ણના સંબંધો પર રહ્યું છે.

સમગ્ર નવલકથામાં મૃત્યુના આરે ઊભેલી દ્રૌપદી દ્વારા જીવનપર્યંત બનેલી ઘટના અને ભોગવેલી યાતનાઓની અકળામણ, રૂંધામણ, મૂંઝવણ વગેરેને કૃષ્ણ સમક્ષ પત્રમાં રજૂ કરે છે. આ મથામણ દરેક સ્ત્રીની આત્મખોજમાં પરિણમે તેવી છે. આ નવલકથામાં પિતૃસત્તા અને રાજસત્તાના બેવડા દમનથી દમિત ભારતીય નારીનો આર્તનાદ આલેખાયો છે, જેનું વક્તવ્ય તેની શીલ, શક્તિ, સૌંદર્ય, સત્ત્વ અને સમસ્યાઓને સમજતા, તેનો આદર કરતાં અને તેને માટે નિર્ભેળ સ્નેહ દાખવતા પુરુષ સમક્ષ, કૃષ્ણ સમક્ષ કરાયું છે. સ્ત્રીના ભાવજગતનો રૂઢિઓ અને પિતૃસત્તા સામેનો વૈચારિક મુખર વિદ્રોહ દર્શાવાયો છે, જેમાં કૃષ્ણનો વિદ્રોહ પ્રત્યે સહિષ્ણુ મહાનુભૂતિ દાખવનાર, માર્ગ કાઢનાર, સ્નેહીજનનો સ્ત્રી સાથેનો માનવ્યની ભૂમિકાએ અનુબંધ રચાયો છે.

આ નવલકથામાં પ્રતિભા રાય નારી ચેતનાને જાગૃત કરવાની સાથે સાથે દ્રૌપદીની વ્યક્તિત્વને નવા માપદંડ અને નવા તર્ક સાથે પ્રસ્તુત કરે છે. આખી નવલકથા દ્રૌપદીના આરાધ્ય કૃષ્ણના નામ પર દ્રૌપદી દ્વારા લખાયેલાં પત્રમાં કહેવાય છે. જ્યારે દ્રૌપદી જીવનના અંતિમ વળાંકે ઊભી છે. આત્મકથાની શૈલીમાં સંગીતમય મધુર પદાવલિથી અલંકૃત આ નવલકથા નારીના મનને ઢંઢોળે છે. વિભિન્ન પાત્રો, પરિસ્થિતિઓ, સંજ્ઞાનાત્મક વિસંગતીઓ અને પાત્રોના આંતરિક સંઘર્ષનું વર્ણન કરવા માટે ઉપયોગમાં લીધેલા રૂપકો કૃતિને સૌંદર્ય અર્પે છે. આ નવલકથામાં દ્રૌપદીના બુદ્ધિમાન, વિનમ્ર, પતિ પ્રતિ સમર્પિત તથા આજ્ઞાકારી, મમતામયી, ઉદાર, ત્યાગી અને ક્ષમા કરવાની ભાવના રાખતા વ્યક્તિત્વને દર્શાવાયું છે. સમગ્ર નવલકથામાં દ્રૌપદી પોતાના પાંચ પતિ તરફ જ ધ્યાન કેન્દ્રિત કરે છે. પાંચેય પાંડવો સ્વભાવ, રુચિ અને ભાવનાઓમાં ભિન્ન છે અને પાંચેયની દ્રૌપદી પાસુથી અપેક્ષાઓ પણ ભિન્ન છે. દ્રૌપદી પોતાના દરેક પતિ પ્રત્યેનું કર્તવ્ય કુશળતાપૂર્વક નિભાવે છે જે કથાના મૂળમાં ભાવ છે. દ્રૌપદીનું પાંચેય ભાઈઓને જોડીને રાખવાનું સંતુલન દ્રૌપદીના જીવન તથા કથાનો મૂળ હાર્દ છે. દ્રૌપદી તેના પાંચેય પતિમાંથી અર્જુનને વધુ ઊંડો અને વિશુદ્ધ પ્રેમ કરતી હતી અને અર્જુનનો પણ તેના પ્રત્યેનો પ્રેમ ઊંડો હતો; પરંતુ, કોઈકને કોઈક કારણે અર્જુને હંમેશા દ્રૌપદીથી દૂર રહેવું પસંદ કર્યું હતું. આ કથામાં લેખિકાએ દ્રૌપદી અને અર્જુન બંનેની ભાવનાઓને ઉજાગર કરવામાં ન્યાયચિત ચિત્ર દર્શાવ્યું છે, જો કે દ્રૌપદી અને અર્જુન વચ્ચેનો સંબંધ મોટેભાગે ઉદાસી ભર્યો જ રહ્યો છે. દ્રૌપદી અને કૃષ્ણની વચ્ચે જે સંબંધ છતો થાય છે તે આપણને મંત્રમુગ્ધ કરી દે છે. દૈવીય પ્રેમ (પ્લેટોનિક પ્રેમ)નો સંબંધ જે એક પ્રકારે પ્રકૃતિમાં આધ્યાત્મિક જે લેખાય. અહીં સ્ત્રી અને પુરુષ વચ્ચે શુદ્ધ મૈત્રીના સંબંધને ચિત્રિત કર્યો છે. દ્રૌપદી અને કૃષ્ણ સૌથી સારા મિત્રો હતા અને તેમનો આ પવિત્ર અને સદાચારી સંબંધ શબ્દો દ્વારા દોરવામાં લેખિકાની ઉત્કૃષ્ટ પ્રતિભાના દર્શન થાય છે. આ નવલકથામાં દ્રૌપદી સાથેના કર્ણના સંબંધ વિશે પણ ઉલ્લેખ કરવો રહે. પતિ પ્રત્યે વફાદારી અને સમર્પિત ભાવ રાખતી દ્રૌપદી યુદ્ધ પહેલાં કૃષ્ણના આગ્રહ પણ કર્ણ માટે

નરમ ભાવના રાખવાનો સંકેત આપે છે, પરંતુ સમગ્ર નવલકથામાં દ્રૌપદી અને કર્ણ સહાનુભૂતિપૂર્ણ અને ધૃણાસ્પદ સંબંધની આપ-લે કરતાં જણાય છે.

માયાગ્રસ્ત જીવન કરતાં માયામુક્ત કરનાર મૃત્યુને ઝંખતી દ્રૌપદી પોતાના આરાધ્ય એવા પ્રિય સખા કૃષ્ણ પાસે વરદાન માંગે છે,
એક, 'સખા, પ્રિયતમા, હું મારી માટે કાંઈ નહીં માગું, આપણી આ સુંદર પૃથ્વી માટે માંગું છું. આ જન્મની અંતિમ ભિક્ષા' તથા 'જેવું મારા જીવનમાં બની ગયું એવું બીજી કોઈ નારીનાં જીવનમાં ન બનો. ક્યારેય કોઈ નારી એકસાથે એકથી વધુ પતિ ન કરે એવું શાસ્ત્રવચન કરી દો.'

બીજું, 'દયામય કૃષ્ણ, શત્રુને પણ પુત્રશોક ન દેશો. એનાથી વધારે બીજો કોઈ શોક સંસારમાં નથી.'

ત્રીજું, 'સભામાં જે અત્યાચાર મારી પર ગુજારવામાં આવ્યો એવી યાતના પર કોઈ નારીને ન આપશો. નારીને રૂપવતી કરો પણ પુરુષને આટલો કામાંધ ન કરો.'
ચોથું, 'આ જગત માટે કળિયુગમાં આગામી વંશજો માટે હે પરમ કલ્યાણકારી કૃષ્ણ મેં એક યુદ્ધ સહ્યું છે. ધરતી માતાનો વિલાપ મારું જનનીહૃદય હજીયે સાંભળી શકે છે. એટલે વિનંતી છે જાતિ, ધર્મ, ભાષા, વર્ણને કારણે હસ્તિના અને ઈન્દ્રપ્રસ્થની જેમ કોઈ દેશના ટુકડા ન થાય.'

પાંચમું, 'સખા, પાંચ પતિની નાયિકા પાંચાલ દેશની રાજકુમારી પાંચ પુત્રની જનની હું પાંચાલી છું. પાંચમી માગણી પણ પૂરી કરીશ. મારી પંચમહાભૂતની કાયાનું અંતિમ પર્વ-છેલ્લી વાત શી હશે ? મોક્ષ કે સ્વર્ગ ? મુક્તિ ? આજ તો જીવાત્માની માગણી છે પણ મારી લાગણી ઉલટી છે. હું મોક્ષ નથી ઈચ્છતી. સદેહે સ્વર્ગ નથી માંગતી, મુક્તિ પણ નહીં, હું તો પુનર્જન્મ ઈચ્છુ છું. મારે સ્વર્ગ નથી જોઈતું. ત્યાં દેવોનું નિવાસ્થાન છે.'

કામાન્ધ પુરુષો દ્વારા સુંદર નારી યુગ-યુગે પીડા પામે છે અને અપમાનિત થાય છે. પોતાના જ વંશની કુલવધૂના વસ્ત્રાહરણ સમયે જ્ઞાની, ગુણી, માન્ય પુરુષો વિવશ થઈ ચૂપચાપ અનાચાર જોતા રહે, આથી વધુ કલંકભર્યો અધ્યાય વળી શું હોઈ શકે ? બીજી તરફ દ્રૌપદીનું સમગ્ર જીવન અનેક દિશાઓમાં વહેંચાયેલું હોવા છતાં તે પોતાના વ્યક્તિત્વને નિખારતી રહી છે અને તત્કાલીન ઘટનાક્રમને વિશિષ્ટ બનાવવામા પોતાનું અમૂલ્ય યોગદાન આપવા મર્થ બને છે. દ્રૌપદી ફક્ત મહાભારતનું જ નહીં, પરંતુ ભારતીય જીવન તથા સંસ્કૃતિનું પણ અત્યંત વિલક્ષણ અને મહત્ત્વપૂર્ણ ચરિત્ર બને છે. આ ચરિત્રના માધ્યમથી નારીના મનની પીડા, તેની વ્યથા અને સુખ:દુખ અને સંબંધોની જટિલતાને ખૂબ ઊંડાણપૂર્વક અભ્યાસ કરી સમાજમાં સ્ત્રી-પુરુષ સમાનતા સવાલ ઊઠાવ્યા છે.

આ કથા સ્પષ્ટપણે સ્ત્રીની સહનશીલતા અને ઔદાર્યને તર્કબદ્ધ રીતે સ્થાપિત કરવા મથે છે. સમાજના કડક નિયમોનું પાલન સ્ત્રીઓ જ કરી શકે તો સ્ત્રીઓ પુરુષો કરતાં વધુ શક્તિશાળી છે. માનવું જ રહ્યું. સ્ત્રીઓની સહિષ્ણુતાની મજાક ઉડાવવામાં

આવે ત્યારે સહનશીલતાની હદ ઓળગંતા કોમળ સ્વરૂપ છોડી ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શકે છે, તે ભૂલવું ન જોઈએ છતાં આદિ-અનાદિકાળથી સ્ત્રીઓની સાથે અન્યાય અને અત્યાચાર થતા આવ્યા છે, તે તરફ સ્ત્રીચેતનાને જાગૃત કરતાં એકાધિક સવાલ આ નવલકથાના માધ્યમે લેખિકા ઉઠાવે છે. પ્રતિભા રાયની સ્ત્રીચેતનાને ઢંઢોળતી આ શક્તિશાળી રચના છે, જેમાં તમામ મહિલાઓને પોતાની ઉપર થતા વિવિધ પ્રકારના અત્યાચારો સામે અવાજ ઉઠાવવા અને આ પુરુષ પ્રભુત્વ ધરાવતા સમાજને પોતાની ઉપર કોઈપણ પ્રકારના અક્ષેપો કરવાની તક ન આપવા આહ્‌વાહન કરવામાં આવે છે, જો એમ હોય તો આરોપ આક્ષેપ કરનાર સામે લડત લડવાનો સ્પષ્ટ સંકેત આ નવલકથા આપે છે. આ નવલકથામાં પૌરાણિક પાત્રોનો સંદર્ભ લઈ સાંપ્રત પરિવેશની ભૂમિકા સાથે સ્ત્રીના સામાજિક દરજ્જાનું આલેખન અર્થગર્ભ અને કલાત્મક બન્યું છે.

## ૮.૩ કર્તા પરિચય : પ્રતિભા રાય

પ્રતિભા રાય ઉડિયા ભાષાની પ્રસદ્ધિ લેખિકા છે, તેમણે પોતાની નવલકથાઓના માધ્યમથી સામાજિક અન્યાય અને ભ્રષ્ટ્રાચાર વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો. ડૉ. પ્રતિભા રાયનો જન્મ ૨૧ જાન્યુઆરી, ૧૯૪૩માં ઓરીસ્સાના જગતસિંહપુરા જિલ્લાના બલિકુડા ક્ષેત્રના દૂરવર્તી ગામ અલાબોલમાં થયો હતો. તેમણે પ્રારંભિક શિક્ષણ પોતાના જિલ્લામાં જ પૂર્ણ કર્યા પછી શિક્ષણશાસ્ત્રમાં એમ.એ.ની પદવી તથા શૈક્ષિક મનોવિજ્ઞાનમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. તેમને નાનપણમાં જ લેખનકાર્યમાં રુચિ હતી. તેમણે નવ વર્ષની ઉંમરથી જ લેખનકાર્ય શરૂ કર્યું અને પોતાની માતૃભાષા ઉડિયામાં લઘુકથાઓ અને નવલકથાઓ લખી. તેઓ હંમેશા જ શાંતિ અને એકીકરણ પર આધારિત પ્રેમ, સામાજિક સમાનતા ઉપરની નવલકથાઓ લખે છે, જ્યારે તેઓએ એક સામાજિક વ્યવસ્થા માટે સમાનતા (કોઈપણ વર્ગ જાતિ, ધર્મ અને લિંગના ભેદભાવ વગર) લખ્યું ત્યારે કેટલાક વિવેચકોએ તેમને સામ્યવાદી અને નારીવાદી કહી ટીકા કરી પરંતુ, તેઓ પોતાને 'હું એક માનવતાવાદી છું'- એમ કહી ઓળખાવે છે. સમાજના સુસ્વાસ્થ્ય - સંતુલન માટે પુરુષ અને મહિલાઓને અલગ રીતે બનાવવામાં આવ્યાં છે. જેમાં મહિલાઓને જે વિશેષતા સાથે સુસજ્જિત કરવામાં આવી છે, તેનું સન્માન થવું જોઈએ. જો કે મનુષ્યના રૂપમાં મહિલા-પુરુષ સમાન જ છે. તેમણે પોતાના લગ્ન બાદ પણ તેમનું લેખનકાર્ય ચાલુ રાખ્યું અને પોતાના ઈજનેર પતિ અને ત્રણ બાળકો સાથે પરિવારનું પણ જતન કર્યું છે. તેઓ પોતાના લેખનકાર્યનો શ્રેય માતા-પિતા તથા પતિને આપે છે.

પ્રતિભા રાયે સ્કૂલ શિક્ષકના રૂપમાં પોતાના વ્યવસાયની શરૂઆત કરી અને પાછળથી ત્રીસ વર્ષ સુધી ઓરિસ્સાની વિભિન્ન સરકારી કૉલેજમાં ભણાવ્યું. તેમણે કેટલાય ડૉક્ટરેટ અનુસંધાનનું માર્ગદર્શન કર્યું અને ઘણા સંશોધનલેખ પ્રકાશિત કર્યા. તેમણે રાજ્ય સરકારની સેવામાં શિક્ષણશાસ્ત્રના પ્રોફેસર તરીકે સ્વૈચ્છિક સેવાનિવૃત્તિ લીધી અને ઓરિસ્સાના લોકસેવા આયોગના સભ્ય તરીકે જોડાયા અને છ વર્ષ સુધી કાર્ય

કર્યું. તેમની સામાજિક સુધારમાં સક્રિય રુચિ રહી અને ઘણા અવસરો પર સામાજિક અન્યાય વિરુદ્ધ લડાઈ લડી. જગન્નાથના પૂરી મંદિરના પુજારિયોના દુર્વ્યવહાર પર 'द कलर ओफ़ रिलीजन इज ब्लेक' શીર્ષકથી લખ્યું. ૧૯૯૯ના ઑક્ટોબરમાં સુપર સાઈક્લોન પછી વાવાઝોડા પ્રભાવિત ક્ષેત્રોમાં કામ કર્યું અને ત્યાં અનાથો તથા વિધવાઓના પુર્નવાસનું કામ પણ કર્યું.

પ્રતિભા રાયે રાષ્ટ્રીય સાહિત્યિક અને શૈક્ષણિક સંમેલનોમાં ભાગ લેવા માટે ભારત અને ભારત બહાર ઘણી યાત્રાઓ કરી. આઈ.એસ.સી.યુ. દ્વારા ૧૯૮૬માં પાંચ ગણરાજ્યોની સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ અંતર્ગત મુલાકાત લીધી. ૧૯૯૪માં ઈન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચર રિલેશન્સ, નવી દિલ્હી દ્વારા આયોજિત 'ઈન્ડિયા ટુડે ૯૪' ભારત મેળામાં ભારતીય લેખક તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમણે, ઓસ્ટ્રેલિયાના વિવિધ વિશ્વવિદ્યાલયોમાં ભારતીય સાહિત્ય અને ભાષાઓ પર વાત કરી. આ રીતે સંયુક્તરાજ્ય અમેરિકા, બ્રિટન અને ફ્રાંસની પણ યાત્રા કરી. ૧૯૯૬માં બાંગ્લાદેશમાં 'ભારત મહોત્સવ' અને ૧૯૯૯માં નોર્વે, સ્વીડન, ફિનલૅન્ડ, ડેનમાર્કમાં ભારતીય પ્રતિનિધ તરીકે કાર્યક્રમોમાં જોડાયા. સાથે ઉચ્ચશિક્ષામાં લિંગ સમાનતા પર ત્રીજા યુરોપીયન સમ્મેલનમાં વર્ષ ૨૦૦૦માં જ્યુરિસ, સ્વીત્ઝરલૅન્ડની પણ યાત્રા કરે. તેઓ સામાજિક રીતે સક્રિય હોવાથી ઘણા શિક્ષિત સમાજોમાં સભ્ય બન્યાં. ભારતીય સાંસ્કૃતિ સંબંધ પરિષદ, કેન્દ્રિય ફિલ્મ પ્રમાણન બોર્ડ, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ઈન્ડિયા ઈન્ટરનેશનલ સેન્ટર, નેશનલ બુક ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા, સેન્ટ્રલ એકેડેમી ઑફ લેટર્સ વગેરે સંસ્થાઓ સાથે જોડાયાં.

પ્રતિભા સમકાલીન ભારતના એક ખ્યાતિ પ્રાપ્ત લેખિકા છે, જેમણે તેમની માતૃભાષા ઉડિયામાં નવલકથા અને લઘુકથાઓ લખી છે. તેમણે અત્યાર સુધીમાં ૨૦ નવલકથા, ૨૪ લઘુકથા સંગ્રહ, ૧૦ યાત્રાવૃત્તાંત, ૨ કવિતાસંગ્રહ અને કેટલાક નિબંધ પ્રકાશિત થઈ ચૂકયાં છે. તેમની મુખ્ય રચનાઓની દેશની મુખ્ય ભારતીય ભાષાઓ અને અંગ્રેજી સહિતની બીજી વિદેશી ભાષાઓમાં અનુવાદ થયા છે. તેમની પ્રસિદ્ધ નવલકથાઓમાં 'शिलापद्मम' જે હિન્દીમાં 'કોર્ણાક' નામે અને 'યાજ્ઞાસેની' જે 'દ્રૌપદી' નામે અનુવાદ થયો છે, તેનો સમાવેશ થાય છે. તેમની પ્રથમ નવલકથા 'बरसा बसंता बैशाख' (૧૯૯૪) છે. ઓરિસ્સાની બોંડા પહાડિયો પર વસેલી બોંડા જનજાતિ પર તેમનું નૃશાસ્ત્રીય અધ્યયનને 'અધિભૂમિ' નામથી પ્રકાશિત કરવામાં આવ્યો, જેને નૃશાસ્ત્રીય અધ્યયનની શ્રેષ્ઠ કૃતિ માનવામાં આવે છે. તેમની નવલકથા 'મગનમતિ'એ (૧૯૯૯)ના વાવાઝોડા પર આધારિત છે, જે તેમની સવોત્તમ રચના હોવાનું બિરુદ પામી છે. તેમની કૃતિઓ માત્ર ઓરિસ્સાની સંસ્કૃતિના શહેરી વાતાવરણને જ દર્શાવતી નથી પરંતુ આદિવાસી સમુદાયોના જીવનનો પણ ઊંડાણપૂર્વક અભ્યાસ દર્શાવે છે. તેમની મુખ્ય નવલકથાઓમાં પુણ્યતયા (૧૯૭૯), નીલતૃષ્ણ (૧૯૮૧), શિલાપદ્મ (૧૯૮૩), યાજ્ઞસેની (૧૯૮૫), ઉત્તરમાર્ગ (૧૯૮૮), મહામોહ (૧૯૯૭), અરણ્યા

(૧૯૭૭), પરિચય (૧૯૭૯), અપરિચિતા (૧૯૭૯), આશાવરી (૧૯૮૦), દેહાતીત (૧૯૮૬), આદિભૂમિનો સમાવેશ થાય છે. તેમના પ્રમુખ વાર્તાસંગ્રહોમાં સામાન્ય કથન (૧૯૭૮), અસમાપ્ત (૧૯૮૦), અવ્યક્ત (૧૯૮૬), ચન્દ્રભાગા અને ચંદ્રકલા (૧૯૮૪), મનુષ્યસ્વર (૧૯૯૨) પૃથક ઈશ્વર (૧૯૯૧), મોક્ષ (૧૯૯૬), નિવેદનમિદમ્ (૨૦૦૦)નો સમાવેશ થાય છે. જ્યારે દૂર દ્વિવિધા તેમનો પ્રમુખ પ્રવાસગ્રંથ છે. 'લાઈફ ઑન લોટ્સ લીફ' તેમની બહુચર્ચિત આત્મકથા છે.

ડૉ. પ્રતિભા રાય ઘણાં પુરસ્કારો અને પ્રશસ્તિથી સન્માન પામ્યાં છે. તેઓ ૨૦૧૧માં ભારતના સર્વોચ્ચ સાહિત્યિક સન્માન, જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત ૧૯૮૮માં ઝંકાર પુરસ્કાર, ૧૯૯૦માં ઓરિસ્સા સાહિત્યના સર્વોચ્ચ સારલા દાસ પુરસ્કાર, ૨૦૦૬માં કેરલ સ્થિત 'અમૃતા કૃતિ પુરસ્કાર', તથા ૨૦૦૭માં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યાં. તેમને ૧૯૯૧માં તેમનો ખ્યાતિ પ્રાપ્ત નવલકથા 'યાજ્ઞસેની' (દ્રૌપદી) માટે 'મૂર્તિદેવી પુરસ્કાર' અને 'શિલાપદમ્' માટે ૧૯૮૬માં તથા ઓરિસ્સા સાહિત્ય અકાદમી પુરસ્કાર તથા લઘુકથાસંગ્રહ 'ઉલ્લંઘન' માટે 'સાહિત્ય અકાદમી' પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવ્યાં. મૂર્તિદેવી પુરસ્કાર પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ મહિલા બન્યાં. વર્ષ ૨૦૧૩માં તેઓને ઓરિસ્સામાં લિવિંગ લીજેન્ડ એવોર્ડથી (સાહિત્ય)થી નવાજવામાં આવ્યાં. તેમને ઉત્કલ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય અને રેવનશો વિશ્વવિદ્યાલયમાંથી માનદ્ ડી.લીટથી ઉપાધિ પ્રાપ્ત થઈ.

ઉડિયા નવલકથામાં અને ટૂંકીવાર્તાની શૈલીમાં પ્રતિભા રાયનું યોગદાન માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ નહીં પરંતુ, વિશિષ્ટ શૈલીના કારણે પણ ભવ્ય બન્યું છે. તેમની ટૂંકીવાર્તા અને નવલકથાઓ પરથી રેડિયોનાટકો, ટીવી સિરિયલો અને ફિલ્મો માટે પણ સ્વીકારવામાં આવી છે. છેલ્લા ત્રીસ વર્ષમાં લગભગ ૩૦૦ ટૂંકીવાર્તાઓ ઉડિયા અને ભારતીય અન્ય ભાષાઓના પ્રતિષ્ઠિત સાહિત્યક સામયિકોમાં પ્રકાશિત થઈ છે. તેમણે સર્જનાત્મક લેખન ઉપરાંત શિક્ષણ અને મનોવિજ્ઞાન પણ ઘણા સંશોધન લેખો લખ્યાં. આ ઉપરાંત તેઓ સામાજિક સુધારણામાં સક્રિય રસ ધરાવે છે અને ઘણા પ્રસંગોએ સામાજિક અન્યાય સામે લડત આપી છે.

## ૮.૪ સ્વાધ્યાય

૧. 'દ્રૌપદી' કૃતિનો નારીકેન્દ્રી નવલકથા તરીકે પરિચય આપો.
૨. 'દ્રૌપદી'નું ભારતીય નવલકથા તરીકે મૂલ્યાંકન કરો.
૩. 'દ્રૌપદી' નવલકથામાં દ્રૌપદીના મનોમંથન વિશે જણાવો.

**લેખન : ડૉ. હેતલ ગાંધી -** આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ)
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

| એકમ-9 | માટીમટાલ |
|---|---|

*શ્રી લક્ષ્મીચંદ્ર જૈને ગોપીનાથ મહાન્તી રચિત ‘માટીમટાલ’ નવલકથા સંદર્ભે એની પ્રસ્તાવનામાં કહ્યું છે કે, ‘પુરસ્કારજયી ઉપન્યાસ ‘માટીમટાલ’ ઉડીસા કે ગ્રામ્યજીવન કા ગૌરવગ્રન્થ હૈ : એક અવિરામ ખોજ વહાં કે લાખ-લાખ જન દ્વારા અપની સામુદાયિકતા કો સાકાર કરને કી વહ પ્રતીક હૈ, સમાજત્વ મેં પ્રવેશ કા જો પ્રાપ્ત હોતા હૈ આધુનિક વિજ્ઞાન કી ‘મેં’ ઔર ‘તૂ’ ઔર આધુનિક વિજ્ઞાન કી ‘મ’ ઔર ‘વ’ કી દ્વૈત ભાવના કે અતિક્રમણ સે. તીસ સે અધિક કૃતિયોં કે બહુમુખી પ્રતિભાયુક્ત રચયિતા શ્રી મહાન્તી નવનવીન વિષયવસ્તુ ઔર શૈલી કે સતત અન્વેષી હૈ.’*

*‘માટીમટાલ’ નવલકથા ઓરિસ્સાના ગ્રામજીવનનો, ત્યાંના લોકસમુદાયનો, ત્યાંની માટીનો, કહો કે ધરતીનો એક જીવંત ધબકાર છે. આ સામુદાયિક જીવનના કલ્પનોત્થ રૂપાંતરણને મહાન્તીએ બે ભાગમાં વહેંચ્યું છે. ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશને શ્રી શંકરલાલ પુરોહિતના હિન્દી અનુવાદને ૧૯૭૫માં પ્રથમ આવૃત્તિ રૂપે અને ૧૯૭૮માં બીજી આવૃત્તિ રૂપે પ્રગટ કર્યો છે. ડિમાઈ કદનાં છસ્સો બેતાળીસ પૃષ્ઠો ધરાવતી આ નવલકથા વાસ્તવ અને આદર્શનાં, સંઘર્ષ અને સમન્વયનાં, સામ્પ્રત અને સનાતનનાં પ્રેય અને શ્રેયનાં દ્વૈત્તો એકસાથે સમાવીને ચાલે છે. લેખક આદર્શ, સમન્વય, સનાતન અને શ્રેયને પક્ષે છે. જ્ઞાનપીઠ પારિતોષિક વિજેતા આ નવલકથા ઓરિસ્સાના સાહિત્ય પ્રદેશની એક આગવી ઓળખ છે.*

*મહા મહિનાના ઓસરતા જતા સૂર્યપ્રકાશની પ્રાકૃતિક પાર્શ્વભૂના વર્ણનથી નવલકથાનો આરંભ થાય છે. બીજા ભાગના પ્રારંભે ચઢતા ચૈત્રની આબોહવાનો ઉષ્ણીલ સંસ્પર્શ છે. એ પછી વર્ષાનાં રમ્ય-રુદ્ર સ્વરૂપો પણ આકાર લે છે. બદલાતા જતા ઋતુચક્રની સાથેસાથે નવલકથામાંના નિરૂપિત જનજીવનમાં પણ પરિવર્તન આવતાં જાય છે. બદલાતી જતી મોસમો એનો પ્રભાવ ફેલાવતી જાય છે. પ્રકૃતિનું પ્રત્યેક સંચલન – વિચલન ધરતી સાથે જડાયેલા જનસમૂહને પણ વિચલિત કર્યા વિના રહેતું નથી. પ્રકૃતિ સાથે અને પ્રકૃતિ સામે ઝઝૂમતી ઉડિયા પ્રજાના ઉતાર-ચઢાવનું અહીં પ્રલંબ પટે આલેખન થયું છે.*

*કથાનો નાયક રવિ સ્નાતક કક્ષા સુધીનું ભણ્યો છે. શરીર કૃપ છે, પણ સંકલ્પવૃત્તિ દૃઢ છે, વિચારશક્તિ કંઈક અપૂર્વ અને મૌલિક છે. નોકરી કરવાને બદલે એને સામાજિક પ્રશ્નોમાં વિશેષ રસ છે. આમ છતાં માતાપિતાના આગ્રહે એ નોકરી કરવા જાય છે, પણ ગ્રામોદ્ધારની ધૂન એને કાર્યશીલ (એક્ટિવિસ્ટ) બનાવે છે. શહેર અને ગામ વચ્ચેનું અંતર એ સહી શકતો નથી. ઓરિસ્સાના ચૌધરીઓનાં, પટનાયકોનાં, શાહુકારોનાં, જમીનદારોનાં શોષણ એને કઠે છે. એ પ્રત્યેક ગામને સહકારી ભાવનાથી બેઠું કરવા માગે છે. અહીં કોઈની યે કશી માલિકી નથી. બધા જ સરખે હિસ્સે સંયુક્ત સહમાલિકી ધરાવે છે. જમીન મકાન બધું જ બધાંનું છે અને છતાં ય ક્યાંય કશો વિખવાદ નથી, ક્લેશ નથી.*

જાણે કે આ (ગુજરાતી નવલકથાકાર ગોવર્ધનરામની નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના નાયક સરસ્વતીચંદ્રનું) કલ્યાણગ્રામ ન હોય ? બંધમૂલ, પાટેલી અને ફૂલશરા ગામનાં આ નિદર્શનો દ્વારા ગોપીનાથ મહાન્તીએ ગ્રામાભ્યુદયની જાણે કે એક આદર્શ કલ્પના રચી આપી છે.

રચનાની નાયિકા છે છવિ, આ રવિ-છવિની જોડી પણ આપણા સરસ્વતીચંદ્ર - કુમુદની યાદ અપાવે છે. એ બે જણ પણ પ્રત્યક્ષ તો બહુ જ ઓછું મળે છે. લગ્ન પણ કરતાં નથી. બંનેને પરસ્પર માટે સ્નેહ છે. મનોમન એ એકબીજાનાં બની ચૂક્યાં છે, પરંતુ રવિએ તો સ્વાર્પણયજ્ઞ માંડ્યો છે. છવિ પણ આ જ પગલે-પગલે એની સાથે ઝુકાવે છે. મહાન્તી પણ માને છે કે, આવા કલ્યાણયજ્ઞમાં સ્રી-પુરુષે આવા યુગ્મભાવે, સહભાવે સમર્પણ કરવાનું હોય છે. આવી સમર્પણ-વૃત્તિ જ ગ્રામોદ્ધારને પગલેપગલે પ્રદેશોદ્ધાર અને દેશોદ્ધારની દિશામાં લઈ જશે. એકલું સ્વાંતંત્ર્ય નહીં, પણ આવું સંગઠિત અનુશાસન, સમજપૂર્વકનું સંઘબળ જ દેશની છવિને પલટી શકશે. આવા આદર્શને ધ્યાનમાં રાખીને ગોપીનાથે આ નવલકથાની માંડણી કરી છે.

નવલકથામાં એક સુભોગ્ય રચનામાં હોય એવી કારિકાઓ છે. છવિને આખલાના આક્રમણમાંથી રવિ બચાવે છે. રવિને છવિ પોતાને ઘેર લાવે છે. ત્યાં એનાં માતાપિતા સાથેનો પરિચય, રવિ માટેનો એમનો ચિત્તમાં જાગેલો આદર, એના કુટુંબ સાથેના પૂર્વસંબંધો આદિની વિગતો આ કારિકાને મજબૂત કરે છે. વિનું બંધમૂલ ગામ અને વિનું પાટેલી ગામ માત્ર ત્રણ કોસ દૂર છે. રવિના પિતા બટ (કૃષ્ણ) મહાન્તી ગામના મહાજન ગણાય છે. મોટા ભાઈ કવિ પોલીસ ઈન્સ્પેક્ટર છે. બટ મહાન્નીને કવિતાનો શોખ છે. ક્યારેક જ્ઞાતિ સમારંભો કે મેળાવડાઓમાં એ કવિતાપાઠ કરતા, પણ પોતાને મોટા કવિ માનતા નહોતા. વિનમ્ર હતા એ. આ કવિતાસંસ્કારે મોટા પુત્રનું નામ કવિ રાખ્યું, પણ એ કવિ તો થયો અખાડાનો, મલ્લવિદ્યાનો રસિયો અને પરિણામતઃ થયો પોલીસ ઈન્સ્પેક્ટર. રવિ એનાથી દસ વર્ષ નાનો. નામ તો એનું રવિનારાયણ, પણ 'કવિ'ના પ્રાસે 'રવિ' તરીકે જ ચાલ્યું. એના જન્મ સમયે બટ મહાન્તીએ ખાસ્સો ખર્ચ કર્યો હતો. ભણવામાં એ હોશિયાર. આ પણ એક કારિકા ! નાયકની સર્વગુણસંપન્નતા ઉપસાવવાનો કીમિયો. આ દરમિયાન જ ભણતરમાં ગરીબોની વાત કેમ નથી એવા પ્રશ્નો એને થવા માંડ્યા. અંગ્રેજી ભાષા સામે મનમાં રોષ જામતો હતો. નોકરીને પણ અભ્યાસકાળથી જ નાપસંદ કરતો થયો હતો.

છવિના પિતા સિંધુ ચૌધરીનું વ્યક્તિચિત્ર પણ આકર્ષક અને ગરવું છે. બટ મહાન્તી અને સિંધુ ચૌધરીનાં ચરિત્રો આપણને સહજ રીતે જ દર્શકનાં વૃદ્ધ ચરિત્રોની યાદ અપાવે એવાં ગરવાં, ધીમંત છે. સિંધુ ચૌધરી ધાર્મિક પ્રકૃતિના માણસ છે. ઘણી વાર તો પયગમ્બરી આવેશમાં બોલતા હોય છે. કુટુંબ ગરીબ છે, પણ વૃત્તિ અજાચકની. વળી સિંધુ ચૌધરી તો ચરખાપ્રેમી છે. ગાંધીપ્રભાવ આવી ગયો છે. 'માટીમટાલ'ના પહેલા ભાગમાં આ ગાંધીપ્રભાવનું મહિમાવંતુ ચિત્ર છે. 'દેશ-ભારત-સ્વાધીનતા-સ્વદેશી-મહાત્મા ગાંધી'

જેવા નવા શબ્દોથી ભારતનાં નાનાંનાનાં ગામો પણ મંત્રમુગ્ધ છે. વ્યસનમુક્તિ થઈ છે. વાચનાલયો વધ્યાં છે, ચરખા ચાલવા માંડ્યા છે, વિલાયતી પોશાકોની ઠેરઠેર હોળીઓ થાય છે, પણ સ્વાધીનતા બાદ થોડો મોહભંગ પણ થયો છે. સ્વાર્થી માણસોએ દેશને લૂંટવા માંડ્યો હોવાનો અનુભવ થાય છે. કેટલાક યુગભૂખ્યાઓ જાણે હવે અકરાંતિયા બનીને ખાવા માંડ્યા છે. સિંધુ ચૌધરી આ પરિસ્થિતિથી વ્યથિત છે.

ગામ હોય ત્યાં જૂથો તો હોય જ. ઓરિસ્સાનાં નાનાંનાનાં ગામો આવાં અસંખ્ય જૂથોમાં વહેંચાઈ ગયાં છે. આ જૂથો વચ્ચે દ્વેષ, વેર, સ્પર્ધા સતત ચાલે છે. એમાંથી લડાઈઓ થાય છે. આવી જ એક જૂથલડાઈમાં રવિ ઘાયલ થાય છે. પહેલા ભાગને અંતે રવિને મરણતોલ માર પડે છે. નવલકથાના આ પ્રથમ ભાગને અંતે લેખકે એવી જ છાપ ઊભી કરી છે કે રવિ મૃત્યુ પામ્યો છે. છવિની ચિત્તવૃત્તિ દ્વારા લેખકે આ દર્શાવ્યું છે.

આ ઘટના બની છે સુભદ્રપુરના 'મેલણ' દરમિયાન. અહીં આ 'મેલણ'નાં પણ દશ્યો-પ્રસંગો છે. લાઠીયુદ્ધ દરમિયાન જ બધાને અટકાવવા જતાં રવિ ઘાયલ થાય છે અને આ પ્રસંગ પહેલા ભાગના અંતને અત્યંત કુતૂહલમય બનાવે છે. આ પણ એક સર્વભોગ્ય કારિકા છે. પહેલા ભાગનો અંત આપણા ગુજરાતી લેખક ધૂમકેતુની શૈલીને મળતા આવતા એક વાક્યથી થાય છે :

'દુનિયા મેં આદમી ચાહતા હૈ શાંતિ, યુદ્ધ નહીં.' (૨૧૮)

જાગૃતિને કારણે હવે ગામો બદલાવા માંડ્યાં છે. સ્કૂલો શરૂ થઈ છે. બધાં સાથે જ ખેતી-મજૂરી કરે છે. વચ્ચે વચ્ચે (વિપિન જેવા) અધિકારીઓ એ જોઈ જાય છે. એ નિમિત્તે અમલદારશાહી અને રાજ્યના પ્રશ્નો પણ ગૂંથાતા જાય છે.

'માટીમટાલ' શીર્ષકને સાર્થક કરતા માટી વિષયક નિર્દેશો કૃતિમાં વારંવાર આવે છે. જેમ કે,

૧. 'માટી કિસી કી નહીં, ફિર ભી સબ કી હૈ ! (૩૯૬)
૨. 'દૂર ખોયી લકીર કી તરહ ક્ષિતિજ તક ચલી ગયી હૈ માટી, કહીં સમતલ તો કહીં લહરાતી.' (૩૯૮)
૩. 'માટી સે તો બલ ગયા, માટી કો પહચાને બિના, દેખભાલ કિયે બિના વહ ખાને કો કહાં સે દેગી ? (૪૩૧)
૪. 'શાંતિ સે માટી મેં મિલકર સોયા થા ટુકડા ટુકડા અતીત, યુગયુગ કા અતીત, નયે રંગ સે, નયે પ્રકાશ સે મન લુભા માયારૂપ બનકર ઉસ દિશા કો ઢાંપે હૈ.' (૬૨૬)

આવા તો અનેક માટીવિષયક ઉલ્લેખો અહીં છે. બીજા ભાગનો મધ્ય ભાગ ભારે વરસાદથી આવેલાં પૂરનાં વર્ણનો રોકે છે. ઓરિસ્સા પણ આસામની જેમ વારંવાર આવી હોનારતનો ભોગ બને છે. વર્ષાનું રુદ્ર રૂપ મહાન્તીની વર્ણનકલાને ઓપાવે છે :

‘આકાશ કે મચાન પર દિખ રહી થી કાલે મેઘો કી ટોપી. નીચે હરે નીલે મેઘઈ પ્રકાશ કે બીચ સફેદ રોયોં કી તરહ હલકી બૌછાર કી પોશાક ફૂલે ફૂલે ઝકોલે મેં થરા રહી થી, હુલસ રહી થી. ચારોં ઔર દાબે બૈઠી થી. આંખ જિતની દૂર જાતી, બસ પાની કી ધાર દેખતે હી સિહર ઊઠતી. પલસ્તર-સા મારતી ઊઠતી ગેદલે પાની કી સતહ, જિતની ભી દૂર જાતે હૈ, માનો વહી - વી કૈલા હૈ. તટ કો ન દેખે બિના માનો કોઈ ચારા હી નહીં હૈ.’ (૪૫૭) પછી તો ‘પૂરસહાયતાદલ’ રચાય છે. એકજૂથ થઈને માણસો રાહતસેવા કરે છે. રવિ-છવિ પણ આમાં ઝુકાવે છે. સતત તેર દિવસ સુધી આ મહાવિનાશ કારી વર્ષાતાંડવ અને પૂરપ્રકોપ ચાલુ રહે છે. લગભગ સો પૃષ્ઠો સુધી મહાન્તીએ આ પૂરનું વર્ણન કર્યું છે. એ દરમિયાન પ્રગટ થતું માનવમાનસ પણ અહીં સૂક્ષ્મતાથી આવ્યું છે. મહાન્તીને આ રવિ-છવિની કથાને નિમિત્તે માટી સાથે જડાયેલા માનવસમુદાયનાં પૂર-ઓટને આલેખવામાં વિશેષ રસ છે. રચનામાં મહાન્તીનું માનવ્ય ચિંતન પણ ખાસ્સી જગા રોકે છે. જેમ કે,

‘ગાંવ મેં વાસ્તવ મેં જો કામ કરનેવાલા અંગ હૈ, બાઉરી, કંડરા યા રાસી યા મજૂરી, ગાંવ કે સમાજ મેં ઉસકી આવાજ કભી સુનાઈ નહીં પડેગી. વહ બેચારા તો નીચે પડા હૈ. માનો વહ તો કુછ હૈ હી નહીં, ઔર જો હિસ્સા અચલ હૈ, નિર્જીવ હૈ, દિખાઈ પડતા હૈ વહી, વહી ચાહતા હૈ ક્ષમતા ઔર અધિકાર.’ (૫૭૨)

ભાંગતાં જતાં ગામડાં અંગેનો લેખકનો વિચાર પણ આવો જ વાસ્તવદંઢ છેઃ ‘આજ કલ તભી તો વે જમીન બેચ રહે હૈ, ગાંવ સે ચલે જા રહે ઉઁ, શહર મેં ઘર બસા રહે હૈ. હવા કિધર બહ રહી હૈ સાફ દિખ જાતા હૈ. બાદ મેં વહ ઔર ભી બઢેગી.’ (૫૭૩) સામાજિક બદલાવ અંગેના તેમના વિચારો પણ વેધક છે :

‘પહલે થા જમીન મેં જડ જમાયે હુએ સમાજ, જહાં પર ઈધર ઉપર થોપા-થપકા ! ઉસ કે સાથ સામંતપ્રથા (સામંતવાદ), એક દલ હોંગે જો બૈઠે બેઠે ખાયેગે, હુકમ ચલાયેંગે ઔર દુસરા દલ હોગા, ધરતી પર ખટેગા, ઉન્હેં પાલતે રહેગા, મેહનત ન કર મુફ્ત કે ખાનેવાલોં કી લંબી-પટલી, બડા ઘર, લમ્બી સી નીતિ-સિદ્ધિ, જિનકી દેખભાલ કરતે હોગે. ઉનકી અપની ટેક પર ઉન્હેં રખતે હોંગે, સાફ કરતે હોંગે, કામ ધંધા કર દેતે હોંગે. ઉનકી અપની દેહ સે પસીના બહેગા નહીં. કેવલ સંગ્રહ કરના, સહેજના, ભોગ કરના, મનમાના દેના, લેના યા ઉડાના. શીતલા કી મૌતી યા ‘તમ્રપૂજા’ કિસી ન કિસી બહાને ભાંતિ ભાંતિ કે પિછઉપના, પૂજા, ઉત્સવ, બડી પિકદાન, પત્થર કા હમામ, ભારી કાંસે કે કલસે, હંડે, થાલ-થાલિયાં, તકિયા, સવારી, પાલકી, વજની, સીસમ કી પીતલ કી જડાઉદાર બહંગી, રહને કા સજાસંવરા કમરા, ઉસ સમાજ કી પરિસ્થિતિ મેં ન શ્રમ થા, ન

ઉદ્યોગ કરકે જીના. રીતિ નીતિ, આચાર-વિચાર, મનોવૃત્તિ ચકનાચૂર હોને પર ભી આદત થ મન બદલા નહીં, જે થા ભોગ-આડમ્બ-અમલ કા, ચૈન સે ચલને ક કાયદા, ઉન સબ મેં કઇ ચિરાચરિત વૈસી હી પ્રથા મેં અબ ભી હૈ, વ પુરાને જમાને કી પરિસ્થિતિ મેં ગઢા ગયા ધર્મવિશ્વાસ ઉસ પ્રથા કો કસકર થાયે હૈં. અતઃ આદમી-આદમી કે બીચ છુઆ-છત કો ભેદ બી ઈતની તર્ક યુક્તિ, ઈતને પ્રચાર કે બાવજૂદ સંપૂર્ણ રૂપ સે હટ ન સકા.

ઔર વે જો એક દલ થા, દેશા બડા ભાગ, ધરતી પર ખટનેવાલે લોગોં કા, ઉસ પુરાને જમાને મેં ઉન કે અસ્તિત્વ કી નસ નસ મેં એક અસીમ ઉદાસીનતા ભર ગઈ થી કિ કિતના ભી વહ ખટે, થાલી ભરતી હી નહીં, અંગુલી કે પોરો કે બીચવાલી ફાંક હોકર વહ જાયેગા, પતા નહીં કિતના - ઉચ્ચ કુલ, ઊંચી જાતિ, સામન્ત, મહાજન, દમ, જમીનદાર, રાજા વૈ હી જન્મે હૈ સુખ સે ઈસ ધરા કો ભૌગ કરને કે લિયે, રાજભોગ કરને કે લિયે, અતઃ સારી ભાગ્ય કી બાતે હૈ, જિતના હુઆ ઉતના હી સહી, સબકો પ્રણામ જનાકર - ગુરુ, ગૌ, બ્રાહ્મણ, વૈષ્ણવ, માલિક સબકો - જિતના સંભવ ઉતના અલસાકર, દમ લેકર, કિસી તરહ સમય કાટ, ઈસ જીવન કૌ બીતા સકે તો ઉર્સ, પૂજા, ઓઝા, યાત્રા-પર્વ-સ્નાન, વારુણી તિલક છાપા નામ કીર્તન કે બલ પર અગલે જનમ મેં તનિક ભલે ઘર મેં ભલી અવસ્થા મેં જન્મ લે સકેંગે, ભૌગ કર સકેંગે. વૈકુંઠ મિલ ગયા તો પુનર્જન્મ કા સારા ભય મિટ જાયેગા. ઉસ સમાજ કી રીતિ-નીતિ, ચાલ-ચલન, આચાર-વિચાર ભી ઉસી જમાને કી પરિસ્થિતિ કે સાંચે મેં બને છેં. જબ શ્રમ કે લિયે કોઈ મર્યાદા નહીં થી, ન હી વિકાસ કે લિયે કોઈ ઉત્સાહ. વહ અવસ્થા બદલી હૈ. અબ કિસી કી લાલ આંખો કા ડર નહીં. અબ જિતના શ્રમ, ઉતની હી ઉન્નતિ.' જો કે અહીંનું આ આક્લન અને અન્યત્ર આવતાં આવાં ચિંતનાત્મક વાક્યો માર્મિક હોવા છતાં કૃતિસંક્લનામાં વિઘ્નો ઊભાં કરે છે. એમાં અવલોકન દર્શન-નિદાન અવશ્ય છે, પણ એ જેટલાં સામાજિક હેતુ સાધે છે એટલાં કલાત્મક હેતુ સિદ્ધ કરતાં નથી. શાંતિનાં સ્વપ્નોની વાત પણ વણી છે, પરંતુ એમાં આદર્શ વધારે અને વાસ્તવિકતા ઓછી છે. એમના આશાવાદને પ્રગટ કરતો એક ખંડ જોઈએ :

'તો ભી આજ રોશની ખો નહીં ગઈ હૈ. આદમી કે અંતર મેં સદ્વિચાર અબ ભી ઝક્મકા ઊઠતા હૈ, એક દિન ફિર બઢ જાયેગા. બિંદુ-બિંદુ આલોક એકત્ર હોકર બન જાયેગા આલોક કા ઝરના. યુગ બીત સકતા હૈ, એક દેશ, એક ઉમ્ર, સમય કે અનંત પ્રવાહ મે પરંપરા કી ધારા મેં વહ કિતની બાર ઊગ કર અસ્ત હોતા હોગા, પરંતુ શેષ મે વહ માનવજાતિ પૂર્ણતા પાયેગી, અંધેરા હારેગા, પ્રકાશ જીતેગા.' (૬૧૭)

આ છે આદર્શોન્મુખ (મિથ્યા) આશાવાદ. આખી નવલકથામાં એ રમમાણ છે. તરત જ પ્રશ્ન પૂછી શકાય કે સહકારી પ્રવૃત્તિનો આવો આદર્શવાદ આજે સિદ્ધ થયો છે ? ટ્રસ્ટીશીપનો ખયાલ એના સાચા અર્થમાં મૂર્તિમંત થયો છે ? માનવમાં કોઈ પણ વ્યવસ્થાને વણસાડી મુકવાનું કૌવત છે એ સત્ય જાણે કે મહાન્તી પકડી શક્યા નથી અને પરિણામે

આદર્શોનું વજન કૃતિને બોઝિલ બનાવે છે. સર્જક તરીકે એ શક્તિશાળી છે, એમનું આકલન પણ વેધક છે, પરંતુ દર્શન પરિણામકારી લાગતું નથી.

માનવસમુદાયનાં, વ્યક્તિ વિશેષોનાં વ્યવહારવર્તનો અત્યંત સુરેખ છે. રચનામાં નારીચરિત્રો ઓછાં છે. અલબત્ત, નારીજાગૃતિના ઉલ્લેખો અવારનવાર આવે છે ખરા. આખી રચનામાં ક્યાંય રંગદર્શિતા નથી. ક્યાંક ક્યાંક પ્રકૃતિ વર્ણનોમાં રંગદર્શી અભિગમની છાંટ મળે, પણ સમગ્ર કૃતિની તુલનાએ તો એ અંશ ન-જેવો છે. અહીં રવિ-છવિના પ્રેમમાં પણ આદર્શ ભાવનાવાદ અને સંયમ છે. એ બેનાં સંવનન-મિલનને પણ લેખકે ટાળ્યાં છે. એમને વ્યક્તિ કરતાં સમષ્ટિ હિતને ઉપસાવવામાં વિશેષ રસ હોઈ આમ થયું છે, પરંતુ ઉપર કહ્યું છે તેમ, અહીં વાસ્તવપક્ષ અને કલાપક્ષ કરતાં આદર્શપક્ષ અને ભાવનાપક્ષનું પલ્લું નીચે ગયું છે. એક સમયે આવી આદર્શોન્મુખ નવલકથાઓનું સાંસ્કૃતિક મૂલ્ય હતું. પરંતુ એક અખંડ સાવયવ કલાકૃતિ તરીકે એ પરિપૂર્ણતાનો અનુભવ કરાવવામાં ઓછી ઊતરે છે.

---

**લેખન : સતીશ વ્યાસ** - *જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા, સંપાદક : ભરત મહેતા, પ્ર.આ. ૨૦૧૬ માંથી સાભાર*

---

**એકમ-10**

# આરણ્યક

*બંગાળી નવલકથા જેમના દ્વારા સમૃદ્ધ અને સત્ત્વશીલ બની છે તેવા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય, રવીન્દ્રનાથ ટાગોર, શરદબાબુ, તારાશંકર બંદોપાધ્યાય, વિમલમિત્ર, બુદ્ધદેવ બસુ, જરાસંઘ, સુનીલ ગંગોપાધ્યાય, મનોજ બસુ, મૈત્રેયીદેવીનાં નામોમાં વિભૂતિભૂષણ બંદોપાધ્યાયનું નામ પણ નોંધપાત્ર રહ્યું છે.*

*વિભૂતિભૂષણની પ્રકાશિત થયેલી નવલકથાઓમાં જો કોઈ નવલકથાએ તેમને નોંધપાત્ર નવલકથાકાર તરીકે પ્રસ્થાપિત કર્યા હોય તો તે નવલકથા છે 'આરણ્યક'. રાજેન્દ્ર શાહના પ્રગટ થયેલા કાવ્યસંગ્રહ 'ધ્વનિ'ની રચનાઓના ભાવવિશ્વમાં અવગાહન કરતા ઉમાશંકર જોશીએ કહ્યું હતું કે 'આ સંગ્રહ જાણે કાલપ્રવાહની બહારથી પ્રગટયો હોય તેવું લાગેછે.' આ જ વિધાન, વિભૂતિભૂષણની નવલકથા 'આરણ્યક'ના સન્દર્ભમાં કહી શકાય.*

*'આરણ્યક'નું પ્રકાશન વર્ષ ઈ.સ. ૧૯૩૯. આ સમયગાળો એટલે આઝાદીની લડતનો સમય. આખાય હિન્દુસ્તાનમાં આઝાદીની લડતનો પવન ફૂંકાયો હતો. રાષ્ટ્રીય આંદોલનો ચાલતાં હતાં અને રાષ્ટ્રીય ભાવનાથી ભર્યા ભર્યા યુવાનોના લોહી રેડાતા અને બીજા વિશ્વયુદ્ધનો આરંભ થયો હતો. આ ઘટનાનો કોઈ એકલ દોકલ વ્યક્તિને જ પ્રભાવિત કરીને શમી જતી નથી. પરન્તુ સમગ્ર ભારતીય સાહિત્યને પણ પ્રભાવિત કરે છે. રવીન્દ્રનાથ ટાગોર જેવા સર્જકની નવલકથાઓમાં પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, આ ઘટનાઓનો પ્રતિઘોષ સંભળાય છે, પરન્તુ આશ્ચર્યની ઘટના તો એ છે કે, આવા વાતાવરણ વચ્ચેય રાષ્ટ્રીય આંદોલનના ધબકારથી મુક્ત એવી 'આરણ્યક' નવલકથા પ્રગટ થાય છે. ગુજરાતી ભાષામાં ચન્દ્રકાન્ત મહેતા દ્વારા અનુવાદિત થયેલી આ નવલકથાને સંખ્યાબંધ વાચકો, વિવેચકોએ અને વિદ્વાનોએ વખાણી છે. જે સમયમાં શિક્ષિત બંગાળીઓ રવીન્દ્રનાથની ગદ્યશૈલીની સાથે તેમના હસ્તાક્ષરની પણ નકલ કરતાં હતાં તે સમયમાં રવીન્દ્રનાથના પ્રભાવથી મુક્ત છતાં અપૂર્વ કલાસૌષ્ઠવથી ભરી નવલકથા 'આરણ્યક' પ્રગટ થઈ એ જ મોટી નોંધપાત્ર ઘટના ગણાય છે. આ નવલકથામાં યુદ્ધ કે પ્રેમથી છલકાતી કથાનો કે પાત્રોનાં મનોમંથનોનો વિનિયોગ કરવામાં આવ્યો નથી. કથાવસ્તુમાં પણ એકસૂત્રતા નથી. આધુનિક રચનારીતિ* (Technique) *કે નિરૂપણરીતિ* (Mode of Presentation)*નો અભાવ છે. આમ છતાં આ કૃતિને બંગાળની અને ભારતીય સાહિત્યની મહાનકૃતિ ગણાવતા સુનીતિકુમાર બેનરજી નોંધે છે:*

***"એ અરણ્યની ગદ્યકવિતા છે, અત્યાર સુધી લખાયેલી નહીં એવી અરણ્યની પશ્ચાદ્ભૂમિકામાં કે જે ભૂમિકાનો માનવીની વધતી વસતીને વસાવવા માટે નાશ કરવામાં આવે છે. કર્તાએ અરણ્યની અને આદિવાસી ગામડાંની ભૂમિકામાં, સહાનુભૂતિપૂર્વક અને પ્રતીતિકર રીતે માનવનું અને આસપાસના વાતાવરણનું મનોરમ ચિત્ર આલેખ્યું છે. આ***

*રીતે પ્રત્યક્ષ અનુભવ અને સહાનુભૂતિને રંગે રંગાયેલું માનવ અને પ્રકૃતિનું અત્યંત આકર્ષક ચિત્ર આલેખતું આ કાવ્ય છે.''*

અરણ્યનો આત્મા અને નવા ગ્રામનો ચિતાર રજૂ કરતી અને પ્રકૃતિ તથા માનવ બન્ને વચ્ચે અનુરાગ ઉત્પન્ન કરતી આ કૃતિમાં એક ઉચ્ચ સંસ્કારી બંગાળી 'ગ્રેજ્યુએટ'ના અરણ્ય વિસ્તારનો આછો પાતળો કથાતંતુ આત્મવૃત્તાંત રૂપે નિરૂપાયો છે. કથાનાયક કલકત્તાની નાની અમથી શાળામાં શિક્ષક તરીકે સેવા બજાવી રહ્યો હતો, પરન્તુ થોડા સમય પછી કોઈ કારણોસર તે નોકરી ગુમાવી બેસે છે. નોકરી ગુમાવ્યા પછી, તે અનેક પ્રકારના કડવા અનુભવોમાંથી પ્રસાર થતાં થતાં અકસ્માતે જ, તે એના કૉલેજ મિત્રને મળી જાય છે. આ કૉલેજ મિત્રનો બિઝનેસ છે ઈજારો મેળવી, જંગલો સાફ કરાવવાં અને એ સ્થાને ખેડૂતોને વસાવવા તથા ઢોરોને ચરાવવાં. આ મિત્રના સહકારથી કથાનાયક એના પ્રતિનિધિ તરીકે બંગાળની સરહદ ઉપરના ઉત્તરબિહારના ગાઢ જંગલ વિસ્તારમાં જાય છે. જાત જાતના લોકોના પરિચયમાં આવે છે. ક્યાંય ફાવતું નથી. મન અસ્વસ્થ રહ્યા કરે છે. બધાથી અલિપ્ત હોય એ રીતે તે દિવસો પસાર કર્યા કરે છે. પરન્તુ થોડા જ સમયમાં તેને પરાયું લાગતું અરણ્ય અને પારકા લાગતાં લોકો પોતાનાં સ્વજન સમાં લાગવા માંડે છે. આ આત્મીયતાનો સમ્બન્ધ એટલો પ્રગાઢ બને છે કે અરણ્ય છોડયાને પંદર-સોળ વર્ષ થયાં પછી પણ તેન ચિત્ત-હૃદયમાં અરણ્ય અને આરણ્યકનાં દશ્યો ખસતાં નથી. કથાનાયકના આ અરણ્ય નિવાસના વિભિન્ન અનુભવો અને છૂટાછવાયા પ્રસંગો જ 'આરણ્યક' નવલકથાની કથા સામગ્રી બની છે. બંગાળી સાહિત્યમાં આ પ્રકારની કથાસામગ્રી વિશિષ્ટ હોવાને કારણે આ નવલકથાએ, સૌને નાવીન્યનો અહેસાસ કરાવ્યો હતો.

નવલકથાની નાવીન્યસભર કથાસામગ્રીની સમાન્તરે જ નવલકથાની વિક્ષણ પાત્રસૃષ્ટિ પણ નવોન્મેષનો પરિચય કરાવે છે. અહીં રવીન્દ્રનાથની નવલકથામાં દેખાતાં રાષ્ટ્રીય ભાવના રંગી પાત્રો કે શરદબાબુની નવલકથામાં નિરૂપાયેલાં વિવિધ સ્વરૂપોમાં વિહરતી નારીનાં પાત્રો જોવા મળતાં નથી. અહીં તો નિરૂપાયાં છે એંઠો ભાત ખાવા માટે નવ માઈલનો વિકટ રસ્તો ખૂંદીને, કડકડતી ઠંડીમાં ત્રણ ચાર દિવસ પહેલાથી લવલુટિયા મુકામે કથાનાયકની પ્રતીક્ષા કરતાં, ગરીબાઈને નિષ્ઠાપૂર્વક વરેલાં પાત્રો. એ પછી સૂડિયા બહારના કાંઠાના વિસ્તીર્ણ જંગલમાં પોતાનાં છોકરાંને સાથે લઈને સોડાં વીણવાં આવતી, રાજપૂત દેવસંગના અવસાન પછી સમાજ દ્વારા બહિષ્કૃત થયેલી વિધવા કુંતા હોય કે પછી લોખંડની કડાઈ માટે કથાનાયક સામે કરગરતો મુનેધર હોય; દાળ માટેનું વાસણ ન હોવા છતાં મેલા કપડાના છેડામાં શેકેલી અડદની દાળ લઈને આરામથી ખાતો ઉદાર અને સરલહૃદયી શાહુકાર પાઉતાલ શાહુ હોય કે પછી દક્ષિણ પ્રદેશના ધરમપુરના પરગણમાં દુકાળ પડવાથી નાચગાન કરીને પેટ ભરવા લવલુટિયાના જંગલમાં આવેલો બાળનર્તક ધતુરિયો હોય; પ્રાથમિક શાળા ખોલવાની તાલાવેલીથી પ્રત્યેક નવા વસવાટમાં સ્થાનાન્તર કરતો, ગરીબીના અવતાર સમો, ત્રીસ-બત્રીસ વર્ષનો શ્યામવર્ણ ગનોરી હોય કે પછી સંસ્કૃત પાઠશાળા ખોલવા અનેક પ્રકારના ઉધામા નાખતો મટુકનાથ પંડિત હોય. ઘડીના

છઠ્ઠા ભાગમાં પાઈએ પાઈ માટે મરી ફીટનાર આ લોકોમાંનો એક ધાઉતાલ તો ચિરસ્મરણીય પાત્ર બની રહે છે. આ ધાઉતાલ શાહુ અનેક જરૂરિયાતમંદોને પૈસા ધીરે છે, પરન્તુ પાછા મેળવવાની ક્યારેય દરકાર કરતો નથી, એટલું જ નહીં પરન્તુ જ્યારે તે પંદર સોળ હજાર રૂપિયાના દસ્તાવેજો ફાડીને ફેંકી દે છે ત્યારે તેની ધન પ્રત્યેની ઉદાસીનતા અને બહુ મોટા નુકશાન વચ્ચે પણ સ્વસ્થ રહેવાની પ્રકૃતિ પ્રત્યે માન ઉપજે છે. કથાનાયકે તો તેને એક મહાન દાર્શનિકના સ્તરે મૂકીને જોયો છે. આ ઉપરાંત પણ જુદી જુદી પ્રકૃતિનાં અને જુદી જુદી પ્રવૃત્તિ કરતાં પાત્રો, અહીં, દેખા દે છે જેમાં વ્યાજખાઉ મુનાવરસિંહ, રાજાશાહીની ગરિમા પ્રગટાવતો આદિવાસી રાજા દોબરુ પણ અને તેની પ્રપૌત્રી ભાનુમતી, સાચો વનસ્પતિ શાસ્ત્રી જુગલપ્રસાદ, કાશીથી કોઈ ગાનારીની પુત્રીને પરણેતર બનાવીને રાખનાર દેવીસીંગ રાજપૂત, પોતાના પુત્રને નોકરી અપાવવા માટે કથાનાયકને ભોજન નિમિત્તે ઘેર નિમંત્રીને નજરાણા રૂપે આપવાનો પ્રયાસ કરતો નંદલાલ ઓઝા, ‘અહીંના લોકોનો વિશ્વાસ ન કરશો’ જેવી સલાહ આપતો ગોષ્ટબાબુ, કથાનાયકના ચિત્ત-હૃદયમાં ચિરસ્મરણીય સ્થાન જમાવી જનાર સુરતિયા, રાખાલબાબુ અને તેની પત્ની ધ્રુવા, ગિરધારીલાલ, મંચી, ભાનુમતી વગેરેનો ઉલ્લેખ કરી શકાય.

સર્જકે અહીં યુગપ્રસાદના પાત્રને સર્જીને વનવાસીઓનો એક વિરલ મહિમા પ્રગટ કર્યો છે. યુગલપ્રસાદ ભૂમિહાર બ્રાહ્મણ છે. ગૃહસ્થી છે, પણ તેની ઘેલછા-ધુન છે જુદાં જુદાં સ્થળોએથી ભાતભાતની વેલો વૃક્ષો, ગુચ્છો કે ગુલ્મો લાવીને જંગલમાં રોપ્યા કરવાની ! નવું ફૂલ નિહાળ્યું કે નવી વેલ નિહાળી એટલે તરત જ તેના મનમાં પોતાના સરસ્વતી કુંડ પાસે તેને વસાવવાની ઝંખના જાગી ઊઠે છે. પોતાના પૈસા વાપરીને તે વનમાળી બન્યો છે. વિદાય લેતી વખતે કથાનાયકના ચિત્તમાં આ યુગપ્રસાદનું પાત્ર પણ કબજો જમાવીને બેસી ગયું છે. કથાનાયક, યુગપ્રસાદની કામગીરીના સંદર્ભમાં વિચારે છે કે જે રીતે નૂરજહાંએ ઈરાનથી ચિનારના રોપ મંગાવી કાશ્મીરને સૌંદર્યસમૃદ્ધ કર્યું હતું તેમ યુગપ્રસાદે ફૂલવેલીઓથી નાઢા-બૈહારના આ જગંલની શોભા વધારી હતી. સર્જકને વન્યજાતિ અને વનપ્રદેશ માટે જે અપાર લગાવ રહ્યો છે તે તેમનાં વર્ણનોમાં જ નહીં, પરન્તુ વિધવિધ વનવાસીઓનાં આંત બાહ્ય છબીમાં પણ પ્રતિબિમ્બિત થયેલો જોઈ શકાય છે. અહીં અરણ્ય અને આરણ્યક એકબીજાથી જુદાં નહીં, પરન્તુ એકબીજાના પર્યાય સમાં બની ગયાં છે.

અહીં નિરૂપાયેલી પાત્રસૃષ્ટિમાં વિશેષ સ્પર્શી જતું પાત્ર હોય તો તે છે બનારસની તવાયફની દીકરી કુંતા. ઈજારદાર રજપૂત દ્વારા ભગાડી જવાયેલી કુંતા તેની આર્થિક સંકળામણ વચ્ચે પણ પોતાનું સ્વમાન જાળવે છે. અને કહે છેઃ **‘મારવી હોય તો મારી નાખો, પણ ધર્મ નહીં ખોઉં !’** આ કુંતા, જ્યારે રોગી ગંગોતા ગિરધારીલાલને રક્તપિત થયો છે, એમ બધા માને છે ને પૈસા દેવા છતાંય સેવા કરવા રાજી નથી ત્યારે તે સેવા કરવા આગળ આવે છે. એટલું જ નહિ પરન્તુ આર્થિક સંકળામણ હોવા છતાં સેવા કરવા બદલ એક પણ પૈસો લેતી નથી. સર્જકે આ પ્રકારના નાનાં છતાં મોટાઈથી ભરેલાં પાત્રોનાં

*વ્યક્તિચિત્રો ઉપસાવીને એવું સાબિત કરવા ઇચ્છયું છે કે અરણ્ય જ સમૃદ્ધિથી ભર્યું નથી, પરન્તુ આરણ્યક પણ સમૃદ્ધિથી ભર્યાં છે.*

*અહીં નિરૂપાયેલું સુરતિયાનું પાત્ર તો રવીન્દ્રનાથ ટાગોરની નવલિકા* 'Postmaster' *માં આવતી નાની બાલિકા* Ratan*નું સ્મરણ કરાવી જાય છે. નવલિકામાં નિરૂપાયેલ પાત્ર અને પ્રસંગ જેવા જ પાત્ર, પ્રસંગ અને પરિસ્થિતિ 'આરણ્યક'માં સર્જાય છે. કથાનાયક અરણ્યનિવાસ દરમ્યાન આરણ્યકો સાથે આત્મીયતા કેળવી જ્યારે શહેરમાં જવા માટે અરણ્યમાંથી વિદાય લે છે ત્યારે આ વિદાય વેળાએ તૈયાર થયેલી પાલખી નિહાળી સુરતિયા ઘરની બહાર દોડી આવે છે અને કથાનાયકને,* Ratan *જે રીતે* 'Postmaster'*ને પૂછે છે એ રીતે અને એ જ ભાવે પૂછે છે :*

***"બાબુજી ! ક્યાં જાવો છો?'***
***"ભાગલપુર. તારા બાપુજી કયાં છે?"***
***"ઝૂલ્લુટોલા ઘઉના બી લેવા ગયા છે. તમે ક્યારે પાછા આવવાના?" "હવે હું પાછો નહીં આવવાનો."***
***"છટ્ટ, ખોટી વાત..."***

*કથાનાયક સાથે સુરતિયાના થયેલા આ નાનકડા વાર્તાલાપ દ્વારા કથાનાયકે પ્રદેશવિશેષના ગરીબ છતાં સમૃદ્ધિથી ભરેલા હૃદયવાળા આબાલવૃદ્ધોનો પ્રેમ કેવો સંપાદિત કરી લીધો છે તેની સહજ રીતે પ્રતીતિ થાય છે. ''બાબુજી તમારું કામ જોઈએ અમે બધા આશ્ચર્યચકિ થઈ ગયા છીએ. બઈહાર કેવું હતું ને કેવું બની ગયું !" એમ કહી કૃતજ્ઞતા વ્યક્ત કરતી આ પ્રજા દરિદ્ર છે, પરન્તુ એમને પોતાની દરિદ્રતાનું દુઃખ નથી. કયાંક ગરીબીને કારણે કકળાટ કે આક્રોશ નથી. પરિસ્થિતિને અનુકૂળ થઈને જીવવાની અને જીવનને પરિસ્થિતિના સંદર્ભમાં જોઈને સમજવાની આગવી સૂઝ જ આ પ્રજાને માટે બહુ મોટી આશ્વાસક અને શાતાકર લાગે છે.*

*કથાનાયક, અરણ્યનિવાસના આરમ્ભે જે પ્રજા સાથે વાતો કરતાં કે મળતાં ખચકાટ અનુભવતો હતો એ જ પ્રજાએ તેના હૃદયમાં વર્ષો સુધી કબજો જમાવી રાખ્યો હતો. તે પ્રજાના કઠોર જીવનસંગ્રામ અને આનંદગ્રહણ કરવાની શક્તિ નિહાળીને આશ્ચર્યમુગ્ધ પણ બન્યો હતો. આ વિશે વિચારતા તે નોંધે છે :*

***"કોણ જાણે શાથી પણ મને આ લોકો ગમ્યા એની દારિદ્રતા, એમની સરળતા, કઠોર જીવનસંગ્રામનો સામનો કરવાની એની તત્પરતા આ અંધારી અરણ્યભૂમિ અને હિમ વરસાવતું મુક્ત આકાશ, એમને વિલાસિતાની ફૂલબિછાત તરફ જવા દેવાં નથી, પણ સાથે સાથે એને ખડતલ પુરુષ બનાવે છે. જરા અમથો ભાત ખાવા મળશે એ આનંદે ભીમદાસ ટોલાથી આવો પહાડી માર્ગ કાપીને નવ માઈલનો રસ્તો વટાવી આવ્યા અને તે પણ આમંત્રણ વિના, એમની આનંદગ્રહણ કરવાની શક્તિ કેટલી સતેજ છે તેનો વિચાર કરતાં હું આશ્ચર્યમુગ્ધ બન્યો."***

*'અહીંના લોકોમાં વિશ્વાસ ન કરતા' એવી સલાહથી, પ્રારમ્ભે, ખચકાતા એવા કથાનાયકના હૃદયમાં વિશ્વાસ અને શ્રદ્ધાનાં વહેણો વહેતાં કરી દેનારી આ ગરીબ છતાં પ્રેમાળ પ્રજા વર્ષો પછી પણ કથાનાયકના ચિત્તમાં સ્મરણ રૂપે સજીવ થઈને કથાનાયકને વિચારતો કરી મૂકે છે. એક સાંજે, બદામના વૃક્ષ નીચે બેઠાં બેઠાં કથાનાયક વિચારે છે*

***"કેમ હશે કુંતા ? સુરતિયા કેટલી મોટી થઈ ગઈ હશે? મટુકનાથની પાઠશાળા આજે ચાલતી હશે કે નહિ? ભાનુમતિ એની પહાડની ભૂમિવાળી અરણ્યમાં શું કરતી હશે? રાખાલબાબુની પત્ની ધ્રુવા, ગિરધારીલાલ, કોણ જાણે આટલા સમય પછી કોઈ કઈ હાલતમાં હશે ? વળી વચમાં મંચી સ્મૃતિને ચમકાવતી જાય છે. પસ્તાઈને શું મંચી પોતાના સ્વામીને ત્યાં પાછી ફરી હશે કે આસામના ચાના બગીચામાં આજે પણ ચાનાં પાંદડાં વીણતી હશે?"***

*અરણ્ય અને આરણ્યકો પ્રત્યે કથાનાયકનું મમત્ત્વ જ પ્રદેશવિશેષની પ્રજાના વ્યક્તિત્વનો પરિચય કરાવે છે, 'અહીં વન જેટલું છે એટલું જીવન નથી' કે 'પ્રકૃતિ મુખ્ય છે, મનુષ્ય ગૌણ છે' એવું કહીને આ કૃતિની ટીકા કરનારે જીવન, જીવનઘટના અને મનુષ્ય વિશેની સમજનો વિસ્તાર કરવો જોઈએ. એ સાથે જ બંગાળની પડખે બિહારના એક ખૂણાના જીવનનું યથાર્થ અને જીવન ચિત્ર આપતી તથા પ્રકૃતિ અને માનવ બન્ને પ્રત્યે અનુરાગ જન્માવતી કૃતિ તરીકે પણ 'આરણ્યક'ને સ્વસ્થતાથી તપાસવી જોઈએ.*

*નવલકથાકારે નવલકથાની કથાસૃષ્ટિમાં સૂક્ષ્મ સંઘર્ષને પણ કલાત્મક રીતે વણી લીધો છે. અરણ્યનિવાસના આરમ્ભે અરણ્ય પ્રત્યે અળગમો અભિવ્યક્ત કરતો કથાનાયક અરણ્યમાંથી વિદાય લેતાં ગદ્ગદિત થઈને, જાણે અપરાધભાવ અનુભવતો હોય એ રીતે, ક્ષિતિજમાં લુપ્ત થયેલા પહાડને તથા મોહનપુરા અરણ્યને દૂરથી વંદન કરતાં બોલે છેઃ "હે અરણ્યના આદિમ દેવતાઓ, મને માફ કરો. વિદાય..!" વિદાયની આ ક્ષણ કથાનાયકના ચિત્તમાં ચાલતાં નાનાવિધ સંચલનો – મંથનોને વ્યંજિત કરે છે. અરણ્ય પ્રત્યે બંધાયેલું મમત્વ અને જમીનદારના એજન્ટ-પ્રતિનિધિ તરીકે અનિવાર્ય રીતે જંગલો કાપવાની અને એને બજાવવી પડેલી ફરજમાંથી જન્મેલ માનસિક સંઘર્ષ નવલકથાને કલાત્મક કૃતિ તરીકે પ્રસ્થાપિત કરે છે. પોતે માનવની જરૂરિયાત સંતોષવા ધરતીની કાયાપલટ કરવામાં, પ્રકૃતિ પર આક્રમણ કરીને તેનો નાશ કરવામાં નિમિત્ત બન્યો છે. એવો જ વિચાર જ કથાનાયકના ચિત્તમાં મંથન જગાડે છે. તેથી જ જતાં જતાં સુરતિયાએ જે વાક્ય કહ્યું એ જ વાક્ય જુદા ભાવ અને અર્થ સાથે વ્યંજિત કરતાં બોલે છે : "હું પણ એ જ વિચાર કરતો હતો નાઢા બઈહાર કેવું હતું ને કેવું થઈ ગયું." આ પ્રકારની અપરાધગ્રંથિથી પીડાતા કથાનાયકને 'ઉન્નતિ' અને 'આનન્દ' એ બે વિરોધાભાસી સંજ્ઞા લાગવા માંડે છે. તેથી જ તે વિચાર વંટોળમાં અટવાય છે.*

***"આખરે માણસને શું જોઈએ ? ઉન્નતિ કે આનન્દ? જેમાં આનન્દ ન હોય એવી ઉન્નતિને શું કરવાની? હું એવા ઘણાં માણસોને ઓળખું છું, કે જેમણે ઉન્નતિ સાધી છે, પણ આનન્દ ગુમાવ્યો છે. જેઓનું જીવન વધુ પડતું વિલાસી હોય છે તેમની મનોવૃત્તિની ધાર***

***ઘસાઈ ઘસાઈને બુઠ્ઠી  બની જાય છે. એમને ક્યાંય આનન્દ મળતો નથી. એમનું જીવન વિવિધતા વિનાનું, નીરસ અને  અર્થહીન બની જાય છે. એમનું મન એવું બંધિયાર બની જાય છે, કે એમાં રસ પ્રવેશી શકતો નથી.''***

*આ વિચાર પોતાની જ પ્રકૃતિનો એક ભાગ બની ચુકેલી અરણ્યભૂમિ સાથેના વિચ્છેદમાંથી જન્મ્યો છે, તેથી સ્વાભાવિક લાગે છે, પરન્તુ સર્વથા સાચો નથી.*

*સમગ્ર પ્રકૃતિને 'અરણ્યની ગદ્યકવિતા' કહીને નવાજવામાં આવી છે તે તો તેમાં નિરૂપાયેલ અરણ્યસૃષ્ટિના જીવન્ત અને ગતિશીલ ચિત્રો તાદૃશ કરતાં વર્ણનોને કારણે. આરણ્યકની સૃષ્ટિ લવલુટિયા બૈહાર અને આઝમાબાદની આરણ્યક ભૂમિખંડની સૃષ્ટિ છે. એ પ્રદેશવિશેષની પ્રત્યેક ઋતુમાં, દિવસ-રાત્રિના વિભિન્ન પ્રહરોમાં ચાંદની અને તિમિરનાં બદલાતાં રૂપો, વિભિન્ન સમયે પહાડના ઢોળાવ પરથી દૃશ્યાતાં સૂર્યોદય, સૂર્યાસ્ત અને ચંદ્રોદય અને રમણીય દૃશ્યો, વસંતઋતુના આગમનથી ખીલેલાં રંગીન પલાશનાં પુષ્પોનો ભરાયેલો મેળો, અપૂર્વ અને અનન્ય શિલાખંડવાળા મેદાનમાં રંગ-બે-રંગી વનફૂલોની શોભા અને પર્વત નીચે પુષ્પોના ભારથી લચી પડતી નાનાં નાનાં વૃક્ષોની શાખાઓ, પોતાની મહેંક સમગ્ર વાતાવરણને મધમધતું બનાવતી પીળા રંગના સૂર્યમુખી જેવાં પુષ્પો, ગિરિમાળાના ઢોળાવમાં પથરાયેલ ગલગલી અને પલાશનું જંગલ, દીપમાળાની સજાવટ કરી હોય એ રીતે સંતાલોએ સળગાવેલાં પર્ણોએ સર્જેલું અતિરમણીય દૃશ્ય, તિમિરમય સ્તબ્ધ રાત્રિ, પાછલી રાત્રિએ નીલ ગાયોના દળનો સંભળાતો પદધ્વનિ, વન્ય પ્રાણી-પશુઓના સંભળાતા ભયાવહ અવાજો, કયારેક વાદળરૂપી છવાયેલું દેખાતું આકાશ - આદિના સૌન્દર્યસભર વિશ્વની ભાવલુબ્ધક  સૃષ્ટિને સર્જકે અહીં કલાત્મક શૈલીમાં અહીં મૂર્ત કરી બતાવી છે. સર્જકે વનાંચલની નિબિડતાને પંચેન્દ્રિય દ્વારા પામીને નિરૂપી હોવાથી, અહીં તાદૃશ થયેલો આખોય પરિવેશ સાચુકલો અને પ્રતીતિકર લાગે છે. વળી, આ પરિવર્તન પામતાં જતાં અરણ્યસૃષ્ટિનાં સૌન્દર્યસભર દૃશ્યો એક સાથે જ વર્ણવાયાં નથી, પરન્તુ કથાનાયક ઘોડા પર બેસીને, અરણ્યમાં આમ તેમ ઘૂમતો રહે છે, ઠેકઠેકાણે વેરાયેલાં પ્રકૃતિનાં સૌન્દર્યોને માણતો રહે છે, એ પ્રકારની પ્રયુક્તિના વિનિયોગ દ્વારા વનસૃષ્ટિથી અદ્ભુત શોભા વર્ણવાઈ છે.*

*પ્રકૃતિ અને માનવ વચ્ચેની અભૂતપૂર્વ સંવાદિતાનું ચિત્ર રજૂ કરતી આ કૃતિની વિશિષ્ટતા પ્રતિ અંગુલિનિર્દેશ કરતા ઉમાશંકર જોશીએ* Indian Literature (Vol. VIII No. 1)*માં ગ્રંથસ્થ થયેલા* 'The Novelist's Quest For India *નામના લેખમાં નોંધે છે.*

"The real power of Aranyak does not lie in its romantic glorification of or in projecting the traditional Indian attitude toward Nature, nor in the purple patches of lyrical description of Nature, but in the able portraya of earthling b[a]tling against physical and social environment."

*'આરણ્યક'ને સમગ્ર રીતે તપાસતાં, લાગે છે કે આ કૃતિ વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની શ્રેષ્ઠ કૃતિ તો છે જ, પરન્તુ સાથે સાથે બંગાળી સાહિત્યની અને ભારતીય*

*સાહિત્યની પણ નોંધપાત્ર કૃતિ છે. શ્રીકુમાર બંદોપાધ્યાયે તો એથીય આગળ વધીને નોંધ્યું છે : 'પ્રકૃતિ સાથે માનવમનના આવા અંતરંગ સમ્પર્કની કથા બંગાળી નવલકથામાં તો નથી જ, યુરોપીય નવલથામાં પણ આવી કથા તો વિરલ હશે.'' પ્રસ્તુત વિધાને તો 'આરણ્યક' નવલકથાને વિશ્વ સાહિત્યની પંગતમાં બેસાડી દીધી છે. અંતમાં, આપણે સૌ એટલું તો અવશ્ય સ્વીકારીશું કે જ્યાં સુધી પ્રકૃતિ અને માનવ વચ્ચે સંવાદિતા જળવાઈ રહેશે ત્યાં સુધી 'આરણ્યક' આપણી વચ્ચે જીવંત રહેશે.*

---

**લેખન : પ્રો. બિપિન આશર** - *સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ,*
*'ભારતીય નવલકથા' પુસ્તકમાંથી સાભાર*

---

# એકમ-11 ભારતીય સંસ્કૃતિનો મહિમા પ્રગટ કરતી નવલકથા : વિપ્રદાસ

*બંગાળી સર્જક શરદબાબુ ગુજરાતી સાહિત્યના વાચકો માટે પરપ્રાન્તીય રહ્યા નથી. 'વિરાજવહુ', 'વિપ્રદાસ', 'પરિણીતા', 'પલ્લીસમાજ', 'દેવદાસ', 'શ્રીકાંત', 'ચરિત્રહીન' જેવી સુપ્રસિદ્ધ નવલકથાઓ ગુજરાતી વાચકના હૃદયમાં વસી ગઈ છે. આ નવલકથાઓમાં 'વિપ્રદાસ' સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી કૃતિ છે. શરદબાબુએ વિપ્રદાસ દ્વારા આપણા સનાતન હિન્દુ ધર્મની મહત્તા, તેમાં રહેલું કોઈ અગમ્ય તત્ત્વ, તેની શક્તિ, તેની સત્યતા અને તેની પડછે, આ બ્રાહ્મોની અને અંગ્રેજી અનુકરણની લાગેલી લતનું મિથ્યાત્વ બતાવે છે. આમ, શરદબાબુએ ભારતીય સંસ્કૃતિના મહિમાને ઉજાગર કરવાના આશયથી આ નવલકથા લખી છે. તેથી સ્વાભાવિક જ તેમાં ઉપદેશનું તત્ત્વ પ્રવેશી ગયું છે.*

*સમગ્ર નવલકથામાં નાયક-નાયિકા તરીકે વિપ્રદાસ અને વંદના છે, જો કે બન્ને પતિ-પત્ની નથી. વિપ્રદાસનું કુટુંબ એક મોટા હિન્દુ જાગીરદારનું અવિભક્ત કુટુંબ છે. તેમાં, કુટુંબનો કર્તાહર્તા વિપ્રદાસ છે. આ વિપ્રદાસ તેની ઓરમાન વિધવા મા દયામયી દ્વારા પાલન-પોષણ પામીને મોટો થયો છે. દયામયીનો સગો પુત્ર તો છે દ્વિજદાસ અને પુત્રી છે કલ્યાણી. કલ્યાણીના લગ્ન શશીધર સાથે થયા છે. વિપ્રદાસ પરિણીત છે અને તેની પત્નીનું નામ સતી છે જે ખરા અર્થમાં સતી જ છે.*

*આ કુટુંબના સંસર્ગમાં, અને ખાસ કરીને વિપ્રદાસના સંસર્ગમાં, બ્રહ્મોધર્મ પાળતા કુટુંબમાં જન્મેલી, પાશ્ચાત્ય કેળવણી અને પાશ્ચાત્ય કુટુમ્બ સંસ્કારવાળી વંદના આવે છે. આ ઘટનાથી નવલકથાનો આરંભ થાય છે. વંદના પોતાના સર્વ જૂના સંસ્કાર ત્યજી માત્ર શ્રદ્ધા અને ભક્તિથી વિપ્રદાસના કુટુંબની કુલવધૂ અર્થાત્ દ્વિજદાસની પત્ની બને છે ત્યાં નવલકથાનો અંત આવે છે. આમ, વંદનાના અતિથિ તરીકે આગમનથી માંડીને વંદનાના પુત્રવધૂ તરીકે વિપ્રદાસના ઘરમાં જ કાયમી નિવાસની ઘટના વચ્ચે આ આખીય નવલકથા ગતિ કરતી લાગે છે. ખરેખર તો, આ નવલકથા વંદનાના સ્વભાવપરિવર્તનની, શ્રદ્ધાપરિવર્તનની કથા છે.*

*વંદનાનું પરિવર્તન વંદનાની કોઈ માનસિક નબળાઈને કારણે નહીં, પરન્તુ હિન્દુ સંસ્કૃતિના સત્ત્વને કારણે થાય છે. વંદના બુદ્ધિશાળી, નીડર, સ્વતંત્ર વિચારની, ખુલ્લા મનની છે. તેની મા બાળપણમાં જ મૃત્યુ પામી છે અને પિતાને મુંબઈ નોકરી હોવાથી તે બંગાળના બ્રાહ્મો સમાજથી જુદી ઉછરી છે, તેનામાં બ્રાહ્મોજીવન જડ મૂળ ઘાલી બેઠું નથી.*

વંદનાને આ કુટુમ્બમાં લાવે છે સતી, તે સતીની કાકાની દીકરી બહેન છે. દયામયી જૂના ધર્માચારના પાલનમાં ચુસ્ત હોવા છતાં, સતી જાણતી હતી કે વંદનાનું રૂપ નિહાળીને દયામયીને પુત્રવધૂ કરવાનું મન થઈ જ જવાનું છે અને એટલા માટે તે દ્વિજબાબુ દ્વારા તેને બોલાવવાની યોજના ઘડી હતી ત્યાં વંદના અને તેના પિતા ઓચિંતા જ આવી પડે છે.

વંદના વિપ્રદાસના કુટુંબમાં આવતાં, કેટલુંક તો સતીના ધાર્યા પ્રમાણે થાય છે. સતીએ તે અને દ્વિજદાસ બન્નેને એક બીજા તરફ આકર્ષાય તે રીતે વાતચીત અને પત્ર મારફત કહેલું અને બન્ને એકબીજા તરફ આકર્ષાય પણ છે. દયામયીને પણ વંદનાને પુત્રવધૂ કરવાની ઈચ્છા ધીમે ધીમે થાય છે. પણ એ બધું થતાં અને થયા પછી એટલી ગૂંચી પડે છે કે જે માત્ર વિપ્રદાસ જ ઉકેલી શકે છે, અને એના ઉકેલમાં વિપ્રદાસની લોકોત્તરતા અને હિન્દુધર્મના ગૂઢ રહસ્યની, સર્જક આપણને ઝાંખી કરાવે છે.

વંદના આવતાં જ દ્વિજબાબુ સાથે જે ગોષ્ઠી કરે છે તેમાંથી તેને સમજાય છે કે આ ચુસ્ત સનાતની કુટુંબને હૃદયમાં તો બ્રાહ્મો માટે તિરસ્કાર જ છે અને તેથી જ વિપ્રદાસ સાથેના પહેલા મેળાપમાં તે વિપ્રદાસ  તરફ અપમાનભર્યો કટાક્ષ કરે છે. વિપ્રદાસની રાજશાહી મહેમાનગતિના સંદર્ભે વંદના કહે છે : ‘‘દિદિ, આટલાં બધાં કિંમતી રૂપાનાં વાસણો શા સારું નકામાં કર્યાં ? બાપુને એનેમલ કે ચીનાઈ માટીના વાસણમાં ખાવાનું આપ્યું હોત તો ચાલત.’’ વિપ્રદાસ પણ તેનો ઉત્તર આપે છેઃ ‘‘તારી દિદિની પેઠે તારા પણ જો કોઈ ચુસ્ત હિંદુ ઘરમાં લગ્ન થાય તો તારા પિતા આવે ત્યારે તેમને માટીના શકોરામાં ખાવા આપજે, ફેંકી દીધે કોઈને દુઃખ થશે નહિ, ખરું કહું છું ને વંદના ?’’ વંદના આ તડાપડીથી ગુસ્સે થાય છે. તે આ ઘરમાં થોડા દિવસ રહેવા આવી હતી, પણ હવે તેણે પિતાની સાથે જ ચાલ્યાં જવાનું નક્કી કર્યું - જમ્યા પણ વિના.  જતાં જતાં ત્રીજા માળની લાઈબ્રેરી તરફ તેની નજર જાય છે ત્યાં દ્વિજદાસ ઊભો છે, નજર મળતાં હાથ ઊંચો કરે છે. સતીની યોજના અહીં સિદ્ધ થાય છે.

વિપ્રદાસ સ્ટેશન પર સાથે જાય છે. અહીંથી તેનું પ્રભાવવર્તુળ વિસ્તરતું જાય છે. વિપ્રદાસ બહુ ભણ્યો નથી છતાં તેનું અંગ્રેજીનું વાંચન પુષ્કળ હતું. તે તેની લાઈબ્રેરી જોતાં જ વંદના સમજી શકી હતી. સ્ટેશન પર વંદના પોતાના શિક્ષિત પિતા કરતાં વિપ્રદાસ કેટલા બાહોશ અને નીડર છે તે જુએ છે. ટ્રેન બે કલાક મોડી આવે છે. તેથી બધાંને સ્ટેશને બેસી રહેવું પડે છે. આ દરમ્યાન તેમને પંજાબી બેરિસ્ટરનો પરિચય થાય છે જે જમીનદારપ્રથાનો વિરોધી છે. અને યુરોપના દેશોમાં જે સ્વતંત્રતા અને હક્ક વિશેની

સભાનતા છે તેનો પ્રશંસક છે. આ વિચારની ઠેકડી ઉડાડવા માટે જ, સર્જકે એક પ્રસંગ નિરૂપ્યો છે. ટ્રેનમાં ફર્સ્ટ કલાસના ડબામાં કેટલાક છાકટા ગોરાઓ ચડી બેઠા છે તે કોઈને જગ્યા આપતા નથી. ગાર્ડ અને સ્ટેશન માસ્તર લાચાર બનીને ઊભા છે. આ સમયે વિપ્રદાસ શરીરબળથી અને મનોબળથી જગ્યા મેળવે છે. આ પ્રસંગથી વંદનાનું વિપ્રદાસ તરફ વલણ બદલાતું જાય છે. તેને વિપ્રદાસમાં શ્રદ્ધા જન્મે છે, પક્ષપાત પણ શરૂ થાય છે અને તે વંદનાના ગુરુ બને છે. વિપ્રદાસ હિન્દુ સ્ત્રીના સ્વમાનની વાત કરે છે ત્યારે વંદનાને મા સમક્ષ કરેલા ગેરવર્તનનો પસ્તાવો થાય છે. અહીંથી જ તેના વિચાર-માનસ પરિવર્તનની શરૂઆત થાય છે.

વંદના, તેના પિતા, પંજાબમાં પ્રેકટીસ કરતા બેરિસ્ટર અને તેના પત્ની —બધાં જ વિપ્રદાસના આગ્રહથી તેમના કલકત્તાના ઘરમાં ઊતરે છે. આ ઘરમાં જ વંદનાનું આખું માનસ પરિવર્તન થાય છે. વિપ્રદાસને, આ માટે, અત્યંત મૂઢ અને અગમ્ય શક્તિવાળો ચીતરવો પડયો છે. દાસી અન્નદા વંદનાને વિપ્રદાસની ઉપવાસ સિદ્ધિ વિશે કહે છે. વંદના ધ્યાનસ્ય વિપ્રદાસની મૂર્તિ જુએ છે ત્યારે તેની વિપ્રદાસને ઓળખવાની ઉત્કંઠા વધી જાય છે. તે પિતા સાથે મુંબઈ જતી નથી. કલકત્તાના મકાનમાં વહુમા દ્વિજુની સાથે રાતની ગાડીએ આવે છે' એવો તાર વંદનાને મળે છે. પણ આવે છે ત્યારે દ્વિજબાબુ અને સતી બે જ નથી આવતાં. દયામયી પણ આવે છે. તે વંદના પ્રત્યે પ્રેમ બતાવે છે. અકસ્માતથી વંદનાના પિતાના પગને ઈજા થવાથી તે પણ ત્યાં રહી જાય છે. ધર્મપ્રેમી દયામયીના સમભાવભર્યા દૃષ્ટિકોણથી વંદના પરિચિત થાય છે. સાંજે જ વંદનાને પુત્રવધૂ બનાવવાના કોડ પણ જન્મે છે. પરંતુ રાયસાહેબ પાસેથી વંદનાના વેવિશાળની વિગત જાણે છે ત્યારે તે નિરાશ બનીને બલરામપુર ચાલ્યા જવાનું નક્કી કરે છે. વંદના પણ આ સ્થિતિ પામી જાય છે અને તે પણ રાયસાહેબ સાથે ચાલ્યા જવાનું નક્કી કરે છે. જતાં પૂર્વે તે દ્વિજદાસને ખાનગીમાં મળે છે. તે દ્વિજદાસ સાથે નિખાલસતાથી વાતો કરીને પોતાનો તેના પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતાં તેના ઘરની પુત્રવધૂ થવાનો નિર્ણય પણ જાહેર કરે છે. દ્વિજદાસ માના 'વાગ્દાન એટલે સંપ્રદાન'ના મતને વિઘ્નરૂપ ગણાવે છે. વંદના મુંબઈ જાય છે અને દ્વિજદાસ તેની બધી વાત માને કહેશે એવું વચન આપે છે. આમ, કથાના બધા તંતુઓ છૂટા પડી જાય છે દયામયી અને વિપ્રદાસ બલરામપુર જાય છે, વંદના તેના પિતા સાથે મુંબઈ જાય છે, અને દ્વિજદાસ પ્રેમની નિરાશામાં બીમાર પડે છે. આવી સ્થિતિમાં દાસી અન્નદા ફરીવાર વિપ્રદાસની અને તેના અવિભક્ત કુટુમ્બની સરલ ચિત્તે પ્રશંસા કરે છે, વંદના ચકિત થાય છે કે આવું તો સુધરેલાં ગણાતાં કુટુંબોમાં કયાંય નથી !

બલરામપુરમાં વિપ્રદાસ દયામયીને સમજાવી શકે છે. તે કલકત્તા પાછો આવે છે. વંદના કલકત્તા છોડી શકી નથી. હાવરા સ્ટેશને ગાડી બદલાતાં વંદનાની માસી સામે મળે છે અને ઘરે લગ્ન હોવાથી વંદનાને પાછી કલકત્તા લઈ આવે છે. અહીં વંદનાને પાછો સુધારેલો સમાજ, તેની તુચ્છતા, સત્ત્વહીનતા, સિદ્ધાન્તહીનતા, ક્ષુદ્રતા, દામ્ભિકતા જોવા મળે છે. બીજી બાજુ વિપ્રદાસ બીમાર પડે છે. બલરામપુર તેનો દીકરો વાસુ માંદો પડયો છે તેથી ત્યાંથી કોઈને બોલાવાય તેમ નથી. અન્નદા વંદનાને બોલાવવા જાય છે. વંદના વિપ્રદાસની સેવા કરવા આવે છે. આ અરસામાં જ તે સુધીરની સાથેના સંબંધ તોડે છે, અને માસી પોતાના એક બીજા સંબંધી અશોક સાથે તેને જોડવાની યોજના કરે છે. વંદનાના પિતા પાસે વંદનાને તાર કરાવી વંદનાને વિપ્રદાસના ઘરમાંથી ખસેડવા પ્રયત્ન કરે છે, પરંતુ વંદના ત્યાંથી ખસતી નથી. વિપ્રદાસની સેવા કરે છે. તેની સાથે ચર્ચા કરે છે અને અહીં જ તેનું સંપૂર્ણ માનસપરિવર્તન થાય છે. શેષ કથા આ પરિવર્તનના પરિપાકની, એના સાર્થક્યની, એના ફલાભિગમની છે. વંદનાનું માનસપરિવર્તન, શરદબાબુએ, ખૂબ જ સહજતાથી કરાવ્યું છે.

વંદના વિપ્રદાસ સાથે જે વિષય પર ચર્ચા કરે છે તેમાં તેની નિખાલસતા અને નિર્દોષતા ઊપસી આવે છે. તેમની સાથે આત્મીયતા એટલી હદે વધતી જાય છે કે વંદના વિપ્રદાસ તરફ સૌથી વધુ વ્હાલ વ્યક્ત કરતી થઈ જાય છે. વિપ્રદાસને પણ વંદના તરફ પ્રેમ છે પરંતુ આ પ્રેમ સ્કૂલ નથી. આ ચર્ચાઓ દરમ્યાન વંદનાનું માનસ પરિવર્તન પૂરું થાય છે. તેમાં થતા જન્મે છે, સેવાભાવના, પ્રાચીન સનાતન ધર્મ તરફની શ્રદ્ધા પણ. વિધિઓનો તે સ્વીકાર કરતી નથી પરન્તુ તે તરફ સમભાવથી જુએ છે, તેની ટીકાવૃત્તિ દૂર થાય છે.

વંદના અને વિપ્રદાસના સહનિવાસના પ્રસંગ પછીની ઘટનાઓ પણ જોવા જેવી છે. મા દયામયી પુકુરની પ્રતિષ્ઠા કરે છે અને તેની સાથે વાસુ સાજો થયાની માનતા ઉજવવાની છે. આ બધા વ્યવહારનો ભાર દ્વિજુબાબુ પર આવે છે. બલરામપુરમાં ધામધૂમ શરૂ થાય છે. ત્યાં બધાં પાત્રો એકઠાં થાય છે. શશધરની ખુટ્ટલાઈથી ચીડાઈ વિપ્રદાસ તેને ચાલ્યા જવાનું કહે છે. કલ્યાણી તેની ફરિયાદ દયામયીને કરે છે. વિપ્રદાસ માફી ન માગે તો શશધર ચાલ્યા જવા કહે છે. વિપ્રદાસ માફી માગવાની ના પાડે છે અને ગૃહત્યાગનો નિશ્ચય કરે છે. આખું ઘર છિન્ન ભિન્ન થઈ જાય છે. વિપ્રદાસ, સતી અને વાસુ કોઈ અજ્ઞાત જગ્યાએ જવા ઊપડી જાય છે. બીજે દિવસે વંદના ચાલી જાય છે અને દ્વિજુબાબુ શશધરની સામે કેસ માંડવાની ધમકી આપે છે. શશધર ચાલ્યો જાય છે. દ્વિજુબાબુ તેના પર કેસ માંડે

છે. દયામયી બલરામપુર છોડી શાધર સાથે રહે છે. વંદનાને અશોક સાથે પરણાવવા પ્રયાસ થાય છે. એ દરમ્યાન દ્વિજુબાબુનો પત્ર આવે છે અને રાયસાહેબ વંદનાને બલરામપુર મોકલે છે.

વિપ્રદાસની પત્ની સતી મૃત્યુ પામે છે. તે તેની શ્રદ્ધાક્રિયા કરવા બલરામપુરા આવે છે. તેની ઈચ્છા શ્રાદ્ધ કરાવી, વાસુને હિમાલયના કોઈ આશ્રમમાં મૂકી સંસાર ત્યાગ કરી ચાલ્યાં જવાની છે પણ સતી વાસુને દ્વિજુબાબુને સોંપી ગઈ છે. વાસુને સાચવવા દ્વિજુ વંદનાને બોલાવે છે. વંદના આવે છે. જવાબદારી સ્વીકારે છે. ફરી શ્રાદ્ધ નિમિત્તે ધામધૂમ ચાલે છે. શશધર સામેનો કેસ પણ વંદના પાછો ખેંચાવે છે અને ઘરનો બધો ભાર ઉપાડી લે છે. દયામયી પણ આવે છે અને વંદનાનાં દ્વિજદાસ સાથે લગ્ન કરાવી, વિપ્રદાસ અને દયામયી કૈલાસની યાત્રાએ નીકળી પડે છે. વંદના વિપ્રદાસને છલકતી આંખે વિદાય આપે છે.

'વિપ્રદાસ' નવલકથા પાત્રકેન્દ્રી હોવાથી બધી ઘટનાઓ મુખ્ય પાત્રની આસપાસ ફર્યા કરતી અનુભવાય છે. નવલકથાની વસ્તુસામગ્રીને વેગ સાથે છે પાત્રોની ચર્ચા, વાદવિવાદ કે વાર્તાલાપ. એમાંથી પ્રસંગો રચાતા જાય છે. વંદના અને દ્વિજબાબુના સંવાદ પછી વંદના ઘર છોડે છે. વંદના-વિપ્રદાસ વચ્ચે સ્ટેશને તેમજ ગાડીમાં જે ચર્ચા ચાલે છે તેના કેન્દ્રમાં દયામયી છે. આ ચર્ચાથી વંદનાનું દયામયી પ્રત્યેનું વલણ બદલાય છે. સુધીર-વંદના વચ્ચેની ટપાટપીનું પરિણામ વંદના એની સાથેનો સંબંધ તોડી નાખે તેવા બનાવરૂપે પરિણમે છે. વંદના અને વિપ્રદાસની ચર્ચા વંદનાના માનસપરિવર્તનનું કારણ બને છે.

આ નવલકથામાં આકસ્મિક બનાવો પણ નિરૂપાયા છે. વંદના તેના પિતા સાથે મુંબઈ જવા નીકળે છે ત્યારે ટ્રેન બે કલાક મોડી પડે, રાયસાહેબને અકસ્માત થતા તે જઈ ન શકે, વંદનાને હાવરા સ્ટેશને મળી જતી માસી તેને કલકત્તા પાછી લઈ આવે, બલરામપુરથી સતી અને દ્વિજદાસ આવે છે' એવો તાર આવે, અંત ભાગમાં અશોક સાથે વંદનાની સગાઈ કરવા અનાથરાય તૈયારી કરી રહ્યા છે, ત્યાં જ દ્વિજદાસની ટપાલ આવે જેમાં સતીના અવસાનના સમાચાર છે. વંદના બલરામપુર આવે છે અને દ્વિજુ સાથે જોડાય છે. વસ્તુસંયોજનમાં આવશ્યક અકસ્માતોનું થયેલું આ નિરૂપણ નવલકથાની કલાત્મકતાને હાની પહોંચાડતા હોવા છતાં આ અકસ્માતો અકસ્માતો નથી, પણ નિર્માણો છે એમ જ માનવું રહ્યું. જીવનમાં પણ આવું જ બનતું હોય છે.

'વિપ્રદાસ' વસ્તુસામગ્રીની દૃષ્ટિએતો ધ્યાનાર્હ નવલકથા છે, પરન્તુ આલેખન અને નિરૂપણરીતિની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. શરદબાબુએ ઘટનાનો પ્રસ્તાર ટાળવા માટે ક્યાંક આલેખનને બદલે કથન (summary)નો વિનિયોગ કર્યો છે, પણ પોતે વચ્ચે વિક્ષેપ કરીને પણ કથન કરે છે – જેમ કે, ''આ માનો સહેજ પરિચય આપી દઉં? એમ કહી દયામયીના વિપ્રદાસની સાવકી મા તરીકેના કાર્યને રજૂ કરી દે છે. પાત્રોની વાતચીતમાં ભૂતકાળના પ્રસંગોને ઉલ્લેખીને એના દ્વારા પાત્રના વ્યક્તિત્વને ઉપસાવવાની પ્રયુક્તિ પણ યોજે છે. દયામયી તો વિપ્રદાસની સાવકી મા હતી. દ્વિજુ કલ્યાણી એનાં સંતાનો હતાં છતાં તેમણે વિપ્રદાસને કેવા પ્રેમથી ઉછેરી મોટો કર્યો તેનો ખ્યાલ વિપ્રદાસ-વંદનાની વાતચીત પરથી આવે છે. દ્વિજદાસના પત્રમાં સતીના મૃત્યુના સમાચાર તો છે, પણ સાથે વિપ્રદાસના વ્યક્તિત્વની ઘણી બાજુઓ ખૂલતી દેખાય છે, સીધા પ્રસંગો સર્જી એનું સંકલન કરવા કરતાં શરદબાબુને ક્યાંક કથન-પત્રો આદિમાં કથાનકને વહેતું રાખવાનું ફાવ્યું છે.

નવલકથામાં બલરામપુર, કલકત્તા, મુંબઈ જેવાં સ્થળો પણ વૃત્તાંત સાથે કલાત્મક રીતે સંયોજાયાં છે. બલરામપુરમાં દ્વિજુએ ખેડૂત-મજૂરોનું સરઘસ કાઢ્યું તે બનાવ, વંદના અને રાયસાહેબનું આગમન, દ્વિજુ-વંદનાનું પ્રથમ મિલન, વંદનાનું રિસાઈ કલકત્તા જવું વગેરે ઘટના બને છે. કલકત્તામાં વિપ્રદાસનું મકાન હતું, ધીરધારનો ધંધો હતો, ત્યાં વિપ્રદાસ અને વંદનાનું બે-ત્રણ દિવસનું રોકાણ, દયામયીનું આગમન, અનાથરાયનું પગને ઈજા થવાથી ત્યાં રોકાઈ જવું, સુધીર-વંદનાના સંબંધનો ભેદ ખૂલવો, દયામયી-સતી વગેરેનું અક્ષય બાબુની મૈત્રેયીને જોવું, દયામયીનું ત્યાંથી એકાએક નીકળી જવું, માસીનો ભેટો, સુધીરનો સંબંધ તોડવો, દ્વિજુ-વંદનાનું ફરી નિકટતાથી મળવું, સુધીરને છોડી દ્વિજુને સ્વીકારવાની વંદનાની ઈચ્છા અને છેવટે આવવા નીકળવું - એમ ઘણી ઘટનાઓ બને છે. માત્ર માસી અશોકને તાર કરી બોલાવે છે તેટલું મુંબઈનું સ્થળ તરીકે મહત્ત્વ છે. અંતે પ્રકુરના ઉત્સવ પ્રસંગમાં ફરી બલરામપુર કેન્દ્રમાં આવે છે. આમ, નવલકથામાં સ્થળવિશેષ પણ તેના કૃતિના વાસ્તવને ઉપસાવવામાં નિમિત્ત બન્યા છે.

નવલકથામાં કાળગણના, અમુક ઘટના બાબતે પાત્રોના પ્રતિભાવોનો અભાવ, વસ્તુસંકલના જેવી બાબતોમાં કેટલીક શિથિલતા રહી છે. નવલકથામાં પાત્ર માનસ, પાત્રોના મનોભાવો, એમની ચર્ચાઓ, એમના ભાવનાપૂર્ણ વિચારો વગેરે અંશોના નિરૂપણમાં શરદબાબુએ વિશેષ ધ્યાન આપ્યું છે. તેથી અનંતરાય રાવળે નોંધ્યું છે : ''વસ્તુસંકલના કરતાં પાત્રનિરૂપણ પર એમનું લક્ષ વિશેષ હોય છે.'' પ્રસંગાલેખન પણ

*વંદનાના પાત્રવિકાસને અનુલક્ષીને થયેલું દેખાય છે એ સંદર્ભમાં અનુવાદક રમણલાલ સોની નોંધે છેઃ ''પાશ્ચાત્ય કેળવણી અને પાશ્ચાત્ય સંસ્કારવાળી વંદનાના માનસ પરિવર્તનની એક શ્રદ્ધા પરિવર્તનની કથા છે.''*

*સમગ્ર દૃષ્ટિએ જોઈએ તો 'વિપ્રદાસ' શરદબાબુની જ નહીં, પરન્તુ ભારતીય સાહિત્યની એક નોંધપાત્ર નવલકથા બની છે.*

---

**લેખન : પ્રો. બિપિન આશર** - *સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ,*
*'ભારતીય નવલકથા' પુસ્તકમાંથી સાભાર*

---

| એકમ-12 | તમસ |
|---|---|


૧૨.૧ પ્રસ્તાવના

૧૨.૨ કૃતિ પરિચય : 'તમસ'

૧૨.૩ સર્જક પરિચય

૧૨.૪ સ્વાધ્યાય

૧૨.૫ સંદર્ભ


## ૧૨.૧ પ્રસ્તાવના

*ભીષ્મ સાહનીની હિન્દી સાહિત્યમાં પ્રેમચંદની પરંપરાના અગ્રણી લેખક તરીકે ગણના થાય છે. તેઓ માનવીય મૂલ્યોના હિમાયતી હતા. તેમણે કોઈ વિચારધારાને પોતાના ઉપર પ્રભુત્વ જમાવવા દીધું નથી. ડાબેરી વિચારધારા સાથે સંકળાયેલા હોવા છતા માનવીય મૂલ્યોની દૃષ્ટિ ગુમાવી નથી. એમના સર્જન અને ઉદારતા માટે લોકો યાદ રાખશે. એમની મહત્ત્વની કૃતિઓમાં 'ઝરોખે', 'કડિયા', 'તમસ', 'બસંતી', 'મય્યાદાસ કી માડી', 'કુન્તો', 'નીલુ નિલિમા નિલોફર' ઈત્યાદિ નવલકથા છે, 'મેરી પ્રિય કહાનિયાં', 'ભાગ્યરેખા', 'વાંગચૂ', 'નિશાચર' ઈત્યાદિ વાર્તાસંગ્રહ છે, 'હાનૂશ', 'માધવી', 'કબીરા ખડા બાજાર મેં', 'મુઆવઝે' ઈત્યાદિ નાટક છે, 'બલરાજ માય બ્રધર' આત્મકથા છે અને 'ગુલેલ કા ખેલ' બાળકથા છે. 'તમસ' એમની વિશિષ્ટ કૃતિ છે. એમાં આલેખાયેલ સંકુલ ઘટનાઓ રાજકારણની વિસંગતિ અને સામાજિક વિભીષિકાને ઉજાગર કરે છે. નવલકથાની ગૂંથણીમાં સરળ અને જટિલ અંતર્વિરોધ ચમત્કારિક કલાકસબ છે જે નવલકથાને જીવંત બનાવે છે.*

## ૧૨.૨ કૃતિ પરિચય

*ભીષ્મ સાહનીની 'તમસ' હિન્દી નવલકથા છે. એનો ગુજરાતીમાં અનુવાદ નારાયણ દેસાઈ કર્યો છે. 'તમસ' નવલકથામાં સ્વરાજ મળ્યું એ પહેલાંનો સમય અને ગતિવિધિનું આલેખન થયું છે. નવલકથામાં એકવીસ પ્રકરણો છે જે બે ખંડમાં વિભાજીત છે. પ્રથમ ખંડમાં 1 થી 13 અને બીજા ખંડમાં 14 થી 21 સમાવિષ્ટ થયા છે. 'સત્વ', 'રજસ' અને 'તમસ' – એ ત્રિગુણ ભાવો નવકલકથાના પાત્રો અને ઘટનામાં અનુભવાય છે.*

*નવલકથાના પ્રથમ પ્રકરણનો આરંભ નત્થૂને પાંચ રૂપિયા આપી મુરાદ અલી પિગરીના સૂવરને મારવા કહે છે. નત્થૂ આ કાર્ય માટે આનાકાની કરે છે પણ સિલોતરીસાહેબને મોકલવાનું છે એ જાણીને માની જાય છે. રાત્રિના સમયે એ સૂવરને*

મારવાનો પ્રયાસ કરે છે તે કૂકડાએ બાંગ પોકારી ત્યારે એ સફળ થાય છે. કાર્ય પૂર્ણ થતાં નત્થૂ ક્ષણિક શાંતિનો અનુભવ કરે છે.

બીજા પ્રકરણમાં પ્રભાતફેરી માટે એકત્રિત થઈ એકબીજાના કાર્યો વિશે ચર્ચા થાય છે. બખ્શીજી, મુલ્લા મિયાં મશાલચી, માસ્ટર રામદાસ, અજીઝ, અજીતસિંહ, દેસરાજ, શંકર, મહેતાજી, કશ્મીરીલાલ, જરનૈલ, દેવદત્ત વગેરે એકમેકની વિગતો જાણી લે છે. આ વિગતો ક્યારેક ચર્ચામાં પરિણમે ત્યારે ઉગ્ર બોલાચાલી પણ થતી. મસ્જિદ, ગુરુદ્વારા, મંદિર વગેરે ધાર્મિક સ્થળનું વર્ણન ધ્યાન ખેંચે છે. જિલ્લા કોંગેસ કમિટીના પ્રમુખ મહેતાજી અને શંકર વચ્ચે અણબન હતી કારણ કે મહેતાજીએ શંકરને સ્થાને કોહલીનું નામ સૂચવ્યું હતું. શંકર કમિટી સમક્ષ પ્રશ્નોત્તરી કરીને કોહલીનું સ્થાન મેળવે છે. પ્રભાતફેરીમાં જરનૈલનું ભાષણ થાય જ એ સાથે જ જરનૈલનો ધૂની સ્વભાવ અને દેશભક્તિ વિશેષ છે. ભૂતકાળની ઘટનાઓનું વર્ણન ભવિષ્યનું સૂચન કરે છે. ગોસાઈજી પ્રભાતફેરી નહિ પણ રચનાત્મક કાર્યો કરવાનું નક્કી કરે છે એની જાણ રામદાસ બધાને કરે છે. કોંગ્રસ પાર્ટી, કૉમ્યુનિટી પાર્ટી, રચનાત્મક કાર્ય, પ્રભાતફેરી અને પાત્રોના સ્વભાવનું સૂક્ષ્મ વર્ણન આ પ્રકરણમાં છે.

ત્રીજા પ્રકરણમાં નત્થૂએ કાર્ય પૂર્ણ કર્યું એથી શાંતિ અનુભવે છે. એ કાર્ય પૂર્ણ કર્યા બાદ ભય દૂર થતાં એ ત્યાંથી નીકળી ફરતા ફરતા ઘરે પહોંચે ત્યાં સુધીની તમામ માહિતી ફિલ્મ જોતા હોઈએ એ રીતે રજૂ થઈ છે. સૂવરને મારી નાંખીને આપ્યા બાદ નત્થૂએ મુરાદ અલીની રાહ જોવાની હતી પણ એ ત્યાંના જુગુપ્સાજનક વાતાવરણથી દૂર જવા મળ્યા વિના ત્યાંથી નીકળી જાય છે. રોજિંદી ક્રિયા અને એ વિસ્તારની તમામ માહિતી રજૂ થઈ છે. ‘કમેટી’ના મોટા મેદાનમાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી ધ્યાન ખેંચે છે. કોંગ્રેસની ભજનમંડળી પસાર થાય છે ત્યારે એક માણસ “ ‘કોમી નારા!’, ‘વંદે માતરમ!’, ‘બોલો ભારતમાતાકી જય!’, ‘મહાત્મા ગાંધી કી જય!’ (પૃ. ૨૫)” પોકાર કરે છે. થોડે દૂરથી બીજો પોકાર “ ‘પાકિસ્તાન ઝિંદાબાદ!’, ‘કાયદે આઝમ – ઝિંદાબાદ!’ (પૃ. ૨૫)” કરે છે. સામસામે સંવાદ થાય છે એ વર્તમાન અને ભવિષ્યની સ્થિતિનો આરંભ દર્શાવે છે. હુલ્લડના ધ્વનિનો પગરવ થાય છે. “ ‘કોંગ્રેસ હિન્દુઓની જમાત છે. એની સાથે મુસલમાનોને કોઈ નિસ્બત નથી.’ ‘...કોંગ્રેસ સૌની જમાત છે. હિન્દુઓની, શીખોની, મુસલમાનોની, મહમૂદસાહેબ તમે તો સારી રીતે જાણો છો. પહેલાં તમે પણ અમારી સાથે જ હતા.’ ‘...આ બધી હિન્દુઓની ચાલાકી છે.’ ‘પકોંગ્રેસ હિન્દુઓની જમાત છે અને મુસ્લિમ લીગ મુસલમાનોની. કોંગ્રેસ મુસલમાનોનું માર્ગદર્શન ન કરી શકે.’ ‘પઅમને હિન્દુઓ વિષે નફરત નથી. એમના કુત્તાઓ વિશે છે.’ ‘મૌલાના આઝાદ શું હિન્દુ છે કે મુસલમાન? ...એ તો કોંગ્રેસના પ્રેસિડંટ છે. મૌલાના આઝાદ હિન્દુઓનો સૌથી મોટો કુત્તો છે. ગાંધીની પાછળ પૂછડી પટપટાવતો ફરે છે...’ ‘આઝાદી સૌને માટે છે. આખા હિન્દુસ્તાન માટે છે.’ ‘હિન્દુસ્તાનની આઝાદી હિન્દુઓ માટે જ થશે. આઝાદ પાકિસ્તાનમાં જ મુસલમાન આઝાદ થશે.’ ‘ગાંધીજીનું ફરમાન છે કે પાકિસ્તાન એમની

લાશ પર રચાશે.' 'તમે આ બાજુથી ન જાઓ, આ મુસલમાનોનો મહોલ્લો છે.' 'પતમે તો આખા શહેરમાં પાકિસ્તાનના પોકારો કરો છો અને અમે તો ફક્ત દેશભક્તિના ગીતો જ ગાઈ રહ્યાં છીએ.' (પૃ. ૨૬ -૨૭)" આ સંવાદો- ચર્ચા પરથી જે પરિસ્થિતિ છે એ આકાર લે છે. ક્યાંક વિરોધ છે, ક્યાંક વિદ્રોહ છે તો ક્યાંક સમાનતા – બંધુતાની ભાવના છે. કાર્યકરો પોતાની રીતે પોતાના મત રજૂ કરે છે. સામાન્ય જનતાને કોઈ લેવા દેવા નથી. તેઓ તો પોતાના વ્યવસાય ઈત્યાદિમાં વ્યસ્ત છે. નત્થૂ મુરાદ અલીને જોઈ ત્યાંથી પલાયન થાય છે.

ચોથા પ્રકરણમાં અંગ્રેજ સત્તાના અધિકારી તરીકે રિચર્ડ જિલ્લાના ડેપ્યુટી કમિશ્નર છે અને ભારતના ઈતિહાસના પ્રેમી છે. રિચર્ડ ખાસ પ્રકારના અંગ્રેજોનું પ્રતીક છે એ રિચર્ડના નિર્ણયો ઉપરથી સ્પષ્ટ થાય છે. રિચર્ડ એની પત્ની લીઝા સાથે ભારતની સમૃદ્ધિ, વારસા અને લોકો વિશે ઉદાહરણ સાથે ચર્ચા કરે છે. લીઝાને આ બધામાં રસ ન હોવાથી એ કંટાળી જાય. આ વખતે લીઝા કહે છે કે એ રિચર્ડના કામમાં રસ લેશે. હિન્દુ અને મુસ્લિમ મૂળ તો એક જ વંશ અને જતિના પણ આની જાણ એ લોકોને નથી. તેઓ મૂળ આર્ય હતા. લીઝા રિચર્ડને પૂછે છે કે બધા આ જાણે છે તો રિચર્ડ કહે છે કે 'અહીંના લોકો કશું નથી જાણતા. આપણે એને જે કહીએ તેટલું જ એ જાણે છે. આ લોકો પોતાના ઈતિહાસને જાણતા નથી. એ તો ફક્ત જીવે છે.' રિચર્ડના આ વિધાન દ્વારા એ લોકોની રાજ કરવાની નીતિ અને પદ્ધતિ ઉજાગર થાય છે. સામાન્ય ભોળી પ્રજાને તો આની જાણ સુદ્ધાં ન હોય. હિન્દુ અને મુસ્લિમો વચ્ચે તણાવ હોવાથી મેળામાં જવું સલામત નથી. લીઝાએ એમના વિશે સાંભળ્યું હતું એટલે એમને કઈ રીતે ઓળખી શકાય એ વિશેની માહિતી એ રિચર્ડ પાસેથી મેળવે છે. બુદ્ધની મૂતિના તથા અન્ય વસ્તુના કળાત્મક નમૂના રિચર્ડને ત્યાં હતા. રિચર્ડની ખાસિયત હતી કે એ વ્યક્તિગત રુચિને સરકામ કામથી અલગ રાખી શકતો. એટલે કોઈ પણ ઘટનાક કે વિચાર એને સ્પર્શી શકતા નહિ. રિચર્ડના ધૂની સ્વભાવને કારણે લીઝાને કંટાળો આવતો. આ કંટાળો દૂર કરવા એ ભરપૂર બીઅર પીતી હતી. રિચર્ડ દરેક ધર્મના લોકોની ખાસિયત અને સ્વભાવ વિશે લીઝાને જણાવે છે. હુલ્લડ વિશેના રિચર્ડ અને લીઝાના સંવાદોમાં સત્તાની નીતિ અને પગલાં જોઈ શકાય છે – " 'શું ગરબડ થશે? ફરી યુદ્ધ થશે?' 'હા, પણ હિન્દુઓ અને મુસલમાનો વચ્ચે તાણ વધી રહી છે. કદાચ હુલ્લડ થાય.' 'આ લોકો માંહોમાંહે લડશે? લંડનમાં તો તું કહેતો હતો કે આ લોકો તમારી વિરુદ્ધ લડે છે.' 'અમારી વિરુદ્ધ પણ લડે છે અને માંહોમાંહે પણ લડે છે.' 'કેવી વાત કરે છે? તું શું ફરી મજાક કરવા લાગ્યો?' 'ધર્મને નામે માંહોમાંહે લડશે, દેશના નામ પર અમારી સાથે લડે છે.' 'બહુ હોશિયારી ન કર, રિચર્ડ. હું બધું જાણું છું. દેશના નામેઅ આ લોકો તમારી સાથે લડે છે અને ધર્મને નામે તમે એમને માંહોમાંહે લડાવો છો કેમ, બરાબર છે ને?' 'અમે નથી લડાવતા લીઝા. એ લોકો જાતે લડે છે.' 'તમે એને લડતાં રોકી પણ શક્ય હોત ને? છેવટે આ લોકો છે તો એક જ વંચના લોકો.' રિચર્ડને પોતાની પત્નીનું ભોળપણ પ્યારું લાગ્યું. 'ડાર્લિંગ, હકૂમત કરનાર એ નથી જોતાં કે પ્રજામાં કઈ

સમાનતા મળે છે, એમનો રસ તો એ લોકો કઈ કઈ બાબતમાં અલગ છે તે જોવામાં હોય છે.' (પૃ. ૩૯ - ૪૦)" બન્નેના સંવાદો પરથી એમની વિચારસરણી અને કાર્યશૈલી પ્રગટ થાય છે. સામાન્ય પ્રજા એનો ભોગ બને છે અને સહન કરવું પડે છે. નાગરનો રિપોર્ટ આવે છે કે શહેરમાં થોડી તંગદીલી વર્તાય છે. એ નવી વાત નથી કારણ કે આજે તો હિન્દુસ્તાનમાં ઠેર ઠેર આવું જોવા મળે છે. આ રિપોર્ટ અંગે લીઝા પૂછે છે કે રિચર્ડ હવે શું કરીશ. રિચર્ડ કહે છે હું વહીવટ કરીશ. લીઝા રિચર્ડને આ તંગદીલી – ઝઘડો પતાવવા કહે છે. એ લોકો એક જ વંશના હોવાથી રિચર્ડ તું સમાધાન કરવા સમજાવજે. રિચર્ડ વ્યંગ કરી લીઝાને કહે છે જરૂર કહીશ. લીઝા પૂછે છે કે રિચર્ડ તારા પર તો જોખમ નથીને ત્યારે રિચર્ડ કહે છે કે એ લોકો માંહોમાંહે લડે ત્યારે શાસકને જોખમ નથી હોતું. આ ઉપરથી એમની નીતિ રીતિ સ્પષ્ટપણે પ્રગટે છે. લીઝાને ચિંતા નહિ કરવાનું કહીને એ ત્યાંથી જાય છે.

પાંચમાં પ્રકરણમાં પ્રભાતફેરીમાં રચનાત્મક કાર્ય કરવાનું નક્કી થાય છે એ કાર્યનું સમગ્ર વર્ણન છે. બખ્શીજી કલોંની મસ્જિદના પગથિયાં ઉપર કોઈ કાળુ સૂવર મારીને ફેંકી ગયું છે એ જુએ છે અને અન્યને બતાવે છે. અંગ્રેજે ફેંક્યું છે એવું જરનૈલ કહે છે પણ હકીકતમાં અન્યએ ફેંક્યું હતું. સૂવરના મડદાંને ઉઠાવવું કે નહિ એ અંગે બધા ચર્ચા કરે છે. બખ્શી અને જરનૈલ પરિસ્થિતિ ન વણસે એ માટે સૂવરને ટાંટિયાથી પકડીને એની લાશને ઢસડીને મસ્જિદનાં પગથિયાં પરથી ઉતારે છે અને સડકની પારે ઈંટના એક ઢગલા પાછળ ધકેલીને છુપાવી દીધી અને મસ્જિદના પગથિયાં ધોઈને સાફ કરી દીધા. આ લોકો સારું કાર્ય કરે છે. એક ગાય દોડતી હતી અને એની પાછળ એક માણસ માથે સાફો વીંટાળીને હાથમાં ડંડો લઈને દોડે છે. બખ્શીજી ગંભીર થાય છે અને કહે છે કે – 'એમ જણાય છે કે શહેર પર ગીધડાં ઊડશે. લક્ષણ બહુ માઠાં છે. (પૃ. ૫૫)' ભવિષ્યના સંકેતો એમના વિધાનમાં છે. પરિસ્થિતિની વિકરાળતા ઘટનાઓમાં રહેલી છે.

છઠ્ઠા પ્રકરણમાં વાનપ્રસ્થીજી અંતરંગ સભા બોલાવી હુલ્લડ થાય ત્યારે સ્વ બચાવ અંગે સૂચનો આપે છે. વાનપ્રસ્થીજી મંત્રોચ્ચાર કરે છે એની વિગતો ધ્યાન ખેંચે છે. વાનપ્રસ્થીજીના વિચારો પૂર્વગ્રહયુક્ત અને વિદ્રોહ કરાવનારા હતા – 'ફૈલાયે ઘોર પાપ યહાં મુસલમાનને નેઅમત ફલકને છીન લી, દૌલ જમીન ને. (પૃ. ૫૬)' અંતરંગ સભાની બેઠક અને એના સભ્યોની કામગીરીની વિસ્તૃત વિગત આપી છે. મહોલ્લા સમિતિ બનાવવા અંગે ચર્ચાઓ થાય છે. સામાન્ય લોકોની ઈચ્છા તો લડાઈ - હુલ્લડ ન થાય એ જ છે. વાનપ્રસ્થીજી ડેપ્યુટી કમિશ્નરના બંગલા તરફ બધા જાય છે એમની સાથે જવાની મનાઈ કરે છે. રણવીર દીક્ષા લેવા માટેની પરીક્ષા પાસ કરવા તમામ પ્રયત્ન કરે છે. ગુરુ દેવવ્રત માસ્તર એની પરીક્ષા કરે છે. માનસિક દૃઢતાની પરીક્ષા પાસ કરવા મરઘીનું ગળું વારંવાર પ્રયત્ન કર્યા બાદ પણ એ એને ઘાયલ જ કરી શકે છે એમા છતાં રણવીર પરીક્ષામાં ઉત્તીર્ણ થાય છે. કંદોઈની દુકાનનો પ્રસંગ અને એમાં રણવીરની હિંમત ધ્યાન ખેંચે છે. બધા ભેગા થઈને ડેપ્યુટી કમિશ્નર રિચર્ડ પાસે આવે છે અને કહે છે કે સ્થિતિ કાબૂમાં રહે એવા પગલાં

સરકારે લેવા જોઈએ નહિ તો શહેરમાં ગીધડાં ઊડશે. રિચર્ડ વ્યંગ કરે છે કે સરકાર બદનામ છે, તમને સરકારમાં વિશ્વાસ નથી વગેરે. લોકો કહે છે તાકાત તો તમારા હાથમાં છે. બ્રિટિશ સરકારના પ્રતિનિધિ છો એટલે શહેરની રક્ષા કરવાની જવાબદારી તમારી છે. રિચર્ડ કહે છે તાકાત પંડિત નહેરુના હાથમાં છે. બખ્શીજી બાજુ જોઈ એ કહે છે તમે લોકો બ્રિટિશ સરકારની વિરુદ્ધ તોયે દોષ બ્રિટિશ સરકારનો. આ સંવાદો પરથી બન્ને પક્ષનો દષ્ટિકોણ પ્રગટ થાય છે. જેમાં એકને શાંતિમાં રસ છે બીજાને એમાં રસ નથી.

સાતમા પ્રકરણમાં મસ્જિદ સામે જે મળ્યું છે એ હિન્દુઓની શરારત છે એવું હયાતબખ્શ કહે છે. હકીકતમાં આ કૃત્ય કોણે કર્યું એ કોઈ જાણતું નથી. રમખાણને રોકવા માટે શહેર પરથી એક વિમાન ઊડી જાય તો રમખાણ રોકવા માટે એ પૂરતું છે એવું કહે છે પણ રિચર્ડ અન્ય વાતો કરી આવા પગલાં ભરવાનું મુલતવી રાખે છે. અમેરિકન પાદરી હરબર્ટ શહેરના રક્ષણનો પ્રશ્ન રાજનૈતિક નથી. સરકાર, પાર્ટી અને અન્ય તમામે એ સ્થિતિ સંભાળી લેવી જોઈએ અને અંદરો અંદર લડવું જોઈએ નહિ વગેરે કહે છે. શહેરમાં ગરબડ શરૂ થઈ છે એ વધે નહિ એ માટે કર્ફ્યુ લગાડવાની વાત રજૂ કરે છે. પાર્ટીમાં રહી અન્ય સાથે જોડાયેલ હોય એવાનો વિરોધ કરે છે. એક હિન્દુ, મુસ્લિમ કે શીખ વ્યક્તિ ખોટો હોવાથી દરેક ખોટા હોય એવું નથી હોતું. શહેરમાં ગરબડ શરૂ થઈ એમાંથી બચવા દરેક એકમેકનો સહારો લે છે. લીઝાના વર્તન અને શોખની તમામ વિગતો આપી એના મનોભાવો રજૂ કર્યા છે. બાબુ હિન્દુ છે એ સાબિત કરવા લીઝા કહે છે પણ એ માનતી નથી ત્યારે બાબુને ભય લાગે છે. બાબુ અને લીઝાનો આ સંવાદ અંગ્રેજીમાં થયો છે.

આઠમા પ્રકરણમાં બજારની ગતિવિધિનું સૂક્ષ્મ વર્ણન છે. કોંગ્રેસના આંદોલનની અસર શહેરમાં થઈ હતી. શીખ અને મુસ્લિમોના તહેવાર સમયે તણાવની સ્થિતિ અને ત્યાર બાદ સ્થિર સાધારણ ગતિ થઈ જતી. પંજાબી પાત્રોની પંજાબી ભાષામાં વાતો ધ્યાન ખેંચે છે. નવલકથાકારની આ સિદ્ધિ છે. ખુદાબખ્શ દરજી એને ત્યાં આવતી તમામ સ્ત્રીઓનું વર્ણન કરે છે. શહેરમાં રમખાણ થશે એ વાત ઘડિયાળનું સમારકામ થાય છે એ ઉપરથી સ્પષ્ટ થાય છે. ખિજરે વિના કારણે એક બાળકને જોઈને એની હત્યા કરી નાંખી. મૂસા કારણ પૂછે છે ત્યારે ખિજર એ હરામનું બચ્ચું હતું એમ કહે છે અને હોડીમાં કાણું પાડ્યું કારણ કે એ ગામનોહાકેમ ખૂબ જાલિમ છે એટલે હોડીવાળાની રોજી કાયમ રહે એ માટે એણે કાણું પાડ્યું હતું. પાકી દીવાલ કરે છે કારણ કે ત્યાં ખજાનો છે જે મળશે તો માલામાલ થઈ જશે. ભવિષ્યની વાત કરી પોતાને છાવરવાનો પ્રયાસ કરે છે. નત્થૂ સૂવરને યાદ કરી કોઈ અઘટિત ઘટના ન બને એવું ઇચ્છે છે. નત્થૂ ડરને કારણે ઘરે જતો નથી અને એને એની પત્નીની યાદ આવે છે. મસ્જિદ અભડાવી હતી તેની તપાસની કામગીરી શરૂ થાય છે. જિલ્લા કોંગ્રેસ કમિટી દ્વારા જાહેર સભા યોજવામાં આવે છે અને શાંતિની અપીલ કરવામાં આવે છે. પીરસાહેબની રજૂઆતનું વર્ણન ધ્યાન ખેંચે છે. દરેક ધર્મના ધર્મગુરુઓનું વર્તન લગભગ એકસમાન છે એવું કહી શકાય. ટકોરાનો અવાજ આવે છે અને આગ લાગી હોય એવું જુએ છે. રિચર્ડ અને લીઝા પણ આ અવાજ સાંભળે છે.

ધાર્મિક પર્વ નહિ પણ રમખાણ શરૂ થયા હોવાનું રિચર્ડ લીઝાને કહે છે. રમખાણ રિચર્ડે કેમ ન રોક્યા એમ લીઝા પૂછે છે ત્યારે એ કહે છે ધાર્મિક ઝઘડામાં આપણે દખલ નથી કરતા એ માટે. માનવીય મૂલ્યોનું પતન આ બધી ઘટનાઓમાં લીઝા જુએ છે.

નવમા પ્રકરણમાં લક્ષ્મીનારાયણ કુહાડી શોધે છે પણ એ તો યુવકસંઘના 'શસ્ત્રગારા'માં રણવીર લઈ ગયો છે. સ્વબચાવ માટે વાનપ્રસ્થીજીએ જે સૂચવ્યું હતું એમાં આ કુહાડી સિવાય અન્ય કોઈ હથિયાર ન હોવાથી હવે કઈ રીતે બચી શકાશે હુલ્લડમાં એના વિચારો કરે છે. પૂર્વે થયેલા હુલ્લડની માહિતી અને હવે આ વખતે શું થશે એના વિચારો કરે છે. ફતહદીન અને લાલાજીના વર્તન અને સ્વભાવ ધ્યાન ખેંચે છે. રમખાણો થાય એમાં શરીફ લોકો પરેશાન થાય અને એક જ શહેરમાં રહેવાનું હોવાથી લડાઈ ઝઘડો શું કામ કરવો. 20 વર્ષથી મહોલ્લામાં મુસ્લિમોએ ક્યારેક ફરિયાદ કે લડાઈ કરી ન હતી. હવે એ વિશ્વાસ ડગી જાય છે તેથી ભયનો અનુભવ થાય છે. મંડીમાં આગ લાગવાના કારણે હિન્દુઓને લાખોનું નુકસાન થયું. લાલાજી પત્ની અને પુત્રીને એકલા મૂકી પુતા રણવીરને શોધવા માટે જવા તૈયાર થાય છે પણ પત્ની સમજાવે છે તેથી માની જાય છે અને નાનકૂને ચીટ્ઠી આપવા મોકલે છે. લાલાજીના ઘર પાસેથી એક શીખને મારવા ત્રણ પુરુષો દોડે છે ત્યારે એ બચીને નીકળી જાય છે.

દસમા પ્રકરણમાં શહેરમાં રમખાણ પછીની સ્થિતિનું સૂક્ષ્મ વર્ણન છે. લાલાજી તથા રઘુનાથના પરિવારને શાહનવાઝ પોતાની સાથે ગાડીમાં લઈ જાય છે. રણવીર પોતાના ખબર લક્ષ્મીનારાયણ સાથે મોકલી આપે છે. ભાઈ ભાઈનું ગળુ કાપે એવા સમયમાં શાહનવાઝ મુસ્લિમ હોવા છતાં હિન્દુઓનો જીવ બચાવે છે. આ બતાવે છે કે બધા ખરાબ નથી હોતા, માનવતા હજુ જીવે છે. શાહનવાઝનો પ્રભાવ હતો. એ જ શાહનવાઝ વિના કારણે મિલખીની ધક્કો મારીને હત્યા કરે છે. પોતે આવું શા કારણે કર્યું એ સમજી શકતો નથી.

અગિયારમા પ્રકરણમાં કોંગ્રેસ અને મુસ્લિમ લીગના લીડરો શહેરમાં હુલ્લડબે કારણે સ્થિતિ વધારે વિકટ થતી  રોકવા માટે હયાતબખ્શ અને બખ્શીને ભેગા કરવાનું દેવદત્ત નક્કી કરે છે. હયાતબખ્શ 'લેકે રહેંગે પાકિસ્તાન, બનકે રહેગા પાકિસ્તાન'ના પોકાર કરે છે. હુલ્લડ બાદ હિન્દુ હોય કે મુસ્લિમ આ ઘટના માટે એકમેકનો દોષ કાઢતા હતા. બધી પાર્ટીના પ્રતિનિધિઓની એક મિટિંગ બોલાવવાનું કહે છે પણ દરેક પાર્ટીઓના સભ્યો આવે છે. ગાંધીજીની હિન્દુ મુસ્લિમ ભાઈ ભાઈના વિચારો કહે છે અને હવે લડાઈ ન થાય એ માટે ચર્ચા થાય છે. જરનૈલના પાકિસ્તાન ન બનવા દેવાના વિધાનને કારણે એની હત્યા થાય છે.

બારમા પ્રકરણમાં રણવીર અને અન્ય રક્ષણ માટે વ્યૂહ તૈયાર કરે છે એની તથા 'શસ્ત્રગાર'ની સમગ્ર માહિતી આપવામાં આવી છે. અત્તર વેચનારને શંભુ નાની ઉંમરનો માસુમ બાળક લાગે છે શંભુ જ એની હત્યા કરે છે.

તેરમા પ્રકરણમાં નત્થૂ સૂવરને મારી નાખ્યા બાદ જે ઘટનાઓ ઘટી અને જે કરુણ પરિસ્થિતિ થઈ એને કારણે પોતાને દોષી માને છે અને પશ્ચાતાપ કરે છે. જેનું સૂવર મારી નાખ્યું હતું એ માણસ પોતાને જ જુએ છે એવું એને લાગતા ગભરાઈ જાય છે. નત્થૂની પત્ની એને શાંત કરવાના પ્રયાસ કરે છે. મુરાદ અલીએ જ સૂવર મરાવીને મસ્જિદ પાસે ફેંકાવ્યું હતું પણ એ વાત નત્થૂ કોઈને કહેતો નથી. જ્યારે એનો મનોસંઘર્ષ ખૂબ વધી જાય છે ત્યારે એની પત્ની એની આ વ્યગ્રતા-ચિંતાનું કારણ પૂછે છે ત્યારે એને સંપૂર્ણ સત્ય કહે છે. એ કહે છે કે મને ખબર ન હતી કે એણે આવું કરવા માટે સૂવરની હત્યા કરાવી હતી. મને જો ખબર હોત તો હું ક્યારેય એવું ન કરત. નત્થૂની પત્ની આ સાંભળી એને સમજાવે છે પણ પોતે પણ વ્યગ્રતા અનુભવે છે જે ઘરને સાફ કરવાની ક્રિયા પરથી કહી શકાય. જાણે એ પતિએ કરેલા પાપ સાફ કરવાનો પ્રયત્ન કરે છે. અહીં પ્રથમ ખંડ પૂરો થાય છે.

બીજા ખંડનો આરંભ ચૌદમાં પ્રકરણથી થાય છે. હરનામસિંહ અને બન્તો આખા ગામમાં એકલા જ શીખ પરિવારના હતા. આખું ગામ મુસ્લિમોનું હતું. બન્ને પોતાનો જીવ બચાવવા પૈસા અને થોડા ઘરેણાં લઈને કરીમખાનના કહેવાથી અનિચ્છાએ ગામ છોડીને જાય છે. હરનામસિંહને વિશ્વાસ છે કે પોતે કોઈ સાથે ખોટું નથી કર્યું એટલે એની સાથે પણ કોઈ ખોટું નહિ કરે ત્યારે કરીમખાન કહે છે કે ગામમાંથી તો કોઈ એવું નહિ કરે પણ બહારથી બીજા આવે છે એ લોકો કરી શકે અને એ લોકોને એવું કરતા કોઈ રોકી નહિ શકે માટે બન્નેને ગામ છોડી જવા કહે છે અને આનાકાની બાદ સમજાવટથી એ માની જાય છે અને ગામ છોડીને બીજે જવા નીકળે છે. એ લોકો નીકળે છે અને હુમલાખોરો આવીને એની દુકાન લૂંટી ઘરને આગ લગાડે છે. એમના મનમાં ઘેરી અસર થાય છે જે એ બન્નેના સંવાદોમાં પ્રગટ થાય છે. હરનામસિંહ અને બન્તો ગુરુવાણી આધારિત જીવન જીવતા. હરનામસિંહ બન્તોને કહે છે કે એ લોકો મારવા આવશે તો હું પહેલાં તને ખતમ કરીશ અને પછી પોતાને ખતમ કરીશ. જીવતાં છતાં તને કોઈ બીજાના હાથમાં નૈ પડવા દઉં. ત્યાર બાદ તેઓ ગામની બહારના પહેલાં ઘરમાં રોકાયા.

પંદરમાં પ્રકરણમાં શીખો ઉપર તુર્કો તરફથી સંકટ ફરીથી આવ્યું હોવાની માહિતી અને શીખ તથા તુર્કોના યુદ્ધ વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. શીખોનો ઈતિહાસ, યુદ્ધ નીતિ વગેરે વિગતો તથા હિન્દુ, મુસ્લિમની જેમ આ લોકો પણ હથિયાર એકત્ર કરે છે. લશ્કરનો સામનો કરવાની અને બચાવની પૂર્વ તૈયારી કરે છે. પરંપરા, ભૂતકાળના જોડાણ અને અખંડતાની વિગતો આપે છે. સત્તા અંગેની માહિતી ધ્યાન ખેંચે છે. શૂરવીર યૌદ્ધાઓમાં કુરબાનીની ભાવના ઉછાળા મારે છે. ગામની સુંદરતા અને એ વિશેની તમામ માહિતી રજૂ થઈ છે. તેજાસિંહ કુરબાની – હુલ્લડ-લડાઈમાં જોડાવા સૌને આમંત્રણ આપે છે. શીખ અને મુસ્લિમો સામસામે નારા પોકારે છે અને ફરિયાદ કરે છે. એક યુવક સત્ય કહે છે કે આપણને મુસલમાનો વિરુદ્ધ અને મુસલમાનોને આપણી વિરુદ્ધ ભડકાવવામાં આવે છે એ ભૂલવું જોઈએ નહિ. એટલે શીખ અને મુસલમાન ભેગા મળી શાંતિ રાખે, હત્યા અને પાયમાલી કોઈ ઈચ્છતું નથી. ખાલસા સ્કૂલ ઉપર હુમલો બીજા કરે

અને નામ મુસ્લિમોનું આવે અને એટલે પરિસ્થિતિ વણસે છે. મીરદાદ કહે છે કે જો હિન્દુ, મુસ્લિમ અને શીખ એક થઈ જાય તો અંગ્રેજોની હાલત કમજોર થાય અને જો આપણે પરસ્પર લડતા રહીએ તો એમની હાલત મજબૂત થાય. હકીકત કહે છે. મીરદાદ પ્રયત્ન કરે છે સમજાવવાનો. ગોપાળસિંહનું વર્તન અને સ્વભાવ દ્વારા અન્ય માહિતી રજૂ થઈ છે એ ધ્યાન ખેંચે છે. ગુરુદ્વારાની સંગત અને લોકો વિશેની અન્ય માહિતી રજૂ થઈ છે. ખૂનનો બદલો ખૂન એ કરીમબખ્શ દ્વારા સૂચવ્યું.

સોળમા પ્રકરણમાં હરનામસિંહ અને બન્તોએ જેમના ઘરે આશ્રય લીધો હતો એ જ ઘરના છોકરાએ એની દુકાન લૂંટી ઘરમાં આગ લગાડી હતી. આ વાતની જાણ જ્યારે ઘરે ટ્રંક લાવે છે અને તાળું તોડવાનો પ્રયાસ કરે છે ત્યારે હરનામસિંહ એને ચાવી આપે છે ત્યારે થાય છે. રાણવીર એ લોકોને ખૂબ હેરાન કરે છે પણ એક જમાનામાં લેણદેણનો સંબંધ હોવાથી એને છોડે છે. રાજો બન્તોને એના ઘરેણાં ટ્રંકમાં હતા એ આપીને વિદાય કરે છે.

સત્તરમા પ્રકરણમાં મુરાદપુર તરફથી લૂંટ કરીને રમજાન અને એના સાથી આવતા હતા એ શીખને જુએ છે અને એને શોધીને કંઈ ન કરવાનું કહીને બહાર લાવે છે. એને ખૂબ મજાક કરી ખૂબ હેરાન કરે છે. શીખ – સરદાર પાસે એની ઈચ્છા વિરુદ્ધ ઈસ્લામ ધર્મ કબૂલ કરાવી કલમા પઢાવે છે. હવે એ એમનો દુશ્મન નહિ ભાઈ હોવાથી મુસલમાનોના દરવાજા એના માટે ખૂલી ગયા હતા.

અઢારમા પ્રકરણમાં બે દિવસ અને બે રાત સુધી ઘમાસાણ યુદ્ધ થયું એની સંપૂર્ણ વિગત આપવામાં આવી છે. ઠેર ઠેર લાશો પડી હતી. ગુરુદ્વારામાં ભયાનક સ્થિતિનો થાક વર્તાવા લાગ્યો હતો. યુદ્ધ માટે જે નિર્ણયો લીધા હતા એ ખોટા અને ભૂલભરેલા લાગે છે. જો વિજય થયો હોત તો એ રણનીતિની ઉત્તમ ચાલ સાબિત થઈ હોત. હરનામસિંહની દિકરી અને એની સાથે અન્ય સ્ત્રીઓ કૂવા તરફ પ્રયાણ કરે છે અને એમાં કૂદીને આત્મહત્યા કરીને પોતાની આબરૂ અને ઈજ્જત બચાવે છે. ગામમાં રાત્રે લૂંટફાટ થઈ. તેજાસિંહ જે ઘટના બની એ ડેપ્યુટી કમિશ્નરને જણાવે અને નુકસાનની યાદી એમને આપવાનો વિચાર કરે છે. વિમાને કસ્બામાં ત્રણ ચક્કર લગાવ્યા. બન્ને સમુદાયના લોકો પોતપોતાના ધર્મસ્થાનોને ધોઈને સાફ કરતા હતા. વિમાન જે જે ગામ પરથી વિમાન ઊડતું હતું ત્યાં ત્યાં ઢોલ વાગવાના અને નારા લગાવવાના બંધ થયા હતા. મહત્ત્વનું તો એ હતું કે આગ, ઝાળ અને લૂંટફાટ બંધ થઈ ગઈ હતી.

ઓગણીસમા પ્રકરણમાં સરકાર તરફથી પગલાં લેવામાં આવે છે. જે ફોજ હુલ્લડ પહેલાં તહેનાત કરવાની માંગ કરી હતી એ શહેરમાં હુલ્લડો થયા બાદ તહેનાત કરવામાં આવી. રાહત કાર્યાલય, રેફ્યુજી કેમ્પ, કરફ્યુ, કેન્ટોનમેન્ટ અને શહેરની બે હોસ્પિટલમાં જખમી લોકોને ભરતી કરવામાં આવ્યા. આ બધી કામગીરી સરકાર સમસ્યા ઉકેલ માટે સાર્વજનિક સંસ્થાઓ સાથે મળીને કરે છે. રઘુનાથ રિચર્ડ માટે કહે છે કે એ વહીવટના કામ

માટે નહિ બન્યો નથી એ તો કોમળ અનુભૂતિવાળો પુસ્તકિયો માણસ છે. રિચર્ડ દરેક કામમાં ધ્યાન આપીને એવું બતાવવા માંગે છે કે સરકારને અને એને આ લોકોની ખૂબ ચિંતા છે અને બધું સારું થાય એ માટેના પ્રયાસ કરે છે. સ્ત્રીઓ માટે કમિટી બનાવવાના નિર્ણયને વધાવે છે. મડદાંનો નિકાલ કરવા માટેના સૂચનો આપે છે. જીવન પૂર્વવત થાય, તંગદિલી ન થાય અને જરૂરિયાત પૂરી થાય તેની વાત કરે છે. રિચર્ડ તમામ શું કરી શકે એની વિગત રજૂ કરે છે. મનોહરલાલ પ્રશ્ન કરે છે – 'આ રમખાણો સારુ જવાબદાર કોણ છે? સરકાર એ વખત ક્યાં હતી, જ્યારે શહેરમાં તંગદિલી વધી રહી હતી? હવે કરફ્યુ લગાડવામાં આવ્યો છે. તે વખતે કેમ ન લગાડવામાં આવ્યો છે. તે વખતે કેમ ન લગાડયો? તે વખતે સાહેબ બહાદુર ક્યાં હતા? અમે કોઈથી ડરતા નથી. સાફ સાફ મોં પર પરખાવીએ છીએ... (પૃ. ૨૩૫)' વેધકપ્રશ્નો કરે છે એમાંથી પરિસ્થિતિના કારણો પ્રગટે છે. જે સરકારે સહકાર ન આપ્યો એને જનતા સહકાર આપશે. હુલ્લડ અંગે સૌ પોતપોતાના મત રજૂ કરે છે. રિચર્ડને ત્યાં લીઝાને એના પુસ્તકો અને મૂર્તિનો બોજો લાગવા લાગે છે. લીઝા પરિસ્થિતિની પ્રતિક્રિયા વેધક રીતે નશામાં અજાણપણે કરે છે. લીઝાના પ્રશ્નો – પ્રતિક્રિયા રિચર્ડને વ્યંગ લાગે છે પણ એ સહજ થઈને વાત કરે છે. રિચર્ડનું અંગતજીવન અને નોકરી અંગે કોઈ નિર્ણય નથી લઈ શકતો. લીઝાને ફરવા લઈ જવાનું કહે છે ત્યારે એ કહે છે તું મને બળતાં ગામડાની શેર કરાવશે, મારે કંઈ નથી જોવું અને ક્યાંય નથી જવું. રિચર્ડ કહે છે કે સ્થિતિ હવે સારી થઈ ગઈ હોવાથી તું હરી ફરી શકે છે. વક્રતા તો એ છે કે જ્યાં સ્ત્રીઓ કૂવામાં કૂદી આત્મહત્યા કરે છે ત્યાં રિચર્ડને લાર્ક પક્ષીનો મધુર અવાજ સંભળાય છે. રિચર્ડ કહે છે કે આ તટસ્થતા અમને સિવિલ સર્વિસને કારણે છે. લીઝાના પ્રશ્નોના જવાબ આપી અને એને હેલ્થ ઓફિસરની પત્ની સાથે રહીને રેફ્યુજીઓ માટે સામાન એકત્ર કરવામાં જોડાવા માટે કહે છે. રિચર્ડ ઓફિસના કામ અર્થે જાય છે.

વીસમા પ્રકરણમાં રિલીફ કમિટી અને રેફ્યુજીઓની કામગીરીની સંપૂર્ણ વિગતો આપવામાં આવી છે. બાબુ આંકડા માંગે, લોકો પોતાના જખમ બતાવે તેથી એ અકળાઈ છે. એક તરફ યુદ્ધ થાય બીજી તરફ શીખને મુસ્લિમ બચાવે આ વાતો બાબુને સાંભળવી નથી એટલે એ ચૂપ કરાવે છે. હુલ્લડમાં બચી ગયા, મૃત્યુ પામ્યા, નુકસાન અંગે માહિતી, કેટલા ગરીબ અને કેટલા ખાધે પીધે સુખી મૃત્યુ પામ્યા એ બધાની નોંધ કરાવવામાં આવે અને પછી એ આંકડાની મેળવણી કરવામાં આવે. જેટલા હિન્દુ, શીખ લગભગ એટલા જ મુસલમાન પણ મૃત્યુ પામ્યા હતા. આંકડામાં વધારે ફરક નહતો. બસમાં જવા માટે લાંચ આપવા સુદ્ધાં તૈયાર થાય. સરદાર પોતાની બીબી મૃત્યુ પામી છે એણે પહેરેલા કડાં એને પાછા મળે એ માટે લાંચ આપવા તૈયાર થાય છે. દરેક પોતાના સ્વજનને શોધવા પ્રયત્ન કરે છે. ગાંધીજીના અહિંસાના વિચારોને આધારે કશ્મીરીલાલ, બખ્શીજી, જીતસિંહ વગેરે વચ્ચે ચર્ચા થાય છે કે હુમલો કરે તો સામનો કરવા શું કરવું. કારણ હુમલો કમજોર ઉપર થાય પહેલવાન ઉપર નહિ. રમખાણોની ભરતી ઓટ બેસી ગઈ હતી અને નીચેની કામડીઓ, ચીંથરાં, હાડકાંના ટુકડાઓ ઊપસીને આગળ આવવા લાગ્યા હતાં. હુલ્લડ

પછીની ભયાવહ સ્થિતિ અસ્વસ્થ કરી દે છે. પ્રકાશોને અલ્લારખા ઉઠાવીને સાથે લઈ આવે છે અને એની સાથે નિકાહ કરે છે. પહેલાં તો પ્રકાશો ડરે છે પણ ધીરે ધીરે શાંત થાય છે. પ્રકાશોનો ભૂતકાળ પાછળ રહી ગયો અને વર્તમાનનો સ્વીકાર કરી લીધો. 'સ્થિતિ એટલી બદલાઈ ગઈ હતી કે સંદર્ભમાં પ્રકાશોનાં મા-બાપ અસંગત થવા લાગ્યા. (પૃ. ૨૫૬)' રિલીફ કમિટીમાં સમગ્ર ઘટનાનું સૂક્ષ્મ વર્ણન કરે છે. કોઈ અનિવાર્ય ઘટના-ચક્ર ચાલે છે. જેની ઉપર એમનામાંથી કોઈનો કાંઈ અંકુશ નથી. ન કોઈના હાથમાં નિર્ણય છે. ન સંચાલન, ન સંચાલનની ક્ષમતા, કઠપૂતળીઓની જેમ સૌ ફરી રહ્યાં હતાં. સવારથી સાંજ સુધી લોકોની વાતો સાંભળતા રહેતા.

એકવીસમા પ્રકરણમાં શાંતિ સમિતિ માટે ખ્રિસ્તી કૉલેજમાં સૌને ભેગા કરવામાં આવે છે. હવે હિન્દુઓના મહોલ્લામાં કોઈ મુસલમાન નહીં રહે અને મુસલમાનોના મહોલ્લામાં હિન્દુ નહિ રહે તથા પાકિસ્તાન થાય કે ન થાય પન મહોલ્લા જુદા થશે એવી સ્પષ્ટતા કરે છે. ગમે તે થાય સૌએ સાથે જ રહેવાનું છે. આમ અલગ અલગ વાતો કરે છે. લક્ષ્મીનારાયણ અને નૂર ઈલાહી દોસ્તોનું મિલન સારું લાગતું હતું. મ્યુનિસિપલ કમિટીની ચૂંટણી બે મહિનામા યોજાશે એવી જાણ થતા બધા એની ચર્ચામાં જોડાઈ છે. એકબીજા સાથે વાત કરતા કહે છે કે અભણ લોકો લડે સમજદાર અને ખાનદાન લોકો લડતા નથી. હિન્દુ, મુસ્લિમ અને શીખ સૌ આવે છે અને પ્યાર મહોબ્બતથી વાતો કરે છે. જનાબ હયાતબખ્શ મુસ્લિમ લીગ તરફે, બખ્શીજી કોંગેસ તરફે અને જોધસિંહ ગુરુદ્વારા પ્રબંધક કમિટી તરફથી ત્રણ પ્રેસિડંટ ચૂંટીને બનાવવામાં આવે છે. મુસ્લિમ લીગ, કોંગ્રેસ પાર્ટી, હિન્દુ સભા, ગુરુદ્વારા પ્રબંધક કમિટી એમ ચાર પાર્ટીઓ ભેગા થાય છે. એ લોકો સંપ્રદાયવાદ અને અનાચાર સામે લડવાની વાત કરે છે. શાંતિ સમિતિ ખૂબ હોશિયારી અને મહેનતથી કામ કરવાની રજૂઆત કરે છે. કારોબારીમાં પંદર સભ્ય હોય એમાં સાત મુસલમાન, પાંચ હિન્દુ અને ત્રણ શીખને ચૂંટવામાં આવે છે. શાંતિની બસ આવે ત્યારે આ પ્રેસિડંટ, વાઈસ પ્રેસિડંટ અને અન્ય સભ્ય એમાં જઈ શાંતિ અંગે અપીલ કરે છે. નારા લગાવે છે – હિન્દુ-મુસ્લિમ એકતા ઝિંદાબાદ તથા શાંતિ સમિતિ ઝિંદાબાદ વગેરે. મનોહર કહે છે સાહેબ હુલ્લડ કરાવ્યા હવે શાંતિ કરાવશે. બખ્શીજી કહે છે ગીધડાં ઊડશે, હજી વધુ ઊડશે. મુરાદ અલી ડ્રાઈવરની સીટ પાસે બેસે છે અને સૂત્રોચ્ચાર કરે છે. અહીં મુરાદ અલીનું આવું વર્તન અચરજ પમાડે એવું છે. જે મુરાદ અલીએ નત્થૂ પાસે સૂવર મરાવ્યું હતું એ જ મુરાદ અલી હવે શાંતિ બસમાં શાંતિની અપીલ કરવા માટે જાય છે. કેવી વિચિત્રતા! નગરનું જીવન પાટે ચડી રહ્યું હતું. નાના ઓફિસરોએ કામ સંભાળી લીધું છે. રિચર્ડને અહીં રહી પોતે અધ્યયન કરવાનું મન હતું પણ વધુ સમય ત્યાં રોકાવાનું શક્ય લાગતું નથી. લીઝા રિચર્ડને બઢતી અને બદલી વિશે પૂછે છે ત્યારે રિચર્ડ કહે છે બઢતીની વાત નથી પણ જ્યાં રમખાણ થાય ત્યાંથી સરકાર સામાન્ય રીતે ઓફિસરોની બદલી કરે અને નવા ઓફિસર આવે. લીઝા એની અહીં રહીને કામ કરવાની અને પુસ્તક લખવાની ઈચ્છા હતી એ વિશે કહે છે ત્યારે રિચર્ડ એની શરૂઆત ક્યાંથી કરું એમ પૂછે છે. લીઝા

સામે પ્રશ્ન કરે છે ક્યાંથી શરૂઆત કરશે. રિચર્ડ લીઝાને અહીં બનેલી ઘટના વિશે જાણવાની ઈચ્છા હતી એ વિશે કહે છે ત્યારે લીઝા સંભળાય કે ન સંભળાય કોઈ ફરક પડતો ન હતો. લીઝાનું આવું વર્તન રિચર્ડે કરેલા વર્તનની યાદ અપાવે છે અને જાણે કે આ એના માટેનો પ્રત્યુત્તર હતો. અહીં નવલકથા પૂરી થાય છે.

નવલકથાનું કથાવસ્તુ એક તાંતણે ગૂંથાયું છે. નવલકથામાં સ્વરાજ મળ્યું તે પહેલાંનો કાળ પસંદ કર્યો છે. અંગ્રેજોએ સત્તા ટકાવવા હિન્દુ અને મુસલમાનોમાં ફૂટ પાડવા ઘણા ષડયંત્ર કર્યા. આ ષડયંત્રોના ઐતિહાસિક સત્યને આ નવલકથામાં આલેખ્યું છે. રાજનૈતિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક, મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતા અને જીવાતું જીવન અને એની ઓળખ કરાવતી નવલકથા છે. સાંપ્રદાયિક વિભીષિકા અને અમાનવીય ક્રૂરતા નવલકથામાં આલેખી છે માનવમનની સંકુલતા સુપેરે નવલકથકારે પ્રગટાવી છે. અંગ્રેજી, પંજાબી ભાષાપ્રયોગ સરસ રીતે થયો છે. સહજ રજૂઆત એ 'તમસ' નવલકથાનું જમાપાસું છે.

## ૧૨.૩ સર્જક પરિચય

ભીષ્મ સાહનીનો જન્મ ૦૮ ઓગસ્ટ ૧૯૧૫માં રાવલપિંડી તત્કાલીન ભારત અને વર્તમાન સમયના પાકિસ્તાનમાં થયો હતો. ૧૯૩૭માં લાહોર ગવર્મેન્ટ કૉલેજ, લાહોરમાં અંગ્રેજી સાહિત્યમાં એમ.એ. કર્યું. ૧૯૫૮માં પંજાબ યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. કર્યું. સાહિત્યક્ષેત્રે એમનું નવલકથા, વાર્તાસંગ્રહ, નાટક, આત્મકથા અને બાલસાહિત્યમાં સવિશેષ પ્રદાન રહ્યું છે. તેમણે શિક્ષક – પ્રોફેસર, પત્રકાર, અભિનેતા તરીકેની કામગીરી કરી હતી. ભારત – પાકિસ્તાનના વિભાજન પહેલાં અવેતન શિક્ષક હોવાની સાથે તેઓ વ્યવસાય પણ કરતા હતા. વિભાજન પછી તેઓ ભારત આવ્યા અને અખબારોમાં કામ કર્યું. તેઓ ભારતીય નાટ્ય સંઘ (IPTA) માં જોડાયા. ત્યાર બાદ તેમણે અંબાલા અને અમૃતસરમાં શિક્ષક તરીકે ફરજ બજાવી. તેઓ દિલ્હી યુનિવર્સિટીમાં સાહિત્યના પ્રોફેસર બન્યા. ૧૯૫૭ થી ૧૯૬૩ દરમિયાન મોસ્કોમાં ફોરેન લેંગ્વેજ પબ્લિશિંગ હાઉસમાં અનુવાદક તરીકે કામ કર્યું. એમણે ટોલ્સટોય એસ્ટ્રોવસ્કી જેવા લેખકોના લગભગ બે ડઝન રશિયન પુસ્તકોનો હિન્દીમાં અનુવાદ કર્યો. ૧૯૬૫ થી ૧૯૬૭માં નવલકથા અને નઈ કહાનિયાંનું સંપાદન કર્યું. તેઓ પ્રોગ્રેસિવ રાઈટર્સ એસોશિએશન અને આફ્રો – એશિઅન રાઈટર્સ એસોશિએશન સાથે સંકળાયેલા હતા. ૧૯૯૩ થી ૧૯૯૭ સુધી તેઓ સાહિત્ય અકાદમીની કાર્યકારી સમિતિના સભ્ય હતા. ભીષ્મ સાહની પ્રખ્યાત હિન્દી ફિલ્મ અભિનેતા બલરાજ સાહનીના નાનાભાઈ હતા. તેમને ૧૯૭૫માં 'તમસ' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર, ૧૯૭૫માં પંજાબ સરકાર દ્વારા શિરોમણિ લેખક પુરસ્કાર, ૧૯૮૦માં આફ્રો – એશિઅન રાઈટર્સ એસોશિએશનનો લોટસ એવોર્ડ, ૧૯૮૩માં સોવિયેટ લેન્ડ નહેરુ એવોર્ડ અને ૧૯૯૮માં પદ્મ ભૂષણથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. તેમની 'તમસ' નવલકથા ઉપરથી ૧૯૮૬માં ફિલ્મ

*બનાવવામાં આવી  હતી. એમને ૨૦૦૨માં સાહિત્ય અકાદમી ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી. એમણે અભિનેતા તરીકે ‘ મોહન જોશી હાજિર હો! (૧૯૮૪)’, ‘તમસ (૧૯૮૬)’, ‘કસ્બા (૧૯૯૧)’, ‘લિટલ બુદ્ધા (૧૯૯૩)’, મિ. એન્ડ મિસિસ. ઐયર (૨૦૦૨)’ કામ કર્યું હતું. એમની ‘તમસ’ સિવાય અન્ય બે કૃતિઓ ‘પાલિ’ અને ‘અમૃતસર આ ગયા હૈ’ વિભાજન ઉપર આધારિત છે. એમની કૃતિના અનુવાદ અન્ય ભાષાઓમાં થયા છે. ૧૧ જુલાઈ ૨૦૦૩ના રોજ દિલ્હી - ભારતમાં એમનું અવસાન થયું.*

❖ **તમારી પ્રગતિ ચકાસો.**

1. *‘તમસ’ નવલકથાના ગુજરાતી અનુવાદકનું નામ જણાવો.*
2. *‘તમસ’ નવલકથાનો કેન્દ્રિત વિષય જણાવો.*

## ૧૨.૪ સ્વાધ્યાય

1. *‘તમસ’ નવલકથાની સમગ્રલક્ષી ચર્ચા કરો.*

❖ **લેખન પ્રવૃત્તિ**

1. *ભીષ્મ સાહનીની અન્ય કૃતિ મેળવી નોંધ તૈયાર કરો.*
2. *વિભાજનના કથાવસ્તુ આધારિત અન્ય કૃતિઓ વિશે નોંધ તૈયાર કરો.*

## ૧૨.૫ સંદર્ભ


- *તમસ, ભીષ્મ સાહની, અનુ. નારાયણ દેસાઈ, નેશનલ બુક ટ્રસ્ટ, બીજી આવૃત્તિ - ૨૦૧૯*



**લેખન : પ્રા. ઉર્વિકા પટેલ** - *વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત*

(ક)

**એકમ-1**

# ઈલિયડ


**૧.૧ પ્રસ્તાવના**

**૧.૨ કૃતિ પરિચય : 'ઈલિયડ'**

**૧.૩ સર્જક પરિચય**

**૧.૪ સ્વાધ્યાય**

**૭.૫ સંદર્ભ**


## ૧.૧ પ્રસ્તાવના

*હોમરે ઈ.સ. પૂર્વે 1200ની આસપાસ ટ્રોયનું યુદ્ધ થયું હતું એનો આધાર લઈ આઠમી નવમી સદીમાં 'ઈલિયડ'ની રચના કરી. આ કથાઓ ગ્રીસમાં ગવાતી. હોમરે ભૂમધ્યસાગરના પ્રદેશોની કથાને 'ઈલિયડ' અને 'ઓડિસી' મહાકાવ્યોમાં રજૂ કરી છે. યુરોપમાં 'ઈલિયડ' અને 'ઓડિસી' સર્જનના મુખ્ય સ્રોત છે. 'સોફોક્લિસ', 'યુરિપિડિસ', 'એસ્કાયલસ' વગેરે કરુણાંતિકાના કથાવસ્તુના મૂળ 'ઈલિયડ'માં છે. નાયિકા હેલન માટે યુદ્ધ થયું. એનો નાયક એકિલીઝ છે. મૂળ કથા એકિલીઝના કોપ અને હેક્ટરના વીરત્ત્વની છે. 'ઈલિયડ' આદિમ રાગાવેગનું કરુણ વીરવૃત્ત છે.*

## ૧.૨ કૃતિ પરિચય : 'ઈલિયડ'

*હોમર કૃત 'ઈલિયડ'નો ગુજરાતીમાં અનુવાદ જયન્ત પંડ્યા એ કર્યો છે. આ મહાકાવ્ય ચોવીસ સર્ગમાં વિસ્તરેલું છે અને એમાં 15693 કાવ્યપંક્તિઓ છે. 'ઈલિયડ' અનુષ્ટુપ છંદમાં અનુવાદિત થયું છે. ગ્રીકના પ્રલંબ હેક્ઝામીટર જેવો જ અનુષ્ટુપ છંદ છે. કથનાત્મક કાવ્ય માટે અનુષ્ટુપ છંદ અનુકૂળ હોવાથી એ છંદમાં 'ઈલિયડ' મહાકાવ્યનો અનુવાદ કરે છે. હોમરના આ મહાકાવ્યો પ્રાસ વિનાના છંદોમાં રચાયા હતા. કાલિદાસની જેમ હોમર પણ એમની* Homeric Simile - *ઉપમાઓ માટે પ્રખ્યાત હતા. 'ઈલિયડ'માં દશ વર્ષના સમયની વાત છે. ટ્રોય પરના આક્રમણ અને એના પતનને દસ વર્ષ લાગ્યા હતા. 'ઈલિયડ'માં યુદ્ધની સમગ્ર ઘટના વણી લેવામાં આવી છે. જે ઘટનાનો સમય દસ વર્ષનો છે એને બનતા દસ દિવસ લાગે છે અને એ જ કથા 'ઈલિયડ'ની છે. હોમર મહાકાવ્યનો આરંભ કલાની દેવી સેજીનું આહ્વાહન કરીને કરે છે. એ દેવીને વિનંતિ કરે છે કે 'ઈલિયડ'માં એકિલીઝના કોપની કથા રજૂ કરવામાં મદદ કરે. 'ઈલિયડ'ની કથા રસપ્રદ છે. એવું કહેવાય છે કે યુદ્ધની કથા રમ્ય હોય છે.*

*મહાકાવ્યનો નાયક એકિલીઝ યોદ્ધો હતો. સ્વભાવ અહંકારી, ઉદાર અને જીદ્દી હતો. તે બળવાન, હિંમતવાળો અને નિપુણ યોદ્ધો હતો. તેના પિતાનું નામ પેલીયસ અને માતાનું નામ થેટીસ હતું. જન્મ બાદ એની માતાએ એને સ્ટાઇક્સ નદીમાં ડૂબાડ્યો હતો એટલે એનું શરીર પોલાદી બને અને કોઈ એને ઈજા પહોંચાડી નહિ શકે. માત્ર એની*

*એડીનો ભાગ પકડીને જળમાં ડુબાડ્યો હોવાથી એ ભાગમાં ઈજા થઈ શકે એમ હતું. એકિલીઝની એડી જ એના મૃત્યુનું કારણ બને છે. અહીં મહાભારતના કર્ણ અને દુર્યોધન સહજ યાદ આવે. 'ઈલિયડ'માં ઑલિમ્પસના અધિષ્ઠાતા દેવ ઝ્યૂસની રાણી હીરા, માનસપુત્રી એથિની અને એફ્રોડિટી વચ્ચે સ્પર્ધા છે. એક મિજબાનીમાં એક સોનેરી ફળ પડ્યું હતું જેના ઉપર લખ્યું હતું કે 'જગતની સૌથી સુંદર નારી માટે.' ત્રણેને એવું લાગે છે કે આ ફળ પોતાના માટે છે. અંતે નિર્ણય કરવા ટ્રૉયના રાજવી પ્રાયમના પુત્ર પેરીસને બોલાવી એને ત્રણેય લાલચ આપી પોતાની તરફેણમાં નિર્ણય આપવા માટે પ્રેરે છે. એફ્રોડિટી પેરીસને હેલન અપાવશે તેથી એની તરફેણમાં પેરીસ નિર્ણય આપે છે. હેલન એ સ્પાર્ટાના રાજા મૅનિલોઝની પત્ની હતી. રાજકુમાર પેરીસ એનો અતિથિ બને છે. હેલન અને પેરીસ વચ્ચે પ્રેમના અંકુરો ફૂટે છે. મૅનિલોઝની ઉપસ્થિતિમાં બન્ને ટ્રૉય નગરમાં ભાગીને જતા રહે છે. હેલન ટ્રૉયના રાજકુમાર પેરીસની સાથે લગ્ન કરી એની પત્ની બને છે. એગ્મેમ્નન પોતાના ભાઈની પત્નીના અપહરણથી અપમાન થયું હોવાનો અનુભવ કરે છે. બધા રાજવીઓમાં ઑડિસૂઝ, એકિલીઝ, નેસ્ટર, વૃદ્ધ અને શાણો નેસ્ટર, એજેક્સ, ડાયોમિડિઝ અને એકિલીઝનો મિત્ર પેટ્રોકલૉઝ આદિ વીર છે. આ યુદ્ધ માનવી માનવી વચ્ચે નથી. ઘટનાના મૂળમાં દેવીઓની ઈર્ષ્યા રહેલી છે. આ લડાઈમાં એફ્રોડિટી ટ્રૉયના પક્ષમાં તથા હીરા અને એથિની ગ્રીક – અકાયનોના પક્ષમાં છે. ઝ્યૂસ અને એપોલો દેવ બન્ને પક્ષમાં રહી સેનાનીઓને એમની નિયતિ તરફ લઈ જાય છે. ટ્રૉયમાં ઘેરો નાખ્યા એ ઘટનાને નવ વર્ષ વીતી ગયા છે. એગેમેમ્નન અને એનું સૈન્ય એના ગઢમાં પ્રવેશી શક્યા નથી. વહાણોનો કાફલો ટ્રૉયના સાગરતટે નવ વર્ષથી નાંગરેલો છે. ગ્રીક સેનાએ આક્રમણ કરી લૂંટફાટ કરી અને સુંદર સ્ત્રીઓને પોતાની શય્યાસંગિની બનાવી છે. હોમરે 'ઈલિયડ'માં આ બધી ઘટનાઓને પશ્ચાદ્-ભૂમાં રાખી છે. 'ઈલિયડ' મહાકાવ્યની શરૂઆત એપોલોના ક્રાયસસની પુત્રીને એગેમેમ્નને પોતાના મહેલમાં રાખી છે ત્યાંથી થાય છે.*

*હોમર 'ઈલિયડ'ના પ્રથમ સર્ગનો આરંભ આ રીતે થાય છે –*

**'ગાઓ, દેવી ! કથા આજે, કોપની એકિલીઝના,**
**મોતના ખપ્પરે ઝીંક્યા, કોપે જેના અનેકને**
**સર્વભક્ષી પ્રકોપે એ, નાખ્યા જાણે ઉજાણીએ,**
**શ્વાનોને પંખીઓ પાસે, અસંખ્ય મૃતદેહને. (પૃ. 1, સર્ગ એક)**

*દેવીનું આહ્વાહન કરી કથાનો આરંભ કરે છે. દેવીને એકિલીઝના કોપની કથા ગાવાનું કહે છે. એપોલોનો પુજારી ક્રાયસસ એગેમેમ્નનને તેની પાસે રાખેલી પોતાની દીકરીને પાછી મેળવવા અને એના બદલામાં એને ધનસામગ્રી આપવાનું કહે છે પણ એગેમેમ્નન એ પ્રસ્તાવ નકારે છે –*

**'આપની દીકરી પાછી, હવે પામી નહીં શકો,**
**એને આર્ગોઝના મારા ગૃહે વાર્ધક્ય લાધશે.**
**પોતાના દેશથી દૂર, મારી શય્યાવિભાજિની,**
**શાળ પાસે, ગૃહે મારા, દેખાશે આવતી જતી. (પૃ. 2, સર્ગ એક)ક્ષ**

*દાનાનોને દંડ આપવાનું કહે છે. એપોલો દેવ પ્રાર્થના સાંભળી ક્રોધ અનુભવી એમનો ધ્વંસ કરે છે. એકિલીઝ સભા તેડાવી મહામારી અને લડાઈની વાત કરી દેવનો કોપ હોય તો તેમને રીઝવવાની વાત કરે છે –*

**'એવું કંઈ બન્યું હો તો, આપી નૈવેદ્ય દેવને**
**રક્ષીએ આપણી જાત, એપોલોને મનાવીને. (પૃ. 3, સર્ગ એક)**

*થેસ્ટર પુત્ર કેલ્ચઝને ભૂત, ભવિષ્ય અને આજને જાણવા માટે તેડાવે છે. કેલ્ચઝ અભય વચન લઈને એપોલો દેવના ક્રોધની સઘળી માહિતી જણાવે છે. રાજા અને એકિલીઝ વચ્ચે સંવાદ થાય છે. એકિલીઝ રાજાને કહે છે કે ટ્રૉયે મારું કંઈ બગાડ્યું નથી એમ છતાં તમામ કાર્ય રાજાના કહેવાથી કર્યા અને બધા ભારનું વહન કરવા છતાં ઉચ્છિષ્ટ એના ભાગમાં આવતા એ સઘળું ત્યજી ત્યાંથી નીકળી જાય છે. એગેમેમ્નન એને રાજદ્રોહી કહે છે. પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરે એને સજા આપવાનું ફરમાન કરે છે જેથી અન્ય કોઈ એવું કરવાની હિંમત ન કરે. એથિની અને હીરા દેવીઓ આવે છે –એથિની દેવી કહે છે હીરા તમને બન્નેને ચાહે છે. તમે લડી રહ્યાં છો એટલે એ વ્યથા અનુભવે છે. તમે શબ્દથી એકબીજાને વીંધી શકો પણ શસ્ત્ર ઉગામતા નહિ. ભવિષ્યમાં આ રાજા તને ત્રેવડી ભેટ આપશે. એકિલીઝ દેવીની આજ્ઞા પ્રસંગોપાત દેવો સાંભળે એમ માની માને લે છે. પેલિયસ પુત્ર રાજાને વગોવે છે અને વાસ્તવિક સ્થિતિ જણાવે છે. દાનાનો આફત સમયે એકિલીઝને ઝંખશે. ભવિષ્યની ઘટનાનો આરંભ થાય છે –*

**'હેક્ટરના આયુધો જ્યારે, કાપશે શીશ આપના,**
**ત્યારે આઘાતથી તેના, લાચારી રડશો તમે. (પૃ, 9 સર્ગ – એક)**

*યુદ્ધની ગતિવિધિ ધ્યાન ખેંચે છે. કીર્તિની ગાથા રજૂ કરે છે. ક્રાયસસ એપોલો દેવને ગ્રીક સાથે વેર લેવા પ્રાર્થના કરે છે દેવ એની પ્રાર્થના સ્વીકારે છે. એપોલો દેવ ક્રાયસસની પુત્રી પાછી સોંપે તો જ શાંત થશે. એગેમેમ્નન ગુસ્સે થાય છે પણ એકિલીઝના કહેવાથી પુત્રી સોંપવા તૈયાર થાય છે પણ એકિલીઝ પાસે બ્રિસીઝ છે એને ઝૂંટવી લેવાનું કહે છે. વાદવિવાદ ચાલે છે. બીજા મોભીઓ વચ્ચે પડી સુલેહ કરવાનો પ્રયાસ કરે, પણ એકિલીઝ સભા છોડી પોતાના સાથી જતા રહે છે. એગેમેમ્નન બ્રિસીઝને એકિલીઝ પાસેથી લઈ લે છે. એકિલીઝ પોતાની માતા સમુદ્રદેવી થેટિસને પ્રાર્થના કરે છે. થેટિસ આશ્વાસન આપે છે. ઝ્યૂસને એકિલીઝની ગેરહાજરીનું મહત્ત્વ ગ્રીકને સમજાય એવું કરવા માટે કહે છે અને ઝ્યૂસ એવું કરે છે. એગેમેમ્નનને પણ પોતે મહાન યોદ્ધા એકિલીઝની અવહેલના કરી એવો અનુભવ કરે છે.*

*બીજા સર્ગનો આરંભ ઝ્યૂસ દેવની ઈચ્છા –*

**'દેવો, યોદ્ધા,બધી સૃષ્ટિ, ઢળી નિંદ્રામહીં ગઈ,**
**પરંતુ ઝ્યૂસનાં નેણે, આગળા બંધ ઊંઘના.**
**સ્થાપવી પાછી શી રીતે, પ્રતિષ્ઠા એકિલીઝની?**

**અકાયનો તણો નાશ, કરવો શી વિધે વળી?**
**ઝ્યૂસને એવી ચિંતામાં, આવ્યો તુક્કો અચાનક;**
**'પ્રપંચી, મોકલું,સ્વપ્ન એગેમેમ્નન ધામમાં.' (પૃ. 20 સર્ગ બે)'**

*ઝ્યૂસ દેવ એકિલીઝની પ્રતિષ્ઠા સ્થાપવા માટે સ્વપ્ન એગેમેમ્નન ધામમાં મોકલે છે અને કહે ચે કે ટ્રૉય શહેરને જીતવા જવા માટે સજ્જ થવાનું કહે છે. સાથે એ પણ જણાવે છે કે હીરા દેવીએ એની પ્રેરણા આપી છે. ઝયૂસની આજ્ઞા લઈ સ્વપ્ન એને સોંપવામાં આવેલ કાર્ય પૂર્ણ કરવા પ્રયાણ કરે છે. રાજા સ્વપ્નમાં મગ્ન થાય છે અને ભવિષ્યના છલમાં સપડાય છે. એગેમેમ્નન લશ્કરની પરીક્ષા કરે છે. યુદ્ધને બદલે સ્વદેશ પાછા વળવા આદેશ કરે છે. સૈનિકો ઘરે જવા તૈયાર થાય છે પણ ઑડિસ્યૂઝ ઉદબોધન કરી ઉત્સાહ જગાવવા પ્રયત્ન કરે છે –*

**'યથાસ્થાને અહીં રેલજો, દુઃખી, મારા અકાયનો !**
**જ્યાં લગી ના ઝૂકે ટ્રૉય, ત્યાં સુધી હટશો નહીં'**
**વાણી ઉન્મત્ત નાદોથી, વધાવી સૌ અકાયને**
**પ્રતોઘોષ ફર્યા તેન, આથડી યાનયાનથી. (પૃ. 30 – 31 સર્ગ બે)'**

*ઑડિસ્યૂઝના આહ્વાવનને સૌ વધાવે છે. બન્ને પક્ષના વીર સેનાનીઓની ઓળખ અને વહાણોના કાફલાની સૂક્ષ્મ વિગતો આપવામાં આવી છે.*
*ત્રીજા સર્ગમાં આરંભે જ –*

**'સેનાઓ બેય પક્ષોની, સામસામે થઈ ખડી,**
**તે સાથે વન્ય પંખી શા, શોરથી ટ્રોજનો ધસ્યાપ (પૃ. 50 સર્ગ ત્રણ)**

**...દાનાનો ટ્રોજનો સૌને કહે છે એટલું જ કે,**

**રમ્ય આ પૃથ્વીને પાટે, મૂદી દો શસ્ત્ર વેગળાં.**
**મૅનિલોઝની સંગાથે, આખરી દાવ ખેલવા,**
**લડી લેવા ચહે યુદ્ધ, એલેક્ઝેન્ડ્રોઝ એકલો.**
**બેમાંથી જે જીતે જંગ, તેને હેલન સાંપડે,**
**વળી પામે વિજેતા તે, સંપત્તિ હેલનતણી. (પૃ. 52 સર્ગ ત્રણ)'**

*યુદ્ધ શરૂ થાય એ પહેલા એલેક્ઝેન્ડ્રોઝના કહેવાથી હેક્ટર બન્ને સેનાના સેનાપતિ દ્વાંદ્વ કરશે અને જે જીતશે એને હેલન અને એની સંપત્તિ મળશે. હેલનને આની જાણ થતા પહેલાં પતિનું સ્મરણ કરે છે. હેલનની સુંદરતાનું વર્ણન ટ્રૉયના લોકો કરે છે. રાજા પ્રાયમ હેલનને મેદાનમાં એકત્ર થયેલા ગ્રીક સેનાનીઓની ઓળખ આપવા કહે છે. મૅનિલોઝ અને પેરીસ વચ્ચે દ્વંદ્વ થાય છે અને એમાં મૅનિલોઝનો વિજય અને પેરીસની હાર થાય છે.*
*ચોથા સર્ગમાં લડાઈમાં દેવદેવીઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. દેવદેવીઓના અંદરોઅંદર ચાલતા વિરોધને કારણે આ લડાઈ વધારે ઉગ્ર રૂપ ધારણ કરે છે ત્યારે કહે છે –*

**'પરંતુ આ વિવાદોથી, ઊંચાં હૈયાં કરો નહીં,**
**કૃપયા આપણે હૈયે, કટુતા આવશો નહીં. (પૃ. 67 સર્ગ ચાર)'**

*દેવદેવીઓની ચર્ચા, હેલનની, યુદ્ધની સમગ્ર વિગતો, એગેમેમ્નન અને મૅનિલોઝનો સંવાદ, મૅનિલોઝની સારવાર, નેસ્ટરની વિગત, બન્ને સેનાના યોદ્ધાઓ વચ્ચે યુદ્ધ તથા વીરગતિ પામેલાની વિગતો રજૂ થઈ છે –*

**'બાકી તો સેંકડો યોદ્ધા, દાનાનો – ટ્રોજનો તણા,**
**ખપીને યુદ્ધમાં તે દિ, ધૂળભેગા ગયા થઈ. (પૃ. 84 સર્ગ ચાર)'**

*જે યોદ્ધાઓ વીરગતિ પામ્યા એની વિસ્તૃત માહિતી રજૂ થઈ છે.*
*પાંચમા સર્ગમાં આરંભે –*

**'એથિનીએ મહાશક્તિ, ડાયોમિડીઝમાં સીંચી,**
**જેથી દાનાનસૈન્યે તે, કીર્તિમાનો રચે નવાં. (પૃ. 85 સર્ગ પાંચ)'**

*એથિની ડાયોમિડીઝને બન્ને દળો વચ્ચે યુદ્ધમાં લાવે છે. ડાયોમિડીઝ સાથે યુદ્ધ કરનારા યોદ્ધાઓની માહિતી અને દેવદેવીઓના હસ્તક્ષેપની વિગતો છે –*

**'જેનું શૌર્ય દીસે આજે, ઓથ દેવોની પામતું,**
**નક્કી તેના ખભે કોઈ, બેઠેલો દેવતા હશે. (પૃ. 91 સર્ગ પાંચ)'**

*વીરોના શૌર્યને દેવની ઓથ મળી હશે એમ માને છે, યુદ્ધમાં એરીઝ દેવ જોડાય છે –*

**'યુદ્ધના દેવ એરીઝ, ઊતર્યા ટ્રૉયસૈન્યમાં. (પૃ. 99 સર્ગ પાંચ)'**

*એરીઝ દેવ યુદ્ધમાં જોડાતા સૈન્ય એકિલીઝના જંગના ગુણગાન ગાઈને એની હિંમત અને સાહસને બિરદાવે છે. દેવી એથિની પરિસ્થિતિમાં –*

**'વીરતા આમ દેવીએ, જગાડી સર્વ અંતરે, (પૃ. 110 સર્ગ પાંચ)'**

*દેવી સૌના અંતરમાં વીરતાનો ભાવ જગાડી સૌને પ્રેરિત કરે છે. ડાયોમિડીઝ દેવી સાથે યુદ્ધ અંગે ચર્ચા કરે છે –*

**'નથી લજ્જા, નથી ભીતિ, સંકોચી મુજને રહી.**
**પરંતુ દેવની સામે, યુદ્ધની આપની મના,**
**મને છે યાદ, ને સાથે, આપે કીધેલું એય તે.**
**એફ્રોડિટી યદિ આવે, ઊતરી યુદ્ધમાં તદા,**
**તીક્ષ્ણ ભાલા તણો સ્વાદ, તેને જરી ચખાડજે.**

**...તારે તો યુદ્ધના દેવ, કે બીજા કોઈ દેવથી,**
**ડરવાનું નથી લેશ, હું છું તારી સહાયમાં. (પૃ. 111 સર્ગ પાંચ)'**

*દેવી ડાયોમિડીઝને નિર્ભય થઈને યુદ્ધ કરવા કહે છે. એરીઝ દેવ જુટ્ઠા અને અનિષ્ટથી ભર્યા હોવાનું અને તેઓ દાનાની સૈન્યના બદલે ટ્રૉય સૈન્યમાં રહીને યુદ્ધ કરે છે એ વાત રજૂ થઈ છે. એરીઝ દેવ જે રીતે યુદ્ધ કરે છે એમાંથી દેવીઓ ઉગારે છે –*

**'મળીને બે ય નારીએ, હત્યારા એક કાંડથી,**
**બચાવ્યા દેશના લોકો, અટકાવી એરીઝને. (પૃ. 113 સર્ગ પાંચ)'**

*બન્ને દેવીઓ એરીઝથી લોકોનું રક્ષણ કરે છે.*

*છઠ્ઠા સર્ગના આરંભે યુદ્ધમાં વિજય અંગે –*

**'દાનાનો, ટ્રોજનો વચ્ચે, વાગતાં જંગડાકલાં.**
**કદીક જંગનું પલ્લું, નમે આ બાજુએ, ઘડી**
**તો કદી સામી બાજુએ, નમે શસ્ત્રપ્રહારમાં. (પૃ. 114 સર્ગ છ)'**

*આમ કોનો વિજય થશે એ કહી શકાતું નથી. યુદ્ધમાં બન્ને સેનાઓ વચ્ચે ભયંકર લડાઈ થઈ રહી છે. હેક્ટર નગરમાં પ્રવેશે છે. પ્રાયમ પરિવારનું વર્ણન સૂક્ષ્મ રીતે થયું છે. હેક્ટર પેરીસ પાસે જાય ત્યારે ત્યાં હેલનને જોઈ એને ધમકાવે છે. હેલન પોતાને આ સમગ્ર ઘટનાની દોષી માને છે. હેલનની વ્યથા જાણનાર એકમાત્ર હેક્ટર હતો. હેલન એને કહે છે હું અને મારો પતિ તમારા માટે બોજારૂપ બન્યા છે. હેક્ટરને એ વિશ્વાસ રાખવાનું કહે છે. પોતાના ભાઈને* **મળે ત્યારે –**

**'ભાઈની શીખ માનીને, હેકટરે, યુદ્ધવેશમાં,**
**પ્રયાણ આદર્યું ત્યાંથી, ભાલા તીક્ષ્ણ ઝુલાવતાં. (પૃ. 117 સર્ગ છ)'**

*હેક્ટર ભાઈની શીખ માનીને યુદ્ધ કરવા ભાલા ઝુલાવતાં પ્રયાણ કરે છે. સૈન્યમાં જઈ બધાને સાબદા કરે છે. એને જોઈ સૈન્યમાં બધાને લાગે છે કે સ્વર્ગલોકમાંથી કોઈ દેવતા યુદ્ધ માટે આવ્યા છે. સૌને સંબોધે છે અને બલિ આપી દેવીને પ્રસન્ન કરવાનું માતા અને પત્નીને કહે છે. માતા અને પત્ની પૂજા કરી દેવોને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે. યુદ્ધમાં અન્ય સૈન્ય અને સેનાપતિઓ આવે છે એ તમામનું વર્ણન કર્યું છે. હેક્ટર સૌની વિદાય લે છે ત્યારે-*

**'ને આંખે, આંસુની ધારે, પાસે એન્ડ્રોમકી ઊભી.**
**તેણે હેકટરનો હાથ, લઈને હાથમાં કહ્યું :**
**'હેકટર, વહાલા સ્વામી !**
**તમારી શક્તિ છે એ જ, તમારું મોત લાવશે,**
**ત્યારે આ બાળ ને માતા, નિરાધાર થઈ જશે. (પૃ. 127 સર્ગ છ)'**

*હેક્ટર પત્ની વિદાય લેવા જાય ત્યારે એ કહે છે કે તમારી તાકાત જ તમારા મૃત્યુનું કારણ બનશે. તમારું મૃત્યુ થશે ત્યારે બાળક અને માતા નિરાધાર થઈ જશે. આ સાથે જ અન્ય વસ્તુ અને પોતાના બધું વગેરેની વાતો એ રજૂ કરે છે. પોતાના ભાઈ, પિતા તથા અન્ય એકિલીઝના હાથે હણાઈને મૃત્યુ પામ્યા. માતા બચી હતી એને એકિલીઝ લઈ ગયો*

*અને માતાએ મુક્ત થવા માટે મૂલ્ય ચૂકવ્યું હતું એ સઘળું હેક્ટરને કહે છે. હેક્ટર આ બધુ સાંભળીને કહે છે –*

**‘યુદ્ધમાં સિદ્ધિઓ તારી, કદી ઊણી નથી પડી,**
**તારી પાસે ઘણું શૌર્ય, વાપરે તું ગણી ગણ,**
**હૈયે જ્યારે ઊગે ત્યારે, મોજમાં તું પડી રહે,**

**...કૃપાથી ઝ્યૂસની સર્વે, દાનાનોને ભગાડીએ,**
**એ રીતે ભૂમિને મુક્તિ આપવાનું બને યદિ.**
**તો એવી મુક્તિને ટાણે, આપણા રાજમ્હેલમાં**
**આપીશું અર્ઘ્ય સુરાના, દેવતાને ખુશાલીમાં. (પૃ. 131 સર્ગ છ)’**

*હેક્ટર યુદ્ધમાં જવા અને જે થાય એ બધાનો સ્વીકાર કરી લે છે. જો મુક્તિ આપવાનું થાય તો દેવતાને ખુશ થઈને આપશે એમ કહે છે. પોતે કંઈ અનુચિત કહ્યું હોય તો એ માટે માફી માંગી પ્રસ્થાન કરે છે.*

*સાતમા સર્ગમાં હેક્ટરની વાત સાંભળી પેરીસ અને એલેક્ઝેન્ડ્રોઝ યુદ્ધ કરવાનો સંકલ્પ કરે છે. એપોલો દેવ, ઝ્યૂસનો પુત્ર અને એથિની યુદ્ધ રોકવાની યોજના અંગે સંવાદ કરે છે. હેક્ટર, નેસ્ટર, મૅનિલોઝ તથા અન્ય સાથે યુદ્ધ કરે છે એ વિગતો વિસ્તારથી રજૂ થઈ છે. યુદ્ધમાં જે થયું એની વિગત –*

**‘નવા પ્રભાતનો સૂર્ય, ફૂટીને જળરાશિથી,**
**ધરા માથે થઈ ઊંચે, લાંગર્યો નભમાં જઈ**
**ટ્રોજનોએ થઈ ભેળા, રક્તને મુખથી લૂછી**
**શબોને યાનમાં મૂક્યાં, હણાયા માનવી તણા. (પૃ. 145 સર્ગ સાત)’**

*ટ્રોજનોએ યુદ્ધમાં હણાયા હતા એ માનવીના શબો વહાણમાં મૂકી મોકલાવ્યા અને અગ્નિદેવે એ શબોને ગ્રહી લીધા. સાચું પ્રભાતતો હજુ વેગળું છે એની વાત કરે છે. આ સઘળું દેવો નિહાળે છે અને એમાંથી એક દેવ કહે છે કે કે-*

**‘પિતા ઝ્યૂસ ! નથી એવો, પૃથ્વીએ માનવી બચ્યો**
**કહે જે આવીને સામે, તેનો ઉદ્દેશ આપને?હ્વ (પૃ. 146 સર્ગ સાત)’**

*પૃથ્વી ઉપર એવો કોઈ માનવી બચ્યો છે ખરો કે જે એનો ઉદ્દેશ આવીને કહી શકે ત્યારે ઝ્યૂસ દેવ કહે છે કે –*

**‘વિરાટ શક્તિના જોરે, ધ્રુજાવે જે ધરા બધી !**
**તે જ આવી કરે વાત, સાવ નાખી દીધા સમી?**
**જે ઘડી સૂર્યનાં રશ્મિ, ફેલાશે જેટલે સુધી,**
**ત્યાં સુધી પહોંચશે તારી, કીર્તિગાથા જગે બધે. (પૃ. 146 સર્ગ સાત)’**

*ઝ્યૂસ દેવ કહે છે દેવ થઈને મનુષ્ય જેવી વાત કરો છો એમ છતાં તારી કીર્તિગાથા જગતમાં ગાશે.અકાયનો અહીંથી જાય ત્યારે તું બધી દીવાલોને તોડિ નાંખજે. એ રીતે કામ*

*અને ઠામ બન્ને તું લુપ્ત કરી દેજે. દેવો વચ્ચે જ્યારે આ બધી વાતો થાય છે ત્યારે બધા દેવોને અંજલિ આપી નિદ્રાની આગવી કૃપા મેળવે છે.*

*આઠમા સર્ગમાં આકરી દેવવાણી થાય છે. બધા સાંભળીને એના મર્મને પામવાનો પ્રયાસ કરે છે. યુદ્ધ માટેની તૈયારીઓ અને એનો થાક લાગે છે એ સઘળી વિગત રજૂ થઈ છે. ડાયોમિડીઝ, નેસ્ટર અને હેક્ટર યુદ્ધમાં જે થયું અને થઈ રહ્યું છે એ વિશે સંવાદ કરે છે તથા નવું પ્રભાત ઉગવાની આશા કરે છે -*

**'પ્રતીક્ષા કરતા જાણે ઊગનારા પ્રભાતની. (પૃ. 165 સર્ગ આઠ)'**

*નવમા સર્ગમાં રાત્રિનો સમય, સૌની વ્યથા, સ્તબ્ધતા વગેરે રજૂ થયું છે. ડાયોમિડિઝના શબ્દો સેનાઓ હર્ષથી સ્વીકારે માટે કહે છે –*

**'આજની આપણી વેળા, નથી ઉલ્લાસથી ભરી,**
**ઘડાશે આપણું ભાવિ, આજની ઘોર રાત્રિમાં. (પૃ. 168 સર્ગ નવ)'**

*સેના હર્ષથી વધાવી લે છે અને શસ્ત્ર લઈ તૈયાર થઈ જાય છે. એટ્રિયસનો પુત્ર રાજવીઓને તેડાવીને ભોજન કરાવી એમની ઈચ્છા પૂર્ણ કરે છે. પોતાના મનોભાવો એમની સમક્ષ રજૂ કરે છે. એકિલીઝને ધૂત્કાર્યો હતો એ યાદ કરાવીને એનું દુભાયેલું મન સંતોષ પામે એવું કાર્ય કરીને એની સામે મૈત્રીનો હાથ લંબાવવાનું કહે છે. રાજા એગેમેમ્નન ઉત્તર આપતા કહે છે કે –*

**'અમારી મૂર્ખતા કેરી, વાત ખોટી નથી, પ્રભુ !**
**અનેરું સ્થાન હૈયામાં, આપેલું જેમને ઝ્યૂસે,**
**જેને કાજે થયા તેઓ, આટલા ક્રુદ્ધ અંતરે;**
**તેવો એ માનવી સાચે, એક સેના સમો હતો.**
**પરંતુ મૂર્ખતા જે મેં, કરેલી રાગદ્વેષથી,**
**તે ધોવા આજ છું રાજી, આપીને બદલો પૂરો. (પૃ. 170 સર્ગ નવ)'**

*એગેમેમ્નન એકિલીઝના શૌર્યને વર્ણવે છે અને એની સાથે જે દ્વેષ કર્યો એ દૂર કરવા એ જે ઈચ્છે એવી ભેટસોગાદો મોકલાવીને એને રાજી કરવાના પ્રયાસ કરે છે. આ ભેટસોગાદો વિશેની ચર્ચા ધ્યાન ખેંચે છે. સૈન્ય રાજી થાય છે અને બધા એકિલીઝને મનાવવા માટે જાય છે. રાજાએ તથા અન્યએ મોકલાવેલ ભેટ અને રાજાની ત્રણ પુત્રીઓ પણ મળશે એવું એકિલીઝને જણાવે છે અને કહે છે કે તમે હેક્ટર હણો. એકિલીઝ આ બધું સાંભળી ઑડિસ્યૂઝને કહે છે કે એગેમેમ્નનના કહેવા અને કરવામાં આભજમીનનું અંતર છે. એગેમેમ્નન કે અન્ય કોઈ દાનાનોને માટે મારા લીધેલ વચનને તોડાવી શક્શે નહિ. પોતાના મનમાં રહેલ રોષ એ પ્રગટ કરે છે. આ બધું સાંભળીને ફિનિક્સને ચિંતા થાય છે ધ્રૂસ્કે રડતા અવાજે એ કહે છે કે તમે ઉગારવા વિશે વિચારજો હું એકલો રહીને શું કરીશ હું આપને મૂકીને એકલો ક્યાંય નહિ રહું. એકિલીઝને સમજાવવા મનાવવાના પ્રયત્ન કરે છે. એકિલીઝ કહે છે કે રાજાના વ્યવહાર વિશે વિચારું છું તો મારું લોહી ઉકળે છે. પોતાનો*

*સંદેશો આપતા કહે છે જ્યાં સુધી પ્રાયમ પુત્ર મર્મિડ વહાણમાં આવી બાળવાની ધૃષ્ટતા કરે નહિ ત્યાં સુધી મારે યુદ્ધમાં પડવું નથી. ઑડિસ્યૂઝ એકિલીઝે આપેલ સંદેશો એગેમેમ્નનને સંભળાવે છે અને કહે છે એકિલીઝનો ક્રોધ વધ્યો છે. ડાયોમિડીઝ બધી વાતો વિશે કહે છે કે આપણે ભૂખ અને તૃષા સંતોષી છે હવે તાજગી અને શક્તિ મેળવવા ઊંઘ જોઈએ એટલે ઊંઘ મેળવવા માટે સૌ પોતાના ધામમાં જાય છે.*

*દસમા સર્ગના આરંભમાં જ્યારે દાનાનો સર્વ ઊંઘમાં હતા ત્યારે એગેમેમ્નન અને મૅનિલોઝના ચિત્તમાં વિચારોનું ઘમાસાણ ચાલતું હતું ત્યારે બન્ને સંવાદ કરે છે. નેસ્ટર, મૅનિલોઝ, એગેમેમ્નન, ઑડિસ્યૂઝ વગેરે ચર્ચા કરી ચક્રવ્યૂહ તૈયાર કરે છે. દેવીને પ્રસન્ન કરવા માટે –*

**'બિરાજ્યા જમવા કાજે; અને જામ થકી લઈ**
**મદિરા મધુરી છાંટી, એથિનીને, સમર્પણે. (પૃ. 204 સર્ગ દસ)'**

*આમ, યુદ્ધના વ્યૂહ અંગેની ચર્ચા ધ્યાન ખેંચે છે.*

*અગિયારમા સર્ગમાં ઝ્યૂસ દેવે ધિક્કારની દેવીને દાનાનોના વહાણમાં મોકલે છે. એની પ્રેરણાનો સાદ સાંભળી સૌ દાનાનો ભાગેડું વૃત્તિ છોડીને સંગ્રામમાં ઝૂઝવા માટે ઝંખે છે. દેવ સંદેશ અને રાજવીઓ યુદ્ધમાં જોડાયા એની વિગતો રજૂ થઈ છે. યુદ્ધ અને સૈન્યની હાંફેલી, પ્રસ્વેદવાળી સ્થિતિ જોઈ એકિલીઝ પેટ્રોક્લોઝને કહે છે કે –*

**'હવે હું જોઉં છું મિત્ર ! યુદ્ધત્રસ્ત અકાયનો,**
**આવશે દોડતા, એવા, દિનો ઝાઝા નથી દૂર. (પૃ. 224 – 225 સર્ગ અગિયાર)'**

*એકિલીઝ વિગતો વર્ણવે છે. નેસ્ટર અને પેટ્રોક્લોઝના સંવાદ ઉપરથી યુદ્ધમાં હણાયેલા અને ઘવાયેલાની સ્થિતિ તથા એ અંગે સૌની પ્રતિક્રિયાનું વર્ણન થયું છે. સૌ એકિલિઝને મનાવવાની વાત કરે છે.*

*બારમા સર્ગમાં યુદ્ધના સ્થળ અને સ્થિતિની સમગ્ર વિગતોનું વર્ણન છે –*

**'ભયત્રસ્ત પછી તેઓ, દોડ્યા વહાણની દિશે,**
**નર્કાગાર થયું ઊભું, સર્વત્ર એ સ્થળે બધે. (પૃ. 249 સર્ગ બાર)'**

*તેરમા સર્ગમાં ઝ્યૂસ હેક્ટરને ટ્રૉયના સૈન્યની રક્ષા કરવા પ્રેરે છે અને યુદ્ધમાં દૃષ્ટિ કરે છે. વીર યોદ્ધાના વીરત્વ રજૂ થયા છે. એલેક્ઝન્ડ્રોઝ અને હેક્ટરના સંવાદોમાં યુદ્ધની સ્થિતિ રજૂ થઈ છે –*

**'હોંકારા બે ય બાજુના, કોલાહલો રૂપે ઊંચે,**
**ફેલાયા આભમાં દૂર, સામ્રાજ્યે ઝ્યૂસ દેવના. (પૃ. 277 સર્ગ તેર)'**

*ચૌદમા સર્ગમાં નેસ્ટર, એગેમેમ્નન, ઑડિસ્યૂઝ અને ડાયોમિડીઝના સંવાદો અને એકિલીઝ અંગે ચર્ચાની વિગતો રજૂ થઈ છે. દેવી હીરા અને એફ્રોડિટીના સંવાદોમાં યુદ્ધ અંગેના તેમના વિચારો રજૂ થયા છે. હીરા દેવી અંજલિ કરમાં લઈને અર્ઘ્ય આપ્યું.*

*નિદ્રાદેવ પોતાને આપવામાં આવેલ કાર્યનો આરંભ કરે છે. હીરાનો પ્રપંચ પ્રગટ થાય છે. યુદ્ધમાં ઐયાઝનું કૃત્ય આ રીતે દર્શાવ્યું છે –*

**'ઓઈલ્યઝ તણા પુત્ર, ઐયાઝે સર્વથી વધુ,**
**સૈનિકો મોતને ઘાટ, ઉતાર્યા યુદ્ધકાંડમાં. (પૃ. 294 સર્ગ ચૌદ)'**

*યુદ્ધ ક્ષેત્રમાં શત્રુઓને જોઈ એ હતાશ પણ થયો હતો.*
*પંદરમા સર્ગમાં આરંભે બન્ને સેનાની સ્થિતિ આ રીતે રજૂ થઈ છે –*

**'દાનાનોને ઝૂડી જેને, ભગાડ્યા યુદ્ધક્ષેત્રથી,**
**ટ્રોજનો વાડ ઠેકીને, વટાવી ખાઈઓ ઊંડી,**
**ભીતિથી ધ્રૂજતા લોકો, પાંડુમુખે, ઉદાસીથી**
**શ્વાસ ખાવા રહ્યા ઊભા, રથોની પડખે જઈ. (પૃ.૨૯૫ સર્ગ પંદર)'**

*ઝ્યૂસ દેવને જ્યારે યુદ્ધના હાલ મેળવ્યા ત્યારે તેમણે દાનાનોને ટ્રોજનોને ભગાડતા જોયા. દેવીદેવતાના હસ્તક્ષેપ અને સંવાદ, સૈન્ય ઝઝૂમવાની વિગતો રજૂ થઈ છે.*

*સોળમા સર્ગમાં યુદ્ધમાં આવતા સૈન્ય, વહાણોની વિગતો અને સ્થિતિ રજૂ થયા છે. પેટ્રોક્લોઝ અને એકિલીઝ વચ્ચે સંવાદ અને ભવિષ્યના સંકેતની વિગત રજૂ થઈ છે. એકિલીઝ પેટ્રોક્લોઝને યુદ્ધમાં જવા અને આગ લાગેલા વહાણોને બચાવવા કહે છે. એકિલીઝનું બખ્તર પહેરી પેટ્રોક્લોઝ યુદ્ધમાં જાય એનું વર્ણન વિશિષ્ટ છે. મનુષ્યના પિતા ઝ્યૂસે હીરા દેવીને વાત માનીને રક્તના છાંટા પુત્રની અંજલિ માટે વરસાવ્યા.*

**'વિધાત્રી, મોત એ બન્ને, ઝળૂંબે છે શિરે તવ**
**તેને એ આખરી માર્ગે, એકિલીઝ જશે લઈ. (પૃ. 346 સર્ગ સોળ)'**

*રણક્ષેત્રમાં પેટ્રોક્લોઝે મોતની આગાહી કરી અને લડાઈનો અંત આવશે એમ કહ્યું. હેક્ટરના નિશાનથી દેવલોકના અશ્વ રક્ષણ કરવા રણક્ષેત્રમાંથી વેગથી જતા રહે છે. સત્તરમાં સર્ગમાં  પેટ્રોક્લોઝ ઘવાઈને પડે છે એ મૅનિલોઝ જુએ છે. મૅનિલોઝ આવી દુષ્ટતા માટે દેવને કહે છે કે આ તો નવાઈ લાગે એવું છે. મૅનિલોઝના મનોભાવો રજૂ થયા છે. હેક્ટરને ગ્લોકૉઝે કહે છે –*

**'હેક્ટર ! તું રહ્યો માત્ર, શોભાનો સૈન્યકૂચમાં !**
**સંગ્રામે, યુદ્ધના કાળે, નકામો સાવ નીકળ્યો !**
**શું તારી કીર્તિની ઓથે, છુપાયો માનવી ભીરુ ? (પૃ. 352 સર્ગ સત્તર)'**

*ગ્લુકૉઝની ટીકાથી હેક્ટરને આશ્ચર્ય થાય છે. હેક્ટર પેટ્રોક્લોઝનું દિવ્ય બખ્તર ઉતારી ધારણ કરે છે અને યુદ્ધમાં જાય છે. યુદ્ધમાં સેનાનીઓની રણનીતિ રજૂ થઈ છે. ટ્રૉયને લાભ આપવા માટે ઝ્યૂસ દેવ કહે છે. એથિનીદેવી મૅનિલોઝના મુખે પ્રશસ્તિ સાંભળી રાજી થાય છે. એપોલો હેક્ટરને ગતિ આપે છે. ઐયાઝ અને મૅનિલોઝના સંવાદો અને પરિસ્થિતિ અંગેનો ચિતાર રજૂ થયો છે –*

**'છિન્નભિન્ન હતું સર્વ, અત્યારે રક્ષક્ષેત્રમાં,**
**તે છતાં યુદ્ધને રોકે, એવું કશું હતું નહીં. (પૃ. 371 સર્ગ સત્તર)'**

*પેટ્રોક્લોઝને ખભે લઈ વહાણમાં જાય છે. સૈન્યને નિહાળી આ વિગત રજૂ થઈ છે. અઢારમા સર્ગમાં અગ્નિજ્વાળા સમા યુદ્ધની વિગતો અને નેસ્ટરનું એકિલીઝને ત્યાં આગમન અને સંવાદ રજૂ થયો છે. એકિલીઝ વ્યથા અનુભવે છે અને પ્રચંદ નાદ કરે છે. એકિલીઝ કહે છે –*

**'ભલેને આવતું માત ! અત્યારે, મોત આ ક્ષણે,**
**સાથી જે ના શક્યો રક્ષી, તેને એ દંડ યોગ્ય છે. (પૃ. 375 સર્ગ અઢાર)'**

*પોતે દંડને યોગ્ય છે કારણ એણે એના સાથીની રક્ષા કરી નહિ. એકિલીઝ આઘાત અનુભવે છે. હેકટર પેટ્રોક્લોઝનું શીશ છેદવા માટે તત્પર થાય છે પણ દાનાનો એના શરીરનું રક્ષણ કરે છે. આયરીસ એકિલીઝને ઝ્યૂસ દેવની પત્ની હીરા સંદેશો મોકલાવે છે. આ સંદેશા વિશે કોઈ જ જાણતું નથી. પેટ્રાક્લોઝનું મૃત્યુ થતા દાનાનો દુઃખી થયા –*

**'રડ્યા એ શબની પાસે, ઢાંકેલા શ્વેત વસ્ત્રથી. (પૃ. 383 સર્ગ અઢાર)'**

*યુદ્ધના દશ્યોની વિસ્તૃત વિગતો રજૂ થઈ છે. થેટીઝ અને દેવદેવીઓના સંવાદ ધ્યાન ખેંચે છે.*

*ઓગણીસમા સર્ગમાં આયુધો થેટીઝ પુત્રની સામે મુકી દે છે. એકિલીઝ જેમ જેમ આયુધ જોતો જાય એમ એમ એ ઉદ્વિગ્ન થાય છે. થેટીઝ અને એકિલીઝનો સંવાદ મહત્ત્વનો છે. એકિલીઝ પોતાના પ્રિય મિત્ર પેટ્રોક્લોઝના મૃત્યુનો બદલો લેવા માટે એગેમેમ્નન સાથેનું પોતાનું વેર ભૂલીને હેકટરને હણવાની પ્રતિજ્ઞા કહે છે. એગેમેમ્નન ઑડિસ્યૂઝને કહે છે એકિલીઝને ખુશીથી આપીશું અને એ ઈચ્છે તો યુદ્ધમાં જતા પહેલા પોતાની આંખોથી એ જોઈ શકે છે. એકિલીઝ જવાબ આપતા કહે છે –*

**'આપની ભેટસોગાદો, રાહ જોતી ભલે રહે,**
**અને જો ઈચ્છતા હો તો, નિરાંતે તે બતાવજો. (પૃ. 397 સર્ગ ઓગણીસ)'**

*આ સમયે એ પોતાનું ચિત્ત યુદ્ધમાં પરોવે છે. એકિલીઝ અને ઑડિસ્યૂઝના સંવાદો યુદ્ધ અંગે ધ્યાન ખેંચે છે. એકિલીઝના ઢાલ અને બખ્તરની રચના અને એમાં કંડારેલ સમગ્ર વિગતો રજૂ થઈ છે. પેટ્રોક્લોઝ નિમિત્તે સ્ત્રીઓ પોતાના ભાગ્યને રડે છે. એકિલીઝ ઝેન્થોઝને ભવિષ્ય વાણી કરતા રોકે છે અને પોતાની અંતની ઘડીની જાણ છે એમ કહી યુદ્ધના કર્તવ્યને મહત્ત્વ આપે છે –*

*'હંકારી અશ્વની જોડી, મોરચે યુદ્ધના જવા. (પૃ. 406 સર્ગ ઓગણીસ)'*

*વીસમા સર્ગના આરંભે –*

**'અકાયનો થતા સજ્જ, સંગ્રામે ઝૂઝવા ફરી,**
**તેમના વ્હાણની પાસે, સાન્નિધ્યે એકિલીઝના. (પૃ. 407 સર્ગ વીસ)'**

*યુદ્ધ માટે સજ્જ સૈન્ય અને એકિલીઝની તથા દેવયુદ્ધની વિગતો રજૂ થઈ છે. એકિલીઝના સૈન્યએ જેમ પ્રાણીઓ ખરી નીચે દેહ છુંદે, અગ્નિ કાષ્ઠને બાળે એ રીતે એકિલોઝ યુદ્ધ કરે છે. વિજયની આકાંક્ષા અને કીર્તિ પામવા એ કાર્ય કરે છે.*

*એકવીસમા સર્ગમાં એકિલીઝના યુદ્ધના પરાક્રમો અને ઝેન્થૉઝના તટનું વર્ણન છે. હીરા, એફ્રોડિટી અને એથિનીનો સંવાદ નવું પરિમાણ અર્પે છે. એપોલો દેવની યુક્તિ અનુસાર ટ્રોજનો લાગ જોઈને શહેરમાં પ્રવેશ કરે છે –*

**‘નાસવાના પ્રતાપે જ, બચેલા હોય એ રીતે,**
**ટ્રૉયના દ્વારમાં પેઠા, સૈનિકો હાશકારથી. (પૃ. 442 સર્ગ એકવીસ)’**

*કોણ રહી ગયું, કોણ ખપી ગયું એની કોઈને પરવા નથી. હેક્ટર એકિલીઝને કહે છે કે યુદ્ધમાં જેને વિજય મળે એ બીજાના દેહને હાનિ નહિ પહોંચાડે, ચૂંથે નહિ. એકિલીઝ એની વાતનો અસ્વીકાર કરે છે.*
*બાવીસમા સર્ગમાં ટ્રોજનોના પ્રવેશ સાથે એમની પ્રતિક્રિયા –*

**“બીધેલાં હરણાં જેવા, ટ્રોજનોએ પ્રવેશીને,**
**લૂછ્યા પ્રસ્વેદ પોતાના, છિપાવી જલથી તૃષા.**
**‘દૂર્ગથી દૂર ખેંચીને અંચાઈ મુજથી કરી !**
**એટલી વારમાં મેં તો, હણ્યા હોત અનેકને. (પૃ. 443 સર્ગ બાવીસ)’**

*ટ્રોજનોની સ્થિતિ અને એકિલીઝની પ્રતિક્રિયા રજૂ થઈ છે. એકિલિઝ ઠગવામાં આવ્યો ત્યારે કહે છે. વ્યર્થ આજીજી, અશ્રુઓ કામ ન આવતા હેક્ટર ત્યાં સ્થિર ઊભો રહે છે એકિલીઝ સાથે લડવા માટે. હેક્ટર અને એકિલીઝ વચ્ચે યુદ્ધ થાય છે. હેક્ટર મૃત્યુ પામે છે ત્યારે એકિલીઝ કહે છે –*

**‘મરી જા ! આટલી મારા, મોતની શી પડી તને?**
**નિર્મ્યું હશે ઝ્યૂસે જ્યારે, આવશે મોત તે ક્ષણે. (પૃ. 454 સર્ગ બાવીસ)’**

*હેક્ટર એકિલીઝને એની નિષ્ઠુરતા કહે છે ત્યારે એકિલીઝ આ શબ્દો એને કહે છે. હેક્ટર મૃત્યુ સમયે પોતાનો દેહ ટ્રૉય લોકોને આપવા વિનંતિ કરે છે, ઈચ્છા રજૂ કરે છે. હેક્ટરના મૃત્યુથી એના પરિવારના સભ્યો, સ્ત્રીઓ અને પ્રજાઓ એને જોઈને આક્રંદ કરે છે.*

*ત્રેવીસમા સર્ગમાં ટ્રૉયનું શહેર જ્યારે શોકમગ્ન હતું ત્યારે દાનાની સૈન્ય પોતાના વહાણમાં જાય છે. પેટ્રોક્લોઝને અંતિમ વિરોચિત માન આપવા જાય છે. આ સઘળી બાબતોનું સૂક્ષ્મ વર્ણન વિશિષ્ટ રીતે થયું છે. સૈન્ય એકિલીઝને તેડવા આવે છે રાજા એગેમેમ્નન સાથે ભેટ કરાવવા માટે. એકિલીઝના મનોભાવોનું અને પ્રતિક્રિયાનું સૂક્ષ્મ વર્ણન થયું છે. એકિલીઝ સ્પર્ધાનું આયોજન કરે છે. આ સ્પર્ધામાં ભાગ લેવા આવનારાની તમામ વિગતો રજૂ થઈ છે –*

**'એગેમેમ્નન રાજાએ, કરીને માન્ય ફેંસલો,**
**એકિલીઝે કહી તેમ, લીધી ભેટ ખુશી થઈ. (પૃ. 489 સર્ગ ત્રેવીસ)'**

*સ્પર્ધા પૂર્ણ થાય છે.*

*ચોવીસમાં સર્ગમાં સ્પર્ધા પૂરી થતા બધા પોતાના વહાણમાં જાય છે. એકિલીઝ એકલો પડતાં સમગ્ર ઘટના અને એની સાથે જોડાયેલી નજીકની વ્યક્તિઓને યાદ કરી ઉદાસ થાય છે. હેક્ટરની તમામ માહિતી અને પ્રજા માટે કરેલ કાર્યોની વિગતો રજૂ થઈ છે. એ વિચારે છે કે –*

**'આસુરી શક્તિઓ સાથે, ત્રાટકે માનવીકુલે.**
**દયા એણે મૂકી નેવે, લાજ છોડી દીધી બધી. (પૃ. 491 સર્ગ ચોવીસ)'**

*માતાની આજ્ઞાથી એકિલીઝ મૃતદેહ સોંપવાનું કહે છે અને એનું મોટું મૂલ્ય પ્રાયમ આપશે એમ કહે છે ત્યારે એકિલીઝ કહે છે કે દેવતા જેમ ઈચ્છે છે તેમ જ બધુ થશે. માતાપુત્ર વાતો કરે છે. આયરીસ સંદેશો વૃદ્ધ રાજાને આપે છે અને રાજા એને પ્રત્યુત્તર આપે છે. ટ્રૉય શહેરના લોકો, રાજાનની ઈચ્છા, હિકેબીની સ્થિતિ, ઝ્યૂસ દેવનું અવલોકન, રાજાના સંવાદો, એકિલીઝનું ગૃહ, પ્રાયમની યાચના, પ્રાયમ અને એકિલીઝનો ઉગ્ર સંવાદ ઈત્યાદિનું વર્ણન છે. રાજાની ઈચ્છાને માન આપીને કહે છે કે –*

**'આપે જે જે કહ્યું, રાજ્ઞ ! અમે તેને સ્વીકારીશું,**
**શસ્ત્ર મારા થશે મ્યાન, કહો છો તે ઘડી સુધી. (પૃ. 512 સર્ગ ચોવીસ)'**

*સૌ પોતપોતાના પરિવાર, મિત્રોને મળે છે. કેસેન્ડ્રા અને હિકેબીના આક્રંદે આખા શહેરને ગાજતું કર્યું. હેકટરને શિરે સ્પર્શ કરી એને નનામીએ મૂકે છે. લોકો શોકાતુર બન્યા છે. હેલનના શબ્દોથી હજારો લોકોના અશ્રુ વહે છે. પ્રાયમ રાજા બારમાની તિથિ સુધી સંધિ કરી હોવાનું જણાવે છે. લાકડાં એકત્ર કરી દસમે દિવસે હેકટરના દેહને આગમાં પોઢાડે છે. ત્યાર બાદ એના ભાઈઓએ અસ્થિ એકત્ર કરી જાંબલી વસ્ત્રમાં વીંટી સ્વર્ણમજૂસમાં ભંડારી ભોંયમાં મૂકી સમાધિ બંધ કરી. એના સર્વ વિધિવિધાન કરી સૌ ટ્રૉય શહેરમાં સિધાવે છે. અંતે –*

**'ભોજનો ગોઠવ્યાં મ્હેલે, રાજાએ પુરમાં જઈ,**
**ફરીવાર મળ્યા લોકો, હેક્ટરની વિદાયમાં. (પૃ. 516 સર્ગ ચોવીસ)'**

*મહેલમાં જઈ ભોજન ગોઠવવામાં આવે છે. હેક્ટરની વિદાયમાં સૌ ફરીવાર મળે છે. અહીં 'ઈલિયડ' મહાકાવ્ય પૂર્ણ થાય છે.*

*'ઈલિયડ' મહાકાવ્યમાં નાયક – નાયિકા, દેવ – દેવીઓના અને સેનાનીઓના મનોભાવો અને પ્રતિક્રિયા વિશિષ્ટ રીતે રજૂ થયા છે. મહાકાવ્યની ઉદ્દાતતા અને ભવ્યતાનો અનુભવ આ કથા કરાવે છે. કથાની ગૂંથણી સ-રસ રીતે થઈ છે. મૌખિક પરંપરામાંથી આવેલ 'ઈલિયડ' એના કથાવસ્તુ અને સંરચનાને કારણે સદૈવ શિરમોર સ્થાને રહેશે.*

*ગુજરાતીમાં 'ઈલિયડ' વિશેની ચર્ચા – અભ્યાસલેખ સાકરલાલ દવેએ 'સમાલોચક'ના 1919ના જૂન, ઓગસ્ટ, સપ્ટેમ્બર અંકમાં 'મહાકવિ હોમરનું 'ઈલિયડ' શીર્ષક નામે, નલીન રાવળે 'ઈલિયડ' નામે 'કવિલોક'માં 'સાત મહાકાવ્યો' વિશેષાંકમાં એનો પરિચય કરાવ્યો હતો. હોમરના બે મહાકાવ્યોમાં 'ઈલિયડ' ગ્રીક ટ્રેજેડીની જેમ કરુણાંત છે જ્યારે 'ઓડિસી' સુખાંત છે, એ એમની વિશિષ્ટતા છે.*

## ૧.૩ સર્જક પરિચય

*હોમરનો જન્મ ઈ.સ. પૂર્વે નવમી સદીમાં થયો હોવાનું માનવામાં આવે છે. એનું મૃત્યુ ગ્રીસમાં થયું હતું. ગ્રીક ભાષામાં સર્જન કર્યું. એમણે મહાકાવ્ય સ્વરૂપ વિકસાવી કથા રજૂ કરી. એમણે 'ઈલિયડ' અને 'ઓડિસી' મહાકાવ્યની રચના કરી. આ રચનાઓ ગ્રીક સાહિત્યના પાયાની રચના છે. વિશ્વના મહાન અને પ્રતિભાશાળી સર્જકોમાં હોમરની ગણના થાય છે. પ્રાચીન ગ્રીક સંસ્કૃતિ અને શિક્ષણ ઉપર એના હોમરિક કાવ્યોનો સવિશેષ પ્રભાવ હતો. એના હોમરિક મહાકાવ્યનો પશ્ચિમના સાહિત્ય, સંગીત અને અન્ય કલાઓ પર ગાઢ પ્રભાવ પડ્યો હતો. હોમરના જીવન અને 'ઈલિયડ' તથા 'ઓડિસી'ના રચનાકાળ અંગે મતમતાંતરો પ્રવર્તે છે. હોમરના જીવન વિશે વિવિધ દંતકથાઓ પ્રચલિત છે. એમ કહેવાય છે કે હોમર આયોનીયાના અંધ રાજકવિ હતા. 'ઈલિયડ' અને 'ઓડિસી' કૃતિઓમાં સમયાંતરે ઉમેરો થતો રહ્યો છે. (આપણા પ્રાચીન ગ્રંથોમાં જે રીતે ઉમેરણ થતું હતું એમ) તેથી માત્ર હોમરનો જ નહિ અન્ય કવિઓનો પણ મહત્ત્વનો ફાળો એમાં રહેલો છે. લોકો એવું માને છે કે હોમર એક વ્યક્તિનું નહિ પરંપરાનું નામ છે. આ કાવ્યો મૂળ મૌખિક રીતે લોકો સુધી પહોંચ્યા હતા.*

## ૧.૪ સ્વાધ્યાય

1. *'ઈલિયડ' મહાકાવ્યની સમગ્રલક્ષી ચર્ચા કરો.*

### ❖ લેખન પ્રવૃત્તિ

1. *હોમરની અન્ય કૃતિઓ વિશે નોંધ લખો.*
2. *ગ્રીક સાહિત્યના સર્જકો અને કૃતિઓની યાદી તૈયાર કરી નોંધ લખો.*

## ૧.૫ સંદર્ભ


- *ઈલિયડ, હોમર, અનુ. જયન્ત પંડ્યા, ગુજરાત સાહિત્ય અકાદમી, દ્વિતીય આવૃત્તિ* – 2018



**લેખન : પ્રા. ઉર્વિકા પટેલ** - *વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત*

| એકમ-2 | ઈડિપસ રેક્સ |
|---|---|


૨.૧ પ્રસ્તાવના

૨.૨ નાટ્યકાર - સોફેકલીસ

૨.૩ નાટ્યકૃતિ – 'ઈડિપસ રેક્સ'

૨.૪ "ઈડિપસ રેક્સ" અને મનોવિશ્લેષણ

૨.૫ ચાવીરૂપ શબ્દો

૨.૬ સ્વાધ્યાય

૨.૭ સંદર્ભ સાહિત્ય


## ૨.૧ પ્રસ્તાવના

*આ એકમ દ્વારા આપણે ક્લાસિકલ ગ્રીકની ખુબ પ્રચલિત નાટ્યકૃતિ "ઈડિપસ રેક્સ"* (Oedipus Rex) *વિષે વિગતે જાણીશું. ગ્રીક સામ્રાજ્યના ત્રણ મહાન કરુણરસ નાટકકાર પૈકી એક, સોફેકલીસની* (Sophocles) *નાટ્યકૃતિ છે "ઈડિપસ રેક્સ". "ઈડિપસ રેક્સ" તેના ગ્રીક શીર્ષક, "ઈડીપસ ટાઈરનસ" અથવા "ઈડીપસ ધ કિંગ" દ્વારા પણ ઓળખાય છે. સોફેકલીસે ઈડિપસ પાત્ર પર ત્રણ કરુણાંત નાટકો લખ્યાં છે, જે ક્રમસર આ મુજબ છે: "એન્ટિગોન", "ઈડિપસ રેક્સ", અને "ઈડિપસ એટ કોલોનસ".*

*ઈ.સ. પૂર્વે ૪૨૯માં પ્રથમ વાર ગ્રીસનાં એથેન્સમાં ભજવાયેલ "ઈડિપસ રેક્સ", થિબ્સ સામ્રાજ્ય, ગ્રીસનાં રાજા ઈડિપસની વાર્તા છે જેમાં તે અજાણતાં જ પોતાના પિતા લાયસની હત્યા કરે છે અને પોતાની માતા જોકાસ્ટા સાથે લગ્ન કરે છે. આ કરુણાંત કથા શાસ્ત્રીય ગ્રીક નાટકોની નોંધપાત્ર સિદ્ધિના શિખરને ચિહ્નિત કરે છે, જે તેનાં ચુસ્ત લખાણ, પાત્રની સ્વ-ઓળખ અને સ્વ-શોધના નાટકીય ઉપકરણોના સંપૂર્ણ ઉપયોગ માટે જાણીતું છે.*

*ક્લાસિકલ ગ્રીક ભાષામાં અને પદ્ય સ્વરૂપમાં લખાયેલ આ કૃતિનો અંગ્રેજી અનુવાદ વર્ષ ૧૭૫૯ થી લઈને વર્તમાન કાળ સુધી ગદ્ય અને પદ્યની આવૃતિઓમાં થતો આવ્યો છે. આ નાટકનાં એડેપ્ટેશન (અનુરૂપતા) સ્ટેજ, રેડીઓ, ટી.વી. સિરીઝ, સિનેમા, બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કંપની* BBC *દ્વારા રેડીઓ અને ટી.વી. સિરીઝમાં વિવિધ રીતે થયેલા છે. ગ્રીક પુરાણ, ગ્રીક સાહિત્ય, ગ્રીક ક્લાસિકલ નાટક અને વિશ્વ નાટ્યસાહિત્યમાં ખુબ મહત્વની કૃતિ "ઈડિપસ રેક્સ", કરુણાંત વિષયવસ્તુ પૅટ્રિસાઈડ* (Patricide - *પિતૃહત્યા), સ્યુસાઈડ* (Suicide - *આત્મહત્યા), ઈનસેસ્ટ* (Incest - *બહુજ નિકટનાં સગાં જેમકે માતા/પિતા/ભાઈ/બહેન સાથેનો સંભોગ) જેવાં સામાજિક અને સાંસ્કૃતિક નિષિદ્ધ મુદ્દાઓને આવરે છે જેના પરથી મનોવિજ્ઞાન અને મનોવિશ્લેષણ સિદ્ધાંતનો 'ઈડિપસ કોમ્પ્લેક્સ'* (Oedipus Complex) *પણ ઉદ્ભવેલો છે. "ઈડિપસ*

રેક્સ" ને અત્યાર સુધીના સૌથી મહાન નાટકો, વાર્તાઓ, અને કરૂણાંતિકાઓમાં એક તરીકે ગણવામાં આવે છે. વર્ષ ૨૦૧૫ માં ગાર્ડિયનના થિયેટર વિવેચક માઈકલ બિલિંગ્ટને કહ્યું હતું કે તેમના મતે અત્યાર સુધી લખાયેલા ૧૦૧ સૌથી મહાન નાટકોમાં "ઈડિપસ રેક્સ", "ધ પર્સિયન" પછી બીજા સ્થાને છે. (બિલિંગ્ટન, આર્કાઈવ)

હવે આપણે નાટ્યકાર સોફેક્લીસ અને તેમની નાટ્યકૃતિ "ઈડિપસ રેક્સ" વિષે વિગતમાં જાણીશું.

## ૨.૨ નાટ્યકાર – સોફેકલીસઃ ઈ.સ. પૂર્વે (૪૯૭/૪૯૬ -૪૦૬-૪૦૫ )

સોફેકલીસનો જન્મ ગ્રીસનાં કોલોનસમાં થયો હતો. એ પ્રાચીન ગ્રીક નાટ્યકાર ત્રિપુટીમાંનાં એક છે - તેમની કૃતિઓ એસ્કિલસ અને યુરીપીડ્સની કૃતિઓ સમકાલીન રહી છે. નેવું થી બાણું વર્ષનાં દીર્ઘ આયુષ્યમાં લગભગ પચાસ વર્ષો સુધી સોફેકલીસ એથેન્સના શહેર-રાજ્યની નાટકીય સ્પર્ધાઓમાં સૌથી પ્રખ્યાત નાટ્યકાર હતા, જે ગ્રીસનાં ધાર્મિક તહેવારો, ગ્રીક પુરાણો અને ગ્રીક દેવી-દેવતાઓ પ્રત્યે પ્રજાને માહિતગાર કરવાં યોજાતી હતી. સોફેકલીસે ૧૨૦ થી વધુ નાટકો લખ્યા, પરંતુ માત્ર સાત જ સંપૂર્ણ સ્વરૂપમાં ટકી શક્યા છેઃ "એજેક્સ", "એન્ટિગોન", "વિમેન ઓફ ટ્રેચીસ", "ઈડિપસ રેક્સ", "ઈલેક્ટ્રા", "ફિલોક્ટેટ્સ" અને "ઈડિપસ એટ કોલોનસ". સોફેકલીસની સૌથી પ્રસિદ્ધ કરૂણાંતિકાઓમાં "ઈડિપસ રેક્સ", "ઈડિપસ એટ કોલોનસ", અને "એન્ટિગોન" નો સમાવેશ થાય છે જે સામાન્ય રીતે થેબન નાટકો તરીકે ઓળખાય છે.

અગાઉના નાટ્યલેખકો કરતાં સોફેકલીસે તેમનાં પાત્રોને વધુ પ્રમાણમાં વિકસાવ્યા હતાં અને ગ્રીક નાટકનાં વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. સોફેકલીસે પોતાની કૃતિઓમાં પરસ્પર વિરોધાભાસી, જટીલ મનોવિજ્ઞાનિક, અને વ્યક્તિગત ઓળખનાં પ્રશ્નો ઉજાગર કરતી વિષય-વસ્તુ આવરી છે, જેવી કે અંતરાત્મા વિરુદ્ધ કાયદો, દૈવી કાયદો વિરુદ્ધ માનવ કાયદો, વ્યક્તિ વિરુદ્ધ રાજ્ય, ભાગ્ય વિરુદ્ધ મુક્ત ઈચ્છા, દુશ્મનાવટ, અહંકાર, લિંગ અને મહિલાઓની સ્થિતિ, અપરાધ અને શરમ, સત્યની શોધ, વી. જેવા વિષયો આવરી લીધા છે.

દાર્શનિક એરિસ્ટોટલે તેમની કૃતિ 'પોએટિક્સ' માં સોફેકલીસની 'ઈડિપસ રેક્સ' ને કરુણાંત અને શોકાન્તિક નાટકનાં સર્વોચ્ચ ઉદાહરણ તરીકે બિરદાવ્યું છે (સેન્ટ હેલીવેલ)

## ૨.૩ નાટ્યકૃતિ – "ઈડિપસ રેક્સ"

"ઈડિપસ રેક્સ" ની સંરચના એક પ્રસ્તાવના અને પાંચ એપિસોડમાં થયેલી છે, દરેક ઘટના એક કોરસ (ગાયકવૃંદ) દ્વારા રજૂ કરવામાં આવે છે. નાટકની દરેક ઘટના ચુસ્ત રીતે બાંધવામાં આવેલી છે જે કારણ-અને-અસરની સાંકળનો એક ભાગ છે, જેને ભૂતકાળની તપાસ તરીકે એકસાથે ભેગી કરવામાં આવે છે. નાટકમાં અનિવાર્યતા અને

ભાગ્યનો જબરદસ્ત ભાગ ઉદ્દભવે છે કે બધી અતાર્કિક વસ્તુઓ પહેલેથી જ હાજર છે અને તેથી તે અપરિવર્તનશીલ છે.

એરીસ્ટોટલ મુજબ દરેક કાવ્ય અથવા નાટકની કથા ત્રણ ભાગમાં હોવી જોઈએઃ આદિ, મધ્ય, અને અંત. આ વિભાગો રોમન, એલિયસ ડોનાટસ દ્વારા વિકસાવવામાં આવ્યા હતા, અને તેને પ્રોટાસિસ, એપિટાસિસ, અને કેટાસ્ટ્રોફી કહેવામાં આવે છે. શરૂઆતમાં (પ્રોટાસીસ) સેટઅપનો સમાવેશ થાય છે, મધ્યમાં (એપિટાસિસ) તકરાર, નિષ્ફળ નાયક અથવા ગૂંચવણો ધરાવે છે અને અંત (આપત્તિ) એ છે જ્યાં નસીબ પલટાય છે અને નાયક તેમના ભાગ્યથી હારીને, આપત્તિના સ્વરૂપ, શોકાન્ત ભોગવે છે. "ઈડીપસ રેક્સ" ની કથાવસ્તુ પણ આ જ બંધારણ અનુસરે છે.

હવે આપણે "ઈડિપસ રેક્સ" ની કથાવસ્તુ જાણીયે.

ઈડિપસના જન્મના થોડા સમય પછી, તેના પિતા, થિબ્સના રાજા લાયસને એક ઓરેકલ (દેવવાણી) થી જાણવાં મળે છે કે તેઓ પોતાના પુત્રના હાથે મૃત્યુ પામશે, અને તેથી તેઓ તેમની પત્ની જોકાસ્ટાને શિશુને મારી નાખવાનો આદેશ આપે છે. જો કે, જોકાસ્ટા પોતાનાં શિશુને મારી નાખવાં તૈયાર ન હતી, માટે તે પોતાના ચાકરને આદેશ આપે છે કે આ બાળકને થિબ્સ શહેરની બહાર ત્યજી દેવામાં આવે. એક ભરવાડને આ બાળક મળી આવે છે અને તે ઈડિપસનો ઉછેર થોડા સમય માટે કરે છે, ત્યારબાદ કોરીન્થના નિઃસંતાન રાજા પોલીબસ અને રાણી મેરોપનાં દરબારમાં ઈડિપસને લઈ જવામાં આવે છે, જ્યાં ઈડિપસ રાજકુંવર તરીકે ઉછરે છે. ઈડિપસ યુવાવયે પહોંચતા, લોક વાતોથી જાણે છે કે તે પોતાનાં માતા-પિતાની સંતાન નથી. હકીકત જાણવાં તે દેવવાણી ની સલાહ લે છે, જેની આગાહી દ્વારા જાણવાં મળે છે કે ઈડિપસ પોતાના પિતાને મારી નાખશે પોતાની માતા સાથે લગ્ન કરશે. આ ભવિષ્યવાણીથી ભયાવહ બનેલો ઈડિપસ, આ અનહોનીને ટાળવાનાં આશયથી, પોલીબસ અને મેરોપને તેના સાચા માતાપિતા માનતો હોવાથી કોરીન્થ છોડી દે છે.

ઈડિપસ પોતાના કાફલા સાથે થિબ્સ તરફ પ્રયાણ કરે છે, થિબ્સનાં રસ્તા પર, તે વૃદ્ધ માણસને પોતાના નોકરો સાથે રથમાં જોવે છે. કોનાં રથને માર્ગનો અધિકાર છે તે બાબતે ઈડિપસ અને આ વ્યક્તિ વચ્ચે ઝઘડો થવા લાગે છે, અને જ્યારે વૃદ્ધ માણસ તેના રાજદંડથી ઉદ્ધત ઈડિપસ પર પ્રહાર કરવા આગળ વધે છે, ત્યારે અહંકારથી ઘેરી વળેલો ઈડિપસ તે માણસને તેના રથ પરથી નીચે ફેંકી દે છે, અને વૃદ્ધ માણસ મૃત્યુ પામે છે. આ વૃદ્ધ માણસ બીજું કોઈ નહીં પણ લાયસ, ઈડિપસનાં વાસ્તવિક પિતા છે. આમ અજાણતાં જ ઈડિપસે ઓરેકલની અડધી આગાહી પુરવાર કરી.

તે થિબ્સ શહેર તરફ આગળ વધે છે. થિબ્સ ખાતે પહોંચતા, ઈડિપસનો સામનો સ્ફિન્ક્સ (Sphinx) સાથે થાય છેઃ  જે સ્ત્રીનું માથું અને છાતી, સિંહણનું શરીર, અને ગરુડની પાંખો ધરાવતું સુપ્રસિદ્ધ જાનવર છે. થિબ્સ શહેરમાં સ્ફિન્ક્સનાં શ્રાપનો કહેર વર્તી

રહ્યો છે. સ્ફિન્ક્સ, એક ટેકરી પર બેઠેલી છે, થિબ્સનાં લોકો અને પ્રવાસીઓ જો તેનો કોયડો ઉકેલી ન શકે તો એક પછી એક તેઓ ને ખાઈ રહી હતી. સ્ફીન્ક્સ ઈડિપસને સવાલ પૂછે છે કે "સવારે ચાર પગે, બપોરે બે પગે અને સાંજે ત્રણ પગે ચાલતું પ્રાણી કયું છે?" ઈડિપસ પોતાની બુદ્ધિમત્તાથી સાચો જવાબ આપે છેઃ "માણસ" જે એક શિશુ તરીકે બે હાથ અને બે પગે ભાંખોડિયા ભરે છે; પરિપક્વતામાં સીધા ચાલે છે; અને વૃદ્ધાવસ્થામાં લાકડી પર ઝૂકી જાય છે. રાજકુમાર દ્વારા શ્રેષ્ઠ અને સાચો જવાબ મળતાંજ, સ્ફીન્ક્સ પોતાને ખડક પરથી ફેંકી દે છે, જેનાથી શ્રાપનો અંત આવે છે. થિબ્સને સ્ફિન્ક્સમાંથી મુક્ત કરવા માટે ઈડિપસને ઈનામ જાહેર કરાય છે, ઈનામ છે થિબ્સનું સિંહાસન અને વિધવા રાણી, જોકાસ્ટા સાથે લગ્ન. તે સમયે, કોઈને ખ્યાલ ન હતો કે જોકાસ્ટા ઈડિપસની સાચી માતા છે. આમ, નાટકનાં દરેક પાત્રથી અજાણ, બાકીની ભવિષ્યવાણી પૂર્ણ થાય છે.

નાટક આગળ વધે છે, થિબ્સ શહેર પ્લેગ - દૈવી આફત અને ઉપદ્રવથી ઘેરાયેલું છે. એક પાદરી અને થિબન વડીલો રાજા ઈડિપસને પ્લેગમાં મદદ કરવા માટે બોલાવે છે જે એપોલોએ (ગ્રીક દેવ) શહેરને તબાહ કરવા માટે મોકલ્યો હતો. ઈડિપસે પહેલેથી જ ક્રિઓન, તેના સાળાને, ડેલ્ફી ખાતે ઓરેકલ સાથે આ બાબતે સલાહ લેવા મોકલ્યો છે, અને જ્યારે ક્રિઓન તે જ ક્ષણે પાછો આવે છે, ત્યારે તેણે અહેવાલ આપ્યો છે કે પ્લેગ ત્યારે જ સમાપ્ત થશે જ્યારે તેમના ભૂતપૂર્વ રાજા, લાયસનો હત્યારો પકડાશે અને તેને સજા મળશે. ઈડિપસ ખૂનીને શોધવાની પ્રતિજ્ઞા લે છે અને તે વ્યક્તિનાં કારણે આવેલી આફત માટે તેને શાપ આપે છે.

ઈડિપસ અંધ પ્રબોધક ટાયરેસિયસને બોલાવે છે, જે ઈડિપસના પ્રશ્નોના જવાબો જાણવાનો દાવો કરે છે, પરંતુ "જ્યારે સત્ય પીડા સિવાય બીજું કંઈ જ લાવતું નથી, તે વખતે તે સત્ય ન જાણવાં માં ભલાઈ છે" પ્રબોધક ની આવી માન્યતા હોવાથી તે ઈડિપસને તેની શોધ છોડી દેવાની સલાહ આપે છે. પરંતુ, જ્યારે ગુસ્સે ભરાયેલા ઈડિપસ ટાયરેસિયસ પર હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂકે છે, ઈડિપસ એવો પણ આરોપ મૂકે છે કે ક્રિઓને ટાયરેસિયસને ભડકાવીને પોતાના વિરુદ્ધ ષડયંત્ર કર્યું છે. બંને જોરદાર દલીલ કરે છે, ઈડિપસ ટાયરેસિયસની દ્રષ્ટિહીનતા ની મજાક ઉડાવે છે, અને ટાયરેસિયસ જવાબ આપે છે કે ઈડિપસ પોતે અંધ છે. ઈડિપસ આને બકવાસ તરીકે ફગાવી દે છે, ત્યારે મજબુર ટાયરેસિયસ ઈડિપસને જણાવે છે કે લાયસનો હત્યારો બીજું કોઈ નહિ પણ ઈડિપસ પોતે છે. ટાયરેસિયસ એક છેલ્લો કોયડો મૂકીને ત્યાંથી નીકળી જાય છેઃ કે "જ્યારે ખૂનીની શોધ થશે, ત્યારે તે થિબ્સનો વતની હશે, તેના પોતાના બાળકોનો ભાઈ અને પિતા તથાં તેની પોતાની માતાનો પુત્ર અને પતિ હશે."

ઈડિપસને ખાતરી થાય છે કે સામ્રાજ્ય પડાવવા માટે ક્રિઓન તેની વિરુદ્ધ કાવતરું કરી રહ્યો છે તેથી તે માંગ કરે છે કે ક્રિઓનને ફાંસી આપવામાં આવે, અને માત્ર કોરસની દરમિયાનગીરી તેને ક્રિઓનને જીવવા માટે સમજાવે છે. ઈડિપસની પત્ની જોકાસ્ટા તેને કહે છે કે તેણે કોઈપણ રીતે પ્રબોધકો અને ઓરેકલ્સની કોઈ નોંધ લેવી

જોઈએ નહીં કારણ કે, ઘણા વર્ષો પહેલા, તેણીને અને લાયસને એક ઓરેકલ દ્વારા આગાહી મળી હતી જે ક્યારેય સાચી થઈ ન હતી. આ ભવિષ્યવાણી માં કહેવામાં આવ્યું હતું કે લાયસને તેના પોતાના પુત્ર દ્વારા મારી નાખવામાં આવશે, પરંતુ, જેમ કે દરેક જાણે છે, લાયસને ખરેખર માર્ગની ચોકડી પર ડાકુઓ દ્વારા રથ માં થી ફેંકી દઈને મારી નાખવામાં આવ્યો હતો. આ ઉલ્લેખ ઈડિપસને અચાનક ચિંતિત બનાવે છે અને ટાયરેસિયસના શબ્દોને યાદ કરીને તે જોકાસ્ટાને લાયસનું વર્ણન કરવા કહે છે. તેને આભાસ થાય છે કે ટાયરેસિયસના આક્ષેપો ખરેખર સાચા હોઈ શકે છે.

જ્યારે કોરીંથથી એક સંદેશવાહક રાજા પોલીબસના મૃત્યુના સમાચાર સાથે પહોંચે છે, ત્યારે ઈડિપસ જે પોલીબસને પોતાના સાચા પિતા માને છે તે આને પુરાવા તરીકે જુએ છે કે તે તેના પિતાને ક્યારેય મારી શકશે નહીં, જો કે તેને હજુ પણ ડર છે કે તે કોઈક રીતે તેની માતા સાથે વ્યભિચાર કરી શકે છે. સંદેશવાહક ઈડિપસના મનને હળવું કરવા આતુર, તેને ચિંતા ન કરવાનું કહે છે કારણ કે કોરીંથની રાણી મેરોપ હકીકતમાં તેની વાસ્તવિક માતા નથી.

હકીકતો ઈડિપસની માન્યતા થી ઘણી જુદી પડતી હોવાથી તે સચ્ચાઈ જાણવા ઈડિપસ એ નોકરને મહેલમાં બોલાવે છે, જે વૃદ્ધ વ્યક્તિનાં હુમલામાં એકમાત્ર બચી ગયેલો સાક્ષી હતો. ઈડિપસ ભરવાડને પણ બોલાવે છે, તે એ જ ભરવાડ હતો જેણે એક ત્યજી દેવાયેલા બાળકની સંભાળ રાખી હતી, જેને તે પાછળથી કોરીંથ લઈ ગયો અને રાજા પોલિબસને દત્તક લેવા માટે આપી દીધો. વાતચીત દરમ્યાન બહાર આવ્યું કે નોકર જે હુમલામાં બચી ગયો હતો અને સાક્ષી હતો તેણે આ જ ભરવાડને ઈડિપસ સોંપ્યો હતો. અત્યાર સુધીમાં, જોકાસ્ટાને સત્યનો અહેસાસ થવા લાગ્યો છે, અને તે ઈડિપસને પ્રશ્નો પૂછવાનું બંધ કરવા વિનંતી કરે છે. પરંતુ ઈડિપસ ભરવાડ પર દબાણ કરે છે, અને આખરે ખુલાસો થાય છે કે જોકાસ્ટાએ જે બાળક આપ્યું હતું તે લાયસનો પોતાનો જ પુત્ર હતો.

હવે આખરે જાહેર થાય છે કે ઈડિપસ લાયસ અને જોકાસ્ટાનો પુત્ર છે. ઈડિપસ પોતાને અને તેના દુઃખદ ભાગ્યને શાપ આપે છે, એક મહાન માણસ પણ ભાગ્ય દ્વારા પાયમાલ થઈ શકે છે એ પુરવાર થાય છે. ઈડિપસ શોકમાં ડૂબે છે અને ચિત્તભ્રમણાથી આત્મઘાત કરવા તલવાર મંગાવે છે. ચાકર આવીને સમાચાર આપે છે કે જ્યારે જોકાસ્ટાને સત્યની શંકા થવા લાગી હતી, ત્યારે તે મહેલના કક્ષમાં દોડી ગઈ હતી અને ત્યાં તેણે પોતાને ફાંસી આપી દીધી હતી. ઈડિપસ અંતિમ નિરાશામાં, જોકાસ્ટાનાં મૃત શરીર પરનાં ડ્રેસમાંથી સોનાની બે લાંબી પિન લે છે, અને તેને પોતાની આંખોમાં ભોંકી દે છે.

હવે અંધ ઈડિપસ શક્ય તેટલી વહેલી તકે સ્વદેશત્યાગ કરવાની ઈચ્છા ધરાવે છે, અને ક્રિઓનને તેની અને જોકાસ્ટાની બે પુત્રીઓ, એન્ટિગોન અને ઇસ્મેનીની સંભાળ રાખવાનું કહે છે, અને શોક વ્યક્ત કરે છે કે શા માટે તે બાળકીઓ આવા શાપિત કુટુંબમાં જન્મી હશે. ક્રિઓન સલાહ આપે છે કે જ્યાં સુધી ઓરેકલની સલાહ લેવામાં ન આવે ત્યાં

સુધી ઈડિપસે મહેલમાં રહેવું જોઈએ. આ સાથે નાટક કોરસના વિલાપ સાથે સમાપ્ત થાય છેઃ "કોઈ માણસને સુખી ન ગણો, જ્યાં સુધી અંતે તે પીડામુક્ત રીતે મૃત્યુ પામે નહીં".

❖ **રેખાચિત્ર – ઈડિપસઃ**

*સોફેકલીસે ઈડિપસનાં પાત્રની કોમ્પ્લેક્સ સંરચના કરી છે, ઈડિપસ નાયક તરીકે "ઈડિપસ રેક્સ" અને "ઈડિપસ એટ કોલોનસ" માં જોવા મળે છે. ગ્રીક પુરાણ મુજબ ઈડિપસને શિશુપણામાં જયારે ત્યજી દેવામાં આવે ત્યારે તેના બંને પગ બાંધેલા હોવાનાં કારણે સૂજી ગયેલા હોય છે; તેથી જે ભરવાડ ને આ શિશુ મળે છે તે આનું નામ ઈડિપસ (અર્થ - સોજાં વાળો પગ) રાખે છે.*

*ઈડિપસ ઝડપી ક્રિયા અને મહાન સમજ ધરાવતો નાયક છે. "ઈડિપસ રેક્સ" ની શરૂઆત વખતે, આ ગુણો તેને એક ઉત્તમ શાસક બનાવે છે જે તેની પ્રજાની જરૂરિયાતોની અપેક્ષા રાખે છે. ઉદાહરણ તરીકે, જ્યારે થિબ્સનાં નાગરિકો તેને પ્લેગ વિશે કંઈક કરવા વિનંતી કરે છે, ત્યારે ઈડિપસ તેમનાથી એક ડગલું આગળ છે - તેણે પહેલેથી જ ક્રિઓનને સલાહ માટે ડેલ્ફી ખાતે ઓરેકલની સલાહ લેવા મોકલ્યો છે. પરંતુ આ જ ઈડિપસની ઝડપની - તે જ ક્ષણે નિર્ણય કરવાની આદતની એક ખતરનાક બાજુ છે. જ્યારે તે પ્રવાસીઓના જૂથને મારી નાખવાની વાર્તા કહે છે જે વૃદ્ધ માણસનાં  રથે હટાવવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારે ઈડિપસ બતાવે છે કે તેની પાસે ઉતાવળથી વર્તન કરવાની ક્ષમતા છે, જેના લીધે તે હત્યાનો અપરાધ કરે છે.*

*"ઈડિપસ રેક્સ" ની શરૂઆતમાં, ઈડિપસ ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવે છે, જેના કારણે તે થિબ્સને સ્ફીન્ક્સના શાપથી બચાવી શકે છે અને રાતોરાત થિબ્સનો રાજા બની ગયો છે. તે ગર્વથી તેના નામની ઘોષણા કરે છે જાણે કે તે પોતે જ એક અજાયબી છેઃ "અહીં હું પોતે છું- / તમે બધા મને જાણો છો, વિશ્વ મારી ખ્યાતિ જાણે છેઃ / હું ઈડિપસ છું". આ કરુણાંતિકાનાં અંત સુધીમાં, જો કે, ઈડિપસનું નામ એક શાપ બની જાય છે, "ઈડિપસ એટ કોલોનસ" માં, કોરસ - સમૂહગીતનો નેતા ઈડિપસનું નામ સાંભળીને પણ ગભરાઈ જાય છે અને કલ્પાંત કરે છે કેઃ "તમે જ તે માણસ છો?" (જેના દુર્ભાગ્યનાં લીધે થિબ્સ પર આફત આવી). ઈડિપસની ગતિશીલતા અને આત્મવિશ્વાસ "ઈડિપસ રેક્સ" નાં અંત સુધી ચાલુ રહે છે; ક્રિઓનની પૂછપરછ કરતા, ટાયરેસિયસને બોલાવતા, ટાયરેસિયસ અને ક્રિઓનને દેશનિકાલ કરવાની ધમકી આપતા, લાયસ પરના હુમલામાંથી બચી ગયેલા નોકરને બોલાવતા, તેને કોરીંથમાં લાવનાર ભરવાડને બોલાવતા, તેની પોતાની આંખો બહાર કાઢવા મહેલમાં ધસી આવતા, અને પછી દેશનિકાલ કરવાની માંગ કરતાં; તે સતત ગતિમાં છે, દેખીતી રીતે તેના ભાગ્ય સાથે ગતિ જાળવી રાખવાનો પ્રયાસ કરે છે, ભલે તેનું ભાગ્ય તેની પહોંચની બહાર જાય અને છેવટે તેને પાયમાલ બનાવે.*

*"ઈડિપસ રેક્સ" અને "ઈડિપસ એટ કોલોનસ" નાં અંતમાં ઈડિપસે સ્વીકારવાનું શરૂ કર્યું છે કે તેનું મોટાભાગનું જીવન તેના નિયંત્રણની બહાર છે. અંત સૌથી વધુ કરુણ છે, જ્યારે તેને પોતાના ભાગ્યની પીડા સમજાય છે, તેણે અજાણતાં કરેલા અપરાધ, પિતાની હત્યા, માતા સાથે લગ્ન, માતાથી બે પુત્રીનો જન્મ, લાયસનાં હત્યારાને શ્રાપ આપી અજાણતાં જ પોતાનાં પતન ને આમંત્રણ આપવું, માતાની આત્મહત્યા, પોતાને અંધ બનાવવો, સ્વદેશનિકાલ થવું અને જ્યારે "ઈડિપસ એટ કોલોનસ" નાં અંતમાં ક્રિઓન ઈડિપસ અને જોકાસ્ટાનાં બાળકોને તેની પાસેથી લઈ જાય છે ત્યારે અંધ ઈડિપસ નિઃસહાયતાથી નિરાધાર થઈને ઝૂકી જાય છે.*

❖ **વિષય-વસ્તુ**

➢ **ભાગ્ય અને મુક્ત/સ્વતંત્ર ઈચ્છા**

*મુક્ત/સ્વતંત્ર ઈચ્છા એ "ઈડિપસ રેક્સ" ની સૌથી વિવાદાસ્પદ થીમ છે. આ ફિલોસોફિકલ વિષય-વસ્તુ અન્ય વિચારોની સમાંતર ચાલે છે, પરંતુ હંમેશા તેમના પર પ્રભુત્વ ધરાવે છે. શું માણસ તેના ભાગ્ય અને નસીબનો નિયામક છે કે કેમ તે હજી પણ એક ચર્ચાસ્પદ પ્રશ્ન છે. સોફોકલીસે ઈડિપસને એક અનિશ્ચિત પરિસ્થિતિમાં મૂક્યો છે જ્યાં સ્વતંત્ર ઈચ્છા અને પૂર્વનિર્ધારણ કોઈ પણ રીતે પરસ્પર વિશિષ્ટ નથી, અને ઈડિપસ સાથે આવું જ છે. તેને લાગે છે કે ભાગ્ય તેના હાથમાં રહેલું છે, અને તેની સામે ઉદ્ભવતા કોઈપણ સંજોગોને ટાળવા માટે તેની પાસે સ્વતંત્ર ઈચ્છા અને પાત્રતા પણ છે, પરંતુ ભાગ્ય આગળ ઈડિપસ લાચાર છે. ભાગ્ય દ્વારા વ્યક્તિ પર અમુક ચોક્કસ ફરજ પાડવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ કંઈક કરવાનું ભાગ્ય ધરાવે છે, તો તેનો અર્થ એ છે કે દૈવી દળોએ તેના માટે તે ક્રિયાનો માર્ગ પહેલેથી જ નક્કી કરી લીધો છે. જો કે, તે એક વિવાદાસ્પદ પ્રશ્ન ઉભો કરે છે કે શું વ્યક્તિને પોતાની સ્વતંત્રતા છે કે નહીં, જોકે નાટકના પ્રથમ ભાગથી એવું લાગે છે કે ઈડિપસને પોતાની રીતે કાર્ય કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. જોકાસ્ટા પણ ઓરેકલને ખોટું સાબિત કરવા માટે તેના ભાગ્ય પર નિયંત્રણ મેળવવાનો પ્રયાસ કરે છે. જો કે, જ્યારે સત્ય જાહેર થાય છે, ત્યારે ઈડિપસ તેના ભાગ્યને સ્વીકારે છે અને કહે છે, "એપોલોએ મને એકવાર કહ્યું હતું - આ જ મારું ભાગ્ય છે." ઓરેકલની આગાહીને હકીકતમાં તબદીલ ન થવા દેવાનાં તેના પ્રયાસો નિષ્ફળ જાય છે અને અંતે તે તેના દુઃખદ ભાગ્યનાં ફળ પામે છે.*

➢ **સ્વ-શોધ**

*"કોઈ માણસને સુખી ન ગણો, જ્યાં સુધી અંતે તે પીડામુક્ત રીતે મૃત્યુ પામે નહીં". સ્વ-શોધ એ "ઈડિપસ રેક્સ" ની નિર્ણાયક વિષય - વસ્તુમાંની એક છે. ઈડિપસ, જે નિષ્ઠાપૂર્વક અને પૂરા દિલથી સત્ય અને સ્વ ને સંલગ્ન સત્ય શોધવાનું સાહસ કરે છે; ત્યારે તે પીડાદાયક સત્યને શોધે છે કે તેણે તેના પોતાના પિતાની હત્યા કરી હતી, અને તેની પત્ની તેની માતા હતી, જે શોધ તેને શરમ અને પાપ કર્યા ની લાગણી તરફ દોરી જાય છે. ઈડિપસ દ્વારા અપનાવવામાં આવેલ સ્વ-શોધનો માર્ગ તેને તેના પતન અને દુઃખદ*

અંત તરફ દોરી જાય છે. ઈડિપસ સ્ફિન્ક્સનાં કોયડાઓના જવાબો જાણે છે પરંતુ તેના ભૂતકાળને જાણતો નથી. તેની લોકપ્રિયતા, જ્ઞાન અને તેના સામ્રાજ્યને સુરક્ષિત બનાવવા માટેના અથાક પ્રયત્નો છતાં, ઈડિપસ આખરે તેના દુઃખદ ભાગ્યને જ અનુસરે છે અને તેને ખબર પડે છે કે તે ભાગ્ય, પ્રકૃતિ અથવા દેવતાઓના હાથમાં માત્ર એક પ્યાદુ હતો.

- **ગર્વ ગુમાવવું**

ઈડિપસ ઘમંડી નથી, પણ તેને ગર્વ અને અહંકાર છે. તે સ્ફીન્ક્સને હરાવવાના વિષયમાં ખૂબ ગર્વ અનુભવે છે. તે શરૂઆતમાં "હું ઈડિપસ છું" તેની બડાઈ કરે છે અને લોકોને કહે છે કે તેણે પ્રખ્યાત કોયડો ઉકેલી લીધો છે. તે થિબ્સનાં લોકોને વધુ ખાતરી આપે છે કે તે ભૂતપૂર્વ રાજા લાયસનાં હત્યારા ને શોધી કાઢશે, જે ગુનેગાર છે અને પ્લેગનું કારણ છે. જો કે, ભવિષ્યવાણી પ્રમાણે ઈડિપસ જ ગુનેગાર છે, તે તેનો તમામ ગર્વ ગુમાવી દે છે, પોતાની આંખો ભોંકી કાઢ્યા પછી એક અંધ વ્યક્તિ તરીકે શહેર છોડી દે છે. "હૂબ્રિસ" એ ગ્રીક શબ્દ છે જે અતિશય ગૌરવ અથવા અતિશય આત્મવિશ્વાસ માટે વપરાય છે. ઈડિપસ પણ હૂબ્રિસનો ભોગ બને છે અને અંતે નિઃસહાય અને લાચાર બને છે.

- **અજ્ઞાન અને અંધત્વઃ**

હૃદય તેમજ મનનું અજ્ઞાન. બીજા શબ્દોમાં કહીએ તો, ઈડિપસ તેની ક્રિયાના પરિણામોથી અંધ રહે છે. તે જાણતો નથી કે તેણે જે વૃદ્ધને માર્યો હતો તે તેના પિતા હોઈ શકે છે અને તેણે જે સ્ત્રી સાથે લગ્ન કર્યા છે તે તેની માતા હોઈ શકે છે. બીજી બાજુ, અંધ પ્રબોધક, ટાયરેસિયસ, શારીરિક રીતે અંધ હોવા છતાં હકીકત જોઈ શકે છે. તે ડેલ્ફીના ઓરેકલ્સનું અર્થઘટન કરે છે અને ઉકેલો કહે છે. જ્યારે ઈડિપસ અંધ ન હોવા છતાં પોતાનાં કાર્યનાં પરિણામોથી અજાણ અને અજ્ઞાન છે.

- **સત્તા અને ન્યાયઃ**

પૂર્ણ સત્તા માણસોને ભ્રષ્ટ કરે છે, ઈડિપસનાં પાત્ર દ્વારા આ દર્શાવાય છે. ઈડિપસ પોતાની સત્તાનો તેના કાર્યો અને શબ્દો દ્વારા વૃદ્ધ માણસ, સ્ફિન્ક્સ, ક્રિઓન, ટાયરેસિયસ અને ભરવાડ પર દુરુપયોગ કરે છે. તે નાટકની શરૂઆત થી ઈડિપસનો ભૂતકાળ, શ્રાપ અને સજા એક રહસ્ય રહે છે, તે છતાં ન્યાય એ એક મહત્વપૂર્ણ વિષય-વસ્તુ છે. થિબ્સનાં નેતા ઈડિપસને રાજ્ય સોંપતા તેના પર ન્યાયપૂર્ણ શાસન કરવા અને પ્લેગનો અંત લાવવા કહે છે, કારણ કે તે રાજા તરીકે ઈડિપસની ફરજ છે. તેના ભૂતકાળને શોધવા માટે તે ભ્રમિત છે અને છેવટે તે ન્યાય આપવા માટે પણ અસમર્થ બને છે; કેમકે હકીકતમાં તો પોતાનાં પાપનાં કારણે જ દેવોનો રોષ થિબ્સનાં લોકો પર પ્લેગનાં સ્વરૂપમાં ઉતર્યો છે. એકવાર જ્યારે કડવું સત્ય જાહેર થઈ જાય છે, ત્યારે ઈડિપસ પોતાની જાતને સજા આપે છે. પણ અંતે પ્રેક્ષકો અને વાંચકોને ઈડિપસ સાથે થયેલી સમગ્ર ઘટના અને તેના પરિણામો કઠોર ન્યાય જેવા જણાય છે; કેમકે ઈડિપસને માત્ર તેના ભાગ્યનાં દોષનું પરિણામ

ભોગવવાનું આવ્યું છે, કારણ કે ઓરેકલની ભવિષ્યવાણી પરિપૂર્ણ ન થવા દેવા તે પ્રયત્નશીલ છે છતાં પોતાનાં દુર્ભાગ્યથી મુક્તિ પામી શકતો નથી. આ ગ્રીક નાટક બે હજાર વર્ષ પૂર્વે લખાયેલું વિશ્વપ્રસિદ્ધ નાટક છે. ઉત્કૃષ્ટ ભજવણી દ્વારા પ્રેક્ષકોના હ્રદયમન ઉપર ઘેરી કરુણ અસર જન્માવામાં સફળ રહેલું આ નાટક સદીઓથી વિશ્વના વિવિધ દેશોમાં ભજવાતું રહે છે.

## ૨.૪ ઈડિપસ રેક્સ અને મનોવિશ્લેષણ

માનસશાસ્ત્રી સિગ્મન્ડ ફ્રોઈડે સૌપ્રથમ તેમના પુસ્તક "ધ ઈન્ટરપ્રિટેશન ઓફ ડ્રીમ્સ" (૧૮૯૯) માં 'ઈડિપસ કોમ્પ્લેક્સ' (Oedipus Complex) વિશે વાત કરી હતી, અને વર્ષ ૧૯૧૦ થી આ શબ્દનો વાસ્તવમાં ઊંડાણ પૂર્વક શોધ અને ઉપયોગ શરૂ થયો હતો. આ શબ્દ સોફેક્લીસના નાટક "ઈડિપસ રેક્સ" નાં મુખ્ય નાયક ઈડિપસનાં નામ પરથી રાખવામાં આવ્યું છે, જેણે પોતાનાં પિતાની હત્યા કરી હતી અને તેની માતા સાથે અજાણતાં લગ્ન કર્યા હતા.

'ઈડિપસ કોમ્પ્લેક્સ' એ મનોવિશ્લેષણનો સિદ્ધાંત છે, જેમાં વિરોધી લિંગના માતાપિતા માટે બાળકની લૈંગિક ઇચ્છા અને સમાન લિંગના માતાપિતા સાથે દુશ્મનાવટની ભાવનાનો ઉલ્લેખ કરે છે. બાળકોમાં વિકાસના ફેલિક તબક્કા (લગભગ ૩-૬ વર્ષ) દરમિયાન આ કોમ્પ્લેક્સ થાય છે. આ લાગણીઓ અને ઈચ્છાઓ અચેતન અને અનૈચ્છિક હોવા છતાં, બાળકના વિકાસ પર તેની મોટી અસર પડે છે.

'ઈડિપસ કોમ્પ્લેક્સ' એક માનસિક પરિસ્થિતિ છે; ખાસ કરીને પુત્રની તેની માતા પ્રત્યેની શૃંગારિક ઇચ્છા અને તેની પિતા પ્રત્યે રોષ, ઈર્ષ્યા અને દુશ્મનાવટનો ઉલ્લેખ કરે છે. આ કારણે, પુત્ર તેની માતાને કબજે કરવા અને તેના પિતાનું સ્થાન લેવા માંગે છે, જેને તે માતાના પ્રેમ માટે પ્રતિસ્પર્ધી તરીકે જુએ છે. પિતા પ્રત્યેની આ પ્રતિકૂળ લાગણીઓ ધીમે ધીમે પુત્રમાં ચિંતા અને અસ્વસ્થતા પેદા કરે છે, તેને માતા પ્રત્યેની વ્યભિચારી ઈચ્છાઓ અને હરીફ પિતા પ્રત્યેની ખૂની કલ્પનાઓ માટે સજા તરીકે પોતાના જનન અંગને નુકસાન થવાનો ડર સતાવે છે. પુત્રની વય વધતાં તેનો આ ડર ઓછો થાય છે અને ચિંતાનો સામનો કરવા માટે, પુત્ર ધીમે ધીમે પિતા સાથે ઓળખાણ શરૂ કરે છે. તે તેના પિતાના મૂલ્યો, વલણો અને લાક્ષણિકતાઓને અપનાવવાનું શરૂ કરે છે, આ પ્રક્રિયા દ્વારા, પિતા હરીફને બદલે આદર્શ બની જાય છે અને છોકરાઓ તદુપરાંત, પુત્રની માતા માટેની ઈચ્છાને અન્ય સ્ત્રીની ઇચ્છામાં તબદીલ થઈ જાય છે.

'ઈડિપસ કોમ્પ્લેક્સ'ની સ્ત્રી સમકક્ષ 'ઈલેક્ટ્રા કોમ્પ્લેક્સ' (Electra Complex) છે. માનસશાસ્ત્રી કાર્લ યુંગે ૧૯૧૩ માં તેમની "થિયરી ઓફ સાયકોએનાલિસિસ" માં આ સિદ્ધાંત રજૂ કર્યો હતો. ઈલેક્ટ્રા કોમ્પ્લેક્સમાં ૩ થી ૬ વર્ષ વયની છોકરીઓની તેમના પિતા પ્રત્યેની આરાધના અને આકર્ષણ અને તેમની માતા પ્રત્યે રોષ, હરીફાઈ, અને

*દુશ્મનાવટની પ્રતિકૂળ લાગણીઓ વિકસાવે છે. આ માનસિક પરિસ્થિતિ પણ સામાન્ય સંજોગોમાં પુત્રીઓની વય વધતાં સમાધાન પ્રાપ્ત કરે છે.*

## ૨.૫ ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **સ્ફિન્ક્સ** | *ગ્રીક પુરાણોનું સુપ્રસિદ્ધ જાનવર* |
| **ઈડિપસ** | *ગ્રીક નાટકનું મહત્ત્વનું પાત્ર* |
| **ઈડિપસ કોમ્પ્લેક્સ** | *પુત્રનું વિશેષ કરીને માતા પ્રત્યેનું લૈંગિક આકર્ષણ, માતૃરતિ, માતૃગ્રંથિ.* |
| **ઈલેક્ટ્રા કોમ્પ્લેક્સ** | *એક મનોવિશ્લેષણાત્મક શબ્દ છે જેનો ઉપયોગ પુત્રીનો તેના પિતાના સ્નેહ માટે તેની માતા સાથે સ્પર્ધાની ભાવનાનું વર્ણન કરવા માટે થાય છે. તે પુરુષોમાં ઈડિપસ કોમ્પ્લેક્સ સાથે તુલનાત્મક છે.* |
| **મનોવિશ્લેષણ (Psychoanalysis)** | *મનોવૈજ્ઞાનિક થિયરી અને થેરાપીની એક પ્રણાલી જેનો હેતુ મનમાં સભાન અને અચેતન તત્વોની ક્રિયા-પ્રતિક્રિયાની તપાસ કરીને તથા સ્વપ્નનું અર્થઘટન કરીને સભાન મનમાં દબાયેલા ભય અને સંઘર્ષો જાણીને માનસિક વિકૃતિઓની સારવાર કરવાનો છે.* |

## ૨.૬ સ્વાધ્યાય

૧. *'ઈડિપસ રેક્સ' નો પરિચય કરાવો.*

## ૨.૭ સંદર્ભ સાહિત્ય


- *"ઈડિપસ રેક્સ" નો એફ. સ્ટોર દ્વારા અંગ્રેજી અનુવાદ (ઇન્ટરનેટ ક્લાસિક્સ આર્કાઈવ):* http://classics.mit.edu/Sophocles/oedipus.html
- *ઈડિપસ થી ધ હિસ્ટરી બોયઝ સુધી: માઈકલ બિલિંગ્ટનના ૧૦૧ મહાન નાટકો. ધ ગાર્ડિયન. ૨ સપ્ટેમ્બર ૨૦૧૫. ૨૩ જુલાઈ ૨૦૨૧ના રોજ મૂળ સ્રોત પરથી આર્કાઈવ કરેલ.*
- *ચેરી, કેન્દ્ર. "વ્હોટ ઇઝ ઈલેક્ટ્રા કોમ્પ્લેક્સ ઈન સાયકોએનાલિટીક થિયરી?" વેરીવેલ માઈન્ડ, ૧૨ ઓગસ્ટ ૨૦૧૯.* Overview of the Electra Complex in Psychology (verywellmind.com)
- *મેક્લિઓડ એસ. એ. (૨૦૧૮, સપ્ટેમ્બર ૦૩). ઈડિપલ કોમ્પ્લેક્સ. સિમ્પલી સાયકોલોજી.* www.simplypsychology.org/oedipal-complex.html
- *વ્હિટમેન, સી. (૧૯૫૧).સોફોક્લીસ. હાર્વર્ડ યુનિવર્સિટી પ્રેસ.* ISBN *૯૭૮૦૬૭૪૮૨૧૪૦૧.*
- *હોલ, ઈ. (૧૯૯૪). "ઇન્ટ્રોડક્શન". સોફોક્લીસ: એન્ટિગોન, ઈડિપસ ધ કિંગ, ઈલેક્ટ્રા. ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ.* ISBN *૦-૧૯-૨૮૨૯૨૨-૬.*

- રોમ, જેમ્સ (૨૦૧૭). ધ ગ્રીક પ્લેઝ. મોડર્ન લાઈબ્રેરી. ISBN ૯૭૮૦૮૧૨૯૮૩૦૯૧.
- ફ્રોઈડ, એસ. (૨૦૧૦). "ધ ઈન્ટરપ્રિટેશન ઓફ ડ્રીમ્સ". ન્યૂ યોર્ક: બેઝિક બુક્સ. ૯૭૮-૦૪૬૫૦૧૯૭૭૯.
- ફેગલ્સ, રોબર્ટ. (૧૯૮૪). "ઈન્ટ્રોડક્શન". સોફેક્લીસ. ધ થ્રી થીબન પ્લેઝ. પેંગ્વિન ક્લાસિક્સ ISBN ૯૭૮-૦૧૪૦૪૪૪૨૫૪.
- સેન્ટ હેલીવેલ. (૧૯૯૫). સંપાદક અને અનુવાદક. એરિસ્ટોટલ: પોએટિક્સ. (લોએબ ક્લાસિકલ લાઈબ્રેરી), હાર્વર્ડ.
- https://www.ancient-literature.com/greece_sophocles_oedipus_king.html
- https://www.sparknotes.com/drama/oedipus/character/oedipus/
- https://literarydevices.n[a]/oedipus-rex-themes/


---


**લેખન : ડૉ.જૈની શાહ** - આસિસ્ટન્ટ પ્રોફેસર (અંગ્રેજી વિભાગ)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.


---

| એકમ-3 | મૅકબેથ |
|---|---|

# એકમ-3 મૅકબેથ


૩.૧ પ્રસ્તાવના

૩.૨ કૃતિ પરિચય : 'મૅકબેથ'

૩.૩ સર્જક પરિચય

૩.૪ સ્વાધ્યાય


## ૩.૧ પ્રસ્તાવના

*વિલિયમ શેક્સપિયર કવિ, નાટયકાર અને અભિનેતા હતા. તેઓ અંગ્રેજી ભાષાના મહાન સર્જક અને વિશ્વના પ્રસિદ્ધ નાટ્યકાર છે. વિલિયમ શેક્સપિયરને ઈંલેન્ડના રાષ્ટ્રીય કવિ અને એવોનના કવિ તરીકેનું ઉપનામ મળેલું છે. તેમણે 38 નાટકો અને 154 સોનેટ જેમાં બે લાંબા વૃત્તાંતવાળી કવિતા અને અન્ય કવિતાની રચના કરી છે. તેમના નાટકોમાં 'હેમ્લેટ', 'ઓથેલો', 'કિંગ લિયર', 'મૅકબેથ', 'જૂલિયસ સિઝર', 'એન્ટોની એન્ડ ક્લિઓપેટ્રા', 'રૉમિયો અને જુલિયેટ', 'ધી કૉમેડી ઑફ એરર્સ' અને 'ધી ટેમિંગ ઑફ ધી સૂ', 'લવ્સ લેબર્સ લૉસ્ટ', 'ધી ટુ જેન્ટલમેન ઑવ્ વેરોના', 'અ મિડ સમર નાઈટ્સ ડ્રીમ', 'ધી મર્ચન્ટ ઑવ્ વેનિસ', 'મચ અડો અબાઉટ નથિંગ', 'એઝ યૂ લાઈક ઈટ', ટ્વેલ્વથ નાઈટ', 'હેનરીશ્રેણી', 'રીચર્ડ ત્રીજો' વગેરે છે. તેમણે સર્જેલા નાટકોના વિશ્વની મોટાભાગની ભાષાઓમાં રૂપાંતર – અનુવાદ થયા છે. અન્ય નાટ્યકારો કરતાં એમના નાટકો સૌથી વધારે ભજવાયા છે. શેક્સપિયરે વિશ્વ સાહિત્યને ટ્રેજેડી નાટકોની ભેટ આપી છે. એમનું પ્રસિદ્ધ નાટક 'મૅકબેથ' એની શૈલી અને રજૂઆતને કારણે ભાવકને આકર્ષે છે.*

## ૩.૨ કૃતિ પરિચય : 'મૅકબેથ'

*શેક્સપિયરના 'મૅકબેથ' નાટકના રચનાકાળ વિશે મતભેદ પ્રવર્તે છે. 'મૅકબેથ' નાટકનું ૧૬૦૫-૦૬માં પ્રથમવાર મંચન થયું અને શેક્સપિયરના મૃત્યુ બાદ ૧૬૨૩માં ગ્રંથરૂપે પ્રકાશિત થયું હતું. 'મૅકબેથ' નાટકનું મૂળ નામ* 'The Tragedy of Macbeth' *નામે પ્રકાશિત થયું હતું. આ નાટકના અનુવાદો અનેક ભાષામાં થયા છે. આ નાટકનું કથાવસ્તુ રાફેલ હોલિન્શેડની સ્કૉટલેન્ડના ઈતિહાસ આધારિત છે. "'કૉનસાઈજ ડિક્ષનરી ઑફ નેશનલ બાયોગ્રાફી'માં 'મૅકબેથ' એટલે સ્કૉટલેન્ડનો બાદશાહ, સ્કૉટલેન્ડના રાજા ડંકનની ફોજનો કમાન્ડર તથા ૧૦૪૦માં એની હત્યા કરી પોતાનો અધિકાર જમાવનાર, જેને નૉર્થમ્બ્રિયાના અર્લ સિવાર્ડએ ૧૦૫૪માં હરાવ્યો. 1057માં મૅલકૉમ ત્રીજાએ મારી નાખ્યો." આ કથાવસ્તુને આધારે એમણે 'મૅકબેથ' કરુણાન્ત નાટકનું સર્જન કર્યું હતું.*

*'મૅકબેથ'ના ગુજરાતીમાં બે અનુવાદ થયા છે. ચન્દ્રકાન્ત અમીને શેક્સપિયરના નાટકોને કથામાં રૂપાંતર કરી 'શેક્સપિયર નાટ્યકથામાળા' પ્રકાશિત કર્યું એમાં 'મૅકબેથ'*

નાટકનો પણ સમાવેશ કર્યો છે. જશવંત ઠાકરે 'મૅકબેથ' નાટકની 'વનવેલી' છંદમાં રચના કરી છે. 'મૅકબેથ'ના ગુજરાતીમાં ગદ્ય અને પદ્યમાં અનુવાદો થયા છે.

'મૅકબેથ' પાંચ અંકનું કરુણાંત (ટ્રેજેડી) નાટક છે. પ્રથમ અંકમાં સાત દશ્ય, બીજા અંકમાં ચાર દશ્ય, ત્રીજા અંકમાં છ દશ્ય, ચોથા અંકમાં ત્રણ દશ્ય અને પાંચમાં અંકમાં આઠ દશ્યો છે. નાટકમાં ડંકન – સ્કૉટલેન્ડના સમ્રાટ, મૅલકૉમ અને ડોનલબેન – સમ્રાટના પુત્રો, મૅકબેથ અને બૅન્કો – સમ્રાટની સેનાના પ્રમુખ છે. લેનોક્સ, મૅકડફ, રૉસ, મૅટિયથ, એન્ડસ, કેથનિસ – સ્કૉટલેન્ડના ભદ્ર પુરુષો છે. ફલીન્સ બૅન્કોનો પુત્ર છે. સિવાર્ડ નોર્થમ્બરલૅન્ડના અર્લ અને અંગ્રેજી સેનાના પ્રમુખ છે. યુવક સિવાર્ડ એ સિવાર્ડનો પુત્ર છે. સીટૉન એ મૅકબેથનો અફસર છે. છોકરો મૅકબેથનો પુત્ર છે. લેડી મૅકબેથ એ મૅકબેથની પત્ની છે. લેડી મૅકડફ એ મૅકડફની પત્ની છે. આ સિવાય પરિચારિકાઓ, દૂત, ત્રણ ડાકણો, અંગ્રેજી ડૉક્ટર, સ્કૉચ ડૉક્ટર, સાર્જન્ટ, કુલી, વૃદ્ધ પુરુષ, હત્યારા, અફસર, સિપાહી વગેરે અન્ય પાત્રો છે.

'મૅકબેથ' નાટકના પ્રથમ અંકના પ્રથમ દશ્યમાં ત્રણ ડાકણો ભેગી થાય છે અને ઉજ્જડ જગ્યાએ જ્યાં મૅકબેથ મળશે એ સ્થળે મળવાનું નક્કી કરે છે. બધી હવામાં ઉડી જાય છે. આ પ્રથમ દશ્યમાં જ મૅલબેથના કરુણ ભાવિના – નસીબના બીજ રોપાઈ જાય છે. બીજા દશ્યમાં ફોરસ નજીક છાવણીમાં રાજા ડંકન, એના પુત્ર મૅલકૉમ અને ડોનલબેન, સાર્જન્ટ, લેનોક્સ, રૉસ વગેરે આવે છે. સાર્જન્ટ યુદ્ધના સમાચાર વિગતવાર આપે છે. રાજા ડંકન એની વીરતા અને વાણીને સમ્માન આપે છે. રૉસ આવે છે અને શત્રુઓનો પરાજય અને દેવી બેલોનાના પ્રિય એવા મૅકબેથે કઈ રીતે વિજય મેળવ્યો એની માહિતી રાજા ડંકનને આપે છે. ડંકન મૅકબેથને પૂર્વપદ આપી સમ્માનિત કરે છે અને કાઉડોર થેઈન જે રાજા ડંકનનો મિત્ર હતો એણે શત્રુતા કરી એટલે એને મૃત્યુદંડની સજા આપે છે. ત્રીજા દશ્યમાં ફોરસ નજીક ઉજ્જડ ભૂમિ પર ત્રણે ડાકણો આવે છે. આ સાથે જ મૅકબેથ, બૅન્કો, રૉસ અને એન્ગસ પણ આવે છે. ડાકણો મૅકબેથ અને બૅન્કો સાથે સંવાદ કરે છે અને ભવિષ્યવાણી કરે છે. ત્રણેય ડાકણો મૅકબેથને કહે છે કે ગ્લેમિસ અને કાઉડોરના થેઈન મૅકબેથનું સ્વાગત અને અભિનંદન. સમ્રાટ બનનારા મૅકબેથનું સ્વાગત છે. રાજાએ મૅકબેથને થેઈન બનાવ્યા છે એની જાણ મૅકબેથ અને બૅન્કોને નથી. એટલે જ ત્રણેય ડાકણો મૅકબેથના વર્તમાન અને ભવિષ્ય જણાવે છે એ સાંભળી બૅન્કો પોતાના ભવિષ્ય વિશે જણાવવા કહે છે. ત્રણેય ડાકણો બૅન્કોનું સ્વાગત કરે છે અને કહે છે કે મૅકબેથથી વધારે અને ઓછું પણ, એટલું સુખ નહિ પણ એનાથી વધુ સુખી અને બૅન્કો નહિ પણ એનો પુત્ર સમ્રાટ થશે. મૅકબેથ આવી વિચિત્ર વાત સાંભળી ત્રણેને પ્રશ્ન કરે છે પણ એ બધી તો આટલું કહીને અદશ્ય થઈ જાય છે. મૅકબેથ અને બૅન્કો આ અંગે વાત કરે છે. મૅકબેથ કહે છે કે જો થોડીવાર વધુ ઊભી રહી હોત તો મજા પડી. બૅન્કો કહે છે મૂર્ખતા આવે એવી જડીબુટ્ટીનું સેવન કર્યું હોય અને બુદ્ધિ બહેર મારી ગઈ હોય એવું લાગે છે. આ બન્ને ડાકણોની વાતને હસી કાઢે છે. એન્ગસ રાજા ડંકને આપેલા સમ્માનની વાત જ્યારે મૅકબેથ અને બૅન્કોને કરે છે ત્યારે બૅન્કો મનોમન એને શેતાન કહે છે અને એની વાત સત્ય છે કે

નહિ એ જાણવાનો પ્રયત્ન કરે છે. આ સમાચાર સાંભળીને મૅકબેથ વિચારે છે થેઈન તો ઠીક પણ મોટી ભવિષ્યવાણી બાકી છે. બન્નેનો આભાર માને છે. ડાકણોની ભવિષ્યવાણીની અસર બન્ને ઉપર થાય છે. બૅક્કો મૅકબેથને ડાકણોની વાત પર વિશ્વાસ છે કે નહિ અને જો હોય તો સમ્રાટ બનવાની લાલસા જાગી ગઈ હશે. હંમેશા એવું બને કે શેતાન આપણું નુકસાન કરવા પોતાના દૂતને મોકલે. દૂત આપણી પાસે આવી સાચી લાગે એવી વાતો કરે અને આપણે માની લઈએ. એ જ આપણને દગો આપે જીવનમાં. બૅક્કોની વાત સાંભળી મૅકબેથ વિચારે છે મહાન નાટકની શરૂઆતની ઘટનાઓની જેમ ભવિષ્યવાણી પૂરી થઈ ગઈ. મૅકબેથ પોતાના મનમાં જાગેલા વિચારો લાલચ નથી એ સાબિત કરવા સ્પષ્ટતા કરતો હોય એ રીતે રૉસ અને એન્ગસ સાથે વાત કરે છે અને સમ્રાટ પાસે જવા નીકળે છે. ચોથા દૃશ્યમાં ફોરસ અને રાજમહેલનો એક કક્ષ છે. ડંકન, મૅલકૉમ, મૅકબેથ, બૅક્કો વગેરે યુદ્ધ અંગેની વાતચીત કરે છે. ડંકન મકબેથની વીરતાથી પ્રભાવિત થઈ એને કાઉડોરનો થેઈન ઘોષિત કરે છે અને ઉત્સવ ઉજવવા ગ્લેમિસ જવાનું કહે છે. મૅકબેથ રાજાનો આભાર માને છે. મૅકબેથ મનોમન કમ્બરલૅન્ડના રાજકુમારને એના મનમાં જાગેલી લાલસા પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે. એ પૂર્ણ ન થાય એ માટે જ્યોતિને છુપાવી દેવાનું કહે છે. મૅકબેથના મનમાં જે ચાલી રહ્યું છે એ આ દ્વારા ઉજાગર થાય છે. કામ પૂર્ણ કર્યા બાદ આંખો જતી રહે ભલે. કામ પૂરું ન થાય ત્યાં સુધીમાં આંખો ભયને કારણે જોઈ નહિ શકે. પાંચમાં દૃશ્યમાં ઈનવનેસ, મૅકબેથનો મહેલ. લેડી મૅકબેથ, મૅકબેથ અને દૂત. પત્ર વાંચતા વાંચતા લેડી મૅકબેથ આવે છે. પત્રમાં બધી હકીકત મૅકબેથ લેડી મૅકબેથને જણાવે છે. લેડી મૅકબેથ પત્ર વાંચી મૅકબેથ જેવા જ વિચારો કરે છે. સમ્રાટ પધારવાના છે એ વાત દૂત કહે છે ત્યારે લેડી મૅકબેથ પ્રશ્નોત્તરી કરી સ્વાગત કરવા કહે છે. લેડી મૅકબેથ પણ મૅકબેથની જેમ મહત્ત્વકાંક્ષી છે. મૅકબથના પત્રમાંથી વિગતો જાણી ત્યારે રાજા ડંકન કાલનો સૂરજ ન જુએ અને એ અંગેના વિચારો મૅકબેથને કહે છે. મૅકબેથના હાવભાવ ગતિવિધિનું સૂક્ષ્મ વર્ણન અને એમના વિચારો કંઈક નિર્ધાર કર્યો હોય એવા લાગે છે. લેડી મૅકબેથ ચાલાક, કપટી, મહત્ત્વકાંક્ષી છે જે એના વિચારોમાં પ્રગટે છે. મૅકબેથ વીર યોદ્ધો છે પણ એનામાં પણ મહત્ત્વકાંક્ષા છે. લેડી મૅકબેથ રાજા ડંકનની હત્યા કરવા મૅકબેથને પ્રેરે છે. સત્તાની લાલસા છે જે ભવિષ્યવાણી સત્ય સાબિત કરવાના પ્રયત્ન કરવાની શરૂઆત કરે છે એ પરથી કહી શકાય. છટ્ઠા દૃશ્યમાં ઈનવનેસ, મૅકબેથનો મહેલ, મહેલની સામે ઝગમગતો પ્રકાશ, શરણાઈઓ વાગે છે. ડંકન, મૅલકૉમ, ડોનલબેન, બૅક્કો, લેનોક્સ, મૅકડફ, રૉસ અને એન્ગસનો અન્ય સેવકો સાથે આવે છે. લેડી મૅકબેથ અને રાજા ડંકન હળવી વાતો કરે છે. રાજા ડંકનની પ્રશંસા કરે છે અને મૅકબેથ તથા પોતે એમના સેવક હોવાનું કહે છે. પોતે સેવક હોવાથી રાજાને હિસાબ આપવો પડશે વગેરે વાત કરે છે. આ બધી વાતો સરળ લાગે છે પણ એ ગૂઢ અર્થ કરે છે. સાતમા દૃશ્યમાં મૅકબેથનો મહેલ, ઝગમગતો પ્રકાશ, શરણાઈઓ વાગે છે. એક સેવક ભોજન માટે થાળ અને અન્ય વસ્તુઓ લઈને આવે છે. રંગમંચ પરથી પસાર થાય છે. મૅકબેથ પ્રવેશે છે. મૅકબેથ અને લેડી મૅકબેથ ડંકન રાજાની હત્યા કરવા માટે મૅકબેથને સમજાવે છે. મૅકબેથ આનાકાની કરે છે પણ લેડી મૅકબેથ એમણે જે ષડયંત્ર કર્યું હતું એ સફળ કરવાના તમામ પ્રયત્ન કરે છે. મૅકબેથ અધિકારીઓની

કટારથી રાજા ડંકન જ્યારે ભોજન કરીને શયનકક્ષમાં વિશ્રામ કરતા હતા ત્યારે એની હત્યા કરવાનું ષડયંત્ર કરે છે. આ હત્યા કરવાના વિચાર બાદ મૅકબેથના મનમાં ભય પગપેસારો કરે છે. મૅકબેથ કહે છે કે મારામાં જેટલું સાહસ છે એ આ કાર્યમાં બતાવ્યું છે. હસતો ચહેરો રાખી બધાને દગો આપશું. જેનામાં કપટ હોય એ જ આવું કરી શકે. આ સાથે જ પ્રથમ અંક પૂરો થાય છે.

બીજા અંકના પ્રથમ દશ્યમાં  ઈનવનેસ, મૅકબેથના મહેલનું આંગણું. બૅંક્રો, ફ્લીન્સ, મૅકબેથ વગેરે સંવાદ કરે છે. બૅંક્રો અને મૅકબેથ સ્વાગતની તૈયારી સંબંધી ચર્ચા કરે છે. રાજાના હૃદયમાં માન સમ્માન અને વિશ્વાસની વાત કરી છૂટા પડે છે. મૅકબેથ એકલો જ પોતે જે કાર્ય કરવા ઇચ્છે છે એની કલ્પના અને વાસ્તવનો વિચાર કરે છે. બીજા દશ્યમાં એજ સ્થળ, લેડી મૅકબેથનો પ્રવેશ. લેડી મૅકબેથ અને મૅકબેથ સંવાદ કરે છે. લેડી મૅકબેથ કહે છે કે રાજાનો ચહેરો એના પિતાને મળતો આવતો ન હોત તો એ જ રાજાની હત્યા એ જ હત્યા કરી દે. મૅકબેથની કરુણ સ્થિતિનો અહીંથી આરંભ થાય છે. હત્યા કરવાનો ડર એને સતાવતો હોવા છતાં એ રાજા ડંકનની હત્યા કરે છે. એના મનમાં આ કાર્ય બાદ વિચારો હાવિ થઈ જાય છે. મૅકબેથ ડરે છે પણ લેડી મૅકબેથ એમના સાહસ અને વીરતાવાળો સ્વભાવ મરી ગયો હોવાનું કહે છે ત્યારે મૅકબેથ કહે છે એને બધું આંખો સામે દેખાઈ રહ્યું છે. એને લાગે છે પાગલ થઈ જાઉં તો સારું. મૅકબેથની માનસિકસ્થિતિ નબળી છે એ સ્પષ્ટ થાય છે. જેટલી હિંમતથી ડંકન રાજાની હત્યાનો નિર્ણય કર્યો હતો એટલો જ ભય અનુભવે છે. ત્રીજા દશ્યમાં એજ સ્થળ, એક દ્વારપાળનો પ્રવેશ. જે અવાજ બીજા દશ્યમાં આવતો હતો એ પાછો આવી રહ્યો છે. દ્વારપાળ, મૅકબેથ, મૅકડફ, લેનોક્સ, લેડી મૅકબેથ, મૅલકૉમ, ડોનલબેન વગેરે. મૅકબેથ અને લેનોક્સ આજની ભયંકર રાત વિશે વાત કરે છે. મૅકડફ ડંકન રાજાની હત્યાના સમાચાર મૅકબેથને આપે છે. ભય – ખતરો લાગતો હોય ઘંટ વગાડવામાં આવે છે. બધા જાગી જાય છે. લેડી મૅકબેથ ઘંટ વગાડવાનું કારણ પૂછે છે ત્યારે મૅકડફ રાજાની હત્યા થઈ છે એમ કહે છે. મૅકબેથ રાજાની હત્યા કરવાનું કારણ પોતાના સમ્રાટ થવાના અંધપ્રેમને કારણે કરી હોવાનું અને સમ્રાટ તરફ નિર્ભિક પ્રેમ હોય એ પોતાને કઈ રીતે કાબૂમાં રાખી શકે વગેરે કહે છે. લેડી મૅકબેથ પોતાને ત્યાંથી દૂર લઈ જવાનું કહે છે. મૅલકૉમ પિતાજીની હત્યા હત્યા થવા છતાં બધાના મોં કેમ બંધ છે એવો પ્રશ્ન કરે છે. ડોનલબેન એનો જવાબ આપે છે કે ભાઈ આ દુઃખી થવાનો સમય નથી. આ દુર્ભાગ્ય આપણું થાય એ પહેલાં અહીંથી પ્રસ્થાન કરવું જોઈએ. મૅલકૉમ પણ આ સમય દુઃખી થઈ આંસુ સારવાનો નથી અને એ માટે સમય પણ નથી એવું કહે છે. બૅંક્રો લેડી મૅકબેથનું ધ્યાન રાખવાનું કહે છે અને બધાને તૈયાર થવા કહે છે. બૅંક્રો વચન આપે છે કે આ ષડયંત્રની તપાસ કરીને હત્યારાને તથા એના ષડયંત્રોને શોધવાની વાત કરે છે. અહીંથી નીકળી આ અંગે ભેગા થઈ યોજના બનાવવાની વાત કરે છે. મૅલકૉમ ઈંગ્લેન્ડ, ડોનલબેન આયર્લૅન્ડ જવાનું નક્કી કરે છે. ચોથા દશ્યમાં મૅકબેથના મહેલની બહારનું સ્થામ. રૉસ અને વૃદ્ધનો પ્રવેશ. રૉસ, વૃદ્ધ અને મૅકડફના સંવાદો કોણ ક્યાં જશે વગેરે. મૅકડફ રૉસને કહે છે રાજાના બન્ને પુત્રો ભાગી ગયા છે એટલે હત્યાની

એમણે કરી હોય એવી શંકા છે. સત્તાની મહત્ત્વકાંક્ષા એમના માતાપિતાને ખાઈ ગઈ. મૅકબેથ રાજ્યાભિષેક માટે 'સ્કોન' ગયા છે એવી માહિતી મૅકડફ આપે છે. ડંકનનો મૃતદેહ રાજપરિવારના પૂર્વતજોના સમયનું પવિત્ર સ્મશાન 'કૉમેકિલ' છે ત્યાં દફન કરવામાં આવ્યો છે. રૉસ સ્કોન જાય છે અને મૅકડફ ફાઈક જાય છે. મૅકડફ પ્રાર્થના કરે છે કે ડંકન રાજાની જેમ મૅકબેથનો રાજ્યાભિષેક શાંતિથી પૂર્ણ થાય. અહીં બીજો અંક પૂર્ણ થાય છે.

ત્રીજા અંકના પ્રથમ દૃશ્યમાં ફોરસ, રાજમહેલ, બૅંક્વોનો પ્રવેશ. બૅંક્વો, મૅકબેથ, લેડી મૅકબેથ, સેવક, પહેલો હત્યારો અને બીજો હત્યારો. બૅંક્વો ડાકણોની ભવિષ્યવાણી મૅકબેથ માટે સાચી પડી એટલે એ પોતાની કામના ફળે એવી આશા રાખે છે. મૅકબેથ શાહી ભોજનમાં બૅંક્વોને ઉપસ્થિત રહેવા પ્રાર્થના કરે છે. મૅકબેથ લોકો રાજા ડંકનની હત્યા અને એમના પુત્રો વિશે જે વાત ફેલાઈ રહી છે એની વાત બૅંક્વોને કરે છે. મૅકબેથની કરુણ નિયતિનો આરંભ થાય છે. એણે કરેલી હત્યાનો ભય અને ડાકણોની ભવિષ્યવાણી એને વ્યથિત કરે છે. પોતે સમ્રાટ બનવા આટલું બધું કર્યું અને એના સંતાનને રાજગાદી નહિ મળે એ વાત એને કઠે છે. હૃદયની શાંતિ છીનવાઈ ગઈ તેથી એ નક્કી કરે છે કે અંતિમ શ્વાસ સુધી ક્રૂર ભાગ્ય સાથે લડીશ અને ડાકણોની ભવિષ્યવાણી ખોટી પાડીશ. બન્ને હત્યારાને બૅંક્વો વિરુદ્ધ કરે છે. એણે અત્યાચાર, અન્યાય કર્યો હોવાનું સમજાવી એ વાત એમની જ પાસે કબૂલ કરાવે છે. મૅકબેથ પોતાના અપરાધભાવ અને મહત્ત્વકાંક્ષાને સંતોષવા અને પોતે કંઈ ખોટું નથી કર્યું એ માટે થઈ શકે એ બધું કરે છે. બૅંક્વોની હત્યા કરવા બન્ને હત્યારાઓને પ્રેરે છે અને એ માટે પૂર્વતૈયારી કરે છે. જે રીતે રાજાની હત્યા રાત્રે કરી હતી એમ આજે રાત્રે બૅંક્વોની હત્યા થશે એવું નક્કી કરે છે. બીજા દૃશ્યમાં રાજમહેલનો બીજો કક્ષ. લેડી મૅકબેથ અને સેવકનો પ્રવેશ. લેડી મૅકબેથ બૅંક્વોના આગમન વિશે માહિતી મેળવે છે. જીવનમાં અગણિત ઈચ્છાઓની પૂર્તિ, સુખ અને શાંતિનો અભાવ વગેરે વિશે ચિંતન કરે છે. બીજાની હત્યા કરી દુઃખ અને ચિંતામાં રહેવા કરતા સ્વયં મરી જવું સારું વગેરે વિચારો કરે છે. લેડી મૅકબેથ જે કંઈ થયું એને બદલી ન શકાય ત્યારે એના પર વિશેષ વિચારવું જ જોઈએ એવું મૅકબેથને કહે છે. મૅકબેથ જે ન કરી શક્યો એની વાત કરે છે. સંસારના બધા પ્રાણીની સાથેએ પ્રાણી – 'બૅંક્વો'પણ મરી શકે એવું પ્રતીકાત્મક રીતે લેડી મૅકબેથને કહે છે અને એ બતાવવા એને લઈ જાય છે. ત્રીજા દૃશ્યમાં રાજમહેલની પાસે એક ઉપવન, ત્રણ હત્યારાઓનો પ્રવેશ. પહેલો હત્યારો, બીજો હત્યારો, ત્રીજો હત્યારો, બૅંક્વો, ફલીન્સ. ત્રણેય હત્યારઓ બૅંક્વોને મારી નાખે છે અને ફલીન્સ ભાગી જાય છે. કામ અધૂરું રહ્યું હોવાની સમ્રાટ મૅકબેથને જાણ કરવા જાય છે. ચોથા દૃશ્યમાં રાજમહેલની વચ્ચેનું ભવન. ભોજનની તૈયારી, મૅકબેથ, લેડી મૅકબેથ, રૉસ, લેનોક્સ, સરદાર તથા અન્ય સેવકોનો પ્રવેશ. મૅકબેથ અને લેડી મૅકબેથ અતિથિઓનું સ્વાગત કરે છે. હત્યારો બૅંક્વો અંગે માહિતી આપે છે મૅકબેથ શાબાશી આપે છે પણ જ્યારે ચિંતા અને ભયનું કારણ એવો ફલીન્સ બચી ગયો હોવાનું જાણે છે ત્યારે એ બેચેન થઈ જાય છે. બૅંક્વોની પ્રેતાત્મા પ્રવેશે અને મૅકબેથ પાસે બેસી જાય છે. અહીં

ચમત્કારનું તત્ત્વ ધ્યાન ખેંચે છે. મૅકબેથ અને લેડી મૅકબેથ વિગતે એકમેક પાસે પોતાના વિચારો રજૂ કરે છે અને જે થઈ રહ્યું છે, થવાનું છે એનો સ્વસ્થતાથી સ્વીકાર કરવાનો પ્રયાસ કરે છે. લેડી મૅકબેથ મૅકબેથને આરામ કરવા જણાવે છે જેથી સ્થિતિ સારી રહે. મૅકબેથ પોતે જે ક્રૂરતા આચરી છે એ એના મન ઉપર હાવિ થાય છે અને આ માટે હજુ બાળક જેવા છે એમ લેડી મૅકબેથને કહે છે. મૅકબેથની માનસિક સ્થિતિ નબળી છે એવું સ્પષ્ટ કરી શકાય. પાંચમા દૃશ્યમાં વાદળાનો ગડગડાટ, વીજળી, ત્રણેય ડાકણો હિકેટને મળવા આવે છે. પહેલી ડાકણ અને હિકેટ વચ્ચે સંવાદ થાય છે. હિકેટ કહે છે કે મૅકબેથ સાથે મૃત્યુની રમત કેમ રમી લીધી? પોતાની કળા કેવી છે એ જોવા કે કેવી રીતે રમત રમું છું વગેરે વાત કરે છે. હિકેટ માયાથી ભૂત – પિશાચ ઊભા કરી મૅકબેથ એના ભ્રમમાં આવી ભ્રમજાળમાં ફસાઈ જાય એની વાત કરે છે. પહેલી ડાકણ બધા સાથે જવાની વાત કરે છે અને હિકેટ પાછી આવશે એવું જણાવે છે. છટ્ઠા દૃશ્યમાં ફોરેસ, રાજમહેલ. લેનોક્સ અને સરદાર પ્રવેશ કરી સંવાદ કરે છે. મૅકબેથે કરેલા ક્રૂર કૃત્યમાંથી જે સૌ જતા રહ્યાં છે એને તથા પ્રજા અને દેશને બચાવવા ઈંગ્લેનના સમ્રાટ પાસે પ્રાર્થના મોકલવાનું સરદાર જણાવે છે.

ચોથા અંકના પ્રથમ દૃશ્યમાં એક ગુફા, વચ્ચે એક ઉકળતું વાસણ, કડાકા સાથે વાદળોની ગર્જના, ત્રણેય ડાકણો, હિકેટ, મૅકબેથનો પ્રવેશ. ત્રણે ડાકણો, બન્ને પિશાચ અને હિકેટ એકમેક સાથે વાત કરે છે. ત્યાર બાદ મૅકબેથ ડાકણો સાથે સંવાદ કરે છે. ડાકણો મૅકબેથ પોતાનું ભવિષ્ય જાણવા ઈચ્છે છે એટલે પિશાચનું આહ્વાન કરે છે. પહેલો પિશાચ મૅકબેથને મૅકડફથી સાવધાન રહેવાનું કહે છે. બીજો પિશાચ મૅકબેથને કહે છે કે સંસારમાં તાકાત છે એ બધી કચડી નાખ કારણ કે સ્ત્રીના ખોળે જન્મેલો માણસ તારું કંઈ બગાડી ન શકે. પિશાચો ડાકણોની પ્રથમવારની ભવિષ્યવાણીની જેમ મૅકબેથના મનની લાલસાને વેગ આપે છે. મૅકડફ જીવતો હોવા છતાં એનાથી ડરવાનું કોઈ કારણ નથી. મૅકબેથ કહે છે કે જ્યારે પણ મારા હૃદયને ભય લાગશે ત્યારે એ ખોટું છે એમ કહીશ. મૅકબેથ જ્યારે આરામથી સૂઈ જવાની વાત કરે છે ત્યારે બીજિ પિશાચ મહત્ત્વની ભવિષ્યવાણી કરે છે. તે કહે છે કે મૅકબેથ તું સિંહની જેમ ગર્વિલો નહિ બન. મૅકબેથને ત્યાં સુધી કોઈ મારી ન શકે જ્યાં સુધી બરનમનું વિશાળ વન ડન્સીનેન પહાડને ન ટકરાય. મૅકબેથ કહે છે કે એ સંભવ નથી. પોતે સ્વાભાવિક મૃત્યુ જ ઈચ્છે છે. એ જાણવા માંગે છે કે બૅંક્રોનો પુત્ર આ સામ્રાજ્ય પર રાજ કરશે કે નહિ. ડાકણો મૅકબેથને બધું ન જાણવાનું કહે પણ મૅકબેથ માનતો નથી તેથી ડાકણો બધું કહે છે. મૅકબેથ અરીસામાં બૅંક્રોનું ભૂત અને ત્રણ રાજદંડ જુએ છે એ જાણે કહી રહ્યું હતું કે જો મારા પુત્ર અને પૌત્ર સાથે છે. ડાકણો અદૃશ્ય થઈ જાય છે. લેનોક્સ આવે છે એને મૅકબેથ ડાકણો વિશે પૂછે છે પણ એને ખબર નથી. મૅકબેથ જાણે પોતાનું જ ભાવિ – નિયતિ કહેતો હોય એમ કહે છે કે ભગવાન કરે એ ડાકણો જ્યાં જાય ત્યાં હવા ઝેરીલી થાય અને એના પર ભરોસો કરનાર મરી જાય. મૅકબેથના આ વચન એના પોતાના પર જ ફલિત થવાના છે એ અહીં પ્રતીકાત્મક રીતે કહેવાયું છે. લેનોક્સ દૂતે આપેલ સમાચાર મૅકબેથને કહે છે કે મૅકડફ ઈંગ્લેન્ડ ભાગી ગયો

છે. મૅકબેથ મૅકડફને બંદી બનાવવાનો વિચાર કરે છે. બીજા દશ્યમાં મૅકડફનો મહેલ, લેડી મૅકડફ, એનો પુત્ર તથા રૉસનો પ્રવેશ. લેડી મૅકડફ અને રૉસ મૅકડફના પલાયન થવા અંગે ચર્ચા કરે છે. રૉસ લેડી મૅકડફને મૅકડૅફમાં શ્રદ્ધા રાખવનું કહીને ત્યાંથી જાય છે. લેડી મૅકડફ અને એના પુત્રના સંવાદમાં મૅકડફનું ચરિત્ર અને સ્વભાવ તથા એ બન્નેના વિચારો પ્રગટે છે. દૂત આવી લેડી મૅકડફને અહીંથી ભાગી જવા કહે છે પણ લેડી મૅકડફ એવું ન કરી એમ કહે છે ત્યારે હત્યારો આવી એના પુત્રની હત્યા કરે છે. એનો પુત્ર લેડી મૅકડૅફને ત્યાંથી ભાગી જવાનું કહે છે. ત્રીજા દશ્યમાં ઈંગલેન્ડ, રાજમહેલની સામે મૅકડફનો પ્રવેશ. મૅલકમ, મૅકડફ અને રૉસ. મૅલકમ અને મૅકડફ ચર્ચા કરે છે. મૅલકૉમને ઈંગલેન્ડના સમ્રાટે એને હજારોની સંખ્યામાં સૈન્ય પોતાની સાથે મોકલવાનું વચન આપ્યું છે. મૅલકૉમ પોતાની સાથે મૅકબેથની સરખામણી કરી ગુણ-અવગુણ કહે છે. મૅકડફ એને રાજા ડંકનનું ઉદાહરણ આપી સમજાવે છે. ઈંગલેન્ડમાં એવી માન્યતા છે કે ગંડમાળની બીમારી સમ્રાટના સ્પર્શથી જ સારી થાય એવી પવિત્રતા આપી છે. રૉસ મૅલકૉમ અને મૅકડફને માતૃભૂમિ કબ્રસ્તાન બની ગઈ હોવાનું કહે છે. રૉસ એણે સાંભળેલા મૅકડફના પત્ની અને બાળકના સમાચાર કહે છે. મૅલકૉમ મૅકડફને ધીરજ રાખવાનું કહે છે. અહીં ચોથો અંક પૂરો થાય છે.

પાંચમા અંકના પ્રથમ દશ્યમાં ડન્સીનેન, રાજમહેલનો એક કક્ષ, એક દાસી અને ડૉક્ટરનો પ્રવેશ. ડૉક્ટર, લેડી મૅકબેથ અને દાસી. લેડી મૅકબેથની તપાસ કરી ડોક્ટર એને માનસિક પીડા હોવાનું નિદાન કરે છે અને એમને આરામ કરવાનું કહે છે. લેડી મૅકબેથ કંઈ બોલે છે એ સાંભળવાનું ડૉક્ટર કહે છે. લેડી મૅકબેથ પોતાની પાસે રોશની રાખવા મીણબત્તી રાખે છે એ વાત દાસી ડૉક્ટરને જણાવે છે. ડૉક્ટર કહે છે કે મનની સ્થિતિ સારી ન હોય તો વાત કોઈને પણ કહેવા પ્રેરાય એ માટેના ઉદાહરણો દાસીને કહે છે. બીજા દશ્યમાં ડન્સીનેન પાસે નગારાનો અવાજ, મેટિયથ, એન્ગસ, કૅથનિસ, લેનોક્સ એકમેક સાથે સંવાદ કરે છે જેમાંથી યુદ્ધની તૈયારી, મૅકબેથ માટેનો આક્રોશ અને બરનમ તરફ જવાની માહિતી મળે છે. ત્રીજા દશ્યમાં ડન્સીનેન, મહેલનો એક કક્ષ. મૅકબેથ, ડૉક્ટર, સેવક, સીટૉન વગેરે. પિશાચોએ કરેલ ભવિષ્યવાણી યાદ કરે છે અને યુદ્ધ માટે આવનારને ભાંડે છે. સેવક આવીને મૅકબેથને જણાવે છે કે દસ હજાર સૈનિક આવ્યા છે. મૅકબેથ સીટૉનને સૌ એનો સાથ છોડી ગયા છે. કોઈ એને ચાહતું નથી, માનસમ્માન આપતું નથી, દરેક એને શાપ આપે છે. ડરના કારણે કોઈ મને સામે આવીને નથી કહેતું.. મૅકબેથ સીટૉનને યુદ્ધ માટે તૈયારી કરવા કહે છે સીટૉન એની આજ્ઞાનુસાર કરે છે. ડૉક્ટર મૅકબેથને લેડી મૅકબેથની બીમારી માનસિક છે અને એ એમની પોતાની રીતે જ સારી થશે એમ કહે છે ત્યારે મૅકબેથ ડૉક્ટરને તમે શું કરશો વગેરે અપશબ્દો કહે છે. મૅકબેથ ડૉક્ટરને પોતાના રાજ્યના રોગને ઠીક કરવા કહે છે. યુદ્ધ વિશે બન્ને વચ્ચે ચર્ચા થાય છે. ડૉક્ટર મનમાં વિચારે છે કે એકવાર ડન્સીનેનથી દૂર ભાગી જાઉં તો કોઈ લાલચ ક્યારેય મને અહીં પાછો ન લાવી શકે. ચોથા દશ્યમાં બરનમ વનની પાસેનું સ્થળ. નગારાનો અવાજ, થોડા સૈનિકો રંગબેરંગી ઝંડા હાથમાં લઈ ઊભા છે. મૅલકૉમ, સિવાર્ડ,

એનો પુત્ર, મૅકડફ, મૅટિયથ, કૅથનિસ, એન્ડસ, લેનોક્સ, રૉસ તથા સૈનિકોનો પ્રવેશ. મૅલકૉમ કહે છે કે હવે કોઈ ભય રાખવો નહિ આપણા ઘરે સુખ શાંતિ હશે. મૅલકૉમ બરનમ વનની ડાળી બધા જ સૈનિકો સાથે લઈને ચાલે એટલે દુશ્મનને આપણી તાકાતનો ખ્યાલ નહિ આવે અને એમના જાસૂસના સમાચાર ખોટા પડે. સિવાર્ડ, મૅકડફ અને મૅલકૉમ યુદ્ધની તૈયારી અને શત્રુઓની તાકાત વિશે ચર્ચા કરે છે. પાંચમા દૃશ્યમાં ડન્સીનેન, રાજમહેલની અંદર. મૅકબેથ, સીટૉન અને દૂત તથા નગારા વગાડતા અને ઝંડા હાથમાં લઈ સૈનિકો પ્રવેશે છે. મૅકબેથ શત્રુઓને લડત આપીને એમના દેશ ભાગવું પડે એવું કહે છે. મૅકબેથ સાહસ અને વીરતાથી લડવાનો નિર્ધાર કરે છે. લેડી મૅકબેથના મૃત્યુના સમાચાર મૅકબેથને મળે છે. મૅકબેથ દુઃખ અનુભવે એ પ્રગટ પણ કરે છે. દૂત આવી મૅકબેથને સમાચાર આપે છે કે આખું બરનમ વન આ તરફ ચાલ્યું આવે છે. મૅકબેથ વીર કવચ પહેરીને યુદ્ધ કરવાનું નક્કી કરે છે. ઘેરો આઘાત મૅકબેથને લાગે છે. લેડી મૅકબેથનું મૃત્યુ અને બરનમ વનનું આ તરફ આવવું એના મૃત્યુનું સૂચન કરે છે. છટ્ઠા દૃશ્યમાં ડન્સીનેન, રાજમહેલની સામેનું એક મેદાન. નગારાના સૂરની સાથે લહેરાતા ઝંડા, મૅલકૉમ, વૃદ્ધ સિવાર્ડ, મૅકડફ અને એમની સેના ઝાડની ડાળખીઓ લઈ પ્રવેશ કરે છે. મૅલકૉમ, સિવાર્ડ અને મૅકડફ યુદ્ધના વ્યૂહ અંગેની ચર્ચા કરે છે. સાતમા દૃશ્યમાં રણભૂમિનો બીજો ભાગ, યુદ્ધના અવાજો અને મૅકબેથનો પ્રવેશ. મૅકબેથ, મૅકડફ, સિવાર્ડ, યુવક સિવાર્ડ સંવાદ કરે છે. મૅકબેથ પિશાચની ભવિષ્યવાણીના મદમાં કહે છે કે બધા સ્ત્રીના ખોળે જન્મે છે માટે મારે ડરવાની જરૂર નથી. યુવક સિવાર્ડ અને મૅકબેથ વચ્ચે સંવાદ થાય છે. મૅકબેથ અને યુવક સિવાર્ડ વચ્ચે લડાઈ થાય છે અને યુવક સિવાર્ડ વીર ગતિ પામે છે. મૅકડફ પોતાનો ક્રોધ વ્યક્ત કરે છે. મૅલકૉમ, સિવાર્ડ અને મૅકડફ રાજમહેલમાં પ્રવેશ કરે છે. યુદ્ધનાદ એકધારો સંભળાય છે. આઠમા દૃશ્યમાં રણભૂમિનો બીજો ભાગ, યુદ્ધના અવાજો, મૅકબેથનો પ્રવેશ. મૅકબેથ, મૅકડફ, સિવાર્ડ વગેરેના સંવાદો અને સ્થિતિનું આકલન કરે છે. મૅકડફ અને મૅલકૉમ વચ્ચે યુદ્ધ થાય છે. મૅલકૉમ, વૃદ્ધ સિવાર્ડ, રૉસ, લેનોક્સ, એન્ડસ, કૅથનિસ, મૅટિયથ અને અન્ય સૈનિકો નગારાના ધ્વનિ અને ઝંડા સાથે પ્રવેશે છે. રૉસ સિવાર્ડને એના પુત્રના મૃત્યુની જાણ કરે છે. વીરને યોગ્ય એવી વાણી એ લોકો ઉચ્ચારે છે. મૅકડફ મૅકબેથનું કપાયેલું માથું લઈને આવે છે. મૅકડફ અને મૅલકૉમના સંવાદો યુદ્ધમાં વિજયનો આનંદ પ્રગટે છે. મૅલકૉમ સ્કૉટલેન્ડના સમ્રાટ બને છે. મૅકડફને ‘અર્લ’ બનાવે છે એ પ્રથમવારનો પ્રસંગ છે જ્યારે આ પદનું સમ્માન થયું છે. મૅલકૉમ અન્ય કાર્યની વિગતો આપે છે. સૌનો આભાર માને છે અને રાજ્યાભિષેક કરવા ‘સ્કોન’ આવવા નિમંત્રણ આપે છે. પાંચમો અંક અહીં પૂરો થાય છે.

નાટકમાં કથાવસ્તુ સ-રસ ગૂંથાયું છે. નાટકના સંવાદો વેધક અને મર્મસ્પર્શી છે. પાત્રોના મનોભાવો સૂક્ષ્મ રીતે રજૂ થયા છે. નાટકમાં મહત્ત્વકાંક્ષી શાસકોની માનસિકતા અને સ્થિતિ મૅકબેથના પાત્ર નિમિત્તે રજૂ કર્યું છે. ચમત્કારિક તત્ત્વો એને નવું પરિમાણ અર્પે છે. ચમત્કારિક તત્ત્વ શેક્સપિયરના નાટકમાં મહત્ત્વનું લક્ષણ છે. એમની શૈલી અને રીતિ વિશિષ્ટ છે.

## ૩.૩ સર્જક પરિચય

વિલિયમ શેક્સપિયરનો જન્મ 26 એપ્રિલ ૧૫૬૪ના રોજ થયો હતો અને ૨૩ એપ્રિલ ૧૬૧૬માં મૃત્યુ થયું હતું. તેમનો જન્મ અને ઉછેર સ્ટ્રેટફોર્ડ-અપોન-એવોનમાં થયો હતો. એમના પિતાનું નામ જૉન શેક્સપિયર અને માતાનું નામ મેરી ઑડેન હતું. ૧૮ વર્ષની ઉંમરે એમના લગ્ન એન હેથવે સાથે થયા હતા. તેમના ત્રણ સંતાનો સુસાન્ના, જોડિયા હેમ્નેટ અને જુડિથ હતા. ફ્રી ગ્રામર સ્કૂલમાં શિક્ષણ લીધું હતું. આર્થિક સ્થિતિ વિકટ હોવાથી ધંધા અર્થે લંડન જવાનો નિર્ણય કરે છે. લંડનના નાટ્યગૃહોમાં કામ અને અભિનય શરૂ કર્યો. લંડનમાં ૧૫૮૫ થી ૧૫૯૨ સુધી સફળ કારકિર્દી દરમિયાન તેઓ અભિનેતા, લેખક અને નાટક કંપની ‘લોર્ડ ચેમ્બરલેઈન્સ મેન’ના ભાગીદાર હતા. આ કંપની ત્યાર બાદ ‘કિંગ્સ મેન’ તરીકે પ્રસિદ્ધ થઈ. ૧૬૧૩માં નિવૃત્ત થઈ સ્ટ્રેટફોર્ડ પાછા આવે છે અને ત્રણ વર્ષ પછી મૃત્યુ પામે છે. વિલિયમ શેક્સપિયર વિશે અનેક દંતકથાઓ – મતમતાંતરો પ્રવર્તે છે. જગપ્રસિદ્ધ નાટ્યસર્જન એમણે ૧૫૯૦ થી ૧૬૧૩ સમયગાળા દરમિયાન કર્યું. તેમના અગાઉના નાટકોમાં કોમેડી અને ઈતિહાસ કેન્દ્રસ્થાને હતા. ૧૬મી સદીના અંત સુધીમાં તેમણે સાહિત્યમાં નવો આયામ સર કર્યો. ૧૬૦૮ સુધી તેમણે મુખ્યત્વે કરુણાંતિકા રચી. જેમાં ‘હેમ્લેટ’, ‘કિંગ લીયર’ અને ‘મૅકબેથ’નો સમાવેશ થાય છે. આ નાટકોની ગણના અંગ્રેજી સાહિત્યની શ્રેષ્ઠ કૃતિઓમાં થાય છે. છેલ્લા તબક્કામાં એણે ટ્રેજિકકોમેડી રચી જે રોમાન્સીસ તરીકે જાણીતો છે અને તે અન્ય નાટકો સાથે સાંકળીને ભજવવામાં આવે છે. ઘણા નાટકો તેમના જીવનકાળમાં જ ગુણવત્તા અને ચોકસાઈ સાથે આવૃત્તિઓમાં પ્રકાશિત થયા હતા. તેમના થિયેટરના બે ભૂતપૂર્વ સહયોગીઓએ ૧૬૨૩માં ફર્સ્ટફોલિયો પ્રકાશિત કર્યો હતો. તેમાં તેમના નાટ્યલેખનના સંગ્રહિત અંકો પ્રકાશિત કર્યા હતા તેમાં એ બે નાટકોનો સમાવેશ થયો હતો જેને વિલિયમ શેક્સપિયરના નાટક તરીકે માન્યતા મળી હતી. વિલિયમ શેક્સપિયર જીવનકાળ દરમિયાન પણ લોકપ્રિય અને પ્રસિદ્ધ કવિ હતા. રોમેન્ટિક લખાણમાં વિલિયમ શેક્સપિયર પ્રતિભાશાળી હતા. (જે રીતે ગુજરાતીમાં કનૈયાલાલ મુનશી છે.) એમના નાટકો લોકપ્રિય રહ્યા હતા. એમના વિખ્યાત અવતરણ ‘What`s in a name? That which we call a rose by any other name would smell as swe[a]`, ‘Love all, trust a few, do wrong to none.`, Be not afraid of greatness.` વગેરે નોંધપાત્ર છે.

❖ **તમારી પ્રગતિ ચકાસો.**

1. વિલિયમ શેક્સપિયરના નાટકોના નામ જણાવો.
2. ‘મૅકબેથ’ નાટકનું મૂળ શીર્ષકનું નામ જણાવો.
3. ‘મૅકબેથ’ નાટકના પાત્રોના નામ જણાવો.

## ૩.૪ સ્વાધ્યાય

1. *‘મૅકબેથ’ નાટકની સમગ્રલક્ષી ચર્ચા કરો.*
2. *‘મૅકબેથ’ નાટકની પાત્રસૃષ્ટિ વિશે વિસ્તૃત ચર્ચા કરો.*

### ❖ લેખન પ્રવૃત્તિ

1. *વિલિયમ શેક્સપિયરના જીવન અને સર્જન વિષયક ક્વિંદતીઓ વિશે નોંધ તૈયાર કરો.*
2. *વિલિયમ શેક્સપિયરના નાટકો વિશે નોંધ તૈયાર કરો.*
3. *વિલિયમ શેક્સપિયરના સોનેટો વિશે નોંધ તૈયાર કરો.*
4. *વિલિયમ શેક્સપિયરના નાટકો ઉપરથી બનેલી ફિલ્મોની યાદી તૈયાર કરો.*

**લેખન : પ્રા. ઉર્વિકા પટેલ :** *વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત*

| એકમ-4 | ધી વેસ્ટ લેન્ડ |
|---|---|

## ❖ સર્જક પરિચય : –

*અમેરિકામાં સૂઈ લૂઈ મિસૂરીમાં જન્મેલા થોમસ સ્ટીયર્ન્સ એલિયટ ઈંગ્લેન્ડ તથા અમેરિકાના ૨૦મી સદીના મહાન કવિ, નાટ્ય લેખક, વિવેચક, પ્રકાશક તેમજ અત્યંત પ્રસિદ્ધ વિદ્વાન હતા. તેમનો જન્મ ૨૬ સપ્ટેમ્બર, ૧૮૮૮માં થયેલો અને તેમનું અવસાન ૪ જાન્યુઆરી, ૧૯૬૫માં થયેલું. તેઓ બોસ્ટનના વિદ્વાન તથા વિખ્યાત પરિવારમાં જન્મેલા પરંતુ ૧૯૧૪માં ૨૫ વર્ષની વયે તેઓ ઈંગ્લેન્ડમાં જઈને વસવા લાગ્યા. તેમણે તેમનું લેખનકાર્ય ત્યાં જ શરૂ કર્યું. તેમના લગ્ન પણ ઈંગ્લેન્ડમાં જ થયા હતા. ૧૯૨૭માં ૩૯ વર્ષની વયે તેઓ બ્રિટિશ નાગરિક બની ગયા.*

*૨૦મી સદીના વિશ્વના સૌથી મહાન કવિઓમાં તેઓનો સમાવેશ થાય છે. તેમની પ્રસિદ્ધ કૃતિઓ નીચે મુજબ છે*

| | |
|---|---|
| ૧. ૧. ધી વેસ્ટ લેન્ડ | (કાવ્ય) |
| ૨. ૨. ધી લવ સોંગ ઓફ જે. આલ્ફ્રેડ પ્રુફ્રોક | (કાવ્ય) |
| ૩. ૩. ધી હોલોમેન | (કાવ્ય) |
| ૪. ૪. મર્ડર ઈન કેથેડ્રલ | (કાવ્યાત્મક નાટક) |
| ૫. ૫. ધી કોકટેલ પાર્ટી | (નાટક) |
| ૬. ૬. ધી ફેમીલી રીયુનિયન | (નાટક) |
| ૭. ૭. ધી કોન્ફીડેન્શીયલ ક્લર્ક | (નાટક) |
| ૮. ૮. ટ્રેડીશન એન્ડ ધી ઈન્ડીવીજ્યુઅલ ટેલન્ટ | (વિવેચનાત્મક લેખ) |
| ૯. ૯. હેમલેટ એન્ડ હીઝ પ્રોબ્લેમ્સ | (વિવેચનાત્મક લેખ) |

*ટી.એસ.એલિયટ આધુનિકતાવાદી* (modernist) *કવિ ગણાય છે. નવ્ય વિવેચકો* (New critics) *તેમનાથી પ્રેરિત થયા હતા. એલિયટ પ્રશિષ્ટ આદર્શો, પરંપરા તથા ધાર્મિક, તાત્ત્વિક વિચારોમાં ભારે શ્રદ્ધા ધરાવતા હતા. તેઓ માનતા હતા કે મહાન કૃતિમાં વ્યક્તિગત અભિવ્યક્તિ ન હોવી જોઈએ પરંતુ વૈશ્વિક તેમજ સનાતન સત્યની અભિવ્યક્તિ હોવી જોઈએ. કવિ કે સર્જક સત્ય તેમજ સર્જનાત્મકતાનું માધ્યમ બને છે. તેમને સાહિત્ય માટે ૧૯૪૮માં નોબેલ પ્રાઈઝ મળ્યું હતું. એલિયટ એઝરા પાઉન્ડના પરમ મિત્ર હતા અને તેમની તેમના પર બહુ મોટી અસર હતી. અંગ્રેજી તથા અમેરિકન સાહિત્યના પ્રસિદ્ધ કવિઓ, વિવેચકો પર તેમની પણ પ્રબળ અસર હતી. તેમની કૃતિઓના વિશ્વની કેટલીક ભાષાઓમાં અનુવાદો થઈ ચૂક્યા છે. તેમને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાના કેટલાય એવોર્ડ્સ મળ્યા હતા. તેમને ૧૩ માનદ્ ડૉક્ટરેટની ડીગ્રી મળી હતી જેમાં ઑક્સફર્ડ, કેમ્બ્રીજ તથા સોરબાર્ન તથા હાવર્ડનો પણ સમાવેશ થાય છે.*

❖ **કૃતિ પરિચયઃ-**

*ટી.એસ.એલિયટની કૃતિ 'ધી વેસ્ટ લેન્ડ' ૨૦મી સદીની પ્રસિદ્ધ* modernist *કૃતિ ગણાય છે. આ કાવ્યમાં કુલ ૪૩૪ પંક્તિઓ છે. તે ૧૯૨૨માં 'ક્રાયટેરિયન' સામયિકમાં છપાયેલી અને અમેરિકાના 'ધી ડાયલ' નામના સામયિકમાં પણ ૧૯૨૨ના ડિસેમ્બર માસમાં પ્રકાશિત થયેલી. આ કાવ્યનો પ્રારંભ નીચે દર્શાવેલ પંક્તિથી થાય છે :*

April is the cruellest month
*(એપ્રીલ સૌથી ક્રુર મહિનો છે)*

Covid – 19*ના સંદર્ભે હજારો લોકોએ આ પંક્તિને યાદ કરી છે. અને એપ્રિલ માસની ક્રુરતાનો અનુભવ કરેલ. આ કાવ્યના અંતે ભારતનો પ્રસિદ્ધ મંત્ર 'ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ 'ઉદ્‌ઘોષિત કરવામાં આવેલ છે. એલિયટ પર ભારતીય ઉપનિષદો તથા બૌદ્ધ ધર્મના તત્ત્વજ્ઞાનની પણ ભારે અસર હતી. આ કાવ્ય સમજવા માટે જરા અઘરૂં છે અને તેમાં પ્રશિષ્ટ ગ્રીક સાહિત્ય, ભારતીય તત્ત્વચિંતન તથા બાઈબલના ઘણાં સંદર્ભો છે.*

*'ધી વેસ્ટ લેન્ડ' કાવ્ય પાંચ ભાગમાં વહેંચાયેલું છે. આ વિભાગોના શીર્ષકો નીચે મુજબ છે :*

| | |
|---|---|
| *૧. ધી બરીયલ ઓફ ધી ડેડ* | *(મૃતનું દફન)* |
| *૨. એ. ગેઈમ ઓફ ચેસ* | *(ચેસની રમત)* |
| *૩. ફાયર સર્મન.* | *(અગ્નિ - ઉપદેશ)* |
| *૪. ડેથ બાય વોટર* | *(જળ દ્વારા મૃત્યુ)* |
| *૫. વોટ ધી થન્ડર સેઈડ* | *(મેઘગર્જના એ શું કહ્યું ?)* |

*આ કાવ્યમાં વિવિધ વક્તાઓ (નેરેટર) છે જે યુદ્ધ, ભયંકર વેદના, મૂંઝવણ અને મૃત્યુની સંવેદના અને લાગણી વ્યક્ત કરે છે. કાવ્યમાં આ વક્તાઓ બદલાતા રહે છે. યુદ્ધ પછીના ભૌતિક તેમ જ માનસિક પતન કાવ્યમાં અભિવ્યક્ત કરવામાં આવે છે. સેટીંગમાં ધનિક મહિલાનો શયનકક્ષ, ગંદકી અને કચરાથી ભરેલી થેમ્સ નદી, દરિયા-કિનારો જ્યાં તણાઈ ગયેલો મૃત માનવ પડેલો છે અને વાવાઝોડા પહેલાંના સમયમાં દુષ્કાળગ્રસ્ત મરૂભૂમિ છે.*

*મૃતનું દફન (ધી બરીયલ ઓફ ધી ડેડ) પ્રથમ ભાગ છે. જેમાં ચાર* stanza *છે. પ્રથમ સ્ટાન્ઝામાં મેરી બોલે છે જે યુદ્ધ પૂર્વેના ચિંતા વિનાના, નિર્દોષ સમયને યાદ કરે છે. અહીં એલિયટ જર્મનીનો સંદર્ભ રજૂ કરે છે, જે બંને વિશ્વયુદ્ધોમાં અત્યંત હિંસક અને લડાયક દેશ હતો.*

*મેરી શિયાળામાંથી વસંત ઋતુના પરિવર્તનનો ઉલ્લેખ કરે છે. વસંત ઋતુનો એપ્રિલ માસ સુંદર નહીં પરંતુ અત્યંત ક્રૂર માસ હતો. વસંત ઋતુ તો માત્ર નામની ઋતુ જ રહી. શિયાળો વાસ્તવમાં સીધો ગ્રીષ્મમાં ફેરવાઈ ગયો. મેરી કહે છે "ઉનાળાએ અમને આશ્ચર્ય*

પમાડ્યું' મેરીને તેનું બચપણ યાદ આવે છે. જેમાં તે તેના પિત્રાઈ ભાઈ-બહેનો સાથે બરફમાં સ્ટેજમાં સરકવાની રમત રમતી હતી.

બીજા stanzaમાં વક્તાનો મૂડ બદલે છે. તેમાં અંધકારભરી ઉદાસી છવાઈ જાય છે. નેરેટર 'મૃતવક્ષ', પથ્થરાળ કચરો અને નિરાશાભર્યા વાતાવરણને અભિવ્યક્ત કરે છે. નિર્દોષ, ફૂલો જેવી સુંદર યુવતીની image સામે નિરાશાભર્યું કંટાળાજનક વાતાવરણ વ્યક્ત કરે છે. તે કહે છે "Dull and empty is the sea" (દરિયો રસહીન અને ખાલ્લી ખમ્મ છે.)

ત્રીજા stanzaમાં નેરેટર છે મેડમ સોસોટ્રીસ જે ભવિષ્યવેત્તા છે. તે ટેરોટ કાર્ડનો ઉપયોગ કરી ભવિષ્યવાણી કરે છે. તે કહે છે : "તેનું મૃત્યુ પાણીમાં થવાની સંભાવના છે. તેથી તેણે પાણીથી ડરતું રહેવું". પછી નેરેટર લંડન બ્રીજ પાસે પહોંચે છે, જ્યાં લોકોના ટોળા ઊમટી પડ્યા હતા. યુદ્ધના સમયનો તેનો એક મિત્ર ત્યાં તેને મળી જાય છે અને તે તેને બોલાવે છે.

પછીનો વિભાગ 'ચેસની રમત' વાચકને લંડનની શેરીઓથી સોનાથી મઢેલ બેઠક રૂમમાં લઈ જાય છે. ત્યાં એક અતિ ધનિક હીરા-માણેકના આભૂષણોમાં સજ્જ સ્ત્રી બેઠી હોય છે. આ સ્ત્રી તેના જ્ઞાનતંતુઓની પીડાની વાત કરે છે અને તેને એ વાતની મૂંઝવણ છે કે તેણે આ પીડાને કેમ દૂર કરવી? ફરીથી કાવ્ય એક શરાબના પીઠાની વાત કરે છે. જેમાં બે સીઓ ગપ્પા મારતી હોય છે. થોડા stanza પછી આપણને લંડનના ધનિક ઉચ્ચવર્ગથી નિમ્નવર્ગ ભણી જવાનું થાય છે.

'અગ્નિ- ઉપદેશ' વિભાગમાં નદીનું ચિત્ર અભિવ્યક્ત કરવામાં આવે છે. નેરેટર (કથનકાર) નદી કિનારે બેઠી છે અને જગતની નિરાશાજનક સ્થિતિ અંગે વિચારે છે. ટી.એસ.એલિયટ અહીં ગ્રીક પાત્ર ટાયરેસીયાસનો ઉલ્લેખ કરે છે. ટાયરેસીયાસ થીબ્ઝ (Thebes)નો અંધ ભવિષ્યવેત્તા હતો. તેને ગ્રીક કથા મુજબ કેટલાક વર્ષો સુધી સ્ત્રીમાં રૂપાંતરિત કરવામાં આવેલો અને પછી તેને પુનઃ પુરૂષમાં બદલવામાં આવ્યો. ટાયરેસીયસ ઝીયસ (સ્વર્ગના રાજા)નો પુરોહિત હતો. તે યુવાન હતો ત્યારે તેણે બે સર્પોને સંભોગ કરતા જોયા હતા. તેણે તેમના પર લાકડીથી પ્રહાર કર્યો. તેથી તેને સ્ત્રીમાં રૂપાંતરિત કરવામાં આવ્યો અને સ્ત્રી તરીકે તે હેરા(Hera)નો નારી પુરોહિત બન્યો. ટાયરેસીયાસે જયારે દેવી એથીનાને સ્નાન કરતાં જોઈ ત્યારે એથીનાએ તેને અંધ બનવાનો શ્રાપ આપ્યો.

'ધી વેસ્ટ લેન્ડ'માં ટી.એસ.એલિયટ ટાયરેસીયાસનો ઉલ્લેખ કરતા કહે છે કે ટાયરેસીયાસ, એક શરીર પર ચર્મરોગવાળો પુરૂષ એકાકી સી ટાઈપીસ્ટ સાથે આક્રમક રીતે સંભોગ કરે છે, તે દશ્ય જુએ છે. સંભોગ કરીને તે તૂર્ત જ જતો રહે છે. કાવ્ય પુનઃ નદી પાસે પાછું આવે છે અને કુમારીકાઓ વિલાપભર્યા ગીતો ગાય છે. કામી પુરૂષ સ્રીના કૌમાર્ય અને નિર્દોષતાનું કેવું ક્રુર રીતે હનન કરે છે તે અંગે એક નારી વિલાપ કરે છે. આમ, ધી વેસ્ટ લેન્ડ લગ્નજીવનમાં સેક્સ અને હિંસા અંગે પ્રશ્નો ઊઠાવે છે. એલીયટ

ભૂતકાળ અને વર્તમાનને અવારનવાર મિશ્રિત કરે છે અને ગૂંચવે છે. ટાયરેસીયસ અંધ ભવિષ્યવેત્તા તો હતો જ પરંતુ તે સ્ત્રી અને પુરૂષ બંનેનું જીવન જીવેલો. તેણે સાત વર્ષ, પુરૂષ તરીકે અને સાત વર્ષ સ્ત્રી તરીકે ગુજારેલા. હેરાએ તેને શ્રાપિત કરેલો કારણ કે તેણે એવું કહ્યું હતું કે પુરૂષ કરતા સ્ત્રી સંભોગનો આનંદ વધારે માણે છે.

ટેમ્સ નદી ખાલી બોટલો, સિગારેટના ઠૂંઠા અને ગર્ભ નિરોધકો (કોન્ડોમ)થી ભરી પડી હતી. ગર્ભ નિરોધકો ગ્રીષ્મ ઋતુમાં સેક્સનો આનંદ માણતા લોકોની સાબિતી રજૂ કરે છે. પ્રાચીન સમયમાં નદીમાં જળપરીઓ રહેતી હતી, હવે ત્યાં બધે કચરો, વેશ્યાગીરી અને અશ્લીલતા ફેલાયેલી હતી. ધનિક લોકો અને બેંકરોના સંતાનો સેક્સ અને દૈહિક મઝા માણવામાં જ વ્યસ્ત હતા. આધુનિક યુગમાં દેહ વિક્રય સસ્તાપણે થવા લાગ્યો છે. લગ્નની પવિત્રતા અને આધ્યાત્મિક ઐક્ય આધુનિક યુગમાં એક કલ્પના બની ચૂકી છે.

એલિયટ ફીશરકીંગનો સંદર્ભ આપે છે જે વાચકોને શેક્સપિયરના નાટક 'ધી ટેમ્પેસ્ટ'ની યાદ અપાવે છે. બ્રિટને તેની જાદૂઈ અસર ગુમાવી દીધી હતી. અને નદીમાં ઔદ્યોગીકરણને કારણે ડામર, ક્રુડ ઓઈલ અને ગંદી વસ્તુઓ તરતી હતી. 'ડેથ બાય વોટર' કાવ્યનો સૌથી નાનો વિભાગ છે. પ્રથમ તો, આ વિભાગ 'ધી બરીયલ ઓફ ધી ડેડ'માં પાણીમાં મૃત્યુની માદામ સોસોસ્ટ્રીસની ભવિષ્યવાણીની યાદ અપાવે છે. ફલેબાસ નામનો ફીનીશીયન નાવિક પાણીમાં તણાઈ ગયો હતો. તે એક વેપારી હતો જે મૃત્યુને કારણે નફો અને ખોટ વિસરી જાય છે. નફો અને ખોટ જીવન અને મૃત્યુના પર્યાય છે. તે ચડતી-પડતી, યૌવન અને વૃદ્ધાવસ્થાને પણ પ્રતિબિંબિત કરે છે. આમ, આ કાવ્યમાં જળ અને અગ્નિ બંને આધ્યાત્મિક શુદ્ધિકરણ તથા માનવના નવજીવનમાં ભાગ ભજવતા તત્ત્વો છે.

'વોટ ધી થન્ડર સેઈડ' એ આ કાવ્યનું અંતિમ ચરણ છે. આ વિભાગમાં વિનાશની દુર્ઘટનાની દ્વફ્લ્પ્રીઅિ છે. પ્રથમ અર્ધો ભાગ વિનાશની પરાકાષ્ટા રજૂ કરે છે. જેરૂસાલેમ, એથેન્સ, એલેક્ઝાન્ડ્રીયા, વિયેના અને લંડન નાશ પામે છે અને પુનઃ નિર્મિત થઈને ફરીથી પતન પામે છે. ખ્રિસ્તી ચર્ચ તૂટી પડેલ છે અને ખંડેર બની જાય છે. આ ચર્ચ પર કાગડો બોલે છે અને વરસાદ આવે છે. દુષ્કાળમાંથી આ વિસ્તાર મુક્ત થાય છે અને પુનઃ નવપલ્લવિત થાય છે. કોઈ પરાક્રમી દૈવીતત્ત્વ આ પુનઃ નિર્માણ કરતું નથી. આ તો માત્ર સમયાંતરે થતું પરિવર્તન જ છે.

પછી ટી.એસ.એલિયટ કાવ્યની પશ્ચાદ્ ભૂમિકાને ગંગા કિનારે ખસેડે છે. ત્યાં મેઘગર્જના ગાજી રહી છે. એલિયટ આ વિભાગમાં મેઘ-ગર્જનાએ શું કહ્યું તેની વાત કરે છે. ઉપનિષદમાં કહેવાયું છે કે મેઘગર્જના તેની વાણી દ્વારા સંદેશ આપે છે, સહાનુભૂતિ વ્યક્ત કરે છે અને ઈન્દ્રિયોને અંકુશિત કરે છે. એલિયટ ભારતીય ઉપનિષદના ત્રણ શબ્દોને અર્થ સભર રીતે રજૂ કરે છે.

**આ શબ્દો છે :** *દત્ત (આપવું / દાન આપવું)*
**દયધ્વમ્** *(સહાનુભૂતિ રાખવી)*
**દમ્યતા** *(અંકુશિત કરવું, સંયમિત કરવું)*

*માનવ જીવનમાં દાન, કરૂણા અને સંયમ સૌથી મહત્ત્વના ગુણો છે. આ શબ્દો બૃહદારણ્યક ઉપનિષદમાંથી લીધેલા છે. આ ગુણો ભારતીય ઉપનિષદોમાં તેમજ બૌદ્ધ ધર્મમાં સર્વોચ્ચ માનવીય ગુણો ગણાય છે. મેઘગર્જના વર્ષનું દાન કરે છે અને ધરતીને નવ-પલ્લવિત બનાવે છે. કાવ્યનો આરંભ ક્રૂરતમ એપ્રિલ માસથી થાય છે. પરંતુ કાવ્યના અંતે વર્ષા ધરતીને નવું જીવન આપે છે.*

*અંતે, એલિયેટ ઉપનિષદનો મહાન શાંતિમંત્ર 'ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ। રજૂ કરે છે. વિશ્વને જરૂર છે શાંતિની. માનવને, પ્રકૃતિને અને માનવજીવનને જરૂર છે. પરમ શાંતિની. જીવનમાં ધન, સત્તા, સામ્રાજ્ય, અહંકાર આવે ત્યારે જગત મરૂભૂમિમાં ફેરવાઈ જાય છે. શાંતિ જ્યારે માનવ સમજણનો હિસ્સો બને છે ત્યારે માનવજીવન નવપલ્લવિત અને આનંદસભર બને છે. આ મહાન કાવ્યના વિવિધ રીતે અર્થઘટનો થયા છે, પરંતુ સૌથી મહત્ત્વની બાબત એ છે કે 'સ્વાર્થ' અને 'સત્તાકાંક્ષા' જગતને 'મરૂભૂમિ' બનાવે છે અને શાંતિ જગતને 'ગાર્ડન ઓફ એડન' બનાવે છે.*

### ❖ સંદર્ભ

*૧. ટી.એસ.એલિયટ : ધી વેસ્ટ લેન્ડ', ન્યૂયોર્ક, (૨૦૦૧).*

---

**લેખન : પ્રો. બટુકદાસ નિમાવત :** *વિશ્વની શ્રેષ્ઠ સાહિત્યકૃતિઓ' માંથી સાભાર.*

---

| એકમ-5 | યુલિસિસ |
|---|---|


૫.૧ પ્રસ્તાવના

૫.૨ કર્તા પરિચય : જેમ્સ જૉયસ

૫.૩ કૃતિ પરિચય : યુલિસિસ

૫.૪ સ્વાધ્યાય

૫.૫ સંદર્ભસૂચિ


## ૫.૧ પ્રસ્તાવના

*વિશ્વસાહિત્યની આધુનિકતાવાદી નવલકથાઓમાં જેમ્સ જૉયસની ‘યુલિસિસ’ નવલકથા પોતનું એક વિશેષ સ્થાન ધરાવે છે. આ નવલકથા ફક્ત આધુનિકતાનું વલણ ધરાવતી હોય એટલે જ વિશેષ નથી; પરંતુ સાહિત્યના લેખનમાં જોવા મળતા પ્રયોગાત્મક વલણોની બાબતમાં પણ આ નવલકથાએ પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે. અહીં જે પ્રકારની પ્રયોગાત્મકતા છે તેના પરિણામે આ નવલકથા લગભગ અપઠનીય બની છે. એક દિવસના અઢાર કલાકમાં આખા જીવનની ઘટનાઓને રેકોર્ડ કરવી અને જીવનના સત્યને ખોલી આપવું પોતાનામાં કંઈક વિશેષ હોવાની પ્રતીતિ કરાવે છે. આ નવલકથામાં ઊંડાણ અને સાહિત્યની જટિલતા તથા ભાષાના કારણે સાહિત્યની આખી સમજની પરિપાટી બદલી નાંખી છે. નવલકથામાં કથા ન હોવા છતાં ઘટનાઓનો મેળાપ, સંરચનાની પ્રયોગશીલતા, તત્કાલીન પરિસ્થિતિ સાથેનો મેળ, પૌરાણિક સાહિત્યસાથેનું અનુસંધાન અને ચેતના પ્રવાહ વિશેષ ધ્યાન ખેંચે છે. આખી નવલકથાનું રૂપ ભૂલભૂલામણી જેવું છે. આંતરિક મનોવૈજ્ઞાનિક સંઘર્ષ, એક દિવસની ઘટના, સામાજિક માનવીય મર્યાદા, રાજકીય ઉથલપાથલ તથા ભૌગોલિક વિસ્તારના દરેક સાક્ષ્યને પોતાની નવલકથામાં સમાવી, ઝીણવટપૂર્વક આલેખી, વિસ્તારપૂર્વક ઘટનાઓનું વિવરણ કરી, આંતર-બાહ્ય સંઘર્ષોને કલાત્મક રીતે સાહિત્યના માધ્યમે વ્યક્ત કરતી આ નવલકથા વૈશ્વિક સાહિત્યનું નોંધપાત્ર અને સુંદર ઘરેણું કહી શકાય.*

## ૫.૨ કૃતિ પરિચય : યુલિસિસ

*‘યુલિસિસ’ આયરિશ લેખક જેમ્સ જૉયસની વિશ્વપ્રસિદ્ધ નવલકથા છે, જે આધુનિકતાવાદી નવલકથા છે. આ નવલકથા પહેલીવાર ૧૯૧૮ માર્ચથી ૧૯૨૦ના ડિસેમ્બર સુધીમાં અમેરિકન જર્નલ ‘ધ લિટિલ રિવ્યૂ’ના કેટલાક ભાગમાં ક્રમબદ્ધ રીતે એપિસોડમાં પ્રકાશિત કરવામાં આવી હતી. સંપૂર્ણ નવલકથા ત્યારબાદ ૨ ફેબ્રુઆરી, ૧૯૨૨ જેમ્સ જૉયસના ચાલીસમાં જન્મદિવસ પર સિલ્વિયા બીચ દ્વારા પેરિસમાં પ્રકાશિત કરવામાં આવી. આ નવલકથા આધુનિકતાવાદી સાહિત્યનું સૌથી મહત્વપૂર્ણ કાર્ય અને*

આ પૂર્ણ આંદોલનનું પ્રદર્શન તેમજ સારાંશ માનવામાં આવે છે. ડેક્કન કિબેરડના કથન અનુસાર, 'જોમ્સ જૉયસથી પહેલા, કથા લખનાર કોઈપણ લેખકે વિચારની પ્રક્રિયા પૃષ્ઠભૂમિ પર મૂકી હતી નહીં.'

ઈ.સ. ૧૯૧૪થી ૧૯૨૧ની વચ્ચે આ નવલકથામાં ૧૮ એપિસોડમાં (આ નવલકથા અલગ અલગ દૃષ્ટિકોણ અને સંભાવનાથી લખાયેલી હોવાથી પ્રકરણો નહીં પણ એપિસોડ તરીકે ઓળખવું વધુ યોગ્ય છે) ૧૬ જૂન, ૧૯૦૪ના દિવસના ૧૮ કલાકનું વર્ણન છે અને વાર્તા છે. તેમાં પાત્રના 'Interior Monology' (આંતરિક એકોક્તિ) પણ સામેલ છે.

આ નવલકથાને સંક્ષેપમાં રજૂ કરીએ તો, ૧૬ જૂન ૧૯૦૪ના રોજ ડબલિનના એક દિવસ (૧૮ કલાક)નું અનુસરણ છે. બે મુખ્ય પાત્રોના ૧૮ કલાકની ગતિવિધિનું આલેખન છે. લિયોપોલ્ડ બ્લૂમ નામનો ૩૩ વર્ષનો મધ્યમ આયુ ધરાવતો યહૂદી વ્યક્તિ છે અને બીજો ૨૨ વર્ષનો યુવાન બૌદ્ધિક સ્ટીફન ડેડલસ. ત્રીજું પાત્ર પણ અહીં ઉલ્લેખનીય છે તે બ્લૂમની પત્ની મૌલી. આ સિવાયના બીજા ગૌણ પાત્રો સહાયક તરીકે છે. આ નવલકથા ત્રણ ખંડ અને ૧૮ એપિસોડમાં વહેંચાયેલી છે, જેના એપિસોડના નામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| 1. ટેલિમાક્સ | 2. નેસ્ટર | 3. પ્રોટિઅસ |
| 4. કેલિપ્સો | 5. લોપ્સ-ઈપર્સ | 6. હેડ્ઝ |
| 7. ઈલ્સ | 8. લેસ્ટ્રિગોનિઅન્સ | 9. સીલા એન્ડ ચેરિબડીસ |
| 10. દ વોન્ડરીંગ રોક્સ | 11. દ સાઈરન્સ | 12. સાઈક્લોપ્સ |
| 13. નોસિકો | 14. ઓક્સન એફદાસન | 15. સર્સી |
| 16. યુએઅસ | 17. ઈથાગા | 18. પેનેલોપી |

આ નવલકથાની શરૂઆત થાય છે માર્ટિલો ટાવરથી. આ નવલકથા મુખ્યરૂપે ત્રણ ભાગમાં વહેંચાયેલી છે, જેમાં પહેલા ત્રણ એપિસોડ જે સ્ટીફન ડેડલસના માર્ટિલો ટાવરમાં આવેલા ઘરથી શરૂ થઈ આગળ વધે છે, બીજા ભાગમાં લિયોપોલ્ડ બ્લૂમના કેન્દ્રીકૃત દૃષ્ટિકોણથી લખેલા બાર એપિસોડ છે અને ત્રીજા ભાગ બાકીના એપિસોડ છે.

નવલકથાનું એક મુખ્ય પાત્ર સ્ટીફન, જે અહીંયા માર્ટિલો ટાવરમાં રહે છે. સવારે આઠ વાગ્યાનો સમય છે એ તેના મિત્ર બક મુલિગન સાથે અહીં રહે છે, તેની સાથે બકનો અંગ્રેજી મિત્ર હેન્સ પણ રહે છે. બક વારંવાર સ્ટીફનનો મજાક ઉડાવે છે. સ્ટીફન આખી નવલકથામાં યકૃતના કેન્સરથી મૃત્યુ પામેલી મા વિશે જ વિચારતો રહે છે. આ તેનો મિત્ર બક કેટલીકવાર તેની મા વિશે પણ મજાક કરતો રહે છે, તેથી તે બકથી ઘણો નારાજ છે. તેમની વાતચીત પિતાની પુત્રની શોધની થીમની આસપાસ ફરે છે. સ્ટીફન હવે ઘરે નીકળતો હોય છે ત્યાં બક તેને સાંજે પબમાં મળવાનું કહે છે.

હવે સવારે ૧૦ વાગ્યે સ્ટીફન એક સ્કૂલમાં ઈતિહાસ ભણાવી રહ્યો છે. સ્ટીફન ઈતિહાસનો શિક્ષક છે. તે એવા વિદ્યાર્થીઓને ભણાવી રહ્યો છે જેઓને ભણવામાં રસ જ નથી. લેક્ચર લીધા બાદ તે સ્કૂલના હેડ માસ્ટર ડીઝીને મળે છે, તે સ્ટીફનને પે-મેન્ટ આપે છે અને સ્ટીફનને પોતાનું કંઈક લખેલું છાપવા કહે છે. મિસ્ટર ડીઝી સંકુચિત માનસવાળા વ્યક્તિ છે, જે સ્ટીફનને જિંદગી વિશે લેક્ચર આપે છે. તે પછીનો સમય સ્ટીફન સેન્ડી માઉન્ટ નામની જગ્યા પર એકાંતમાં વીતાવે છે. એ તે સમયને યાદ કરે છે જ્યારે યુવાન હતો અને ત્યાં બેઠા બેઠા તે પોતાના મનમાં એક કવિતા રચે છે અને આ કવિતાને મિસ્ટર ડીઝીએ આપેલા કાગળો પર ઉતારે છે. કાગળ પર ઉતાર્યા પછી, આ કવિતાને વાંચશે કોણ ? એમ વિચારી એકલતા અનુભવે છે અને સમુદ્રમાં આવતા વહાણોને જોવા લાગે છે.

હવે નવલકથાના બીજા ભાગમાં આજ દિવસે સવારે આઠ વાગ્યે નવલકથાનું બીજું મુખ્ય પાત્ર લિયોપોલ્ડ બ્લૂમ છે, જે પોતાની પત્ની માટે નાસ્તો બનાવી રહ્યો છે. ત્યારે જ તેને પોતાની દીકરી મિલી પાસેથી કેટલાક પત્રો મળે છે. તેમાં પહેલો પત્રો દીકરી મિલી એટલે કે મેરિયનના છે, જે ગઈકાલે જ પંદર વર્ષની થઈ હતી અને જે પહેલેથી જ મોલીંગરમાં ફોટોગ્રાફરના સહાયક તરીકે કામ કરે છે અને બીજા પત્ર છે તેની પત્ની મૌલીના. એક મિત્ર બોયલનના. બ્લૂમને મૌલી (મેરિયન) અને બોયલનના સંબંધો પર શંકા છે, પરંતુ તે કશું જ બોલી શકતો નથી. મૌલી એક સંગીત જલસાની ગાયિકા છે, તે તેના પત્રો વાંચે છે કે બપોરે ચાર વાગે તેઓ મળવાના છે. ત્યારબાદ તે પોતાના ઘરેથી બહાર નીકળી જાય છે.

સવારે દસ વાગ્યે પોસ્ટ ઑફિસમાંથી તેને એક પત્ર મળે છે તે પછી તે એક ચર્ચમાં જાય છે અને પછી તે આમતેમ આમ જ ફરતો રહે છે. સવારે અગિયાર વાગતા બ્લૂમ, સ્ટીફનના પિતા સિમોન ડેડલાસની સાથે ગાડીમાં બેસી પેડી પીગમેન નામની સ્ત્રીના અંતિમ સંસ્કારમાં જાય છે, ત્યાં લોકો તેની સાથે એકદમ આગંતુક (outsider)ની જેમ વ્યવહાર કરે છે. આ અંતિમ સંસ્કાર દરમિયાન બ્લૂમ પોતાના આત્મહત્યા કરનાર મૃત પિતા અને મૃત દીકરા વિશે વિચારવા લાગે છે.

બપોરે બ્લૂમ ફ્રી-મેન સમાચારપત્રના કાર્યાલયમાં કોઈ જાહેરાત બાબતે વાત કરે છે. ત્યાં હાજર કોઈક વ્યક્તિઓ અને પોતે સમાચારપત્રનો સંપાદક કોઈક રાજકીય સ્પીચીઝની વાતો કરી રહ્યા હતા. હવે સ્ટીફન પણ અહીં મિસ્ટર ડીઝીના પત્રો લેવા આવ્યો અને સ્ટીફન પોતાના બીજા મિત્રોની સાથે અહીંથી જ પબમાં જવા નીકળી ગયો. ત્યારબાદ બપોરે તે જ્યુસી નામની મહિલાને મળે છે, જે સગર્ભા છે અને હોસ્પિટલમાં છે. હવે તે નિર્ણય લે છે કે તે ડેવિબર્નની સાથે હળવું લંચ કરશે અને તે પછી નેશનલ લાઈબ્રેરી તરફ ચાલવા લાગે છે. બપોરે બે વાગ્યે આજ નેશનલ લાઇબ્રેરીમાં સ્ટીફન પોતાની હેમ્લેટ થિયરી પોએટ એ. ઈ. લાઈબ્રેરિયનને આપે છે. આ કવિ તેની થિયરીને નકારીને ત્યાંથી ચાલ્યો જાય છે તો ત્યાં બક મુલિગન આવી સ્ટીફનને પબ પર ન આવવા બોલવા લાગે છે.

બક અને સ્ટીફન લાઈબ્રેરીમાંથી નીકળી રહ્યા હોય ત્યાંથી બ્લૂમ તેમની સામેથી પસાર થાય છે.

સાંજના ચાર વાગ્યે આર્મંડ હોટલના બારમાં કેટલાંક લોકો બેઠેલા છે જેમાં સ્ટીફનના પિતા સિમોન ડેડલાસ તથા બોયલન પણ છે. અહીં બ્લૂમ જુએ છે કે હોટલની બહાર જે કાર પાર્ક કરેલી છે તે બોયલનની છે. તે આ કારને જોતો હોય છે ત્યારે જ બોયલનને યાદ આવે છે કે તેની મૌલીની સાથે મિટિંગ કરવાની છે અને બોયલન ત્યાંથી ચાલ્યો જાય છે. બ્લૂમ અહીં ઉદાસ થઈને આજ રેસ્ટોરાંમાં બેસી જાય છે. ત્યાં બેઠો બેઠો જ તે કંઈક લખે છે અને તેને પોસ્ટ કરવા ચાલ્યો જાય છે.

સાંજે પાંચ વાગ્યે બ્લૂમ માર્ટિનને મળવા એક પબમાં આવે છે, પરંતુ ત્યાર સુધી માર્ટિન હજુ ત્યાં આવ્યો નથી. ત્યારે જ એક નેશનાલીસ્ટએ તે યહૂદી હોવાથી તેની પર હુમલો કરી દીધો. બ્લૂમ હાફ જ્યુ (અડધો યહૂદી) છે. આ બંને વચ્ચે ઝગડો થઈ જાય છે અને ત્યારે ત્યાં માર્ટિન આવી તેને બચાવી લઈ જાય છે.

સંધ્યાકાળે બ્લૂમ સેન્ડી માઉન્ટના કિનારે બેઠો હોય છે, તે પહેલા તે પાસે આવેલા મિસિસ ડિગ્નમના ઘરે થઈને આવ્યો હોય છે. ત્યાં બીચ પર ગેર્ટી મેકડીવેલ છોકરી તેને જોઈ રહી છે અને તે વૃત્તિના કારણે બ્લૂમ ત્યાં સહવાસ કરે છે. તે છોકરી ત્યાંથી ચાલી જાય છે, પરંતુ બ્લૂમ ત્યાં જ બીચ પર સૂઈ જાય છે.

રાત્રે દસ વાગ્યે મીના પ્લોરીફોયને જોવા (ખબર લેવા) હોસ્પિટલ જાય છે. અહીં સ્ટીફન અને બીજા તેના તબીબ મિત્રો પણ ત્યાં જ હતા મોટેમોટેથી વાતો કરી રહ્યા હતા, આ જોઈ બ્લૂમ પણ તેમાં ભળી જાય છે, ત્યારબાદ બક મુલિગન ત્યાં આવે છે અને બધા ભેગા થઈ પબમાં જાય છે. પબમાં સ્ટીફન ખૂબ વધારે દારૂ પીએ છે અને તેને નશો ચડી જાય છે ત્યારે તેને લાગે છે કે તેણે તેની મૃત માતાનું ભૂત જોયું. આ પછી બ્લૂમ, સ્ટીફનની પાછળ ભાગે છે અને તેને દારૂના નશામાંથી બહાર લાવે છે અને પોતાની સાથે બ્લૂમ તેને કોફી પર લઈ જાય છે.

ત્યારબાદ બ્લૂમ, સ્ટીફનને પોતાના ઘરે આવવા માટે કહે છે. અડધી રાત પછી બ્લૂમ અને સ્ટીફન બંને બ્લૂમના ઘરે આવે છે. ત્યાં કોકો પીએ છે અને પોતાના વિશે એકબીજાને જણાવે છે. આ પછી બ્લૂમ, સ્ટીફનને રાત્રે પોતાને ત્યાં જ રોકાઈ જવા જણાવે છે, પરંતુ સ્ટીફન નમ્રતાપૂર્વક નકારે છે. પછી સ્ટીફન ત્યાંથી ચાલ્યો જાય છે.

બ્લૂમને અંદાજો આવી જાય છે કે આ બોયલન હમણા હમણા જ તેની પત્ની મૌલીની પાસે આવ્યો હતો. બ્લૂમ તેની પત્ની મૌલીને તેના આખા દિવસ વિશે જણાવે છે અને સૂઈ જાય છે. પલંગ પર મૌલી, બ્લૂમ પાસે જ સૂઈ રહી છે પણ તે હજુ સુધી સૂઈ ગઈ નથી. બ્લૂમના સૂઈ ગયા પછી પણ મૌલી જાગી રહી છે અને તેના મસ્તિષ્કમાં ઘણી બધી બાબતો ચાલી રહી છે. આ નવલકથાનો છેલ્લો એપિસોડ મૌલીના દૃષ્ટિકોણથી દર્શાવવામાં આવ્યો છે. મૌલી આ સમયે તેના બાળપણની, તેના પતિ બ્લૂમે તેને પ્રપોઝ કર્યું હતું તે

સમયની, બોયલન સાથેના તેના સહવાસની તથા તેના સંગીતના વ્યવસાયની કેટલીય વાતો વિચારતી હોય છે. મૌલીના આ જ આંતરિક વાર્તાલાપ (એકોક્તિ) સાથે આ નવલકથા પૂર્ણ થાય છે.

અંતિમ એપિસોડમાં બ્લૂમ પોતાની પત્ની મૌલીની સાથે બિસ્તર પર છે તેમાં મૌલીના દૃષ્ટિકોણથી દર્શાવવામાં આવેલું આખું પ્રકરણ એકોક્તિ છે, જેના શબ્દો અને શૈલી ખૂબ પ્રસિદ્ધિ પામી છે કારણ કે આખી એકોક્તિ કોઈપણ વિરામચિહ્ન રહિત ૪૦ પાનામાં છે. અહીં શબ્દ કેવળ એક લાંબા, પૂર્ણ વિચારના રૂપમાં પ્રવાહિત થયું છે.

હોમરના મહાકાવ્ય સંદર્ભે આઠમી સદીમાં એક યોદ્ધો હતો 'ઓડિસીયસ', જેને અંગ્રેજીમાં 'યુલિસિસ' કહેવાય છે. તે પ્રવાસ કરવાનું, લડાઈ કરવાનું પસંદ કરતો હતો અને વર્ષો સુધી ઘરે આવ્યો નહીં. હવે આપણે જેમ્સ જૉયસની નવલકથા 'યુલિસિસ'માં જોઈએ તો મિ. બ્લૂમનું પાત્ર છે, તે તેના જેવું જ છે, મિ. બ્લૂમ આખો દિવસ ઘણા સ્થળોએ રખડ્યો, જ્યાં જવાનું કોઈ પ્રયોજન ન હતું ત્યાં પણ ગયો છતાં ઘરે આવતો નથી; કારણ કે તે તેની પત્નીને વિશ્વાસપાત્ર ગણતો નથી અને તેના અન્ય પુરુષ સાથેના સંબંધો વિશે તેને શંકા છે. જેમ અંતમાં હોમરના મહાકાવ્યનો ઓડિસીયસ 'ઈથાગા' પાછો ફર્યો હતું તેમ આ જૉયસની યુલિસિસમાં પણ સત્તરમાં એપિસોડનું નામ 'ઈથાગા' રાખવામાં આવ્યું છે, કારણ કે આ એપિસોડમાં જ બ્લૂમ પણ ઘરે પાછો ફરે છે તથા છેલ્લો અઢારમાં એપિસોડ મૌલી બ્લૂમના દૃષ્ટિકોણથી બતાવવામાં આવ્યો છે, જેમાં મૌલી પણ તેના પતિને વિશ્વાસપાત્ર ગણતી નથી અને તે સમજે છે કે તે તેના પતિને કારણે ખુશ નથી. જ્યારે હોમરની 'ઓડિસી'માં જ્યારે ઓડિસીયસ ઘરે આવે છે ત્યારે તેની પત્ની 'પેનેલોપ' તેના માટે પહેલા જેટલી જ વિશ્વાસપાત્ર રહી છે. અહીં અઢારમાં એપિસોડનું નામ 'પેનેલોપ' છે પણ પાત્રની દૃષ્ટિએ વિરોધાભાષી વલણ આધુનિકતાવાદનું પરિચાયક બને છે.

નવલકથાના મુખ્ય ત્રણેય પાત્રો સમાંતર વિકાસ કરતા રહે છે, ખરેખર તો ત્રણેય પાત્રો શાબ્દિક કે અલંકારિક રીતે સાતસો પાનાની વિશાળ નવલકથામાં ભટકતા રહે છે, પરંતુ દરેક જીવનથી નિરાશ છે. સ્ટીફન, જે હોમરના ટેલિમાક્સ સાથે સંબંધ રાખે છે તેથી સ્ટીફનની વિગત આપતા પ્રથમ એપિસોડનું નામ 'ટેલિમાક્સ' રાખવામાં આવ્યું છે, બ્લૂમ (ઓડિસીયસ) બૌદ્ધિક સિદ્ધાંતનું પ્રતિનિધત્વ કરે છે તો મૌલી બ્લૂમ (પેનેલોપ) વિષયાસક્ત 'કલાકાર'નું પ્રતીક છે.

આ આખી નવલકથામાં જેમ્સ જૉયસ ચેતનાપ્રવાહને ઘટનાઓમાં પ્રયોગાત્મક રીતે ગૂંથે છે કે જેથી બ્લૂમ, ડેડલસ અને મૌલીના ઘટનાના પરિપ્રેક્ષ્ય સ્પષ્ટ થાય પણ સમજવા મુશ્કેલ જણાય. તેઓ અહીં વ્યાપક સ્વરૂપે સાહિત્યની વિવિધ તકનીક સાથે રમે છે જાણે નાટક ભજવાતું હોય. આ નવલકથાનો મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ નવલકથા પછી પણ ભાવક-વાચકના મનમાં અનેક પ્રશ્નો રમતા કરી દે છે. અહીં જૉયસની શૈલી સાહિત્યિક વાસ્તવવાદના પાયા હચમચાવી દે છે. સાથે પૌરાણિક હોમરની ઓડિસી સાથે

જૉયસ 'યુલિસિસ'નું સતત મેપિંગ કરે છે તેથી જ તો 'ઓડિસીયસ'ના ઘરે 'ઈથાગા' આવવાને આ નવલકથામાં 'બ્લૂમ'ના ઘરે પાછા ફરવાના એપિસોડને 'ઈથાગા' નામ આપી જોડે છે.

વતન અને ધર્મથી જોડાયેલા જટિલ ભૂલભૂલામણીમાં કલાકાર માર્ગ અને ભાગ્યનું એક પોલિસેમેંટિક (Polysomatic) રૂપક અહીં પ્રયોજાય છે. અહીં આધુનિક પશ્ચિમી સમાજમાં ભયાવહ માનવ ચિત્રાંકન સાથે વ્યક્તિની એકલતા અને ખાલીપો દર્શાવ્યો છે. શબ્દો અને વાક્યો દૃષ્ટિએ માત્ર ઈરાદાપૂર્વક નવીનતા, પણ આડકતરા ઉલ્લેખો માટે, ક્વોટેશન અને મિથનો પણ ઘણો ઉપયોગ કરાયો છે, અહીં પાત્રોનો વ્યવહાર ચોક્કસ મૂંઝવણમાં મૂકી પરંતુ પાત્રોની છબી ચોક્કસ અને સ્પષ્ટ છે.

યુલિસિસમાં ૧૬ જૂન, ૧૯૦૪ના સામાન્ય દિવસ દરમિયાન ડબલિનમાં લિયોપોલ્ડ બ્લૂમની આસપાસ થયેલી નિયુક્તિ અને સંઘર્ષનું વર્ણન છે. ૧૬ જૂન, ૧૯૦૪ના રોજ ડબલિનમાં લિયોપોલ્ડ બ્લૂમ પોતાની પત્ની મૌલીના સંબંધ વિશે ચિંતાતુર થઈ શહેરની અલગ અલગ જગ્યાએ ફરે છે. સવારે ૦૮:૦૦ વાગ્યાથી ૧૮ કલાકના જીવનપ્રવાસની સામગ્રી ચેતનાપ્રવાહમાંથી નીકળી આવે છે, પાત્રોના ભૂતકાળના અનુભવો અને આધ્યાત્મિક જીવનની સ્પષ્ટ અભિવ્યક્તિ વચ્ચે માનસિક વર્ણનોના નિયંત્રણ હેઠળ લૉજિકલ, પદ્ધતિસરના, વાજબી બલિદાનની પ્રવૃત્તિઓથી સાવ અલગ અસંગતિ દર્શાવતી નવલકથા છે.

આ નવલકથાનું શીર્ષક ગ્રીક સર્જન હોમરના મહાકાવ્ય 'ઓડિસી'માંથી લેવામાં આવ્યું છે. 'ઓડિસી'ના નાયકનું નામ 'યુલિસિસ' લેટિન નામ છે. આ નવલકથા અને મહાકાવ્ય વચ્ચે સમાનતા જોઈએ તો, લિયોપોલ્ડ બ્લૂમ અને ઓડિસીયસ, મૌલી બ્લૂમ અને પેનેલોપ અને સ્ટીફન ડેડલસ અને ટેલિમાક્સના પાત્રો અને અનુભવો વચ્ચે માળખાગત પત્રાચારની સાથે આધુનિકતા, ડબલિનના ૨૦ સદીના પ્રથમ બે દાયકા, તત્કાલીન કાર્યક્રમ અને વિષય ઉપરાંત આયરલેંડ અને બ્રિટનના સંબંધો વિશે પણ માહિતી મળે છે.

આ નવલકથામાં આધુનિક માનવની વેદના, લાચારી તથા નિરાધારપણું આંતરચેતનાના પ્રવાહ દ્વારા દર્શાવવામાં આવી છે. કથાનકમાં મુખ્ય પાત્રોની આસપાસ ગૂંથાયેલી અનેક વાતો અને નાની-નાની ઘટનાઓ, સ્ટીફન અને બ્લૂમની લાચારીની સાથે જીવનની નિરર્થકતા, નિરર્થક ભ્રમણ અને એકાંકીપણાથી બચવાના ત્રણેયના પ્રયાસ, જે સ્થિતિ અને પરિસ્થિતિને સ્વીકાર કરવા સિવાય કોઈ રસ્તો ન હોવાથી કરુણતા અને આંતરિક મથામણ ધ્યાન ખેંચે છે. સામાજિક અને કૌટુંબિક અસંતોષ અને વિશ્વનીયતાનો અભાવ જીવનની નિરાશામાં પરિણમે છે, જેથી માનવીનું જીવન કરુણતા તરફ ધકેલાઈ છે. આ હાર્દને પ્રગટ કરવા પાત્રોનું બિનજરૂરી ભ્રમણ દર્શાવવામાં આવ્યું છે.

આ નવલકથાની ધારામાં Stream of Consciousness (ચેતનાનો પ્રવાહ)ની તકનીક, ચુસ્ત બંધારણ અને પ્રયોગાત્મક ગદ્યના રૂપે લખાયેલી મનોવૈજ્ઞાનિક નવલકથા

*હોવાથી તેનું વાંચન સરળ નથી. આ નવલકથા ૧૮ એપિસોડમાં ૧૮ અલગ અલગ શૈલીને પ્રદર્શિત કરતું તત્કાલીન શ્રેષ્ઠ સાહિત્ય છે. આ નવલકથામાં અંગ્રેજી સાહિત્યની વિવિધ સમયાવિધિમાં જોવા મળતી શૈલીઓનું પણ અનુકરણ કરવામાં આવ્યું છે. 'યુલિસિસ'માં જેમ્સ જૉયસે ડબલિનના એક દિવસમાં બે કેન્દ્રિય પાત્રો લિયોપોલ્ડ બ્લૂમ અને સ્ટીફન ડેડલસના જીવનની ઘટનાઓને રિકોર્ડ કરી છે તથા તે જીવનના ઊંડાણ અને જટિલતાની સાથે એવી રીતે રજૂ કરી છે કે આપણી સાહિત્ય અને ભાષાની સમજ ધરમૂળથી જ બદલાય જાય. આ નવલકથા અંતહીન આવિષ્કાર છે, જે ભૂલભૂલામણીનું નિર્માણ કરે છે. તેમાં એક દિવસમાં ઐતિહાસિક સ્થળ-કાળની ભૂમિકા, આંતરિક-મનોવૈજ્ઞાનિક અભિગમ, પ્રયોગાત્મક વલણને આશ્ચર્યજનક રીતે ઉચ્ચ કલાશૈલીના માધ્યમે રજૂ કરવામાં આવી હોવાથી પાઠક કે ભાવક પાસે વિશેષ સૂઝની અપેક્ષા રાખતી વિશ્વ સાહિત્યની ઉમદા કૃતિ છે.*

## ૫.૩ કર્તા પરિચય : જેમ્સ જૉયસ

**જેમ્સ જૉયસ (જન્મઃ ૨ ફેબ્રુઆરી, ૧૮૮૨ મૃત્યુઃ ૧૩ જાન્યુઆરી, ૧૯૪૧)**

*જેમ્સ જૉયસ એક આઈરિશ નવલકથાકાર, ટૂંકીવાર્તા લેખક, કવિ, શિક્ષક અને સાહિત્યિક વિવેચક હતા. તેમણે આધુનિકતાવાદી અવંત-ગાર્ડે ચળવળમાં યોગદાન આપ્યું અને વીસમી સદીના સૌથી પ્રભાવશાળી અને મહત્ત્વપૂર્ણ લેખકોમાંના એક ગણાય છે.*

*જેમ્સ ઓગસ્ટિન એલોયસિયસ જૉયસનો જન્મ : ૨ ફેબ્રુઆરી, ૧૮૮૨ના રોજ આયર્લેન્ડના ડબલિન શહેરના રાઠગરમાં થયો હતો. તેમના પિતા જૉહ્ન સ્ટેનિસ્લોસ જૉયસ તથા માતા મેરી જેન મુર હતાં. જેમ્સ જૉયસ તેમના દશ જીવિત ભાઈ-બહેનોમાં સૌથી મોટા હતા. તેના પિતા શ્રીમંત માણસ હતા, ધીમે ધીમે તેમની આર્થિક સ્થિતિ બગડતી ગઈ. છ વર્ષની ઉંમરે ક્લોગોવ્સ વુડ કોલેજ, જેસુઈટ બોર્ડિંગ સ્કૂલ કે જેને "આયર્લેન્ડની ઈટોન" કહેવામાં આવે છે, ત્યાં તેમને મોકલવામાં આવ્યા. જીવનમાં આવેલી આર્થિક પરિસ્થિતિઓને કારણે એપ્રિલ ૧૮૯૩માં, તેમને અને તેમના ભાઈ સ્ટેનિસ્લાસને ડબલિનની જેસુઈટ વ્યાકરણ શાળા, બેલ્વેડેર કોલેજમાં મફતમાં પ્રવેશ મેળવ્યો હતો. જૉયસે ત્યાં શિક્ષણ મેળવ્યું. મેરિયન સોસાયટીના બે વાર પ્રમુખ તરીકે ચૂંટાયા, મુખ્યત્વે હેડ બોયનો દરજ્જો મળ્યો હતો. તેઓ શાનદાર વિદ્યાર્થી રહ્યા. તેમનું ભણતર જેસુઈટ કૉલેજમાં થયું ત્યારબાદ તેમણે યુનિવર્સિટી ઓફ ડબલિનમાં પ્રવેશ મેળવ્યો, ત્યાંથી આધુનિક ભાષાઓમાં ૧૯૦૨માં સ્નાતકની પદવી મેળવી. લખવાની કળા તેમણે પંક્તિઓ લખી અને ટૂંકા ગદ્ય માર્ગો સાથે પ્રયોગ કર્યો જેને તેઓ "એપિફેન્સ" કહે છે, એક શબ્દ જેનો ઉપયોગ જૉયસે તે ક્ષણોનું વર્ણન કરવા માટે કર્યો હતો જ્યારે તેણે વ્યક્તિ અથવા વસ્તુ વિશે વાસ્તવિક સત્ય શોધ્યું હતું. લખતી વખતે પોતાની જાતને ટેકો આપવા માટે, તેણે ડૉક્ટર બનવાનું નક્કી કર્યું, પેરિસ ગયા, જ્યાં તેણે દવાનો અભ્યાસ કરવાનું વિચાર્યું. બાકી, પુસ્તકની કેટલીક સમીક્ષાઓ લખી, અને સેન્ટ-જિનેવીવની લાઈબ્રેરીમાં અભ્યાસ કર્યો.*

એપ્રિલ ૧૯૦૩માં ઘરે પરત ફર્યા કારણ કે તેમની માતા અને ભાઈ બંનેનું અવસાન થયું ત્યારે તેઓ કિશોર વયે અને યુવાન પુખ્ત વયના હતા, ત્યારે ઘટનાઓ તેમના જીવનમાં એક વળાંક બની હતી, જેણે કલાત્મક ફિલસૂફીનો દરવાજો ખોલ્યો હતો. તેમણે શિક્ષણ સહિત વિવિધ વ્યવસાયો અજમાવ્યા અને સાન્ડેકોવમાં માર્ટેલો ટાવર સહિત વિવિધ સરનામાંઓ પર રહેતા હતા, જે પાછળથી એક સંગ્રહાલય બની ગયું. તેમણે તેમના પોતાના જીવનની ઘટનાઓ પર આધારિત એક લાંબી પ્રાકૃતિક નવલકથા, સ્ટીફન હીરો લખવાનું શરૂ કર્યું હતું, જ્યારે ૧૯૦૪માં જ્યોર્જ રસેલે આઈરિશ પૃષ્ઠભૂમિ સાથેની કેટલીક સરળ ટૂંકીવાર્તાઓ માટે પ્રત્યેક પૈસાની ઓફર કરી હતી, જે ફાર્મર્સ મેગેઝિન, ધ આઈરિશ હોમસ્ટેડમાં દેખાય છે. જવાબમાં, જૉયસે ધ ડબ્લિનર્સ (૧૯૧૪)માં પ્રકાશિત વાર્તાઓ લખવાનું શરૂ કર્યું.

જૉયસ ૧૬ જૂન, ૧૯૦૪ના રોજ નોરા બાર્નેકલને મળ્યા બાદ પ્રેમમાં પાગલ થઈ ગયો હતો અને પછી તરત જ તેની સાથે ખંડીય યુરોપ માટે રવાના થયો હતો, ફરી ક્યારેય આયર્લેન્ડ પાછો ફર્યો ન હતો. પછી તે ટ્રાયસ્ટે, પેરિસ અને ઝ્યુરિચમાં રહેતા હતા. જૉયસનું મોટાભાગનું પુખ્ત જીવન વિદેશમાં વિત્યું હોવા છતાં, જૉયસનું કાલ્પનિક બ્રહ્માંડ ડબલિન પર કેન્દ્રિત છે અને મોટાભાગે એવા પાત્રો દર્શાવે છે જેઓ તેમના સમયના કુટુંબના સભ્યો, દુશ્મનો અને મિત્રોને મળતા આવે છે. ખાસ કરીને યુલિસિસમાં શહેરની શેરીઓ અને ગલીઓમાં ચોકસાઈ સાથે ગોઠવવામાં આવી છે. પુસ્તકના પ્રકાશનના થોડા સમય પછી, તેણે આ પૂર્વગ્રહને કંઈક અંશે સ્પષ્ટ કરતાં કહ્યું, "મારા માટે, હું હંમેશા ડબલિન વિશે લખું છું, કારણ કે જો હું ડબલિનના હૃદય સુધી પહોંચી શકું તો હું વિશ્વના તમામ શહેરોમાંથી શ્રેષ્ઠ બનીશ." હું પહોંચી શકું છું. હૃદય. ખાસ કરીને સાર્વત્રિક ગર્ભિત." નોરા ૧૯૪૧માં તેમના મૃત્યુ સુધી સાથે રહ્યા. તેમને બે બાળકો હતા, જ્યોર્જિયો અને લુસિયા.

જોઈસ પોતાના જીવનમાં ઘણી મુસાફરી કરી જેમાં આયરલેન્ડના ડબલિન, ઈંગ્લેંડમાં લંડન, સ્વિટ્ઝર્લેન્ડના ઝ્યુરિચ તથા ઇટાલીના ટ્રાઅસ્ટે જેવા દેશો અને શહેરોનો સમાવેશ થઈ શકે. જ્યારે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, ત્યારે જૉયસ પરિવાર નાઝીઓથી બચવા માટે તટસ્થ સ્વિટ્ઝર્લેન્ડ ભાગી ગયો. પેટના અલ્સરની સર્જરી બાદ ૧૩ જાન્યુઆરી, ૧૯૪૧ના રોજ સ્વિટ્ઝર્લેન્ડના ઝ્યુરિચમાં જૉયસનું અવસાન થયું હતું.

નવ વર્ષની ઉંમરે તેણે એક કવિતા રચી જે તેની સરળતા અને નિખાલસતાથી આશ્ચર્યચકિત થઈ જાય છે. તેણે તેને આયર્લેન્ડમાં મુક્તિ ચળવળના નેતા ચાર્લ્સ પાર્નેલને સમર્પિત કર્યું, યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી વખતે, જૉયસે તેના પ્રિય લેખક, હેનરી ઈબ્સેન દ્વારા "ડ્રામા એન્ડ લાઈફ" વિશે એક નિબંધ લખ્યો હતો. તે સર્જનાત્મકતાની ટૂંકી સમીક્ષા હતી અને એક વર્ષ પછી જૉયસે લંડનના પ્રતિષ્ઠિત મેગેઝિન "ટુ-વીકલી રિવ્યુ"માં છાપવાનું શરૂ કર્યું. તેમનું પ્રથમ પ્રકાશન ઈબ્સનના નાટક ધ ન્યૂ ડ્રામા વિશેનો લેખ હતો. શિખાઉ લેખકને યોગ્ય ફી મળી, પરંતુ તેના માટે સૌથી મૂલ્યવાન નાટ્યકારની પ્રશંસા

હતી. તેમણે ૧૯૦૦ના એ જ વર્ષે "એ બ્રિલિયન્ટ કરિયર" નાટક લખ્યું. આ ઈબ્સેનની નકલ કરતાં વધુ કંઈ નથી.

૧૯૦૪ના ઉનાળામાં, ડબલિનમાં રહેતાં, જૉયસે એક અખબાર, આઈરિશ હોમસ્ટેડમાં ટૂંકીવાર્તાઓની શ્રેણી પ્રકાશિત કરવાનું શરૂ કર્યું. આ નાની નાની વાર્તાઓ આખરે ડબલિનર્સ (Dubliners) નામના સંગ્રહમાં ઈ.સ. ૧૯૧૪માં પ્રકાશિત થાય છે. આજે ડબલિનર્સ ટૂંકીવાર્તા સાહિત્યનો પ્રભાવશાળી સંગ્રહ માનવામાં આવે છે. તેઓ વીસમી સદીની શરૂઆતમાં ડબલિનમાં અને તેની આસપાસના આઈરિશ મધ્યમ-વર્ગના જીવનનું કુદરતી નિરૂપણ છે.

તેમણે કવિતાના વોલ્યુમ પર પણ કામ કર્યું. અત્યાર સુધીનું તેમનું પ્રથમ પ્રકાશિત પુસ્તક તેમના કવિતાઓનો સંગ્રહ, ચેમ્બર મ્યુઝિક હતું, જે ૧૯૦૭માં પ્રકાશિત થયું હતું. ૭ જાન્યુઆરી ૧૯૦૪ના રોજ, જૉયસે 'અ પોર્ટ્રેટ ઓફ ધ આર્ટિસ્ટ' સૌંદર્યશાસ્ત્ર વિશેની એક નિબંધ-વાર્તા પ્રકાશિત કરવાનો પ્રયાસ કર્યો, જે મુક્ત-વિચાર મેગેઝિન ડાના દ્વારા નકારી કાઢવામાં આવ્યો. તેમના ૨૨મા જન્મદિવસે, તેમણે વાર્તાને નવલકથામાં ફેરવવાનું નક્કી કર્યું, જેને તેમણે સ્ટીફનનો હીરો કહ્યો. તે જૉયસની યુવાનીનું કાલ્પનિક પ્રસ્તુતિ હતું, પરંતુ તે આખરે તેની દિશાથી હતાશ થઈ ગયો અને નોકરી છોડી દીધી. તે આ રીતે ક્યારેય પ્રકાશિત થયું ન હતું, પરંતુ વર્ષો પછી, ટ્રાયસ્ટેમાં, જૉયસે તેને સંપૂર્ણ રીતે અ યંગ મેન તરીકે આર્ટિસ્ટના પોર્ટ્રેટ તરીકે ફરીથી લખ્યો. અધૂરી નવલકથા 'સ્ટીફન હીરો' તેમના મૃત્યુ પછી પ્રકાશિત થયો હતો.

૧૯૧૬માં પ્રકાશિત થયેલ એક યુવાન માણસ તરીકે કલાકારનું પોર્ટ્રેટ, સ્ટીફન હીરો દ્વારા ત્યજી દેવાયેલી નવલકથાનું લગભગ સંપૂર્ણ પુનર્લેખન છે. આ નવલકથા આગેવાન સ્ટીફન ડેડાલસના બાળપણ અને કિશોરાવસ્થા અને કલાત્મક સ્વ-ચેતનામાં તેના ધીમે ધીમે ઉદયને દર્શાવે છે. પછીના કાર્યોમાં જૉયસ દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાતી તકનીકોના કેટલાક સંકેતો, જેમ કે ચેતનાનો પ્રવાહ, આંતરિક એકપાત્રી નાટક અને પાત્રની બાહ્ય વાતાવરણને બદલે તેની માનસિક વાસ્તવિકતાનો સંદર્ભ નવલકથામાં સ્પષ્ટ છે. થિયેટરમાં પ્રારંભિક રસ હોવા છતાં, જૉયસે માત્ર એક જ નાટક, 'એક્ઝાઈલ્સ' (નિર્વાસન) પ્રકાશિત કર્યું, જે ૧૯૧૪માં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યા પછી તરત જ શરૂ થયું અને ૧૯૧૮માં પ્રકાશિત થયું.

તેઓ ૧૯૦૬માં ડબલિનર્સ પર કામ પૂર્ણ કરી રહ્યા હતા, ત્યારે જૉયસે લિયોપોલ્ડ બ્લૂમ નામના યહૂદી જાહેરાત પ્રચારકને દર્શાવતી યુલિસિસ શીર્ષક હેઠળ બીજી વાર્તા ઉમેરવાનું વિચાર્યું. તેણે આ વિચાર પર ૧૯૧૪માં શીર્ષક અને મૂળ આધાર બંનેનો ઉપયોગ કરીને એક નવલકથા પર કામ કરવાનું શરૂ કર્યું. લેખન ઓક્ટોબર ૧૯૨૧માં પૂર્ણ થયું હતું. જૉયસના ૪૦મા જન્મદિવસે, ૨ ફેબ્રુઆરી, ૧૯૨૨ના રોજ, પેરિસમાં લેખકની ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી યશોદાયી નવલકથા 'યુલિસિસ' પ્રકાશિત થઈ.

જૉયસનું છેલ્લું પુસ્તક, ફિનેગન્સ વેક, ૧૯૩૯માં પ્રકાશિત થયું હતું, તે કોયડારૂપ છે, પુસ્તક ઘણી ભાષાઓમાં એક સાથે લખવામાં આવ્યું અને પૃષ્ઠ પરનું વિચિત્ર ગદ્ય સ્વપ્ન જેવી સ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે. તે વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે કે જો યુલિસિસ દિવસની વાર્તા હતી, તો ફિનેગન્સ વેક એ રાત્રિની વાર્તા છે.

જેમ્સ જૉયસ, જેમની જીવનચરિત્ર તેમના પુસ્તકોમાં સતત પ્રતિબિંબિત થાય છે, તેણે કહ્યું કે તે વિશ્વનો ઈતિહાસ લખી રહ્યો છે. નવી નવલકથાના અલગ-અલગ પ્રકરણો ૧૯૨૭થી પ્રકાશિત કરવામાં આવ્યા છે. "વેક એટ ફિનેગાનુ"માં સંપૂર્ણ રીતે શ્લોકો, નિયોલોજિઝમ્સના સેટનો સમાવેશ થાય છે, લેખક લેખનમાં ઘણી ભાષાઓનો ઉપયોગ કરે છે, તેમાં તેની પ્રતિભાનો ખ્યાલ મેળવી શકીએ છીએ.

જૉયસની લેખનશૈલી સમયાંતરે વિકસતી ગઈ અને તેમની દરેક મુખ્ય કૃતિની પોતાની આગવી શૈલી હોવાનું કહી શકાય. પરંતુ, સામાન્ય રીતે, તેમનું લેખન ભાષા પર નોંધપાત્ર ધ્યાન, પ્રતીકવાદનો નવીન ઉપયોગ અને પાત્રના વિચારો અને લાગણીઓને દર્શાવવા માટે આંતરિક એકપાત્રી નાટકોના ઉપયોગ સાથે ચિહ્નિત થયો છે.

જૉયસનું કાર્ય તેની જટિલતા માટે પણ વ્યાખ્યાયિત થયેલું છે. જૉયસે તેમના લેખનમાં ખૂબ કાળજી લીધી, અને વાચકો અને વિવેચકો સમાન રીતે તેમના ગદ્યમાં અર્થના સ્તરો અને સ્તરોની નોંધ લે છે. તેમની નવલકથામાં, જૉયસે શાસ્ત્રીય સાહિત્યથી લઈને આધુનિક મનોવિજ્ઞાન સુધીના વિવિધ વિષયોનો સંદર્ભ આપ્યો છે. અને ભાષા સાથેના તેમના પ્રયોગોમાં વૈવિધ્ય છે અને આ શબ્દો જે ઘણી વખત વિસ્તૃત અર્થો ધરાવે છે.

વિશ્વમાં પોતાની સર્જક પ્રતિભાથી જાણીતા થયેલા જેમ્સ જૉયસ તેમની વિવિધ ભાષા અને શૈલીઓમાં પ્રયોગાત્મક વલણની નિપુણતા અને નવી સાહિત્યિક શોધની વિશિષ્ટતાને કારણે તેમને પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ. તેમના જીવનકાળ દરમિયાન અને તેમના મૃત્યુ પછી તેમના સાહિત્યિક કાર્યનું અસ્પષ્ટપણે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, પરંતુ એક વસ્તુ યથાવત છે - જેમ્સ જૉયસે વિશ્વ સંસ્કૃતિમાં સંપૂર્ણ ક્રાંતિ કરી છે.

જૉયસ યુલિસિસ (૧૯૨૨) માટે સૌથી વધુ જાણીતી છે, એક મુખ્ય કાર્ય જેમાં હોમરની ઓડિસીના એપિસોડ્સ વિવિધ સાહિત્યિક શૈલીઓમાં સમાંતર છે, જે સૌથી વધુ પ્રખ્યાત સ્ટ્રીમ ઓફ કોન્શિયસનેસ છે. અન્ય પ્રખ્યાત કૃતિઓમાં ટૂંકી વાર્તાસંગ્રહ ડબલિનર્સ (૧૯૧૪) અને નવલકથાઓ એ પોર્ટ્રેટ ઓફ ધ આર્ટિસ્ટ એઝ એ યંગ મેન (૧૯૧૬) અને ફિનેગન વેક (૧૯૩૯) છે. તેમની અન્ય કૃતિઓમાં કવિતાના ત્રણ પુસ્તકો, એક નાટક, તેમના પ્રકાશિત વિવેચન ઉપરાંત પત્રકારત્વના ત્રણ પુસ્તકોનો સમાવેશ થાય છે.

## ૫.૪ તમારી પ્રગતિ ચકાસો

૧. *આઈરિશ લેખક જેમ્સ જૉયસના જીવન-કવન વિશે જણાવો.*
૨. *વિશ્વ સાહિત્યની નવલકથા 'યુલિસિસ'નો પરિચય આપો.*
૩. *ચેતનાપ્રવાહની અદ્ભુત નવલકથા તરીકે 'યુલિસિસ'ને મૂલવી, તેની વિશેષતા વિશે નોંધ લખો.*

## ૫.૫ સંદર્ભસૂચિ


૧. https://mimirbook.com/hi/2daf69cdc96
૨. https://hi.google-info.de/19929/1/ulysses.html



**લેખન : ડૉ. હેતલ ગાંધી -** *આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ)*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

| એકમ-6 | સિદ્ધાર્થ |
|---|---|


૬.૧ પ્રસ્તાવના

૬.૨ કૃતિ પરિચય : 'સિદ્ધાર્થ'

૬.૩ સર્જક પરિચય

૬.૪ સ્વાધ્યાય


## ૬.૧ પ્રસ્તાવના

*આ નવલકથામાં સાર્થકજીવનની શોધ છે. એક જાગૃત મનુષ્યને જીવનની સાર્થકતા વિશે પ્રશ્ન થતો હોય છે. આ જીવન શાના માટે છે? જીવનનો અર્થ શો છે? મૃત્યુ પછી શું? ઈશ્વરપ્રાપ્તિ કે ઈશ્વરનો સાક્ષાત્કાર શક્ય છે? આત્મા-પરમાત્મા, ધર્મ-અધ્યાત્મ, સાધના-ધ્યાન આદિ શું છે? આ પ્રશ્નોના ઉત્તર મેળવવાનો દરેક જાગૃત વ્યક્તિ દ્વારા પ્રયાસ થાય છે. મીરાં કહે છે 'મેરે તો ગિરિધર ગોપાલ, દૂજો ન કોઈ.' જીવનસાધકને પોતાનું લક્ષ્ય હોય છે. સદ્‌ગુરુ માર્ગદર્શક સિધ્ધ થાય છે. અખા જેવો તત્ત્વજ્ઞાની કહે છેઃ 'ગુરુ થા તારો તું જ, અવર નથી કાંઈ કરવા.' વિના મુક્તિ નથી એમ પણ આપને સાંભળ્યું છે. સદ્‌વિદ્યા એ છે કે મુક્તિ અપાવે છે. જે વ્યક્તિ જીવનમુક્ત મહાદશાને પામે છે તે સંસારના વળગણોથી સાચા અર્થમાં મુક્તિ પામે છે. ઈશ્વર પ્રત્યે સમર્પણ કેળવવાથી જીવન સાર્થક પામે છે. એમ પણ આપણે સાંભળ્યું છે, વાંચ્યું છે. ઈશ્વરના અસ્તિત્ત્વ વિશે ચિંતનપૂર્વક, તર્કપૂર્વક શંકા જન્માવનાર વર્ગને માત્ર 'નાસ્તિક' કહીને અવગણી કાઢવાનું સરળ છે પણ એ વાજબી ઉકેલ નથી. સિદ્ધાર્થ નવલકથાનો નાયક સિદ્ધાર્થ પણ જિજ્ઞાસુ છે. સિદ્ધાર્થને જીવનનો અર્થ સમજવો છે. બ્રાહ્મણપુત્ર સિદ્ધાર્થની શોધયાત્રા મૂલ્યવાન જીવનયાત્રા છે.*

## ૬.૨ કૃતિ પરિચય : 'સિદ્ધાર્થ'

*હરમાન હેસની ખૂબ જાણીતી લઘુનવલ 'સિદ્ધાર્થ' માં આપણે કલાત્મક રીતે સિદ્ધાર્થની જીવનભાવનાને પામીએ છીએ. સાધના, મુક્તિ, મોક્ષ અને ઈશ્વરપ્રાપ્તિ વિશેના પ્રસ્તુત થતો નથી. સિદ્ધાર્થની અનુભવયાત્રા તેની આગવી છે.*

*'બ્રાહ્મણપુત્ર' નામના પ્રથમ પ્રકરણથી જ આપણને સિદ્ધાર્થનો પરિચય થાય છે. કુદરતી વાતાવરણમાં તેનો ઉછેર થયો છે. સરિતાતટે નિવાસ, આમ્રકુંજનો સહવાસ, યજ્ઞહોમાદિ વિધિવિધાન, પાંડિત્યપૂર્ણ મંત્રોચ્ચાર, પંડિતોના સંભાષણ આદિથી જેણી વ્યક્તિચેતનાનું ઘડતર થયું છે એવા સિદ્ધાર્થને માટે જીવનનો અર્થ શોધવો કે પામવો એ અન્ય યુવાનો જેટલું અઘરું નથી. સ્વભાવથી જાગૃત અને જ્ઞાન માટે ઉત્સુક એવો સિદ્ધાર્થ મહાવિદ્વાન બ્રાહ્મણશ્રેષ્ઠ તરીકે ઉછરી રહ્યો છે એ જોઈને સંતોષ પામતા વત્સલ પિતા-*

માતાનો તેજસ્વી, પ્રતિભાસંપન્ન પુત્ર સિદ્ધાર્થ અન્યથી જુદો છે. સંસ્કાર કે સમજણના વારસાને સીધેસીધો અપનાવી લેનારો મતિમૂઢ નથી.

ગોવિંદ સિદ્ધાર્થનો પરમમિત્ર છે. સિદ્ધાર્થના આંતર-બાહ્ય વ્યક્તિત્ત્વની સર્વગ્રાહી સમૃદ્ધિ પ્રત્યે ગોવિંદને ખૂબ આદર છે. પ્રભાવશાળી મિત્રનાં દરેક ડગલે ચાલવામાં કે તેને અનુસરવામાં ગોવિંદને પોતાનું કલ્યાણ જણાય છે.

સિદ્ધાર્થની ભીતર અસંતોષ છે. અસંતોષનું કારણ ભૌતિક લાલસા નથી. માતા-પિતા-મિત્ર-ગુરુજનો પાસેથી મેળવેલા સ્નેહ, આદર, જ્ઞાન, ધર્મ-અધ્યાત્મ, આત્મા-પરમાત્મા, તપ આદિની સમજ કેળવવા છતાં તેને કશુંક અધૂરું લાગે ચગે. અપૂર્ણતાનો અહેસાસ અને પરમસુખ માટેની ઝંખના સિદ્ધાર્થના અસંતોષનું કારણ છે. પરંપરાથી પ્રાપ્ત કરેલું જ્ઞાન કે સમજણ અધૂરી છે એવા અહેસાસની તીવ્રતાના કારણે તેના મનમાં અનેક વિચારવમળ સર્જાય છે. શાસ્ત્રો, ઉપનિષદોના સંચિત જ્ઞાનનો તે આદર કરે છે પણ તેનો અજંપો શમતો નથી. પવિત્ર પુણ્યાત્મા એવા વિદ્વાન પિતા પણ શાશ્વત સુખથી વંચિત છે એવું તેને લાગ્યા કરે છે. વર્ષોના નિષ્કલંક જીવન છતાં પિતાએ પણ વિવિધ શાસ્ત્રો પાસે કે બ્રાહ્મણોના સંભાષણો પાસે જવું પડે એ સ્થિતિથી સિદ્ધાર્થ ખલેલ પામે છે. તેની ખલેલ વિષાદનું સ્વરૂપ ધારણ કરે છે. મિત્ર ગોવિંદ સાથે ધ્યાનસ્થ થતો. સિદ્ધાર્થ જાણે કશાક અગોચર પ્રદેશને નિહાળે છે. ધ્યાનવિધિ એ નક્કી કરેલા સમય પૂરતી આંખ બંધ કરીને બેસી રહેવાની રમત નથી. સિદ્ધાર્થ ધ્યાન દરમ્યાન તેનું આત્મચિંતન ચાલતું રહે છે.

પરિવ્રાજક શ્રમણોનું એક વૃન્દ, સાધુઓનું એક જૂથ એક વખત સિદ્ધાર્થના નગરમાંથી પસાર થાય છે. સર્વસ્વનો ત્યાગ કરીને આત્મોદ્ધાર માટે નીકળી ગયેલા સાધુઓ વિશે સર્જક નોંધે છેઃ 'પરિવ્રાજક સદુઓ તે ત્રણ પાતળા, થાકેલા પુરુષો હતા, તે નહોતા વૃદ્ધ કે નહોતા યુવાન. ખભા હતા ધૂળભર્યા, રક્તનીતરતા, લગભગ નગ્ન, સૂર્યના તાપથી દાઝેલા, અટૂલા, વણપરિચિત અને જગઉદાસ. માનવસૃષ્ટિમાં જાણે કે ઝૂકેલા શિયાળ જેવા તે હતા. તેમની આસપાસ શાંત આવેશનું, નિઃશેષ ત્યાગપૂર્ણ, નિષ્ઠુર મનોનિગ્રહનું વાતાવરણ ગુળુબતું હતું.' આ ત્રણ સાધુઓને જોયા પછી સિદ્ધાર્થ પોતે શ્રમણસંઘમાં ભળવાની મિત્ર સમક્ષ જાહેરાતુ કરે છે. 'આવતીકાલે મળસકે હું શ્રમણજીવનનો આરંભ કરીશ' એવો મક્કમ નિર્ધાર સિદ્ધાર્થે વ્યક્ત કર્યો. સાધુ થવા માટે ગૃહત્યાગ માટે પિતાની આજ્ઞા લેવા ગયેલા સિદ્ધાર્થ પ્રત્યે તેના પિતા નારાજી, અસહમતિ અને રોષ ઠાલવે છે પણ, આખરે સિદ્ધાર્થની મક્કમતા આગળ તેમનું કાઈ ચાલતું નથી. સિદ્ધાર્થ ગૃહત્યાગ કરી સાધુ થવાના નિર્ણયમાં અડગ છે. છેવટે પિતા માંની જાય છે. માતા-પિતાની આજ્ઞા-આશીર્વાદ મેળવી સિદ્ધાર્થ શ્રમણો સાથે ભળી જઈ સાધુ બને છે. ત્યારે તેનો મિત્ર ગોવિંદ પણ તેની સાથે સાધુત્વ અંગીકાર કરે છે. સાધુ થયા પછી તપ-ઉપવાસના પંથે વળેલા સિદ્ધાર્થની દેહદશા બદલાય છે. મનોદશા બદલાય છે. પોતાની આસપાસના સંસાર પ્રત્યેની દ્રષ્ટિ પરિવર્તન પામે છે. સ્ત્રીઓ, વ્યાપારીએ, શ્રમિકો, યુગલો, સેવકો અને તબીબો, આદિનું આ જગત માત્ર ઈન્દ્રિયસુખમાં, ભોગોપભોગમાં

લિપ્ત છે એ જાણીને ક્ષણિક સુખની ક્ષણભંગુઆ ઓળખી ચૂકેલો સિદ્ધાર્થ તમામ પ્રકારની ઈચ્છાઓથી વળગણોથી મુક્ત થઈ રિક્તતા, શૂન્યતા અનુભવવા તથા અસ્તિત્ત્વનું રહસ્ય સમજવા મથે છે.

શ્રમણ તરીકે સિદ્ધાર્થ બીજા શ્રમણોના સહવાસમાં ઘણું શીખ્યો. દેહદમન, પ્રાણાયામ અને પીડા પ્રત્યેની અનાસક્તિ વગેરેનો તેને અભ્યાસ થયો, અનુભવ થયો. વૃદ્ધ શ્રમણોની પ્રશંસા પામ્યો. મિત્ર ગોવિંદને પણ લાગ્યું કે સિદ્ધાર્થ સાધનાપંથે ખૂબ ઝડપથી આગળ વધી રહ્યો છે. સિદ્ધાર્થ અવશ્ય ઋહષિ થશે પણ સિદ્ધાર્થને પોતાના શ્રવણ હોવાથી સંતોષ નથી. સ્વની અનુભૂતિથી પોતે દૂર છે એવું અનુભવી રહ્યો. તેનું ચિંતન વધુ સૂક્ષ્મ થતું ગયું. ધ્યાન, અનશન આદિ સ્થૂળ ઉપાયો છે અને એક પ્રકારનું પલાયન છે એવું વિચારવા લાગ્યો. ગોવિંદ સાથે પોતાના શ્રમણજીવન વિશે સંવાદ કર્યો. તેણે ગોવિંદને પૂછ્યું કે 'આપણા સૌથી વધુ વૃદ્ધ શ્રમણ સન્માનનીય ગુરુને કેટલાં વર્ષ થયાં હશે? ગોવિંદે કહ્યું, ' લગભગ સાઠ વર્ષ થયાં હશે.' અને સિદ્ધાર્થ કહ્યું, ;તેમને સાઠ વર્ષ થયાં તોય તેમણે નિર્વાણ પ્રાપ્ત થયું નથી. તે સિત્તેરના અને એંશીના થશે અને આપને પણ તેમના જેટલાં વૃદ્ધ થઈશું. યોગ કરીશું, અનશન આદરીશું, ધ્યાનલીન થઈશું, પણ આપણે કે આપણા ગુરુજી નિર્વાણ નહી પ્રાપ્ત કરી સ્જકીએ. ગોવિંદ, હું માનું છું કે બધા જ શ્રમણોમાંથી કોઈ એક પણ નિર્વાણ નહી પ્રાપ્ત કરે. આપણને આશ્વાસનો જડે છે. આત્મવંચના માટે આપણે યુક્તિઓ જાણીએ છીએ પણ અત્યાવશ્યક વસ્તુ-માર્ગ આપણને મળતો નથી.'

સિદ્ધાર્થ અને ગોવિંદ ત્રણ વર્ષ શ્રમણો પાસે રહી યોગાભ્યાસ કર્યો. એક દિવસ ગૌતમ બુદ્ધ વિશે તેમણે સાંભળ્યું. બુદ્ધના પ્રત્યક્ષ દર્શન કરવા અને તેમના બોધવચનો સાંભળવાનું તેમણે નક્કી કર્યું. વરિષ્ઠ શ્રમણ ગુરુજી પાસે તેઓ શ્રમણમાર્ગથી મુક્ત થવાની રજા લેવા ગયાં. તેમણે શરૂઆતમાં ઉગ્રતા વળાવી પણ આખરે સિદ્ધાર્થના સંકલ્પ આગળ નમ્ર બન્યા. જીવનમાં શાશ્વત સુખની અપેક્ષા કહો કે જીવનનો મર્મ પામવા સિદ્ધાર્થ અને ગોવિંદ ગૌતમ બુદ્ધ ભણી પ્રયાણ કરે છે. બુદ્ધનો મહિમા તેમને તેમના તરફ આકર્ષે છે. કથા સંકલ્પ એ રીતે થયું છે કે વાચકને જિજ્ઞાસા થાય છે કે હવે બન્ને મિત્રોનું શું થશે? સાચી પ્રાપ્તિ કે પ્રગતિ થશે?

શ્રાવસ્તી નગરીની નિકટ જેતવન ઉપવનમાં ગૌતમ બુદ્ધ સાથે મેળાપ થાય છે. સિદ્ધાર્થે પૂર્વે કદી કોઈ મનુષ્યને વિશે નહોતો અનુભવ્યો એટલો આદર બુદ્ધ પ્રત્યે અનુભવાય છે. બુદ્ધ સાથે ગહન ચિંતન, વિમર્શ સંવાદ કર્યા પછી પણ સિદ્ધાર્થ પોતાની રીતે પોતાની કેડી કંડારવાનો મત વ્યક્ત કરે છે; 'મારે મારો જ ન્યાય કરવાનો. અન્યની જિંદગીનો ન્યાય કરવાનું કામ મારું નથી' ગૌતમ બુદ્ધ પણ પોતાની રીતે મહાન સંકલ્પથી જીવી રહ્યા હતા. સિદ્ધાર્થના ચિંતન વિશે પ્રશન્નતા વ્યક્ત કર્યા પછી તેમણે તેને કહ્યું, 'તું ચતુર છે, ઓ શ્રવણ ! પણ અતિશય ચતુરાઈથી ચેતતો રહે જે' માત્ર બોધ પ્રાપ્ત કરવાથી કશું મળતું નથી એ ભૂમિકાએ, મિત્ર ગોવિંદને છોડીને એકલો નીકળી પડે છે. કોઈ ધર્મગુરુને માર્ગદર્શક તરીકે એકલો નીકળી પડે છે. કોઈ ધર્મગુરુને માર્ગદર્શક તરીકે

સ્વીકાર્યા વગર પોતાના માર્ગે નીકળી પડે છે. બુદ્ધના ઉપવનમાં મિત્ર ગોવિંગ અને પોતાના પૂર્વજીવનને છોડીને નવા રસ્તે નીકળે છે.

બુદ્ધ જેવો પ્રબુદ્ધનો ત્યાગ કર્યા પછીનું પ્રકરણ છે. જાગૃતિનું 'જાગૃતિ' શીર્ષકથી આવતું પ્રકરણ સિદ્ધાર્થની આંતરચેતનાને પ્રગટ કરે છે. ખંડેર પાછળનું રહસ્ય જાણવા પોતાની જાનતે ખંડેર નહીં બનાવવી જોઈએ એવા વિચારને પામે છે. આત્માની શોધ માટે જાનતે છોડવાની જરૂર નથી. 'મારી જાત પાસેથી હું સિદ્ધાર્થનું રહસ્ય પામીશ' એવા નિર્ધાર સથે આસપાસની સૃષ્ટિને નવેસરથી નિહાળે છે. નવેસરથી જીવનનો પ્રારંભ કરવાનું વિચારે છે.

સિદ્ધાર્થની જાગૃતિનો આ સમય છે. તથાકથિત અધ્યાત્મના અવલંબનમાંથી તે મુક્ત બને છે. સાધનાના પરંપરાગત ખ્યાલથી જુદી રીતે જીવવાનું શરૂ કરે છે. દેહ અને આત્માને પરસ્પરના વિરોધી તરીકે જોવાનું બંધ કરે છે. જીવનમાં સાધનાનો માર્ગ ગ્રહણ કરી શ્રવણ બન્યો ત્યારે સંસારને જે રીતે છોડયો હતો તે યાદ આવતાં પોતે એકલો હોવાનું અનુભવે છે. જાગૃત થયેલો સિદ્ધાર્થ સંસારના અનુભવોને જીવનવિરોધી ગણવાનું બંધ કરે છે અને શરીર-મં-વિચારની પુષ્નતાથી સંસારસાગરમાં નવેસરથી ઝંપલાવે છે.

એકાકી સિદ્ધાર્થને એક નાવિક નદીની સામે પાર લઈ જાય છે. ખળખળ વહેતી નદીના શાંત પ્રવાહમાં નાવ ચલાવતો નાવિક સાચા અર્થમાં અંદરથી સુખી હોવાનું સિદ્ધાર્થ અનુભવે છે. સિદ્ધ મુનિઓ, શ્રમણો, તપસ્વીઓને જોઈ ચુકેલા સિદ્ધાર્થને નાવિક સાથેની નાનકડી નૌકાયાત્રામાં, નાવિકની નિશ્રામાં શાંતિનો અનુભવ થાય છે. નાવિક તેને નદી પાર કરાવીને નગરમાં પહોંચાડે છે. નગરમાં કમલા નામની ગણિકાનો પરિચય થાય છે. નવલકથાના પહેલાં ખંડમાં વિદ્વાન બ્રાહ્મણ પિતાનું ઘર-નિશ્રા છોડી તપસ્વી શ્રમણ થી ચૂકેલો સિદ્ધાર્થ બુદ્ધનું દર્શન પામ્યા પછી પણ તેની શોધયાત્રામાં, જાતને ઓળખવા એકલો નીકળી પડે છે. એકલવિહારી સિદ્ધાર્થ નવેસરથી સંસારમાં ખાબકે છે. વિદ્વાનો જે સંસારને અસાર કહી ચુક્યા છે એ સંસારનો તીવ્ર બોધ કમલા નામની ગણિકા પાસેથી પામે છે. શરીરધર્મી બને છે. શરીરનું સુખ અને આજીવિકા માટે અનિવાર્ય એવો અર્થપ્રધાન શ્રમ તે આચરે છે. કમલા પાસેથી પ્રેમ અને કામનું જ્ઞાન તેમજ અનુભવ મેળવે છે. દેહનું દમન કરનારો શ્રમણ સિદ્ધાર્થ ભોગ-ઉપભોગમાં પડે છે. દેહદમન વખતે તેણે આધ્યાત્મિક ઉન્નતિ અનુભવી નથી અને ભોગ-ઉપભોગ વખતે તે આધ્યાત્મિક પતન નથી અનીભ્વતો. કમલા જેવી સ્ત્રી વ્યવહારધર્મની ગુરુ સિદ્ધ થાય છે. એ રીતે કામાસ્વામી પાસેથી ધંધો-રોજગાર શીખે છે. કમલા સાથેનો સંવાદ, સંવેદન અને સૌદર્યબોધ માત્ર શરીર પૂરતો સીમિત નથી, નિખાલસતા અને સમજણ કારણે બન્ને અન્યંત પ્રમાણિક નિકટતા અનુભવે છે. સંબંધનું સંવેદન પામેલો સિદ્ધાર્થ અનુભવથી સમૃદ્ધ થતો જાય છે. વર્ષો સુધી સંસારની પ્રવૃત્તિઓ કરતો રહે છે. કમલા જેવી સ્ત્રી એટલું તો સમજે જ છે કે સિદ્ધાર્થ અંદરથી સાધુતાપૂર્વક જીવે છે.

સંસારિક  પ્રવૃત્તિઓમાં વર્ષો સુધી રહ્યો. ધનાઢય લોકો જેવા ભોગવિલાસ, સ્ત્રીસંગ, મદિરાપાન, જુગાર આદિમાં લિપ્ત સિદ્ધાર્થ આખરે સંસારથી થાકે છે. જીવતરને કરચલી પડે છે. ઢળતી જીવનસંધ્યાનો અનુભવ થાય છે. કમલા પણ જીવનના ચોથા તબક્કામાં બુદ્ધના શરણે જવાનો વિચાર વ્યક્ત કરે છે. સિદ્ધાર્થ કમલા સાથેની એક અત્યંત ઉત્કટ અને આખરી મુલાકત પછી નગર છોડે છે. ભાગીદાર વેપારી કામાસ્વામી થોડા દિવસ સુધી તેની શોધખોળ કરે છે પણ નિષ્ફળ જાય છે. નગરવધૂ-ગણિકા કમલા તેના ઘરના દરવાજા કાયમ માટે બંધ કરી દે છે.

નગર, કમલા અને કામાસ્વામીની આસપાસનો સંસાર છોડીને સિદ્ધાર્થ નદી કાંઠે પહોંચે છે. ઘણાં સમયે ભરપૂર ઊંઘ પામેલો સિદ્ધાર્થને બુદ્ધ સાધુ તરીકે જીવી રહેલા મિત્ર ગોવિંદનો ભેટો થાય છે. ગોવિંદ સિદ્ધાર્થને ઓળખી શકતો નથી. ગોવિંદને બુદ્ધ સાધુ તરીકે જોઈ સિદ્ધાર્થ રાજી થયો. પસાર થયેલા જીવનક્રમને વિશે વિચારે છે. બાળપણ, શ્રમણજીવન, બુદ્ધની ઉપદેશ, કમલનો પ્રેમ, કામાસ્વામીની સાથે વેપાર, ભોગવિલાસ, ધનવાન તરીકેનું જીવન, આ બધું જીવ્યો, ભરપૂર જીવ્યો અને સંસારથી થાકીને તટસ્થપણે ખુદના જીવનની સમીક્ષા કરી પુનઃજાગૃતિ કેળવતો હોય તેમ વિચારવા લાગ્યો. પોતે સૌથી જુદુ જીવી શકે છે એવા જ્ઞાન, સમજણના ભરમાં જીવનની નિર્દોષતા કે સહજતા ગુમાવી એ વાતનું ભાન પ્રગટે છે. જીવાઈ ચૂકેલા જીવનને ચલચિત્રની જેમ નિહાળ્યા પછી હળવાશપૂર્વક બાળક જેવા સહજ બનવાનું સ્ફૂરે છે.

સંસારમાં પ્રવેશતા પહેલાં નદી કિનારે પહોંચેલો સિદ્ધાર્થ ફરી નદી અને નાવિક સમક્ષ આવે છે. ધનવાનના વેશમાં રહેલા સિદ્ધાર્થને નાવિક રઝળતો જુએ છે. નદીની નજીક રહેલા નાવિકને જોઈ સિદ્ધાર્થને આદર થાય છે. ધનવાન તેરીકે પહેરેલાં વસ્ત્રોનો ત્યાગ કરી નાવિકની સાથે તેના સહાયક તરીકે જીવવાનું સ્વીકારતો સિદ્ધાર્થ જીવન સૌદર્યની નિકટ હોય એવું અનુભવાય છે. નાવિકનું નામ વાસુદેવ છે. નદીના સાન્નિધ્યના કારણે આંતરિક શાંતિ પામેલા વાસુદેવની સાથે સિદ્ધાર્થ પણ શાંતિનો અનુભવ કરે છે. આ શાંતિ અપૂર્વ છે. સિદ્ધાર્થ પણ નદી પાસેથી જીવનપાઠ શીખે છે.

કમલા સાથેના અંતિમ મિલનના પરિણામે કમલાને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ છે. સંતાન સાથે બુદ્ધના દર્શને જઈ રહેલી કમલાને નદી કિનારે સિદ્ધાર્થ મળે છે. પુત્રની ઓળખ થાય છે. કમલાને સાપ કરડે છે. તેથી મૃત્યુ થાય છે. સિદ્ધાર્થ પોતાના પુત્રને સાથે રાખવા માગે છે પણ પુત્ર ત્યાંથી નાસી જાય છે. વાસુદેવ પણ સિદ્ધાર્થને સલાહ આપે છે કે પુત્રને એની જાતે ઉદરવા દેવો જોઈએ. સિદ્ધાર્થ નદીના સાન્નિધ્યમાં વાસુદેવની સાથે છે. નદી પાસેથી જીવતર પામેલો સિદ્ધાર્થ બધું જ જોઈ ચૂક્યો છે. પ્રકૃત્તિની ગોદમાં જીવનની વિશ્રાંતિ પામેલા સિદ્ધાર્થ પાસે નદીનું વહેણ, શાંતજળ આવકાર્ય જીવનક્રમ બનીને ઉપસે છે.

આપણા સુપ્રસિદ્ધ તત્વજ્ઞાની અખાએ કહ્યું છે કે, ‘ગુરુ થા તારો તું, અવર નથી કાઈ કરવા’. અન્યને અનુસરવા કે કોઈને પોતાના જીવનના અંતિમ પથદર્શક માની લેવા

એ જરૂરી નથી એ સિદ્ધાર્થનો જીવનસાર છે. જીવનમાં પલાયનવૃત્તિ રાખ્યા વગર શરીરધર્મને યથાયોગ્ય અનુસરવું, કોઈ પણ વાતનો અતિરેક ના કરવો, પોતે અ-પૂર્વ છે એવી સભાનતાના બોજથી મુક્ત રહેવું, જેવાં છીએ તેવા પ્રગટ થવું અને નદી તથા બાળક જેવાં સહજ રહેવું એવી સિદ્ધાર્થની સમજણ તેને વિવિધતાસભર જીવનચક્રમાંથી સહજ મુક્તિ અપાવે છે.

અધ્યાત્મ કે જીવનસાધના કે જીવન સાફલ્યનો કોઈ એક આદર્શ કે અંતિમ માર્ગ નથી. દરેક સમયમાં, દરેક યુગમાં માનવસભ્યતા અને જીવન પ્રવાહો પરિસ્થિતિ મુજબ બદલાય છે. બુદ્ધના સમયનું ઉપવન આ સંસારમાં પરિવર્તન પામી ચુક્યું હશે પણ આપણું મન ઉપવન જેવો અનુભવ કરશે તો જીવન નંદનવંદન જેવું લાગશે. સિદ્ધિ અર્થે જીવવું એ હવામાં લક્ષ્ય વગર તીર છોડવા જેવું છે. મનની પ્રસન્નતા માટે પ્રકૃત્તિ, માનવજીવ આદિ સૃષ્ટિના તત્ત્વો સાથે સ્નેહપૂર્વકનું રસઐક્ય જ માનવજીવનને મનુષ્ય હોવાની સહજતાનો અહેસાસ કરાવે છે.

વિશ્વપ્રસિદ્ધ થયેલી આ નવલકથામાં ભારતીય દર્શનનો સંસ્પર્શ માન સિદ્ધાર્થ જ હતું. આ કથામાં સિદ્ધાર્થ, ગોવિંદ, બુદ્ધ, વાસુદેવ જેવાં પાત્રોનું નામકરણ ભારતીય સંદર્ભ જ રચે છે. અધ્યાત્મ બોધની કથામાં કમલા ગણિકા જેવું પત્ર ઉપકારક સિદ્ધ થાય છે. કશું જ અનૈતિક લાગતું નથી અને નૈતિકતાનો ભાર અનુભવીને અંદરથી તૂટી જવાનું સૂચવે છે. એ પણ આ નવલકથા નિર્ભાર થઈને સૂચવે છે. બુદ્ધના સમયને આ કથામાં ઉજાગર કરવામાં લેખકને નોંધપાત્ર સફળતા મળી છે. મૂળ નવલકથાનો અનુવાદ આપણા જાણીતા અનુવાદક રવીન્દ્ર ઠાકોરે કર્યો છે જે અવશ્ય વાંચવાનું સૂચન છે.

## ૬.૩ સર્જક પરિચય

સ્વીઝ-જર્મન સાહિત્યકાર હર્મન હેસનો જન્મ ૨ જુલાઈ, ૧૮૭૭, કેલ્વ, જર્મનીમાં થયો હતો. એમનું મૃત્યુ ઓગસ્ટ ૯, ૧૯૬૨, મોન્ટાનોલા, સ્વિટ્ઝર્લૅન્ડમાં થયું. જર્મન નવલકથાકાર અને કવિ જેમને ૧૯૪૬માં સાહિત્ય માટે નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમના કાર્યનું મુખ્ય વસ્તુ મનુષ્યની મૂળભૂત ભાવનાઓ અને સ્વ-ઓળખ માટે સંસ્કૃતિની સ્થાપિત રીતિમાંથી બહાર નીકળવાના વ્યક્તિના પ્રયત્નો છે.

> તેઓ પોતાની આત્મકથામાં લખે છે કે, 'મારા મોટાભાગનાં શાળાના વર્ષો વુર્ટેમબર્ગની બોર્ડિંગ શાળાઓમાં અને થોડો સમય મૌલબ્રોન ખાતેના મઠની ધર્મશાસ્ત્રીય સેમિનારીમાં વિતાવ્યા .બાર વર્ષની ઉંમરથી હું કવિ બનવા માંગતો હતો અને ત્યાં કોઈ સામાન્ય રસ્તો ન હોવાથી, શાળા છોડ્યા પછી શું કરવું તે નક્કી કરવું મારા માટે મુશ્કેલ હતું. મેં સેમિનરી અને વ્યાકરણ શાળા છોડી દીધી, એક મિકેનિક માટે એપ્રેન્ટિસ બન્યો અને ઓગણીસ વર્ષની ઉંમરે મેં ટ્યુબિંગેન અને બેસલમાં પુસ્તક અને પ્રાચીન વસ્તુઓની દુકાનોમાં કામ કર્યું. ૧૮૯૯ ના

અંતમાં મારી કવિતાઓનો એક સંગ્રહ પ્રગટ થયો.ત્યારબાદ અન્ય પ્રકાશનો પણ એ સર્વ ખાસ નોંધપાત્ર બન્યા નથી . ૧૯૦૪ માં બાસલમાં લખાયેલી અને સ્વિટ્ઝર્લેન્ડમાં સેટ કરેલી નવલકથા પીટર કેમનઝિન્ડને ઝડપી સફળતા મળી.' આ એક નોબેલ પરિતોષિક વિજેતાના સંઘર્ષની વાત છે. ત્યાર બાદ તેમણે ધર્મશાસ્ત્રીય લખાણોનો અભ્યાસ કર્યો અને પછી ગોથે, લેસિંગ, શિલર અને ગ્રીક પૌરાણિક કથાઓનો અભ્યાસ કર્યો. તેમણે ૧૮૯૫માં નીત્શેને વાંચવાનું પણ શરૂ કર્યું .

હેસની 'સિદ્ધાર્થ' એ ભારતમાં સૌથી લોકપ્રિય પશ્ચિમી નવલકથાઓમાંની એક છે. સિદ્ધાર્થનો અધિકૃત અનુવાદ મલયાલમ ભાષામાં ૧૯૯૦માં પ્રકાશિત થયો હતો. ભારતમાં હર્મન હેસ સોસાયટીની પણ રચના કરવામાં આવી છે, તેનો હેતુ તમામ ભારતીય ભાષાઓમાં સિદ્ધાર્થના અધિકૃત અનુવાદો કરવાનો છે. તે અંતર્ગત, સિદ્ધાર્થના સંસ્કૃત,મલયાલમ,અને હિન્દી, અનુવાદો તૈયાર થયા છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં હેસની કાયમી લોકપ્રિયતાનું એક કાયમી સ્મારક સાન ફ્રાન્સિસ્કોમાં મેજિક થિયેટર છે.

સાહિત્યિક સફરમાં તેમને વિવિધ પુરસ્કારો પ્રપ્ત થયા જે નીચે મુજબ છે.

- ૧૯૦૬: બૌર્નફિલ્ડ-પ્રઈઝ
- ૧૯૨૮: વિયેનામાં શિલર ફાઉન્ડેશનના મેજસ્ટ્રિક- પ્રઈઝ
- ૧૯૩૬: ગોટફ્રાઈડ-કેલર- પ્રઈઝ
- ૧૯૪૬: ગોથે પુરસ્કાર
- ૧૯૪૬: સાહિત્યનો નોબેલ પુરસ્કાર
- ૧૯૪૭: યુનિવર્સિટી ઓફ બર્ન તરફથી માનદ ડોક્ટરેટ
- ૧૯૫૦: વિલ્હેમ રાબે સાહિત્ય પુરસ્કાર
- ૧૯૫૪: પોર લે મેરીટ
- ૧૯૫૫: જર્મન બુક ટ્રેડનો શાંતિ પુરસ્કાર

## ૬.૪ સ્વાધ્યાય

૧. જીવન સાર્થકતાની શોધ તરીકે 'સિદ્ધાર્થ' નવલકથાનો પરિચય કરાવો.

**લેખન : ડૉ. એ. એ. શેખ -** ગુજરાતી વિભાગાધ્યક્ષ, એસોસિએટ પ્રોફેસર,
સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદર

| એકમ-7 | વેઈટીંગ ફોર ગોદો |
|---|---|


૭.૧ પ્રસ્તાવના

૭.૨ પરિચય : વેઈટીંગ ફોર ગોદો

૭.૩ સર્જક પરિચય

૭.૪ સ્વાધ્યાય


## ૭.૧ પ્રસ્તાવના

*વિશ્વખ્યાત સર્જક સેમ્યુઅલ બેકેટનું આ નાટક છે. ગુજરાતી ભાષા-સાહિત્યના અગ્રણી સર્જક-વિવેચક શ્રી સુમન શાહે ૧૯૯૦ માં આ નાટકઃ 'વેઈટીંગ ફોર ગોદો' અનુવાદ ગુજરાતીમાં 'ગોદોની રાહમાં' નામે કર્યો. ચૌદ વર્ષ પછી તેની બીજી આવૃત્તિ થઈ. એ બીજી આવૃત્તિના આધારે આપણે આ કૃતિનો પરિચય કેળવીશું.*

*બે અંકનું આ નાટક છ પાત્રો અને વિશિષ્ટ પરિસ્થિતિને કેન્દ્રમાં રાખે છે. 'વેઈટીંગ' – રાહ જોવી એ મુખ્ય સંવેદન છે. નાટકની ક્રિયા જ 'રાહ' છે. કોની રાહ જોવાય છે? શાના માટે રાહ જોવાય છે? કેવી પરિસ્થિતિનો સંકેત છે? આ નાટકનું વિષયવસ્તુ, પાત્રો, પરિસ્થિતિ અને સંઘર્ષ વિશે પરંપરાગત રીતિએ વાત નહીં થઈ શકે. આધુનિક સમયનું આ નાટક અને તેના કેન્દ્રમાં રહેલી રાહ જોવાની સ્થિતિ અનેકવિધ અર્થઘટનની સંભાવનાઓ જન્માવે છે. આપણા સુપ્રસિધ્ધ વિવેચક અને આ નાટકના અનુવાદક સુમન શાહે યોગ્ય રીતે જ આ નાટકનો પરિચય કરાવતાં કહ્યું છેઃ 'મનુષ્યજીવન એક નાટક છે, એમાં નાટયાત્મક છે.નાટકિયાવેડા પણ છે.'વેઈટીંગ ફોર ગોદો' રચીને એટલે કે 'ગોદોની રાહમાં' રચીને સેમ્યુઅલ બેકેટે આપણા એ મૂળભૂત નાટકપણાને રંગમંચ પર પ્રગટાવ્યું છે. જીવનની એ પાયાની નાટયરૂપ અભિવ્યક્તિ વડે એમણે રંગભૂમિનો એક નૂતન, આધુનિક વિભાવ સ્ફુરાવ્યો છે.; રાહ જોવાની સ્થિતિ પર સર્જાયેલું આ નાટક મનુષ્યજીવનનો આગવો સંકેત રચે છે.*

## ૭.૨ પરિચય : વેઈટીંગ ફોર ગોદો

*પરંપરાગત નાટકમાં ક્રિયા, સંઘર્ષ અને સંવાદની ભૂમિકા ખૂબ મહત્ત્વની બને છે. અહીં ક્રિયા બહુ જ ઓછી છે. ઝાંખી-પાંખી છે. કરવાપણું કશું જ નથી, હોવાપણું છે. આગવી સ્થિતિ અને સ્થગિતતામાંથી નિરંતર અનુભવાતો ભાવબોધ છે. હવે શું થશે? એવા પ્રશ્નનું કુતૂહલ કે વિસ્મય જન્માવવાનો લેખકનો આશય નથી. ગોદોની રાહ જોતાં પાત્રો અને સંદેશવાહકની ભૂમિકા આગવો પરિવેશ રચે છે.*

*'વેઈટીંગ ફોર ગોદો'ના છ પાત્રો છે. એસ્ટ્રેગોન-વ્લાડિમિરઃ 'પોત્ઝો – લકી' એ ચાર પાત્રોઃ- અહીં જણાવ્યા મુજબ જોડીમાં છે. જેની રાહ જોવાય છે.એ 'ગોદો' અહીં હાજર નથી છતાં પાત્રો, પરિસ્થિતિ અને પ્રેક્ષકના ચિત્તમાં તેની હાજરી સતત અનુભવાય*

છે. અસ્તિત્ત્વશીલ અભિગમ ઘણાં પૂર્વાપર સંબંધો કે માન્યતાઓનો છેદ ઉડાડે છે. ચોક્કસ કથાનું આલેખન કે નિર્વહણ નથી. અત્રે પ્રત્યક્ષ થતાં રંગમંચ પર વ્લાડિમિર અને એસ્ટ્રેગોન જેવા બે જણઃ બે પાત્રો, ગોદોની રાહ જુએ છે. પાંદડાં વગરનાં વૃક્ષ નીચે બન્ને પાત્રો ગોદોની રાહ જુએ છે.

અત્રે એ જાણવું જરૂરી છે કે ગુજરાતીમાં ‘ગોદો’ કે ‘ગોડો’ – એમ બન્ને પ્રકારે ઉલ્લેખઃ ઉચ્ચાર જોવા મળે છે. ગોદોની રાહ જોવામાં વિતાવેલી બે સાંજ પણ અહીં પ્રતીકાત્મક છે. એ બે સાંજ કોઈ ચોક્કસ કાળખંડનો નિર્દેશ કરતી નથી. બે સાંજ કદાચ યુગોનું પ્રતિનિધિત્વ કરે છે.યુગોથી જેની રાહ જોવાય છે, એ ગોદો કોણ છે? ‘ગોદો’ એવા ઉચ્ચારને કારણે ‘ઈશ્વરની રાહ’ જોઈ રહેલ માનવસમાજ કે સૃષ્ટિઃ એવા અર્થઘટનને પણ અવકાશ છે. અર્થપૂર્ણ રાહ જોવી કે નિરર્થક સમય પસાર કરવો એવી સૂક્ષ્મ – સ્થૂળ ભૂમિકાની તપાસ આપણો વિષય નથી. રંગમંચ ઉપર રાહ જોવાય છે. રાહ જોનાર પાત્રો, રાહ જોવાની માનસિકતામાં અપર્ણ વૃક્ષ નીચે રાહ જોતાં આ પાત્રોની સંખ્યા નાટકમાં બે પૂરતી સીમિત છેઃ જે અનેક પાત્રો કહો કે માનવસભ્યતાના પ્રતિનિધિઓ છે. પહેલા અંકમાં વૃક્ષને પર્ણ નથીઃ બીજા અંકમાં ચાર-પાંચ પાન આવી ગયા છે. રાહ જોવાની સ્થિતિમાં કોઈ ફરક પડતો નથી. પણ વૃક્ષને પાંદડાં આવતાની સ્થિતિ પ્રકૃતિમાં જીવનનો સંકેત રચે છે. હા ! વૃક્ષ કોઈની રાહ જોતું નથી. વૃક્ષનું કામ વિસામો આપવાનું છે. વૃક્ષ નીચે રાહ જોતી વખતે બંને પાત્રો વચ્ચે લગભગ ધડ-માથા વગરની તર્કશૂન્ય વાતો થાય છે.

વ્લાડિમિર અને એસ્ટ્રેગોન રાહ જોતા હોય ત્યારે પોઝો અને લકી ત્યાંથી પસાર થાય છે. પોઝો માલિક છે અને લકી ગુલામ છે. લકીને તેના માલિક પોઝોની સૂચનાનું પાલન જ કરવાનું છે. લકીના ગળામાં દોરડું બાંધેલું છે અને પોઝો તેને પશુની જેમ, ચાબૂક ફટકારતો દોરી જાય છે. અહીં પોઝોનું વર્તન અમાનવીય જણાય છે અને તેથી જ બંને અલગારી રખડપટ્ટી કરનારા વ્લાડિમિર અને એસ્ટ્રેગોનને પોઝોનું આ વર્તન ગમતું નથી. પોઝો લકી પાસે નાચ-ગાન અને કાવ્યપઠન કરાવે છે. પોઝોની ઘડિયાળ ખોવાઈ જાય છે. દાદાએ ભેટ આપેલી ઘડિયાળ ખોવાઈ ગઈ છે. શોધવાનો પ્રયત્ન નિષ્ફળ જાય છે. ઘડિયાળ ખોવાઈ જવા છતાં સમય અટકતો નથી. પસાર થઈ રહેલા સમયને જીવવો અને જીરવવો એ માણસની નિયતિ છે. નાટકના પ્રથમ અંકમાં ગોદોની રાહ જોઈ રહેલા વ્લાડિમિર અને એસ્ટ્રેગોનને પોઝ-લકી જેવા પાત્રોના આગમનથી થોડી રાહત મળે છે. પ્રતીક્ષામાં વ્યસ્ત બંને જણાને ગોદોનો સંદેશવાહક આવીને સંદેશ આપે છે કે ગોદો આ સાંજે નહી આવે, બીજા દિવસે આવશે. સંદેશવાહક પોતે ગોદોના હાથ નીચે બકરી ચરાવવાનું કામ કરતો હોવાની, પોતાની ઓળખ આપે છે. સાંજનો સમય છે. બંને ગોદોની રાહ જુએ છે. આવતીકાલે ગોદો આવશે એની રાહમાં જ રહેવાનું છે. એસ્ટ્રેગોન વ્લાડિમિરને જણાવે છે કે બંનેએ ગળામાં દોરડું બાંધીને ઝાડ પર લટકી જવું જોઈએ. ઝાડ ઉપર લટકીને મરી જવું કે જીવતાં રહેવું એ બે સ્થિતિ વિશે બંને કોઈ ફરક અનુભવતા નથી. થોડાં વર્ષો પહેલાં.નદીમાં ડૂબી રહેલા એસ્ટ્રેગોન વ્લાડિમિરે ડૂબતાં બચાવેલો. આજે બંને દોરડે લટકી

જવાનું માંડી વાળે છે. જીવન-મરણ-સાર્થકતા કે નિર્થકતાના સીધા બોધ કે સભાનતા વગર 'સમય પસાર કરી રહેલા' આ પાત્રો આ સ્થળ છોડીને જતાં રહેવાનું વિચારે છે પણ વળી પાછા ગોદોની રાહ જોવા રોકાઈ જાય છે.

પ્રથમ અંકમાં ગોદોની એકધારી રાહ જોઈ રહેલા પાત્રો, કાવ્યપઠન, ગીત, નાચ-ગાન થકી 'મનોરંજન' પૂરું પાડતાં બે પાત્રો અને સંદેશવાહકનો પ્રવેશઃ આટલાં સીમિત વિષયવસ્તુમાં નાટક વણથંભ્યું ચાલી રહ્યું છે. રંગમંચ ઉપર રાહ જોઈ રહેલાં બે પાત્રોની સાથે પ્રેક્ષકો પણ ગોદોની રાહ જોતાં થઈ જાય છે. સરવાળે તો રાહ જોઈ રહેલા પાત્રો માનવજાતિનું પ્રતિનિધિત્વ કરતાં હોય એવી પ્રતીકાત્મકતાની સમાંતરે પ્રેક્ષકો પણ નાટકની ભજવણીમાં ભાવપૂર્વક સંડોવાય છે. પ્રેક્ષકોની અક્રિય સક્રિયતા નાટકની વિશેષતા બને છે.

બીજા અંકમાં બંને પાત્રો ગોદોની રાહ જુએ છે. ગઈકાલની સાંજ અને બીજા દિવસની સાંજ વચ્ચે તાત્વિક ભેદ નથી. પાત્રો અને પરિસ્થિતિઓ વચ્ચે વૈવિધ્ય નથી. એકધારા જીવનપ્રવાહ જેવો અહીં એકધારો નાટયપ્રવાહ છે. ગઈકાલની જેમ પોઝો  અને લકીનું આગમન થાય છે. ઘડિયાળ ખોવાઈ જવાથી સમય જોઈ ન શકનાર પોઝે દ્રષ્ટિ પણ ગુમાવી દીધી છે. બે સાંજ વચ્ચેના સમય પોઝ બંધ થઈ જાય અને અચાનક લકી મૂંગો થઈ જાય. એ હકીકતને તાર્કિક રીતે તપાસવાની નથી. રંગમંચ ઉપર રજૂ થતી બે સાંજ શક્ય છે કે બે જુદા સમયનું નિદર્શન છે. અલબત્ત, સંદેશવાહક કહી ગયો છે તે મુજબ એ બીજા દિવસની સાંજ છે અને જેમાં લકીએ વાચા ગુમાવી છે અને પોઝ અંધ છે એ હકીકતનો આપણે સ્વીકાર કરવાનો છે. સંદેશવાહક છોકરો બીજા દિવસે પણ આવીને જણાવે છે કે ગોદો આજે પણ આવશે નહીં. વ્લાડિમિર અને  એસ્ટ્રેગોન આત્મહત્યા કરવાનું ઈરછે છે. વૃક્ષ ઉપર લટકીને મરવા માટે દોરડું નથી તેથી તેઓ પેન્ટ ઉપર બાંધેલા કમરપટ્ટાથી લટકી જવાનો પ્રયત્ન કરે છે. પટ્ટો તૂટી જવાના કારણે તેઓ મરતા નથી. બચી જવું એ તેમનો ધ્યેય કે હેતુ ન હોવા છતાં બચી જઈને રાહ જોવી એ તેમની નિયતિ છે. છૂટા પડીને જતા રહેવું એમ કહેવા છતાં ગોદો આવતીકાલે આવશે એવી આશામાં તેઓ જવાનું માંડી વાળે છે.

નાટક છે, પાત્રો છે, પરિસ્થિતિ છે, સંવાદો છેઃ છતાં કશું તાર્કિક નથી. પ્રતીક્ષા નાટકના કેન્દ્રમાં છે. તર્કશૂન્ય સંવાદો અને અર્થહીન શબ્દોનો ખાલીપો સરિયામ રસ્તા ઉપર અપર્ણ વૃક્ષ નીચે ખાલી  ખાલી ખખડે છે. જેની રાહ જોવાય છે. એ ગોદો ક્યારેય આવવાનો નથી. સંદેશાવાહક દ્વારા મોકલેલ સંદેશો સાર્થક થવાનો નથી. રાહ જોવી એ નિયતિ છે. કશુંક બનતું રહે, માણસ એમાં અર્થનો ઉમેરો કરે, એની રાહ જોવાની પ્રક્રિયાને અર્થપૂર્ણ કરવાનો પ્રયાસ પણ આખરે તો વિફળ રહે. ગોદો આવતો નથી અને ગોદો અપ્રત્યક્ષ છે. ધારો કે ગોદો આવી જાય તો? ના એવી ધારણાનો કોઈ અર્થ નથી. એવી ધારણા જ અનુચિત્ત છે. બે સાંજની વચ્ચેનો સમય એ થોડા કલાકોનો સમય નથી. અનંત સમયમાં કે દીર્ઘકાળની પરંપરામાં પાત્રો બદલતા રહેશે પણ પ્રતીક્ષા બદલાતી નથી. ક્રિયાઓ ખૂબ ઓછી છે. આસપાસના લગભગ નિર્જન કહી શકાય એવા વસ્તુ જગતમાં એસ્ટ્રેગોન પગમાંથી જોડા કાઢવા મથે છે અને વ્લાડિમિર માથા પરથી હેટ ઉતારીને

વારંવાર હેટ (ટોપો) અંદર જોવાની ક્રિયા કરે છે. પ્રતીક્ષા કરવા સિવાય કશુંક કરવા માટે તેમની પાસે માત્ર આટલું જ ક્ષ્હે. પ્રવૃત્તિ અને વૃત્તિ વચ્ચે કાર્યકારણનો સંબંધ નથી. નિરર્થક સક્રિયતા અને પ્રતીક્ષારત અક્રિયતા આ નાટકને અનન્ય બનાવે છે.

આધુનિક મનુષ્યની નિઃસહાયતા, અસ્તિત્ત્વની અર્થહીનતાનો તીવ્ર બોધ અનુભવાતી નાટયકૃત્તિઓ થિયેટર ઓફ ધ એબ્સર્ડ નો ભાગ બને છે. અસંગતિ, અર્થશૂન્યતા, નિરાશા, નિરર્થકતા જેવા ભાવોની અભિવ્યક્તિને થિયેટર ઓફ ધ એબ્સર્ડ દ્વારા વાચા મળે છે. મૂળ ફ્રેન્ચમાં લખાયેલ આ નાટકના વિશ્વની અનેક ભાષાઓમાં અનુવાદ થયા છે. પેરિસમાં પ્રથમ વખત ૫ જાન્યુઆરી, ૧૯૫૩ માં ભજવાયેલ આ નાટક અંગ્રેજીમાં 1955 માં લંડન ખાતે ભજવાયું. એબ્સર્ડ નાટકોમાં, વીસમી સદીમાં આ નાટકને ખૂબ પ્રતિષ્ઠા મળી.

સમગ્ર નાટકમાં ગોદોની પ્રતીક્ષા જ કરવાની રહે છે. જેની રાહ જોવાય છે તે ન આવેઃ છતાંય સદીઓથી રાહ જોવાનું કાર્ય કર્યા કરવાનું એવી નિયતિને વરેલા દરેક મનુષ્યને અસ્તિત્ત્વની અર્થહીનતાનો ઘેરો-કરુણ બોધ કરાવવામાં નાટક સફળ થાય છે. જીવન એક નાટક છે, જીવાતું જતું જીવન એક રંગમંચ ઉપર ભજવાતાં નાટક જેવું છે. આવતીકાલે ગોદો આવશેની અમર આશા એ માનવીની ઝંખના છે. સંદેશવાહક જેવા કેટલાંય પાત્રો 'ગોદો'ના આવવાની ધરપત કે સમાચાર આપી રાહ જોનારની પ્રતીક્ષાવૃત્તિને પ્રેરે છે. એક પછી બીજી સાંજ પસાર થાય કે અસંખ્ય સાંજ પસાર થાય. ગોદો નહીં આવે. પ્રતીક્ષાનો કોઈ અર્થ નથી એવો બોધ ઝળુંબ્યા કરે અને નાટક પૂરું થાય. સાત્ર અને કામૂ જેવા અસ્તિત્ત્વવાદી સર્જકોની સમાંતરે નાટ્યકાર સેમ્યુઅલ બેકેટ દ્વારા અસ્તિત્ત્વવાદી રંગભૂમિ, થિયેટર ઓફ એબ્સર્ડ નોંધપાત્ર રીતે પ્રતિષ્ઠા પામે છે.

## ૭.૩ સર્જક પરિચય

સેમ્યુઅલ બેકેટનો જન્મ આયરલેન્ડના ડબ્લીન મુકામે 13 એપ્રિલ, 1906માં થયો હતો. તેમની મહત્ત્વની કૃતિઓમાં મર્ફી, મોલોય, ધ અનનેમેબલ, વેઈટીંગ ફોર ગોદો, એન્ડગેઈમ, હેપ્પી ડેઈઝ આદિનો સમાવેશ થાય છે. 'વેઈટીંગ ફોર ગોદો' માટે તેમણે ઓક્ટોબર, 1969માં નોબેલ પ્રાઈઝ મળે છે. ફ્રાન્સના પેરિસમાં 1989ની 22 મી ડિસેમ્બર તેમનું અવસાન થયું. અંગ્રેજી સાહિત્યમાં આધુનિક સર્જક તરીકે સેમ્યુઅલ બેકેટનું નામ ખૂબ પ્રતિષ્ઠાપૂર્વ લેવાય છે.

## ૭.૪ સ્વાધ્યાય

૧. 'વેઈટિંગ ફોર ગોદો' નાટકનો એબ્સર્ડ નાટક તરીકે પરિચય કરાવો.

**લેખન : પ્રો.(ડૉ.) યોગેન્દ્ર પારેખ -** પ્રોફેસર અને ગુજરાતી વિભાગાધ્યક્ષ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ

| એકમ-8 | આઉટસાઈડર |
|---|---|


૮.૧ પ્રસ્તાવના

૮.૨ કૃતિ પરિચય : 'આઉટસાઈડર'

૮.૩ સર્જક પરિચય

૮.૪ સ્વાધ્યાય


## ૮.૧ પ્રસ્તાવના

*આલ્બેર કામૂની નવલકથા 'આઉટસાઈડર' મૂળ ફ્રેન્ચ ભાષામાં લખાઈ. તેના અંગ્રેજી અનુવાદ પરથી ગુજરાતી ભાષાંતર રવીન્દ્ર ઠાકોરે કર્યું છે. વિશ્વ સાહિત્યની જાણીતી રચનાઓના ગુજરાતીમાં અનુવાદ કરવામાં શ્રી રવીન્દ્ર ઠાકોરનું પ્રદાન ઉલ્લેખનીય છે.*

*'આઉટસાઈડર' અસ્તિત્ત્વવાદી નવલકથા છે. કથાના નાયકનું નામ મ્યૂરસોલ્ટ છે. આ નાયક ઈશ્વરમાં માનતો નથી. ધાર્મિક નથી. ઈશ્વર પ્રત્યે આસ્થા નહિ હોવાના કારણે તેને પ્રચલિત અર્થમાં નાસ્તિક કહી શકાય એવો માણસ છે. પરંપરાગત ધાર્મિક મનુષ્યના અણગમાનો ભોગ બને એવું તેનું વર્તન છે. તેના વ્યવહારમાં સામાજિક રીતિ રિવાજો પ્રત્યેની આસ્થા નથી. મ્યૂરસોલ્ટ રૂઢિજડ નથી. રૂઢિજડ નહિ હોવાને કારણે તે ક્રાંતિકારી હોય એવું પણ નથી. પરંપરાગત રીતે ધાર્મિક નહીં હોવાના કારણે તે આધ્યાત્મિક રીતે સમજદાર કે 'સ્થિતપ્રજ્ઞ' પણ નથી. આ કથાના નાનકડા પટ ઉપર મ્યૂરસોલ્ટનું હોવું એ જ એક વિશિષ્ટ અર્થમાં નાનકડી ઘટના છે. તેનાં વાણી, વર્તન, વાર્તાલાપમાં માત્ર વર્તમાન છે. વર્તમાનમાં 'હોવાપણાં' ની સ્થિતિ પ્રત્યેની તેની એકગ્રતાના કારણે અન્ય સ્થિતિઓ માટે એ સહજ રીતે શૂન્યતા કેળવે છે.*

*મ્યૂરસોલ્ટ એ રીતે સાવ જુદો પડતો નાયક છે. નેતૃત્વના અર્થમાં નાયક નથી. પણ કથાના કેન્દ્રમાં રહેલું મુખ્ય પાત્ર. જીવન વિશેની કોઈ સાર્થક કે નિરર્થકતાની વિભાવનાનું તેને વળગણ નથી. તે નોકરી કરે છે. લોકો વચ્ચે રહે છે. વૃદ્ધાશ્રમમાં રહેતી માતાનો પુત્ર છે. સ્વાભાવિક છે કે તે લોકો વચ્ચે રહે છે એ અર્થમાં તે સામાજિક છે. પણ તેનું વર્તન એને અસામાજિક ઠેરવે તેવું છે. તેની અ-સામાજિકતા એન્ટિ સોશિયલ ટાઈપ નથી. છતાં 'આરબનું ખૂન' કરવાનો ગુનો તેણે કર્યો છે એ હકીકતથી ઈનકાર થઈ શકે તેમ નથી. કોર્ટમાં તેણે આપેલા જવાબ, ભાવ-સ્વભાવ, ક્રિયા-પ્રતિક્રિયાનું વિશ્લેષણ તેને ગુનેગાર સાબિત કરે એમાં નવાઈ પામવા જેવું નથી. આવા ન – પૂર્વ, પૂર્વે નહિ આવેલા કથાનાયકની કથા તેને 'આઉટસાઈડર' સિદ્ધ કરે છે. આ નવલકથાને નોબેલ પારિતોષિક મળ્યું છે એ સર્વવિદિત હકીકત છે. 'આઉટસાઈડર'ના પ્રભાવમાં આપણે ત્યાં, ગુજરાતી*

સાહિત્યમાં ચંદ્રકાંત બક્ષી, રઘુવીર ચૌધરી આદિના કથાલેખનના પ્રયોગોમાં 'અસ્તિત્વવાદ'ની અસર જોઈ શકાય છે. આપણે 'આઉટસાઈડર' કથાનો સાર જોઈએ.

## ૮.૨ કૃતિ પરિચય : 'આઉટસાઈડર'

નવલકથા 'આઉટસાઈડર' બે ખંડમાં વિભાજિત છે. પહેલાં ખંડમાં છ પ્રકરણ અને બીજા ખંડમાં પાંચ પ્રકરણ છે. પહેલાં ખંડમાં તેની માતાનું મૃત્યુ, સખી મેરી આદિ પાત્રો સાથેના બે-અઢી સપ્તાહનાં અનુભવનું આલેખન થયું છે. બીજા ખંડમાં તેના ઉપર કોર્ટમાં ચાલતો કેસ, ક્રિયા-પ્રતિક્રિયા અને પરિણામનું આલેખન છે. પહેલાં ખંડમાં અત્યંત સહજ રીતે અ-સામાજિક જણાતો નિર્દોષ મ્યૂરસોલ્ટ બીજા ખંડમાં ગુનેગાર તરીકે, કેદી તરીકે જોવા મળતો માનવી છે. ૧૩૫ પૃષ્ઠની લઘુકદની આ કથાનું બે ખંડમાં વિભાજન થયું છે. મ્યૂરસોલ્ટના જીવનમાં આવતો નિર્ણાયક વળાંક ભાવકચિત્તમાં ઉપસાવવા માટે આ ખંડ વિભાજન પ્રતીતિયોગ્ય લાગે છે.

“મા આજે મરણ પામી અથવા કદાચ ગઈકાલે મને ચોક્કસ ખબર નથી. વૃદ્ધાશ્રમથી આવેલા તારમાં લખ્યું છે : 'તમારી મા મરણ પામી. કાલે દફનક્રિયા. અમારી ઊંડી સહાનુભૂતિ' – આ વિગતોથી કથાની શરૂઆત થાય છે. પ્રથમપુરુષ એકવચન કથનરીતિથી કથાનો નાયક મ્યૂરસોલ્ટ તેની વાત રજૂ કરે છે. આલ્જિર્સથી પચાસેક માઈલ દૂર આવેલા મેરેન્ગો આશ્રમમાં મ્યૂરસોલ્ટની મા રહે છે. માના મૃત્યુનો તાર મળવાથી તે વૃદ્ધાશ્રમ જાય છે. દરવાન અને વોર્ડનને મળે છે. માનું શબ મોટર્યુઅરીમાં રાખવામાં આવ્યું છે. દરવાન આવીને શબપેટીનું ઢાંકણ ખોલીને મૃત્યુ પામેલી માનું મોં જોવાનું કહે છે ત્યારે મ્યૂરસોલ્ટ ના પાડે છે. આખી રાત માની શબપેટી પાસે પસાર કરવાની છે. સાંજે ભોજનના બદલે દૂધવાળી કોફી મગાવે છે, દરવાન સાથે ત્યાં જ શબપેટી પાસે સિગારેટ પીવે છે. શબ પાસે જાગરણ માટે માતાનાં વૃદ્ધાશ્રમના મિત્રો આવે છે. માતાની નજીકની સખી જેવી એક મહિલા હિબકાં ભરીને રડે છે. રાત પસાર થાય છે. પરોઢ થાય છે. અસુખદ જાગરણ પછીનો સમય. દફનક્રિયા પૂર્વે માનું છેલ્લું દર્શન કરવા માટે વોર્ડને જણાવ્યું ત્યારે પણ મ્યૂરસોલ્ટે ના પાડી. દફનવિધિ વખતે મૃત માતાના ખાસ જૂના મિત્ર થોમસ પિરેઝને હાજર રહેવાની વોર્ડન દ્વારા રજા મળે છે. દફનવિધિ વખતે વૃદ્ધ પિરેઝની આંસુથી ઊભરાતી આંખોનું દ્રશ્ય નાયકના મનમાં કાયમ માટે ચોંટી જાય છે.

માતાના મૃત્યુ નિમિત્તે બે દિવસની રજા લઈને આવેલો નાયક દફનવિધિ બાદ પોતાના નગર આલ્જિર્સની શેરીમાં પ્રવેશ વખતે 'ક્ષણના આનંદનો આછો રોમાંચ' અનુભવે છે. ઘરે પાછો ફરેલો નાયક એક સમયની તેની ઓફિસની ટાઈપિસ્ટ મેરી કાર્દોના સાથે સ્નાનાગારમાં અને ઘરે અંગતપળો વિતાવે છે. મેરી સાથે ફિલ્મ જોવા જાય છે. એ ફિલ્મ હાસ્યસભર છે. 'મા હવે દફનાવાઈ ગઈ હતી અને આવતીકાલે હું હંમેશની જેમ કામે જવાનો હતો. ખરેખર મારી જિંદગીમાં કશું જ પલટાયું નહોતું' આ પ્રકારની તેની પ્રતિક્રિયા પરંપરાગત વાચકને માટે અણધારી છે.

મ્યૂરસોલ્ટના ઘરની બાજુમાં જ રહેતો એક માણસ; તેનું નામ સાઈન્તેસ રેમન્ડ તેની સાથે પરિચય કેળવે છે. બીજો પડોશી છે, સાલામાનો. સાલામાનો ઘરડો હતો. તેણે સ્પેનિયલ કૂતરો પાળ્યો હતો. રેમન્ડ અને સાલામાનોના વ્યક્તિત્વની વિશેતાઓ મ્યૂરસોલ્ટ વર્ણવે છે. નજીકમાં જ રહેવાનું હોવાથી બંને વિશે તેનું નિરીક્ષણ વ્યક્ત કરે છે. સાલામાનો અને તેના પાળેલા કૂતરા વચ્ચેનો વ્યવહાર, સાલામાનો કૂતરાને ગાળો આપતો હોય, ક્રોધ કરતો હોય એવું વર્તન આસપાસના લોકોને પણ ગમતું નથી.

રેમન્ડ સાઈન્તેસ તેનાં ઘરે સાથે જમવા અને શરાબ પીવા માટે મ્યૂરસોલ્ટને બોલાવે છે. એક છોકરી સાથે તેને દોસ્તી હતી. તેની વાત જમતાં જમતાં મ્યૂરસોલ્ટને સંભળાવે છે. રેમન્ડના પૈસે ખર્ચા કરતી, જલસા કરતી એ છોકરીએ રેમન્ડ સાથે વિશ્વાસઘાત કર્યો છે. અન્ય પુરુષ સાથેનાં તેના સંબંધોથી રેમન્ડ તેના વિષે રોષે ભરાયો હતો. કોઈ પણ રીતે એ છોકરી સાથે તે બદલો લેવા માંગતો હતો. રેમન્ડ યુવતીને મારે છે. ઘરે પોલીસ આવે છે. રેમન્ડને પોલીસ ચેતવણી આપે છે. સલામાનોથી કંટાળીને તેનો કૂતરો ઘર છોડીને જતો રહે છે. મ્યૂરસોલ્ટને રેમન્ડ સાથે દોસ્તી થાય છે. એક દિવસ બધા સાગરકાંઠે ફરવા જવાનું આયોજન કરે છે.

રેમન્ડને મેસન નામે એક મિત્ર. દરિયા કિનારે આવેલું તેનું મકાન. જ્યાં તે રજાના દિવસો ગાળવા આવતો. રેમન્ડના કહેવાથી સાગરકાંઠે વિહાર કરવા આવેલ મ્યૂરસોલ્ટ સાથે તેની સખી મેરી પણ આવે છે. મેરી મ્યૂરસોલ્ટને પરણવાની ઈચ્છા ધરાવે છે. મ્યૂરસોલ્ટ પણ મેરી સાથે પરણવા ગંભીરતાપૂર્વક વિચાર કરે છે પણ સાગરકાંઠે બનનારી ઘટના બધું જ બદલી નાખવાની છે. સાગરકાંઠે બે આરબો છે. રેમન્ડને આરબો પ્રત્યે ઘૃણા છે. તેનો વિશ્વાસઘાત કરનારી યુવતીના મિત્ર આરબો તેને (રેમન્ડને) મારવા ઈચ્છે છે એવું ધરતો રેમન્ડ સાગરકિનારા સુધી પાછળ પાછળ પહોંચી ગયેલા આરબો વિશે મ્યૂરસોલ્ટ ને સાવધ કરે છે. મ્યૂરસોલ્ટ રેમન્ડની સાથે આવ્યો છે તેથી અવશપણે સંડોવાય છે. મ્યૂરસોલ્ટ રેમન્ડને કહે છે, 'જ્યાં સુધી તે તેનો છરો ન કાઢે ત્યાં સુધી તારે ગોળી ન છોડવી જોઈએ.'

બંને આરબો ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા પછી રેમન્ડ સાથે બંગલે પાછો ફરતો મ્યૂરસોલ્ટ દરિયાકાંઠે પાછો ફરે છે. ત્યાં રેમન્ડને મારવા ઈચ્છતો આરબ પાછો જોવા મળે છે. મ્યૂરસોલ્ટને જોઈ સળવળતો આરબ ખિસ્સામાં હાથ નાંખે છે. મ્યૂરસોલ્ટ તેનાથી માત્ર દસ વાર દૂર છે. વાતાવરણમાં અસાધરણ ગરમી છે. તેને એ સમયે જ સૂઝે છે કે ત્યાંથી પાછા વળી જવું, ચાલ્યા જવું. આરબ તેની સામે દાંતિયા કરતો હતો. મ્યૂરસોલ્ટ રોકાયો. તેના બંને ગાલને દઝાડતી ગરમી તેને માટે અસહ્ય હતી. તે એક ડગલું આગળ વધ્યો, ત્યાં જ આરબે છરો બહાર કાઢયો ને તેના તરફ રાખ્યો – સૂર્યપ્રકાશથી વિરુદ્ધ દિશામાં.

સૂર્યપ્રકાશની અસહ્ય તીવ્રતા, છરામાંથી ફેંકતાં, પાંપણો પર ઝખમ કરતાં, કીકીઓને બહાર ખેંચી કાઢતાં, પ્રકાશના તીક્ષ્ણ પાનાં અને ....' ને પણ બધું જ મારી આંખો સામે ભમવા લાગ્યું, સાગરમાંથી પવનનો ઉગ્ર ઝપાટો ઊઠયો. ખૂણેખૂણેથી

આકાશના ટુકડા અને અગ્નિનું એક મોટું પતરું આકાશની પટ્ટીમાંથી છલકાવા લાગ્યું. મારા શરીરની એકેએક નસ પોલાદની સ્પ્રિંગ બની ગઈ અને રિવોલ્વર પરની મારી પકડ દૃઢ બની. ઘોડો છૂટી ગયો અને આમ, ત્વરિત ફટકા જેવા ધડાકા સાથે તે બધાનો પ્રારંભ થયો. મેં મારા પરસેવાને તથા પ્રકાશના વળગેલા પડદાને ખંખેરી નાંખ્યો. હું જાણતો હતો કે મેં તે દિવસની સમતુલાના, જે સાગરકાંઠા પર હું સુખી હતો તે સાગરકાંઠાની વ્યાપક શાંતિના ચૂરેચૂરા કરી નાખ્યા હતા. તોય, તે જડ શરીર પર મેં વધુ ચાર ગોળીના નિશાન તાક્યાં.'

આમ, પ્રથમ ખંડના અંત ભાગે આપણો નાયક મ્યૂરસોલ્ટ એટલું સમજી ચૂક્યો હતો કે તેના વિનાશના દ્વારા ખૂલી ગયાં હતા. તે હવે કેદી હતો.

કથાના બીજા ખંડમાં તેના ઉપર કોર્ટ કાર્યવાહી ચાલે છે. તેનો વકીલ તેને કાળજીપૂર્વક બોલવાની સલાહ આપે છે. પબ્લિક પ્રોસિક્યૂટર ઝીણવટપૂર્વક મ્યૂરસોલ્ટના વ્યક્તિત્વનું વિશ્લેષણ કરે છે. 'આરબના ખૂની' તરીકે જેના ઉપર ગંભીર આરોપ છે તેવો મ્યૂરસોલ્ટ કેવો તો બેપરવા અને હૃદયહીન છે તે સિદ્ધ કરવું જરા પણ મુશ્કેલ નથી. મરી ગયેલી માતાના અંતિમ દર્શન માટે જરા પણ રસ ન દાખવનાર, માતાના શબ પાસે બેસી સિગારેટ ફૂંકનાર, દફનવિધિના બીજા દિવસે જ સ્ત્રી મિત્ર સાથે શય્યાસુખ માણનાર, હાસ્યપ્રધાન ફિલ્મ જોવા જતો નાયક કેટલી હદે સમાજ નિરપેક્ષ કે મૂલ્યનિરપેક્ષ છે તે સાબિત કરવું કેટલું તો સરળ છે. રેમન્ડને પોતે જ સલાહ આપી છે કે 'જ્યાં સુધી આરબ છરો કાઢે નહિ ત્યાં સુધી તારે ગોળી છોડવી નહીં; એ જ મ્યૂરસોલ્ટ રેમન્ડ પાસેથી રિવોલ્વર લઈને પોતાની પાસે રાખે છે અને તીવ્ર સૂર્યપ્રકાશની કાળઝાળ ગરમીમાં ઘોડો દબાવી બેસે છે.

જીવન પરિવર્તન, સુખદ ભવિષ્ય, સામાજિક પરંપરાગત મૂલ્યોથી સહજ રીતે, નિરપેક્ષભાવે જીવી રહેલા મ્યૂરસોલ્ટને મેરી સાથે ગાઢ સંબંધ છે પણ ઘણા સમય સુધી તો લગ્ન વિશે પણ ગંભીર નથી. જીવનમાં કશું સાર્થક કરવાનો તેનો ઉપક્રમ કે અભિલાષા પણ નથી. જીવાતા જતાં જીવનમાં કશુંક અપૂર્વ કરવાને વિશે તે કૃતસંકલ્પ પણ નથી. જીવનથી હતાશ પણ નથી. સુખી થવાના ગેરવાજબી ઘમાસાણથી દૂર એવો મ્યૂરસોલ્ટ શાંત સાગરકિનારે જીવનભરની અશાંતિ સર્જી બેસે છે. જીવનની અચોક્કસતા તેને ભયંકર દુષ્કૃત્ય તરફ ધકેલી દે છે.

જીવન જેવું છે એનો સહજ સ્વીકાર કરવો તે એનો સ્વભાવ કહો કે સ્થાયીભાવ છે. માનવસંબંધો પ્રત્યે કે સમાજ પ્રત્યે ગંભીર જવાબદારીની પ્રતિબદ્ધતા નથી તો સાવ બેજવાબદાર પણ નથી. માતાને વૃદ્ધાશ્રમમાં રહેવા તેણે મજબૂર નથી કરી પણ માને છોડીને પોતે એકલો રહી શકે એવી સ્વસ્થતા તેનામાં છે. માતા પ્રત્યે અસાધારણ રીતે નિષ્ઠુર ન હોવા છતાં અંતિમ દર્શન માટે માનું મોં જોવાની પણ દરકાર રાખતો નથી એ હકીકત તેના બેપરવા વર્તનની કે હૃદયહીનતાની સાક્ષી પૂરે છે. રેમન્ડ જેવો માણસ જે સૌમાં અપ્રિય છે અને તે ધંધાદારી સ્ત્રીઓની દલાલ હોવા છતાં તેની સમસ્યા જાણવા માટે,

તેની સાથે મૈત્રી કરવા તે તૈયાર છે. રેમન્ડ સાથેની દોસ્તી મ્યૂરસોલ્ટ માટે જીવનમૂલ્ય નથી પણ ઉમેરાતું એક પ્રકરણ છે.

નીતિ – અનીતિ, સદ્દભાગ્ય – દુર્ભાગ્ય, પાપ-પુણ્ય જેવા પ્રચલિત જીવન માપદંડોથી જુદી રીતે જીવનારો, વર્તમાનમાં જ જીવતો મ્યૂરસોલ્ટ ઈશ્વરમાં માનતો નથી એમ કહે છે ત્યારે પોતાની 'નાસ્તિકતા' ને પોતાની ઉપલબ્ધિ ગણવા કે ગણાવવા વિશે તેને કોઈ જાતની તમા નથી. 'ઈશ્વરમાં માનતો નથી' એમ પ્રમાણિકપણે જણાવતો મ્યૂરસોલ્ટ પોતાનામાં વ્યસ્ત હતો જે હવે સ્થૂળ અર્થમાં ત્રસ્ત થવાની ચેષ્ટા કરી ચૂક્યો છે. કોર્ટમાં તેને ઓછી સજા થાય તે માટે તેને સમજાવતો તેનો વકીલ, ઈસુના પ્રતિનિધિ જેવો પાદરી, ન્યાયાધીશ આદિ પાત્રોના હદય-મનમાં ખાસ સ્થાન મેળવી ચૂકેલો મ્યૂરસોલ્ટ આખરે પોતાની જાતને નિર્દોષ સિદ્ધ કરી શકવાનો નથી. નરી આંખે દેખાતું સત્ય એ જ છે કે તેણે આરબને ગોળી મારી છે. મ્યૂરસોલ્ટે ચલાવેલી રિવોલ્વરમાંથી નીકળેલી ગોળીએ આરબના પ્રાણ લીધા છે. એક વખત, પહેલી ગોળી છોડયા પછી બીજી ચાર ગોળી છોડવાના તેના કાર્યના તેણે માઠાં પરિણામ ભોગવવાના છે.

માતાની દફનક્રિયા પછીનું તેનું વર્તન તદ્દન અસામાજિક લાગે તેવું છે. તેના જીવનમાં મેરી સાથેનો સંબંધ પણ સામાજિક દ્રષ્ટિએ અસ્વીકૃત બને છે. તેને સારા માણસ તરીકે જાણતો રેસ્ટોરાંનો માલિક પણ તેનો બચાવ કરી શકે એમ નથી. વિશિષ્ટ કહી શકાય એવો આ માણસ મ્યૂરસોલ્ટ કશી વિશિષ્ટતાનો દાવો કરતો નથી. આસપાસની સૃષ્ટિ સંબંધો કે સમાજ પ્રત્યે ઈર્ષ્યા જન્મે તેવી તેની મહત્ત્વાકાંક્ષા નથી. કોઈ પણ પ્રકારની ઈચ્છાપૂર્તિ કરવા તે જીવતો નથી. જીવનનું કોઈ ઉચ્ચ લક્ષ્ય તેને સિદ્ધ કરવાનું નથી. તેનું માનસ ગુનાહિત નથી છતાં તેણે આરબને મારી નાખ્યો છે એ હકીકત કાયદાની દ્રષ્ટિએ તેને ગુનેગાર પુરવાર કરે છે. તેને ફાંસીની સજાથી કોઈ ફરક પડતો નથી. જીવનને વિશે તેની ધારણા અ-પૂર્વ છે. એ માને છે કે માણસને મરવાનું નક્કી જ છે તો ક્યારે કઈ રીતે મરે છે એ બિલકુલ મહત્ત્વનું નથી. જીવવાની પ્રબળ ઈચ્છા ધરાવતો નથી તેથી ફાંસીની સજા તેના દુઃખનું કારણ નથી. મનુષ્ય તરીકે જન્મ ઈશ્વરની કૃપાનું પરિણામ નથી એમ માનતો મ્યૂરસોલ્ટ જીવન વેડફી દેવા જીવતો નથી છતાં તેનું જીવન વેડફાય છે તે સત્ય જ તેની નિયતિ છે. માણસ હોવાની હકીકત અને સંજોગોની ભીંસ અનુભવતા મ્યૂરસોલ્ટની એક ચેષ્ટા તેના જીવનવિશ્વને વેરવિખેર કરે છે. આ વિરાટવિશ્વમાં પોતાના હોવાના વિશે સહજ રીતે અહંકારનું વિગલન કરી ચૂંકેલો મ્યૂરસોલ્ટ દરેક સ્થિતિમાં સ્વસ્થ છે; એ દ્રષ્ટિએ તે સ્થિતપ્રજ્ઞ છે. તેની સ્થિતપ્રજ્ઞતા કોઈ નવો આદર્શ નિર્માણ કરવા માટે નથી અને તેને એવી પરવા પણ નથી.

મ્યૂરસોલ્ટ કોઈના વિશે અભિપ્રાય બાંધતો નથી. પૂર્વગ્રહથી પ્રેરિત નથી. મેરી સાથે પરણવા વિશે એક વખત ગંભીર વિચાર કર્યાની થોડી ક્ષણ સિવાય ભવિષ્યને વિશે કોઈપણ પ્રકારના આયોજનથી વર્તન કરતો નથી. સૃષ્ટિના રચયિતા વિશે બે-ખબર કે બેપરવા એવો મ્યૂરસોલ્ટ પોતાના આગવા કહી શકાય એવા મનોજગતનો માલિક છે.

*પોતાના વર્તનના પરિણામને દુન્યવી દ્રષ્ટિએ સજા ગણવામાં આવે છે. પણ તેના માટે એક વધારાનો અને અંતિમ અનુભવ છે એથી વિશેષ કશું નહીં. પોતે આ દુનિયામાં નહિ હોય ત્યારે પણ મેરિ, રેમન્ડ કે અન્ય પાત્રો, પરિસ્થિતિ એમ જ રહેવાના છે કે બદલાશે તેનાથી તેને કોઈ ફરક પડવાનો નથી. મૃત્યુ પછીના જીવનની કોઈ કલ્પના નહિ હોવાથી તે ખરા અર્થમાં જીવનમુક્ત છે અને એ રીતે સંવેદનશીલ આધુનિક મનુષ્ય છે. અલબત્ત એનું ‘સંવેદન’ જીવનમૂલ્ય તરીકે પ્રસ્થાપિત થતું નથી પણ તેનું મનુષ્ય હોવું એ અસ્તિત્ત્વશીલ હકીકતને ભાવક સમક્ષ રજૂ કરે છે. જીવનાનુભવ અને મૃત્યુના અનુભવ વચ્ચે કોઈ ભેદ ન જોનાર મ્યૂરસોલ્ટ વીસમી સદીનો અવિસ્મરણીય નાયક છે. એ સાચા અર્થમાં આઉટસાઈડર સિદ્ધ થાય છે.*

## ૮.૩ સર્જક પરિચય

**આલ્બેર કામૂ : (૧૯૧૩ થી ૧૯૬૦) :** *અલ્જેરિયન – ફ્રેન્ચ ફિલોસોફરનો જન્મ ૭ નવેમ્બર ૧૯૧૩ના રોજ થયો હતો. અને એક કાર – અકસ્માતમાં ૪ જાન્યુઆરી ૧૯૬૦ના રોજ તેમનું અવસાન થયું. માત્ર સુડતાલીસ વર્ષના જીવનકાળમાં સમગ્ર વિશ્વમાં પ્રતિષ્ઠા મળે એવું સર્જન આપણને તેમની પાસેથી મળે છે.*

*બે વિશ્વયુદ્ધો જોઈ ચૂકેલી દુનિયાએ મનુષ્યની વિરુપતા અને અમાનવીય યુદ્ધખોરીનો અનુભવ કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધની ભયાવહતા પછીની દુનિયામાં ચિંતકો – સર્જકોએ પોતાનો સર્જનાત્મક પ્રતિભાવ આપ્યો તેમાં કામૂ મોખરે હતા. કીડી-મકોડાની જેમ માણસો ટપોટપ મરી ગયા હોય એ ઘટનાચક્રનો સાક્ષી બનેલો સર્જક જે આઘાત અનુભવે છે. તેના પ્રત્યાઘાતી સન્નાટા કે નિરાશાનું સાહિત્ય, અસ્તિત્ત્વશીલ મથામણ, મૂંઝારો, હતાશા, એકલતા અને ખુદની ઓળખમાં ત્રસ્ત આધુનિક મનુષ્ય વિશ્વસાહિત્યમાં પ્રગટે છે. એનું આ પ્રાગટય નૂતન આશા જમાવનારું નથી પણ મનુષ્ય હોવાની પીડાને પામવાનું છે. કામૂ એ સમયના સાહિત્યકારોમાં અગ્રણી હતા. ૧૯૫૭માં ૪૪ વર્ષની વયે વિશ્વના સર્વોચ્ચ પુરસ્કાર નોબેલથી તેઓ સન્માનિત થયા.*

*‘ધ આઉટસાઈડર’, ‘ધ સ્ટ્રેન્જર’, ‘ધ રિબેલ’, ‘ધ પ્લેગ’, ‘ધ મિથ ઓફ સિસિફસ’, ‘ધ એક્સાઈલ એન્ડ ધ કિંગડમ’, તેમની જાણીતી સાહિત્યકૃતિઓ મુખ્યત્વે નવલકથાકર, નાટયકર તરીકે જાણીતા. કામૂએ* Combat *‘કોમ્બેટ’ નામના અખબારના સંપાદક તરીકે પણ કામ કર્યું હતું.*

*કામૂના પાત્રોનો જીવન સામે વિદ્રોહ કે સમાધાનની કોઈ અંતિમવાદી ભૂમિકા નથી. કામૂ માણસ હોવાની પીડાને ઓળખે છે. અસ્તિત્ત્વની સમસ્યાઓ પ્રત્યેનું તેમનું નિરીશ્વરવાદી ચિંતન નવલકથા, નાટક અને નિબંધમાં અસરકારક રીતે રજૂ થાય છે. માત્ર*

*સુડતાલીસ વર્ષની વયે અવસાન પામેલા કામૂને 'આઉટસાઈડર' તથા 'ધ મિથ ઓફ સિસિફસ'થી વૈશ્વિક ઓળખ મળી છે.*

*'ધ આઉટસાઈસર'નો ગુજરાતી અનુવાદ રવીન્દ્ર ઠાકોર પાસેથી મળે છે. 'પ્લેગ' નો ગુજરાતી અનુવાદ રાજેન્દ્ર જોષીએ કર્યો છે. વિશ્વસાહિત્યની ખૂબ જાણીતી ઘણી સાહિત્યકૃતિઓના ગુજરાતીમાં અનુવાદો થયા છે.*

## ૮.૪ સ્વાધ્યાય

- *'આઉટસાઈડર'- કૃતિનો પરિચય કરાવો.*
- *અસ્તિત્ત્વવાદી નવલકથા તરીકે 'આઉટસાઈડર'ની વિશેષતા ચર્ચો.*
- *'આઉટસાઈડર'ના નાયક મ્યૂરસોલ્ટ વિશે વિસ્તૃત નોંધ લખો.*

**લેખન : ડૉ. એ. એ. શેખ -** *ગુજરાતી વિભાગાધ્યક્ષ, એસોસિએટ પ્રોફેસર,*
*સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, જાદર*

| એકમ-9 | ફૉન્તામારા |
| --- | --- |


૯.૧ પ્રસ્તાવના
૯.૨ કૃતિ પરિચય : 'ફૉન્તામારા'
૯.૩ સર્જક પરિચય
૯.૪ સ્વાધ્યાય
૯.૫ સંદર્ભ


## ૯.૧ પ્રસ્તાવના

*ઈગ્નાઝિયો સીલોની ઈટાલિયન નવલકથાકાર છે. સાહિત્યક્ષેત્રે નવલકથા, નિબંધ, કવિતા અને ટૂંકીવાર્તા સ્વરૂપમાં સર્જન કર્યું છે. ફાસીવાદ વિરોધી નવલકથાઓએ એમને સવિશેષ ખ્યાતિ અપાવી. એમની પ્રથમ નવલકથા 'ફૉન્તામારા'ને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મળી છે. 'ફૉન્તામારા' નવલકથામાં ઈટાલીના ગ્રામવિસ્તારમાં આવેલ એક કંગાળ ગામડું 'ફૉન્તામારા' છે. આ 'ફૉન્તામારા' દક્ષિણ ઈટાલીમાં એક નહિ 'અનેક' હતાં. આ નવલકથાના કેન્દ્રસ્થાને સર્વસત્તાવાદ, સરમુખત્યારશાહી, ફાસીવાદના કારણે જે પરિસ્થિતિ સર્જાય એ છે. આ વિષયવસ્તુ આધારિત અન્ય સર્જકોની કૃતિઓ મળે છે પણ એ બધાથી 'ફૉન્તામારા' નવલકથા એની સરળ રજૂઆતને કારણે વિશિષ્ટ છે. ભાંગેલા ગામડાં અને તૂટેલાં મનની કથા એટલે આ 'ફૉન્તામારા' નવલકથા. માનવીય મૂલ્યોના હ્રાસ અને પતનની કથા એટલે આ 'ફૉન્તામારા' નવલકથા. સહાનુભૂતિ, શ્રદ્ધા અને આર્દ્રતાની કથા એટલે આ 'ફૉન્તામારા' નવલકથા. ઈટાલિયન સર્જકોમાં ઈગ્નાઝિયો સીલોની સરળ શૈલી અને સંયમી રજૂઆતને કારણે જુદા તરી આવે છે. જે એમની 'ફૉન્તામારા' નવલકથાના અંતે આવતા વિધાનમાં એમણે કરેલા સુધારાને આધારે કહી શકાય. આમ, ઈગ્નાઝિયો સીલોનીની 'ફૉન્તામારા' નવલકથા એમના સમગ્ર સર્જનમાં સર્વશ્રેષ્ઠ કૃતિઓમાંની એક છે એમ નિઃશંકપણે કહી શકાય.*

## ૯.૨ કૃતિ પરિચય : 'ફૉન્તામારા'

*'ફૉન્તામારા' એ ઈગ્નાઝિયો સીલોનીની પ્રથમ નવલકથા છે. આ નવલકથા દસ પ્રકરણમાં વિભાજિત છે. આ નવલકથાનો મૂળ ઈટાલિયન ભાષામાંથી અનુવાદ ગ્વેન્ડા ડેવિડ અને એરિક મોસ્બેકટે કર્યો છે અને ગુજરાતીમાં જયંતિ દલાલે અનુવાદ કર્યો છે. નવલકથાના દરેક પ્રકરણમાં વિશિષ્ટ વ્યક્તિની ઓળખ અને એના પ્રભાવના કારણે ફૉન્તામારાના લોકો – ખેડૂતોની દયનીય સ્થિતિ થાય છે એ કેન્દ્રસ્થાને છે. 'ફૉન્તામારા'ના સ્થૂળ અને સૂક્ષ્મ પાસાં સરળ શૈલીમાં ઉજાગર થયા છે. શોષક અને શોષણના વિભિન્ન પરિમાણો આ નવલકથામાં પ્રગટ થયા છે.*

*'ફૉન્તામારા' નવલકથાના પ્રથમ પ્રકરણમાં પીદમોન્તના નિવાસીઓનું જીવન અને રહેણીકરણીની વિગતો સવિસ્તાર આપવામાં આવી છે. ફૉન્તામારામાં*

વીજળીબત્તીના ઉજાસ વિના વીજળીયુગ અને ચંદ્રયુગ વચ્ચેનો એક સૈકો પૂરો થયો હોવાની વાત નવલકથાના આરંભે જ રજૂ થઈ છે. આ વીજળીયુગ અને ચંદ્રયુગ પછી ઘાસતેલ અને પેટ્રોલયુગ આવી ગયો. ખેડૂતોના જીવનમાં છેલ્લા સિત્તેર વર્ષમાં જે નવી વસ્તુઓ આવી એમાં મુખ્ય બે વસ્તુ કેન્દ્રસ્થાને છે. 'એક છે વીજળીબત્તી અને બીજી છે સીગારેટ. (પૃ. ૧૮)' વીજળીબત્તી કુદરતી હોય એમ એ લોકો માનતા થઈ ગયા. આ માનવાનું કારણ એ પણ હતું કે એ લોકોએ વીજળીબત્તી માટે ક્યારેય એક પૈસો ભર્યો નથી. ઉઘરાતદાર આવીને જ્યારે કાગળિયાં આપે ત્યારે એ લોકો કાગળિયાંની ભૂંગળી વાળીને એનાથી ચૂંગીઓ સાફ કરતા. આ ઉઘરાતદાર માંડ માંડ એના હાડકાં અને ચામડું સાબૂત રાખીને ગામમાંથી ગયો એ માટે એણે ઈશ્વરનો આભાર માનવો જોઈએ કારણ કે અમારા પ્રદેશની હદ પૂરી થાય એ ગાળામાં કોઈકની બંદૂકની ગોળી એને વાગી નહિ અને એ હેમખેમ ગયો. ઉઘરાતદારો વિવેકબુદ્ધિનો ઉપયોગ કરી ચાલાકી કરે છે. જ્યારે પુરુષવર્ગ કામ માટે બહાર ગયા હોય અને સ્ત્રી અને બાળકો ઘરે હોય એ સમયે આવીને કાગળિયાં વહેંચી જાય. રાજા હર્બટ, શાહજાદા તોર્લોનિયા, ઈનોસેન્ઝો લા – લેઝ્ઝે, પાદરી બુઆ, ડોન અબાશિયો, જનરલ બાલ્દીસેરા, માઈકેલ ઝોમ્પા, પોન્ઝિયો એન્તોનિયો રનોશિઆ, બાલ્દાવિનો શિયારમ્પા, જીઆસિન્તો બાર્લેત્તા, વેનેર્દી સાન્તો, સીરો ઝીરોન્દા, પાપાસિસ્તો, જીઆકોબ્બે લોસુર્દો, હું, મારિયેત્તા સોર્સાનોરા વગેરે જેવા અમલદાર, અધિકારી, ઉઘરાતદાર, ધર્માધિકારી, સ્ત્રી અને પુરુષ પાત્રો છે. આ પ્રકરણમાં વિવિધ પ્રકારના કર નાંખી લોકોને જે રીતે ત્રાસ અને પીડા આપી હેરાન કરે છે એને ઉદાહરણ સાથે રજૂ કર્યું છે. સ્ત્રીઓની સ્થિતિ અને એનું સ્થાન કેવું હતું એ પણ વીર પુરુષ સોર્સાનોરાની વિધવા પત્ની વગેરેની સ્થિતિ ઉપરથી સ્પષ્ટ થાય છે. અવૈધ સંબંધોના વિભિન્ન પરિમાણો પણ પ્રગટ થયા છે. કંટ્રાટી, સત્તાધારી, ધર્માધિકારી વગેરેની નીતિ તત્કાલીન આર્થિક, સામાજિક, રાજકીય અને ધાર્મિક સ્થિતિને ઉજાગર કરે છે. એ લોકો જે થઈ રહ્યું છે એને સમજવાનો પ્રયત્ન કરે છે. આ ન સમજી શકવાની અસમર્થતા વીજળીબત્તીના બંધ થવા ઉપરથી સ્પષ્ટ થાય છે. આ વીજળીબત્તી બંધ થવાથી નાના બાળકો માટે મઝાની રમૂજ, મોટા માટે આ અન્યાય હતો. લોકોની કંગાલિયતને આ અંધારા એ વધારે ભીષણ બનાવી હતી. નવા કરની જાહેરાત કરવા આવેલ અજાણ્યા જુવાનના આગમન સાથે લોકોમાં કર અંગેની ચર્ચાઓ અંદરોઅંદર શરૂ થાય છે અને એનો અંત એ લોકો પાસેથી સહી કરાવીને થાય છે. આ સહી કરી એમાં આ પ્રમાણેનું લખાણ હતું – 'નીચે સહી કરનારે પોતાની રાજીખુશીથી અને અક્કલ હુંશિયારીથી મિલિશિયાના અફસર પેલિનોન ઉપર લખેલી વાતને ટેકો આપવા સહી કરી છે. (પૃ. ૨૭)' અહીં કઈ વાતને ટેકો આપ્યો એની કોઈ સ્પષ્ટતા એ લોકો સામે કરવામાં આવતી નથી. આ બધુ એમની મરજીથી – રાજીખુશીથી થાય છે એની કબૂલાત કરાવે છે. 'લીખ' દ્વારા લોકોની ધાર્મિક માન્યતા દર્શાવી છે. 'લીખ' એ 'લોકો'ના પ્રતીક તરીકે આવે છે. ડોન અબાશિયો જણાવે છે કે પોપ અને સરકાર વચ્ચે સમજૂતી થઈ ગઈ હોવાથી હવે ખેડૂતોનો 'સારો' વખત આવશે. માઈકલે સ્વપ્નમાં પોપ સાથે કરેલા સંવાદો ઉપરથી આ લોકોની કેવી ક્રૂર મજાક થઈ રહી છે એ સ્પષ્ટ થાય છે. લોકો સરકાર અને ધર્માધિકારીની ઠેકડી ઉડાવે છે

ત્યારે 'સરકાર તમને યોગ્ય સ્થાન બતાવી દેશે. સજા કરશે. ટૂંક સમયમાં જ સરકારનું ફરમાન સાંભળવા મળશે. (પૃ. ૩૨)'

બીજા પ્રકરણમાં 'પાણી' કેન્દ્રસ્થાને છે. ફૉન્તામારાના લોકોની માયા અને મૂડી 'પાણી' છે. પાણી મેળવવા માટે તકરાર થાય અને ક્યારેક એ અંત છરી હુલાવવાનો બનાવ પણ બને. જે અવનવી ઘટના ઘટી હતી એ ફૉન્તામારાનું પાણી એની સીમ નથી એવા માંડવાની જમીનને પડખે વહેતું કરવા માટે મજૂરો આવ્યા હતા એ હતી. આ જમીનના માલિક ડોન કાર્લોમેગ્રા – મોટા હતા. નગર અને ગ્રામ લોકોનું વર્તન, સ્વભાવ, રહેણીકરણી વગેરે એકમેકથી ભિન્ન હતા, એ પાદરી અને ગધેડાની વાર્તા ઉપરથી સ્પષ્ટ થાય છે. ફૉન્તામારામાં પાદરીબુઆ હોતા નથી. આવક ન હોવાથી દેવળ તહેવાર કે અન્ય મોટા દિવસે જ ખૂલે. ધર્મગુરુ પ્રાર્થના કરવા આવે એનો સમગ્ર ખર્ચ ફૉન્તામારાના લોકોએ જાતે ઉઠાવી ધન એકત્ર કરવાનું અને એમની આગતા સ્વાગતામાં કોઈ કમી ન રહે એનું ધ્યાન રાખવાનું. પાદરીની રીતભાત જોઈને લોકો ઠટ્ઠા મશ્કરી કરે છે. મશ્કરી કરવી એ લોકોનું વિશિષ્ટ લક્ષણ છે. પાણીના વહેણને પણ તેઓ એક મજાક જ ગણે છે. આ અન્યાયને રોકવાનો પ્રયત્ન સોર્સાનેરા, લીઝાબેત્તા લીમોના, મારિયા ગ્રાઝિયા, સિયામારુગા, કન્નારોઝોની દીકરી, ફીલોમેના ક્વાર્તેર્ના, પોન્ઝીઓ પાઇલેત્તો પત્ની સોર્સાનેરા, રેચ્ચીયુતા, ગ્યુદીત્તા, સ્કારપોની, ફોર્નેરા વગેરે સ્ત્રીઓ કંઈક કરવાની ભાવના સાથે મુખી સમક્ષ રજૂઆત કરવા માટે જાય છે. આ સ્ત્રીઓને જોઈ કહે છે કે, 'આ બધીઓને અંદર આવવા દેતા નહીં. આવવા દીધી તો પછી લીખ ને જૂનો પાર નહીં રહે. (પૃ. ૩૯)' સ્ત્રીને ફરીથી લીખ અને જૂ સાથે સરખાવી એમનું સ્થાન બતાવે છે. ઘટનાનો આંખો દેખ્યો અહેવાલ આપે છે અને પાણીવાળી ઘટના વર્ણવે છે. સાક્ષર લોકોનો દંભ અને અભિમાન ઉજાગર થાય છે. મુખીનો હોદ્દો બદલાયો હોવાથી હવે 'પોદેસ્તા' નામે ઓળખાય છે. ડોન સિર્કોત્સાન્ઝા હવે મુખી નથી રહ્યા એ જાણી આ લોકોને નવાઈ લાગે છે. નવા મુખી તરીકે રોમથી આવેલા કૉન્ટ્રાક્ટરની નિમણૂંક થઈ જેની આ લોકોને નવાઈ લાગતી હતી. સત્તા ઉપર કોઈ પણ કઈ રીતે આવી શકે એ વાત તેઓને સમજાઈ નહિ. કૉન્ટ્રાક્ટરની પત્ની રોસાલિયાનો અધિકારીની પત્ની હોવાનું અભિમાન સામાન્ય માણસોના પ્રશ્નોને મહત્ત્વ ન આપીને એમને મુલાકાત માટે ધક્કા ખવડાવવા વગેરે ઉપરથી સ્પષ્ટ થાય છે. સ્ત્રીઓના ચરિત્ર અને સ્વભાવના વિભિન્ન પરિમાણ નવલકથાકારે આલેખ્યા છે. કૉન્ટ્રાક્ટરને ન મળી શકાયું તેથી હવે સ્ત્રીઓ ડોન કાર્લોને મળવા જાય છે. આ ડોન કાર્લોની પત્ની બાઈસાહેબ ડોન્ના ઝીઝોલા જાજરમાન સ્ત્રી. ડોન કાર્લોની બધી જ મિલકતની ચોકીદારી એની પત્ની કરે જેમાં સ્ત્રીસહજ સ્વભાવ અને ગુણ પ્રગટ થાય છે. કૉન્ટ્રાક્ટર લોકો સાથે શું કરી શકે એનો અણસાર પાણીના વહેણ વાળવાવાળી ઘટના ઉપરથી આવે છે. કૉન્ટ્રાક્ટર સર્વશક્તિમાન છે. એ જે ધારે એ કરી શકે. મિજબાનીમાં આવેલા સભ્ય નાગરિકોના ચરિત્ર, સ્વભાવ અને વર્તનનું સૂક્ષ્મ આલેખન નવલકથાકારે કર્યું છે. ડોન સિર્કોત્સાન્ઝાને ફૉન્તામારાના લોકો માટે 'ખાસ લાગણી' હોવાથી એ લોકો પોતાના પ્રશ્નો એમની પાસે લઈને જતા અને એ એમનો હલ આપતા. લોકોને જ્યારે પોતાના પ્રશ્નોના

જવાબ ન મળ્યા ત્યારે એ લોકો વિદ્રોહ કરે છે. આ વિદ્રોહને રોકવાનો પ્રયત્ન ડોન સિર્કોત્સાન્ઝા કરે છે કારણ કે લોકો એમને માન આપે છે. પાણીના વહેણ માટેની જે અરજી ઉપર લોકોએ સહી કરી હતી એ કાગળ એમને બતાવવામાં આવે છે. કાયદેસર રીતે આ પાણી આપ્યું હોવાની વાત સ્પષ્ટ કરે છે. સિર્કોત્સાન્ઝા આ વાતનું નિવારણ લાવવા એ લોકોની સાથે રહી એમને છેતરે છે અને લોકો એ વાતથી સાવ અજાણ છે. ઉકેલ આપતા સિર્કોત્સાન્ઝા કહે છે કે ઝરણાંનું પોણાભાગનું પાણી પોદેસ્તાને મળે અને પોણાભાગનું પાણી ફૉન્તામારાના લોકોને મળે. સાથે જણાવે છે કે 'એમને લેવાની નહીં, આપવાની આદત છે... (પૃ. ૬૦)' અહીં ડોન સિક્કોની,ડોન કુકાવાસિયો,ડોન તરન્દેલા, ડોન પોમ્પોનિયો વગેરે હાજર હતા. કૉન્ટ્રાક્ટર આનાકાની કરી માની જાય છે. નોંધણી અમલદારે સમજૂતીની શરતો લખી એના ઉપર કૉન્ટ્રાક્ટરે સહી કરી, જમાદારે સહી કરી, અને ડોન સિર્કોત્સાન્ઝાએ ફૉન્તામારના લોકના પ્રતિનિધિ તરીકે સહી કરી.

પ્રકરણ ત્રણમાં પાણીની વહેંચણી વિષયક વાસ્તવિકતા જુદી જ હતી જે હવે પછીથી લોકો સામે આવશે. ફુસિનો પર કામ કરવા જતા મજૂરોને હાટમાં હાજર રહી માઈલો સુધી પગપાળા અંતર કાપવું પડતું. નક્કી થયેલ વેતન કરતાં ઓછું મળતું. મજૂરો શોષણ થતું હોવા છતાં મજૂરી કરતાં કારણ કે એ સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હતો. પાણી માટે જે લોકો પહેલાં સત્તા સામે લડતા હતા એ હવે અંદરોઅંદર લડતા હતા. આ સમયગાળા દરમિયાન ૧૮૬૭માં જે છેલ્લો ધાડપાડુ આવ્યો હતો એનો વારસો - મગજ અને દેહ બેરાર્દોને મળ્યા હતા અને એ પાછો આવ્યો એનું કારણ કોઈ જાણતું નથી. બેરાર્દોનું વિચિત્ર વર્તન, એલ્વીરા સાથેનો સંબંધ અને લગ્નની મનાઈ, પૈસા કમાવાનું ઝનુન, ઊંચનીચના ભેદભાવ, કોઈને કશું કહેતો નહિ, એનું મૂળ કારણ સ્વભાવ, વાણી, વર્તન વગેરે દ્વારા પ્રગટ થાય છે.. બેરાર્દો બળથી નહિ પણ કળથી કામ લેવામાં, વાત સમજાવવામાં માને છે. એ કહેતો કે, 'આ શહેરના રહેવાસીઓએ કાયદા કર્યા. આ કાયદાના અર્થ વકીલો તારવે. એનો અમલ ન્યાયાધીશો કરે. આ બધા જ શહેરવાસીઓ. આ બધામાં ખેડૂતના દીકરાને ન્યાય મળશે એવી આશા શી રીતે રખાય? (પૃ. ૬૪) આમ, ખેડૂતોની સ્થિતિ અને કાયદાના અમલની વિસ્તૃત સમજ આ વિધાન ઉપરથી મળે છે. અવૈધ સંબંધોનું કારણ, વાસ્તવિક સત્તાનો દોર, સત્તા દ્વારા કરવામાં આવતું શોષણ, શોષણ થયેલા લોકોની દયનીય સ્થિતિ, પ્રતિકાર કરી શકવાની અસમર્થતા, પ્રાણી સાથે પ્રકૃતિ વિરુદ્ધ સંબંધ રાખનાર, કુંઠાગ્રસ્ત માનસ વગેરે આ નવલકથામાં આલેખાયું છે. વ્યક્તિ પાસેથી સતત ઝૂંટવાતી સ્વતંત્રતા એ હવે કામ કરવા માટે પણ કર ભરવો પડશે એ ઉપરથી સ્પષ્ટ થાય છે. કોઈ પણ કારણ વિના લડાઈ કરવાની, કોની સામે, શા માટે? આ વિશે લોકો પાસે કોઈ જ માહિતી ન હોય. ખેડૂતોને ગુસ્સો આવે છે. દરેક કામ માટે પૈસા આપો તો જ કામ થાય એવી નીતિ એમને અકળાવે છે પણ તેઓ કશું જ કરી શકતા નથી. પેસિનો અફસર અહેવાલ રજૂ કરે છે એમાં પ્રથમ નિર્ણય હતો 'ઘરબંધી'. લોકો એનો વિરોધ કરે છે તો એ અધિકારી એને પોદેસ્તોનો કાયદો અને વ્યવસ્થા ગણાવે છે અને એનું પાલન કરવા ફરમાન કરે છે. બીજો નિર્ણય હતો 'આ જગાએ રાજકીય ચર્ચા કરવાની

મનાઈ છે. – હુકમથી. (પૃ. ૭૮) તથા 'બધી જ ચર્ચાની મનાઈ ફરમાવવામાં આવી છે. – પોદેસ્તોના હુકમથી. (પૃ. ૭૯) સત્તાધારીઓ ધાક જમાવવાનો પ્રયત્ન કરે છે અને લાદેલા નિયમોની લોકોમાં વ્યાપક અસર થાય છે.

ચોથા પ્રકરણમાં સરકાર બદલાવાનું કારણ, સરકારનું સ્થાન અને ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ વગેરે કેન્દ્રમાં છે. સત્તામાં પરિવર્તન આવે એ સાથે જ એના નીતિ નિયમોમાં ફેરફાર થાય અને એની સીધી અસર લોકોને થાય. સામાન્ય લોકોની માંગને સત્તાધારીઓ સ્વીકારતા નથી. એક વિચિત્ર વાત બને છે કે જે સરકાર વાત કરવા ઉપર પ્રતિબંધ મૂકે છે એ ચર્ચા કરવા બોલાવે છે. ચર્ચા માટે એમને ધ્વજ લઈને ગીત ગાવાનું કહે છે. આ ચર્ચા માટે માત્ર ફૉન્તામારાના લોકો જ નહિ અન્ય વિસ્તારના લોકો પણ આવ્યા હતા. લોકો જે નારા લગાવતા હતા એમાં વિરોધાભાસ સ્પષ્ટપણે જોઈ શકાય છે. અહીં 'હાથીના દાંત ચાવવાના જુદા અને બતાવવાના જુદા' એ કહેવત સાર્થક થાય છે. જે ચર્ચા કરવા માટે લઈ ગયા એનું નામ નિશાન નહિ. આ બાબતે જ્યારે એમને પૂછવામાં આવ્યું ત્યારે એમના વતીની ચર્ચા એમના પ્રતિનિધિ મલિશિયાના અધિનાયક માનનીય પેલિનોએ કરી એમ કહ્યું. ડોન સિર્કોત્સાન્ઝાનો સિદ્ધાંત અહીં પણ ફૉન્તામારાના લોકો તરફ નહિ પણ સત્તાધારી – સરકાર તરફનો છે. સ્વીકારયેલ સિદ્ધાંત આ પ્રમાણે હતો – 'પ્રધાન સાહેબે એ સિદ્ધાંત સ્વીકાર્યો છે. ફુસિનોની જમીન જ ખેડતા હોય એમની, ફુસિનોની જમીન એ ખેડી શકે એવી હાલતમાં હોય એમની, ખેતીનાં સાધન જેની પાસે હોય એની, બીજી રીતે કહીએ તો ફુસિનોની જમીન જેની પાસે મૂડી અને પૂરતાં સાધનો હોય તેની. આ કંગાલ, નાનકડા ગણોતિયાને દૂર કરીને એ બધું સોંપવું જોઈએ ખમતીધર ખેડૂતોને. જેની પાસે સારું એવું ધન ન હોય એને ફુસિનોની જમીન રાખવાનો કશો હક્ક જ ન હોય. (પૃ. ૯૩ – ૯૪)' આ ઉપરથી એમની દાનત ઉજાગર થાય છે. ખેડૂતો એમના પ્રતિનિધિએ આ બાબતે શું કહ્યું એ જાણવા ઈચ્છે છે ત્યારે જણાવે છે કે, 'સાવ દીવા જેવી તો વાત છે. (પૃ. ૯૪)' ખેડૂતોના વધી રહેલા અસંતોષને દૂર કરવા સારી વાતો કરી એમને ફોસલાવવાનો અને વિશ્વાસમાં લેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. શહેરી લોકોનું અસભ્ય વર્તન નિમ્ન કક્ષાનું છે. તેઓ ફૉન્તામારા મધરાતે પહોંચે છે અને ફુસિનો જઈ કામ કરવાની શરૂઆત કરે છે.

પાંચમાં પ્રકરણમાં વાડમાં આગ લાગે છે અને એનું કારણ આધિભૌતિક હતું એ સ્પષ્ટ થતાં નિયમોમાં બદલાવ કરે છે. ફુસિનોની દિશામાં ઊતરેલું અંધારું એ લોકોના જીવનમાં પણ રહેલું છે. લોકો કંટ્રાટીની વિરુદ્ધ હતા અને શેતાનની જાહેરમાં તરફદારી કરતા હતા. લણણીનો સમય હોવાથી પુરુષવર્ગ કામમાં વ્યસ્ત હતા ત્યારે ફૉન્તામારામાં મોટી સંખ્યામાં ખટારા આવે છે. કાન્નારોઝાની દીકરી આ ખટારા જોઈને બધાને એની જાણ કરે છે. ગોળીબાર અને ધડાકા થયા એટલે ગિરજાઘરના કાચ ફૂટ્યાનો અવાજ આવ્યો અને એમની જિજ્ઞાસા - આતુરતા ભયમાં ફેરવાઈ ગઈ. લડાઈ શરૂ થઈ હોય તો એ શા માટે થઈ એની કોઈ જાણ આ લોકોને ન હતી. દેશના લોકોને બચાવવા દેવળનો ઘંટ વગાડવાનું મારિયા વિન્સેન્ઝા વાયોલા અને એલ્વીરાને વિચારે છે પણ એવું કરતા નથી. ખટારામાં

આવેલા લોકો દ્વારા અમાનુષી અત્યાચાર સ્ત્રીઓ ઉપર આચરવામાં આવ્યો. મૂલ્યોનું પતન એમના વર્તનમાં પ્રગટ થાય છે. 'બીજું જે હશે એ મારા ઘરમાંથી તમને કહેશે. (પૃ. ૧૦૯)' બનેલી ઘટનાના કથક બદલાતા રહે છે. એક જ ઘરના સભ્ય આંખે દેખ્યા હાલ વારાફરતી રજૂ કરે છે. કાળા ખમીસધારી ટોળાઓ ફાસિસ્ટ તરીકે ઓળખાતા. સત્તાનો દુરુપાયોગ કરી લોકોને હેરાન કરવાનો પ્રયાસ હતો. આ લોકોથી સ્વનો બચાવ કઈ રીતે કરવો એનો વિચાર કરે છે. એ લોકો પ્રશ્નો પૂછતા 'કોણ અમર રહે?' અને એનો ઉત્તર દરેક પાસે માગતા. એના ઉત્તર આ પ્રમાણે મળે છે; વાંકાબોલો, બંધારણવાદી, અરાજકતાવાદી, ઉદારમતવાદી, દેશદ્રોહી, ગુનેગાર, ગુંડો, સામ્યવાદી, સમાજવાદી'

છઠ્ઠા પ્રકરણમાં કળાનું ધોવાણ, ઉદ્યોગો પડી ભાંગવાનું કારણ ગરીબાઈ અને કંગાલિયત હતી. જમીન હોવા કે ન હોવા સાથે એના ફાયદા કે નુકસાન અને શોષણ એ કડવી વાસ્તવિકતા હતી. પેપિનોને પૈસા કમાવાની ક્રૂર ઇચ્છા અને પ્રયાસ, સામાન્ય જનની દયનીય સ્થિતિ અને જીવવા માટેનો પ્રયાસ, ધાર્મિક વડાની નીતિ, ન્યાયનું બદલાતું સ્વરૂપ, કાયદાના પ્રકાર, સત્તાધારીઓનું વર્તન, રાજકારણની બદલાતી તાસીર, દેશભક્તિ, ફાસીવાદ, સામ્યવાદ, પૈસા કમાવા માટે અન્ય સ્થળે જવું, પરદેશમાં લોકોની સ્થિતિ, પ્રયત્ન કરવા છતાં ઈચ્છા અધૂરી જ રહે વગેરે આ પ્રકરણમાં આલેખાયું છે. ગરીબીનું કારણ કાયદાઓ છે. આ 'ગંધ' પ્રતીક છે. ગંધ આવવાને કારણે તેઓ પહેલાં ઉંદરો અને પછી માખીઓને મારી નાંખે છે.

સાતમા પ્રકરણના આરંભે વીર પુરુષ અને મારિયેત્તાના જીવન વિશે માહિતી આપવામાં આવી છે. મૂલ્યહ્રાસ અને જીવનની વિસંગતતા આ વેધક પ્રશ્ન દ્વારા રજૂ કરવામાં આવી છે. 'કોઈ કહેશો, આપણે શા સારુ જન્મ્યા હોઈશું? (પૃ. ૧૪૬)' લોકોની શ્રદ્ધાનું મૃત્યુ થયું એને ત્રીસ વર્ષ થયા. નવી દુનિયામાં માની ન શકાય એવી વસ્તુ બનતી હતી. ગીત 'કાળિયાથી ચેતજો… (પૃ. ૧૪૭)' સૂચક છે. નેતાઓના ગુણગાન અને શહેરી લોકોનું ધ્યાન ખેંચે છે.

ગામડા અને શહેરની જીવનશૈલી અને અસમાનતા આ રીતે દર્શાવી છે – 'શહેરના વાસીઓ પાતળા દૂબળા છે, છીંકતાં છીંડા પડે એવી એમની માનસિક દશા છે, એમનાં શરીરમાં લોહી નથી, અને દિલમાં ખૂબ દુણાયેલાં છે. અને ગામડાના વસનારા? ધીંગા છે, સુખી છે, એમના ગાલે સુરખી છે અને પ્રફુલ્લ મનના છે. (પૃ. ૧૪૯)' નવી સરકારે ખેડૂતો માટે કરેલ કાર્યની નોંધ લેવાઈ. ખેડૂતોને બેંકો પાસેથી ધિરાણની સગવડ મળે છે. આ બધું માત્ર પુસ્તકોમાં, કાગળિયામાં હતું. વાસ્તવમાં તો ખેડૂતોનું માત્ર શોષણ જ થતું હતું. વક્રતા એ હતી કે ખેડૂતોને ભૂખે મારનાર સરકારે જ ખેડૂતોના નામે આવા કાર્ય કર્યા હતા. શાહજાદા તોર્લોનિયા અને બેંકોને સરકારની જરૂર હતી. સરકાર એ બન્નેના હિતનું કાર્ય કરે તેથી એમને સરકારની વિશેષ જરૂર પડે. કાયદાના નામે તેઓ ગુનો કરતા. લોકમિત્ર દ્વારા જ લોકોનું શોષણ થાય. પ્રભુભક્તિમાં પણ પૈસા કેન્દ્રસ્થાને છે. દેવળની જર્જરિત અવસ્થામાં માનવજીવન ધ્વનિત થયું છે. ઈસુ અને ખેડૂતોની સફેદ

રોટી ભિન્ન છે. સફેદ રોટી એટલે સત્ય અને જીવન. સ્વર્ગની જીવન્ત રોટી. ખેડૂતો જે પાક ઉગાડે એનો સ્વાદ કે ગંધ પણ તેઓ લઈ ન શકે. ઈસુ અંગેની જે મિથ અહીં રજૂ થઈ છે તે ઈસુ અને ખેડૂતોના જીવનની વિષમતાને રજૂ કરે છે. પાદરીઓ પ્રાર્થના માટે લોકોને ભરમાવે છે અને ઠગે છે. સિર્કોસ્તાન્ઝા પાણીની મુદત અંગે કહે છે – 'ફૉન્તામારાના ભલા અને મહેનતુ લોકના વતી અને બીજી દરખાસ્ત કરવા દ્યો. હું દસ ચમકનો ગાળો સૂચવું છું. પોદેસ્તાને મારી વિનંતિ છે કે હૃદયની ઉદારતાથી આવો ભારે ભોગ આપવાનું સ્વીકારી લે. (પૃ. ૧૬૫) પોદેસ્તો અને અન્ય સાથે જ્યારે પાણી અંગે ચર્ચા કરે છે ત્યારે ફૉન્તામારાના લોકો વતી કહે છે. જે હકીકતમાં પોદેસ્તોની તરફેણમાં હતું અને ફૉન્તામારાના લોકો સિવાયના બધા સહી કરી એ વાતને સ્વીકારી લે છે. એ લોકોને તો આ દસ ચમક એટલે કેટલો એ પણ ખબર નથી.

આઠમા પ્રકરણમાં 'દસ ચમકનો એક અર્થ તો ફૉન્તામારામાં ભૂખમરો. (પૃ.૧૬૭)' લોકોનું ભવિષ્ય કેવું થશે એ સ્પષ્ટ થાય છે. શોષણના કારણે જે પરિસ્થિતિ ઊભી થઈ એની વાસ્તવિકતા આવી છે – 'ધરતીમાં ઊછરતા અનેક કીડા – જંતુ જેમ એ ખેડૂતને પોતે પણ અનાથ, નિરાધાર અને અરક્ષિત છે એવું લાગે. (પૃ. ૧૬૯)' પીદમોન્તી આવ્યા અને કાયદા લાવ્યા. મજૂરી માટે અન્ય દેશ કે શહેરમાં જાય એ માટે કાગળિયાં જોઈએ અને એના માટે પૈસા આપવા પડે. અહીં વકીલોનું કાર્ય ઝઘડાં કરાવી એને લાંબો સમય ચલાવવા. નિવારણ કરવામાં એમને રસ નથી. વકીલો કંટ્રાટી જેવું 'વિશિષ્ટ' સ્થાન ધરાવે છે. પાણી અને કામ મેળવવાનો પ્રયત્ન, કંટ્રાટીની સત્તા, લોકોની બળવો કરવાની યોજના, જુદી રીતે વિચાર કરવાની ફરજ વગેરે. 'હવે તો નથી રહ્યો કાયદો, નથી રહી શાંતિ,નથી ન્યાય કે નથી સરકાર. (પૃ. ૧૮૧)' પ્રથમવાર ઘંટ ન વગાડીને ભૂલ કરી જ્યારે બીજીવાર ઘંટ વગાડી મુશ્કેલીને આમંત્રણ આપ્યું.

નવમા પ્રકરણના આરંભે કથક દીકરો છે જે હવે પછીની વાત રજૂ કરે છે. તીઓફિલો પૂજારીએ આત્મહત્યા કરી અને ઘટનાને વેગ મળ્યો. ધાર્મિક માન્યતાનો વિજય અને માનવતાનો પરાજય થયો. પૌરાણિક કથા સાથે તત્કાલીન વ્યવસ્થાને રજૂ કરી છે. બદલાતી જીવનશૈલી અને મૂલ્યો તથા ધર્મસ્થાનના બદલે વધી રહેલી બેંકો એ હવે ભક્તિ અને માનવતાનું સ્થાન પૈસાએ લીધું છે એ સ્પષ્ટ થાય છે. દરેક કાર્ય માટે પૈસા – લાયર આપવા પડતા, સલાહ માટે પણ. વકીલની જરીરિયાત પૂર્ણ કરી શકે એમ લાગે તો જ એનું કાર્ય પાર પડે અન્યથા નહિ. વકીલ સાહેબ ગીત ગાય એમાં લોકોની સ્થિતિ પ્રગટ થાય છે. 'ક્યાં છે વિજયની પાંખ? દેવે બનાવી રોમની બંદી... (પૃ. ૧૯૯)' ફાસીવાદી નોકરી અપાવનાર મંડળના અધિકારી પ્રમાણપત્ર આવી ગયાની જાણ કરે છે. આ પ્રમાણપત્ર અનુસાર – 'ચાલચલગત, રાષ્ટ્રિય દૃષ્ટિબિંદુથી અત્યંત ખરાબ. (પૃ. ૨૦૦)' કોઈ કામ મળે નહિ. આ પ્રમાણપત્ર એમણે સત્તાધારીઓએ કરેલા પ્રશ્નોના જે ઉત્તર આપ્યા હતા એને આધારે આપવામાં આવ્યું હતું. રહસ્યમૂર્તિ દ્વારા ખેડૂતો માટે સહાયરૂપ થવાના પ્રયાસો અને એમાં આ લોકોની સંડોવણી હોવાની શંકા થાય છે ત્યારે એમને જેલમાં પૂરવામાં આવે છે. રહસ્યમૂર્તિ લોકોમાં જાગૃતિ લાવવા માટે છાપાંનો સહારો લે

છે. દરેક પ્રકારની સ્વતંત્રતા મેળવવા માટેની ચર્ચા કરે છે. તાર્લોનિયો કઈ રીતે શાહજાદો બન્યો એની વિગત પણ ધ્યાન ખેંચે છે.

દસમા પ્રકરણમાં ફૉન્તામારા અને બેરાર્દોના જીવન સાથે સંકળાયેલી માહિતી છાપામાં આવે છે. લોકોને એકતાનું મહત્ત્વ સમજાવે છે. બેરાર્દોએ આત્મહત્યા કરી છે એવા કાગળ ઉપર સહી કરાવે છે. વિદ્રોહ ન કરે અને એમના તાબામાં રહે એ માટે બેરાર્દો સાથે સંકળાયેલા તમામની સાથે પ્રશ્નોત્તરી કરી એના કાર્યો વિશે જાણવાનો પ્રયત્ન સત્તાધારીઓ કરે છે. રહસ્યમૂર્તિ પકડાઈ ગયા હોવાની તથા રહસ્યમૂર્તિ એક નહિ 'અનેક' હતા એ વિશે માહિતી મળે છે. રહસ્યમૂર્તિ ખેડૂત છે કે નહિ એ સ્પષ્ટ થતું નથી. અહીં ફરીથી કથક બદલાય છે હવેની કથા દીકરાના બાપુ રજૂ કરે છે. ફૉન્તામારાના લોકો એકત્ર થઈ પોતાના વિચારો રજૂ કરવા એક છાપાની રચના કરવાનું વિચારે છે જેનું શીર્ષક 'ત્યારે આપણે કરીશું શું?' રાખવામાં આવે છે. જેમાં લોકોને સમજાવવા માટે આ પ્રમાણેની વિગતો આપવામાં આવે છે – 'પણ એકવાર આવ્યું એથી શું થયું? આપણે વારંવાર એ જ કહેવું જોઈએ. આપણે વારંવાર ના કહીએ તો નામનો અર્થ જ રહેતો નથી. એકએક લેખમાં 'ત્યારે આપણે કરીશું શું?' આવવું જોઈએ. એમણે અમારી વાણી ઝૂંટવી લીધી. ત્યારે આપણે કરીશું શું? સમજ્યા? પાદરી અમારા સ્વજનનાં મડદાં પણ દાટતો નથી. ત્યારે આપણે કરીશું શું? આ લોક અમારી બેન – દીકરીની ઈજ્જત લૂંટે છે, ત્યારે આપણે કરીશું શું? આ ડોન સિર્કોસ્તાન્ઝા તો હરામની ઓલાદ છે. ત્યારે આપણે કરીશું શું? સમજ્યા? (પૃ. ૨૨૦)' સ્કારપોની જે કહેવા માંગે છે આ વિધાનો દ્વારા સ્પષ્ટ થાય છે. ફૉન્તામારામાં લડાઈ કંટ્રાટીએ આદરી છે. આ લડાઈ ખેડૂતો અને છાપા સામે છે. લડાઈમાંથી ભાગી જવાનું શક્ય હોય એ બધા ભાગી જાય છે. જે ભાગી ન શક્યા અને મૃત્યુ પામ્યા. આ ઘટનાનું પરિણામ – 'હવે અમે અહીં રહીએ છીએ. રહસ્યમૂર્તિએ અમને દેશ છોડી અહીં આવવામાં મદદ કરી. પણ અમે પરદેશમાં કેમ કરીને રહીએ! અને તો અમે કરીએ શું? કેટલો વિખવાદ, કેટલો ક્લેશ, કેટલો કંકાસ, કેટલાં આંસુ અને કેટલી વેદના? કેટલા ઘા અને કેટલું લોહી? કેટલાં વેરઝેર અને કેટલી નિરાશા? અમે પૂછીએ છીએ : ત્યારે અમે કરીશું શું? (પૃ. ૨૨૩)' લડાઈ પછી પણ કશું જ હાથમાં આવતું નથી. બધું છૂટી જાય છે. અંતે તો એ જ યક્ષ પ્રશ્ન રહે છે ત્યારે કરીશું શું? જીવન જીવવાનું વધુ દુષ્કર બન્યું. લોકોની સ્થિતિ વધુ દયનીય થઈ.

નવલકથામાં દરેક પાત્રોનું સૂક્ષ્મ વર્ણન ધ્યાન ખેંચે છે. એક ઘટનાનું રહસ્ય અન્ય ઘટના સાથે જોડાયેલું છે. નવલકથા જુદાજુદા કથકના દૃષ્ટિકોણથી રજૂ થઈ છે. નવલકથાકારનો જીવન અંગેનો દૃષ્ટિકોણ નવલકથામાં રજૂ થયો. નવલકથાના વિષયવસ્તુમાં એમના જીવનના અનુભવો પણ સંકળાયા હોય એવું લાગે છે. આ નવલકથામાં વાસ્તવિક જીવનનો ધબકાર છે. કથક બદલાતા રહે છે. કથા વૃદ્ધ શરૂ કરે પછી એની પત્ની આગળ વધારે ત્યાર બાદ ફરી વૃદ્ધ અને પછી પત્ની આગળ ચલાવે, ત્યારબાદ દીકરો કથાનો દોર સંભાળે અને અંતે વૃદ્ધ સમાપન કરે. કથક બદલાય એમ કથા વેગ પકડે અને એનું સમગ્ર દર્શન આપણને કરાવે છે. એમનું પ્રાણી જેવું જીવન આળસ,

પ્રમાદ, તેજહીનતા અને હતાશાથી ભરેલ અસ્તિત્વ છે. એક ફસલ બીજી જેવી, ચાલુ વર્ષ ગયા વર્ષ જેવું અને આવતું વર્ષ ચાલુ વર્ષ જેવું એમ એક પેઢી બીજી પેઢી જેવી. જેમાં કોઈ જ ફેરફાર નહિ. એમનું કાર્ય વાવવું, નીદવું, છાંટવું, લણવું – સદાયનો અનંત ક્રમ. ફૉન્તામારા એ કંગાલિયત અને માનવતાનું સંકેતસ્થાન છે. સીલોનીનો માનવી એટલે 'કેફોની' એટલે કે ખેતમજૂર, દા'ડિયો, પેટભરો. જેનું પૈસાદાર અને ધર્મગુરુ બન્ને શોષણ કરે છે. નવલકથાકારની આર્દ્રતા, સરળતા, સહાનુભૂતિ, સાહજિકતા કૃતિને શ્રેષ્ઠતા બક્ષે છે. કોઈ ત્રીજો પોતાનો ઉદ્ધાર કરશે એવી ઠગારી આશામાં એ જીવે અને છેતરાય છે. માનવીનું મન નક્કી કરે એ પછી એ ભોગ આપવો પડે તો પણ પાછું વળીને ન જુએ એવી ઉદ્દાતતાની આ નવલકથા છે.

## ૯.૩ સર્જક પરિચય

ઈગ્નાઝિયો સીલોનીનો જન્મ ૧ મે ૧૯૦૦માં એબ્રુઝો પ્રદેશના પેસિનો શહેરના ગ્રામીણ પરિવારમાં થયો હતો. ઈગ્નાઝિયો સીલોની એમનું કલમ નામ હતું. એમનું મૂળ નામ સેકાન્દો ત્રાક્વીલી હતું. તેમના પિતા પાઓલો ત્રાક્વીલીનું ૧૯૧૧માં અવસાન થયું. ૧૯૧૫ના અવેઝાનો ભૂકંપમાં એના માતા મારિયાના ડેલી સહિત પરિવારના ઘણા સભ્યને ગુમાવ્યા. પોતાનું વતન છોડી હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કર્યો. તેઓ લેખક, પત્રકાર, નેતા હતા. ૧૯૧૭માં ઈટાલિયન સોશિયાલિસ્ટ પાર્ટી PSIના યંગ સોશિયલિસ્ટ જૂથમાં જોડાયા અને તેમના નેતા બન્યા. ૧૯૨૧માં વિખૂટી પડેલ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈટાલીના સ્થાપક સભ્ય હતા. ફાસીવાદી સાશન દરમિયાન અપ્રગટ નેતાઓમાંના તેઓ એક હતા. સીલોનીના ભાઈ રોમોલો ત્રાક્વીલીની ૧૯૨૮માં ધરપકડ કરવામાં આવી અને ગંભીર મારને કારણે જેલમાં જ મૃત્યુ થયું. સીલોની ૧૯૨૭માં સોવિયેટ યુનિયન સંઘના મિશન પર ઈટાલી છોડીને ૧૯૩૦માં સ્વિટ્ઝર્લેન્ડમાં સ્થાયી થયા. અહીં રહીને સ્ટાલિન અને કૉમિન્ટર્નના નેતૃત્વ સામે વિરોધ કરવાને કારણે એને કાઢી મૂકવામાં આવે છે. સીલોની ટ્યુબરક્યુલોસિસ અને ગંભીર ક્લિનિકલ ડિપ્રેશનથી પીડાતા હતા. સ્વસ્થ થયા બાદ એમણે એમની પ્રથમ નવલકથા 'ફૉન્તામારા' લખવાની શરૂઆત કરી જે ૧૯૩૩માં જર્મન અનુવાદમાં પ્રકાશિત થઈ. ૧૯૩૪માં પેંગ્વિન બુક્સ દ્વારા પ્રથમ પ્રકાશિત અંગ્રેજી આવૃત્તિ ૧૯૩૦ દરમિયાન વારંવાર પુનઃમુદ્રણમાંથી પસાર થઈ. જેમાં સ્પેનિશ ગૃહ યુદ્ધની ઘટનાઓ અને બીજું વિશ્વ યુદ્ધ ફાટી નીકળ્યું તેની વૃદ્ધિ અને વિષય સામગ્રી પર વિશેષ ધ્યાન છે. યુનાઈટેડ સ્ટેટ્સ આર્મીએ 'ફૉન્તામારા' અને 'બ્રેડ એન્ડ વાઈન'ની અનધિકૃત આવૃત્તિઓ છાપી અને ૧૯૪૩ પછી ઈટાલીની મુક્તિ દરમિયાન ઈટાલિયનોને તેનું વિતરણ કર્યું. આ બે પુસ્તકો 'ધ સીડ બિનીથ ધ સ્નો' સાથે મળીને ટ્રાયોલોજીની રચના કરે છે. ૧૯૨૧માં રશિયાથી પાછા આવીને સામ્યવાદી પત્રના તંત્રી બન્યા. ૧૯૩૦માં સામ્યવાદી પક્ષ છોડ્યો અને ઈટાલી છોડી સ્વિટ્ઝર્લેન્ડમાં વસ્યા. ત્યાં એમણે ફાસીવાદ વિરોધી લખાણ લખવા માંડ્યું. પંદર વર્ષ પછી સીલોની ૧૯૪૪માં ઈટાલીમાં પરત ફર્યા અને બે વર્ષ પછી તેઓ PSI ડેપ્યુટી તરીકે ચૂંટાયા. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન નાઝી જર્મનીના તાબમાંથી ઉત્તરી ઈટાલીમાં પ્રતિકાર જૂથોને ટેકો આપવા માટે

નેતા બની ઉપનામ ધારણ કરી ઑફિસ ઑફ સ્ટ્રેટેજિક સર્વિસિસ OSS એજન્ટ બન્યા. સીલોની પરત આવ્યા ત્યારે ઈટાલીએ એનું ગૌરવ કર્યું. અહીં આવ્યા બાદ એ સમાજવાદી પક્ષમાં જોડાયા. સામ્યવાદી વિરોધી કાવ્યસંગ્રહ 'ધ ગોડ ધેટ ફેઈલ' ૧૯૪૯માં પ્રગટ કર્યો. આ યોગદાનને કારણે સીલોની કોંગ્રેસ ઓફ કલ્ચરલ ફ્રીડમમાં જોડાયા અને નિકોલા ચિયારોમોન્ટે સાથે મળીને ટેમ્પો પ્રેઝેન્ટનું સંપાદન કર્યું. ૧૯૬૭માં જર્નલને યુનાઈટેડ સ્ટેટસ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી પાસે ગુપ્ત ભંડોળ મળ્યું હોવાથી સીલોનીએ રાજીનામું આપ્યું અને એની તમામ શક્તિઓ નવલકથાઓ અને આત્મકથનાત્મક નિબંધો લખવામાં સમર્પિત કરી. 'ફૉન્તામારા'ના આકર્ષણ અને લગાવને કારણે એમણે 'ફરીથી ફૉન્તામારા' નામની ટૂંકીવાર્તા રચી હતી. સર્જનની વિશિષ્ટતા સર્જકની ઓળખ બને. એમના પુસ્તકોની સંખ્યા વિશેષ ન હતી પણ એનો રોમાંચક ઈતિહાસ હતો. જે ભાષામાં એ પુસ્તકો લખાયા એ પ્રસિદ્ધ થાય એ પહેલાં જ બીજી ભાષામાં એની પ્રસિદ્ધ થાય. ૧૯૬૯માં જેરુસલેમ પુરસ્કાર અને ૧૯૭૧માં પ્રતિષ્ઠિત પ્રિક્સ મોન્ડિયલ સિનો ડેલ ડુકા પુરસ્કાર એનાયત થયો. તેઓ નોબેલ પુરસ્કાર માટે દસ વખત નોમિનેટ થયા હતા. સ્વિટ્ઝર્લેન્ડના જિનીવામાં ૨૨ ઓગસ્ટ ૧૯૭૮માં એમનું મૃત્યુ થયું હતું.

## ૯.૪ સ્વાધ્યાય

૧. 'ફૉન્તામારા' નવલકથાની સિદ્ધિ અને મર્યાદાની ઉદાહરણ સાથે ચર્ચા કરો.

❖ **લેખન પ્રવૃત્તિ**

૧. ઈટાલિયન સર્જકો અને કૃતિઓની યાદી તૈયાર કરો.
૨. 'ફૉન્તામારા' નવલકથાના વિષયવસ્તુ આધારિત અન્ય કૃતિઓ વિશે જાણકારી મેળવી નોંધ તૈયાર કરો.

## ૯.૫ સંદર્ભ


- ફૉન્તામારા, ઈગ્નાઝિયો સીલોની, અનુ. જયંતિ દલાલ, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, બીજી આવૃત્તિ – ૨૦૧૦



**લેખન : પ્રા. ઉર્વિકા પટેલ** - વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

**એકમ-10**

**મારો પોતાનો ઓરડો**

**૧૦.૧ પ્રસ્તાવના**

**૧૦.૨ કૃતિ પરિચય : મારો પોતાનો ઓરડો : વર્જિનિયા વુલ્ફ**

**૧૦.૩ સર્જક પરિચય**

**૧૦.૪ સ્વાધ્યાય**

**૧૦.૫ સંદર્ભ**

## ૧૦.૧ પ્રસ્તાવના

*૧૯૨૯માં પ્રકાશિત થયેલું વર્જીનીઆ વુલ્ફનું પુસ્તક 'એ રૂમ ઓફ વન્સ ઓન' એ નારીવાદી સાહિત્યિક પરંપરાનું એક અતિ મહત્વનું પુસ્તક છે. કેટલાક વિદ્વાનોના મતે નારીવાદના બાઈબલ સમાન ગણાતું આ પુસ્તક હકીકતમાં તેમના કેમ્બ્રિજ વિશ્વવિદ્યાલયમાં 'વીમેન એન્ડ ફિક્શન' વિષય પર ૧૯૨૮માં આપેલા બે વ્યાખ્યાનો આધારિત છે.શિક્ષણ, સમાજ અને મૂડીના અનુસંધાનમાં માનવજાતના ઈતિહાસથી ચાલી આવતી સ્ત્રીઓની અવગણનાને કસોટીના એરણે ચઢાવતું આ પુસ્તક નારીવાદી વિચારનાં મૂળ સુધી ભાવકને પહોચાડે છે. જોકે આ પુસ્તક પહેલા પણ બ્રિટના સાહિત્યિક વર્તુળમા નારીવાદની વિભાવનાને સમજાવતું મેરી વોલ્સ્તોક્રાફ્તનું પુસ્તક 'અ વિન્દીકેશન ઓફ ધ રાઈટસ ઓફ વીમેન' ૧૭૯૨માં પ્રકાશિત થઈ ચુક્યું હતું પરંતુ વુલ્ફનું પુસ્તક એ સદીઓથી કળા તથા સાહિત્યને પોતાની અંદર ધરબીને રહેલી એ કરોડો સ્ત્રીઓનો આવાજ હતું જે એક માત્ર પોતાની આગવી મૂડી અને પોતાનો અલાયદો ઓરડો ન હોવાને પરિણામે ક્યારેય સાહિત્યના ઈતિહાસમાં પોતાનું યોગદાન ન આપી શકી.*

## ૧૦.૨ પરિચય : મારો પોતાનો ઓરડો : વર્જિનિયા વુલ્ફ

*વર્જિનિયા વુલ્ફનું સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન નવલકથા અને નિબંધ ગણાય છે. પ્રથમ નવલકથા 'ધ વોયેજ આઉટ' (૧૯૧૫) થી સાહિત્ય સર્જનની મુસાફરીની શરૂઆત કરનારા વુલ્ફની મુખ્ય નવલકથાઓ નીચે પ્રમાણે છે.*

- *ધ વોયેજ આઉટ – ૧૯૧૫*
- *નાઈટ એન્ડ ડે – ૧૯૧૯*
- *જેકબ રૂમ – ૧૯૨૨*
- *શ્રીમતી ડેલોવે– ૧૯૨૫*
- *ટુ ધ લાઈટહાઉસ – ૧૯૨૮*
- *ધ પર્સ – ૧૯૩૭*
- *બીટવિન એક્ટ્સ – ૧૯૪૧ (મરણોત્તર)*

ટૂંકા જીવનમાં વુલ્ફે આત્મકથાત્મક રચના અને પાંચસોથી વધુ નિબંધો અને સમીક્ષાઓ લખી હતી.

૧૯૨૮માં કેમ્બ્રિજની ગીર્તોન કોલેજમાં 'વીમેન એન્ડ ફિક્શન' વિષય પર પ્રવચન કરવા જવા માટેનું આમંત્રણ આવતા વર્જિનીઆ વુલ્ફ એક એવી મહિલા કોલેજમાં પહોચે છે કે જે સ્ત્રી શિક્ષણમાં પાયારૂપ કાર્યો માટે ખુબ પ્રસિદ્ધ છે. નામ છે એનું ગીર્તોન કોલેજ. કોલેજનો પાયાનો સિદ્ધાંત છેઃ યુદ્ધના શસ્ત્રો કરતાં જ્ઞાન લેવું વધુ ડહાપણ ભરેલું છે. આવી જ્ઞાનને સમર્પિત મહિલા કોલેજની છાત્રાઓને વર્જિનીઆ વુલ્ફ કાલ્પનિક પાત્ર મેરી બેટનના આંચળા હેઠળ શરૂઆતમાં જ એક મહત્વનો મુદ્દો કે જે આખાય વ્યાખ્યાન નો સાર છે જે વુલ્ફ સ્પષ્ટપણે માને છે અને કહે છે :

"A woman must have money and a room of her own if she is to write fiction"

ગહન વિચારક કે ફિલસૂફની અદામાં પ્રવચન કરવાને બદલે વુલ્ફ સાવ સરળતાપૂર્વક વાર્તાની શૈલીમાં પોતાની રજૂઆત કરે છે. પ્રથમ પ્રકરણ "વીમેન આર પુઅર"માં પોતાનો અલાયદો ઓરડો અને પોતાની આગવી મૂડીની વાત કહેતી વખતે તે કહે છે કે 'પોતાનો અલાયદો ઓરડો? તમે ચોક્કસ કહેશો કે અમે તો તમને 'સ્ત્રી તથા તેની નવલકથા' વિશે બોલવા આમંત્ર્યાં છે. તેને અને આ વિષયને શું લાગેવળગે?' 'ફિક્શન શૈલી'માં પોતાની વાત કહેતા બેટન ઉર્ફે વુલ્ફ કહે છે કે 'ફેક્ટ કરતાં આ સંદર્ભમાં 'ફિક્શન' વધુ સત્યનિષ્ઠ સાબિત થાય છે અને તેથી જ વ્યાખ્યાન આપતાં પહેલાંના બે દિવસની વાત મારે 'ફિક્શન'ની શૈલીમાં જ તમને કરવી છે.' આ કૃતિની રચના વિષેને તેના ટેક્નીકલ પાસાના અનુસંધાનમાં વાત કરતા ડો. રંજના હરીશ કહે છેઃ "વૂલ્ફ પોતે કહેતાં નથી, કહે છે મેરી બેટન, જે સંવેદનશીલ છે, બુદ્ધિશાળી છે, જાગૃત પણ છે. તેને વાતેવાતે સ્ત્રી હોવાને લીધે નડતી મર્યાદાઓ કઠે છે અને તેમાંથી - તેની આ સભાનતામાંથી, તેના બે દિવસના અનુભવોમાંથી - નારીવાદી રંગે રંગાયેલ ચર્ચા સ્વતઃ આકાર લે છે. 'સ્ટ્રીમ ઓફ કોન્શિયસનેસ' જેવી નવલકથા-લેખનની પોતાની લાક્ષણિક ટેકનિકનો ઉપયોગ વૂલ્ફ આ વિવેચનાત્મક પુસ્તકમાં પણ કરે છે." અનેક એવા કિસ્સાઓ કે જે બેટન કહે છે તે હકીકતમાં ક્યાંક ને ક્યાંક વુલ્ફના પોતાના જીવનમાં અનુભવેલા કે નિહાળેલા છે એનો અંદાજ ભાવકને આવે છે. ગ્રંથાલયની મુલાકાત લેવા માટે જતી મેરીને 'ચાંદી જેવા ચમકતા વાળવાળો દેવદૂત' કે જેને પાંખોની જગ્યાએ કાળું ગાઉન પહેર્યું છે તે એમ કહીને દરવાજે રોકે છે કે સ્ત્રીઓ માત્ર ત્યારે જ ગ્રંથાલયમાં પ્રવેશી શકે જ્યારે તેની પાસે ભલામણચિઠ્ઠી હોય. પિતૃસત્તાક વ્યવસ્થામાં થતી સ્ત્રીઓની અહેવાલનાના આવા તો ઘણાય અનુભવ મેરીને થાય છે અને તેને વિચારવા મજબુર કરે છે કે આખરે શિક્ષણ હોય કે સમાજ આખરે સ્ત્રીઓની અહેવાલના કે અવગણના થવાનું મુખ્ય કારણ શું? બપોરના ભોજન માટે મિત્ર સેટોનને ત્યાં જતાં તે પોતાની બહેનપણી સાથે પોતાના દિમાગમાં સતત ચાલતા આ પ્રશ્નની વાત છેડે છે. સેટન તેને ૧૮૬૦માં સ્ત્રી-કેળવણી સંસ્થાના પ્રારંભ માટે રકમ ઉઘરાવવા સ્ત્રીઓએ કરેલ અસંતોષજનક પ્રયત્નની વાત કરે છે. બંનેને વાત કરતા

*એક વસ્તુ સમજાય છે કે પુરુષ પોતાના પૈસાના લીધે પોતાના દીકરાઓને આગળ કરી શક્યો છે. પરંતુ સ્ત્રી પાસે સત્તા નથી, ધન નથી. સ્ત્રીઓ માટે પોતાના પૈસાની આવશ્યકતા સમજાવતા મેરી કહે છે કે જો તેણીની માતા મીસીસ સેટોન કોઈક બીઝનેસ જેવો કે કૃત્રિમ સિલ્કનું ઉત્પાદન કે પછી સ્ટોક એક્ષચેન્જમાં મેનેજર હોત અને તેની પાસે પોતાના કમાયેલા પૈસા હોત તો, જો તે પોતાની દીકરીઓ માટે વારસો મૂકતી ગઈ હોત, તો સ્ત્રીઓની સ્થિતિ જુદી જ હોત. તે કદાચ પોતે પણ લેખનકાર્યમાં હોત કે પછી ઓફીસથી થોડીક વહેલા પાછા આવીને કવિતાઓ લખી શકી હોત. અને તે બંને જણા એક તારણ ઉપર આવે છે કે સ્ત્રીઓ માટે પોતાની મૂડી એ ખુબ મહત્વની ચીજ છે. પુરુષ ધનના જોરે બધું જ ખરીદી શકે. સ્ત્રી હોવાને કારણે એક આખા દિવસ દરમિયાન પોતે સતત અનુભવેલ અવહેલનાને સ્ત્રીજીવનનું એક દુ:ખદ સત્ય ગણાવતા મેરી કહે છે,*

'I thought how unpleasant it is to be locked out; and I thought how it is worse perhaps to be locked in'

*( 'દરવાજા બહાર પુરાવું એ દુ:ખદ છે તો એથી વધુ દુ:ખદ દરવાજા અંદર પુરાવું છે.')*

*બીજા પ્રકરણ 'ધ એંગ્રી પ્રોફેસર'માં તેની ગ્રંથાગારની મુલાકાત વિષે જણાવતા મેરી કહે છે કે ઓક્સ્બ્રિજની તેની મુલાકાતે હજારો પ્રશ્નો જેવા કે પુરુષો માટે વાઈન અને સ્ત્રીઓના હાથમાં પાણી, પુરુષ જાતિ ધનાઢ્ય અને સ્ત્રીને ધનનો અભાવ અને આ ગરીબીની શી અસર ફિક્શન પર પડે વગેરે વગેરે તેના મગજમાં ઉદભવ્યા અને તેનો જવાબ શોધવા તે બ્રિટીશ મ્યુઝિયમમાં પડેલા પુસ્તકો તરફ વળી. પુસ્તકો જોતાં હેરાન રહી ગયેલી મેરી કહે છે:*

"Have you any notion of how many books are written about women in the course of one year? Have you any notion how many are written by men? Are you aware that you are, perhaps, the most discussed animal in the universe?"

*અનેક ચર્ચાને અંતે મેરી એવા તારણ ઉપર પહોચે છે કે પુરુષો સ્ત્રીઓને નીચું દેખાડવા* ***કરતાં તેમની પોતાની પ્રધાનતા અને મહતા દર્શાવવામાં વધુ માને છે. તે કહે છે:***

"Women have served all these centuries as a looking-glass possessing the magic and delicious power of reflecting the figure of man at twice its natural size."

*સ્ત્રીઓએ સદીઓ સુધી કેમ અરીસાનું કામ કર્યે રાખ્યું છે. એવો જાદુઈ અરીસો કે જેમાં પુરુષો પોતાના કદને હોય તેનાથી ક્યાંય વધુ મોટા કદનો જોતો આવ્યો છે. જાદુઈ અરીસો જે દિવસે બોલવા માંડે તે દિવસે વિરાટરૂપધારી પુરુષની છબી સંકોચવા માંડે. તેનું કદ ઘટવા માંડે." ડૉ. વંદના રામીના શબ્દોમાં આ વિધાન વર્જિનિયા વુલ્ફની માનસશાસ્ત્રીય પકડના પુરાવા સમું છે. તે પુરુષના છત્રની પરવા કર્યા વગર જીવતી સ્ત્રીની છબીને કંડારે છે.ઘરમાં રહેલી સ્ત્રીઓ દ્વારા થતું ઘરકામ માત્ર કમાણીના દાયરાની જ બહાર નહી પરંતુ સામાજિક દ્રષ્ટિકોણમાં પણ નીચલી કક્ષામાં ગણાય છે એ હકીકત મેરીને દુખી કરી દે છે*

*અને તે એક એવા ભવિષ્યનું સ્વપ્ન જુવે છે કે જ્યાં લિંગભેદ ને આધારે કામની વહેચણ ના થતી હોય.પરંતુ આખરે પ્રશ્ન એ જ છે કે આ બધા જ વિચારોનો શો સંબંધ તેના બોલવાના વિષયવસ્તુ 'સ્ત્રી અને ફિક્શન'સાથે? આ પ્રશ્નનો જવાબ મેળવવા આતુર ભાવકોનો પ્રવેશ ત્રીજા પ્રકરણમાં થાય છે. ત્રીજું પ્રકરણ 'વીમેન ઈન ધ સિક્સટીન સેન્ચુરી' માં મેરી ઈતિહાસના પાનાઓની વચ્ચેથી સ્ત્રીઓ અને સાહિત્ય વચ્ચેનો સંબંધ શોધવાની કોશિશ કરે છે. ઇતિહાસમાં દ્રષ્ટિ કરતા જ તેણીને સમજાય છે કે સ્ત્રીઓ માટેના પૂર્વગ્રહો, અને સદીઓથી ચાલી આવતી એક ચોક્કસ પ્રકારની સ્ત્રિઓ તરફની માન્યતાઓથી ઈતિહાસ છલોછલ છે. મહારાણી ઈલીઝાબેથના સમયમાં કેમ સ્ત્રીઓના ખાતામાં એક પણ કવિતા નથી આ પ્રશ્નનો જવાબ એટલો સરળ નથી કારણ કે અનેક પ્રશ્નો જેવાકે શું તેમને ભણતર મળ્યું હતું, શું તેમને લખતા શીખવાડવામાં આવ્યું હતું? કેટલી સ્ત્રીઓ પોતે તરુણ અવસ્થામાં જ બાળકને જન્મ આપી ચુકી હતી? વગેરે વગેરે અનેક સવાલો આપણને સમજાવે છે કે સ્ત્રી એ લખવું હોય તો પોતાનો અલાયદો ઓરડો અને આગવી મૂડી જોઈએ. સ્ત્રીની નિર્ધનતા જ તેને પરાધીન કરે છે. તેને પોતાની આવક અને ઓરડો મેળવવા પડે. અહી તેણી શેક્સપિયરની કલ્પિત બહેન જ્યુડિથની પણ વાત કરે છે. એક એવી છોકરી કે જે શકેસ્પિઅર જેવી અને જેટલી જ સાહિત્યિક સમુદ્ધિ ધરાવવા છતાં પણ ઈતિહાસમાં શકેસ્પેઅરની જેમ પોતાનું નામ દાખલ ના કરાવી શકી કારણ કે,*

"Shakespeare would have gone to school; Judith would not."
*(શેક્સપિયર શાળાએ ગયો હશે; જ્યુડિથના નસીબમાં શાળા નહતી)*

"Shakespeare knocked up a local woman and then left for the city of London to make his fortune; Judith would have been b[a]rothed to a local man of her parents' choice and expected to wed, stay home, and bear his children. If she refused, she would have been beaten."

*(એક સ્ત્રીને ગર્ભવતી કરીને પોતાનું નસીબ અજમાવવા શેક્સપિયર લંડન જતો રહ્યો; જ્યુડિથ તેના માબાપ ની પસંદગીના એક પુરુષ સાથે સગાઈ કરીને લગ્નની આશમાં ઘરે રહીને તેના બાળકને જન્મ આપશે. જો તે આવું નહિ કરે તો તેને માર પણ ખાવો પડે)*

*હજુ જ્યુડિથ અને શેક્સપિયર ની વાત આગળ વધારતા મેરીના આંચળમાં બેઠેલી વુલ્ફ કહે છે,*

*(ચાલો માની લઈએ કે જ્યુડિથ આ બધું છોડી કરીને લંડન જતી પણ રહે – જયારે શેક્સપિયર લંડનમાં આવ્યો ત્યારે રંગમંચની દુનિયામાં પુરુષો વડે બનેલા અનેક વર્તુળોમાં તેનું સ્વાગત થયું. (તે એવું વિશ્વ હતું કે જ્યાં સ્ત્રીઓ ની હાજરી જરાય ચલાવતી નહિ એટલે સુધી કે નાટકમાં સ્ત્રીઓનું પાત્ર પણ પુરુષો જ ભજવતા). તેને અભિનયનો તરત જ મોકો મળ્યો અને ત્યારબાદ તેણે જે કર્યું એ એક ઈતિહાસ છે. આ તરફ જો તેની બહેન જ્યુડિથે જો રંગમંચના દરવાજા ખટખટાવ્યા હોત તો તે હાંસીને પાત્ર બની હોત.)*

અને લંડન જેવા મોટા શહેરમાં એક બધી તરફ થી જાકારો મળેલી યુવતીનું આખરે શું થાય છે એની વાત કરતા વુલ્ફ કહે છે કે,

"At last Nick Greene the actor-manager took pity on her; she found herself with child by that gentleman and so – who shall measure the heat and violence of the po[a]'s heart when caught and tangled in a woman's body? – killed herself one winter's night and lies buried at some cross-roads where the omnibuses now stop outside the Elephant and Castle."

(આખરે નીક ગ્રીન, એક્ટર-મેનેજર તેની ઉપર દયા ખાય છે, તેની સાથેના સંબંધથી ગર્ભવતી બનેલી એ સ્ત્રી – એક સ્ત્રીના શરીરમાં રહેલા કવિ હૃદયનો તાપ અને બેચેની કોણ માપી શકે?- એક શિયાળાની રાત્રે મૃત્યુની શૈયા પર પોઢી જાય છે અને સદાય માટે દફન થયેલી તેની વાત એકાદ પુસ્તકનો હિસ્સો બને છે.)

આમ, પુરુષપ્રધાન સમાજમાં થયેલા અન્યાય અને અત્યાચારની વાત કરતાં પોતાની ઈચ્છાઓને પૂરી કરવા બંડ પોકારી છેવટે આત્મહત્યા સુધી જનાર શેક્સપિયરની કલ્પિત બહેન જ્યુડિથ એક પ્રશ્નનું બીજ ઈતિહાસના પાના ઉપર છોડી જાય છેઃ ક્યાં છે ' સ્ત્રી' આ ઈતિહાસમાં? પ્રકરણ ચોથું' મિડલ ક્લાસ ઈંગ્લીશ વીમેન બીગીન ટુ રાઈટ' એ સાહિત્યના ઈતિહાસ માં સ્ત્રીઓનું લેખન વિષય પર વુલ્ફનું વિહંગાવલોકન છે. 'વીમેન લિટરરી ટ્રેડીશન' વિષે વાત કરતા વુલ્ફ કહે છે કે .૧૬મી સદી સુધી સ્ત્રીઓ નો લેખન ઈતિહાસ એક ખાલી પુસ્તક જેવો હતો જેમાં ધીરે ધીરે પૈસાદાર ઘરોમાંથી આવતી એકલદોકલ સ્ત્રીઓ જેવી કે લેડી વિન્ચેલ્સિયા કે પછી માર્ગરેટ ન્યુકાસલ જેવા કે જેઓ હકીકતમાં કવયિત્રી કે વૈજ્ઞાનિક બની શકતે તેવી સ્ત્રીઓ પુરતો સીમિત હતો. આ સ્ત્રીઓ માત્ર સમય પસાર કરવાને લખવા ખાતર લખતી. આ ઈતિહાસમાં પરિવર્તનનો પવન ફૂકનાર સ્ત્રી લેખિકા હતી આલ્ફ્રા બેહન. પ્રથમ સ્ત્રી લેખિકા કે જેણે મધ્યમ વર્ગની સ્ત્રીઓને પોતાના લખાણ દ્વારા આર્થિક રીતે સ્વતંત્ર થતા શીખવ્યું. આ ખુબ મહત્વનું હતું કારણકે, પૈસો એ તમામ કાર્યને ગૌરવ અપાવે છે જે વગર પૈસે નિરર્થક/નકામાં ગણાય છે

બેહને કરેલી શરૂઆત પછી ૧૮મી સદીની કેટલીય સ્ત્રીઓ તેને પગલે ચાલી અને તેમાં પ્રખ્યાત નવલકથાકાર જેન ઓસ્ટીન અને જ્યોર્જ એલિઅટનો પણ સમાવેશ થાય છે. સ્ત્રીઓના લખાણનું મહત્વ સમજાવતા વુલ્ફ કહે છે કે,

"જો ઈતિહાસને ફરીથી લખવાનો મને મોકો મળે તો હું ૧૮મી સદીના અંત ભાગમાં આવેલા આ બદલાવ વિષે કે જ્યાં મધ્યમવર્ગીય સ્ત્રીઓએ લખવાનું શરુ કર્યું તે વાતને રોઝીઝ નું યુદ્ધ કે પછી કોઈ ધર્મના નામે થયેલી લડાઈઓ કરતા વધુ મહત્વ આપીને વિસ્તારપૂર્વક લખવાનું પસંદ કરું"

એક પ્રશ્ન કે જે વુલ્ફ આપણા ધ્યાને લાવે છે તે એ કે કેમ આ બધી સ્ત્રીઓનું લખાણ નવલકથા સુધી જ સીમિત રહ્યું? આમ તો બ્રોન્ટે એક સારી કવયિત્રી બની શકી હોત. અથવા એલિઅટ એક ઈતિહાસકાર બની શકી હોત. બ્રોન્ટેએ તો કવિતાઓ પર

હાથ પણ અજમાવ્યો છે. પરંતુ તેમ છતાં આ બધા નવલકથાકાર બન્યા તેના અમુક કારણો છે. આ કારણો પર પ્રકાશ ફેકતા વુલ્ફ કહે છે કે આ બધીય સ્ત્રીઓની લખવાની જગ્યા મોટે ભાગે તેમના ઘરનો દીવાનખંડ હતો. દીવાનખંડની વહેચાયેલી દુનિયા કે જ્યાં કેટલાય પ્રકારના વિક્ષેપો આવતા રહેતા તેની વચ્ચે આ સ્ત્રીઓ નવલકથાના કેટલાય પાત્રોનું સર્જન કરતી. આવા વાતાવરણમાં કદાચ કવિતાઓ કરતા નવલકથાનો પ્રકાર વધુ સહજતાથી સ્વીકાર્ય બને છે. બીજું એક કારણ હતું કે આ સ્ત્રીઓ પાસે એવી કોઈ સાહિત્યિક લખાણની તાલીમ નહતી. આ વિશે વાત કરતા વુલ્ફ કહે છે, "મહાન લેખકો પાસે જવું એ નકામું હતું... લેંબ, બ્રાઉન, ઠાકરી, ન્યુમેન, સ્ટન, ડીકીન્સ, દે ક્વીન્સી – કોઈ પણ હોય – ક્યારેય સ્ત્રીઓને મદદરૂપ ન બન્યા"

અને તેમ છતાં આ સ્ત્રીઓના લખાણમાં એક એવી સચ્ચાઈ હતી, એક પૂર્ણતા હતી કે જે આ નવલકથાઓને અદભુત બનાવતી હતી. વાચકોને પોતાની તરફ જકડી રાખતી હતી આ નવલકથાઓ. આમ છતા એક સાહિત્યિક પૂર્ણતાને સ્ત્રી કે પુરુષની જતી કેવી રીતે અસર કરે એ વિષે જણાવતા વુલ્ફ કહે છે કે (સ્ત્રીઓનું મુલ્ય પુરુષોની સરખામણીમાં હમેશા ઉતરતું જ રહ્યું છે. ફૂટબોલ હોય કે અન્ય રમતો, પુરુષપ્રધાન ચીજોનું મુલ્ય કપડાની ફેશન જેવા સ્ત્રીઓના દાયરાની ક્ષુલ્લક ગણાતી ચીજો કરતા હમેશા આગળ જ રહ્યું છે. ફિક્શનમાં પણ વિવેચકો દ્વારા આજ વાતનું પુરાવર્તન થતું દેખાય છે. એમ વુલ્ફ જણાવે છે.

પાંચમું પ્રકરણ " વીમેન એક્ચુલી ડુ લાઈક અધર વીમેન" એક સુંદર પ્રકરણ છે જે સ્ત્રી-સ્ત્રી વચ્ચેના સંબંધોને ઉજાગર કરે છે. પ્રકરણની શરૂઆતમાં જ વુલ્ફ કહે છે કે તેને ખુબ આનંદ એ વાતનો છે કે હવેની સ્ત્રીઓ એવા અનેક વિષયો ઉપર લખી રહી છે જે પહેલા ક્યારેય કોઈ સ્ત્રીલેખીકા દ્વારા લખાયા ન હતા જેવા કે હિસ્ટ્રી, આર્કિઓલોજી, એસ્થેટીક્સ વગેરે વગેરે.

મેરી કાર્મીકિલની એક નવલકથા 'લાઈફ્સ એડવેન્ચર' વિષે વાત કરતા વુલ્ફ જણાવે છે કે તેની નવલકથામાં અડધા તુટેલા વાક્યો, અને અલગ પ્રકારે વપરાયેલી વાક્યરચનાઓની વચ્ચે એક ખુબ મહત્વનું વાક્ય આવે છે: 'Chloe like Olivia...' અને આ બે સ્ત્રીઓનું એકબીજાને ગમાડવું, એક સ્ત્રીનું બીજા સ્ત્રીના સાથી હોવું આ પ્રકારનો સાહિત્યમાં ઉલ્લેખ એ અત્યારના સમયના સાહિત્ય માટે ખુબ સામાન્ય બાબત હોઈ શકે પરતું વુલ્ફના સમયને જો યાદ કરીએ તો તે જરાય સામાન્ય નહતું. એક સ્ત્રી એ બીજી સ્ત્રીની સાથે મિત્રતાના સંબંધથી જોડાયેલી હોઈ શકે એ વાતનો ઉલ્લેખ પ્રથમ વાર જ સાહિત્યના પાના ઉપર થયો હતો. શેક્સપિયરની વાર્તાઓની સ્ત્રીઓની જેમ ક્યાંતો બે સ્ત્રીઓ બહેન હોય ને ક્યાંતો ઈર્ષ્યા કરતી બે સ્ત્રીપાત્રો કરતા સાવ અલગ બે સ્ત્રીઓની મિત્રતા સાચે જ એક અદભુત વાત છે. અહી બે સ્ત્રીઓ ક્લો અને ઓલિવિયા એક પ્રયોગશાળામાં કામ કરે છે જ્યાં તેઓ એનીમિયાના ઉપચાર ઉપર સંશોધન કરી રહ્યા છે.

પાંચમાં પ્રકરણના અંત ભાગમાં કાર્માઈકલની નવલકથાનું છેલ્લું પ્રકરણ વાંચતાં મેરી ગણગણે છે, 'આ છોકરીને બીજાં સો વર્ષ આપો. એને પોતાનો અલાયદો ઓરડો આપો. વર્ષે પાંચસો પાઉન્ડ આપો અને જુઓ કે તે કેવું લખે છે!' . એક કવયિત્રી ઉભરીને બહાર આવશે. ત્યારબાદ આવેલા છઠા પ્રકરણ 'એન્ડ્રોજીનસ માઈન્ડસ, ગોઈંગ ફોરવર્ડ' એ સ્ત્રી અને પુરુષનું મગજ ને બદલે બંને એકાકાર કરવાની વાત કરે છે. .આ પ્રકરણનું સેટીંગ લંડન શહેર છે. એક એવું શહેર કે જે એની અંદર થતી ઘટનાઓથી સાવ ઉદાસીન છે ભલે ને પછી એ ફિક્શનના ભવિષ્ય અંગેની વાત હોય કે પછી કવિતાના અકાળ મૃત્યુની વાત હોય. લંડન એવી જગ્યા છે જ્યાં કોઈને કોઈની પડી નથી. શેક્સપિયરની પણ નહીં, ટેનિસનની પણ નહીં. મેરી બેટન અહી એક સાવ સામાન્ય દ્રશ્ય જુવે છે કે જેમાં એક ટેક્સી ઊભી રહે છે અને એક છોકરો અને છોકરી તેમાં બેસે છે અને ટેક્સી જતી રહે છે. આવું તદ્દન સામાન્ય દ્રશ્ય જોતી મેરીના દિમાગમાં એક વિચાર ઝબકે છે. 'શું મનુષ્યશરીરની જેમ મનુષ્યમગજને પણ બે લિંગમાં વહેંચી શકાય? શું તે બંનેને પણ સંપૂર્ણ સંતોષ માટે એકરૂપ થવાની જરૂર છે?' કોલરિજના 'એન્ડ્રોજિની'ના સિદ્ધાંતને અહી યાદ કરતા મેરી કહે છે 'સર્જન માટે લેખકનું 'મેન-વુમનલી' (સ્ત્રીગુણ યુક્ત પુરુષ) કે 'વુમન-મેનલી' (પુરુષગુણ યુક્ત સ્ત્રી) હોવું અત્યંત આવશ્યક છે... આવું મસ્તિષ્ક કોઈ પણ પ્રકારના અવરોધો ઊભા કર્યા વગર લાગણીનું પ્રસારણ કરી દે છે અને તે સ્વતઃ સર્જનશીલ હોય છે. તે વીજળીના ગોળાની જેમ પ્રકાશિત અને પરિપૂર્ણ હોય છે.' જ્યારે સ્ત્રી કે પુરુષનું લેખન બાપડાપણા કે હુંપદની સભાનતા સાથે લખાય છે ત્યારે તે અપેક્ષિત સૌન્દર્યાનુભૂતિ કરાવી શકતું નથી. બે દિવસના અંતે, આ બધા વિચારો કર્યા બાદ છેવટે મેરી બેટન 'વીમન એન્ડ ફિક્શન' શીર્ષક હેઠળ પહેલી વાર લખવાની શરૂઆત કરે છે અને ફકરો લખે છે. આ ફકરાનો વિષય 'એન્ડ્રોજિની' (ઊભયલિંગિતા) છે. અહી મહત્વની વાત એ છે કે અત્યાર સુધીની બધી જ વાતો એ મેરીના મનોજગત કે ભાવજગતમાં રહેલી છે માત્ર એક ફકરો કે જેના વિષે ઉપર ઉલ્લેખ કર્યો છે. આ વિષયમાં રંજના હરીશ કહે છે કે, ''ફક્ત આ એક જ ફકરો કાગળ પર ભૌતિક અસ્તિત્વ સાથે અવતરે છે. આ બાબત પરથી સમજી શકાય કે આ આખા પુસ્તકનો અત્યંત મહત્વપૂર્ણ અંશ છે. એટલું જ નહીં આવનાર આઠ-નવ દશક સુધી આ ફકરો નારીવાદી વિવેચકોના પક્ષ અને વિપક્ષના તર્કોનો સતત સાક્ષી રહ્યો છે. મેરી બેટન લખે છેઃ કોઈ પણ લેખકનું પોતાની જાતિ (સેક્સ) વિશે સભાન હોવું એ એક ગુનો છે. નિર્ભેળ સ્ત્રી કે પુરુષ વ્યક્તિત્વ લેખન માટે ખતરનાક છે. સર્જકે 'મેન-વુમનલી' કે 'વુમન-મેનલી' હોવું ઘટે! સ્ત્રીનું પોતાના સ્ત્રીત્વ પ્રત્યે સભાન હોવું, સભાનપણે પોતાનો અસંતોષ વ્યક્ત કરવો કે ન્યાય મેળવવા માટે પ્રયત્ન કરવો પણ ઘાતક છે... કોઈ પણ પ્રતિબદ્ધતા સાથે સર્જાયેલ સાહિત્ય શાપિત હોય છે. એવા સાહિત્યને શાપ હોય છે મૃત્યુનો... સર્જનકલા કંઈ પણ જન્માવે તે પહેલાં સર્જક-મસ્તિષ્કમાં તેના સ્ત્રી-પુરુષ પક્ષોનું એકાકાર થવું અત્યંત આવશ્યક હોય છે... નીરવ શાંતિમાં પોતાની પથારીમાં પડેપડે તે (આવું લેખન) સંભોગના અનુભવને ઊજવે છે. તેણે આ અનુભવ વિશે પ્રશ્નો કરવાના નથી. તેનું પૃથક્કરણ કરવાનું નથી. ફક્ત ઉત્સવ માણવાનો છે. તેના એકત્વના આ ઉત્સવમાંથી જ સર્જન જન્મે છે.'' અંતે,

એવું કહી શકાય કે વર્જીનિયા વુલ્ફનું પુસ્તક એ માત્ર પુસ્તક જ નહિ પરંતુ નારીચેતનાનો અનંતકાળથી વહ્યો આવતો આવાજ છે. એક નારીવાદી પુસ્તક કે જેણે પ્રજ્વલિત કરી છે એક એવી જ્યોત કે જે સમય, કાલ ને પ્રદેશથી પર થઈને દરેક નારી ને સંબોધે છે. વુલ્ફ નું આ પુસ્તક માત્ર તેની વિષયવસ્તુ જ નહિ, તેની મેથડોલોજીની દ્રષ્ટિએ પણ એટલુજ મહત્વનું છે અને સદીઓ સુધી રહેશે.

## ૧૦.૩ સર્જક પરિચય

વર્જિનિયા વુલ્ફ, (૧૮૮૨-૧૯૪૧) : એક બ્રિટિશ લેખક, સાહિત્યિક વિવેચક. ૨૦મી સદીના પૂર્વાર્ધમાં આધુનિકતાવાદી સાહિત્યમાં અગ્રણી ગણાતું નામ. તે બ્લૂમ્સબરી જૂથની સભ્ય હતી. તેણીનો જન્મ લંડનમાં પ્રખ્યાત સાહિત્યિક વિવેચક સર લેસ્લી સ્ટીફન અને જુલિયા ડકવર્થના પરિવારમાં થયો હતો. જ્યારે વર્જિનિયા ૧૩ વર્ષની હતી, ત્યારે તેણે તેની માતાને ગુમાવી દીધી અને તે એના પ્રથમ નર્વસ બ્રેકડાઉનનું મુખ્ય કારણ હતું. ૧૯૧૨ માં તેણીએ લેખક અને પત્રકાર લિયોનાર્ડ વુલ્ફ સાથે લગ્ન કર્યા. લિયોનાર્ડે તેની પત્નીના લેખન માટે લગભગ આદર્શ પરિસ્થિતિઓ બનાવી. ૧૯૧૫માં તેની પ્રથમ નવલકથા અવે બાય ધ સી પ્રકાશિત થઈ હતી. લગ્ન એવા લોકોનું સંઘ બની ગયું જેઓ એકબીજાનો આદર કરે છે. ૧૯૧૭ માં, દંપતીએ હોગર્થ પ્રેસ પ્રકાશન ગૃહની સ્થાપના કરી, જ્યાંથી લેખકની તમામ કૃતિઓ પ્રકાશિત કરવામાં આવી હતી. ૧૯૨૭ માં તેણીએ લાઈટહાઉસ પ્રકાશિત કર્યું, જેમાં તેણીએ શ્રીમતી અને શ્રી રામસેની છબીઓમાં જુલિયા અને લેસ્લી સ્ટીફનના પાત્રોને ફરીથી બનાવવાનો પ્રયાસ કર્યો. વર્જિનિયાએ જાતે લખાણો ટાઈપ કર્યા અને સંપાદિત કર્યા. પ્રકાશનગૃહ, જે શરૂઆતમાં બિનલાભકારી હતું, તે કુટુંબની આવકનો વિશ્વસનીય સ્રોત માથાનો દુખાવો, અવાજાથી બને છે. વર્જિનિયા પીડાતી હતી. તેણીએ ઘણી વખત પોતાને મારવાનો પ્રયાસ કર્યો. લિયોનાર્ડે એક આદર્શ પતિ સાબિત થયો અને આ તમામ પરીસ્થિતિઓની વચ્ચે તેણે વર્જિનિયાને મજબૂત સમર્થન આપ્યું. વર્જીનિયાની નવલકથાઓ માત્ર ઈંગ્લેન્ડમાં જ નહીં, અમેરિકામાં પણ પ્રકાશિત થઈ હતી. બીજા વિશ્વયુદ્ધની શરૂઆત સાથે, તેના યહૂદી પતિ માટેના ડરને કારણે હુમલા અને માથાનો દુખાવો પાછો ફર્યો. તેમનું લંડનનું ઘર બોમ્બ ધડાકામાં નાશ પામ્યું હતું. એક્ટ્સ વચ્ચેની છેલ્લી (મરણોત્તર પ્રકાશિત) નવલકથાની હસ્તપ્રત પર કામ પૂર્ણ કર્યા પછી, વુલ્ફ ઊંડા ડિપ્રેશનમાં પડી ગયાં. વર્જિનિયા વુલ્ફ, તેના પતિ અને બહેનને એક પત્ર લખીને, ૨૮ માર્ચ, ૧૯૪૧ - એક કોટ પહેર્યો, તેના ખિસ્સા પથ્થરોથી ભર્યા અને સસેક્સમાં તેમના ઘરથી દૂર ઓસ નદીમાં ડૂબી ગઈ.

તેના પતિને લખેલી સુસાઈડ નોટમાં વર્જીનિયાએ લખ્યું: "માય ડિયર, મને ખાતરી છે કે હું ફરીથી પાગલ થઈ જઈશ. મને લાગે છે કે આપણે તેને ફરી જીવી શકતા નથી. અને આ વખતે હું સ્વસ્થ નહીં થઉં હું સાંભળવા લાગી છું. અવાજો. હું ધ્યાન કેન્દ્રિત કરી શકતી નથી.મેં એકમાત્ર સાચો નિર્ણય લીધો અને મને જે શ્રેષ્ઠ લાગે તે કર્યું. તમારી

*સાથે હું એકદમ ખુશ હતી તમે મારા માટે તે બધું જ કર્યું છે જે એક વ્યક્તિ માટે શક્ય હોય. મને નથી લાગતું કે આ ભયંકર રોગ આવ્યો ત્યાં સુધી આપણે બે કરતાં કોઈ વધુ ખુશ હોઈ શકે પરંતુ હવે હું લડવા માટે સક્ષમ નથી. હું જાણું છું કે હું તમારું જીવન બરબાદ કરું છું, હું ઈચ્છું છું કે મારા વિના તમે કામ કરી શકો. અને તમે કરી શકો છો, મને ખાતરી છે. જુઓ, હું સાચા શબ્દો પણ શોધી શકતી નથી. હું વાચી નથી શકતી. હું જે કહેવા માંગું છું તે એ કે મારા જીવનની તમામ ખુશીઓ માટે હું તમારી ઋણી છું. તમે મારી સાથે ખૂબ જ ધીરજવાન અને દયાળુ હતા. આ હું જે કહી રહી છું તે ખરેખર તો દરેક વ્યક્તિ જાણે છે. જો કોઈએ મને અત્યાર સુધી બચાવી હોય, તો તે તમે જ છો. આ દુનિયામાં તમારી સારાઈ અને દયાળુતા સિવાય તમામ ચીજોએ મારો સાથ છોડી દીધો છે. હવે આનાથી વધારે હું તમારું જીવન ન બગાડી શકુ. મને નથી લાગતું કે આ દુનિયામાં કોઈ પણ બે વ્યક્તિઓ આપણા કરતાં વધુ ખુશ હશે."*

## **૧૦.૪ સ્વાધ્યાય**

*૧) મારો પોતાનો ઓરડો અને નારીવાદ વિશે વિસ્તારપૂર્વક લખો.*

**લેખન :** ડૉ. **દિવ્યા શાહ** - *આસિસ્ટન્ટ પ્રોફેસર (અંગ્રેજી વિભાગ)*

*ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.*

| એકમ-11 | રાઈનોસરોસ |
|---|---|


૧૧.૧ પ્રસ્તાવના

૧૧.૨ કૃતિ પરિચય : રાઈનોસરોસ

૧૧.૩ કર્તા પરિચય : યુજિન આયોનેસ્કો

૧૧.૪ સ્વાધ્યાય

૧૧.૫ સંદર્ભસૂચિ


## ૧૧.૧ પ્રસ્તાવના

*વિશ્વસાહિત્યમાં એબ્સર્ડ નામે ઓળખાતી નાટ્યપરમ્પરાના મુખ્ય પ્રણેતાઓમાં સૅમ્યુઅલ બૅકેટ, આર્થર આદમોવ, ઝયાં જેનેની સાથે યુજિન આયોનેસ્કોની ગણના પણ થાય છે. આ નાટ્યકારોની માન્યતા રહી છે કે નાટકમાં ઉદ્દેશ્ય બાહ્ય સામાજિક યથાર્થનું ચિત્રણ નથી પણ જીવનના આંતરિક સત્યનું ચિત્રણ છે. આયોનેસ્કોનું સૌથી પ્રસિદ્ધ નાટક, 'રાઈનોસરોસ' (ગેંડો) યુરોપના ભાગોમાં ફાસીવાદના પુનરુત્થાનના જવાબમાં ૧૯૫૯માં લખવામાં આવ્યું હતું.*

*સાહિત્યના ઈતિહાસમાં અવારનવાર બને છે તેમ આયોનેસ્કો પુરોગામી રચનાઓનો વિરોધ કરે છે અને તે પણ એટલે સુધી કે ગ્રીક ટ્રેજેડીથી માંડીને બૅકેટના આગમન સુધીનાં નાટકોને માત્ર જાસૂસી કૃતિઓ તરીકે ઓળખાવે છે. શિરીષ પંચાલ કહે છે તેમ, 'આયોનેસ્કોએ, બૅકેટ જે સિદ્ધિ મેળવી તે માટેની પૂર્વભૂમિકા ઍલિયટ, પાઉંડ, જૉયસે રચી આપી હતી; એટલું જ નહીં, ઍબ્સર્ડ રચનાઓમાં જોવા મળતા શૂન્ય, એકાન્ત, સંક્રમણનો અભાવ – આ બધાંના મૂળ ચેખવની રચનાઓમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે. આયોનેસ્કો પોતે ભલે પરમ્પરાને ફગાવી દેવાનો દાવો કરે પરંતુ તે બીજી રીતે પરમ્પરાનો સ્વીકાર તો કરે જ છે. આ નાટક પેરિસમાં ૧૯૬૦ના જાન્યુઆરીમાં પહેલીવાર ભજવાયું હતું. યુજિન આયોનેસ્કોના આ નાટક અને ઍબ્સર્ડ થિયેટરે પોતાની આ નવીનતાને કારણે વિશ્વ નાટ્યસાહિત્ય અને રંગમંચને પ્રભાવિત કર્યું છે.*

## ૧૧.૨ કૃતિ પરિચય : રાઈનોસરો

*૧૯૫૯માં લખાયેલું 'રાઈનોસરોસ' નાટક આયોનેસ્કો યુરોપના ભાગોમાં ફાસીવાદના પુનરુત્થાનના જવાબમાં લખે છે. આ નાટકમાં આયોનેસ્કો 'સામાજિક અનુરૂપતા' પરના હુમલા તરીકે લખે છે. આ નાટકના કથાવસ્તુને સમજવું એક સ્તર પર*

સ્થૂળ રીતે સરળ છે. ૧૯૫૦ના દાયકામાં એક ફ્રેન્ચ નગરના બુર્જિયો રહેવાસીઓની એક પછી એક ગેંડામાં ફેરવાય જવાની પ્રક્રિયા દર્શાવી છે, આ પ્રક્રિયા ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી તેઓ એક ક્રૂર અને અવિચારી ટોળું ન બની જાય, આ બધાં ત્યાંના રહેવાસીઓ છે, પરંતુ તે બધાંની વચ્ચે એક 'એવરીમેન' પાત્ર છે 'બરાંઝે' જે અંત સુધી માનવ બનીને રહે છે. નાટકના અંત સુધીમાં, વ્યંગાત્મક રીતે, તે પાત્ર છે જે સૌથી વધુ બદલાઈ ગયું છે. તેની આસપાસ જે લોકોની ગેંડામાં તબદીલ થવાની પ્રક્રિયા ચાલી રહી છે તે જોઈ રહ્યો છે. જે ગેંડા બનેલા લોકોને બોલાવવા પ્રયાસ તો કરે છે પણ કોઈને હવે કાન રહ્યા નથી. આ સંદર્ભે તે એક ક્રાંતિકારી બની રહે છે. આ નાટક માનવ સ્વભાવમાં રહેલા ઍબ્સર્ડને ઉજાગર કરવાનો પ્રયત્ન છે.

નાટક કુલ ત્રણ અંકોમાં વહેંચાયેલું છે. એક નાના શહેરથી નાટકની શરૂઆત થાય છે. સામાન્ય પાત્રો સાથે ખૂબ જ સામાન્ય સેટ છે. બે પાત્રો બરાંઝે અને જ્યાં બે મિત્રો છે, જે શહેરના કાફેમાં બેસીને વાતો કરી રહ્યા છે. બંનેનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે. બરાંઝે અશાંત, મદ્યપાન કરનાર અને અવ્યવસ્થિત વ્યક્તિ છે જ્યારે જીન સુઘડતાનો ચાહક અને સૌમ્ય વ્યક્તિત્વ ધરાવે છે. જ્યાં, બરાંઝેને સંસ્કારી બનવાની સલાહ આપે છે, સંગ્રહાલયોની મુલાકાત લેવું સૂચવે છે. આ દરમિયાન સ્ટેજ પર અન્ય પાત્રો પણ હોય છે, દુકાનદાર, તેની પત્ની, રેસ્ટોરન્ટનો માલિક અને વેઈટ્રેસ. તેમની વાતચીત પણ સામાન્ય અને રોજબરોજની ઘટનાઓ સુધી મર્યાદિત હોય છે. તે ક્ષણે, ગેંડાની ગર્જના દૂરથી સંભળાય છે અને અવાજ નજીક આવે છે અને ચોકમાંથી નીકળી જાય છે. છતાં પણ બંને મિત્રો પોતાની વાત ચાલુ જ રાખે છે. શું થયું છે તે સમજતા પહેલા ગેંડા ઝડપથી સ્ટેજ છોડી દે છે. સ્ટેજ પર ભયના સામૂહિક અવાજો સંભળાય છે. હવે નજીવી વાતચીતનો કળશ ગેંડા તરફ વળે છે. તે ક્ષણે, ગેંડો ફરી એકવાર ચોકમાં આવે છે. આ વખતે ગેંડો બિલાડીને મારે છે. એકવાર ગેંડા ગયા પછી, વાતચીત ગેંડા પર પાછી આવે છે. વિદાય પામેલો ગેંડો એક શિંગડાવાળો હતો અને બે શિંગડાવાળા ગેંડાની જ્યાં અને બરાંઝે સાથે મોટી દલીલ હતી. આ એક જ ગેંડો હતો કે બે હતાં તે વિશે તે બંનેની વચ્ચે બહેસ થઈ જાય છે. જ્યાં, બરાંઝેનું શરાબી કહીને અપમાન કરે કરે છે અને ત્યાં બંનેની લડાઈ થઈ જાય છે. તેમની આસપાસના પાત્રોની વાતચીત ચાલુ રહે છે. પણ એકબીજાની વાતચીતો ભળતી જ રહે છે. નાટક એક અપ્રસ્તુત વળાંક પર શરૂ થાય છે અને પડદો પડી જાય છે.

બીજો અંક બરાંઝે જે સમાચારપત્રની ઓફિસમાં કામ કરે છે તે ઓફિસમાં શરૂ થાય છે. બરાંઝેની સાથે એ ઓફિસમાં ડેઇઝી કામ કરે છે જેને બરાંઝે પસંદ કરે છે.

અખબારમાં ગેંડાના સમાચાર આવતા ઓફિસમાં ચર્ચા શરૂ થાય છે. જ્યારે બરાંઝે અને ડેઈઝી પ્રત્યક્ષદર્શી છે અને દ્યુદાર ગેંડાના પ્રવેશની પુષ્ટિ કરે છે, ત્યારે બોતાર ગેંડાના અસ્તિત્વને સ્વીકારવા તૈયાર નથી. તેના બોસ મિ. પેપિલોન વારંવાર તેમને ફરીથી કામ શરૂ કરવાની સૂચના આપવા છતાં, અપ્રસ્તુત વાતચીત ચાલુ રહે છે. તે જ ક્ષણે, તેમની ઓફિસમાં કામ કરતા મિ. બફની પત્ની મિસિસ બફ ત્યાં આવે છે અને તેમના પતિના બીમાર હોવાની તેમજ તેઓ ગેંડામાં પરિવર્તિત થયાની વાત કરે છે. સાથે તેઓ મિસિસ બફની પાછળ પાછળ આવી ઓફિસની નીચે આવી ગયા છે, તેમ જણાવે છે. આ બધું જાણી ઓફિસના લોકો મિસિસ બફને મિ. બફ સાથે છૂટાછેડા લેવાનું સૂચન કરે છે, પરંતુ અંતે મિસિસ બફ પતિ સાથે રહેવાનું નક્કી કરી ઓફિસની બારીમાંથી નીચે કૂદી જઈ ગેંડા બનેલા પતિની પીઠ પણ પડે છે. આ અંકના બીજા ભાગમાં બરાંઝે, જ્યાં સાથેની તેની કેફેમાં થયેલી દલીલ પર પસ્તાવો કરે છે અને તેને મળવા ઘરે જાય છે. જ્યાં બીમાર છે અને તેના ગળામાંથી વિચિત્ર અવાજ આવે છે. કપાળ ગંઠાયેલું છે અને રંગ ધીમે ધીમે લીલો થાય છે. અવાજની તીવ્રતા વધે છે. રંગ વધુને વધુ લીલો થતો જાય છે અને ગૂંચની જગ્યાએ શિંગડા ઊગે છે. જ્યાં ગેંડામાં પરિવર્તિત થાય છે. બરાંઝે ગભરાઈને ભાગી જાય છે. જો કે, બિલ્ડિંગના તમામ રહેવાસીઓ ગેંડામાં પરિવર્તિત થઈ ગયા છે. ગેંડા બની ગયેલા લોકો પણ શેરીઓમાં ફરતા જોવા મળે છે. ગામડામાં રુમેટોઈડ આર્થરાઈટીસ પ્રચંડ છે. આ રોગ માણસોને ગેંડામાં પરિવર્તિત કરે છે એટલું જ નહીં પણ તેમના મનમાં ગેંડા બનવાની તીવ્ર ઈચ્છા પણ પેદા કરે છે. અહીં બીજા અંકનો અંત આવે છે.

ત્રીજા અંક બરાંઝેના બેડરૂમમાં ભજવાઈ છે. લોકોને અચાનક ગેંડામાં ફેરવાતા જોઈને બરાંઝે ચોંકી જાય છે. આપણે પણ ગેંડામાં પરિવર્તિત થઈ જવાથી ગભરાઈએ છીએ. દ્યુદાર અને ડેઈઝી તેને મળવા આવે છે. ત્યાં સુધીમાં અડધું ગામ ગેંડામાં ફેરવાઈ ગયું છે. ગેંડાઓનું ટોળું ગામમાં ફરે છે. બરાંઝે, દ્યુદાર અને ડેઈઝી, જોકે, તેમની પોતાની માનવતાની કાળજી લેવાનું નક્કી કરે છે. તે ક્ષણે, દ્યુદાર ગેંડામાં ફેરવાઈ છે. દ્યુદાર ગેંડાના ટોળામાં જોડાય છે. ડેઈઝી બેરાન્જેને પ્રેમ કરે છે. તેઓ બંને તેમના આત્મવિશ્વાસ સાથે વ્યવહાર કરે છે, પરંતુ ધીમે ધીમે ડેઈઝી અપ્રસ્તુત વાત કરવાનું શરૂ કરે છે અને તે પણ ગેંડામાં ફેરવાઈ જાય છે. હવે બરાંઝે સિવાય આખું ગામ ગેંડામાં ફેરવાઈ ગયું છે. બરાંઝેને કંપારી આવે છે. અરીસામાં જુએ છે તેનું પોતાનું સ્વરૂપ તેને કદરૂપું બનાવે છે. ગેંડા સુંદર દેખાય છે. સુંદરતાના વિચારો બદલાય છે, પરંતુ એક ક્ષણમાં બરાંઝે પોતાની જાતને સ્વસ્થ કરી લે છે અને તે નક્કી કરે છે કે તે પોતાનું ગેંડામાં રૂપાંતર ક્યારેય નહીં થવા દે અને 'હું શરણાગતિ સ્વીકારતો નથી'ના કથન સાથે નાટક સમાપ્ત થાય.

આયોનેસ્કો આ પ્રથમ ભાગમાં બે ચોક્કસ સ્ટેજ ક્રાફ્ટ તકનીકો દ્વારા ગેંડામાં અંતિમ સામૂહિક પરિવર્તનને બુદ્ધિગમ્ય બનાવે છે. તે નાટકમાં પ્રથમ ગેંડાનો સૂક્ષ્મ રીતે પરિચય કરાવે છે, જેનાથી ગેંડાનો અવાજ ધીમે ધીમે વધે છે. આ પ્રથમ ગેંડાની સ્ટેજની બહારની હાજરી પ્રેક્ષકોની રુચિને પણ આકર્ષિત કરે છે અને તેના અસ્તિત્વ (અથવા સ્ટેજનું અસ્તિત્વ, ઓછામાં ઓછું) શંકામાં રાખે છે. આયોનેસ્કો સંવાદ ઉપકરણો દ્વારા આ પ્રથમ દ્રશ્યમાં સામૂહિક ચેતનાના બીજ પણ રોપાય છે; ગેંડાના દેખાવ દરમિયાન અને પછી, બધા પાત્રો લગભગ એક જ સમયે સમાન વસ્તુઓ ("ઓહ, ગેંડા!" અથવા "સારું, બધી વસ્તુઓ !") બૂમો પાડે છે, તે પુનરાવર્તનો સામૂહિક ચેતના અને રોજિંદી ભાષા અને લાગણીની તુચ્છતાના સંકેતો છે. વધુમાં, બે અલગ-અલગ, એક સાથે સંવાદો-જ્યાં અને બેરાંઝે વચ્ચે અને તર્કશાસ્ત્રી અને ઓલ્ડ જેન્ટલમેન વચ્ચે-સમાન વિચારોની ચર્ચા કરે છે, જે માનવીય લાગણી અને વિમુખતા અને તર્કની અસંગતતાનો પડઘો પાડે છે. કેટલીકવાર એક જ ચોક્કસ ભાષાનો ઉપયોગ કરીને પણ આ ચર્ચા કરે છે.

બેરાંઝે નાટકનો નાયક છે જે ન તો ઓફિસમાં પોતાનું કામ કરે છે ન તો વ્યવસ્થિતપણે વર્તે છે. જે બધાથી વિમુખ છે. તે જીવનમાં ડેઈઝી પ્રત્યેના પ્રેમ સિવાય જ ક્યાંય પણ પોતાને સમર્પિત કરવા તૈયાર નથી. તેથી એ ગેંડો પણ બનવા તૈયાર નથી. બેરાંઝેનું રૂપાંતર ગેંડામાં સાચું મેટામોર્ફોસિસ છે. તેથી વિરુદ્ધ અન્ય પાત્રો શારીરિક રીતે ગેંડામાં ફેરવાઈ જાય છે. જોકે બેરેન્જરનો નિર્ણય, જોકે, તદ્દન અણધાર્યો નથી. ડેઝી પ્રત્યેનો તેમનો પ્રેમ, ઉપર જણાવ્યા મુજબ, તે દર્શાવે છે કે તે બીજા માનવ માટે ભાવનાત્મક ઈચ્છાઓ ધરાવે છે, પરંતુ તેની ઈચ્છાઓ એટલી સ્વકેન્દ્રિત નથી. તે ડેઝીને એકલા પ્રેમ કરતો નથી; તે માનવતાને ચાહે છે, અને તેના ભાવિની જવાબદારી લેવા તૈયાર છે. અન્ય પાત્રોના ખજાનાની શક્તિની ઈચ્છાને બદલે જવાબદારીની આ "ઈચ્છા" આખરે બેરેન્જરની પ્રતિકારની અંતિમ લાઈનને મજબૂત બનાવે છે, "હું શરણાગતિ સ્વીકારતો નથી!" જ્યાં સમજદાર અને સંસ્કારી છે. જોકે તેની પ્રસંગોપાત ક્ષતિઓ તેની કાર્યક્ષમતાના અગ્રભાગમાં તિરાડો ઉજાગર કરે છે. ડેઈઝી બેરેન્જરનો પ્રેમ રસ છે. તેણી પણ, કોઈપણ વસ્તુ માટે એકદમ અપ્રતિબદ્ધ છે અને ગેંડાની હાજરીને વાંધો નથી. તેમ છતાં, તે નાટકમાં પ્રમાણનું એક અન્ય પાત્ર છે જે ભાવનાત્મક જીવન ધરાવે છે. ગેંડા, સૌથી ઉપર, માણસની ગુપ્ત ક્રૂરતા અને હિંસા માટેની ક્ષમતા માટે ઊભા છે. ગેંડા પોતે દોષિત નથી; તેઓ સામાન્ય રીતે એકાંત પ્રજાતિ છે, જેમ કે બેરેન્જર નોંધે છે, પરંતુ માણસની સામૂહિક ચેતના અને સંખ્યામાં સલામતી તરફનું વલણ તેમને નાઝીઓની યાદ અપાવે તેવા પ્રતિકૂળ, સત્તાધિકારીના વિચારને ટોળામાં ફેરવે છે. તેમ છતાં, આયોનેસ્કો ગેંડાના લક્ષણોને બહાર કાઢવાની ખાતરી કરે છે. બધી માનવતા ખોવાઈ ગઈ નથી, અને

એવું લાગે છે કે વ્યક્તિગત માણસ જે ગેંડો બને છે તેની લાક્ષણિકતાઓને અસર કરે છે. તેમના નિરૂપણને વધુ મહત્વ આપવા માટે, આયોનેસ્કોએ ગેંડો વધુ સુંદર અને જાજરમાન બન્યા છે કારણ કે નાટક આગળ વધે છે ત્યાં સુધી, નાટકના અંત સુધીમાં, તેઓ માનવતાની કુરૂપતાથી આગળ નીકળી જાય છે. આ ટેકનિક પ્રેક્ષકોને જોવા માટે બનાવે છે કે કેવી રીતે સામૂહિક અભિપ્રાય દ્વારા વ્યક્તિની વ્યક્તિગત ધારણાઓને બદલી શકાય છે. કેવી રીતે વિનાશક ગેંડા, પોતાની શક્તિ અને ઈચ્છા પર શંકા કરતી વ્યક્તિ માટે મોહક બની શકે છે. અહીં ગેંડા એ માણસના સ્વાભાવિક જંગલી સ્વભાવનું અસ્પષ્ટ પ્રતીક છે. પ્રથમ ગેંડો કોઈ દેખીતી રીતે નુક્સાન કરતું નથી; બીજો એક બિલાડીને કચડી નાખે છે; પાછળથી લોકો વધુ સંપત્તિનો નાશ કરે છે અને ગેંડો બનેલો જ્યાં, બેરેન્જર પર હુમલો કરે છે. તેઓ ફાસીવાદી જુલમ અને બ્રહ્માંડની અર્થશૂન્યતા બંનેનું પ્રતિનિધિત્વ કરે છે જે મેટામોર્ફોસિસનું નિર્માણ કરી શકે છે. મેટામોર્ફોસિસ દ્વારા નાઝીવાદના આદર્શો વ્યક્તિઓના અચેતન મનને કેવી રીતે સંક્રમિત કરી શકે છે, તેની સાથે સરખાવે છે. છતાં નાટકના અંત સુધીમાં ગેંડા વધુ સુંદર અને માણસો વધુ કદરૂપું બની જાય છે. તેઓ સુંદર છે, તેમ છતાં, તેમની જડ તાકાત અને શક્તિને કારણે; સાચી સુંદરતા, જેમ કે બરાંઝે દર્શાવે છે કે જ્યારે તે આખરે ગેંડા સામે લડવાનું અને માનવતાને બચાવવાનું નક્કી કરે છે, ત્યારે તે નૈતિક શક્તિમાં રહેલી છે. જ્યાં જેવા માનવામાં આવતા મજબૂત પાત્રો, ઈચ્છાશક્તિની અંતિમ કસોટીમાં નિષ્ફળ જાય છે, ગેંડામાં રૂપાંતરિત થવાનો રોગચાળો, અને તેમની ક્ષીણ થતી ઈચ્છાઓ જવાબદારીની તેમની સૂક્ષ્મ ભૂલો દ્વારા પૂર્વદર્શિત થાય છે. નાટકની અંતિમ વિડંબના એ છે કે બરાંઝે સાચો સુપર-હીરો બની જાય છે, તે તેની ઈચ્છાના સંસાધનો એકઠા કરે છે, જે તેના સાથી માણસ માટેના પ્રેમના પાયા પર બાંધવામાં આવે છે, જે માનવતાની જવાબદારી સ્વીકારમાં તૈયાર થાય છે. તર્કશાસ્ત્રી, તેના નામ પ્રમાણે, અન્ય તર્કવાદી પાત્રો (જ્યાં, બોતાર, દ્યુદાર) અને નાટક અને અસ્તિત્વવાદી ફિલસૂફીના અંતર્ગત પરિસરમાંના એકનું પ્રતિનિધિત્વ કરે છે, તે તર્ક બધું સમજાવી શકતું નથી. વાસ્તવમાં, આયોનેસ્કો તર્કશાસ્ત્રીના પરિપત્ર, વિચારની કોમિક ટ્રેનની ગંભીર મજાક કરે છે, જે તમામ ખોટા પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને સંપૂર્ણ ખોટા જવાબો અથવા જવાબો સાથે સમાપ્ત થાય છે જે મૂળ પ્રશ્નને ફરીથી રજૂ કરે છે. આપણે બ્રહ્માંડને વાહિયાત અને અર્થહીન તરીકે ઓળખવું જોઈએ, આયોનેસ્કો માને છે કે તેમાંથી કોઈ અર્થ કાઢવા માટે; તર્કશાસ્ત્રી અને અન્ય પાત્રો આનો પ્રતિકાર કરે છે, જોકે તેઓ ઘણીવાર માત્ર પોતાને વાહિયાત સાબિત કરવામાં સફળ થાય છે. મિ. બફ અને મિસિસ બફના સંબંધો અને વ્યવહાર નાટકમાં એક અન્ય વ્યક્તિ પ્રત્યેના સાચા પ્રેમ અને પ્રતિબદ્ધતાનો એકમાત્ર પુરાવો છે.

ગેંડાનો "રોગચાળો" બીજા વિશ્વયુદ્ધ પહેલાં અને દરમિયાન નાઝીવાદ અને ફાસીવાદના સામૂહિક બળવા માટે અનુકૂળ રૂપક તરીકે કામ કરે છે. ગેંડો લખવાનું આયોનેસ્કોનું મુખ્ય કારણ માત્ર નાઝીઓની ભયાનકતાની ટીકા કરવાનું નથી, પરંતુ જેઓ આટલી સહેલાઈથી નાઝીવાદને વશ થઈ ગયા હતા તેમની માનસિકતાનું અન્વેષણ કરવાનું છે. એક સાર્વત્રિક ચેતના જે વ્યક્તિગત સ્વતંત્ર વિચારને નષ્ટ કરે છે અને આ માનસિકતાને વ્યાખ્યાયિત કરે છે; બીજા શબ્દોમાં કહીએ તો, લોકો તેમની આસપાસના સામાન્ય અભિપ્રાયના મૂર્તરૂપમાં ફેરવાઈ જાય છે, અને તેઓ વિચારવાનું શરૂ કરે છે કે અન્ય લોકો શું વિચારે છે ? નાટકમાં, લોકો અન્ય લોકોએ અગાઉ કહેલા વિચારોને પુનરાવર્તિત કરે છે, અથવા એક સાથે તે જ વસ્તુઓ કહે છે. એકવાર અન્ય લોકો, ખાસ કરીને તર્કશાસ્ત્રી જેવા કે જ્યાં જેવા લોકોનું આ વિચારધારા અનુસાર નાટકમાં પતન થઈ જાય, પછી બાકીના મનુષ્યો માટે મેટામોર્ફોસિસ શા માટે ઇચ્છનીય છે તે ન્યાયી ઠેરવવાનું વધુ સરળ લાગે છે. આયોનેસ્કો તેના નાટકને નાઝીવાદની નિર્દયતાની એકતરફી ટીકા ન બનાવવા માટે સાવચેત છે. જેમ જેમ નાટક આગળ વધે છે ત્યાં સુધી ગેંડા વધુ સુંદર બને છે જ્યાં સુધી તેઓ માનવતાની કુરૂપતાને ઢાંકી દેતા નથી અને પ્રેક્ષકોને એ ઓળખવાની ફરજ પડે છે કે નાટકમાં જ્યાં જેવા પ્રભાવશાળી વ્યક્તિએ પણ નાઝીઓના વિચારને એ જ રીતે શ્રેષ્ઠ માન્યા હશે. વાસ્તવમાં, ગેંડાના "યુનિવર્સલ ફેમિલી"માં જોડાવાની દ્યુદારની ઇચ્છા ગેંડાની આર્યન માસ્ટર જાતિ તરીકેની કલ્પના તરફ નિર્દેશ કરે છે, જે બાકીની માનવતા કરતા શારીરિક રીતે શ્રેષ્ઠ છે. તેમ છતાં, તેઓ હજુ પણ નૈતિક રીતે પ્રતિકૂળ છે, નાટક દરમિયાન તેમની હિંસામાં વધારો કરે છે. આયોનેસ્કો કાળજીપૂર્વક જોહન સ્ટુઅર્ટ મિલના "નુક્સાન સિદ્ધાંત" સામે દલીલ કરે છે, જે જણાવે છે કે વ્યક્તિગત સ્વતંત્રતા ત્યાં સુધી સાચવવી જોઈએ જ્યાં સુધી તે અન્ય કોઈને નુકસાન ન પહોંચાડે. આયોનેસ્કો દર્શાવે છે કે, ગેંડાઓને નિષ્ક્રિય રીતે ચાલવા દેવા - અથવા, રૂપકાત્મક રીતે, ફાસીવાદ તરફ આંખ આડા કાન કરવા, જેમ કે ૧૯૩૦ના દાયકામાં વ્યક્તિગત નાગરિકો અને સમગ્ર દેશોએ કર્યું હતું - તે સીધી હિંસા જેટલી જ હાનિકારક છે.

આ નાટક બરાંઝેનું ઉદાસીન, મદ્યપાન કરનાર અને માણસમાંથી માનવતાના તારણહારમાં રૂપાંતર એ ગેંડાની મુખ્ય થીમ અને મુખ્ય અસ્તિત્વના સંઘર્ષની રચના કરે છે. જીવનને અર્થ આપવા માટે વ્યક્તિએ પોતાને એક મહત્ત્વપૂર્ણ કારણ માટે પ્રતિબદ્ધ કરવું જોઈએ. આમ તો આ નાટકના ઘણા અર્થ જણાય છે પણ તેમાંથી કોઈ એક નક્કર અર્થ કાઢી શકાય નહીં. આ નાટક, ફોલ્સ થિયેટરની તમામ કલાકૃતિઓની જેમ, અસ્પષ્ટતા દર્શાવે છે. તેમ છતાં, એકની માલિકી હજી પણ સરેરાશ વ્યક્તિની પહોંચની બહાર છે. નાટકના બે મુખ્ય વિષયો વ્યક્તિવાદ અને નાઝીવાદ છે. અહીં નિહિત છે કે

આપણી ઓળખ અને માનવતા બાહ્ય વસ્તુઓ પર નહીં પરંતુ આપણી આંતરિક ધારણાઓ પર આધારિત છે. એક વ્યક્તિ આત્મબળથી આ વિશાળ ગેંડાના જૂથ સામે અંત સુધી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકે છે. વ્યક્તિ સ્વત્રંતનો સ્પષ્ટ વ્યક્તિત્વનો સંકેત છે. બરાંઝે અને અન્ય નગરજનો વચ્ચેના તફાવતને આયોનેસ્કોએ અસાધારણ કૌશલ્યથી સંભાળ્યો છે આ બાબત ‘રાઈનોસરોસ’માં જ નહીં પણ પૌરાણિક રંગભૂમિના મૂળમાં પણ છે. આ જ ન નાટકમાં બીજી થિમમાં ગેંડા નાઝીવાદના પ્રતીક તરીકે ઊભરી આવે છે. શહેરમાં ગેંડાના આગમન પહેલાં, સામાન્ય અને રોજિંદા જીવનની નજીવી બાબતોની આસપાસ ફરતી વાતચીત અદશ્ય થઈ જાય છે અને તમામ નાગરિકો ચોકમાંથી, ઓફિસમાંથી, ઘરમાંથી ગેંડા વિશે વાત કરવા લાગે છે. સાદો દેખાતો માણસ અચાનક ગેંડામાં ફેરવાઈ જાય છે. હિટલરના આગમન પછી, સામાન્ય જીવન જીવતા જર્મનોએ હોલોકોસ્ટને ગુપ્ત રીતે સમર્થન આપવાનું શરૂ કર્યું. રૂપક તરીકે, આયોનેસ્કોએ નાગરિકોને ગેંડામાં રૂપાંતરિત કરવાનું સૂચન કર્યું છે. લોકો અચાનક નવા ધર્મો, નવી વિચારધારાઓ, ધર્માંધતા સાથે અપનાવે તેની પર આયોનેસ્કોએ કટાક્ષ કર્યો છે.

આ નાટકમાં આયોનેસ્કો અમૂર્ત દાર્શનિક વિચારોને નક્કર રમૂજ સાથે જોડે છે. પાત્રો તેમની અગાઉની ભૂલોને સમજાવવા માટે જે વિવિધ તર્કસંગતતાઓ સાથે આવે છે તેમાંથી નીપજતી નરી મૂર્ખતા ભાવકને આનંદિત કરે છે, પરંતુ અહીં સર્જક તર્ક અને જવાબદારી વિશેના ઊંડા વિચારો પણ સૂચવે છે. અહીં ગેંડો તર્કની મર્યાદાઓને ઉજાગર કરે છે અને તર્કની હદને અવગણે છે. આયોનેસ્કો સૂચવે છે કે, વિશ્વને અર્થશૂન્ય તરીકે ઓળખાવવું એ અર્થપૂર્ણ જીવનને એક સાથે જોડવાનું પ્રથમ પગલું છે.

‘રાઈનોસરોસ’ માનવ સ્વભાવ વિશે મનમોહક, વિવેચનાત્મક રીતે વખાણવા લાયક ટીપ્પણી છે. ૨૦મી સદીની શYઆતના અમૂર્ત કલાકારોની જેમ જ આયોનેસ્કો હાસ્ય અને ભયાનક અસર માટે વાસ્તવિકતાને અમૂર્ત બનાવે છે. તેમની અસામાન્ય ભાષા અને શૈલીયુક્ત માળખું અને ભવ્ય પ્રતીકવાદ થિયેટર ઑફ ઍબ્સર્ડ તરીકે ઓળખાતા ફોર્મમાં આ સર્જનને સ્થાપિત કરે છે. આ નાટક એ સમાજના સર્વાધિકારી બંધારણનું સીધું પરિણામ છે. આ નાટક એક તરફ, દુઃસ્વપ્ન પરિસ્થિતિઓનો અને બીજી તરફ - પ્રાચીન પરંપરાનો સંદર્ભ આપે છે. સાહિત્યમાં પરિવર્તન, અને, ખાસ કરીને, પ્રાચીન સદીના સાહિત્યથી - કાફકાના "મેટામોર્ફોસિસ" સુધી. "વાસ્તવિકતા"ના સિદ્ધાંતને અનુભવે છે, જ્યારે માત્રને માત્ર પરિવર્તન પૂરતું છે અને આખું વિશ્વ વળે છે અને તે શરૂ થાય છે. એક વાહિયાત દલીલનું પાલન કરવું. ‘રાઈનોસરોસ"માં પ્રથમ વખત એક પાત્ર દેખાય છે - નાયક બરાંઝે, એક હારનાર અને એક આદર્શવાદી છે અને તેથી પ્રાંતીય

શહેરના રહેવાસીઓની ઉપહાસનો વિષય છે. નાટકમાં બરાંઝે એકમાત્ર છે જે અંત સુધી તેના માનવીય દેખાવને જાળવી રાખે છે. "મોટો સમૂહ" ગેંડામાં પરિવર્તિત થાય છે, જેમાં તેની પ્રિય ગર્લફ્રેન્ડ ડેઈઝીનો પણ સમાવેશ થાય છે. ગેંડાના પરિવર્તન સાથે "આપણે સમય સાથે આગળ વધવું જોઈએ" - અને નાયક એ પણ શરમ અનુભવે છે કે તે સામાન્ય હિલચાલથી અલગ છે અને આદર્શિતા હાંસલ કરી શકતા નથી. અનિષ્ટનો સક્રિયપણે વિરોધ કરવાનો વિચાર આયોનેસ્કો માટે અસ્વીકાર્ય છે. તે માને છે કે હિંસા હંમેશા બદલાની હિંસા પેદા કરે છે. "રાઈનોસરોસ(ગેંડો)" રાક્ષસ એ કોઈપણ પ્રકારની સરમુખત્યારશાહી - રાજકીય અથવા આધ્યાત્મિક - અને સૌથી ઉપર, ફાસીવાદની પ્રતીકાત્મક છબી છે. આયોનેસ્કોએ લખ્યું કે "ગેંડો નિઃશંકપણે નાઝી વિરોધી કાર્ય છે, પરંતુ સૌથી ઉપર તે સામૂહિક ઉન્માદ અને રોગચાળા સામેનું નાટક છે, જે તર્ક અને વિચારોની આડમાં છુપાયેલું છે, પરંતુ તે કોઈ ઓછો ગંભીર સામૂહિક રોગ નથી જે વિવિધ વિચારધારાઓને ન્યાયી ઠેરવે છે."

છેલ્લે, બરાંઝેનું વાક્ય “I Sometimes wonder if I exist myself” અને “I'm not capitulating !” દ્વારા સાચા અસ્તિત્વને પ્રાપ્ત કરવા માટે શારીરિક કે માનસિક અસ્તિત્વ પૂરતું નથી, તેના માટે અર્થશૂન્ય વિશ્વ કંઈક મહત્ત્વપૂર્ણ કરવા પ્રતિબદ્ધ થવું જોઈએ. તેથી, બરાંઝે માનવતા પ્રત્યેના પ્રેમને કારણે તેને બચાવવાનો નિર્ણય કરે છે.

## ૧૧.૩ કર્તા પરિચય : યુજિન આયોનેસ્કો

### યુજિન આયોનેસ્કો (જન્મઃ ૨૬ નવેમ્બર, ૧૯૦૯ મૃત્યુઃ ૨૮ માર્ચ, ૧૯૯૪)

યુજિન આયોનેસ્કો એક રોમાનિયન – ફ્રેંચ નાટ્યકાર હતા, જેમણે મોટેભાગે ફ્રેંચ ભાષામાં લખ્યું છે. આયોનેસ્કોનો જન્મ સ્લેટિના, રોમાનિયામાં રૂઢિવાદી ખ્રિસ્તી ચર્ચ સાથે સંકળાયેલા પિતા તથા ફ્રેંચ અને રોમાનિયન માતાને ત્યાં થયો હતો. તેમણે તેમનું મોટાભાગનું બાળપણ ફ્રાન્સમાં વિતાવ્યું હતું. માતા-પિતાના છૂટાછેડા પછી ૧૯૨૫માં રોમાનિયા પાછા ફર્યા, ત્યાં તેમણે સેન્ટ સાવા નેશનલ કૉલેજમાં અભ્યાસ કર્યો. તેમના જીવનના છવ્વીસ વર્ષ ત્યાં જ વિતાવ્યા અને પછી ૧૯૩૮માં તેઓ પેરિસ જાય છે તેમનું મૃત્યુપર્યંત જીવન ત્યાં જ વીતે છે, પરંતુ તેમના સાહિત્યમાં બાળપણના જીવનનો વિશેષ પ્રભાવ દેખાય છે અને તેમણે પોતાની પહેલી કવિતા પણ રોમાનિયન ભાષામાં જ લખી હતી. આમ, તેમના વ્યક્તિત્વમાં બે સંસ્કૃતિ ફ્રેંચ અને રોમાનિયનના સંકેત મળે છે. તેમને ભાષામાં વિશેષ રસરુચિ હતી.

આયોનેસ્કો યુનિવર્સિટી ઓફ બુકારેસ્ટમાં ૧૯૨૮થી ૧૯૩૩ દરમિયાન ફ્રેન્ચ સાહિત્યનો અભ્યાસ કરે છે અને ફ્રેન્ચના શિક્ષક તરીકે લાયકાત મેળવી. ૧૯૩૬માં આયોનેસ્કોએ રેડિકા બુરેલેન સાથે લગ્ન કર્યા. તેમની 'મેરી ફ્રાન્સ' નામની પુત્રી હતી, જેના માટે આયોનેસ્કોએ સંખ્યાબંધ બિનપરંપરાગત બાળકોની વાર્તાઓ લખી. ૧૯૩૮માં થિસિસના કાર્ય માટે તેઓ ફ્રેન્ચ પાછા ફર્યા, પરંતુ ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતા રોમાનિયા પાછા ફર્યા. વિચાર બદલાતા પેરિસ પાછા ફરી બાકીનો સમય તેમણે યુદ્ધ, મુક્તિ પછી તેમના પરિચય સાથે માર્સેલીમાં અને પેરિસમાં રહ્યા.

બુકારેસ્ટમાં અભ્યાસ કરતી વખતે, યુજેને ફાસીવાદી તરફી ચળવળોની લોકપ્રિયતામાં વધારો જોયો. જો કે તેની આસપાસના લોકોનો આ ઉત્સાહ નાટ્યકારને પોતાને જંગલી લાગતો હતો, પરંતુ આ અનુભવ પાછળથી "ગેંડો" અને તેની અન્ય કૃતિઓનો વિષય બન્યો. યુજિન આયોનેસ્કોની બાબતમાં એક નવાઈ પમાડે એવો વિરોધાભાસ જોવા મળે છે. પહેલેથી જ નાટક, થિયેટર પ્રત્યે સખત અણગમો ધરાવનાર, નાટ્યલેખનમાં એક પછી એક સિદ્ધિનાં સોપાન વટાવી ગયા પછી પણ નાટકો જોવાનો શોખ નથી એમ કબૂલનાર આયોનેસ્કો આકસ્મિક રીતે જ નાટ્યલેખન તરફ વળ્યા હતા, એ હકીકત ખૂબ જાણીતી છે. નાટક લખતા પહેલાં તેમણે કવિતા અને ટીકા લખવાનું શY કર્યું હતું. તેમણે નાટકના સર્જનની શરૂઆત ૧૯૫૦થી કરી. તેમણે 'ધ બાલ્ડ સોપ્રાનો' નામક પહેલું નાટક રચ્યું છે. આયોનેસ્કોની શરૂઆતની નાટ્યકૃતિઓ તેની સૌથી નવીનતમ કૃતિઓ હતી, જેમાં વન એક્ટ અથવા વિસ્તૃત સ્કેચ હતા, જેની સંખ્યા સત્તર જેટલી છે. તેમના સ્કેચ આધુનિક લાગણીઓ અને અતિવાસ્તવને હાસ્ય સાથે સંચારની અશક્યતા અને નિરર્થકતા વ્યક્ત કરે છે, સાથે તેમની કૃતિમાં અમાનવીય વિશ્વનું નિરૂપણ જોવા મળે છે. બીજી તરફ આયોનેસ્કો પૂર્ણ કદના નાટકો લખે છે. તેમના સંખ્યાબંધ નાટકોમાં 'બેરેન્જર' નામનું કેન્દ્રિય પાત્ર જોવા મળે છે. આયોનેસ્કો આ નાટકોમાં વધુ માનવીય પાત્રો દર્શાવતી વધુ ટકાઉ નાટકીય પરિસ્થિતિઓનું અન્વેષણ કરવાનું શY કર્યું. 'બેરેન્જર' એ અર્ધ-આત્મકથાનાત્મક કૃતિ છે, જે વાસ્તવિકતાની વિચિત્રતા પર આયોનેસ્કોના આશ્ચર્ય અને વેદનાને વ્યક્ત કરે છે. તે રમૂજી રીતે ભોળો છે, તે ગુણને કારણે પ્રેક્ષકોની સહાનુભૂતિ અર્જિત કરે છે. તેમનું પ્રથમ લાંબા કદનું નાટક 'Amédée or How to get Rid of it' (૧૯૫૪) લખાયું. ત્યારબાદ 'ધ કિલર' (૧૯૫૮), રાઈનોસરોસ' (૧૯૫૯), 'એક્ઝિટ ધ કિંગ' (૧૯૬૨), 'અ સ્ટોલ ઈન ધ એર' (૧૯૬૨), 'ધ કિલીંગ ગેમ...' (૧૯૭૦), 'ઓહ, વૉટ અ બ્લડી સર્કસ' (૧૯૭૩), 'મેન વીથ બેગ' (૧૯૭૭) અને 'જર્ની એમન્ગ ધ ડેડ' (૧૯૮૦)જેવાં અગિયાર જેટલા નાટકો લખ્યાં છે. 'હંગર ઍન્ડ થર્સ્ટ' (૧૯૬૪) અને મેકબેથ (૧૯૭૨)

જેવાં અનુકરણ અને અનુવાદિત નાટકો પણ આપ્યાં છે. આ સમયગાળામાં આયોનેસ્કોએ 'ધ હર્મિટ' (૧૯૭૫) નામની એકમાત્ર નવલકથા લખી છે. "રાઈનોસરોસ", "બાલ્ડ સિંગર", "ચેર્સ", "સેલ્ફલેસ કિલર", "મેકબેથ", "એર પેસેજ" અને અન્ય નાટકોનો સર્જનાત્મક વારસો તેનું સૌથી વધુ લોકપ્રિય સર્જન છે.

૧૯૩૦ના દાયકાની શરૂઆતમાં રોમાનિયન બુદ્ધિજીવીઓમાં નાઝી વિચાર ખીલવા લાગ્યા અને આયોનેસ્કોના સ્મરણ અનુસાર તે સમયે અધિકારથી સંબંધિત થવું એ ફેશન હતી. આ ફાસીવાદની વિચારધારાના વિરોધમાં તેમણે પોતાનો વૈશ્વિક દૃષ્ટિકોણ રજૂ કર્યો. તેમણે ફાસીવાદ પ્રત્યેના પોતાના વિરોધને કે રાજનૈતિક અને સામાજિક સમસ્યાના રૂપમાં ન જોતા એક અસ્તિત્વગત સમસ્યા રૂપે જોયો, જે માનવ વ્યક્તિત્વ અને પ્રજાની વિચારધારાની વચ્ચેની સમસ્યા મહત્ત્વની છે. આયાનેસ્કોએ પોતાના જીવનપર્યંત અધિનાયકવાદી શાસનો પ્રત્યે ઘૃણા દર્શાવી તથા તેમના સર્જનમાં તેમણે જાગYક સિધ્ધાંતરૂપે વિકસિત પણ કર્યો. ૧૯૫૯માં આ સમસ્યાને લાગતું 'રાઈનોસરોસ' નાટક લખ્યું. અહીં જે ગેંડાના પરિવર્તનની પ્રક્રિયાને ધ્યાનમાં લેતા, ટ્રાન્સપ્લાન્ટેડ વિચારધારાના પ્રભાવ હેઠળ પુનર્જન્મની વાત દૃઢ કરે છે. આ નાટક સ્ટેજ પર ભજવાયા બાદ એક નિર્દેશક તેને ફાસીવાદની શYઆતના રૂપક તરીકે જ્યારે લે છે ત્યારે આયોનેસ્કો નિરાશ અને નારાજ પણ થાય છે, કારણ કે આયોનેસ્કોનું આ નાટક સંપૂર્ણ રીતે માનવ આત્માના જીવન પણ સમર્પિત હતું અને જેમાં અસામાન્ય અને નવી ટેક્નિકનો ઉપયોગ કરી આ સમસ્યાઓની તપાસ અને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ નાટકમાં કથાનક, ભાષા, પાત્રો, રચના વગેરે બધાં ઘટકતત્ત્વોના અર્થ અને રૂપ વિશે તાર્કિક સંરચનાનું વિઘટન તેમણે કર્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું કે આ નાટક રોજિંદી સામાજિક કે રાજનૈતિક વાસ્તવિકતા પર નહીં પરંતુ દાર્શનિક દુનિયાની યથાર્થતા અને વાસ્તવિકતા પર આધારિત છે.

આયોનેસ્કોને ૧૯૭૦માં એકેડેમિક ફ્રેન્ચાઈઝના સભ્ય બનાવવામાં આવ્યા હતા. તેમણે ફિલ્મ, ૧૯૫૯ માટે ટુર્સ ફેસ્ટિવલ પ્રાઈઝ સહિત અસંખ્ય પુરસ્કારો પણ પ્રાપ્ત કર્યા છે. તેઓ ૧૯૭૦માં એકેડેમિક ફ્રેન્ચાઈઝના સભ્ય બનાવવામાં આવ્યા અને યુરોપિયન સાહિત્ય માટે ૧૯૭૦ ઓસ્ટ્રિયન રાજ્ય પુરસ્કાર અને ૧૯૭૩ જેરુસલેમ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. ન્યૂયોર્ક યુનિવર્સિટી તથા અન્ય યુનિવર્સિટીઓમાંથી માનદ ડૉક્ટરલ ડિગ્રીઓ પણ પ્રાપ્ત કરી છે. તેમને ૧૯૬૪માં તેમની સાહિત્યસેવા માટે નોબેલ પુરસ્કાર માટે પણ નામાંકિત કરવામાં આવ્યા હતા. તેમનું ૮૪ વર્ષની વયે પેરિસમાં અવસાન થયું.

*યુજિન આયોનેસ્કો ૨૦મી સદીના ફ્રેન્ચ અવંત-ગાર્ડે થિયેટરની અગ્રણી વ્યક્તિઓમાંની એક છે. તેમણે તેમના 'વિરોધી નાટક'થી શY કરીને, નાટકના વિચારો અને તકનીકોમાં ક્રાંતિ લાવી. ધ બાલ્ડ સોપ્રાનો જે થિયેટર ઓફ ઍબ્સર્ડ તરીકે ઓળખાય છે, તેની શરૂઆતમાં તેમને ફાળો આપ્યો, જેમાં સંખ્યાબંધ નાટકોનો સમાવેશ થાય છે. આ નાટકો વિચારોને અનુસરે છે.*

## ૧૧.૪ સ્વાધ્યાય

૧. *નાટ્યકાર યુજિન આયોનેસ્કોના જીવન વિશે પરિચય આપો.*
૨. *વિશ્વસાહિત્યની કૃતિ 'રાઈનોસરોસ' વિશે પરિચય આપો.*
૩. 'I'm not capitulating" *(હું શરણાગતિ સ્વીકારતો નથી.!) – 'રાઈનોસરોસ' નાટકના આધારે આ વિધાન સમજાવો.*

## ૧૧.૫ સંદર્ભસૂચિ


૧. *રાઈનોસરોસ – યુજિન આયોનેસ્કો – અનુવાદ : શિરીષ પંચાલ*
૨. नाटकालोचन के सिध्धांत - सिध्धांत कुमार
૩. https://www.britannica.com/art/Theatre-of-the-Absurd
૪. https://www.britannica.com/topic/Rhinoceros-play-by-Ionesco
૫. https://www.gradesaver.com/rhinoceros/study-guide/summary



**લેખન : ડૉ. હેતલ ગાંધી** - *આસિસ્ટન્ટ પ્રોફેસર (ગુજરાતી વિભાગ)*
*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.*

## એકમ-12 ફાયર ઑન ધ માઉન્ટન


૧૨.૧ પ્રસ્તાવના

૧૨.૨ કૃતિ પરિચય : 'ફાયર ઑન ધ માઉન્ટન'

૧૨.૩ સર્જક પરિચય

૧૨.૪ સ્વાધ્યાય

૧૨.૫ સંદર્ભ


### ૧૨.૧ પ્રસ્તાવના

*ભારતીય અને અંગ્રેજી સાહિત્યકાર અનિતા દેસાઈને એમની નવલકથાઓએ પ્રસિદ્ધિ અપાવી. તેઓ યુ.એસ.એ. અને યુ.કે.ની યુનિવર્સિટીઓમાં ક્યારેક ક્યારેક અધ્યાપન કરે છે. તેઓ લેખન અને શિક્ષણના વ્યવસાય સાથે જોડાયેલા છે. છવ્વીસ વર્ષની વયે એમની પ્રથમ નવલકથા 'ક્રાય ધ પીકોક' પ્રગટ થઈ. ત્યાર બાદ 'વૉઈસીસ ઈન ધ સિટી', 'બાય બાય બ્લેકબર્ડ', 'વ્હેર શેલ વી ગો ધીસ સમર?', 'ફાયર ઑન ધ માઉન્ટન', 'ક્લીઅર લાઈટ ઑફ ડે', 'ઈન કસ્ટડી', 'બાઉમગાર્ટનર્સ બોમ્બે' વગેરે નવલકથાઓ પ્રકાશિત થઈ. એમણે બાલસાહિત્યના ત્રણ પુસ્તકો લખ્યા હતા. 'ગેમ્સ એટ ટ્વાઈલાઈટ એન્ડ અધર સ્ટોરીઝ' નામે વાર્તાસંગ્રહ એમણે આપ્યો છે. 'ફાયર ઑન ધ માઉન્ટન' નવલકથા એના વિષયવસ્તુ નિરૂપણ અને શૈલીને કારણે ઉચ્ચ સ્થાને બિરાજે છે. એમની કૃતિઓનો વિષય મોટેભાગે જીવનમાં અનુભવાતી એકલતા, હતાશા, અલગતાનો રહ્યો છે. પરિવારથી ત્રસ્ત પાત્રો દૂર પહાડીઓમાં એકાંત શોધે છે. એકાંતમાં ખલેલ ન પહોંચે એ માટેના તમામ પ્રયત્ન કરે છે. પાત્રો પોતાનું એકાંત જાતે જ નિર્ધારિત કરે છે. નવલકથાની શૈલી અને કાવ્યાત્મક વર્ણનો ધ્યાનાકર્ષક છે. નંદા કૌલ, રાકા અને ઈલા દાસ – ત્રણેય પાત્રો પોતાની દુનિયામાં સ્થાન સ્વયં નિર્ધારિત કરે છે. આ નિર્ધાર જ એમની નિયતિ બની રહે છે. નવલકથામાં આવૃત રહેલ ખૂન, અત્યાચાર ઈત્યાદિ ડુંગરના દવરૂપે અંતે પ્રગટ થાય છે.*

### ૧૨.૨ કૃતિ પરિચય

*'ફાયર ઑન ધ માઉન્ટન' નવલકથા ત્રણ ભાગમાં વિભાજિત છે. ત્રણે ભાગના શીર્ષકો વિશિષ્ટ છે. ભાગ - ૧નું શીર્ષક ''કેરિગ્નાનો'માં નંદા કૌલ' જેમાં ૧૦ ખંડ સમાવિષ્ટ છે. ભાગ – ૨નું શીર્ષક 'રાકા 'કેરિગ્નાનો'માં આવે છે' જેમાં ૨૧ ખંડ*

સમાવિષ્ટ છે. ભાગ - ૩નું શીર્ષક 'ઈલા દાસ 'કેરિગ્નાનો' છોડી જાય છે' જેમાં ૧૩ ખંડ સમાવિષ્ટ છે. આ નવલકથાનો ગુજરાતીમાં અનુવાદ અનિલા દલાલે કર્યો છે. નવલકથા નંદા કૌલ, આશા, તારા, રાકા, ઈલા દાસ, ટપાલી, રામલાલ વગેરે પાત્રો આસપાસ કથાવસ્તુ રચાઈ છે. મુખ્ય ત્રણ પાત્રો નંદા કૌલ, રાકા અને ઈલા દાસ છે.

ભાગ – ૧ ''કેરિગ્નાનો'માં નંદા કૌલ'નો આરંભ પ્રકૃતિ વર્ણનથી થાય છે. પ્રકૃતિ વર્ણન સાથે જ નંદા કૌલના જીવનમાં આવેલા વળાંકને સાંકળી લઈ લેખિકાએ એના મનોવિશ્વને તાદૃશ કર્યું છે. નંદા કૌલને એકલા રહેવાની ઈચ્છા હોવાથી એ 'કેરિગ્નાનો'માં આવે છે. એના મતે – 'કસૌલીના આ 'કેરિગ્નાનો'માં તેને જેની જરૂર હતી તે બધું જ હતું. અહીં પર્વતની ધારે આ શાંત ઘરમાં બધું જ હતું. 'કેરિગ્નાનો'માં પ્રથમ દિવસે એણે શાતા અનુભવી હતી – આ એવી જગ્યા હતી અને જીવનનો એવો સમય હતો, જેને માટે તેણે ઝંખના રાખી હતી, અને જીવનભર તૈયારી કરી હતી – અને અંતે તે તે પામી હતી. તેને કોઈ વ્યક્તિની જરૂર નહોતી અને કોઈ વસ્તુની ઈચ્છા નહોતી.જે કાંઈ બીજું અહીં આવતું કે થતું તે તેને માટે અનિચ્છિત વિક્ષેપ અને વ્યગ્રતા હતાં. (પૃ. ૩)' કસૌલીનું રમણીય સ્થાન 'કેરિગ્નાનો' નંદા કૌલની ઈચ્છાનુસાર હતું. અહીં એણે શાતા અનુભવી જેની સમગ્ર જીવન દરમિયાન ઈચ્છા રાખી હતી. એને કોઈ વ્યક્તિ કે વસ્તુની જરૂર ન હતી. એટલે જ જ્યારે ટપાલીને આવતા જુએ છે ત્યારે એ જે સ્થાને છે ત્યાં જ અટકી જાય તો સારું એવું વિચારે છે. ટપાલીને આવતા જુએ છે ત્યારે એ એને ધારદાર નજરથી જુએ છે અને 'પશુ, બળદિયો' કહે છે. અહીં એનો અણગમો પ્રગટ થાય છે. આવા વર્તનનું કારણ એ છે કે હવે નંદા કૌલને બાહ્ય વિશ્વથી અલિપ્ત રહેવું છે.

નંદા કૌલનું વ્યક્તિચિત્ર આ પ્રમાણે તાદૃશ કર્યું છે – 'તે ભૂખરા વાનવાળી, ઊંચી અને પાતળી હતી; તેની રેશમી સાડી સર્ સર્ અવાજ અને કંપન પેદા કરતી હતી; પોતે દેવદારુનાં વૃક્ષોમાં ભળી જાય અને તેમાંની જ એક કહેવાય એવો તરંગ તેના મનમાં ઊઠી જતો. એક વૃક્ષ હોવું – કશુંય વધારે નહીં, કશુંય ઓછું નહીં – માત્ર એક વૃક્ષ બની જવાને તે તૈયાર હતી. (પૃ. ૩ – ૪)' પ્રકૃતિ સાથેનું તાદાત્મ્ય અનુભવાય. 'કેરિગ્નાનો'માં એ જેનાથી ખુશ અને તૃપ્ત થઈ એ ત્યાંનું 'વેરાનપણું' હતું. કસૌલીની મુખ્ય લાક્ષણિકતા એની રુક્ષતા હતી. આ રુક્ષતા આ ઉપરથી સ્પષ્ટ થાય - 'ખડકો હતા, દેવદારુ હતાં, પ્રકાશ અને હવા હતાં. દરેક દિશામાં દૂર સુધી વહી જતું વ્યાપક દૃશ્ય હતું – ઉત્તર તરફ પર્વતોનું, દક્ષિણ તરફ મેદાનોનું. ક્યારેક ગરુડ પ્રકાશ અને હવાના આ શુદ્ધ અનવરુદ્ધ પુંજમાંથી સરી જતું. બસ, આ જ બધું. (પૃ. ૪)' પ્રકૃતિ અને જીવન સાથેનો ગાઢ સંબંધની સામ્યતા આ પરથી સ્પષ્ટ થાય છે. સુવિધા એને માટે મહત્ત્વની ન હતી. પોતાના મકાનની માલિકી

વિશે એ કલ્પના કરે છે. જે 'કેરિગ્નાનો'માં નંદા કૌલ રહે છે એમાં પૂર્વે કુંવારી સ્ત્રીઓ રહેતી એવી એની પરંપરા હતી. 'કેરિગ્નાનો' વિશેની સ્અંર એની વિશિષ્ટતા પ્રગટાવે છે. 'કેરિગ્નાનો'માં વસવાટ કરનારી સ્ત્રીઓના વિભિન્ન વર્તન, સ્વભાવ અને વ્યક્તિત્વ એમની વિશિષ્ટતાને રજૂ કરે છે. સમયની અસર અને અંધશ્રદ્ધા વગેરે સમાંતરે રજૂ થયું છે. કસૌલી – સીમલા શહેરની સુંદરતા અને પ્રકૃતિની સોળે કળા અદ્ભુત છે. 'કેરિગ્નાનો' એટલે કુંવારી સ્ત્રીઓના વસવાટ માટેનું ઘર જે નાનકડાં નગરમાં આવેલું છે. ટપાલીએ લશ્કરમાં સેવા બજાવી હોવાથી એ શિસ્તબદ્ધ જીવન જીવે છે. આ ટપાલીનો આદર્શ ગધેડો હતો એટલે એ એની જેમ જ જીવતો. રામલાલ અને મરઘાંનું વર્તન ધ્યાન ખેંચે છે. નંદા કૌલને ટપાલી જ્યારે પત્ર આપે છે ત્યારે રંજથી એનો આભાર માને છે. પત્ર ખોલવો જ પડશે અને એમાં જે માગણી કે વિનંતિ હોય એનો 'ના' કહેવાનો નિર્ધાર નંદા કૌલ નિર્ણય કરે છે. પ્રાકૃતિક સૌંદર્ય, વૃક્ષોની ખાસિયત અને વાતાવરણ કથાને નવીન પરિમાણ અર્પે છે. પ્રકૃતિ ઉદ્દીપન તત્વ બને છે. દીકરીનો પત્ર આવ્યો છે. નંદા કૌલ દીકરીના જીવન અને પોતાના સમર્પણને યાદ કરે છે - 'સૌથી ઓછો પ્યાર પામેલી અથવા તેની દીકરીઓમાંની સૌથી વધારે ગુસ્સો પામતી આ દીકરી. સુંદરી આશાએ લાંબા ચળકતા વાળ અને કરચલી વિનાની ચામડીની જાળવણીમાં તેનું જીવન સમર્પિત કર્યું હતું, અને તેની કમનસીબ દીકરી જે એક રાજનીતિજ્ઞને પરણી હતી તેને માટે તેને જરાયે સમય નહોતો. તે દીકરીના પતિના ખરાબ વ્યવહારથી, તેનાં પ્રેમપ્રકરણોને લીધે, તેની પાશવિકતા અને શરાબીપણાથી તે લાચાર બની ગઈ હતી. પતિએ નજરથીય દૂર કરી દીધી હતી અને એક શરમજનક માથે પડેલ ગણી હતી; છતાં તે કદાચ પ્રયત્ન કરે તો તેની સાથે જોડાઈ શકે. ...મુખ્ય પ્રશ્ન તો તારાએ પોતાની જાતને જાગ્રત કરવાની હતી અને એક સફળ રાજનીતિજ્ઞની પત્ની થવા માટે બીજો પ્રયાસ કરવાનો હતો. નિ:શંકપણે જીનીવા આવા એક પ્રયાસ માટે ઉત્તમ સ્થળ થશે. 'શા માટે? શા માટે તેણે સુખી ના થવું જોઈએ?' આશાએ લખ્યું હતું... (પૃ. ૧૩ -૧૪)' આશાના પતિ રાકેશનું વ્યાભિચારી વ્યક્તિત્વ, આશાની દયનીય સ્થિતિ, આશાનો વ્યક્તિ તરીકે નહિ પણ વસ્તુ તરીકે જાણે કે સ્વીકાર, ઢીંગલી જેવું જીવન વગેરે સ્પષ્ટ થાય છે. દામ્પત્યજીવન સુખમય રહે એના તમામ પ્રયત્ન આશા કરે છે. આશા પોતાની દીકરી તારાનું જીવન સુધરે એના તમામ પ્રયત્ન કરે છે. અહીં આશા, તારા અને નંદા કૌલ – ત્રણેયના સ્વભાવ પ્રગટ થયા છે. નંદા પોતાની દીકરીનો પત્ર આવે છે ત્યારે અને પોતાને 'વહાલી મમ્મા'નું સંબોધન કર્યું હોવાનું જુએ છે ત્યારે એ માની શકતી નથી કે આ સંબોધન એના માટે કરવામાં આવ્યું છે. નવલકથાકારની ખાસિયત ધ્યાન ખેંચે છે - આશાનો પત્ર વાંચે છે એ દરમિયાન નંદા કૌલના મનોભાવો કૌંસમાં રજૂ કર્યા છે. (આ પ્રકારની રજૂઆત ગુજરાતી સર્જક સરોજ પાઠકની ટૂંકીવાર્તા 'ન

કૌંસમાં, ન કૌંસ બહાર'માં કરવામાં આવી છે.) નંદા કૌલની ધારણા અનુસાર પત્ર આગળ વધે છે. તારાની ઈચ્છા પોતાની દીકરી રાકાની ટાઈફોઈડની માંદગી બાદ પુષ્ટ થવા માટે મુંબઈનું ગરમી અને ભેજવાળું વાતાવરણ યોગ્ય નથી. પુષ્ટ થવા અને શક્તિ મેળવવા માટે પહાડીનું વાતાવરણ સારું રહે. જીનીવા માટે મુસાફરી કરવી રાકા માટે યોગ્ય નથી. નંદા કૌલ પ્ર-પૌત્રી રાકા સાથે કસૌલી પોતાના નિવાસસ્થાને સુખથી રહે. આશા આત્મવિશ્વાસથી આ બધું કહે છે અને એ અક્ષરો પત્રમાંથી ઉભરાઈને નંદા તરફ આવે છે. રાકેશનો ભાઈ રાકા સાથે કાલ્કા સુધી આવશે ત્યાંથી એને ટેક્સીમાં કસૌલી મોકલી દેશે. નંદા કૌલ 'દીકરીના હસ્તક્ષેપ તરફના તેના ગુસ્સાને, તેની નિરાશા અને કંટાળાને., તેની દીકરીની કામોમાં વ્યસ્ત રહેવાની રીતને, તેની અભાગી પૌત્રીની લાચારી અને તેની પ્રપૌત્રીનાં અહીં 'કૅરિગ્નાનો'માંના આગમન વગેરેથી થતા ગુસ્સાને દબાવવા મથતી નંદા કૌલે જાણે કોઈ જંતુને શોધતી હોય તેમ એની એક લાંબી આંગળી ખોળામાંના પત્ર પર ફેરવવા માંડી. (પૃ. ૧૬)' નંદા કૌલનું આ વર્તન એના વિચારોને વ્યક્ત કરે છે. પેઢી દર પેઢી સ્ત્રી – દીકરીની દયાજનક સ્થિતિ પ્રગટ થાય છે. આ બધામાંથી બહાર આવવા એ એકાગ્ર થવાનો પ્રયત્ન કરે છે. શાંત અને એકાંત જીવનની ખેવના રાખતી નંદા કૌલ અને 'કૅરિગ્નાનો'માં આવનાર પ્ર-પૌત્રી રાકા જે એના એકાંતમાં ખલેલ પહોંચાડશે એવી ભીતિ સતાવે છે. 'કૅરિગ્નાનો'માં નંદા કૌલ આવે છે એનુ કારણ છે – 'જીવનના આ તબક્કે તે એકલી જ રહેવા અને 'કૅરિગ્નાનો' ફક્ત તેને જ માટે હોય તેમ રહેવા ઝંખતી હતી; માત્ર શાંત અને એકાંત જીવનનું સ્વાગત કરવાની તેની ઈચ્છા હતી. (પૃ. ૧૬)' જીવન અંગેના નંદાના પ્રશ્નો, જીવન સાથે પ્રકૃતિના તત્વોને સાંકળીને ધ્વનિત કરાયું છે. પોતાના ભૂતકાળના બનેલા બનાવો – ઘટનાઓને યાદ કરે છે. નંદા કૌલના વ્યક્તિત્વ અંગે લોકોના મત પણ ધ્યાન ખેંચે છે – 'તે કેવી જાજરમાન છે ! રાણી જેવી જ નથી લાગતી? ખરેખર, એ જે રીતે બધી જ બાબતો સાથે કામ પાર પાડે છે તે જોતાં આવી પત્ની મેળવવા વાઈસ-ચાન્સેલર ખૂબ નસીબવાન છે. (પૃ. ૧૮)' પોતાના આવા વખાણ સાંભળે ત્યારે એની આંખો બે કાળી બ્લેડની જેમ ચમકે છે અને એ દ્વારા લોકોને કાપી નાખશે, એને પગની આસપાસ જંતુ સળવળતાં હોય અને જે ધૃણા થાય એવી ધૃણા એને થાય છે. એનો અણગમો, ગુસ્સો, ચીડ વગેરે પ્રતીક દ્વારા રજૂ કર્યું છે. એની નજર સાથે નજર મેળવવા અને જવાબ આપવાની પણ કોઈની હિંમત નહિ થાય. સ્ત્રી તરીકેની જવાબદારીઓ, પોતાનું ન હોવાનો ભાવ, સ્ત્રીસહજ સ્વભાવ અને કાર્યની નોંધ સુદ્ધાં લેવામાં ન આવતી હોવાનો ભાવ રજૂ થયા છે. જવાબદારીના વહનમાંથી મુક્ત થવાની ઈચ્છા અને એ માટેનો મનોસંઘર્ષ રાકાના આગમન સાથે એને પોતાની સાથે અન્યાય થતો હોય એવું લાગે છે. એટલે જ ક્યાંક એના વર્તનમાં કડવાશ છે તો ક્યાંક મૃદુતા છે. નંદા કૌલ પોતાના

મનોભાવો રામલાલના વર્તનમાં જુએ છે. સર્જકની સર્જકતા વ્યક્તિચિત્રો અને વર્તનના આલેખનમાં ખીલે છે. પત્રનો જવાબ અનિચ્છાએ આપવાનું સ્વીકારે છે. શાળા અને કૉલેજમાં સાથે હતાં એ નંદા કૌલની મિત્ર ઈલા દાસનો ફોન આવે છે. ભૂતકાળનો એકમાત્ર સાચવેલો સંબંધ ઈલા દાસ સાથેનો છે. રાકા આવવાની હોવાથી એને મળવા આવવાની પરવાનગી એ નંદા કૌલ પાસે માંગે છે. ઈલાને જોઈ નંદાને એના પતિનો ચહેરો યાદ આવે છે. નંદાના મનોભાવો અને સ્થિતિ ‘કીડા’ના પ્રતીકરૂપે રજૂ થઈ છે. ઈલા દાસ મૂંઝવણ અનુભવે છે – ‘પજ્યારે નંદા કૌલ તેની પ્રપૌત્રીની મુલાકાત વિશે કહેતી હતી ત્યારે શું ખરેખર તેના અવાજમાં આનંદનો સંપૂર્ણ અભાવ હતો? શું ચીડ અને ભય સિવાય તેના અવાજમાં ખરેખર બીજું કશું નહોતું? અથવા શું પોતે જ આવી કલ્પના કરી હતી? (પૃ. ૨૨)’ નંદાનું વર્તન એને વિચારવા પ્રેરે છે. નંદા કૌલ પોતાની ઈચ્છા પૂર્ણ કરવા તમામ પ્રયત્ન કરે છે પણ એમાં એને નિષ્ફળતા મળે છે. પરિવારનું વર્તન, જવાબદારી અને ભૂતકાળની સ્મૃતિની અસર એની મનોસ્થિતિ એના જીવનના અનુભવોમાં પામી શકાય છે. એના જીવનને બૅડમિંટનની જાળી સાથે સરખાવે છે. એના જીવનનો આનંદ એટલે – ‘અંગત વિજયની ક્ષણ, નિર્લિપ્ત ગર્વની ક્ષણ,. (પૃ. ૨૬)’ ‘તે દરેક બાબતની અધિકતાની સાથેસાથે તેની અવ્યવસ્થા, અસ્થિરતા અને અનપેક્ષિતતાથી ખૂબ વ્યથિત રહેતી હતી. (પૃ. ૨૯)’ સમૂહમાં એ ગૂંગળાય છે અને એકલતામાં આનંદિત થાય છે. એને વાંચનનો શોખ હતો. ‘ધ પિલો બુક ઑફ સેઈ શોનાગન’ પુસ્તકમાં સ્ત્રી વિશેના વિભિન્ન દૃષ્ટિકોણ વિશે એ વાંચે છે. તે લિથોગ્રાફના નમૂના વિશે પોતાના મંતવ્યો રજૂ કરે છે. રાકાના આગમન સાથે એને પ્રશ્ન થાય છે કે શું જૂના પીડાકારક ચોપડાને ફરીથી ઉઘાડવા જેવું થશે. ‘મને મુક્ત કરો, વ્યથિત હૃદયે તે કણસી ઊઠી. મેં મારાં બધાં જ કર્તવ્યો પાર પાડ્યાં છે. મુક્ત કરો... (પૃ. ૨૯) નંદા કૌલનું આવું વર્તન મુક્તિ પામવા માટે છે. એના જીવનનું દર્શન – ‘બીજાંઓની સંભાળ રાખવાની નંદા કૌલને ટેવ હતી, જે તેને માટે અવળી પડી હતી. તેણે માની લીધું હતું કે તે એક ધાર્મિક ફરજ હતી, પણ પછીથી તે તેને બનાવટ લાગી હતી. એ એક વ્યવસાય હતો જે એક દિવસ, જાણે તેનો જીવન – સ્રોત સુકાઈ ગયો હોય તેમ, નીરસ અને શુષ્ક થઈ ગયો હતો. (પૃ. ૩૦)’ છે. તેને બાગની ઉજ્જડતા અને ખાલીપણું ગમતું. સઘળું યથાવત રહે એવી તેની ઈચ્છા હતી. પ્રપૌત્રીનું આગમન સામાન્ય રીતે આનંદ – ઉત્સાહ જન્માવે જ્યારે અહીં તો દુઃખ અનુભવે છે. રાકા એના માટે એક ‘ડાઘ’ છે. એના એકાંતનો અંત થાય છે રાકાના આગમનથી. આમ, પ્રથમ ભાગ ‘‘કૅરિગ્નાનો’માં નંદા કૌલ’ પૂરો થાય છે.

ભાગ – ૨માં ‘રાકા ‘કૅરિગ્નાનો’માં આવે છે’નો આરંભ રાકાના વ્યક્તિચિત્રથી થાય છે. નંદા કૌલને ‘રાકા-તદ્દન અનુચિત નામ છે.’ એવું લાગે છે. એનું કારણ –

'રાકાનો અર્થ હતો ચંદ્ર, પણ તે કંઈ ગોળ ચહેરાવાળી, શીતળ કે તેજસ્વી નહોતી. લટકતી બૅગના ભારથી તેનો પાતળો ખભો ઢળી ગયો હતો; તેણે પગમાં ધૂળથી ભરેલાં જૂનાં સેન્ડલ્સ પહેર્યાં હતાં. રામલાલની પાછળ શાંતિથી ચાલતી રાકા જ્યારે બગીચાની પગથી પસાર કરી રહી હતી ત્યારે નંદા કૌલને થયું કે તે ભયથી કૂદકો ભરતા, પણ કશું ગાતા નહીં એવા પેલા કાળા કીડાઓમાંથી એક હોય એવી લાગતી હતી, અથવા પાતળા પગવાળા ઝીણા મચ્છર જેવી લાગતી હતી.(પૃ. ૪૦)' રાકા પંચેન્દ્રિય દ્વારા પ્રકૃતિને પામવાનો પ્રયત્ન કરે છે. નવું પરિમાણ કૃતિને અર્પે છે. નંદા કૌલ રાકાને આવકારે છે પણ એમાં ઉષ્મા, લાગણી અને ભાવનો અભાવ સ્પષ્ટ વર્તાય છે. રાકાનું વર્તન, દિનચર્યા ઈત્યાદિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરે છે. અહીં આધુનિકતાની અસર વર્તાય છે. પ્રકૃતિનું સ્થાન કારખાનાએ લીધું, આધિપત્ય જમાવ્યું. પાશ્ચર ઈન્સ્ટિટ્યૂટ અને સીરમના સંશોધનનું કારખાનાની માહિતી ધ્યાન ખેંચે છે. રાકા અને નંદા કૌલ સંવાદ દ્વારા પરસ્પર સમજ કેળવે છે. રાકાનું અદશ્ય રહેવું નંદા કૌલમાં જિજ્ઞાસુવૃત્તિ જન્માવે છે. રાકા એની ઉપેક્ષા શાંતિથી કરતી એટલે નંદા કૌલનો જીવ અદ્ધર થઈ જતો. રાકાની એક વિશિષ્ટતા હતી – 'રાકા બધાથી અલગ તરંગી લાગી, એ અર્થમાં કે તે ક્યારેય કશી માગણી કરતી નહોતી. તેને જાણે કશી જરૂર હોય એવું લાગતું નહોતું. પહાડીઓ પરની રેતીવાળી માટીમાંથી અને દેવદારુની સળીઓમાંથી દર ખોડી કાઢતાં કોઈ જીવડા જેવી, તેની પોતાની પ્ર-નાનીની જેમ રાકાને માત્ર એક જ વસ્તુની ઝંખના હતી – એકલા રહેવું અને કસૌલીની પહાડઓ તેમજ દેવદારુનાં વૃક્ષોમાં પોતાનું રહસ્યભર્યું ગોપિત જીવન જીવ્યા કરવું. જે નંદા કૌલ કર્તવ્યભર્યા ભારવાળા દીર્ઘ જીવન પ્રત્યેના વિદ્રોહમાંથી એકાંતપ્રિય બની હતી, તો તેની પ્ર-પૌત્રી સ્વભાવથી, સાહજિક વૃત્તિથી જ એકાંતપ્રિય હતી. તે ઉપેક્ષા અને સમર્પણના લાંબા માર્ગે થઈ આ સ્થિતિને પહોંચી નહોતી; તે તો કેવળ એને માટે જ જન્મી હતી. (પૃ. ૪૮)' નંદા કૌલ પ્રથમવાર રાકા માટે લાગણી અનુભવે છે. રાકાનું ખાડામાં ઊતરવું, કોતરમાં જવું, સાપને નીરખવું વગેરે તેની સૂક્ષ્મ અવલોકન દૃષ્ટિ છે. રાકા સાપ વિશેની વિસ્તૃત વિગત રામલાલને આપે છે અને શિયાળ જોવાની ઈચ્છા વ્યક્ત કરે છે. બિલાડીને બચાવવા જતા તેની હાલત બગડે છે. નવલકથાનું શીર્ષક પ્રથમવાર આ રીતે સંવાદમાં રજૂ થયું છે – ' 'આ આંધીમાં 'હમામ' નીચે પડી જશે!' રામલાલ બરાડ્યો. 'પેલું બધું ઊકળતું પાણી અને આગ!' 'એ બગીચાને આગ લગાડશે?' રાકાએ બૂમ પાડી. 'તે પહાડ પર પણ આગ લગાડશે?' (પૃ. ૫૪)' રાકાના આગ બુઝાવવાના પ્રયત્નમાં મદદરૂપ થવાની પ્રતિક્રિયા વિશેષ ધ્યાન ખેંચે છે. નંદા કૌલનું સાથે આવવું રાકાને પસંદ ન હતું એટલે એ નિસાસા નાખે છે. નંદા કૌલનું વર્તન ધીમે ધીમે સહજતાથી બદલાતું હતું જેની નવાઈ એને પોતાને પણ લાગતી હતી. બન્ને સાથે હોવા છતાં દૂર હોવાનો ભાસ અને સહજતાનો

અભાવ અનુભવે છે. એ રાકાની મનોમન પ્રશંસા કરે છે. રાકા સમગ્રનું અવલોકન કરે છે. કોઈ વ્યક્તિ કે વસ્તુનો છોછ રાખતી નથી. જે તેના માટે આવશ્યક ન હોય તેને અવગણવાની આવડત એની પાસે હતી. નંદા કૌલ રાકામાં 'સ્વ'ને નીરખે છે – 'તું એકદમ મારા જેવી છું, રાકા. (પૃ. ૬૭)' રાકાનું વર્તન નંદા કૌલ જેવું જ છે – '...તેનું આધિપત્ય, તેનું તાટસ્થ્ય, ઉંમરમાં તેનું અંતર પાછું મેળવી લેવાનો પ્રયત્ન કરતી હતી. (પૃ. ૬૭)' રાકા ક્લબમાં જાય એની એને પોતાને જ નવાઈ લાગે છે. કારણ કે એને માટે આનંદમય પ્રસંગો દુઃખદાયક હતા. છોકરાઓ પોતાને જોઈ જાય એનો ડર રાકાને લાગે છે. નૃત્ય જોવા માટેના તમામ પ્રયત્ન એ કરે છે. રામલાલની વાતથી વાસ્તવિકતા સાવ ભિન્ન હતી જેનો સ્વીકાર રાકા કરી શકતી ન હતી. ક્લબના વાતાવરણનું ઝીણું વર્ણન આંખ સામે જ બની રહ્યું હોય એ રીતે વણવ્યું છે જે નવલકથાકારની સિદ્ધિ છે. નૃત્ય જોવા જાય ત્યારે એ જે જુએ છે એ પરાવાસ્તવવાદ છે – 'પફૂલાઓની હાર તૂટી અને ભૂરાં કપડાં પહેરેલી એક આકૃતિ સીધી અક્કડ ચાલતી રાકાની નજીક આવી, જાણે કે તેણે રાકાને પડદાની પાછળ જોઈ લીધી હોય. પણ એ આકૃતિજોઈ જ નહોતી શકતી, કારણ કે તેનું માથું જ નહોતું, માત્ર લોહીથી લથબથ શાલ ડોક પર પડેલી હતી જેમાંથી લોહીનાં ટીપાં ટપકી રહ્યાં હતાં. એ આકૃતિએ એનું માથું એક બગલની નીચે દબાવેલું હતું, જેના પર બહુ દાંત હતા અને જે ગાંડાઓની જેમ હસી રહ્યો હતો. (પૃ. ૭૪)' વાતાવરણમાં વધી રહેલી ગરમી અને પાશ્ચર ઈન્સ્ટિટ્યૂટ આકાશમાં ધુમાડાના સર્પો ફેંકવું પ્રતીકાત્મક છે. રાકામાં પરિવર્તન આવે છે. એ હવે કોઈ જંતુ કે કીડા જેવી નહિ પણ ડાળી જેવી શાંત હતી. ઘોડેસવારીની ઈચ્છા છે પણ સાથે માણસ આવે એટલે એકાંતમાં ખલેલ પડે તેથી એ મજા નહિ આવે એમ કહે છે. નંદા કૌલ અને રાકા વચ્ચે સંવાદ ચાલે છે એ દરમિયાન એક ઘટના બને છે – 'પછી પહાડીઓના કાળા જથ્થા ઉપર પ્રકાશના નાનાનાના ખંડો દેખાવા લાગ્યા; તે બધા અહીંતહીં ફૂટવા લાગ્યા, હારની ઊંચેનીચે સ્પષ્ટપણે બળી રહેલાં દેખાવા લાગ્યા. જેમજેમ આકાશની શ્યામલતા વધતી ગઈ, તેમતેમ પેલો ચળકાટ લાલલાલ થવા લાગ્યો. 'આ તો જંગલનો દવ છે.' (પૃ. ૭૬)' રાકા પ્રથમવાર આવી આગ જોઈ તેથી એને કમકમાં આવી ગયા. આગ બુઝાવી શકવાની અસમર્થતાના કારણો પણ દર્શાવ્યા છે. જંગલમાં લાગેલિ આગ એને વિક્ષુબ્ધ કરે છે. રાકા એમાં રેખા દોરે છે. એનું આ વર્તન ઘણું સૂચક છે. રામલાલ અને રાકા વચ્ચે ચૂડેલ વિશે ચર્ચા થાય છે એમાં અંધશ્રદ્ધા અને તત્કાલીન માનસ પ્રગટ થયું છે. નંદા કૌલનો મનોસંઘર્ષ અને ઈચ્છા હોવા છતાં એ પ્રમાણે વર્તી ન શકવાની વેદના, પ્રથમવાર નિશ્ચિત રીતે રાકા એને મૂકીને ન જાય અને એને રોકી રાખે એવું ઈચ્છે છે. બુદ્ધની મૂતિ અંગેની અને એ સાથે જોડાયેલી અન્ય વસ્તુ તથા ઘટનાઓ રજૂ કરે છે. આ નિમિત્તે નંદા કૌલ અને રાકા વચ્ચે સંવાદિતા સધાતી જાય છે.

રાકાની માતાની કાયમી માંદગી અને ઉદાસીનતા એના લાગણીના અભાવ એના વર્તનમાં પ્રગટે છે. રાકાનું બળેલા ઘર તરફ જઈ સૂક્ષ્મ અવલોકન કરે છે અને એ નિમિત્તે એનું અનાસક્ત હોવું એ સહજ રીતે વ્યક્ત થયું છે. કશ્મીર વિશેના સંવાદો અને એ સાથેના ભૂતકાળને બન્ને વાગોળે છે. નંદા કૌલના વર્તનમાં પરિવર્તન આવે છે. જે નંદા કૌલ અત્યાર સુધી વાત કરવા તૈયાર ન હતી એ હવે રાકાને વાતો કરી છૂટી પડવા દેવા માંગતી ન હતી. રાકા તેના હેતુને સમજી શકતી ન હોવાથી અકળાય છે પણ પ્રત્યક્ષ કશું કહેતી નથી. નંદા કૌલ તેની બીજી બાલ્યાવસ્થાએ આવી ઊભી હતી. કોઈ અપેક્ષા ન હોય, ઘરમાં ફરતી હોય ત્યારે હતાશ થયેલા બાળક જેવી દેખાતી અને જેમ બાળક પોતાના તરફ ધ્યાન ખેંચવા ઈચ્છતું હોય એમ એ ઈચ્છે છે. માનવમનની સંકુલતા અહીં જોઈ શકાય છે. રાકાની તુલના પ્રાણી સાથે કરે છે. ઈલા દાસ સાથે થયેલ ટેલિફોનિક વાત અને કંટાળાજનક પ્રતિભાવ બાદ એ શાંતિ ઈચ્છે. ઘરને સાફ કરવાનું વિચારે છે, રાકાથી નહિ પણ પોતાનાથી અને ત્યાં જ આ બીજો ભાગ 'રાકા 'કૅરિગ્નાનો'માં આવે છે' પૂરો થાય છે.

ભાગ – ૩માં 'ઈલા દાસ 'કૅરિગ્નાનો' છોડી જાય છે'નો આરંભ ઈલા દાસના આગમનની વાતમાં નંદા કૌલ રસ લે છે ત્યાંથી થાય છે. ઈલા દાસનું વ્યક્તિચિત્ર – 'પજે સમયે ઈલા દાસ તેની વાંકીચૂંકી ચાલમાં તેનાં જૂનાં સફેદ ટૅનિસ રમવાનાં જોડાં પહેરીને, તેની મોતી કથ્થઈ છત્રીનાં ટોપચાને ધૂળમાં ઘસડતી, ખોટા વિશ્વાસ સાથે 'કેરિગ્નાનો' તરફ આવી રહી હતી. લંગૂરોની જેમ છોકરાઓ તેમના લાંબા હાથ લાપરવાહીથી અને ઉપેક્ષાના ભાવથી હલાવતા તેની આસપાસ ચાલી રહ્યા હતા. તેના માથા પર ડોલતા નાના સફેદ અંબોડાને જોઈને, ચશ્માં તેના નાકની અણી પર સરકી ગયા હતા અને તેના કાનની આસપાસની એક જૂની જાંબુડી રિબનને કારણે પડતાં અટકી ગયાં હતાંતે તેનાં ચશ્માંને જોઈને, તેની સાડીની લેસની કિનાર નીચેથી દેખાતા તેના ભૂરાં રંગના પેટિકોટને જોઈને – ટૂંકમાં તેની દરેક વસ્તુને જોઈને, તે છોકરાઓ હૂ હૂ કરી રહ્યા હતા, ઈલા દાસ જે કંઈ હતી તેની મજાક ઉડાવી રહ્યા હતા. હૂ હૂ કરતાં, સીટીઓ વગાડતાં, મોઢામાં કશુંક ચાવતાં ચાવતાં, ગપસપ કરતાં તેઓ ક્યારેક તેની ડાબી તો ક્યારેક જમણી બાજુએ ચાલી રહ્યા હતા, ક્યારેક ઊભા રહી જતા તો ક્યારેક પાછા ફરી તેના નાના શરીર સાથે અથડાતા. આને કારણે ઈલા દાસનો જીવડાંઓએ કરડેલો અને ક્રોશેથી બનાવવામાં આવેલો થેલો હવામાં ઊછળતો હતો, અથવા કોઈ વાર તેની છત્રી ગોળગોળ ફરી જતી હતી તે છત્રીને સંભાળી લેવા જતાં તેણે તેને તેમની સામે હલાવી અને તેનું મોં ખોલી દેવાની ભૂલ કરી દીધી. તેણે માત્ર થોડા હાનિ ન પહોંચે તેવા જ શબ્દો ઉચ્ચાર્યા હતા, જેવા કે 'હું તમારા શિક્ષકને કહી દઈશ – હું તમારા પ્રિન્સિપાલને ઓળખું છું, તે તો મારા મિત્ર છે – હું તેમને તમારે વિશે બધું કહી દઈશ...' તેણે ગમે તે કહ્યું પણ આથી તો છોકરાઓએ જોરથી

હસીને તેની હાંસી ઉડાવી; એના અવાજની તે લોકો પર આવી અસર થઈ. (પૃ. ૧૧૨)’ ઈલા દાસનું આગમન, નાના બાળકોનું એની સાથે ઉદ્ધત વર્તન અને એની હાંસી ઉડાવે છે. રામલાલ તેને બચાવે છે. ઈલા દાસનું વ્યક્તિત્વ, કાર્ય અને સ્થિતિ વિશિષ્ટ છે. સમાજમાં સ્ત્રીનો અવાજ કેવો હોવો જોઈએ, એણે કઈ રીતે બોલવું, કેવું બોલવું વગેરે ઈલા દાસના પાત્ર નિમિત્તે રજૂ થયું છે. અહીં સમાજમાં સ્ત્રીનું સ્થાન અને સ્થિતિ કેવી હતી એનો ક્યાસ આ પાત્રો દ્વારા મળી રહે છે. નંદા કૌલ અને ઈલા દાસ પોતાના બાળપણ, યુવાનીની ઘટના યાદ કરે છે. ઈલા દાસના જીવનમાં નંદા કૌલનું વિશેષ સ્થાન છે. રાકા ઈલા દાસને જોવા આતુર છે. ઈલા દાસનું વિચિત્ર અને ડરામણું વર્તન રાકાને ગમતું નથી તેથી તે વ્યંગ કરે છે. ભૂતકાળ દ્વારા વર્તમાનને શ્રેષ્ઠ અને ભવ્ય બનાવવાની વાત કરે છે. ઈલા દાસ સંગીતને જ્યારે નંદા કૌલ શાંતિ અને એકાંતને મહત્ત્વ આપે છે. ઈલા કૌલ જ્યાં જ્યાં અને જેની સાથે સમય પસાર કર્યો હતો એ સઘળું યાદ કરે છે અને રાકા તથા નંદા કૌલની સાથે મમળાવે છે. ઈલા દાસ દુઃખી હોવા છતાં પ્રસન્ન રહે છે. ઈલા દાસની વાત અને મિજાજ બદલાય છે. ઈલા દાસનું જીવન કરુણતાભર્યું છે. એના પરિવારના સભ્યોની વિગતો અને એમાં એનું સ્થાન ધ્યાન ખેંચે છે. ઈલા દાસ સતત ભૂતકાળને યાદ કરે છે. અતીતરાગની તીવ્રતા અનુભવાય છે. શિક્ષણમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર, બદલાતા નીતિનિયમ વગેરે ઈલા દાસ રજૂ કરે છે. પોતાના ઓરડા માટે સતત પ્રયત્નશીલ રહે છે. નંદા કૌલનું માનવતાપૂર્ણ વર્તનવ્યવહાર ઈલા દાસનું જીવન થાળે પાડે છે. સ્ત્રીનું જીવન કઠપૂતળી જેવું છે. ઈલા દાસ સ્ત્રી તરીકેની સ્થિતિ અને અસમર્થતાનું કારણ નબળી આર્થિક સ્થિતિ અને ઉછેરને ગણાવે છે. નારીવાદ કે નારીચેતના અહીં એના વિચારોમાં પ્રગટ થયા છે. પુરુષપ્રધાન સમાજ, સ્ત્રીની કપરી સ્થિતિ, સમાજમાં ચાલતી કુરૂઢિ, અંધશ્રદ્ધાને કારણે જીવ ગુમાવવો, બાળકની દયનીય સ્થિતિ વગેરે ઈલા દાસ રજૂ કરે છે. બાળલગ્ન અને એ પાછળ સામાજિક રૂઢિ પરંપરા તો ખરા જ પણ એ માટે આર્થિક પાસું પણ એટલું જ જવાબદાર છે. સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયત્ન ઈલા દાસ કરે છે અને એ માટે એ ઘણું સહન કરે છે. ઈલા દાસ જાય છે ત્યારે નંદા કૌલ રાહત અનુભવે છે. ત્રણવાર એ ભય અનુભવે છે. નંદા કૌલ અને ઈલા દાસના જીવનના દૃષ્ટિકોણ પણ ભિન્ન છે. લાયકાત અને યોગ્યતા હોવા છતાં નોકરી મેળવવામાં સફળતા મળતી નથી. ઈલા દાસની જાણે આ દુનિયામાં જરૂર જ ન હોય એવી એની સ્થિતિ છે. મોદીનો ઋજુ સ્વભાવ અને મદદ કરવાની વૃત્તિને કારણે ઈલા દાસ તરફ પરોપકારી દૃષ્ટિથી જુએ છે. ઈલા દાસને એ ટકોર કરે છે કે અંધારામાં એકલા જવું સુરક્ષિત નથી. આનું કારણ ઈલા દાસની સામાજિક કાર્યકર તરીકેના કાર્ય છે. હોટલના સહેલાણીઓનું વર્તન અને બજારના વર્ણનમાં મૂલ્યહ્રાસ જોઈ શકાય છે. એક તરફ ખેતરમાં પાક લહેરાય છે અને બીજી બાજુ એની

દયનીય સ્થિતિ અનુકંપા જન્માવે છે. પ્રીતસિંહે – 'તે તેની નજીક આવ્યો, તેના સુક્કા મુરઝાઈ ગયેલા ભૂખ્યા શરીરની નજીક આવ્યો અને તેના પર બળાત્કાર કર્યો. તેણે તેને ધૂળમાં નાંખી, જ્યાં બકરીની લીંડીઓ વેરાયેલી પડી હતી અને ત્યાં બળાત્કાર કર્યો. પાછળથી અને નીચેથી કચરાઈ ગયા પછી તે ખંડિત, નિષ્પ્રાણ અને બધું સમાપ્ત કરી પડેલી હતી. હવે અંધારું થઈ ગયું હતું. (પૃ. ૧૪૭)' સ્ત્રી ઉપર થતા અત્યાચાર, સમાજ વિરુદ્ધ જવાની સજા મળે છે. ગમે તે સ્થિતિ હોય સહન કરવાનું સ્ત્રીના ભાગે જ આવે છે. હવે ઈલા દાસનું જીવન પણ અંધકારમય થયું. ઈલા દાસના મૃત્યુના સમાચાર નંદા કૌલને ફોન ઉપર મળે છે ત્યારે ટેલિફોન છોડી દે છે. એ ઘટના ઈલા દાસ સાથે બની છે એનો એ સ્વીકાર કરી શકતી નથી. નંદા કૌલ પોતાના જીવન વિશેની સઘળી સત્ય માહિતી રજૂ કરે છે. નંદાને એના પતિએ ક્યારેય પ્રેમ નથી કર્યો. એના સંતાનો સ્વભાવથી તદ્દન અપરિચિત હતા. તે તેમને સમજી કે ચાહી શકી ન હતી. ' 'કેરિગ્નાનો'માં એકલી રહેતી હતી, તે તેની ઈચ્છાથી નહીં – તે અહીં એકલી રહેતી હતી કારણ કે એ માટે તેને લાચાર કરી દેવામાં આવી હતી. જે બધી મોટી મોટી ગૌરવભરી વાતોથી તેણે રાકાને મોહિત કરવા પ્રયાસ કર્યો હતો તે બધું એક બનાવટી તૂત હતું. (પૃ. ૧૪૯)' નંદા દાસની ચીડ, ગુસ્સો, રૂક્ષતા, જડતા ઈત્યાદિનું કારણ હવે સ્પષ્ટ થાય છે. ઈલા અને નંદાએ રાકાને જુઠ્ઠું કહ્યું હતું. રાકા પ્રનાનીને કહે છે – 'જુઓ, જુઓ, નાની, મેં જંગલને આગ લગાડી છે. જુઓ, નાની, જુઓ જંગલ સળગી રહ્યું છે. (પૃ. ૧૫૦)' રાકાનું આ વિધાન નંદા કૌલના જીવનના દવને જાગૃત કરે છે. નવલકથાનું શીર્ષક ઈલા દાસના મૃત્યુ, નંદા કૌલના સત્ય અને રાકાના વિધાન દ્વારા યથાર્થ સિદ્ધ થાય છે. જે પહાડીમાં એકાંત અને શાંતિ શોધતા હતા એ અંતે જલદતારૂપે મળે છે.

આ પાત્રોની એકલતા ક્યાંક એમની લાચારી છે તો ક્યાંક એમની ઈચ્છા છે. દરેકે એમનું એકાંત સ્વયં નિર્ધારિત કર્યું છે. એકલતામાં પ્રકૃતિ જાણે કે એમનો સહારો છે. પ્રકૃતિ શાતા આપે છે. જીવન જીવવાનું બળ આપે છે. આમ, શૈલી અને કાવ્યાત્મક વર્ણન નવલકથાને વિશિષ્ટ બનાવે છે.

## ૧૨.૩ સર્જક પરિચય

અનિતા દેસાઈનો જન્મ ૨૪ જૂન ૧૯૩૭માં મસૂરીમાં થયો હતો. એમના પરિવારમાં જર્મન માતા ટોની નિમે અને બંગાળી પિતા ડી. એન. મજુમદાર હતા. બંગાળી પિતા જર્મન માતાને મળ્યા ત્યારે એ યુદ્ધ પહેલાંના બર્લિનમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થી હતા. ભારતીય પુરુષ માટે યુરોપિયન મહિલા સાથે લગ્ન કરવા અસામાન્ય હતા ત્યારે એમણે લગ્ન કરેલા. લગ્નના થોડા સમય પછી તેઓએ નવી દિલ્હીમાં વસવાટ કર્યો.

અનિતા દેસાઈ – મજુમદારનો તેની બે બહેન અને એક ભાઈ સાથે ઉછેર થયો. બાળપણમાં અનિતા પાડોશી સાથે હિન્દી અને ઘરમાં જર્મની બોલતા હતા. આ સિવાય એ બંગાળી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષા પણ બોલતા. શાળામાં સૌ પ્રથમ અંગ્રેજીમાં વાંચવા અને લખવાનું શીખ્યા એના પરિણામે સાહિત્યિક ભાષા અંગ્રેજી રહી. સાત વર્ષની ઉંમરે અંગ્રેજીમાં લખવાનું શરૂ કર્યું અને નવ વર્ષની ઉંમરે પ્રથમ વાર્તા પ્રકાશિત થઈ. એમણે દિલ્હીની ક્વિન મેરી હાયર સેકન્ડરી સ્કૂલમાં અભ્યાસ કર્યો. ૧૯૫૭માં દિલ્હી યુનિવર્સિટીના મિરાન્ડા હાઉસમાંથી અંગ્રેજી સાહિત્યમાં બી.એ.ની ડીગ્રી મેળવી. ત્યાર પછીના વર્ષમાં અશ્વિન દેસાઈ જે કમ્પ્યુટર સોફ્ટવેર કંપનીમાં ડિરેક્ટર અને પુસ્તક 'બિટવીન ઈટર્નિટીઝ : આઈડિયાઝ ઓન લાઈફ એન્ડ ધ કોસ્મોસના લેખક છે એમની સાથે લગ્ન કર્યા. એમના ચાર બાળકો છે. જેમાં બુકર પ્રાઈઝ વિજેતા નવલકથાકાર કિરણ દેસાઈ એમની પુત્રી છે. સાહિત્યક્ષેત્રે નવલકથા, ટૂંકીવાર્તામાં એમનું સવિશેષ પ્રદાન છે. અનિતા દેસાઈ બાળકોને લઈને થુલ (અલીબાગ પાસે) જાય છે ત્યાં એમણે 'ધ વિલેજ બાય ધ સી' નવલકથા લખી જેને ૧૯૮૩માં ગાર્ડિયન ચિલ્ડ્રન્સ ફિક્શન પુરસ્કાર પ્રાપ્ત થયો. ૧૯૬૩માં એમની પ્રથમ નવલકથા 'ક્રાય ધ પીકોક' પ્રકાશિત થઈ. ૧૯૫૮માં પી. લા. સાથે પ્રકાશન પેઢી રાઈટર્સ વર્કશોપની સ્થાપના કરી. એમણે આત્મકથનાત્મક 'ક્લીયર લાઈટ ઓફ ડે' કૃતિમાં પોતાના બાળપણના સંસ્મરણો આલેખ્યા છે. ૧૯૮૪માં 'ઈન કસ્ટડી' અબાઉટ એન ઉર્દૂ પોએટ પ્રકાશિત કર્યું જે બુકર પુરસ્કાર માટે શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યું. 'ઈન કસ્ટડી' નવલકથા ઉપરથી ફિલ્મ બની જેને ૧૯૯૪નો પ્રેસિડન્ટ ઓફ ઈન્ડિયા ગોલ્ડ મેડલ ફોર બેસ્ટ પિક્ચરના વિજેતા બન્યા. ૧૯૯૩માં તેઓ મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજીમાં સર્જનાત્મક લેખનના શિક્ષિકા બન્યા. ૧૯૯૯ની બુકર પ્રાઈઝ ફાઈનલિસ્ટ નવલકથા 'ફાસ્ટિંગ' એ એમની લોકપ્રિયતામાં વધારો કર્યો.

૨૦મી સદીમાં મેક્સિકોમાં લખેલ નવલકથા 'ધ ઝિગઝેગ વે' ૨૦૦૪માં પ્રગટ થઈ. 'ધ આર્ટિસ્ટ ઓફ ડિસઅપિઅરન્સ' ટૂંકીવાર્તાઓનો સંગ્રહ ૨૦૧૧માં પ્રકાશિત થયો. એમણે માઉન્ટ હોલીયોક કૉલેજ, બરુચ કૉલેજ અને સ્મિથ કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું છે. તેઓ રોયલ સોસાયટી ઓફ લિટરેચર, અમેરિકન એકેડેમી ઓફ આર્ટસ એન્ડ લેટર્સ અને ગર્ટન કૉલેજ, કેમ્બ્રિજના ફેલો છે. ૧૯૭૮માં વિનિફ્રેડ હોલ્ટબાય મેમોરિયલ પ્રાઈઝ અને સાહિત્ય અકાદમી પુરસ્કાર (નેશનલ એકેડેમી ઓફ લેટર્સ એવોર્ડ) 'ફાયર ઓન ધ માઉન્ટન' નવલકથા માટે મળ્યો. ૧૯૯૩માં નીલ ગન પુરસ્કાર, ૨૦૦૦માં સાહિત્ય માટે આલ્બર્ટો મોરાવિયા પુરસ્કાર (ઈટાલી), ૨૦૦૩માં રોયલ સોસયટી ઓફ લિટરેચરનો બેન્સન મેડલ, ૨૦૦૭માં સાહિત્ય અકાદમી ફેલોશિપ, ૨૦૧૪માં પદ્મ ભૂષણથી

*વિભૂષિત કરવામાં આવ્યા. તેઓ હાલ દિલ્હીમાં રહે છે અને લેખનપ્રવૃત્તિમાં સમય પસાર કરે છે.*

## ૧૨.૪ સ્વાધ્યાય

1. *'ફાયર ઑન ધ માઉન્ટન' નવલકથાનો પરિચય આપો.*

## ૧૨.૫ સંદર્ભ


- *ડુંગરિયે દવ લાગ્યો,અનિતા દેસાઈ, અનુ.અનિલા દલાલ,સાહિત્ય અકાદેમી, પ્રથમ આવૃત્તિ - ૨૦૦૧*



**લેખન : પ્રા. ઉર્વિકા પટેલ -** *વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત*